ચોથી શ્રેણી

પુસ્તક-૮૯

તા. ૧૭મી માર્ચ, ૨૦૨૨
ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે
થી
તા.૨૨ મી માર્ચ, ૨૦૨૨
ચૈત્ર ૧, ૧૯૪૪ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

**પુસ્તક-૮૯** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૧૭મી માર્ચ ૨૦૨૨ ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦ | ૧૦૦ |
| શોકદર્શક ઉલ્લેખો | ૧૦૧ | ૧૦૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૦૮ | ૧૩૦ |
| **તા.૨૧મી માર્ચ ૨૦૨૨ ફાલ્ગુન ૩૦, ૧૯૪૩ શાકે** | | |
| અધ્યક્ષશ્રીની જાહેરાત(પ્રશ્નોત્તરીના સમયના અસરકારક ઉપયોગ માટે અનુસરવાની સૂચનાઓ બાબત) | ૧૩૧ | ૧૩૧ |
| તારાંકિત પ્રશ્નો | ૧૩૧ | ૧૪૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૪૨ | ૨૦૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૨૦૭ | ૨૪૧ |
| **તા.૨૨મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૧, ૧૯૪૪ શાકે(પહેલી બેઠક)** | | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ) | ૨૪૨ | ૨૫૪ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર ( માન.અધ્યક્ષશ્રીને સંબોધન બાબત) | ૨૫૫ | ૨૫૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)(ક્રમશઃ) | ૨૫૫ | ૨૮૧ |
| **તા.૨૨મી માર્ચ ૨૦૨૨ ચૈત્ર ૧, ૧૯૪૪ શાકે(બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૮૨ | ૨૯૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૨ | ૪૧૦ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૧૧ | ૪૧૨ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૪૧૨ | ૪૧૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૪૧૨ | ૪૩૯ |

ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૨**

**ફાલ્ગુન-૨૬, ૧૯૪૩ શાકે**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું**

**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**રાજ્યમાં વિશ્વ યોગ દિનની ઉજવણી**

* ૪૨૭૩૫ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણીનગર) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રાજ્યકક્ષા તથા જિલ્લા કક્ષાએ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવા પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) ૩.૪૫,૮૧,૨૭૩/- |
| (૨) આ ઉજવણી દરમિયાન છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોએ ભાગ લીધો હતો ? | (૨) ૧,૧૫,૦૦૦ લોકો (ઓનલાઈન). |

શ્રી સુરેશભાઈ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિને, અને એ સંસ્કૃતિ તરફથી આખા વિશ્વને પોતાની જીવન શૈલી અંગે આપણા ઋષિ મુનીઓએ આપેલું માર્ગદર્શન યોગ દ્વારા, અને આ યોગનું રાષ્ટ્રીય મહાસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે યોગ દિવસ મનાવવા માટે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હું ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. હું પોતે પણ એમની પ્રેરણાથી છેલ્લાં પાંચ વર્ષથી રોજ યોગ અને પ્રાણાયામ કરું છું.

અધ્યક્ષશ્રી : શ્રી સુરેશભાઈ, આપ પ્રશ્ન પર આવો, કારણ કે આપણે બહુ ઓછા પ્રશ્નો લઇ શકીએ છીએ. ભૂમિકા ન બાંધો.

શ્રી સુરેશભાઈ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કયારે અને કેવી રીતે ઉજવવામાં આવે છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વપ્રથમ તો ગૃહના તમામ સાથી સભ્યોને આજે હોળીની શુભ કામનાઓ. ભારતીય સંસ્કૃતિની દેન એવા યોગને વિશ્વ સમક્ષ લાવવા માટે તથા આપણી ભારતીય સંસ્કૃતિની જાળવણી કરવા માટે આપણા દેશના લોકલાડીલા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સંયુકત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભાને સંબોધન કર્યું અને ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ તા. ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સર્વસંમતીથી મંજૂર કરીને ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવા ઠરાવ કર્યો હતો. ઠરાવમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ યોગ આરોગ્ય અને સુખાકારી માટે એક સાકલ્યવાદી અભિગમ પૂરો પાડે છે તથા વિશ્વની જનતાને આરોગ્ય અને સુખાકારી માટે યોગના લાભોની જાણકારી મળે તે માટે વિશાળ પ્રસારણની જરૂર છે તેવું સ્વીકાર્યું છે. માનનીય વડાપ્રધાનશ્રીએ સંયુકત રાષ્ટ્ર સંઘની ૬૯મી સામાન્ય સભાને સંબોધન કરતાં જણાવેલ કે યોગ એ પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા આપેલી એક અમૂલ્ય ભેટ છે. તેમાં મન અને શરીર, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતા વચ્ચે રહેલી એકતા, મનુષ્ય અને પ્રકૃતિ મધ્યેની સંવાદિતા તથા આરોગ્ય અને સુખાકારી તરફ લઇ જાય છે. જેના ભાગરૂપે ૨૧મી જૂન ૨૦૧૫ના રોજ પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી. ત્યારબાદ દર વર્ષે ૨૧મી જૂને નિયમિતપણે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઇ રહી છે અને દેશના અને દુનિયાભરના લોકો આમાં ભાગ લઇ રહ્યા છે.

શ્રી જગદીશ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યોગ એટલે ભારત વર્ષની પ્રકૃતિ, સંસ્કૃતિ, સભ્યતા અને પરંપરાઓનું દર્શન. આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે યોગનો પ્રચાર, પ્રસાર કરવા માટે અત્યાર સુધી ગુજરાત સરકારે શું શું કાર્યવાહી કરી?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં યોગનું મહત્વ વધે અને યોગને કારણે સ્વસ્થ વિચાર વ્યક્તિ થકી બને તથા યોગને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા અને યોગનો પ્રચાર-પ્રસાર કરવા રાજયમાં યોગની પ્રવૃતિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે તથા જન સમુદાયમાં યોગ અંગે જાગૃતી ફેલાવવા તથા યોગ પ્રવૃતિના વિકાસ માટે ગુજરાત સરકારે પાંચમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે એટલે કે ૨૧મી જૂન ૨૦૧૯ના રોજ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા ઠરાવ કરીને ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી. ગુજરાત રાજય ભારતમાં એક માત્ર એવું રાજય છે કે જયાં યોગ માટેનું બોર્ડ બનાવવામાં આવ્યું અને યોગનું તેના થકી વિસ્તૃતીકરણ કરવામાં આવે છે. યોગ બોર્ડનો હેતુ રાજયના દરેક નાગરિકને સ્વસ્થ જીવન શૈલી નિરોગી જીવન જીવવા માટે તથા યોગ થકી જન સમૂદાયમાં રાષ્ટ્ર પ્રેમ, એકતા, ભાઇચારાની ભાવના, શાંતિ અને સુલેહનું વાતાવારણ તૈયાર કરી લોકોમાં સંવાદિતા પ્રસ્થાપિત કરવાનો છે. તેમજ ગુજરાત

## તા. ૧૭મી માર્ચ ૨૦૨૨
## તારાંકિત પ્રશ્નો

સરકાર દ્વારા તા.૧૫-૧૨-૨૦૨૧થી યોગને રમત તરીકે પણ ઉમેરવામાં આવેલ છે. તેમજ તેને લાગતા આ યોગને રમત તરીકે ડિકલેર કરવામાં આવેલ છે, તેનાથી તેને લાગતા મંડળો હોય, એસોસીએશનને પણ માન્યતા આપવામાં આવશે. ભવિષ્યમાં મંડળો, એસોસીએશન દ્વારા યોગની સ્પર્ધા પણ કરી શકાશે, જેમાં રાજ્ય સરકાર ડાયરેક્ટ મદદ પણ કરી શકશે. આમ રાજ્ય સરકારે યોગને વ્યકિતગત કેટેગરીમાં સમાવેશ કરીને એક નવો આયામ આપેલ છે. ગુજરાત સરકાર દ્વારા યોગનો પ્રચાર, પ્રસાર માટે વર્ષ ૨૦૨૦ના રોજ કોવિડ-૨૦૧૯ની પરિસ્થિતિને અનુલક્ષીને કેન્દ્ર સરકાર દ્વારા યોગા એટ ધ રેટ હોમ. યોગા વિથ ફેમિલી. આપણે કોરોના કાળની અંદર તમામ લોકોએ સોશ્યલ મીડિયા અને તમામ પરિવારમાં આપણે જોયું છે કે પોતાના આખા પરિવાર સહકુટુંબ ભેગા થઇને દરરોજ યોગની પ્રેક્ટિસ કરતા હતા અને કયાંકને કયાંક કોરોના કાળમાં આ યોગ એક સક્સેશફૂલ ફોર્મેટ સાબિત થયું છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે યોગની સ્વીકૃતિ સમગ્ર દેશ અને દુનિયામાં થઇ રહી છે. ત્યારે વર્તમાન સમયમાં આધુનિક જીવન શૈલી પણ લોકોની બદલાય ગઇ છે. તો આધુનિક જીવન શૈલીમાં યોગની ઉપયોગિતા શું છે એ જણાવે કે જેના કારણે વધુમાં વધુ લોકો જોડાઇ શકે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. યોગ એ માત્ર શારીરિક વ્યાયામ નહિ, પરંતુ સંપૂર્ણ ચિકિત્સા વિજ્ઞાન છે. હવે દરેક રોગોનું સમાધાન યોગથી શકય બન્યું છે જેનાથી બિમાર વ્યકિતને સારું સ્વાસ્થ્ય મળે છે અને સ્વસ્થ વ્યકિતને સફળતા મળે છે. જીવનમાં સારું સ્વાસ્થ્ય, સફળતા અને સંપૂર્ણ સુખને પ્રાપ્ત કરવા આ યોગ સૌથી મહત્વનું માધ્યમ આજે સાબિત થયું છે. આપણા ઋષિમુનીઓએ યોગ,આયુર્વેદ અને ધ્યાનના માધ્યમથી વર્ષો વર્ષનું સ્વસ્થ જીવન જીવતા હતા. યોગ વિજ્ઞાનનો ઉદભવ હજારો વર્ષો પૂર્વે પ્રથમ ધર્મ અથવા તો આસ્થા પ્રથાઓને જન્મથી ખૂબ પહેલા થયો હતો. યોગ માન્યતા અનુસાર શિવને પ્રથમ યોગી અથવા આદિયોગી તરીકે જોવામાં આવે છે. યોગ શબ્દ સંસ્કૃત મૂળ યુઝ ધાતુમાંથી મળે છે જેનો અર્થ જોડવું, બાંધવુ, એ સંગઠિત કરવું થાય છે. યોગ કર્મસુખ કૌશલમ, યોગ દરેક કર્મમાં કૌશલ્યતા આપે છે. યોગથી સુપ્ત શકિતનું જાગરણ થાય છે. યોગથી શરીરનું વાણીનું, વિચારનું, આહારનું સબંધોનું સંતુલન પણ થાય છે. યોગ શરીરનું શુદ્ધિકરણ અને સશકિતકરણ ક્રિયા છે. યોગ વ્યાધિઓ મટાડે છે અને યોગ સમાધિઓ પણ લગાડે છે. મહર્ષી પતંજલિએ અષ્ટાંગ યોગની રચના કરલી છે. યોગ ગુરુઓએ યોગ પ્રણાલિઓ તથા સાહિત્યના સુવ્યવસ્થિત દસ્તાવેજીકરણ દ્વારા યોગની જાણકારી અને વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. પ્રાચીન સમયથી આજ સુધી વિખ્યાત યોગ ગુરુઓના ઉપદેશો દ્વારા યોગનો ફેલાવો થાય છે. યોગને આપણે સીંગલ સ્પોર્ટસ તરીકેની પરવાનગી આપ્યા પછી આ વખતે માત્ર ખેલ મહાકુંભમાં ગુજરાતની અંદર ૭,૮૦,૨૮૨ લોકોએ યોગાસનમાં ખેલ મહાકુંભમાં રજિસ્ટ્રેશન થયા છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કોલેજમાં જનરલ સેક્રેટરી હતો ત્યારે ત્રણ દિવસ આના પ્રયોગ અમે કરતા હતા એટલે કે આ કોઇ નવું નથી. મારે મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે ૪૫ લાખ ૮૧ હજાર ૨૭૩ રૂપિયાનો ખર્ચો કર્યો છે, એમાં ટી.વી. જાહેરાત, ન્યૂઝ પેપર અને હોર્ડિંગ્સ માટે કેટલો કર્યો છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખર્ચ બતાવેલ છે એ સંપૂર્ણ ખર્ચ છે અને એ ખર્ચ પરમેનન્ટ ખર્ચ છે એટલે કે એક જ વાર માટેનો ખર્ચ નથી. ઓનલાઇન માટેનો ખર્ચ છે. એ અવાર-નવાર આવનારા સમયમાં પણ વ્યવસ્થામાં ઉપયોગ થશે. ટી.વી.ની એડનો જે ખર્ચ છે તે મારી પાસે અત્યારે ઉપલબ્ધ નથી. હું તેમને આપી દઇશ.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રોપર સવાલ પૂછ્યો છે. માનનીય મંત્રીશ્રી પાસે હિસાબ હોવો જોઇએ. ખર્ચનો આંકડો હોવો જોઇએ કે તમે જાહેરાત માટે ટી.વી., ન્યૂઝ પેપર અને હોર્ડિંગ માટે કેટલો ખર્ચ કર્યો એટલી માહિતી હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : શ્રી નિરંજનભાઇ, એમણે બહુ સ્પષ્ટ કહ્યું કે મારી પાસે નથી. પછી આપીશ, તો વિષય પૂરો થઇ જાય ને. હોય તો આપો. (અંતરાય) આપ બેસો, આપે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : શ્રી નિરંજનભાઇ, જવાબ તો સાંભળી લો. નિરંજનભાઇ, તમે કોલેજ સમયે યોગ કરતા હતા તો યોગને સહયોગ કરો ને? હવે તો ઉંમર થઇ ગઇ.

અધ્યક્ષશ્રી : આપની પાસે હોય તો આપ જવાબ આપો ને**?**

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી**,** વર્તમાન પત્રની અંદર જાહેરાતમાં ૯,૩૩**,**૧૨૩ રૂપિયા ખર્ચ થયેલ હતો. યોગને હવે દુનિયા અપનાવે છે. આ કઇ રીતે થયું**?** ધીરે ધીરે કરીને ગુજરાતમાંથી દેશમાં**,** દેશમાંથી દુનિયાના લેવલ પર આ જાહેરાતના કારણે યોગને લોકો વધારે અપાનાવે છે.

### તાના-રીરી પરફોર્મિંગ આર્ટ્સ કોલેજમાં ચાલતા અભ્યાસક્રમ

* ૪૨૭૩૯ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઇ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાના-રીરી | (૧) તારીખ : ૨૬/૧૧/૨૦૨૦, ગુરુવાર. |

પરફોર્મિંગ આર્ટ્સ કોલેજ, વડનગરની સ્થાપના ક્યારે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ કોલેજ ખાતે ક્યા-ક્યા કોર્સ- અભ્યાસક્રમ ચાલે છે, અને

(૨) (૧) બેઝિક સર્ટીફિકેટ કોર્સ
(૨) સર્ટીફિકેટ કોર્સ
(૩) ડીગ્રી અને ડિપ્લોમા કોર્સ

(૩)તેમાં ક્યા ક્યા વિષયોનો અભ્યાસ ચલાવાય છે ?

(૩) (૧) બેઝિક સર્ટીફિકેટ કોર્સના વિષયોઃ- ગાયન, તબલા, કથ્થક, લોકનૃત્ય, હાર્મોનિયમ, કી-બોર્ડના અભ્યાસ ચલાવાય છે.
(૨) સર્ટીફિકેટ કોર્સના વિષયોઃ- ગાયન, તબલા, કથ્થક, લોકનૃત્ય, હાર્મોનિયમ, કી-બોર્ડના અભ્યાસ ચલાવાય છે.
(૩) ડીગ્રી અને ડિપ્લોમા કોર્સના વિષયોઃ- ગાયન, તબલા, કથ્થક અને કી-બોર્ડના અભ્યાસ ચલાવાય છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્બારા જાણવા માગું છું કે વડનગરનું દેશ અને દુનિયામાં આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના લીધે મોટું નામ થયું છે. સંગીત ક્ષેત્રે વડનગર ખાતે કોલેજ સ્થાપવાનું અને તાનારીરી નામ રાખવાનું શું પ્રયોજન છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના પ્રાચીનતમ નગરોમાં જેની ગણના થાય છે અને ગુજરાતની આગવી ઓળખ એવું કીર્તિતોરણ જ્યાં સ્થિત છે તેવા વડનગરની પ્રાચીનતા અદભૂત છે. એક નહીં, બે નહીં પણ સાત-સાત નગરોના અવશેષો પર અખંડિત ઉભેલું આપણું વડનગર એ પુરાતત્ત્વની એક અજાયબી છે. પુરાતત્ત્વ અને ઈતિહાસના અભ્યાસ કરનાર સૌના માટે વડનગર એક મુક્ત વિશ્વવિદ્યાલય સમાન છે. સૌથી અગત્યનું એ છે કે આ નગર કોઇ એક ધર્મ, શાસન કે શાસકના ઈતિહાસ અને પુરાતત્ત્વીય મહત્વ સાથે સંકળાયેલું નથી, પરંતુ અનેક વૈવિધ્યપૂર્ણ શાસનો, શાસકો, સ્થાપત્યો, શિલ્પો, સાહિત્ય અને ધર્મ ઉપર માનવસાંસ્કૃતિક ધરોહરનો પ્રકાશ પાડે છે. જીવંત નગર તરીકે વડનગર સંગીત, વિદ્યા અને વેપારનું મોટું ધામ હતું. તે વેળાએ અહીંના લગભગ ૪૦૦ જેટલા કુટુંબો રંગભૂમિ અને સંગીત સાથે જોડાયેલા હતા. સોળમી સદીમાં ભક્ત કવિ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઇએ પોતાની પુત્રી શર્મિષ્ઠાને વડનગર પરણાવી હતી. જેના નામ ઉપર રચાયેલું શર્મિષ્ઠા તળાવ આજે પણ જોવા મળે છે. શર્મિષ્ઠાના ઘરે બે દીકરીનો જન્મ થયો હતો. જેઓના નામ તાના અને રીરી અપાયા હતા. જાણે કે સ્વયં રાધા-કૃષ્ણએ સૌંદર્યમાં અપ્સરાસમી અને સંગીત નૃત્યમાં ગાંધર્વસમી બે કન્યાઓ શર્મિષ્ઠાના ખોળે વરદાન રૂપે આપી. તાના-રીરીએ સંગીતની આકરી આરાધના કરીને રાગ-રાગિણીઓનો ભક્તિભાવથી સાક્ષાત્કાર કર્યો હતો. બન્ને બહેનોએ ભૈરવ, વસંત, દીપક અને મલ્હાર જેવા રાગો આત્મસાત કર્યા હતા. જે સમયે અકબરના દરબારમાં નવરત્નોમાના એક એવા સંગીત સમ્રાટ તાનસેનને અકબરે દીપક રાગ ગાવા માટે કહ્યું હતું. એમ મનાય છે કે દીપક રાગ ગાવાથી દીવાઓ પ્રગટે છે. પરંતુ સાથે સાથે આ રાગ ગાનારાઓના શરીરમાં દાહ ઉપડે છે. તાનસેને બાદશાહની આજ્ઞાથી દીપક રાગ ગાયો અને દીપક પ્રગટયા, પરંતુ તેના શરીરમાં અંગારા સળગાવ્યા હોય તેવી ઝાળ ઉઠી, તાનસેનના શરીરમાં લાગેલી આ અગનઝાળને શાંત કરવાનો ઉપાય માત્ર મલ્હાર રાગ હતો. આ રાગ ગાનારની શોધમાં નીકળેલા તાનસેન ફરતો ફરતો વડનગર આવી પહોંચ્યો અને શર્મિષ્ઠા તળાવના કિનારે મૂકામ કર્યો. પરોઢ થતા જ પાણીહારીઓ તળાવે પાણી ભરવા આવી, તાનાના અને રીરીના ઘડામાં પાણી ભરાતા જે સૂર ઉઠયા તેમાં તાનસેનને (અંતરાય) (શ્રી નૌશાદભાઇ બેઠા બેઠા બોલતા)

અધ્યક્ષશ્રી : શ્રી નૌશાદભાઇ, આવી બધી સલાહ આપવાની નથી. આ રીતે આપ પ્રશ્નોત્તરીમાં ડિસ્ટર્બ કરો એ બિલકુલ બરાબર નથી. એમને જવાબ આપવા દો. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ જ લાઇન બાકી છે. તાના-રીરી શું છે એનું નામ કઇ રીતે પડયું, એનો ઈતિહાસ શું છે તો ઈતિહાસમાં બે પાનાનો જવાબ તો હોય જ. તાના અને રીરીના ઘડામાં પાણી ભરાતા જે સૂર ઉઠયા તેમાં તાનસેનને મલ્હારના સૂર સંભળાયા. આ તાનસેને તાના-રીરીને મલ્હાર રાગ દ્બારા પોતાના શરીરમાં દાહ છે એ દૂર કરવા વિનંતી કરી. હાટકેશ્વર મંદિર, આજે પણ અહીં બેસેલા તમામ લોકો હાટકેશ્વર મંદિરમાં શિવજીની પૂજા માટે જાય છે, તેની પાછળ જ છે.

અધ્યક્ષશ્રી : શ્રી હર્ષભાઇ, ટૂંકમાં જવાબ આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તાના-રીરીએ પિતાની સંમિત લઇ રાગ મેઘ મલ્હારના સૂરો છોડયા અને થોડી જ વારમાં મેઘ વરસી પડયો અને તાનસેનના તન અને મનને શાંતિ થઇ. માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે

તાનારીરી એ ખરેખર ખૂબ જ મોટો ઈતિહાસ સાથે જોડાયેલો એક વિષય છે. આપ સૌને સમય મળે ત્યારે પ્લીઝ ત્યાં વિઝિટ કરજો. (અંતરાય)

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જો આપણી સંસ્કૃતિને વાર્તા કહેવામાં આવતી હોય તો પછી આપણા બાળકોના ભવિષ્યનું શું? આ સંસ્કૃતિની જાળવણી થવી જોઇએ. પછી ભલે એ વિધાનસભાનું પ્લેટફોર્મ હોય તો પણ આ વાર્તા નથી, આપણી સંસ્કૃતિ છે.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન પૂછો.

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું આદરણીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગુ છું કે વડનગર ખાતે તાના રીરી પરફોર્મીંગ આર્ટસ કોલેજની સ્થાપના ક્યા હેતુથી કરવામાં આવી? આપણા બાળકોને કંઇક તો શીખવાડવું પડશેને સાહેબ? (અંતરાય)

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વડનગર ખાતેનું આ તાના-રીરી પરફોર્મિંગ સેન્ટર આ દેશ અને દુનિયા માટે પરફોર્મિંગ સેન્ટરના ઇતિહાસમાં ખૂબ મહત્વનું સ્થાન ધરાવતું તાના-રીરી પરફોર્મિંગ આર્ટસ સેન્ટર દેશના વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીના વતન તરીકે જાણીતું છે. (અંતરાય) વડનગર હજારો વર્ષોથી ધાર્મિક સાંસ્કૃતિક, સાહિત્યિક જાહોજલાલીના વારસાના કારણે જગપ્રસિદ્ધ રહ્યું છે. તેમજ આ બાબતની અનેકો અનેક સાબિતી અને પુરાવાઓ વિવિધ પ્રકારના ઐતિહાસિક સંશાધનોમાંથી મળી આવે છે.

અધ્યક્ષશ્રી : આપ ટૂંકમાં કોલેજનો જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું એવું માનું છું કે સવાલ મહત્વનો હોય તો એક લાઇનમાં જવાબ કઇ રીતે આપી શકું?

અધ્યક્ષશ્રી : ના, પણ આપ ટૂંકમાં જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એક લાઇનમાં શું વાંચીએ?

અધ્યક્ષશ્રી : કોલેજ વિશે કહો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ચીની મુસાફર વેનસાંગે સાતમી સદીમાં તેઓની વડનગરની મુસાફરી દરમિયાન પોતાની પ્રવાસ નોંધમાં લખ્યું છે કે વડનગરમાં અનેક પાઠશાળાઓ હતી તેમજ વડનગરને તેઓ સમૃદ્ધ નગર અને વિદ્યાધામ તરીકે ઓળખાવે છે. આવી ગૌરવભરી પ્રથા પરંપરા લુપ્ત થાય તે પહેલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી રાજયના ગાયન અને નૃત્ય ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ (સતત અંતરાય) જેઓએ કલાના કૌશલ્યમાં નિપુણતા પ્રાપ્ત કરી, દેશ દુનિયામાં ગુજરાતનું નામ રોશન કરે તે હેતુસર તાના- રીરી પરફોર્મિંગ આર્ટસ કોલેજ વડનગર મહેસાણા ખાતે શરૂ કરવામાં આવેલ છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હિન્દુસ્તાનમાં રહો છો તો ભારતીય સંસ્કૃતિને પચાવતા શીખો. આપ હિન્દુસ્તાનમાં રહો છો?

અધ્યક્ષશ્રી : શ્રી શશીકાન્તભાઇ, આપ ખાલી પ્રશ્ન પૂછો. એ લોકોને જવાબ ન આપો.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિની વૈશ્વિક ધરોહર સમાન વડનગર ખાતે સંગીત સંગ્રહાલય બનાવવા માટે સરકારનું શું આયોજન છે તેમજ આ સિવાય વડનગર ખાતે આપના વિભાગ દ્વારા વિકાસનાં અન્ય કયા કયા કામો હાથ ધરવામાં આવનાર છે. એક ધારાસભ્ય તરીકે ભારતીય સંસ્કૃતિની ધરોહર છે એ જાણવું અને સમજવું જરૂરી છે. આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી વિગતવાર જાણવા માગું છું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વડનગરના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર, રાજયનો પ્રવાસ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો વિભાગ જેવા વિવિધ વિભાગો સંયુક્તપણે સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ વડનગરનો વૈભવ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થાય તે માટે કાર્યરત છે. જેમ મેં જણાવ્યું તેમ અલગ અલગ અનેક પ્રકલ્પો વડનગરમાં ચાલી રહ્યા છે. સંગીત સંગ્રહાલયનો એક ખૂબ મોટો પ્રકલ્પ ચાલી રહ્યો છે, જેમાં વડનગર ખાતે તોરણ હોટલ નજીક ગુજરાત સંગીત સંગ્રહાલય સ્થાપિત કરવા માટે રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તઓનો વિભાગ, પુરાતત્વ સંગ્રહાલય ખાતા દ્વારા અદ્યતન ડિઝાઇનવાળું બિલ્ડિંગ બનાવવાની કામગીરી ચાલે છે. આ જ રીતે વડનગરના પુરાતત્ત્વીય પ્રાયોગિક સંગ્રહાલય દ્વારા વર્તમાન સમયમાં વિશ્વભરમાં ચાલી રહેલા પુરાતત્ત્વીય સંશોધન સ્થળમાં (અંતરાય) એક મિનિટ પણ થઇ નથી અને આ રીતે ડિસ્ટર્બ કરે છે.

અધ્યક્ષશ્રી : આપ જલ્દીથી જવાબ પૂરો કરો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટનો જવાબ તો થાય. વર્તમાન સમયમાં વિશ્વભરમાં ચાલી રહેલા પુરાતત્ત્વીય સંશોધન સ્થળોમાં વડનગરને ગણતરીની અગ્રીમ સાઇટ તરીકે જણાવાઇ છે. આમ, મ્યુઝિયમ ૧૫ એકર જમીનમાં નિર્માણ પામી રહ્યું છે. વડનગરમાં જોવા મળતા સ્મારકો તેમજ ઉત્ખનન દરમિયાન મળી આવેલા અવશેષો અને સંશોધનમાં ઉપલબ્ધ સ્ત્રોતો પ્રવાસીઓને આકર્ષે છે અને સમૃદ્ધ કલા વારસાની અનુભૂતિ કરાવે છે. એ જ રીતે વડનગરમાં એક ઐતિહાસિક વડનગર રકત-ગમત સંકુલ બની રહ્યું છે. આ જ રીતે વડનગરમાં એક ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ છે એનો ઇતિહાસ તાના-રીરી સાથે જોડાયેલ છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, લંબાણપૂર્વક જવાબની સામે લંબાણપૂર્વક પ્રશ્ન સાંભળવાની પણ તૈયારી રાખો. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપણા ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને વડાપ્રધાન થયા ત્યારે અનેક આંતરરાષ્ટ્રીય મંચ ઉપર તેમજ દેશના અનેક મંચ ઉપર વડનગર ઉપર ખૂબ બોલ્યા છે. ૧,૪૦૦ વર્ષ પહેલાં જે ચાઇનીઝ ઇતિહાસકાર યુએન સાંગ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને એમણે વડનગરનો જે ઉલ્લેખ કર્યો હતો એને માનનીય વડાપ્રધાનશ્રીએ આંતરરાષ્ટ્રીય મંચ ઉપર એનો ઉલ્લેખ કર્યો છે. મને દુઃખ થયું કે આટલો બધો લાંબો જવાબ આપ્યો અને કહ્યું કે અનેક ધર્મોના અવશેષો મળ્યા છે, પણ બૌદ્ધનગરી વડનગર બોલતા એમને ખચકાટ થાય છે. આ સૌથી પહેલી વાત આવવી જોઇએ.

અધ્યક્ષશ્રી : શ્રી નૌશાદભાઇ, આપ પ્રશ્ન પૂછો. આપ પ્રશ્ન પૂછો છો કે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન આપો છો?

શ્રી નૌશાદ ભ. સોલંકી : પ્રશ્ન પૂછું છું. ઇતિહાસની વાત કરું છું. જ્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે આખા વિશ્વમાં વડનગરને વિશ્વની શ્રેષ્ઠ બૌધનગરી ગણાવતા હોય અને બૌધ ધર્મનો આ ભવ્ય ઇતિહાસ સાંસ્કૃતિક વારસાની વાત થઇ હોય તો તમારે તમારા વકતવ્યમાં તમે એક પણ વખત બૌધ ધર્મ વિશે નથી બોલ્યા એનું કારણ બતાવશો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ દુઃખની વાત છે. આખો જવાબ સાંભળવો નહીં. જવાબ અડધેથી બંધ કરાવવો. આપણી ઐતિહાસિક નગરી વડનગરને પણ ધર્મના ભાગમાં કઇ રીતે બાંટી શકાય? આખો જવાબ સાંભળ્યો હોત તો એમને ૧૦૦ ટકા જવાબ મળી ગયો હોત. આ જ રીતે કંઇપણ કરીને કયા પ્રકારે સમાજના ભાગલાની વાતો કરાય એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : આપે બૌદ્ધ ધર્મની વાત કરી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપી દઉં લેખિતમાં છે. આ આખો જવાબ છે.

અધ્યક્ષશ્રી : આપી દેજો. એમને ક્લેરિટી થઇ જાય.

### ઉદ્યોગોને પ્રોત્સાહન માટે ટાટા મોટર્સ લિ. સાથે કરારો

* ૪૩૭૨૯ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકાર દ્વારા ટાટા મોટર્સ લિ. સાથે શાં કરારો કરવામાં આવ્યા હતા, | (૧) તા.૦૭-૧૦-૨૦૦૮ના રોજ સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટ અને તા.૩૦-૦૩-૨૦૧૩ના રોજ લોન એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા ટાટા મોટર્સ લિ.ને કેટલી લોન તથા કઈ સુવિધાઓ પૂરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને | (૨) તા.૦૧-૦૧-૨૦૦૯ના ઠરાવની જોગવાઈ અનુસાર ટાટા મોટર્સ લિ.એ ભરેલ વેટ અને સીએસટીના જેટલી ૦.૧ ટકાના સાદા વ્યાજે વીસ વર્ષ સુધી લોન આપવાનું નક્કી કરવામાં આવેલ છે. સદરહુ પ્રોજેક્ટ સ્થાપવા આવશ્યક હોય તેવી જરૂરી મંજૂરીઓ ઝડપથી મળે તેના મોનીટરીંગ અને અમલીકરણ માટે હાઈ લેવલ કમિટીની રચના કરવામાં આવેલ છે. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) પ્રોજેક્ટ સ્થાપવા જરૂરી મંજૂરી આપવામાં આવી છે અને રૂ. ૫૮૭.૦૮ કરોડની લોન આપેલ છે. |

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાતની અંદર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ટાટા મોટર્સ લી.ને ૦.૧ ટકાના સાદા વ્યાજે ૫૮૭.૦૮ કરોડની લોન ૨૦ વર્ષની શરતે આપવામાં આવી તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ લોન કઇ શરતોને આધીન આપવામાં આવી? સરકારશ્રી તરફથી આ પ્રોજેકટ નેનો કરવા માટે કેટલી જમીન ફાળવવામાં આવી અને કઇ કિંમતે ફાળવવામાં આવી? હાલમાં આ ટાટા મોટર્સ નેનો પ્લાન્ટ ચાલુ છે કે બંધ? જો ચાલુ હોય તો કેટલી નેનોનું ઉત્પાદન કર્યું અને કેટલી રોજગારી મળી? અને જો બંધ હોય તો સરકારશ્રી એના માટે કયા પગલાં ભરવા માગે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું સાથી ધારાસભ્ય મિત્ર કાંતિભાઇને અભિનંદન પાઠવીશ કે એમણે બહુ સરસ પ્રશ્ન પૂછયો છે. વર્ષ ૧૯૮૩ની અંદર કોંગ્રેસના વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીની દીર્ઘદ્રષ્ટિથી હિન્દુસ્તાનની અંદર નાના વ્હીકલો લોકો ફેરવી શકે, અફર્ડેબલ કાર ફેરવી શકે એટલા માટે એમનું આ સ્વપ્ન હતું અને એ વખતે વર્ષ ૧૯૮૩માં મારૂતિ સુઝુકી લઇ આવ્યા. ત્યારબાદ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી હતા અને મારા ગુજરાતીઓ નાની અફર્ડેબલ કાર ફેરવી શકે એટલા માટે ટાટા મોટર્સ એટલે કે ઇન્ડિયાની મેન્યુફેકચરિંગ કંપની અને આ કારને આપણે ઇન્ડિયામાં લઇ આવ્યા અને નેનો કારનો આપણે સાણંદ ખાતે પ્લાન્ટ લાવ્યા. આપણે એમને જમીન મફત નથી આપી. આપણે એમને

૪૪૫ હેક્ટર જમીન આપી છે, એ ૯૦૦ રૂપિયે ચોરસવાર જમીન વેચાણથી આપી છે. આપણે એમને જે લોન આપી છે એ લોન પણ શરતી લોન એટલે પરત લેવાની એટલે કે ૨૦ વર્ષ સુધી એ જેટલી કાર મેન્યુફેક્ચરિંગ કરે અને જેટલો ટેક્સ ભરે એની સામે દર વર્ષે લોન આપીએ છીએ અને લોન પણ આપણે એમની પરત લઇએ છીએ. મને આનંદ થાય છે કે ટાટા મોટર્સ આવવાથી ઘણાબધા આજુબાજુના લોકોને ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મળી છે એ પણ એક આનંદની બાબત છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરસ જવાબ આપ્યો કે રાજીવ ગાંધીજી મારૂતિ કાર લાવ્યા હતા. આજે મારૂતિ કાર ચાલે છે અને ટાટા આપણને ચૂનો લગાવીને જતી રહી આ બહુ રિયાલિટીની વાત છે. મંત્રીશ્રીએ જે રીતે જવાબ આપ્યો, મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે જે ટાટા નેનો કંપની દ્વારા કંપની શરૂ થઇ ત્યારથી જે કારનું ઉત્પાદન થયું એ કારનું ઉત્પાદન હાલ ચાલુ છે કે બંધ? અને ઉત્પાદન ઉપર તમારે લોન આપવાની હતી તો દર વર્ષે કેટલી કેટલી લોન ટાટા કંપનીએ ચૂકવી અને આપે કીધું કે ત્યાંના સ્થાનિક લોકોને રોજગારી મળી રહી છે તો હાલ ત્યાં કારખાનાની અંદર ટાટા મોટર્સની અંદર કેટલા લોકો રોજગારી લે છે એ જાણવું છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ કંપની જયારે પોતાનો પ્લાન્ટ નાખે તો એ ચૂનો લગાવવા માટે નાખતી નથી, પણ રોજગારી ઉભી થાય એના માટે પ્લાન્ટ નાખતી હોય છે. ટાટા એક વર્લ્ડ લાર્જેસ્ટ કંપનીમાંની છે. એના માટે આપણને પ્રાઉડ હોવું જોઇએ. ટાટા પીનથી પ્લેન સુધીની પ્રોડક્ટ ઇન્ડિયામાં બનાવે છે. ટાટા કંપની માટે નહિ, ભારતની કંપની છે એટલે એના માટે કઇપણ અણછાજતું બોલવું એ એક ઇન્ડિયન તરીકે આપણને છાજે નહીં. કોઇપણ કંપની જ્યારે પ્લાન્ટ નાખે ત્યારે કોઇપણ એક પ્રોડક્ટ માટે નાખે તેવું નથી હોતું. ટાટા કંપનીએ નેનો નામનું મોડલ બનાવવા માટે ચોક્કસ પ્લાન્ટ નાખ્યો. સરકારે સપોર્ટ પણ કર્યો. સાથે સાથે ટાટા કંપનીએ સમયની માંગ સાથે અલગ અલગ મોડેલો જનરેટ કર્યા. ટાટા ટીઆગો, ટાટા ટીગારો, ટાટા ટીગારો(ઇ.વી.) અત્યારે આખા દેશમાં, વર્લ્ડમાં જે રીતે પરિસ્થિતિ ક્લાઇમેટ ચેઇન્જને લઇને બદલાઇ રહી છે. અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે ક્લાઇમેટ ચેઇન્જ માટે સમગ્ર વિશ્વ ચિંતિત છે ત્યારે ટાટાએ આ પહેલ કરી છે. બહારથી કારો ઇમ્પોર્ટ ન કરવી પડે, એટલા માટે આપણે અહીયા ઇ.વી. કારનું મેન્યુફેક્ચરિંગ શરૂ કર્યુ છે. સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે જે ટાટાએ ટેક્સ ભર્યો છે, એની સામે આપણે વર્ષ ૨૦૧૨-૧૩ માં ૧૬૭.૦૨ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. વર્ષ ૨૦૧૩-૧૪ માં ૨૫૨.૩૪ કરોડ, વર્ષ ૨૦૧૪-૧૫ માં ૫૯.૯૬ કરોડ, વર્ષ ૨૦૧૫-૧૬ માં ૬૫.૧ કરોડ, વર્ષ ૨૦૧૬-૧૭ માં ૩૯.૯૪ કરોડ આ રીતે આપણે જેટલો ટેક્સ ભરતા ગયા એટલી રકમ ચૂકવતા ગયા છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બે પ્રશ્ન પૂછ્યા છે. હાલમાં નેનોનું ઉત્પાદન ચાલુ છે કે નહીં?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ કંપની એક મોડેલ માટે કંપની નથી સ્થાપતી, પણ અલગ અલગ મોડેલ માટે ડિમાન્ડ હોય એના ઉપર કંપનીઓ પોતાના વ્હિકલ જ બનાવતી હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ટાટા નેનો માટે જે જગ્યા આપવામાં આવી હતી. પશ્ચિમ બંગાળે ના પાડી એટલે ગુજરાતમાં લાવ્યા હતા. ફક્ત ને ફક્ત ટાટા નેનો માટે જગ્યા આપવામાં આવી હતી. ટાટા નેનો કંપનીનું ઉત્પાદન ચાલુ છે કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ટાટા નેનો કંપનીની અંદર અલગ અલગ પ્રકારના મોડેલો બની રહ્યા છે. પબ્લિકની ડિમાન્ડ મુજબ વ્હિકલ બનાવવામાં આવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : કેટલા લોકોને રોજગારી મળી?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આનંદની વાત એ છે કે ટાટા કંપની ત્યાં આગળ સાણંદની અંદર આવ્યા પછી જે રોજગારો ઉત્પન્ન થયા. સાથે સાથે એના એન્સિલિયરી સ્પેર સ્પાર્ટસ બનાવવાના હોય એના માટે રોજગાર ઉભા થયા. એને લઇને ૨૬,૦૦૦ કરતા વધારે કર્મચારીઓને રોજગાર આપી શકીએ છીએ.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટાટા કંપનીની સ્થાપના થયા બાદ ઓટોમોબાઇલ ક્ષેત્રે શું વિકાસ થયો? અન્ય કઇ કઇ કંપનીઓની સ્થાપના થઇ? કેટલું મૂડીરોકાણ આવ્યું? કેટલા લોકોને રોજગારી મળી? એમએસએમઇ ઉદ્યોગમાં શું ફાયદો થયો? કોવિડ દરમ્યાન ભારત સરકારને આ ટાટા કંપનીએ શું હેલ્પ કરી?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો જવાબ ગૃહના તમામ સભ્યોએ એટલા માટે નોલેજમાં લેવો જોઇએ. ટાટા મોટર્સ લિ. ટાટા નેનો કાર બનાવવા માટે ગુજરાત અમદાવાદ જિલ્લાના સાણંદમાં અમારા કનુભાઇ આવે છે. ત્યાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવાનો તા. ૧૩-૪-૨૦૧૦ માં શરૂ થયો. ટાટાએ પ્રોજેક્ટ સ્થાપ્યા બાદ માત્ર મારૂતિનો પ્રોજેક્ટ દિલ્હી પાસે નોયડા ખાતે આવ્યો હતો. ત્યાં એક પ્લાન્ટ આવ્યો. વર્ષો સુધી આખા દેશમાં કે અલગ અલગ રાજ્યોમાં ઓટોમોબાઇલ ક્ષેત્રે મોડેલ જે ક્રાંતિ લાવવાનું કામ ભાજપની સરકારના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ કર્યુ છે. એવું કહીશ કે ટાટા મોટર્સ સાણંદમાં આવી. બેચરાજી પાસે મારૂતિનો પ્લાન્ટ આવ્યો. આ કોઇપણ ઇન્ડસ્ટ્રીઝો હોય કનુભાઇના જવાબમાં કહીશ કે ફોર્ડ ઇન્ડિયા પ્રા.લિ. યુ.એસ. ની કંપનીએ ઇન્ડિયામાં ગુજરાતમાં આવીને પ્લાન્ટ નાખે. મારૂતિ સુઝુકી તે માંડલ બેચરાજીમાં પ્લાન્ટ નાખે. હીરો મોટોકોપર્સ લિમિટેડ હાલોલમાં પ્લાન્ટ નાખે. મેક્સિસ રબર ઇન્ડિયા સાણંદમાં પ્લાન્ટ નાખે. હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર લિમિટેડ જાપાની કંપની પ્લાન્ટ નાખે. એમ.જી. મોટર્સ હાલોમાં પ્લાન્ટ નાખે. એમ.આર.એફ. ટાયર્સની કંપની ભરૂચમાં પ્લાન્ટ નાખે. કોઇપણ કંપની પ્લાન્ટ નાખે એટલે ખાલી કંપની પૂરતા કર્મચારી ના

હોય. સાણંદ ખાતે નેનો પ્લાન્ટમાં જે સાત હજાર કે દસ હજાર કર્મચારીઓ કામ કરે છે, તેની સાથે સાથે તેમને ટાયરની જરૂર પડે, સાઇલેન્સરની જરૂર પડે, સ્પેર પાર્ટસની જરૂર પડે, કલરની જરૂર પડે, બેરિંગની જરૂર પડે, એક્સલની જરૂર પડે. આવા હજારો ટાઇપના સ્પેર પાર્ટસ બનાવવા માટે ગુજરાતની અંદર રાજકોટ ખાતે ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીયલ મેન્યુફેકચરિંગ હબ ઉભું થયું છે. બેચરાજીની વાત કરું તો મારુતિ પ્લાન્ટ આવવાથી અને કોઇપણ કંપની ખાલી તેનો પાયો ખોદે તો તેને મજૂરોની જરૂર પડે, ઇંટોની જરૂર પડે, સિમેન્ટ, રેતીની જરૂર પડે, કોંક્રિટની જરૂર પડે અને લોખંડની પણ જરૂર પડી. સાણંદનો ટાટા પ્લાન્ટ બનાવવા માટે અને કોઇપણ ઇન્ડસ્ટ્રીઝમાં બહારથી મજૂરો આવે છે તે મજૂરોને રહેવા માટે આખી કોલોની બનાવવામાં આવે અને તેમના માટે સગવડ ઉભી કરવામાં આવે. જયારે કંપની આવતી હોય ત્યારે આજુબાજુ હોટલ ઇન્ડસ્ટ્રીઝની જરૂર પડે. હોટલ ઉદ્યોગને પ્રમોશન મળે છે. ત્યાં કંપનીમાં પહોંચવા માટે ટ્રાન્સપોર્ટેશનની જરૂર પડે. એટલે આ બધામાં વૃદ્ધિ થઇ છે. માત્ર કંપનીની અંદર રોજગારી આપવા પૂરતો સવાલ નથી હોતો. ટાટા કંપની આવવાથી કેટલા ફાયદા થયા છે તો ઓટોમોબાઇલ ક્ષેત્રે ગુજરાત હબ બની ગયું છે. તે આપણા માટે ખૂબ આનંદની વાત છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પહેલેથી જ ઔદ્યોગિક ક્ષેત્રે બીજા ક્રમાંકે હતું. તમને આવ્યા પછી આજે ચોથા કે પાંચમા ક્રમાંકે ગયું છે. એટલે બીજી વાતો ન કરતાં જે વાત પૂછી છે તેનો જવાબ આપો તો વધુ સારું. આવા પ્રોજેકટમાં સરકાર સાથે એગ્રીમેન્ટ થાય છે. એગ્રીમેન્ટમાં એવું નક્કી થાય છે કે ફેઝ-૧ માં શું કરવું , ફેઝ-૨ માં શું કરવું અને તેની સામે સરકારે શું કરવું? સરકારી એગ્રીમેન્ટના અનુસંધાને તે નેનો કારનું ઉત્પાદન કરે, ફેઝ-૧માં આટલી નેનો કારનું ઉત્પાદન કરે તો આટલા રૂપિયાની લોન આપવી. ફેઝ-૨ માં આટલી નેનો કારનું ઉત્પાદન કરે તો આટલી લોન આપવી. તેણે તેના એગ્રીમેન્ટનો ભંગ કર્યો છે. રાજ્ય સાથે અને સરકાર સાથે વિશ્વાસભંગ કર્યો છે. તમે વિશ્વાસભંગ કરેલી કંપની ચાહે તેમાં ટાટા હોય કે કોઇપણ હોય, ચાહે અદાણી હોય કે ઇવન રિલાયન્સ હોય, કોઇપણ કંપની ગુજરાત સરકાર સાથે દ્રોહ કરે, ભંગ કરે એટલે ગુજરાતની પ્રજા સાથેનો ભંગ છે અને ગુજરાતની પ્રજાના પૈસા તમે ઉપરવટ જઇને આપી રહ્યા છો તો તમે એવા લોકોને જે લોન આપી છે તે બંધ કરવા માગો છો કે કેમ? અને જે વિશ્વાસભંગ કર્યો છે, બીજાને જેમ શરતભંગ કરે તો સરકારી પડતરે જમીન દાખલ કરો છો. આ તો કૃષિ યુનિવર્સિટી માટેની, ખેડૂતો માટેની જમીન હતી. ખેડૂતોના સંશોધનો માટેની જમીન હતી તે પરત લઇને તમે આપી દીધી છે. એકબાજુ ખેડૂતોનું અહિત કર્યુ છે અને બીજી બાજુ વિશ્વાસભંગ કર્યો છે. ગુજરાતની પ્રજા સાથે કોઇ વિશ્વાસભંગ કરી ન જાય, તેમાં ટાટા હોય કે બિરલા હોય કે કોઇપણ હોય તેના પર તમે પગલાં લેવાં માગો છો કે કેમ અને તે પગલાં કયારે લેશો?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, પરમ સ્નેહી મિત્ર શ્રી સી.જે.ચાવડા ખૂબ અભ્યાસુ વિધાનસભાના ધારાસભ્ય છે. હું ચોક્કસ એમને કહીશ કે આ એગ્રીમેન્ટ એક વખત સ્ટડી કરવો જોઇએ. કોઇપણ કંપની હોય અને રાજ્યની કોઇપણ સરકાર હોય, ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇપણ એગ્રીમેન્ટ મુજબ કદાચ કોઇ કંપની તેના નીતિ નિયમો ન પાળે તો કયારેય તેને છોડવા માગતી નથી. આપણે એગ્રીમેન્ટ ચોક્કસ કર્યા છે. તેમાં કોઇ ના નથી. ડંકાની ચોટ ઉપર એગ્રીમેન્ટ કર્યા છે. આપણે એક સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટ તેની સાથે કર્યો છે. સાથે સાથે ૧ ટકા સાદા વ્યાજની લોન આપવાની હતી તેનો એગ્રીમેન્ટ કર્યો છે. પ્રોજેકટની સ્થાપનાની મંજૂરી માટેનો એગ્રીમેન્ટ કર્યો છે. અલગ અલગ ત્રણ એગ્રીમેન્ટ કર્યા છે. સી.જે.ચાવડાએ આ એગ્રીમેન્ટની ડીટેઇલ વાંચી નહીં હોય. કોઇપણ કંપની તે પ્લાન્ટ નાખે તે હંમેશાં પ્લાન્ટ ચલાવવા માટે, પોતાનો ધંધો વધારવા અને રોજગારી આપવા માટે સ્થાપતી હોય છે. સરકાર પણ આંખે પાટા બાંધીને કામ કરતી નથી. આપણે તે જે ઉત્પાદન કરવાના છે તેની સામે જ આપણે તેને લોન આપવાના છીએ. તે ઉત્પાદન ના કરે તો આપણે લોન આપતા નથી. ટાટા કંપનીનો આપણે આભાર માનવો જોઇએ કે, ટાટાએ નેનો પ્રોડકટની ડિમાન્ડ માર્કેટમાં ઓછી છે અને મૉડલ બદલાયા છે એટલે તરત જ એ જ જગ્યામાં એ જ કારીગરો અને કદાચ વધારે કારીગરો સાથે મૉડલ લોન્ચ કર્યા. અગત્યની વસ્તુ એ છે કે, સરકાર એટલી હોંશિયાર છે કે તરત જ આપણે તેમાં કલોઝ નાખ્યું છે કે કોઇ કારણસર ટાટા કંપની શરતભંગ કરે, ૨૦ વર્ષની અંદર લોન ભરપાઇ ના કરી શકે તો આપણે ૧૮ ટકા લેખે એની વ્યાજ વસૂલાતનો ક્લોઝ નાંખ્યો છે અને અત્યારે ટાટા કંપની જે ટેક્સ ભરે છે એની સામે આપણને ૨૦ વર્ષે લોન પરત થવાની છે.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ટાટા મોટર્સ લિમિટેડ, સાણંદ દ્વારા છેલ્લાં ૭ વર્ષમાં કેટલી કારનું ઉત્પાદન કરવામાં આવ્યું?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ કંપની સ્થપાય એટલે કંપનીનું બિલ્ડિંગ બનતા વાર લાગે, ઇન્ફ્રસ્ટ્રક્ચર કે સેટઅપ ગોઠવતા સમય લાગે. કંપની શરું થઇ, વર્ષ ૨૦૧૫-૧૬માં ૪,૨૩૫ કાર, વર્ષ ૨૦૧૬-૧૭માં ૫૮,૬૮૫ કાર, વર્ષ ૨૦૧૭-૧૮માં ૧,૦૬,૪૭૭ કાર, વર્ષ ૨૦૧૮-૧૯માં ૧,૧૮,૫૮૧ કાર, વર્ષ ૨૦૧૯-૨૦માં ૬૪,૦૦૦ કાર, વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૧,૦૦૦ કાર અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૪,૦૦૦ કાર એમ અત્યાર સુધીમાં લગભગ કુલ ૪,૯૭,૭૩૫ કાર મેન્યુફેક્ચરિંગ કરવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, પ્રશ્નના જવાબમાં એમણે જે જણાવ્યું છે એમાં એમણે વિગતવાર જવાબ આપ્યો છે. પ્રશ્ન નંબર ૮૮ પુનમભાઇ પરમારના પ્રશ્નના જવાબમાં પણ

જણાવ્યું છે કે, તા.૧-૧-૨૦૦૯ના ઠરાવની શરતો પૈકી શરત નંબર ૧૨ની અન્ય શરતો મુજબ ટાટા મોટર્સ લિમિટેડને પ્રથમ ફેઝ અને બીજા ફેઝમાં દર વર્ષે કેટલી નેનો કારનું ઉત્પાદન કરવાનું હતું?

અધ્યક્ષશ્રી : આપ આપના પ્રશ્ન પર આવો. બીજો પ્રશ્ન જોઇન્ટ ન કરો, તમે પ્રશ્ન પૂછો પણ આવી રીતે બધું વાંચો નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જવાબ આપ્યો છે એમાં જ પૂછું છું. એની સામે પ્રથમ ફેઝમાં ૨ લાખ ૫૦ હજાર નેનો કારનું એગ્રિમેન્ટની જોગવાઇ મુજબ ઉત્પાદન કરવાનું હતું, ત્યારે કેટલું ઉત્પાદન પ્રથમ ફેઝમાં કરવામાં આવ્યું છે? બીજા ફેઝમાં ૩ લાખ ૫૦ હજાર નેનો કારનું ઉત્પાદન કરવાનું હતું તો એમાં કેટલી કારનું ઉત્પાદન કરવામાં આવ્યું છે અને, કેટલા લોકોને આજની તારીખે ત્યાં રોજગારી આપવામાં આવે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં સાણંદ નેનો કમ્પાઉન્ડની અંદર એને લગતી આજુબાજુની ઇન્ડસ્ટ્રીઝમાં કારીગરોને જે કામ મળે છે એની વાત નથી કરતો, સાણંદ નેનો કમ્પાઉન્ડની અંદર ૭ હજાર કરતા વધુ લોકોને રોજગારી મળે છે અને કોઇ પણ કંપની હોય એ પોતાની પ્રોડક્ટ બનાવવાની હોય, એટલે મોટી આશા સાથે એની પ્રોડક્ટ બનાવવાની હોય ત્યારે એને ખબર હોય છે કે માર્કેટમાં (અંતરાય) હું એજ કહું છું કે, કોઇ પણ કંપની એ પોતાનું મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ બનાવે તો એ એના ફ્યુચરના દસ વર્ષનું, વીસ વર્ષનું પ્લાનિંગ કરીને કરે અને એટલા માટે નેનો કંપની જ્યારે બનાવી ત્યારે વાર્ષિક ૨.૫૦ લાખ જેટલી કારનું મેન્યુફેક્ચર થઇ શકે એટલી કેપેસિટીનો પ્લાન્ટ બનાવવામાં આવ્યો હતો અને અત્યાર સુધીમાં લગભગ રૂ. ૨.૬૦ લાખ કરતા વધુ નેનો કાર મેન્યુફેક્ચર થઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જે રીતે કહ્યું અઢી લાખ કરતા પણ ઓછી કારો નેનો કાર ઉત્પાદન છે .આપણે પ્રશ્ન નેનોનો છે, તમે ટાટામાં ના ઘૂસો. માનનીય અધ્યક્ષશ્રી, બહુ કિલયર લખેલું છે કે, પહેલાં ફેઝમાં (અંતરાય) અરે, સરકારે જવાબ આપ્યો છે. મારો જવાબ નથી, સરકારનો જવાબ છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઇ શરત છે નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ કહુ છું કે માનનીય મંત્રીશ્રી ગૃહને ખોટી માહિતી આપી રહ્યા છે સરકારે આપેલો જવાબ જ કહું છું. (અંતરાય )

અધ્યક્ષશ્રી : એક મિનિટ બધા બેસો. હું વાત કરું, પ્લીઝ બેસો. નેનો કારની જે ચર્ચા અહીંયા થઇ, કાર હોય કે કોઇ પણ પ્રોડક્ટસ હોય મંત્રીશ્રીએ બહુ કિલયર કહ્યું છે કે ડિમાન્ડ પ્રમાણે થાય. નેનોની ડિમાન્ડ ઓછી હોય તો ઓછું થાય. એમાં કયાં બીજો વિષય ઉભો થાય છે. (અંતરાય) બેસો,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એટલો થાય છે કે, સરકારે ટાટા નેનો સાથે કરાર કર્યા છે (અંતરાય) હા, ટાટા મોટર્સ રાખો ભાઇ, ટાટા મોટર્સમાં જે પણ કાર બને પહેલાં તો નેનો લાવ્યા પછી તેમણે જે કારો ગણાવી તે લાવ્યા, પણ મારો સવાલ એટલો છે અને સરકાર જવાબ આપે છે અમે નથી આપતા. પ્રશ્ન નંબર-૮૮માં બહુ કિલયર લખેલું છે કે, પહેલાં ફેઝમાં અઢી લાખ કરવાની, બીજા ફેઝમાં સાડા ત્રણ લાખ અને પછી પાંચ લાખ અને આ સરકાર માતૃભાષાની વાત કરે છે તેનો દિવસ ઉજવે છે અને વિધાનસભામાં જવાબ અંગ્રેજીમાં આપેલો છે કઇ રીતે અંગ્રેજીમાં આપી શકે ?

**પોઇન્ટ ઓફ કલેરીફિકેશન**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(** વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તમે અઢી લાખ નેનો કારના ઉત્પાદનની વાત કરી છે પરંતુ શરત એ છે કે, એટલી કેપેસિટીનો પ્લાન્ટ બનાવવા માટેની શરત છે નેનો કારની સંખ્યા નહીં ? આ જવાબમાં તમે વાંચો TML will set up a plant with the capacity to manufacture approximately અને એ કેપેસિટી સાડા ત્રણ લાખ વધારવામાં આવશે એ કેપેસિટી તેમની છે એટલે સરકારનો જવાબ ખોટો છે તેમ ના કહેશો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીનો જે જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો નેનો ચાલુ થઇ, નેનો બંધ થઇ ત્યાં સુધીમાં આપણે અઢી લાખની થઇ ? ત્યાં સુધીમાં પણ નથી થઇ (અંતરાય) અરે, કેપેસિટીની વાત કરું છું તો કેપેસિટી એ વખતે અઢી લાખ કરી પછી બીજા ફેઝમાં સાડા ત્રણ લાખ કરી અત્યારે ઓલરેડી આવી જ ગઇ છે એટલે છ લાખ કાર થાય.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હમણા પાંચ રાજયોના ઇલેકશન પૂરા થયા અને પાંચે પાંચ રાજયોમાં તેમને જીતવું હતું. માત્ર બે સીટોમાં રહી ગયા. વર્ષ ૨૦૧૭માં પણ તેમને સો સીટો જીતવી હતી પણ ૪૦ જ જીત્યા છે. એટલે કોઇ પણ કંપની પ્લાન્ટ નાંખે તો હંમેશા એ ફયુચરના પ્લાનિંગ સાથે પ્લાન્ટ નાંખતી હોય છે અને એવા કોઇ કારણ નથી. અઢી લાખ કેપેસિટીની ક્ષમતાવાળો પ્લાન્ટ નાંખ્યો છે અઢી લાખ નેનો મેન્યુફેક્ચર કરીશું, એવુ નહીં પણ આવનારા દિવસોમાં કોઇ પણ પ્રકારની કાર બનશે તો એ અઢી લાખની કેપેસિટીવાળો અને અત્યારે માનનીય સભ્યશ્રી કહે છે કે નેનો માટે કરાર કર્યા, એગ્રીમેન્ટ કર્યા, સહાય આપી ગુજરાતના યુવાનોને નોકરીની તક આપવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે એગ્રીમેન્ટ કર્યા છે, સગવડો આપી છે અને સાથે સાથે કંપનીએ નેનોનું મેન્યુફેકચરિંગ બંધ કર્યુ અથવા ઓછું કર્યુ છે સાથે સાથે જે નવી કાર બનાવે છે તેના માટે કોઇ સહાય નથી આપતી તે ટાટાએ પોતે ઉપાડી લીધી છે.

**રાજ્યમાં રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીને વૃત્તિકા આપવાની યોજના**

* ૪૨૭૩૪ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |

ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રકક્ષાએ ભાગ લેતા ખેલાડીઓને વૃત્તિકા આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વૃત્તિકા સહાયની રકમ કેટલી છે, અને | (૨) વાર્ષિક રૂ. ૨,૦૦૦/- |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વૃત્તિકા માટે કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવેલ હતી અને આ પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) |

| વર્ષ | નાણાકીય વર્ષ | બજેટ જોગવાઈ |
|---|---|---|
| ૨૦૨૦ | ૨૦૧૯-૨૦ | રૂ. ૫ લાખ |
| | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૫ લાખ |
| ૨૦૨૧ | ૨૦૨૦-૨૧ | રૂ. ૧૫ લાખ |
| | ૨૦૨૧-૨૨ | રૂ. ૬ લાખ |

જે પૈકી બે વર્ષમાં કુલ રૂ. ૧,૯૦,૦૦૦/- નો ખર્ચ કરવામાં

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ડાંગની ગરીબ આદિવાસી દીકરી સરીતા ગાયકવાડ અને ગરીબ આદિવાસી દીકરો મુરલી ગાવિતને આંતરરાષ્ટ્રીય લેવલે દેશને ગૌરવ અપાવવાની તક જે ખેલ મહાકુંભ થકી થઇ તે બદલ આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને રમત ગમત વિભાગને ખૂબ ખૂબ ડાંગની જનતા વતી અભિનંદન પાઠવું છું. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરે તાલીમ અને સ્પર્ધામાં ભાગ લેવા જાય ત્યારે કોઈ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા રમતગમતના વિકાસ માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૧-૦૨માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતનું બજેટ અંદાજિત અઢી કરોડ રૂપિયાનું હતું. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનવા માગું છું કે રાજ્યના યુવાનોનું રમત પ્રત્યે અને રમતમાં તેની ભવિષ્ય બનાવી શકે તે માટે આ વર્ષે રૂ. ૨૬૪ કરોડનું બજેટ આપવામાં આવ્યું છે. આ આંકડો જ દર્શાવે છે કે રાજ્ય સરકાર ખેલાડીઓ પ્રત્યે કેટલી કાળજી લઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા શક્તિદૂત યોજના થકી વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ સાડા ત્રણ કરોડ રૂપિયા હતું આમ, ગુજરાત રાજ્યના ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તાલીમ અને સ્પર્ધામાં ભાગ લેવા માટે બજેટ જોગવાઈ રૂ. સાડા ત્રણ કરોડ કરવામાં આવી તે બજેટ જોગવાઈ વર્ષ ૨૦૦૧-૦૨ના કુલ બજેટ કરતાં પણ વધારે છે. જેથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે રાજ્ય સરકાર ખેલાડીઓ પ્રત્યે કેટલી ચિંતિત છે. ગુજરાત રાજ્યના રમતગમત ક્ષેત્રમાં પ્રતિભાશાળી ખેલાડીઓ કે જેમણે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી છે, રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તેના માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬થી શક્તિદૂત યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં પ્રત્યેક વર્ષે રૂ. ૨૫ લાખ સુધીની મહત્તમ મર્યાદમાં ખેલાડીઓને સહાય ચૂકવવામાં આવે છે. ગુજરાત રાજ્યના રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનીને ગોલ્ડ, સિલ્વર કે બ્રોન્ઝ મેડલ મેળવીને રાજ્યનું નામ ઉજ્વળ કરે તેવા ખેલાડીઓ વધુને વધુ સારું પરિણામ મેળવી આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે શક્તિદૂત યોજના થકી ખેલાડીઓમાં રહેલી ક્ષમતાને ધ્યાનમાં લઈને તેમને જરૂરિયાત મુજબ સહાય અંતર્ગત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તજજ્ઞોની તાલીમ, આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા માટેની જરૂરી સહાય, પૌષ્ટિક આહાર, રમતગમતની અદ્યતન સુવિધાઓ, આધુનિક સાધનો, સ્પોર્ટ્સ કીટ, મેડિક્લેમ સહાય જેવા લાભ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખેલાડીઓના પરફોર્મન્સ અંગેની સરકાર કાળજી લઈ રહી છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રમતગમત ક્ષેત્રે આગળ વધવા માગતા ખેલાડીઓ માટે તાલુકા કક્ષાએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનાવવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે ખેલ મહાકુંભમાં ઘણા બધા યુવાનોને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાના બાકી રહી ગયા છે તે લોકોને નવી તક આપવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ધારાસભ્યશ્રી ગુલાબસિંહે ગૃહ ચાલુ થયું તે પહેલા પણ મારી સાથે આ વિષય પર ચર્ચા કરી છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં ખેલાડીઓ માટે ખેલ મહાકુંભ એટલે દિવાળી જેવો ઉત્સવ છે. ખેલાડીઓની સ્કિલ માટેનું સૌથી મહત્ત્વનું પ્લેટફોર્મ એટલે ખેલ મહાકુંભ છે. ગયા મહિનાની ૧૮મી તારીખથી આ રજિસ્ટ્રેશન ચાલુ કરવામાં આવેલું હતું. ગુજરાતમાં ૫૫ લાખ ૨૦ હજારથી વધારે લોકોએ ખેલ મહાકુંભમાં ભાગ લીધો છે પરંતુ બની શકે છે કે અનેક લોકો આટલા દિવસ મળ્યા હોવા છતાં પણ ચૂકી ગયા હોય તો તેના માટે અમે હકારાત્મક વિચાર કરીને

નિર્ણય લઈશું. કઇ રીતે વધારેમાં વધારે યુવકો ભાગ લઈ શકે તેના માટે પ્રયત્નશીલ રહીશું. માનનીય સભ્યશ્રીએ જે તાલુકાવાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની વાત કરી, તેમાં રાજ્યમાં નવી સ્પોર્ટ્સ પોલિસી લાવવામાં આવી છે. આ પોલિસી થકી ગુજરાતના ખૂણેખૂણે વધુ નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ કઈ રીતે બને તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૨માં આખા ગુજરાતમાં કુલ મળીને તૂટેલા ફૂટેલા માત્ર ૩ સ્પોર્ટ્સ સેન્ટર હતાં. હાલના સમયે ગુજરાતી અંદર ૨૩થી વધારે સ્પોર્ટસ કોમ્પલેક્ષો છે. જેમાં બે હાઇ પર્ફોર્મન્સ સેન્ટર છે અને ૪૩થી વધારે ડી.એલ.એસ.એસ., સ્કૂલ છે. જેમાં કૂલ ડે ભણતરની સાથે સાથે સ્પોર્ટસની તાલીમ આપવામાં આવે છે. તેમ છતાં કોઇપણ તાલુકાની અંદર આ પ્રકારની જરૂરિયાત હશે, તો આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળવાળી આ સરકાર અમે આ બાબતે પોઝિટીવલી વિચારીશું.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં રમતગમત ક્ષેત્રે એવું કયું આયોજન કરવામાં આવે છે કે જેનાથી યોગ્ય અને પ્રતિભાવંતી રમતવીરોનું આપણે ચયન કરી શકીએ છીએ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત રાજ્યની સ્થાપના દિનની સૂવર્ણજયંતિના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની નવતર પહેલ કરેલી હતી. માનનીય વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ પહેલ કરેલી હતી. જેની પાછળનો આશય માત્ર અને માત્ર ખેલકુદને પ્રોત્સાહન આપી રાજ્યમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ કેળવવાનો અને અંતરિયાળ વિસ્તારોમાં છૂપાયેલી પડેલી અનેક ખેલકુદ ક્ષેત્રની પ્રતિભાને પ્રકાશમાં લાવવાનો રહ્યો છે. ખેલકુદ સ્પર્ધાનો આશય વિરાટ આયોજન થકી ૮ વર્ષથી શરુ કરી સિનિયર સિટિઝન કક્ષાએ સ્પર્ધકોને તેમાં સહભાગી બનાવવાનો હોય છે. આ વખતે કોવિડના કારણે સિનિયર સિટિઝનને ખેલ મહાકુંભનો ભાગ બનાવેલ નહીં. પરંતુ જે પ્રકારે સિનિયર સિટિઝનમાં પણ ખેલ મહાકુંભ માટે ઉત્સાહ હતો, અનેક લોકોના પત્રો અને અનેક લોકોના ફોન આવ્યા હતા. કોરોના જે રીતે ઘટ્યો અને કોરોનાની સંખ્યા ઘટી, રાજ્ય સરકારે પોઝિટીવલી નિર્ણય લઇને આ વખતે ફરી એક વાર સિનિયર સિટિઝનનો સમાવેશ કર્યો છે. સિનિયર સિટીઝનોએ પણ હજારોની સંખ્યામાં ખેલ મહાકુંભમાં ભાગ લીધો છે. આ સિનિયર સિટિઝન કક્ષાના સ્પર્ધકોને તેમાં સહભાગી બનાવવાનો ઉમદા આશય રહ્યો છે. રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ખેલકુદ ઉત્સવને છેક છેવાડે રહેલા સામાન્ય જન સુધી લઇ જવાના કારણે ખેલ મહાકુંભને રાજ્યના એક અને અજોડ રમોત્સવની નામના મળી છે. ખેલ મહાકુંભ જેવી સમગ્ર રાજ્યના ગ્રામીણ સ્તર સુધી આવરી લેતી સ્પર્ધાઓની શરુઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રીએ કરી છે. તેનો મુખ્ય આશય બાળકોમાં ખેલકુદ અને રમતના મેદાનોમાં માટી સાથેના રિસ્તાને કાયમ કરવા માટે આ ખેલમહાકુંભ જેવી યોજના અમલમાં મૂકી છે. આપણે જોઇએ તો, ખેલ મહાકુંભ વર્ષ ૨૦૧૦માં કુલ ૧૬ રમતમાં ૧૩ લાખ લોકોએ પાર્ટીશિપેન્ટ કરેલું હતું અને વર્ષ ૨૦૨૨માં મેં જણાવ્યું એ રીતે ૫૫ લાખથી વધારે લોકોએ આમાં પાર્ટીશિપેન્ટ કર્યુ છે. આ વખતે ખેલ મહાકુંભની શરૂઆત આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી હતી. ગુજરાત સરકાર દ્વારા ખેલને જે રીતે પ્રાધાન્ય આપ્યું છે અને એનું જે લોન્ચિંગ સેરેમની હતું તે જેમ ઓલમ્પિકનું લોન્ચિંગ સેરેમની થાય એ પ્રકારે યુવાઓ અને સ્પોર્ટસમેન માટે વ્યવસ્થા કરવામાં આવેલી હતી. હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરૂ છું કે, ખેલ મહાકુંભ દરેક ગામોમાં ચાલી રહ્યો છે. તમામ લોકો, આપશ્રી પણ આ ખેલ મહાકુંભમાં પોતાના ગામની અંદર સહભાગી થઇને ખેલાડીઓને પ્રોત્સાહન પૂરુ પાડો, તેવી આપ સૌને વિનંતી છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખેલ મહાકુંભ અને એનાથી ગામડાઓમાં જે શકિત પડી છે એ બહાર આવે. પરંતુ ખાટલે મોટી ખોટ છે. પ્રાથમિક શાળાઓમાં જે વ્યાયામ શિક્ષકો સી.પી.એડ, ડી.પી.એડ., હોય એ આપણી પાસે નથી. રાજપીપળાની અંબુ પુરાણી કોલેજ જે આખા દેશમાં ખ્યાતનામ હતી, એ બધી બંધ થઇ ગઇ. શિક્ષકો ભરતા નથી. તો મૂળ પાયામાં જ પ્રાથમિક શાળામાં આપણી પાસે શિક્ષકો નથી, રમતગમતના ગ્રાઉન્ડ નથી, તો આપણે કેવી રીતે ખેલ મહાકુંભ આગળ ચલાવીએ છીએ એમાં પ્રકાશ પાડો?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જેમ મેં પહેલા જવાબમાં કહ્યું તેમ હું શ્રી આનંદભાઇને જણાવવા માગું છું કે, શ્રી આનંદભાઇ મારા સાથી મિત્ર છે. વર્ષ ૨૦૦૨ની અંદર આ જ સ્પોર્ટસનું બજેટ રકમ રૂપિયા ૨.૫ કરોડ હતું. આ રૂપિયા ૨.૫ કરોડ તો તમે આદિવાસી વિસ્તારમાંથી આવો છો, સરિતાબેન ગાયકવાડના ઘરે જજો અને એમને પૂછજો કે સરકાર કંઇ રીતે આદિવાસી દીકરા અને દીકરીઓને ખેલ અને સ્પોર્ટસની અંદર મદદ કરી રહી છે. શ્રી શૈલેષભાઇ, આખી વાત સાંભળી લો. સરિતાબેનમાં, શ્રી આનંદભાઇનો રોલ હશે. તમે છોડો પણ આખો જવાબ તો સાંભળી લો. સરિતાબેન ગાયકવાડ હોય કે અનેક આદિવાસી દીકરીઓ હોય.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ભાવનગર જિલ્લામાં અલંગ ખાતે કામ કરતા કારીગરોને તાલીમ**

૪૨૭૨૭ **શ્રી જે.વી.કાકડિયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં અલંગ ખાતે કામ કરતા કામદારોને તાલીમ માટે સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની વિગતો શી છે ? | (૨) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં અલંગ ખાતે કુલ ૯૬૦૫ જેટલા કામદારોને સલામતીની તાલીમ આપવામાં આવેલ છે. |

\- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

૪૨૭૪૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૭) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) ૧૦૩ |
| (૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, | (૨) ૫૬ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાંથી કેટલી અરજીઓ આવી, અને | (૩) ૨૧૬૮૬૪ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) ૨૧૬૮૬૪ |

\- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં બીયુ પરવાનગી વગર વપરાશ**

૪૩૬૭૫ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ નગરપાલિકાઓમાં બીયુ પરમીશન લીધા વગર વાણિજ્યક કોમ્પ્લેક્ષો વપરાશમાં લેવામાં આવી રહ્યા છે તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લાની કઈ નગરપાલિકા વિસ્તારમાં બીયુ પરમીશન વગરના કેટલા વાણિજ્યક કોમ્પ્લેક્ષો આવેલા છે, | (૨) (see table below) |

| નગરપાલિકાનું નામ | બીયુ પરમીશન વગરના વાણિજ્યક કોમ્પ્લેક્ષો |
| --- | --- |
| સુરેન્દ્રનગર-દુધરેજ-વઢવાણ | ૧૦ |
| ધ્રાંગધ્રા | ૧૬ |
| લીંબડી | ૪ |
| થાનગઢ | ૭ |
| ચોટીલા | ૮ |
| પાટડી | ૧ |

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૩) સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ નગરપાલિકાઓમાં બીયુ પરમીશન લીધા વગર વાણિજ્યક કોમ્પ્લેક્ષોનો વપરાશ થઇ રહ્યો હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૩) ૭ (સાત) |
| (૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) મળેલ ફરિયાદ અન્વયે સંબંધિતોને નોટિસ પાઠવવામાં આવેલ છે. |

**મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોની વસૂલવાની બાકી રકમ**

૪૩૭૪૮ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે થયેલ કાર્યક્રમોના ભાડા પેટે કેટલી રકમ કઈ એજન્સી પાસેથી વસૂલવાની બાકી છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૨,૪૭,૬૭,૯૧૪/- ની અને બિન સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૬૯,૮૭,૦૫૦/- ની વસૂલાત બાકી છે. |
| (૨) તે પૈકી કઈ એજન્સી પાસેથી કેટલી રકમ ઉક્ત સ્થિતિએ બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને | (૨) સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૨,૨૬,૪૮,૮૧૪/- ની અને બિન સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૬૯,૮૭,૦૫૦/- ની વસૂલાત બે વર્ષ કરતા વધુ સમયથી બાકી છે. |
| (૩) ઉક્ત બાકી રકમ એજન્સીઓ સમયસર ભરપાઈ ન કરતી હોઈ તો તે વસૂલવા કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પત્ર વ્યવહાર ઉપરાંત રૂબરૂ મુલાકાત લઈ વસૂલાત માટે પ્રયત્ન કરેલ છે. |

---------

### અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પૂરું પાડવાનો પ્રોજેક્ટ

૪૩૬૬૦ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૧૯-૦૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૦૭૪ (અગ્રતા-૩૭૪)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરના જોધપુર વોર્ડને તથા સ્ટેડીયમ વોર્ડને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરીને તબક્કાવાર ૨૪ કલાક પાણી પૂરું પાડવાનું હતું તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જોધપુર અને સ્ટેડીયમ વોર્ડમાં કેટલા કલાક પાણી પૂરું પાડવામાં આવે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએમાં ૨૦ કલાક, નોવેક્ષ ડીએમએમાં ૧૪-૩૦ કલાક, ગોકુલ આવાસ અને ઘરવિહોણા ડીએમએમાં ૬-૩૦ કલાક તેમજ સ્ટેડીયમ વોર્ડમાં બે કલાક પાણી પૂરું પાડવામાં આવે છે. |
| (૨) ઉક્ત વોર્ડમાં ૨૪ કલાક પાણી પૂરું પાડવામાં ન આવતું હોય તો તેના કારણો શા છે, અને | (૨) વોટર મીટર આધારિત પાણીના વપરાશના દરની નીતિ અમલમાં ન હોવાને કારણે નિર્ધારિત જથ્થા કરતા વધુ પ્રમાણમાં પાણીનો વપરાશ થતો હોવાથી. |
| (૩) ક્યાં સુધીમાં ઉક્ત વોર્ડમાં ૨૪ કલાક પાણી પૂરું પાડવામાં આવનાર છે ? | (૩) વોટર સપ્લાયના કલાકો દરમ્યાન પૂરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવામાં આવે છે. વોટર મીટર આધારિત પાણીના વપરાશની નીતિ અમલમાં આવ્યા બાદ આ વિસ્તારમાં તબક્કાવાર ૨૪ કલાક પાણી પૂરું પાડી શકાશે. |

---------

### સનાથલ ખાતે જમીનમાં વિકાસ પરવાનગી આપવા સંબંધે થયેલ ગેરરીતિ બાબત

૪૩૬૫૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઔડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે સનાથલ તા. સાણંદ જિ. અમદાવાદના ગોકુલધામ નામે ઓળખાતી જમીનમાં વિકાસ પરવાનગી આપવા બાબતે થયેલ આક્ષેપો સંદર્ભે તપાસ સમિતિ બનાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત તપાસ સમિતિએ કોઈ અહેવાલ સરકારને રજૂ કરવાનો હતો કે કેમ, | (૨) હા. |
| (૩) જો હા, તો ઉક્ત તપાસ સમિતિએ સરકારને ક્યારે અહેવાલ રજૂ કરેલ છે અને તે અન્વયે સરકારે શા પગલા લીધેલા છે, અને | (૩) તપાસ સમિતિએ સરકારને અહેવાલ રજૂ કરવાનો બાકી છે. |
| (૪) ઉક્ત સમિતિએ હજી સુધી અહેવાલ સાદર ન કર્યો હોય તો તેના કારણો શાં છે ? | (૪) તપાસ સમિતિના સભ્ય સચિવશ્રીની બદલી તેમજ કોરોના વૈશ્વિક મહામારીના કારણે અમલમાં આવેલ લોકડાઉન તેમજ ત્યારબાદના સંજોગો અને અધ્યક્ષશ્રીની |

વય નિવૃત્તિ જેવા વહીવટી કારણોસર તપાસ અહેવાલ રજૂ થયેલ નથી.

છેલ્લે આ તપાસ સમિતિની તા.૧૭-૦૧-૨૦૨૨ના ઠરાવથી પુનઃરચના કરી, દિન-૩૦માં તપાસ અહેવાલ રજૂ કરવા ઠરાવેલ છે અને આ બાબતે તપાસ સમિતિના અધ્યક્ષશ્રીને પુનઃ તા.૨૧-૦૨-૨૦૨૨ના પત્રથી સત્વરે તપાસ અહેવાલ રજૂ કરવા જણાવેલ છે.

---------

**રાજ્યમાં યોજવામાં આવેલ યુવા ઉત્સવ**

૪૨૭૨૮ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં યુવા ઉત્સવમાં કેટલા યુવક યુવતીઓએ ભાગ લીધો, | (૧) ૨૬૦૨૩ યુવકો અને ૩૧૮૨૨ યુવતીઓ. |
| (૨) આ યુવા ઉત્સવમાં ભાગ લેવાની વયમર્યાદા શું છે, અને | (૨) ૧૫ થી ૨૯ વર્ષ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રકક્ષાએ કોઇ વિજેતા થયેલ છે કે કેમ ? | (૩) ના, જી. |

---------

**મોરબી જિલ્લામાં નવલખી બંદરે નવી જેટી બનાવાનું આયોજન**

૪૨૭૨૫ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૨-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના નવલખી બંદરે નવી જેટી બાંધવાની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૨) જેટીના બાંધકામ માટે કામગીરી શરૂ કરવા એપ્રોચ બંડનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. તથા બાંધકામ માટે જરૂરી મશીનરી/ઇક્વીપમેન્ટસ મોબીલાઇઝ કરવાની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) આ જેટીના બાંધકામથી બંદર ખાતેની માલસામાન પરિવહન ક્ષમતામાં શું વધારો થશે ? | (૩) હયાત કાર્ગો પરિવહન ક્ષમતામાં વાર્ષિક આઠ (૦૮) મિલિયન મેટ્રિક ટનનો વધારો થશે. |

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં બળાત્કારના કેસો**

૪૨૪૮૭ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં બળાત્કારના કેટલા કેસો નોંધાયા, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર નોંધાયેલ બળાત્કારના કેટલા કેસોની તપાસ ચાલુ છે, અને | (૨) ખેડા – ૫; આણંદ – ૧ |
| (૩) કેટલા કેસોમાં તપાસ બાકી છે ? | (૩) એક પણ નહીં. |

**પત્રક**

| તા.૧૧/૦૨/૨૦ થી તા.૧૦/૦૨/૨૧ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લા/શહેર** | **બળાત્કાર** | **બળાત્કારના કારણો** | **સામૂહિક બળાત્કાર** | **સામૂહિક બળાત્કારના કારણો** |
| ખેડા | ૨૧ | લગ્ન કરવાના ઇરાદે - ૩<br>લોભ લાલચ લલચાવી ફોસલાવી - ૬ | ૦ | ૦ |

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| તા.૧૧/૦૨/૨૦ થી તા.૧૦/૦૨/૨૧ | | | | |
|---|---|---|---|---|
**છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જમીન સંપાદન**

૪૩૭૫૭ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર નર્મદા યોજનાના વિસ્થાપિતો માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી છે,

(૧)

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **સંપાદન કરેલ જમીન (હે.આરે.ચો.મી.)** |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૨૦૭૬.૭૯.૭૩ |
| | | નસવાડી | ૧૪૨૬.૯૭.૧૮ |
| | | ક્વાંટ | ૭૬.૬૪.૮૨ |
| | | સંખેડા | ૪૪૮૮.૦૭.૭૨ |
| | | **કુલ** | **૮૦૬૮.૪૯.૪૫** |

| | | | |
|---|---|---|---|
| ૨ | વડોદરા | કરજણ | ૩૮૭.૧૭.૫૩ |
| | | વાઘોડીયા | ૪૩૬૯.૦૭.૬૮ |
| | | સાવલી | ૧૩૭૩.૦૭.૨૪ |
| | | ડભોઇ | ૩૬૦૨.૬૪.૮૮ |
| | | ડેસર | ૫૩૪.૫૬.૧૨ |
| | | શિનોર | ૨૨૮.૦૦.૨૫ |
| | | **કુલ** | **૧૦૪૯૪.૫૩.૭૦** |
| | | **કુલ** | **૧૮૫૬૩.૦૩.૧૫** |

(૨) તે પૈકી કેટલી જમીન વિસ્થાપિતો માટે ઉપયોગમાં લેવાઇ અને કેટલી જમીન ખુલ્લી રહી છે, અને

(૨)

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ફાળવેલ/ ઉપયોગમાં લીધેલ (હે.આરે.ચો.મી.) | ફાજલ જમીન (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | બોડેલી | ૧૮૭૫.૩૮.૮૬ | ૨૦૧.૪૦.૮૭ |
| | | નસવાડી | ૧૩૭૫.૮૮.૪૩ | ૫૧.૦૮.૭૫ |
| | | ક્વાંટ | ૭૩.૩૨.૭૨ | ૦૩.૩૨.૧૦ |
| | | સંખેડા | ૪૧૨૫.૩૦.૦૦ | ૩૬૨.૭૭.૭૨ |
| | | **કુલ** | **૭૪૪૯.૯૦.૦૧** | **૬૧૮.૫૯.૪૪** |
| ૨ | વડોદરા | કરજણ | ૩૪૪.૧૨.૨૦ | ૪૩.૦૫.૩૩ |
| | | વાઘોડીયા | ૩૬૩૬.૪૩.૪૦ | ૭૩૨.૬૪.૨૮ |
| | | સાવલી | ૧૧૩૩.૬૯.૦૬ | ૨૩૯.૩૮.૧૮ |
| | | ડભોઇ | ૩૧૯૬.૧૬.૮૧ | ૪૦૬.૪૮.૦૭ |
| | | ડેસર | ૪૯૧.૯૭.૨૭ | ૪૨.૫૮.૮૫ |
| | | શિનોર | ૨૨૩.૬૭.૫૧ | ૦૪.૩૨.૭૪ |
| | | **કુલ** | **૯૦૨૬.૦૬.૨૫** | **૧૪૬૮.૪૭.૪૫** |

(૩) આ ખુલ્લી જમીનો મૂળ માલિકોને પરત આપવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

(૩) ગુજરાત સરકાર દ્વારા નર્મદા યોજનાથી પ્રભાવિત અસરગ્રસ્તોના પુનઃવસન અને પુનઃસ્થાપનના જાહેર હેતુ માટે સંમતિ એવોર્ડથી સદરહું જમીનો સંપાદન કરવામાં આવેલ છે. વધુમાં આ જમીનો નામદાર સુપ્રિમ કોર્ટમાં નર્મદા યોજનાના અસરગ્રસ્તોના પુનઃવસન માટે અનામત રાખેલ જમીનોના ગુજરાત સરકારશ્રી તરફથી નામદાર સુપ્રિમ કોર્ટમાં રજૂ કરવામાં આવેલ અન્ડરટેકીંગ/બાંહેધરીમાં સમાવેશ થયેલ છે. જેથી સદરહું જમીનને મૂળ માલિકોને પરત કરવાની રહેતી નથી.

- - - - - - - - -

**મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોની વસૂલવાની બાકી રકમ**

૪૩૭૭૩ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમોની કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી રકમ પૈકી કેટલી રકમ સરકાર પાસેથી અને કેટલી રકમ ખાનગી એજન્સીઓ પાસેથી વસૂલવાની બાકી છે,

**જવાબ**

(૧)

| વર્ષ | વસૂલ કરવાની બાકી રકમ |
|---|---|
| ૨૦૨૦ | ૦.૦૦ |
| ૨૦૨૧ | રૂ. ૫૦,૦૦૦/- |

(૨)

| વર્ષ | સરકાર પાસેથી બાકી રકમ | ખાનગી એજન્સીઓ પાસેથી બાકી રકમ |
|---|---|---|
| ૨૦૨૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦૨૧ | ૦.૦૦ | રૂ. ૫૦,૦૦૦ |
| **કુલ** | **૦.૦૦** | **રૂ. ૫૦,૦૦૦** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરકારી અને ખાનગી કાર્યક્રમો થયા,

(૩)

| વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૧૦ | ૦૫ | ૧૫ |
| ૨૦૨૧ | ૧૩ | ૦૨ | ૧૫ |
| **કુલ** | **૨૩** | **૦૭** | **૩૦** |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યક્રમો અન્વયે કુલ કેટલી રકમ ભાડા પેટે વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કુલ રૂ.૨૦,૬૯,૧૦૦/- રકમ વસૂલવામાં આવેલ છે, અને હિન્દુસ્તાન એરોનેટીક્સ લિમિટેડ દ્વારા તા.૧૬-૧૨-૨૦૨૧ના રોજ થયેલ પ્રોગ્રામના રૂ.૫૦,૦૦૦/- વસૂલવાના બાકી છે.

(૫) ઉક્ત સ્થિતિએ એજન્સીઓ ઉક્ત રકમો ચૂકવતી ન હોઈ તો જવાબદારો સામે શા પગલાં લીધા ?

(૫) તા.૧૬-૧૨-૨૦૨૧ના રોજ ભારત સરકારશ્રીની જાહેર ક્ષેત્રની કંપની હિન્દુસ્તાન એરોનેટીક્સ લિમિટેડ દ્વારા યોજાયેલ કાર્યક્રમ માટેની રકમ રૂ.૫૦,૦૦૦/- વસૂલવાના થાય છે. જેની ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન વસૂલાત થનાર હોઇ, કોઇ પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જૂનાગઢ મહાનગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ**

૪૩૬૯૮ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ મહાનગરપાલિકાને કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ મહાનગરપાલિકાને નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| સમયગાળો | રકમ રૂ. કરોડમાં |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૭૮૯૪.૮૪ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૧૪૭૧૮.૦૩ |
| **કુલ** | **૨૨૬૧૨.૮૭** |

(૨) ઉક્ત ફાળવેલ ગ્રાન્ટમાંથી કેટલો હિસ્સો કેન્દ્રનો અને રાજ્ય સરકારનો છે ?

(૨) ઉક્ત ફાળવેલ ગ્રાન્ટમાંથી કેન્દ્રનો અને રાજ્ય સરકારનો હિસ્સો નીચે મુજબ છે.

| કેન્દ્ર સરકારની ગ્રાન્ટ | રાજ્ય સરકારની ગ્રાન્ટ | કુલ રૂ. કરોડમાં |
|---|---|---|
| ૬૧૮૯.૪૯ | ૧૬૪૨૩.૩૮ | ૨૨૬૧૨.૮૭ |

- - - - - - - - -

**રતનપુર ચેકપોસ્ટ પરથી ગૌવંશ ભરેલી ટ્રક પકડવા બાબત**

૪૩૬૫૨ **શ્રી જસુભાઇ પટેલ** (બાયડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧ (બીજી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૩૦૬ (અગ્રતા-૧૯૯)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અરવલ્લી જિલ્લાની રતનપુર ચેકપોસ્ટ પરથી ગૌવંશ ભરેલા પકડાયેલ ટ્રક પૈકી કુલ-૪ ઇસમોને પકડવાના બાકી હતા તે પેકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઇસમોને પકડવામાં આવ્યા,

(૧) શૂન્ય.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઇસમોને પકડવાના બાકી છે, અને

(૨) ૪ (ચાર).

(૩) બાકી ઇસમોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) આરોપીઓ વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબ વોરન્ટ મેળવવામાં આવેલ છે.

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ગુનાહિત કૃત્યોમાં સંડોવાયેલા આરોપીઓ**

ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

૪૩૨૫૨ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લા પોલીસ સ્ટેશનવાર દારૂ, ખુન, મારામારીમાં સંડોવાયેલા કેટલા આરોપીઓને પાસા હેઠળની કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) પત્રક મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ એક કરતા વધુ વખત ગુના નોંધાયેલ હોય તેવા કેટલા આરોપીઓ સામે પાસા હેઠળ કાર્યવાહી થયેલ છે ? | (૨) ૪૨ |

**પત્રક**

| જિલ્લાનું નામ | પોલીસ સ્ટેશનનું નામ | પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| ગાંધીનગર | સેક્ટર-૨૧ | ૪ |
| | સેક્ટર-૭ | ૦ |
| | ઇન્ફોસિટી | ૩ |
| | પેથાપુર | ૦ |
| | ચિલોડા | ૦ |
| | ડભોડા | ૨ |
| | દહેગામ | ૩ |
| | રખિયાલ | ૨ |
| | કલોલ તાલુકા | ૪ |
| | કલોલ શહેર | ૧ |
| | અડાલજ | ૩ |
| | સાંતેજ | ૩ |
| | માણસા | ૬ |
| મહેસાણા | મહેસાણા 'એ' ડીવીઝન | ૨ |
| | મહેસાણા 'બી' ડીવીઝન | ૫ |
| | મહેસાણા તાલુકા | ૬ |
| | સાંથલ | ૭ |
| | લાંઘણજ | ૩ |
| | બહુચરાજી | ૨ |
| | મોઢેરા | ૦ |
| | કડી | ૪ |
| | નંદાસણ | ૫ |
| | બાવલુ | ૦ |
| | વિસનગર સિટી | ૧૦ |
| | વિસનગર તાલુકા | ૬ |
| | વિજાપુર | ૭ |
| | લાડોલ | ૦ |
| | વસાઇ | ૨ |
| | ઉંઝા | ૦ |
| | ઉનાવા | ૩ |
| | ખેરાલુ | ૦ |
| | વડનગર | ૦ |
| | સતલાસણા | ૦ |

---------

**ડીપ-સી એફલુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટની વહીવટી મંજૂરી**

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૩૭૨૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ડીપ-સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટની સૈદ્ધાંતિક, વહીવટી અને તાંત્રિક મંજૂરી ક્યારે કેટલી રકમની આપવામાં આવેલ, | (૧) વિભાગના તા.૨૬-૧૧-૨૦૧૯ના ઠરાવથી રૂ.૨૨૭૫.૦૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે જેતપુર ઔદ્યોગિક એસોસીએશનના ઉદ્યોગકારોનો અને રાજ્ય સરકારનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, | (૨) ઉદ્યોગકારોનો ૨૦% ફાળો અને રાજ્ય સરકારનો ૮૦% ફાળો નક્કી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત એસોસીએશનમાંથી એફ્લુઅન્ટનો કેટલો જથ્થો અંદાજવામાં આવેલ છે, અને | (૩) ૮૦ એમ.એલ.ડી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઔદ્યોગિક એસોસીએશને કેટલી રકમ સરકારમાં ક્યારે જમા કરાવી ? | (૪) રૂ.૭.૦૦ કરોડની રકમ તા.૦૯-૦૭-૨૦૧૯ના રોજ જમા કરાવેલ છે. |

\- - - - - - - - -

**રાજ્યમાં શીપ બિલ્ડિંગ યાર્ડ વિકસાવવાની કામગીરી**

૪૩૬૩૧ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૭-૦૨-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૦૫ (અગ્રતા-૩૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગુજરાત ઈન્ટીગ્રેટેડ મેરીટાઇમ કોમ્પલેક્ષ પ્રા.લિ. દ્વારા શીપ બિલ્ડિંગ યાર્ડ વિકસાવવા માટે પર્યાવરણ/ સીઆરઝેડની મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં હતી તે મંજૂરી તા. ૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ ક્યારે મળેલ છે, | (૧) પર્યાવરણ/ સીઆરઝેડની મંજૂરી ગુજરાત મેરીટાઇમ બોર્ડને રજૂ કરવાની રહેતી હતી, જે બોર્ડને રજૂ કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે વિકાસકાર દ્વારા ત્રણ વર્ષમાં બાંધકામ પૂર્ણ કરવાનું રહે છે તો તે ઉક્ત સ્થિતિએ બાંધકામ ક્યા તબક્કે છે, અને | (૨) ગુજરાત ઈન્ટીગ્રેટેડ મેરીટાઇમ કોમ્પલેક્ષ પ્રા.લિ. ને નાના લાયજા ખાતે શીપ બિલ્ડિંગ યાર્ડ વિકસાવવા માટે પાઠવવામાં આવેલ ઇરાદાપત્રની શરત મુજબ કંપની દ્વારા પર્યાવરણ/સીઆરઝેડ અંગેની મંજૂરી સમય મર્યાદામાં રજૂ ન કરી શકવાના તથા કંપની અને પ્રોજેક્ટની સ્થિતિને લક્ષમાં રાખીને કંપનીને પાઠવવામાં આવેલ ઇરાદાપત્ર રદ કરવામાં આવેલ છે. |
| (૩) સમય-મર્યાદામાં બાંધકામ પૂર્ણ ન થયેલ હોઇ તો વિકાસકાર સામે ઉક્ત સ્થિતિએ ક્યારે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં આવેલ સબ જેલ**

૪૩૭૦૦ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલી સબ જેલ આવેલ છે, | (૧) ૦૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સબ જેલ કાર્યરત અને કેટલી બંધ હાલતમાં છે, | (૨) કાર્યરત-૦૧<br>બંધ-૦૧ |
| (૩) સબ જેલ બંધ હોય તો તેના કારણો શાં છે, અને | (૩) મકાન જૂનું હોઇ તેમજ કેદીઓની સંખ્યા નહિંવત હોવાથી. |
| (૪) તે ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ? | (૪) હાલ કોઇ વિચારણા નથી. |

\- - - - - - - - -

**આણંદ અને નવસારી જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત**

૪૩૭૩૧ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઇ-મેમો ઇસ્યૂ કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | આણંદ | નવસારી |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૦,૭૮૮ | ૧૬,૦૫૯ |
| ૨૦૨૧ | ૧૬,૩૬૯ | ૨૧,૧૩૦ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | આણંદ | નવસારી |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૭,૧૦,૬૦૦ | ૫૯,૨૮,૯૦૦ |
| ૨૦૨૧ | ૧૪,૦૫,૩૦૦ | ૬૭,૪૯,૯૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | આણંદ | નવસારી |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૭,૦૭,૪૦૦ | ૧૧,૮૧,૮૦૦ |
| ૨૦૨૧ | ૨૬,૦૫,૫૦૦ | ૪૧,૯૦,૫૦૦ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪)

૧) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે,
૨) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે,
૩) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે,
૪) પ્રિન્ટ-મીડિયા અને સોશિયલ મીડિયા મારફત અપીલ કરવામાં આવે છે,
૫) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે,
૬) બાકી રકમ અંગે નિયમિત રીવ્યૂ કરવામાં આવે છે,
૭) રીવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલા લેવાય છે.

---------

**વઢવાણ ખાતે જી.આઇ.ડી.સી. પ્લોટ**

૪૩૬૭૭ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતે આવેલ જીઆઇડીસીમાં કેટલા પ્લોટ અને કેટલા શેડ આવેલા છે, | (૧) પ્લોટ-૯૯૮<br>શેડ-૨૨૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઔદ્યોગિક હેતુ માટે ફાળવાયેલા કેટલા પ્લોટ અને શેડમાં વાણિજ્ય હેતુ માટે ઉપયોગ થઇ રહ્યો છે, | (૨) પ્લોટ-૦૫<br>શેડ-૦૦ |
| (૩) પરવાનગી વગર અનધિકૃત હેતુ માટે વપરાતા કેટલા પ્લોટ અને શેડ ધારકો સામે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી, અને | (૩)<br>➢ ૨૩ પ્લોટધારકોને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવેલ છે.<br>➢ ૨૦ પ્લોટધારકોના કરારખત રદ કરવામાં આવેલ છે.<br>➢ ૦૮ પ્લોટધારકોને જી.પી.પી. એક્ટની કલમ-૪ (૧) હેઠળ નોટિસ પાઠવવામાં આવેલ છે. |
| (૪) ઉક્ત અનધિકૃત હેતુ માટે વપરાતા પ્લોટ અને શેડધારકો સામે ક્યાં સુધીમાં કાર્યવાહી કરી ખાલી | (૪) અંદાજિત ૨-માસમાં. |

કરાવવામાં આવશે ?

- - - - - - - - -

**વિરમગામ અને માંડલ ખાતે સબ જેલ બનાવવા**

૪૩૬૬૨ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ અને માંડલ ખાતે સબ જેલ બનાવવાની માંગણી સરકારને ક્યારે મળી, અને | (૧) વિરમગામ અને માંડલ ખાતે સબ જેલ બનાવવાની માંગણી મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ માંગણી અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં કાર્યરત લીઝો**

૪૩૭૭૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં કેટલી ક્વોરી લીઝ કાર્યરત છે, | (૧) ૧૩૦ |
| (૨) ઉક્ત કઇ ક્વોરી લીઝની મુદત ક્યારે પૂર્ણ થાય છે, | (૨) વિગતો *પત્રક-ક સ્વરૂપે સામેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કઇ લીઝની ક્યારે ચકાસણી કરવામાં આવી, અને | (૩) છેલ્લા બે વર્ષમાં કોઇ લીઝની ચકાસણી કરવામાં આવેલ નથી. |
| (૪) ઉક્ત ચકાસણી દરમ્યાન કઇ લીઝમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**કલોલ નગરપાલિકાની જમીન પર ગેરકાયદેસર દબાણ**

૪૩૬૫૬ **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં આવેલ કલોલ નગરપાલિકાની જમીનમાં ખાનગી પ્લોટ ધારકો દ્વારા કબજા તથા બાંધકામ કરેલ હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) ૨ (બે) |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા, | (૨) મળેલ ફરિયાદના અનુસંધાને કલોલ નગરપાલિકા તરફથી બિનઅધિકૃત બાંધકામ કરનાર પ્રથમ કબજેદાર તથા મ્યુનિ. કર્મચારીઓને કામગીરી અટકાવી દેવા નોટિસ આપેલ છે. |
| (૩) કેટલી જમીન ખુલ્લી કરાવવામાં આવી, અને કેટલી જમીન ખુલ્લી કરાવવાની બાકી છે, અને | (૩) નામ. કોર્ટમાં મેટર સબ જુડીશીયલ હોવાના કામે યથાવત પરિસ્થિતિ જાળવવાની હોઈ સદર કારણોસર દબાણ દૂર કરવાની કામગીરી થઇ શકેલ નહિ હોવાથી કુલ ૧૩૦૩૦ ચો.મી. જમીન ખુલ્લી કરવાની બાકી છે . |
| (૪) ઉક્ત બાકી જમીન ક્યાં સુધીમાં ખુલ્લી કરાવવામાં આવશે ? | (૪) રજૂઆતવાળી જમીન બાબતે કમિશનરશ્રી મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનની કચેરી સમક્ષ વિવાદ અપીલ નં. ૪૨/૨૦૨૧ થી પડતર છે. જે અંગે કાર્યવાહી ચાલુમાં છે. તથા નામ.સિવિલ કોર્ટ કલોલમાં રે.દી.મુ.નં.૧૦૧ /૨૦૨૦ ની મેટર પેન્ડીંગ હોઇ તેના ચૂકાદા મુજબ આખરી નિર્ણય થઇ આવે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે. |

- - - - - - - - -

**તાપી અને સુરત જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત**

અતારાંકિત પ્રશ્નો

૪૩૭૭૬ **શ્રી સુનિલભાઇ ગામીત** (નિઝર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઇ-મેમો ઇસ્યૂ કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | તાપી | સુરત શહેર | સુરત ગ્રામ્ય |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૩,૮૧૫ | ૧,૫૪,૪૪૦ | નીલ |
| ૨૦૨૧ | ૮,૦૩૯ | ૧૫,૪૯૫ | નીલ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | તાપી | સુરત શહેર | સુરત ગ્રામ્ય |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૯,૨૮,૨૦૦ | ૧,૦૦,૬૬,૭૦૦ | નીલ |
| ૨૦૨૧ | ૧૩,૩૬,૮૦૦ | ૧૫,૦૮,૮૦૦ | નીલ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | તાપી | સુરત શહેર | સુરત ગ્રામ્ય |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૫૯,૫૦૦ | ૮,૭૯,૦૨,૦૦૦ | નીલ |
| ૨૦૨૧ | ૮,૮૦,૦૦૦ | ૧,૦૫,૮૧,૦૦૦ | નીલ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪)

૧) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે,

૨) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે,

૩) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે,

૪) પ્રિન્ટ-મીડિયા અને સોશિયલ મીડિયા મારફત અપીલ કરવામાં આવે છે,

૫) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે,

૬) બાકી રકમ અંગે નિયમિત રીવ્યૂ કરવામાં આવે છે,

૭) રીવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલા લેવાય છે.

---------

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પેપર કૌભાંડ

૪૨૨૩૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ૨૦૨૧ના વર્ષમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બી.કોમ. સેમેસ્ટર-૩ના પેપર ઘટના સંબંધમાં કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી,

(૧) ૦૬

(૨) ઉક્ત યુનિવર્સિટીના કેટલા ઇસમો સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું, અને

(૨) એક પણ નહીં.

(૩) જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ગુનો દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

## ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન આપવા બાબત

૪૩૬૮૯ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાતી

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાતી

ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસિડી મેળવવાની કેટલી અરજીઓ પડતર છે,

ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસિડી મેળવવાની ૫૯ અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓમાં કેટલા નિર્માતાઓને કેટલી રકમની સબસિડી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, નિર્માતાઓની અરજીઓની સંખ્યા અને ચૂકવેલ આર્થિક સહાયની રકમની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સમયગાળો | ચલચિત્રોની સંખ્યા | ચૂકવેલ આર્થિક સહાયની રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ સુધી | ૮૦ | ૧૭.૩૬ |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ સુધી | ૫૩ | ૧૫.૭૭ |

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓ તરફથી આર્થિક સહાય મેળવવા અંગેની અરજી કરવાની પ્રક્રિયા તથા તેની ચૂકવણી અંગેની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. પડતર અરજીઓનો નિકાલ ગ્રાન્ટની ઉપલબ્ધિને ધ્યાને લઇને કરવામાં આવશે.

---------

## મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોની વસૂલવાની બાકી રકમ

૪૩૭૪૩ **શ્રી કાળાભાઇ ડાભી** કપડવંજ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૭-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૪૪૩૦ (અગ્રતા-૭૬)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે બે વર્ષમાં થયેલ કાર્યક્રમોના ભાડા પેટે સરકાર પાસેથી રૂ.૨,૦૨,૯૦,૯૯૯/- અને ખાનગી એજન્સીઓ પાસેથી રૂ.૧,૬૩,૭૭૯/- વસૂલવાના બાકી હતા તે પૈકી કેટલી રકમ સરકાર અને ખાનગી એજન્સીઓ પાસેથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વસૂલવામાં આવી, | (૧) ઉક્ત સ્થિતિએ તમામ રકમ વસૂલવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ સરકાર અને કઈ એજન્સી પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રકમ વસૂલવા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અમરેલી જિલ્લામાં રેતીના બ્લોક પાડવાની કામગીરી

૪૩૭૮૨ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં રેતીના બ્લોક પાડવાની કામગીરી ક્યા સુધી કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં સાદી રેતીના બ્લોક પાડવાની કામગીરી નીચેની વિગતે કરવામાં આવેલ છે. |

| તાલુકા | પાડવામાં આવેલ બ્લોક્સની સંખ્યા | નોટિસ ઇન્વાઇટીંગ ટેન્ડર પ્રસિદ્ધ થયા તારીખ | હરાજીમાં ચાલુમાં હોય તેવા બ્લોક્સની સંખ્યા |
|---|---|---|---|
| સાવરકુંડલા | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | |
| લીલીયા | ૦૨ | તા.૩૧-૧૨-૨૦૨૧ | ૦૨ |
| **કુલ** | **૦૨** | **-** | **૦૨** |

(૨) કેટલા દિવસોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

(૨) બ્લોકની હરાજી અન્વયેની કામગીરી બ્લોકની નોટિસ ઇન્વાઇટીંગ ટેન્ડર પ્રસિદ્ધ થયાના દિન-૧૦૫ માં પૂર્ણ કરવાની હોય છે. પરંતુ જો બિડર્સ દ્વારા યોગ્ય પ્રતિસાદ ન મળે તેવા કિસ્સાઓમાં હરાજી પ્રક્રિયાની મુદ્દતમાં વધારો કરવામાં આવે છે.

---------

**એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને દરિયામાં પુરાણ કરવા આપેલ પરવાનગી**

૪૩૭૧૩ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા તા.૧૪-૦૬-૨૦૦૭ના પત્રથી દરિયામાં ડ્રેજ મરીટીયલ ૩૧૯.૮૬ હેક્ટર વિસ્તારમાં ડમ્પ કરવા માટે ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત પરવાનગી આપેલ તથા પરવાનગી આપ્યા સિવાયની આજુબાજુની દરિયામાં કેટલી જગ્યામાં પુરાણ કરવામાં આવેલ છે, અને

(૩) પરવાનગી આપ્યા સિવાયના વિસ્તારમાં પુરાણ કરેલ હોય તો તે અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના-વાંધા પ્રમાણપત્ર સંદર્ભે થયેલ પુરાણની જમીન સહિત તા.૦૧-૦૭-૨૦૨૦ અને તા.૨૮-૦૬-૨૦૨૧ના સંયુક્ત માપણી અહેવાલ અનુસાર કુલ હે. ૩૨૩-૦૮-૯૭ ચો.મી. નવસાધ્ય (રીકલેમ્ડ) જમીન સરકાર/ગુજરાત મેરીટાઇમ બોર્ડને ઉપલબ્ધ થયેલ છે.

(૩) લાગુ પડતું નથી.

---------

**અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળમાં નિવૃત્ત કર્મચારી/અધિકારીઓને નિમણૂક**

૪૩૬૬૫ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)માં કેટલા નિવૃત્ત અધિકારીઓ/કર્મચારીઓ ફરજ બજાવે છે,

(૨) ઉક્ત કર્મચારીઓને ફરજ પર લેતા પહેલાં સરકારની જરૂરી મંજૂરીઓ મેળવવામાં આવેલ છે કે, કેમ

(૩) જો ના, તો તેના કારણો શા છે, અને

(૪) તે અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ખાતે કુલ-૧૧ કર્મચારી/અધિકારી આઉટ સોર્સીંગ એજન્સી મારફત ફરજ બજાવે છે.

(૨) ના.

(૩) ઔડાની કામગીરીને વિપરીત અસર ન પડે તે માટે તથા ખાલી જગ્યાઓ ધ્યાને રાખીને ઔડા દ્વારા ઉક્ત નિમણૂકો આપવામાં આવેલ છે.

(૪) ઔડા ખાતે આઉટ સોર્સીંગથી ફરજ બજાવતાં ૧૧

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨
અતારાંકિત પ્રશ્નો

કર્મચારી/અધિકારીઓને સા.વ.વિ.ના તા.૧૧-૧૧-૨૦૨૧ના ઠરાવની જોગવાઇ મુજબ છૂટા કરવા વિભાગના તા.૧-૧૨-૨૦૨૧ના પત્રથી સૂચના આપવામાં આવેલ છે.

---------

**અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટી યોજનાના કામો**

૪૩૬૬૮ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરને સ્માર્ટ સિટી ક્યારે જાહેર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત કયા કામો કેટલી રકમના ખર્ચે પૂર્ણ થયા,

(૩) કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મિનિસ્ટ્રી ઓફ હાઉસીંગ અને અર્બન અફેર્સ દ્વારા તા.૨૮-૦૧-૨૦૧૬ના રોજ અમદાવાદ શહેરને સ્માર્ટ સિટી જાહેર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત નીચે જણાવ્યા મુજબના કામો જણાવેલ રકમના ખર્ચે પૂર્ણ થયેલ છે.

| **વર્ષ ૨૦૨૦** | **પ્રોજેક્ટસની સંખ્યા** | **ખર્ચ રૂ.કરોડમાં (૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ)** |
|---|---|---|
| SCM | ૯ | ૭૮.૧૨ |
| PPP | ૧ | ૪.૧૧ |
| Convergence | ૪ | ૭૭.૮૮ |
| **કુલ** | **૧૪** | **૧૬૦.૧૧** |
| **વર્ષ ૨૦૨૧** | **પ્રોજેક્ટસની સંખ્યા** | **ખર્ચ રૂ.કરોડમાં (૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ)** |
| SCM | ૭ | ૪૩.૯૫ |
| PPP | ૦ | ૦ |
| Convergence | ૪ | ૩૦૪.૯૬ |
| **કુલ** | **૧૧** | **૩૪૮.૯૧** |

(૩) અમદાવાદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત SCM ફંડ થકી રૂ.૨૧૭.૫૭ કરોડનાં ૩ કામો, PPP ફંડ થકી રૂ.૫૪૯.૮૦ કરોડનાં ૨ કામો તથા કન્વર્જન્સ ફંડ થકી રૂ.૫૭૭.૮૦ કરોડનાં ૬ કામો મળીને કુલ ૧૧ કામો હાલ પ્રગતિમાં છે.

(૪) ઉક્ત પૂર્ણ ન થઇ શકેલ કામો જે-તે કામના ટેન્ડર મર્યાદાને ધ્યાનમાં રાખીને સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

---------

**મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોના ભાડાની બાકી રકમ**

૪૩૭૧૬ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૪૦૦ (અગ્રતા-૯૨)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૪ અને ૨૦૧૫માં મહાત્મા મંદિરમાં થયેલ કાર્યક્રમો અન્વયે ભાડાપેટે સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૯૬,૦૦,૫૮૧ અને બિનસરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૫૫,૭૯,૦૮૨ની વસૂલાત બાકી હતી તે પૈકી

**જવાબ**

(૧) સને ૨૦૧૪ અને ૨૦૧૫માં મહાત્મા મંદિરમાં થયેલ કાર્યક્રમો અન્વયે ભાડાપેટે સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૯૬,૦૦,૫૮૧ અને બિનસરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૫૫,૭૯,૦૮૨ની વસૂલાત બાકી હતી તે પૈકી

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમની વસૂલાત થઇ,

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૨,૫૧,૮૬૪.૦૦ અને બિનસરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૨૭,૩૧,૯૪૯.૦૦ ની વસૂલાત થઈ.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની વસૂલાત કઇ સંસ્થાઓ પાસેથી કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૯૩,૪૮,૭૧૭.૦૦ અને બિનસરકારી સંસ્થાઓ પાસેથી રૂ.૨૮,૪૭,૧૩૩.૦૦ ની રકમની વસૂલાત બાકી છે.

(૩) ઉક્ત રકમ સંબંધિતો સમયસર ચૂકવતા ન હોઇ તો રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) ઉક્ત રકમ વસૂલાત માટે સંબંધિત સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર ઉપરાંત રૂબરૂ મુલાકાત લઇને સઘન પ્રયત્ન કરવામાં આવેલ છે.

- - - - - - - - -

## ગૃહ વિભાગ સમક્ષ હથિયાર વિવાદ અરજીઓ

૪૩૭૨૮ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગૃહ વિભાગ સમક્ષ હથિયાર વિવાદ અરજીઓ કેટલી પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી હથિયાર અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી હથિયાર અરજીઓ પડતર છે, તેના કારણો શા છે, અને

(૪) હથિયાર વિવાદ અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગૃહ વિભાગ સમક્ષ કુલ-૭૭૨ હથિયાર વિવાદ અરજીઓ પડતર હતી.

(૨)

| વર્ષ | મંજૂર | નામંજૂર |
|---|---|---|
| ૨૦૨૦ | ૦૧ | ૫૧ |
| ૨૦૨૧ | ૧૨ | ૨૩૭ |

(૩) ઉપર્યુક્ત પ્રશ્ન નં.(૧)ના જવાબમાં દર્શાવેલ અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.
(અ) કોરોના મહામારીને કારણે.
(બ) સુનાવણીની તારીખ આપી હોવા છતાં અરજદાર હાજર રહેલ ન હોવાથી.
(ક) સુનાવણીની તારીખ આપ્યા બાદ અરજદારે બીજી મુદતની માંગણી કરી હોવાને કારણે.
(ડ) અરજીની સુનાવણી ક્રમાનુસાર થતી હોવાથી અરજદારશ્રીનો ક્રમ ન આવવાના કારણે.

(૪) હથિયાર વિવાદ અરજીઓનો ઝડપી નિકાલ થાય તે માટે કોરોના મહામારીમાં વધારો થતાં અને વિડિયો કોન્ફરન્સિંગ મારફત સુનાવણીની સગવડ શરૂ થતાં વિડિયો કોન્ફરન્સિંગ મારફત સુનાવણી શરૂ કરવામાં આવેલ. પરંતુ અનુભવે જણાયેલ કે, વિડિયો કોન્ફરન્સિંગથી અપીલ અરજી સાંભળવામાં અરજદારોને કનેક્ટીવિટીના કારણે તકલીફ પડતી હોવાથી પુનઃ રૂબરૂ સુનાવણી હાથ ધરી અપીલોનો નિકાલ કરવામાં આવે છે.

- - - - - - - - -

## અમદાવાદ અને બોટાદ જિલ્લામાં ઈ-મેમો ઈસ્યૂ કરવા બાબત

૪૩૬૭૪ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઈ-મેમો ઈસ્યૂ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ ગ્રામ્ય | બોટાદ |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૬,૧૪,૧૭૯ | ૪,૮૫૦ | ૨૪,૩૬૮ |
| ૨૦૨૧ | ૧૨,૦૧,૦૫૮ | ૩,૫૧૫ | ૪૨,૫૨૨ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ ગ્રામ્ય | બોટાદ |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૫,૯૪,૬૧,૮૦૦ | ૯,૫૩,૮૦૦ | ૨૧,૯૯,૦૦૦ |
| ૨૦૨૧ | ૮,૪૩,૫૮,૨૫૦ | ૪,૯૨,૭૦૦ | ૧૮,૨૨,૧૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | અમદાવાદ શહેર | અમદાવાદ ગ્રામ્ય | બોટાદ |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૩૪,૬૨,૮૬,૨૮૮ | ૧૨,૧૩,૨૦૦ | ૧૬,૪૯,૨૦૦ |
| ૨૦૨૧ | ૭૨,૮૧,૪૪,૪૦૦ | ૧૪,૫૮,૨૦૦ | ૪૭,૯૯,૦૦૦ |

(૪)ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધાં ?

(૪)

૧) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે.
૨) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે.
૩) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે.
૪) પ્રિન્ટ-મિડીયા અને સોશિયલ મિડીયા મારફત અપીલ કરવામાં આવે છે.
૫) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે.
૬) બાકી રકમ અંગે નિયમિત રીવ્યૂ કરવામાં આવે છે.
૭) રીવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.
આમ, બાકી રકમ વસૂલવાં પગલાં લેવાય છે.

---------

**નર્મદા યોજના અંતર્ગત સિંચાઇ માટે કમાન્ડ એરિયા**

૪૩૬૪૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના અંતર્ગત સિંચાઇ માટે કમાન્ડ એરિયા કેટલો છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના અંતર્ગત સિંચાઇ માટે આયોજિત કમાન્ડ એરિયા આશરે ૧૮ લાખ હેક્ટર જેટલો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કમાન્ડ એરિયામાં કેટલો વધારો કે ઘટાડો થયો, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, કમાન્ડ એરિયામાં વધારો કે ઘટાડો થયેલ નથી. |
| (૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા કમાન્ડ એરિયામાં સિંચાઇ માટે પાણી પુરું પાડવામાં આવ્યું ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, કમાન્ડ એરિયામાં વર્ષ ૨૦૨૦ અને વર્ષ ૨૦૨૧ દરમ્યાન અનુક્રમે ૧૨,૬૧,૦૩૮ હેક્ટર તેમજ ૧૩,૮૫,૧૭૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ માટે નર્મદાનુ પાણી પુરું પાડવામાં આવ્યું. |

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત**

૪૩૬૪૭ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઇ-મેમો

(૧)

| વર્ષ | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|

ઈસ્યૂ કરવામાં આવ્યા,

| | | |
|---|---|---|
| ૨૦૨૦ | ૨૭,૦૫૫ | ૯,૪૩૧ |
| ૨૦૨૧ | ૩૩,૦૫૪ | ૭,૦૬૭ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|
| ૨૦૨૦ | ૮૨,૩૫,૨૦૦ | ૧૩,૩૬,૩૦૦ |
| ૨૦૨૧ | ૪૭,૧૨,૫૦૦ | ૭,૫૦,૯૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૮,૪૯,૭૦૦ | ૨૪,૮૩,૮૦૦ |
| ૨૦૨૧ | ૬૫,૩૨,૪૦૦ | ૨૪,૪૭,૦૦૦ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪)

1) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે,
2) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે,
3) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે,
4) પ્રિન્ટ- મીડિયા અને સોશિયલ મીડિયા મારફત અપીલ કરવામાં આવે છે,
5) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે,
6) બાકી રકમ અંગે નિયમિત રિવ્યૂ કરવામાં આવે છે,
7) રિવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલાં લેવાય છે.

- - - - - - - - -

## મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઇ-મેમો ઈસ્યૂ કરવા બાબત

૪૩૬૮૩ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઇ-મેમો ઈસ્યૂ કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | મોરબી | સુરેન્દ્રનગર |
|---|---|---|
| ૨૦૨૦ | ૯,૦૬૦ | ૧૨,૨૬૯ |
| ૨૦૨૧ | ૨૩,૬૩૩ | ૨૧,૧૮૬ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | મોરબી | સુરેન્દ્રનગર |
|---|---|---|
| ૨૦૨૦ | ૨૫,૬૨,૫૦૦ | ૨૧,૭૦,૫૦૦ |
| ૨૦૨૧ | ૫૩,૨૯,૨૦૦ | ૨૧,૫૨,૧૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | મોરબી | સુરેન્દ્રનગર |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૭,૮૩,૪૦૦ | ૨૩,૮૩,૭૦૦ |
| ૨૦૨૧ | ૬૯,૫૭,૦૦૦ | ૬૩,૫૧,૭૦૦ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪)

1) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે,
2) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે,
3) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે,
4) પ્રિન્ટ- મીડિયા અને સોશિયલ મીડિયા મારફત અપીલ કરવામાં આવે છે,
5) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે,
6) બાકી રકમ અંગે નિયમિત રિવ્યૂ કરવામાં આવે છે,
7) રિવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલા લેવાય છે.

---------

૪૩૬૩૮ **ડો.કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર જમીન અને મકાનના ખોટા દસ્તાવેજોથી ફ્રોડ થયા અંગેની કેટલી પોલીસ ફરિયાદ નોંધાઇ, અને

(૨) નોંધાયેલ ફરિયાદ અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લા | નોંધાયેલ ફરિયાદો |
|---|---|
| પાટણ | ૦૧ |
| અમદાવાદ જિલ્લો | ૫૨ |
| અમદાવાદ શહેર | ૪૫ |

(૨) ગુનાઓ દાખલ કરી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત

૪૩૭૪૬ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઇ-મેમો ઇસ્યૂ કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

**જવાબ**

(૧)

| વર્ષ | મહીસાગર | પંચમહાલ |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૧,૩૧૫ | ૩૦,૮૫૨ |
| ૨૦૨૧ | ૧૩,૫૬૦ | ૨૦,૮૬૬ |

(૨)

| વર્ષ | મહીસાગર | પંચમહાલ |
|---|---|---|
| ૨૦૨૦ | ૯,૦૨,૪૦૦ | ૪૩,૪૦,૯૦૦ |
| ૨૦૨૧ | ૭,૪૪,૯૦૦ | ૧૫,૭૪,૯૦૦ |

(૩)

| વર્ષ | મહીસાગર | પંચમહાલ |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૦,૦૬,૯૦૦ | ૫૮,૫૮,૨૦૦ |
| ૨૦૨૧ | ૨૦,૬૬,૫૦૦ | ૪૫,૯૧,૯૦૦ |

(૪)

1) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન

(રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે,

2) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે,
3) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે,
4) પ્રિન્ટ- મીડિયા અને સોશિયલ મીડિયા મારફત અપીલ કરવામાં આવે છે,
5) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે,
6) બાકી રકમ અંગે નિયમિત રિવ્યૂ કરવામાં આવે છે,
7) રિવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલા લેવાય છે.

- - - - - - - - -

**રાજ્યમાં વિવિધ સંવર્ગમાં પોલીસ દળની ભરતી**

૪૩૮૩૧ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય પોલીસ દળને વધુ સુદ્રઢ તેમજ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે જુદા-જુદા સંવર્ગોમાં સીધી ભરતીથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત બે વર્ષમાં વર્ષવાર કયા સંવર્ગના કેટલા કર્મચારીઓ, અધિકારીઓની ભરતી કરવામાં આવી, અને | (૨) સામેલ પત્રક- અ મુજબ |
| (૩) ઉક્ત સીધી ભરતીથી કરવામાં આવતી ભરતીમાં સંવર્ગવાર કેટલું ફિક્સ માસિક વેતન કેટલા સમય માટે આપવામાં આવે છે ? | (૩) સામેલ પત્રક- બ મુજબ |

**પત્રક-અ**

| વર્ષ | સંવર્ગ | ભરતીની સંખ્યા |
|---|---|---|
| ૨૦૨૦ | પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારી), વર્ગ-૨ | ૧૪ |
| | પોલીસ કોન્સ્ટેબલ (બિન હથિયારી), વર્ગ-૩ | ૧૮૬૮ |
| | પોલીસ કોન્સ્ટેબલ (હથિયારી), વર્ગ-૩ | ૩૫૧૬ |
| | | |
| ૨૦૨૧ | નાયબ પોલીસ અધીક્ષક (બિન હથિયારી), વર્ગ-૧ | ૧૯ |
| | પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારી), વર્ગ-૨ | ૬૦ |

**પત્રક-બ**

| સંવર્ગ | ફિક્સ માસિક વેતન | સમય |
|---|---|---|
| નાયબ પોલીસ અધીક્ષક (બિન હથિયારી), વર્ગ-૧ | ફિક્સ માસિક વેતન આપવામાં આવતું નથી. | - |
| પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારી), વર્ગ-૨ | ફિક્સ માસિક વેતન આપવામાં આવતું નથી. | - |
| પોલીસ કોન્સ્ટેબલ (બિન હથિયારી), વર્ગ-૩ | ૧૯૯૫૦ | ૦૫ વર્ષ |
| પોલીસ કોન્સ્ટેબલ (હથિયારી), વર્ગ-૩ | ૧૯૯૫૦ | ૦૫ વર્ષ |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત**

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૩૬૯૨ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઇ-મેમો ઇસ્યૂ કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૪,૭૮૮ | ૪,૧૬૪ |
| ૨૦૨૧ | ૨૬,૪૦૦ | ૭,૫૫૧ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|
| ૨૦૨૦ | ૪૨,૭૯,૯૦૦ | ૧૧,૫૨,૨૦૦ |
| ૨૦૨૧ | ૩૮,૯૭,૬૦૦ | ૧૬,૧૬,૧૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|
| ૨૦૨૦ | ૨૨,૦૭,૭૦૦ | ૩,૦૯,૦૦૦ |
| ૨૦૨૧ | ૭૦,૪૮,૫૦૦ | ૧૪,૦૬,૫૦૦ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪)

1) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે,
2) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે,
3) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે,
4) પ્રિન્ટ- મીડિયા અને સોશિયલ મીડિયા મારફત અપીલ કરવામાં આવે છે,
5) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે,
6) બાકી રકમ અંગે નિયમિત રિવ્યૂ કરવામાં આવે છે,
7) રિવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલાં લેવાય છે.

- - - - - - - - -

**છારા ગામે શાપુરજી પાલોનજી પ્રા.લિ. કંપનીને જેટી બનાવવાનું કામ**

૪૩૭૧૦ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે શાપુરજી પાલોનજી પ્રા.લિ. કંપનીને જેટી બનાવવાનું કામ ઓક્ટોબર- ૨૦૨૦માં પૂર્ણ કરવાની શરતે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા,જી.
બાંધકામની મુદત એપ્રિલ-૨૦૨૩ સુધી છે.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત જેટીની કામગીરી કયા તબક્કે છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છારા બંદર વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ભૌતિક પ્રગતિ આશરે ૩૦% થવા પામેલ છે.

(૩) ઉક્ત કામ કેટલા ખર્ચે આપવામાં આવેલ, અને

(૩) ઉક્ત પ્રોજેક્ટ બંદર નીતિ અંતર્ગત ખાનગી મૂડી રોકાણથી વિકસાવવાનો હોઇ, પ્રોજેક્ટનો સમગ્ર ખર્ચ વિકાસકાર કંપની દ્વારા કરવામાં આવે છે.

(૪) ઉક્ત કામ સમયસર પૂર્ણ ન થયેલ હોઇ તો તેના

(૪) બાંધકામના સમયગાળામાં આવેલ મોટા

કારણો શા છે ?

વાવાઝોડાઓના કારણે ચાલુ બાંધકામોને નુકસાન થયેલ અને ત્યારબાદ કોવિડ-૧૯ મહામારીને કારણે કામો પૂર્ણ કરવામાં વિલંબ થયેલ છે.

---------

**ખેડા અને વલસાડ જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત**

૪૩૭૪૦ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઇ-મેમો ઇસ્યૂ કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | ખેડા | વલસાડ |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૦,૪૨૨ | ૧૦,૬૧૨ |
| ૨૦૨૧ | ૨૭,૩૮૩ | ૨૩,૩૨૬ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | ખેડા | વલસાડ |
|---|---|---|
| ૨૦૨૦ | ૨૧,૬૮,૫૦૦ | ૩૦,૨૫,૭૦૦ |
| ૨૦૨૧ | ૪૪,૭૭,૯૦૦ | ૬૪,૧૪,૯૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | ખેડા | વલસાડ |
|---|---|---|
| ૨૦૨૦ | ૨૧,૫૬,૮૦૦ | ૭,૧૦,૬૦૦ |
| ૨૦૨૧ | ૮૯,૩૮,૧૦૦ | ૪૦,૨૫,૩૦૦ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪)

1) ઓનલાઇન પોર્ટલની સુવિધા તથા ઓફલાઇન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે,
2) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે,
3) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે,
4) પ્રિન્ટ- મીડિયા અને સોશિયલ મીડિયા મારફત અપીલ કરવામાં આવે છે,
5) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે,
6) બાકી રકમ અંગે નિયમિત રિવ્યૂ કરવામાં આવે છે,
7) રિવ્યૂ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલાં લેવાય છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સિંચાઇ માટે નર્મદાનું પાણી આપવા બાબત**

૪૩૬૮૦ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં નર્મદાનું પાણી સિંચાઇ માટે પૂરું પાડવામાં આવે છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના નીચે મુજબના ૬ તાલુકા ના ૩૮૧ ગામોમાં નર્મદાનું

પાણી સિંચાઈ માટે પૂરું પાડવામાં આવે છે.

| જિલ્લો | તાલુકો | કુલ ગામો |
|---|---|---|
| સુરેન્દ્રનગર | દસાડા | ૯૭ |
| | લખતર | ૬૪ |
| | લીંબડી | ૭૫ |
| | ચુડા | ૪૧ |
| | વઢવાણ | ૪૦ |
| | ધાંગધ્રા | ૬૪ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને નર્મદાનું પાણી સિંચાઇ માટે પૂરું પાડવાનું બાકી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના નીચે મુજબના ૪ તાલુકાના ૧૬ ગામોમાં નર્મદાનું પાણી સિંચાઈ માટે પૂરું પાડવાનું બાકી છે.

| જિલ્લો | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|
| સુરેન્દ્રનગર | લીંબડી | ૪ |
| | ચુડા | ૯ |
| | વઢવાણ | ૨ |
| | ધાંગધ્રા | ૧ |

(૩) ઉક્ત ગામોને નર્મદાનું પાણી સિંચાઇ માટે પુરું પાડવા શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

(૩) ઉક્ત ગામોને નર્મદાનું પાણી સિંચાઇ માટે પુરું પાડવા અપૂર્ણ રહેલી નહેરો માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી શક્ય તેટલી વહેલી તકે નહેરોના કામો પૂર્ણ કરી બાકી રહેતા ગામોને સિંચાઇનું પાણી પૂરું પાડવામાં આવશે.

---------

## થરાદ તાલુકામાં નવી જી.આઇ.ડી.સી. બનાવવા બાબત

૪૩૬૨૦ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં નવી જી.આઇ.ડી.સી. બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ક્યાં સુધીમાં નવી જી.આઇ.ડી.સી. બનાવવાની કાર્યવાહી પૂર્ણ કરી કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નવી જી.આઇ.ડી.સી. બનાવવાનું કોઇ આયોજન કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં રેતી માફિયાઓ પાસેથી વસૂલવાની બાકી દંડની રકમ

૪૩૭૫૮ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં રેતી ચોરીમાં પકડાયેલા કેટલા ઇસમો પાસે કેટલી દંડની રકમ વસૂલ કરવાની બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેતી ચોરી કરતા ઇસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો, અને

(૩) તે પૈકી કેટલી દંડની રકમ ભરપાઈ થઇ અને બાકી રકમ વસૂલવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં રેતી ચોરીમાં પકડાયેલા ૧૩૫ ઇસમો પાસેથી કુલ રૂ. ૩૩૦૦.૨૯ લાખની દંડની રકમ વસૂલ કરવાની બાકી છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેતી ચોરી કરતા ઇસમોને રૂ.૨૬૬૯.૨૩ લાખનો દંડ કરવામાં આવ્યો.

(૩) તે પૈકી રૂ.૧૫૫૮.૭૮ લાખની રકમ ભરપાઈ થઇ અને બાકી રકમ વસૂલવા કારણદર્શક નોટિસ તથા વસૂલાતના હુકમ કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ગિફ્ટ સિટીમાંથી આઇએલ એન્ડ એફએસનો હિસ્સો/શેર ખરીદવાના નિર્ણય**

૪૩૬૫૩ **શ્રી જસુભાઇ પટેલ** બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગિફ્ટ સિટીમાંથી આઇએલ એન્ડ એફએસનો હિસ્સો/શેર ખરીદવાના નિર્ણય અંગે શેરના ભાવ નક્કી કરવા માટે કોઇ વેલ્યુએશન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત વેલ્યુએશન રિપોર્ટ કઇ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, | (૨) વેલ્યુએશન રિપોર્ટ RSBA Advisors દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત વેલ્યુએશન રિપોર્ટ સરકારને ક્યારે મળેલ છે, અને | (૩) વેલ્યુએશન રિપોર્ટ સરકારશ્રીને તા.૨૮-૧૧-૨૦૧૯ના રોજ મળેલ છે. |
| (૪) ઉક્ત વેલ્યુએશન રિપોર્ટમાં આઇએલ એન્ડ એફએસના શેરના ભાવ અને કુલ કેટલી રકમ નક્કી કરવામાં આવેલ છે ? | (૪) વેલ્યુએશન રિપોર્ટના આધારે રાજ્ય સરકાર દ્વારા કંપનીના શેરની એટ પાર રૂ.૧૦ પ્રતિ શેર ભાવને આધારે ILFS ના હિસ્સાની રૂ.૩૨.૭ કરોડ કુલ રકમ નક્કી કરવામાં આવી છે. |

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પોલીસ કર્મચારીઓના નાસ્તા/ભોજનના બીલ ચૂકવણીમાં ગેરરીતિ**

૪૩૨૫૩ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કોરોના લોકડાઉન સમયે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓને આપવામાં આવેલ નાસ્તા અને ભોજનના બીલની ચૂકવણીમાં ગેરરીતિઓ થયેલ હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને | (૧) ગાંધીનગર : ૦૦ (શૂન્ય)<br>મહેસાણા : ૦૨ (બે) |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે સરકારે શાં પગલાં ભર્યા ? | (૨) પોલીસ મહાનિદેશક, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલવેઝ), ગાંધીનગરને વધુ તપાસ સોંપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**વિસાવદર તાલુકામાં નવીન પોલીસ સ્ટેશન બનાવવા બાબત**

૪૩૭૦૧ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વિસાવદર તાલુકામાં કેટલા પોલીસ સ્ટેશનના મકાનો જર્જરિત હાલતમાં છે, અને | (૧) શૂન્ય. |
| (૨) તે ક્યાં સુધીમાં નવીન બનાવવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શોકદર્શક ઉલ્લેખો

**ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી અને વિદ્યમાન સભ્યશ્રી ડો. અનિલભાઇ જાલજીભાઇ જોષિયારા તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સભ્ય સ્વ.શ્રી સતુભાઇ દેવુભાઇ ઠાકરીયા તથા સ્વ.શ્રી મહેશકુમાર કરમશીભાઇ મકવાણાના અવસાન અંગે**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી અને વિદ્યમાન સભ્યશ્રી ડો.અનિલભાઇ જાલજીભાઇ જોષિયારાનું તારીખ ૧૪ માર્ચ, ૨૦૨૨ ના રોજ ૬૯ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી જોષિયારાનો જન્મ ૨૪મી એપ્રિલ, ૧૯૫૨ ના રોજ અરવલ્લી જીલ્લાના

ભિલોડા તાલુકાના ચુનાખાણ મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી જોષિયારાએ એમ.બી.બી.એસ., એમ.એસ. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા તેઓશ્રી તબીબી સેવાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થશ્રી જોષિયારાએ નવમી તથા અગિયારમીથી ચૌદમી ગુજરાત વિધાનસભામાં ભિલોડા મત વિસ્તાર માંથી ચૂંટાઈ આવી જાગૃત ધારાસભ્ય તરીકે પ્રજાહિત માટેના અનેક કામો કર્યા હતા. સ્વર્ગસ્થશ્રી જોષિયારાએ વર્ષ ૧૯૯૬-૯૭માં ગુજરાત સરકારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી તરીકે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ પ્રજાકલ્યાણ સાથે આજીવન સંકળાયેલા એક ઉત્તમ લોકસેવક ગુમાવ્યા છે, પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સતુભાઈ દેવુભાઈ ઠાકરીયાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સતુભાઈ દેવુભાઈ ઠાકરીયાનું તારીખ ત્રીજી ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ ૯૧ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી ઠાકરીયાનો જન્મ ૧૫મી માર્ચ, ૧૯૩૦ના રોજ વલસાડ જીલ્લાના ઉમરગામ તાલુકાના માંડા મુકામે થયો હતો. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ હતું. તેઓશ્રી ખેતીની પ્રવૃતી સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ઠાકરીયાએ બીજી તથા ત્રીજી ગુજરાત વિધાનસભામાં ઉમરગામ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું અને જુદા જુદા લોકકલ્યાણનાં કામોને પ્રાધાન્ય આપેલ હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સેવાભાવી સામાજિક આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મહેશકુમાર કરમશીભાઈ મકવાણાના અવસાન અંગે**

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મહેશકુમાર કરમશીભાઈ મકવાણાનું તા. ૧૬મી માર્ચ, ૨૦૨૨ ના રોજ ૬૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી મકવાણાનો જન્મ ૫મી એપ્રિલ, ૧૯૫૮ના રોજ ભાવનગર મુકામે થયો હતો. તેઓશ્રીએ બેચરલ ઓફ રૂરલ સ્ટડીઝ, બી.એડ., એલએલબી સુધીનુ શિક્ષણ મેળવેલ હતું. તેઓશ્રી સામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી મકવાણાએ દશમી ગુજરાત વિધાનસભામાં તા.૨૫-૨-૨૦૦૦ના રોજ પેટા ચૂંટણીમાં ચોટીલા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી સામાજિક તેમજ સહકારી પ્રવૃતિઓના વિકાસમાં સક્રિય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સેવાભાવી સામાજિક આગેવાન ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી સુખરામભાઈ હ. રાઠવા **(**વિરોધપક્ષના નેતાશ્રી**)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી આ વિધાનસભામાં આપણા પૂર્વ સભ્યશ્રીઓ માટે જે શોકદર્શક ઠરાવ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

ડો. અનિલભાઈ જોષિયારાની સાથે મને કામ કરવાનો મોકો મળ્યો છે. તેઓ વ્યવસાયે ડોકટર હતા. સરકારી નોકરીની સાથે સાથે પોતાની ખાનગી હોસ્પિટલ કરીને સારી એવી નામના કમાયા હતા. ખાનગી પ્રેક્ટિસથી નામના વધી એજ એમને રાજકારણમાં ખેંચી લાવી હતી એમ કહું તો ખોટું નથી. ડો. જોષિયારા અમારા કોંગ્રેસપક્ષના વડીલ હતા. કોંગ્રેસમાં મંત્રી તરીકે તથા આદિજાતિ વિભાગના ચેરમેન તરીકે પણ કામ કર્યું હતું. ડોકટર સાથે મને બે વખત નવમી વિધાનસભા અને ચાલુ વિધાનસભામાં કામ કરવાની તક મળી છે.

તેઓ આદિવાસી વિસ્તારના પ્રશ્નોની હરહંમેશ ચર્ચા કરતા હતા, સમાજની ચર્ચા કરતા અને સમાજની ચર્ચાની સાથે રાજયનું આરોગ્ય કેવી રીતે સારું રહે એટલા માટે સલાહ સૂચનો પણ કરતાં હતાં. તેવા ડોકટર અનિલ જોષિયારા સાહેબ આપણી વચ્ચે નથી ત્યારે તેમના સદગત આત્માને પરમકૃપાળું પરમાત્મા સાશ્વત શાંતિ અર્પે અને તેમના કુટુંબ ઉપર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના કરું છું અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને આ દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે.

ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સતુભાઈ ઠાકરીયા સાથે મારે પરિચય ઓછો છે, પરંતુ પૂર્વ સભ્ય હતા એમના વિશે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું. તેમના અવસાનથી એક સેવાભાવી આગેવાન તે વિસ્તારની પ્રજાએ ગુમાવ્યા છે ત્યારે પ્રભુ સદગતના આત્માને સાશ્વત શાંતિ અર્પે અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનો દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ સભ્ય સ્વ. મહેશકુમાર મકવાણા દસમી ગુજરાત વિધાનસભામાં તેઓશ્રી સાથે મને કામ કરવાની તક મળી હતી. સાલસ સ્વભાવના સમાજની વાતો હંમેશા કરતા. સમાજ કેવી રીતે આગળ આવે અને સમાજમાં રહેલા કુરિવાજો બંધ થાય દીકરીઓ શિક્ષણ કેમ લે એના માટે એ અગ્રેસર રહેતા. તેવા સ્વ. મહેશભાઈ મકવાણા આજે આપણી વચ્ચે નથી ત્યારે તેમના અવસાનથી રાજયે એક સામાજિક આગેવાન અને મોટા મોભીને ગુમાવ્યા છે, ત્યારે સદગતના આત્માને પરમકૃપાળું પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવામાં આવે.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

શોકદર્શક ઉલ્લેખો

શ્રી અમિત ચાવડા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ જેમાં સૂર પૂરાવ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આપણા આ ગૃહના સાથી સભ્ય ડો. અનિલ જોષિયારા સાહેબ કે જેમણે અચાનક આપણી વચ્ચેથી વિદાય લીધી છે. ડો.અનિલ જોષિયારા સાહેબની જન્મથી આજ દિન સુધી સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારકિર્દી જોઇએ તો દરેક ક્ષેત્રે એમણે પોતાનાથી જે શ્રેષ્ઠ પ્રદાન કરી શકાય, પોતાની જે આવડત કે શકિતઓ છે એનો નિચોડ આ ત્રણેય ક્ષેત્રમાં આપવાનો પૂરા પ્રયત્નો એમણે કર્યા હતા. એમ.બી.બી.એસ. થયા પછી એમ.એસ. સુધીનો અભ્યાસક્રમ પૂરો કર્યો અને એ વ્યવસાયના માધ્યમથી લોકોની સેવા કરવાનો પ્રયત્ન કર્યો. અને સેવા કરતાં કરતાં સામાજિક કામ સાથે જોડાયાં. તેમની સેવા અને સામાજિક કામગીરીને ધ્યાનમાં રાખીને લોકોએ તેમને જનપ્રતિનિધિ તરીકે ચૂંટીને વિધાનસભાગૃહમાં મોકલ્યા. ૯મી વિધાનસભા, ૧૧મી વિધાનસભાથી શરૂ કરીને ૧૪મી વિધાનસભા સુધી તેમની જે રાજકીય સફર રહી. વિધાનસભાનું કોઇ પણ સત્ર મળ્યું હોય, કોઇ પણ વિષયની ચર્ચા હોય, હંમેશા સંસદીય પ્રણાલીઓને અનુસરીને જે પણ વાત હોય, જમીન સાથે જોડાયેલા સામાન્ય લોકોના જે દર્દ હતા, તકલીફ હતી, સમસ્યાઓ હતી તેને ઉજાગર કરવાનું કામ હંમેશા કરતાં. ખાસ કરીને મને હજુ પણ યાદ છે કે જળ, જંગલ, જમીનની વાત હોય, પેસા એક્ટની વાત હોય, આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીના પ્રશ્નો હોય, રસ્તાની વાત હોય કે આરોગ્ય ક્ષેત્રની આખા ગુજરાતની ચિંતા હોય, તેઓ હંમેશા ખૂબ અભ્યાસપૂર્વક રજૂઆત કરતા. આ ગૃહમાં ખૂબ ઓછા માનનીય ધારાસભ્યશ્રીઓ હશે જે બજેટની નાનામાં નાની જોગવાઇઓનો અભ્યાસ કરીને આવે અને ખૂબ તર્કબદ્ધ રીતે અહીં રજૂ કરે. કદાચ વાત વાતમાં તેમને કહેવામાં પણ આવ્યું હોય કે રાજકીય રીતે વાતને મૂકજો, પણ એ રાજકીય રીતે મૂકવાના બદલે તર્કબદ્ધ રીતે પાયાના લોકોનો અવાજ છે તેને મૂકવાનો હંમેશા પ્રયત્ન કર્યો છે. આજે આપણે સૌ એમને યાદ કરીએ છીએ. ખાસ કરીને એક ધારાસભ્ય તરીકે તો એમની સાથે કામ કરવાની તક મળી, પણ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે અમારા પ્રદેશ કોંગ્રેસ સમિતિના એસ.ટી. ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે પણ સાથે કામ કરવાની તક મળી. હંમેશા આખા ગુજરાતમાં આદિવાસી સમાજના પ્રશ્નોની વાત હોય, હક્ક-અધિકારની વાત હોય અને કોંગ્રેસ પાર્ટી તરીકે જ્યારે સ્ટેન્ડ લેવાનું હોય, મને આજે પણ યાદ છે કે કેવડિયા કોલોની ખાતે આદિવાસી પરિવારોને જ્યારે ઘરથી બેદલખ કરવામાં આવતા હતા, અત્યાચાર થતો અને ધારાસભ્યશ્રીઓનું આખું ડેલિગેશન લઇને ગયા, ત્યાં પોલીસ દ્વારા રોકવામાં આવ્યા, તો તેમની અટકાયત થઇ છતાં રસ્તા પર બેસીને તેના માટે લડતા રહ્યા. હમણા છેલ્લે પણ જે નાના નાના પ્રશ્નો છે તેને પાર્ટીના પ્લેટફોર્મ ઉપરથી પણ કઇ રીતે ઉજાગર કરીને મદદરૂપ થવાય તેવો એમનો સતત પ્રયત્ન રહ્યો છે ત્યારે આપણા સૌના તરફથી તેમને શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ અને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરીએ છીએ. આ સાથે આ ગૃહના પૂર્વ સભ્યશ્રીઓ સ્વ. સતુભાઇ ઠાકરીયા અને સ્વ. મહેશકુમાર મકવાણાને પણ આપણા સૌના તરફથી શ્રદ્ધાંજલિ પાઠવીને તેમના પરિવારજનોને પણ આ દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રભુને પ્રાર્થના.

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ત્રણ મહાનુભાવો માટે જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું. અમારા નેતાશ્રીએ પણ તેમાં સૂર પૂરાવ્યો છે ત્યારે ખાસ કરીને પ્રજાનો સાચો સેવક કેવો હોવો જોઇએ એ જોઇએ તો એ ડો. અનિલ જોષિયારા છે. એક આદિવાસી પરિવારમાં જન્મેલી વ્યક્તિ કે જેનાં મા-બાપ માટે ૫૦ વર્ષ પહેલાં ડોક્ટર બનાવવા માટે કલ્પના પણ ન કરી શકાય. કલ્પનાને પણ એમ થાય કે મારી કોઇએ કલ્પના કરી. એ જમાનામાં ડોક્ટર તરીકેનો અભ્યાસ કરીને ડોક્ટર થયા. એમ.બી.બી.એસ. થયા, એમ.એસ. થયા, ડોક્ટર તરીકે સેવા કરતા કરતા જ્યારે જાહેર જીવનમાં આવ્યા ત્યારે પાંચ ટર્મ સુધી ધારાસભ્ય રહેવું એ આજના યુગમાં ખૂબ અઘરું છે, કારણ કે સાચો લોકસેવક, સાચો લોકચાહક તો ત્યારે જ હોય કે જે પ્રજાના દિલમાં રાજ કરતો હોય, મતદારો પર રાજ કરતો હોય તેને જ પ્રજા ગમે તેવા વંટોળ આવે તેમ છતાં એ વંટોળની વચ્ચે પણ અમારો સાચો પ્રતિનિધિ આ છે. પાર્ટી નથી, અમે તો પ્રતિનિધિને જોઇએ છીએ એવા પ્રતિનિધિ તરીકે ડો. અનિલ જોષિયારાએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. શાંત સ્વભાવના, સરળ સ્વભાવના, સંસદીય બાબતોના ખૂબ જ જાણકાર. મેં ચાર ટર્મ સુધી તેમની સાથે કામ કર્યું છે. જે રીતે અમિતભાઇએ વાત કરી કે વિધાનસભા ગૃહમાં કોઇ રાજકીય મુદ્દાના આધીન કોઇ મુદ્દો મૂકવાની વાત કરે અને જો અમે એમને કહીએ તો એ ચોખ્ખું જ કહેતા કે મારો આ પ્રશ્ન નહીં, સંસદીય રીતે, પ્રજાકીય રીતે તેમને જે વાત કહેવી છે એ વાત અચૂક કહેતા હતા. એમનું જીવન સરળ અને સાદું હતું. કેબિનેટ મંત્રી તરીકે પણ રહ્યા. એમણે ચેરમેન તરીકે કામગીરી કરી. પાંચ ટર્મ સુધી ધારાસભ્ય રહ્યા. એમનું સાદું અને સરળ જીવન હતું. પ્રજાના સેવક તરીકેની એમની કામગીરીને આપણે ભૂલી શકીએ એમ નથી. આજના પ્રસંગે પોતે ડોક્ટર હોવા છતાં કોરોનાની મહામારીમાં એમનું મૃત્યું થયું એ આપણા બધા માટે ચિંતાનો વિષય પણ બની શકે છે. ખાસ કરીને એમને પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ કર્યા અને પ્રાઇવેટ હોસ્પિટલનું જે બિલ આવે એ બિલ એ એફોર્ડ કરી શકે એવી પરિસ્થિતિમાં નહોતા. એમના દીકરા, એમના પત્ની, એમનો પરિવાર આ બાબતની ખૂબ ચિંતા કરે. કોંગ્રેસના અમારા સૌ આગેવાનો સાથે પણ એની ચર્ચા-વિચારણા કરે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇને ખાસ કરીને એટલા માટે યાદ કરું છું કે રાજકીય પાર્ટીથી ઉપર જઇને એક ધારાસભ્ય તરીકે એને મળતા હક્ક અને અધિકાર એમાં ડોક્ટર જોષિયારાજી માટે પ્રાઇવેટ હોસ્પિટલમાં હતા અને એમને એર એમ્બ્યુલન્સ દ્વારા ચેન્નાઇ લઇ જવામાં

આવ્યા અને ચેન્નાઇમાં જે એકમો ઉપર એમને રાખ્યા પછી એમની જે પરિસ્થિતિ થઇ, એમનું રોજનું રોજ જે બિલ આવતું હતું એ જોઇને સુખી સંપન્ન માણસ પણ એક વખત પાછો પડી જાય, પણ આજના આ પ્રસંગે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો પણ આભાર માનું છું, સરકારનો પણ આભાર માનું છું કે એમણે ખૂબ ઉદારતા રાખી અને ડોક્ટર જોષિયારાજીને કેવી રીતે પાછા આપણા ગૃહમાં લાવવા એ પ્રયત્નોના સ્વરૂપે એમણે સરકાર તરફથી ખૂબ સારી મદદ કરી છે એટલે આજના પ્રસંગે હું એમનો આભાર માનું છું. કેવો લોક ચાહક, ૧-૦૦ વાગે સમાચાર મળ્યા કે તેઓ ગુજરી ગયા, હાઉસમાં ધીમે ધીમે બધાને ખબર પડી, બન્ને પાર્ટીના મિત્રો ભેગા થયા, એક જ સૂર, માનનીય શ્રી રાજેન્દ્રભાઇ હતા, માનનીય શ્રી જીતુભાઇ હતા, માનનીય શ્રી પંકજભાઇ હતા બધાનો એક જ સૂર, કે આપણે હાઉસ બંધ રાખવું જોઇએ અને હાઉસ પણ આપણું બંધ રહ્યું. હાઉસ બંધ રહ્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જ ગૃહની અંદર તરતજ કહ્યું કે મારી ઓફિસમાં આવો તેમને ચેન્નાઇથી પાછા કેવી રીતે લાવવા અને એની શું વ્યવસ્થા સરકાર કરી શકે છે એ કરીએ. આ એટલા માટે શકય છે કે માણસ ખૂબ જ સરળ, સાદગીભર્યુ જીવન, સંસદીય બાબતોના જાણકાર, બધા સાથેના એમના જે સંબંધો હતા એનું ઉત્તમ ઉદાહરણ ડોકટર અનિલ જોષિયારાજીએ પૂરું પાડયું છે, ત્યારે સદગતના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું. માનનીય શ્રી સતુભાઇ ઠાકરીયાને પણ હું મારી શ્રદ્ધાંજલિ આપું છું. માનનીય શ્રી મહેશકુમાર મકવાણા એવા પરિવારમાંથી આવે કે ગાંધી પરિવાર, આખો પરિવારના મુરબ્બી કરમશીકાકા પણ હાઉસમાં ધારાસભ્યશ્રી તરીકે હતા અને મંત્રીશ્રી તરીકે પણ બિરાજય હતા. સવશીમાઇ મકવાણા, એમના પરિવારના જ ભાઇ એ પોતે પણ હાઉસમાં ધારાસભ્ય તરીકે હતા. સ્વ. મહેશભાઇએ કરમશીભાઇના દીકરા, એક ઓ.બી.સી. પરિવારના, કોળી પરિવારમાં જન્મેલી વ્યકિત, એલ.એલ.બી. સુધીનો એમનો અભ્યાસ હતો. રાજકારણથી પર થઇને સામાજીક પ્રવૃત્તિ મહેશભાઇ અને એમનો પરિવાર આજે પણ કરી રહ્યો છે એને આપણે ભૂલી શકાય એમ નથી માટે આજના પ્રસંગે સ્વર્ગીય મહેશભાઇ મકવાણાને પણ હું મારી શ્રદ્ધાંજલિ આપું છું અને આપના દ્વારા ત્રણેય મહાનુભાવોના સ્વર્ગીય આત્માને શાંતિ મળે અને દિલસોજીનો સંદેશો આપના મારફત એમના પરિવારને એવી પ્રાર્થના કરું છું.

શ્રી રમણલાલ ના. પાટકર(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાઉસના નેતાએ જે શોકદર્શક ઠરાવનો ઉલ્લેખ કર્યો છે અને વિરોધપક્ષના નેતાએ પણ અનુમોદન આપ્યું છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માંગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. અનિલભાઇ જોષિયારા સાથે વર્ષ ૧૯૯૫થી સાથે રહ્યા છીએ. શરૂઆતમાં તેઓ અમારી પાર્ટીમાં હતા. અને અમારા સદસ્ય નિવાસમાં સામ સામે રહેતા હતા. એમનો સ્વભાવ ખૂબ જ સરળ હતો અને જ્યારે મારી જવાબદારી અરવલ્લી જિલ્લામાં પ્રભારી મંત્રી તરીકે આવી એ વખતે અવાર નવાર મને મીઠાશથી કહેતા કે તમે ખૂબ સક્રિય રહો છો અને અમને પાછળ પાડી દેવાના છો. મેં મારી ફરજ નિભાવતી વખતે જ્યારે ભીલોડા વિસ્તારમાં જતો તો પહેલા એમને ફોન કરતો અને કહેતો કે આ જગ્યા ઉપર જાઉ છું. તેઓ ખૂબ જ નિખાલસપણે અમારી કલેકટર સાથે મીટિંગ હોય એમાં કોઇપણ જાતના વાદ વિવાદ કર્યા સિવાય શાંતિથી કારોબાર અમે સંભાળ્યો છે. જ્યારે મને એમની માંદગીના સમાચાર મળ્યા ત્યારે મેં મદ્રાસ સારવાર લેતા હતા ત્યારે ફોન કર્યો હતો અને એમના દીકરાએ મને કહ્યું કે પપ્પાની તબિયત હવે સારી છે પણ ઇશ્વરે એમને અહીંયા ન રાખ્યા. આ દુઃખની ઘડીમાં મેં જોયું કે રાજકારણમાં ઘણા બધા હોય છે પણ જ્યારે એ ચાલી જાય છે ત્યારે લોકપ્રિયતાની ખબર પડે છે. સ્મશાન યાત્રાના દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા હતા. હું પણ ગયો હતો. એ વખતે આખું ભીલોડા બંધ હતું. સાથોસાથ અનેક લોકો સ્મશાન યાત્રામાં જોડાયા હતા. એના ઉપરથી સાબિત થાય છે કે એમની લોકપ્રિયતા સારી હતી. આજે એ આપણી વચ્ચે રહ્યાં નથી. એમના કુટુંબ ઉપર એક આઘાતની ઘડી આવી ગઇ છે ત્યારે એમના આત્માને પ્રભુ શાંતિ આપે અને એમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે અમારા ઉમરગામ તાલુકાના માંડા ગામે રહેતા સતુભાઇ દેવુભાઇ ઠાકરિયા કે જેઓ મહારાષ્ટ્ર વખતે પણ ધારાસભ્ય તરીકે હતા અને આપણી વિધાનસભાનું અસ્તિત્વ આવ્યું ત્યારે પ્રથમ બેન્ચ અને બીજી વિધાનસભામાં પણ તેઓ અહીંયા રહેલા છે. માનનીય સતુભાઇએ અમારો વાપીથી ઉમરગામ સુધીનો વિસ્તાર મહારાષ્ટ્રની બોર્ડર સુધીનો વિસ્તાર છે એ જે તે વખતે મહારાષ્ટ્રમાં હતો અને અમારો તમામ વહેવાર થાણા સાથે થતો હતો. પણ એ વખતે ખૂબ જ કુનેહપૂર્વક એમણે મોરારજીભાઇને રજૂઆત કરી કે જે પઠા એટલે કે દરિયાકિનારાનો વિસ્તાર છે, આદિવાસીઓ જાણે છે, એ ઉમરગામને ગુજરાતમાં સમાવો. આજે અમે આનંદ સાથે ગુજરાત સાથે રહીને કામ કરીએ છીએ. આ એમની કામગીરીનું એક સુંદર ઉદાહરણ છે. જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે હિતેન્દ્રભાઇ દેસાઇની સરકાર હતી એ વખતે ગામડાના રસ્તાઓ ખરાબ હતાં. તેઓ ગાડું લઇને દરેક વિસ્તારમાં જતા અને એમની લોકપ્રિયતા પણ એટલી હતી. એ વખતે હિતેન્દ્રભાઇની સરકાર માત્ર એક મતથી ચાલતી હતી ત્યારે આ સતુભાઇને ફોડવા માટે, લાલચ આપવા માટે એક ગાડી દિલ્હીથી આપવા માટે કહ્યું ત્યારે એમણે ઠુકરાવ્યું કે નહીં, હિતેન્દ્રભાઇની સરકારની અંદર હું ધારાસભ્ય તરીકે છું અને મારે પ્રમાણિકતાથી એમની સાથે રહેવું છે. ત્યારે એમને લેવા માટે પણ આવ્યા હતા. એમનો એ વખતનો પહેરવેશ ખૂબ સાદો અને સરળ હતો. એ પહેરવેશમાં એક આંબલીના ઝાડમાં સંતાઇ ગયા હતા. એમની સ્મશાન યાત્રા વખતે એ ઝાડ કાપવામાં આવ્યું. આ રીતે સરકારના એક વફાદાર ધારાસભ્ય તરીકેનો ગુણ એમની પાસે હતો. જે તે વખતે ભૂમિદાન એટલે કે શાહુકારોની જમીન લઇને ખેડૂતને આપવાની વાત આવી ત્યારે મામલતદાર, ધારાસભ્ય તરીકે સતુભાઇ અને એક પ્રગતિશીલ ખેડૂત આ ત્રણની

એક કમિટી બનાવી અને ૪,૪૦૦ જેટલા ગરીબ લોકોને જમીન ભૂમિદાનમાં ફાળવેલી એ પણ એમનું ખૂબ સુંદર કાર્ય છે. આજે એ અમારી વચ્ચે રહ્યા નથી. એમના વિશાળ કુટુંબ ઉપર આફતની ઘડી આવી છે. જે તે દિવસે અમે સ્મશાનમાં ગયા હતા ત્યારે પ્રભારી મંત્રી માનનીય નરેશભાઇ પણ આવ્યા હતા. એ વખતે જોયું કે લોકપ્રિય એ જ કહેવાય કે હજારોની સંખ્યામાં લોકો સ્મશાન યાત્રામાં જોડાયા હતા. એમના કુટુંબ ઉપર આવેલ આફત સહન કરવાની પ્રભુ શક્તિ આપે અને એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ. એવી જ રીતે મહેશભાઇ કરમશીભાઇ મકવાણા સાથે પરિચય નથી. પણ ચોકકસ એ ધારાસભ્ય તરીકે રહ્યા જે તે વખતે જૂની વિચારસરણીના હતા અને નૈતિકતા અને મક્કમતા પણ હતી અને એ પણ આપણે એમના જીવનમાંથી લહાવો લેવો જરૂરી છે એવા માનનીયશ્રી ડો. જોષિયારા, માનનીયશ્રી સતુભાઇ ઠાકરીયા અને શ્રી મહેશભાઇ મકવાણા આપણી વચ્ચે રહ્યા નથી એમના કુટુંબને શોકસંદેશો પાઠવીએ.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું. મહેશભાઇ મકવાણા મારા મોટાભાઇ છે. ગઇકાલે વહેલી સવારે ૨-૦૦ વાગ્યે ફોન આવ્યો કે આવી દુઃખદ ઘટના બની છે. મહેશભાઇનો જન્મ પાંચમી એપ્રિલ, ૧૯૫૮માં થયેલો. એમના પરિવારના તમામ સભ્યોની પરવરિશ અને કેળવણી ગાંધી મૂલ્યો અને ગાંધીના આદર્શો સાથે થયેલી. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ ધજાળાની બુનિયાદી શાળામાં થયા. સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ પણ લોકભારતી સણોસરા જેવી સંસ્થાની અંદર સ્વ. મનુદાદાના સીધા માર્ગદર્શન હેઠળ થયો. વ્યવસાય પણ એમણે બીજ નિગમની અંદર નોકરીથી કર્યો. ખેડૂતો સાથે સતત જોડાયેલા રહ્યા. વર્ષ ૨૦૦૦ ની અંદર સ્વ. સવશીભાઇ મકવાણા લોકસભાની અંદર જતા. પેટા ચૂંટણીની અંદર અચાનક એમને પણ રાજકીય જીવનમાં પ્રવેશવાનું થયું. એ વિસ્તારના લોકોનો ગાંધીયન આદર્શો અને મકવાણા પરિવાર ઉપરના ભરોસાએ એમને વિધાનસભા સુધી પહોંચાડયા. એમને મન કયારેય હોદ્દો કે કામ નાનાં કે મોટા નહોતાં. સતત લોકો એમની સાથે જોડાયેલા રહેતા. ધારાસભ્ય તરીકેનો હોદ્દો ભોગવ્યા પછી પણ વર્ષ ૨૦૦૫ની અંદર તાલુકા પંચાયત જેવી નાની ચૂંટણી પણ એ લડયા, જીત્યા અને વર્ષ ૨૦૧૦ સુધી તાલુકા પંચાયતના સભ્ય તરીકેની કામગીરી પણ એમણે કરી. રાજકીય જીવન છોડયા પછી પણ વર્ષ ૨૦૦૨ પછી આજીવિકા માટે સતતપણે એ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા રહ્યા. પછાત વર્ગના બાળકોના ઉત્થાન માટે પરિવાર દ્વારા સંચાલિત આશ્રમશાળાઓ અને બુનિયાદી શાળાઓ ચાલે છે એમાં સંચાલન અને માર્ગદર્શન સતત છેલ્લા દિવસ સુધી કરતા રહ્યા. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એટલા માટે આપના માધ્યમથી સ્વ. અનિલભાઇ જોષિયારા, સ્વ. શ્રી સતુભાઇ ઠાકરીયા અને સ્વ. મહેશભાઇ મકવાણાના પરિવારને દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી શોકસંદેશ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. જોષિયારાજી સાથે આ ગૃહમાં વર્ષ ૨૦૧૨ થી કામ કર્યું છે. ડોકટર વ્યક્તિ તરીકે આદિવાસી વિસ્તારમાંથી ડોકટર બનવું, ડોકટર બન્યા પછી પોતાના વ્યવસાયમાં કોમ્પ્રોમાઇઝ કરીને જાહેર જીવનમાં આવવું, એક અદના લોકસેવક તરીકે ૫-૫ ટર્મ સુધી પોતાના વિસ્તારની સેવા કરવી અને એ પણ પાછું વિરોધ પક્ષમાં રહીને એ વ્યક્તિની ક્ષમતા, પ્રતિબદ્ધતા અને સેવા કરવાની ભાવના ચરિતાર્થ થાય છે એમ કહું તો ખોટું નથી. એમની સાથે કામ કરવાનો મોકો જ્યારે પુંજાભાઇ પબ્લિક એકાઉન્ટ કમિટીના પ્રમુખશ્રી હતા. એ પીએસી કમિટી વિધાનસભાની ખૂબ અગત્યની કમિટી હોય છે. એમાં અમે શ્રી જગદીશભાઇ, શ્રી કેશુભાઇ, શ્રી નિરંજનભાઇ અને હું એમની બાજુમાં હંમેશા બેસતા હતા. પીએસી ની જ્યારે અમારી કમિટી હોય ત્યારે મને બરાબર યાદ છે કે સૌથી પહેલા આવવાનું બહુમાન એમને હતું. એજન્ડા કમિટીનો શરૂ થાય તેની પહેલાં તમામ કામોની ચર્ચા એ શરૂઆતથી આવીને કરતાં. ખૂબ અભ્યાસુ વ્યક્તિ તરીકેની છાપ હતી. એ એમનામાંથી શીખવાનું મળ્યું. પરમ કૃપાળું પરમાત્મા એમની આત્માને શાંતિ આપે. એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખી ઘટનામાં શાંતી આપે. એ રીતે બીજા બંનેય સભ્ય સ્વ.શ્રી સતુભાઇ ઠાકરીયા અને સ્વ.શ્રી મહેશકુમાર મકવાણાનું અવસાન થયું છે એમાં હું મારા શોકની લાગણી પૂરાવું છું.

શ્રી કિરીટસિંહ રાણા(લીંબડી) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના નેતાશ્રી માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના પૂર્વ મંત્રી સભ્યશ્રી સ્વ.ડો.અનીલભાઇ જોષિયારા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી સતુભાઇ ઠાકરીયા અને મારા મત વિસ્તારના સ્વ. મહેશભાઇ મકવાણાના અવસાન નિમિત્તે જે શોક પ્રસ્તાવ રજૂ કર્યો છે, જેને વિરોધપક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે, જેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી મહેશભાઇ કરમશીભાઇ મકવાણા એ મારા મત વિસ્તાર સાયલાના હતા. ગઇકાલે ૬૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.મકવાણાનો જન્મ ૫ એપ્રિલ, ૧૯૫૮ ભાવનગર મુકામે થયો હતો. એમનું મૂળ વતન મારા મત વિસ્તારના સાયલા તાલુકાના ધજાળા ગામે છે. તેમણે એલ.એલ.બી. સુધીનું શિક્ષણ લીધું હતું. ખૂબ જ સરળ સ્વભાવ હતો. જેમ હમણા ભાઇશ્રી ઋત્વિકભાઇએ વાત કરી. મહેશભાઇના પિતાશ્રી વિધાનસભામાં સભ્ય હતા. મંત્રી પણ હતા. સવશીભાઇ ધારાસભ્ય હતા. ઋત્વિકભાઇ અને મહેશભાઇ એ બંને કાકા દાદાના ભાઇ થાય. પંદર દિવસ પહેલા એમની સાથે કાર્યક્રમમાં મળવાનું થયું. એવી રીતે અનેક વખત મળવાનું થાય. મારી સાથે મારા ટેકામાં હંમેશા સાથે રહેતા. હમણા વચ્ચે એમણે ઘરમાં ફેરફાર કર્યો. એમણે નવું ઘર મને બતાવ્યું. એમના પરિવાર સાથે બેઠો.

ખૂબ જ લાગણીસર સ્વભાવ હતો. કોળી પટેલ સમાજના તેઓ આગેવાન હતા. મારા દરેક ઇલેક્શનમાં મારી સાથે રહીને કામ કરતાં હતાં. ખરેખર ખૂબ સરળ સ્વભાવ ધરાવતા હતા. મહેશભાઇ ગુજરાતમાં ચોટીલા બેઠક ઉપરથી પેટા ચૂંટણીમાં ચૂંટાયેલા હતા. સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. તેમના અવસાનથી એક સેવાભાવી આગેવાનની ખોટ પડી છે. તેઓના પિતાશ્રી સ્વ.કરમશીભાઇ પણ ચોટીલા મત વિસ્તારમાંથી ચૂંટાઇને આવતા હતા. લાંબા સમય સુધી ધારાસભ્ય અને મંત્રી તરીકે રહ્યા હતા. મારા પિતાશ્રી સાથે વિધાનસભામાં પણ રહ્યા છે. મને તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. આપણી વચ્ચે ચાલુ વિધાનસભાના સભ્ય અને પૂર્વ મંત્રી સ્વ. અનીલભાઇ જોષિયારાનું પણ બીમારીના કારણોસર નિધન થયેલ છે. આપણે એક ઉમદા સાથી ગુમાવ્યા છે. તેમનો મિલનસાર સ્વભાવ યાદ રહેશે. સ્વ.શ્રી સતુભાઇનો મારી સાથે પરિચય નથી. ગૃહના સભ્ય હતા, એટલે સ્વભાવ હમેશા યાદ રહેશે. સ્વ. શ્રી સતુભાઇ ઠાકરીયાને મારી શોકાંજલિ પાઠવું છું. અને પરમાત્મા આ ત્રણેય સદગતના આત્માને શાંતિ આપે. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલું દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. આપના દ્વારા સ્વ.શ્રીના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા બધાને માટે દુ:ખનો દિવસ છે. આ ગૃહના નેતાશ્રી જે શોક પ્રસ્તાવ લાવ્યા છે અને જેમાં વિપક્ષના નેતાશ્રીએ સૂર પૂરાવ્યો છે અને સમર્થન કરેલ છે તેમાં પણ હું મારો સૂર પૂરાવું છું. એવું લાગે છે કે, ડો.અનિલ જોષિયારાજી હમણાં બોલશે, હમણાં જ અહીં બેઠા હતા અને બોલશે. સ્પીકર તરીકેના ચાર વર્ષ દરમ્યાનમાં મેં જોયું છે કે, તેમની જે સંસદીય પ્રણાલિકા હતી અને તેઓ પોતાના પ્રશ્નની ધારદાર રજૂઆત કરતા. દરેક પ્રશ્નમાં કંઇક કહેવાનું રહેતું અને તે હાથ પણ ઉંચો કરતા. તેમને કયારેય તક મળી ન હોય તો મોંઢું બગાડયું નથી. જેમણે સંસદીય પ્રણાલિકાની અંદર પોતાની જાતને બાંધી રાખેલ હોય તેવું વ્યક્તિત્વ હતું. જે માસ્ટર ડિગ્રી સુધી મેડિકલ પ્રોફેશનમાં હોય અને સમાજની સેવામાં લાગી જાય. પાંચ-પાંચ ટર્મ સુધી આપણી સાથે ધારાસભ્ય તરીકે હોય. આપણે તેમને જોયા છે, છેલ્લાં નવ વર્ષથી તો મેં જોયા છે. હું તો એવું માનું છું કે, આપણે બધા આત્મા થકી બોલી રહ્યા છીએ. તેઓ ભલે સદેહે આજે આપણી વચ્ચે નથી પણ આજે એમનો આત્મા સાંભળી રહ્યો છે. આવા જોષિયારાજી માટે કહેવું હોય તો જીવંત વ્યક્તિત્વ આપણી નજર સામેથી ગયું છે. નિખાલસ વ્યક્તિત્વ અને તેમના માટે શબ્દો ખૂટી પડે એવું છે. હું સદગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને ખૂબ દિલસોજી મળે તેવો સંદેશો પણ આપ પાઠવશો.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સતુભાઇ ઠાકરીયા જે બીજી વિધાનસભાના સભ્ય હતા. તેઓ વર્ષ ૧૯૩૦માં વલસાડમાં જન્મ્યા. ઉમરગામથી ચૂંટાઇને આવ્યા અને ત્રીજી વિધાનસભાના સભ્ય તરીકે રહ્યા હોય. ધારાસભ્ય તરીકે સમાજમાં જે કંઇ કહેવાતું હશે, પરંતુ જીવન ખપાવી દેનારા આવા ધારાસભ્યશ્રીઓમાં સ્વ.મહેશભાઇ કરમશીભાઇ મકવાણાને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું. તેમના કુટુંબીજનો તરફ દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી પણ કરું છું. એક ધારાસભ્ય થવું એ સાડા છ કરોડની જનતા માટે અને ઘણા લોકોના મનમાં થતું હશે, ધારાસભ્ય થવા માટેની આખી કારકિર્દી, જીવનપથ ઉપર તેમણે કરેલી મહેનત અને તે પછી ધારાસભામાં કે સંસદસભામાં પ્રવેશે ત્યારના પાંચ કે દસ વર્ષ કે અનેક વર્ષો, જેવી રીતે જોષિયારાજીએ પાંચ-પાંચ ટર્મ આપી. આજે ઘણાને એ યાદ આવતું હશે અને એ યાદ રાખવું જોઇએ. નવા આવનાર સભ્યોએ પણ આ પ્રણાલીઓને અનુસરવી જોઇએ તેવી પ્રાર્થના સાથે મારા શબ્દોને વિરામ આપું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે અને તેમાં વિપક્ષના નેતાએ જે સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું. ડો.અનિલભાઇ જોષિયારા અચાનક ટૂંકી બીમારી એટલે કે કોરોનાને કારણે આપણી વચ્ચે રહ્યા નથી. આ વિધાનસભાગૃહમાં છેલ્લા પાંચ ટર્મથી એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. સાથે બેસવાનો મોકો મળ્યો એટલું જ નહીં પણ પીયૂષભાઇએ કહ્યું તે પ્રમાણે પી.એ.સી. કમિટીના સભ્ય તરીકે સૂઝ-સમજણ અને અભ્યાસ સાથે લોકોના પ્રશ્નોને વાચા આપવા માટેનું કામ કર્યુ છે. જે રીતે વિધાનસભામાં અહીં કહેવાયું તે પ્રમાણે સચોટ, ધારદાર, ઝીણામાં ઝીણી બાબત અને છેવાડાના માણસને સ્પર્શતી બાબત માટે તેમણે વિધાનસભામાં તેમને મળેલા સમયમાં પ્રજાના પ્રશ્નો માટેની એકપણ તક જતી કરી નથી. એ જ પ્રકારે જાહેર હિસાબ સમિતિમાં પણ એમણે ભાગ લઇને વહીવટી તંત્રને દિશા આપવાનું કામ કર્યું છે અને સરકાર એ દિશામાં કામ કરે એ પ્રકારની ભૂમિકા એમણે અદા કરી છે. એમના જવાથી જાહેર જીવનને ખૂબ મોટી ખોટ પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સ્વ. મહેશભાઇ કરમશીભાઇ મકવાણા વર્ષ ૧૯૯૦માં પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા ત્યારથી મકવાણા પરિવાર સાથેનો સંબંધ, પારિવારીક સંબંધ જે આજ સુધી જળવાઇ રહ્યો છે. જેમ કહેવાયું એ પ્રમાણે ગાંધી મૂલ્યો સાથે જે પરિવારે ઝાલાવાડની ધરતી ઉપર માનનીય કરમશીભાઇ અને માનનીય સવસીભાઇ બંને ભાઇઓની જૂગલ જોડીએ કોળી સમાજને સાચી દિશામાં લઇ જવા માટે, જાગૃત કરવા માટે અને શૈક્ષણિક રીતે શિક્ષણ મેળવે અને સંસ્કારો સાથેનું શિક્ષણ મેળવે એ પ્રકારની વ્યવસ્થા ઝાલાવાડમાં ઉભી કરવામાં આવેલી અને એજ પરિવારના સભ્ય ભાઇશ્રી મહેશભાઇ ધારાસભ્ય તરીકે પણ આ વિધાનસભામાં આવ્યા અને એ વિસ્તારના અને સમાજના પ્રશ્નોને વાચા આપવા માટેનું કામ કર્યું છે અને એજ પરિવારમાંથી અત્યારે સાથી સભ્ય ભાઇશ્રી ઋત્વિકભાઇ મકાવાણા અહીંયા કામ કરે છે. એવા મહેશભાઇના જવાથી સમાજે અને એ વિસ્તારની લોકોએ એક સારા ઉમદા આગેવાન કાર્યકર્તા ગુમાવ્યા છે એનું દુઃખ છે.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

શોકદર્શક ઉલ્લેખો

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ સભ્ય સ્વ. શ્રી સતુભાઇ દેવુભાઇ ઠાકરીયા પણ આપણી વચ્ચે નથી. એમના જવાથી જાહેર જીવનને ખૂબ મોટી ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા આ ત્રણેય સદગત આત્માને ચિર શાંતિ અર્પે અને આપના મારફત તેમના કુટુંબીજનોને દિલશોજીનો સંદેશો પાઠવવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(ભા.રા.કો.) :માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક ઠરાવ લઇને આ ગૃહમાં આવ્યા છે તેના ઉપર વિરોધ પક્ષના નેતા માનનીય શ્રી સુખરામભાઇ રાઠવએ સૂર પૂરાવ્યો છે અને બીજા માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય ધારાસભ્યશ્રીઓએ પણ જે સૂર પૂરાવ્યો છે એમાં મારો પણ હું સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.અનિલભાઇ જોષિયારા એવું કહેવાય કે ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે? ડો. જોષિયારા ૧૫ વર્ષ કે ૨૫ વર્ષ આ ગૃહમાં રહ્યા છે ત્યારથી હું એમની સાથે છું. હું તો એટલું જ વિચારું છું કે, ડો.જોષિયારાનો જન્મ થયો ત્યારે એમના કુટુંબની પરિસ્થિતિ કેવી હતી? એ મજૂરી કરીને ભણતા હતા અને મજૂરી કરીને એમનાં માતા-પિતા પૈસા ભેગા કરીને એમને ભણાવતા હતા, તેવા સંજોગોમાં અને એવા ગરીબ કુટુંબમાં ભીલોડા તાલુકાના ચુનાખાણ ગામે એમનો જન્મ થયો હતો. બની શકે કે તે જમાનામાં માણસો વધુમાં વધુ ધોરણ ૭, ધોરણ ૧૦ કે ધોરણ ૧૨ સુધી માંડ અભ્યાસ કરી શકે પણ ડો. જોષિયારાએ એમ.બી.બી.એસ. અને એમ.એસ. સુધીનો અભ્યાસ કરીને તેઓ તબીબી સેવાના વ્યવસાયમાં ડોકટર બન્યા. ડોકટર બન્યા પછી વિધાનસભામાં ચૂંટાઇ આવ્યા અને પાંચ ટર્મ સુધી તેઓ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા અને વર્ષ ૧૯૯૬-૯૭માં ગુજરાત સરકારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના, આદિજાતિ વિભાગના એક મંત્રી બનીને પાંચ વર્ષ સુધી સમગ્ર ગુજરાતના આદિવાસી પરિવારમાં અને આખા ગુજરાતના લોકોની દિલથી સેવા કરી અને કોઇ પણ પ્રશ્નનો સદાના માટે, બધાની સાથે એક મિલનસાર સ્વભાવ દયાભાવ, વિવેક, માનવતાના ગુણો રાખીને તેમણે કામ કર્યુ. કોઇ પણ પ્રશ્ન માટે ગુજરાની વિધાનસભામાં કોઇ પણ વિભાગના પ્રશ્નો હોય તેના ઉપર તેને બોલવા માટે હંમેશને માટે તે દિલથી પ્રશ્નો તૈયાર કરીને બોલવાનું કામ હંમેશ માટે કરતા એવી ભાવના ધરાવતા, ખૂબ દિલથી કામ કરનારાં એક સેવક આ દુનિયા છોડીને હંમેશને માટે જતાં રહ્યાં અને તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે તેમાં માનનીય અનિલભાઇને ખૂબ દિલથી શ્રદ્ધાંજલિ પાઠવું છું અને હું પ્રાર્થના પણ કરું છું કે, તેઓના જવાથી તેમના કુટુંબને, સૌ સમાજના લોકોને દિલસોજીનો સંદેશો પાઠવું છું અને ભગવાનને પ્રાર્થના કરું છું કે સદાના માટે આવા માણસો આ ધરતી ઉપર તેમનાં કરેલાં કર્મોના આધારે સારું ફળ મળે તેવી પ્રાર્થના પણ કરું છું અને તેમના કુટુંબીજનો ઉપર આ દિલસોજીનો સંદેશો આપણે પાઠવીએ. માનનીય સતુભાઇ દેવુભાઇ ઠાકરીયા જેઓ વલસાડના વતની હતા અને ત્રીજી વિધાનસભામાં ઉંમરગામથી કેવી પરિસ્થિતિ તે વખતની હતી અને તેવા સંજોગોમાં તે વિધાનસભાના સભ્ય તરીકે જીતી અને પધાર્યા હતા. તેઓ પણ આ દુનિયા છોડીને હંમેશને માટે ગયા છે સદગતના આત્માને પ્રભુ ખૂબ સુખ-શાંતિ આપે અને તેમના કુટુંબને શોક સંદેશો પાઠવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ગુજરાત વિધાનસભાના સ્વ.શ્રી મહેશકુમાર કરમશીભાઇ મકવાણા તેમના કુટુંબ સાથે શ્રી કરમશીભાઇ મકવાણા, શ્રી સવસીભાઇ મકવાણા અને હું પણ વિધાનસભામાં વર્ષ ૧૯૭૨થી છું એટલે શ્રી કરમશીભાઇ અને શ્રી સવસીભાઇ મકવાણા તેઓ પણ ગુજરાત વિધાનસભાના ધારાસભ્ય હતા અને આ તેમના પુત્ર તરીકે શ્રી મહેશભાઇ કરમશીભાઇ મકવાણા તે પણ વિધાનસભાના સભ્ય તરીકે હતા અને તેવી ગરીબ પરિસ્થિતિ અને એવા ખરાબ દિવસો અને એ દિવસોમાં તેઓ બી.એ., એલ.એલ.બી.સુધીનો અભ્યાસ કરીને તે મત વિસ્તારના તમામ નાના મોટા લોકોના જે પ્રશ્નો હોય તે પ્રશ્નો માટે શિક્ષણના ક્ષેત્રે, ખેતીવાડીના ક્ષેત્રે કે બીજા કોઇ પણ સહકારી સંસ્થાઓના ક્ષેત્રે જે કંઇ લોકોના પ્રશ્નો હોય તે પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે દિલથી ખૂબ મહેનત કરતા કરતા ૬૪ વર્ષની વયે આ દુનિયા છોડીને હંમેશને માટે પ્રભુના ધામમાં ગયા છે. એવા સૌ આ ત્રણ મહાનુભાવો આ દુનિયા છોડી ગયા તેમને જે શોકાંજલિ પાઠવી છે તેમાં આપણે સૌ સૂર પુરાવીએ અને સદગતના આત્માઓને ખૂબ સુખ શાંતિ મળે તેવી પ્રાર્થના કરીએ.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના પૂર્વ મંત્રી અને વિદ્યમાન સભ્યશ્રી સ્વ. ડો. અનિલભાઈ જોષિયારા, તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સ્વ. શ્રી સતુભાઈ ઠાકરીયા અને સ્વ. શ્રી મહેશકુમાર મકવાણાના જે શોક પ્રસ્તાવ રજૂ કર્યા છે તેને વિરોધ પક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે અને અન્ય સભ્યશ્રીઓએ સ્વર્ગસ્થશ્રીઓના જીવન-કથન સંવેદનસભર કાર્યકાળના ઉલ્લેખો કરી તેઓના વ્યક્તિત્વની ઝલક પ્રસ્તુત કરી છે તે જોતા આપણને ખ્યાલ આવે છે કે તેઓ હંમેશા પ્રજા હિતના કાર્યો માટે જાગૃત રહેતા હતા. ઉપર્યુક્ત દિવ્ય આત્માઓ તેમના સમગ્ર જીવન દરમિયાન માનવ સેવા માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા હતા અને છેવાડાના માનવી સુધી વિકાસના ફળ મળે તે માટે સતત સેવાઓ આપી હતી. આપણે સૌ પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈ હંમેશા પ્રજા હિતના કાર્યો માટે પ્રયત્નશીલ રહીશું તે જ તેઓને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે.

## તા. ૧૭મી માર્ચ ૨૦૨૨
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

ભિલોડા મતવિસ્તારના આપણા સાથી ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ડો.અનિલભાઈ જોષિયારા આપણી વચ્ચે એક પરિવારની જેમ રહ્યા. ૨૫-૨૫ વર્ષથી આ સભાગૃહમાં પોતે ખૂબ સેવા કરી છે એવા જોષિયારાજીનું લાંબી માંદગી બાદ દુઃખદ અવસાન થયું જેનું મને અતિ દુઃખ થયું છે. આપણે પરિવારના સભ્ય ગુમાવ્યા હોય તેવી તમામ ગૃહને જ્યારે લાગણી થઈ છે ત્યારે તેઓ કોરોનાના ત્રીજા દોરમાં સંક્રમિત થયા હતા અને શરીરના બધા અવયવોને અસર થતા તેમને સારવાર અર્થે ચેન્નાઈ ખાતે શિફ્ટ કરવામાં આવ્યા હતા. તેઓની સારવાર દરમિયાન સારવારનો ખર્ચ ખૂબ જ મોટો થાય તેવું હોસ્પિટલ મારફત જણાવવામાં આવતા તેમના દીકરા મારી પાસે આવ્યા હતા. જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે તેમને મોકલ્યા અને મુખ્યમંત્રીશ્રીએ જે રીતે તેમની સારવારના તમામ ખર્ચને પહોંચી વળવાની ખાતરી આપી તે બદલ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તમામ સભ્યો વતી તેમનો ખૂબ આભાર માનું છું. ડો. જોષિયારા હવે આપણી વચ્ચે રહ્યા નથી. તેમના જવાથી સમાજને અને આપણને સૌને બહુ મોટી ખોટ પડી છે. ચાલુ વિધાનસભામાં તેઓના અવસાનના સમાચાર આવતા આ સભાગૃહમાં ગમગીની છવાઈ ગઈ હતી અને આપણા પરિવારના સભ્યની વિદાયથી આ સભાગૃહ શોકમગ્ન થયું હતું. દિવંગત તમામ મહાનુભાવોને હું મારી શોકાંજલિ અર્પણ કરું છું. પ્રભુ આ તમામ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આ સદગતના આત્માને મોક્ષગતિ પ્રાપ્ત થાય તે માટે પોતાની જગ્યા પર ઊભા રહી બે મિનિટ મૌન પાળીશું.

**(બે મિનિટ મૌન બાદ)**

અધ્યક્ષશ્રી : સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે. નેક્સ્ટ

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રશ્નકાળમાં પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન ક્રમાંક -૭ જે મારો જ પ્રશ્ન છે. એમાં પૂછવામાં આવ્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં બી.યુ. પરમિશન વગર કેટલા વાણિજ્ય કોમ્પલેક્ષો આવેલા છે? અને એમાં તાલુકાવાઇઝ જવાબ આપ્યો છે. એમાં મને સંકલન સમિતિમાં જે જવાબ મળ્યા છે, એ જવાબ એની સાથે સામ્યતા ધરાવતા નથી.

અધ્યક્ષશ્રી : પહેલા પણ મેં આપને રોક્યા છે. આપના પ્રશ્નમાં જે ક્વેરી હોય, પણ જે પ્રશ્ન અહીંયા આવે છે એની ચર્ચા થાય, જે ન આવે એની આપ મંત્રીશ્રી પાસે જઇને ચર્ચા કરી આવજો. આપનો પ્રશ્ન ફ્લોર ઉપર મેરિટમાં આવ્યો નથી, તો એની ચર્ચા કરવાનો વિષય અહીંયા ન આવે. પ્રશ્નોત્તરીમાં જેટલા પ્રશ્નો આવે એની જ ચર્ચા થાય. નેકસ્ટ.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

શિક્ષણ વિભાગ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ની નાણાકીય વર્ષ માટેની અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાન માટેની માંગણી લઇને આવ્યો છું ત્યારે સૌ પ્રથમ તો હું માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વની ટીમ એટલે કે અમારા સૌ મંત્રીશ્રીઓને છ મહિના યોગાનુયોગ આજના દિવસે જ પૂરા થાય છે એટલે અભિનંદન આપુ છું. સાથે સાથે અમારા સૌ પૂર્વ મંત્રીશ્રીઓ, પૂર્વ મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી આદરણીય શ્રી નીતિનભાઇ, શ્રી ભૂપેન્દ્રસિંહજી, શ્રી કૌશિકભાઇ, શ્રી પ્રદિપસિંહજી એ સૌનું અમને માર્ગદર્શન રહ્યું છે. અમારા શાસકપક્ષના સભ્યો, વિપક્ષના સભ્યો, રાજ્યની જનતા અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો પણ અમને સપોર્ટ રહ્યો છે. ત્યારે રાજ્યના વિકાસમાં ટીમ ભૂપેન્દ્રભાઇ તરીકે આજે છ મહિના પૂરા કરતાં અને એ જ દિવસે હું આ મારી માંગણીઓ લઇને આવ્યો છું ત્યારે મને ખુશી અને આનંદ છે અને જેટલું થઇ શકે એટલું તમામ મંત્રીશ્રીઓએ ડેડિકેશન અને સમર્પણના ભાવ સાથે રાજ્યના વિકાસ માટે કામ કર્યુ છે એ સૌને હું અભિનંદન આપું છું.

**માગણી ક્રમાંક- ૯**

**શિક્ષણ વિભાગ**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રકમ રૂપિયા ૩,૧૬,૭૪,૮૬,૭૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૪૪,૯૮,૪૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી): આજના દિવસની માગણીઓ અને તેના ઉપરની કાપ દરખાસ્તો રજૂ થાય ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય લંબાવવામાં આવે.

ડો. સી. જે. ચાવડા (વિપક્ષના દંડકશ્રી) : આ દરખાસ્તને મારો ટેકો છે.

અધ્યક્ષશ્રી : સભાગૃહનો વિરામનો સમય લંબાવવામાં આવે છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભરતજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

ડો.કિરીટકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૧૦**

**શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચની સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૧,૮૨,૪૬,૦૦૦/- ની તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૪૫,૬૦,૦૧,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૧૬,૪૧,૯૨,૦૦૦/- ની માગણી ક્રમાંક-૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ મુસડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપદરખાસ્તરૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | | **શિક્ષણ વિભાગ**<br>**માગણીનં. ૯** | |
| ૧ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-EDN-7-<br>પ્રાથમિક..બનાવવી રૂ.<br>૫,૫૮,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પાનાનં. ૧૬ | ૧૦૦ | રાજ્યમાં શિક્ષણના પ્રશ્નોનો કાયમી અને સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | પાઠ્યપુસ્તકના કાગળની ગુણવત્તા સુધારીને તેનું ઉંચા ભાવે થતું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત (કાંતિભાઈ સોઢાપરમાર) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | __"__ | ૧૦૦ | રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાની કાર્યવાહી સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી (પુનમભાઈ પરમાર) |
| ૪ | __"__ | ૧૦૦ | ઓનલાઈન શિક્ષણમાં બાળકોને સમજણ ન પડતી હોવાની ફરીયાદો સંબંધે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર (ભીખાભાઈ જોષી) |
| ૫ | __"__ | ૧૦૦ | પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓને સમયસર મળતાં નથી પરંતુ આવા પુસ્તકો પસ્તીઓના ગોડાઉનમાં વેચાય છે તેવી ફરીયાદો છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા (રઘુભાઈ દેસાઈ) |
| ૬ | __"__ | ૧૦૦ | આંકડાશાસ્ત્ર, ભૂગોળ તેમજ તત્વજ્ઞાનવિષયના શિક્ષકોની ઘટ નીવારી સત્વેર ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નથાભાઈ પટેલ (ઈન્દ્રજીતસિંહ પરમાર) |
| *૭ | __"__ | ૧૦૦ | જિલ્લા શિક્ષણાધિકારીઓ અને શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના હિતોને નુકસાન થાય તેવા નિર્ણયો લેતાંઅટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા (ચંદ્રીકાબેન બારીયા) |
| ૮ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-EDN-7-<br>પ્રાથમિક..બનાવવી<br>રૂ. ૫,૫૮,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પાનાનં. ૧૬ | ૧૦૦ | મોબાઈલ દ્વારા થતાં ઓનલાઈન શિક્ષણથી વિદ્યાર્થીઓની આંખોને થતાં નુકસાનની ફરીયાદો મળવા છતાં અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ (કાળાભાઈ ડાભી) |
| ૯ | __"__ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓની સમયસર મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઈ ડેર |
| ૧૦ | __"__ | ૧૦૦ | ઉચ્ચ ધોરણમાં અભ્યાસ કરાવવા માટે લાયકાત વિનાના શિક્ષકોની મંજૂરી આપનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૧૧ | __"__ | ૧૦૦ | પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓને સમયસર મળવાને બદલે નવા સત્રના પ્રારંભ પછી પણ લાંબા સમય સુધી મળતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી (કનુભાઈ બારૈયા) |
| *૧૨ | __"__ | ૧૦૦ | ઓનલાઈન એજ્યુકેશનથી ગરીબ અને મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયુ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા (સુનિલભાઈ ગામીત) |
| *૧૩ | __"__ | ૧૦૦ | શિક્ષણલક્ષી અગત્યના નિર્ણયો લેવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (અશ્વિન કોટવાલ) |
| ૧૪ | __"__ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર કથળતુ જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૧૫ | __"__ | ૧૦૦ | એફ.આર.સીમાં રાજકીય આગેવાનોની નિમણૂંકો કરાતા ફી ઘટતી નથી પરંતુ શાળા સંચાલકોના હિતને ફાયદા થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૧૬ | __"__ | ૧૦૦ | રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ પામેલ ગરીબ વિદ્યાર્થીઓને અલગ બેઠક વ્યવસ્થાઆપવામાં આવે છે તે ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૭ | --"-- | ૧૦૦ | શાળાઓમાં વ્યાયામને વધુ મહત્વ અપાય તે માટે વ્યાયામ શિક્ષકોની લાંબા સમયથી ખાલી રહેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| *૧૮ | --"-- | ૧૦૦ | રાજ્યની ઘણી શાળામાં માત્ર એક જ શિક્ષકથી અભ્યાસ કરાવાય છે આવી પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૯ | --"-- | ૧૦૦ | શિક્ષણ વિભાગનું જંગી બજેટ હોવા છતાં ઘણી શાળાઓમાં પીવાના પાણી માટે R.O. સિસ્ટમ ઉભી કરવામાં આવેલ નથી, તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી. જે. ચાવડા |
| ૨૦ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-EDN-7-<br>પ્રાથમિક..બનાવવી<br>રૂ. ૫,૫૮,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૪, પાના નં. ૧૬ | ૧૦૦ | જિલ્લાકક્ષાની શાળાઓમાં સ્થાનિક કક્ષાએથી જ શાળાઓમાં R.O.સિસ્ટમ માટે કોન્ટ્રાક્ટ અપાય તો સમયસર કામગીરી પૂર્ણ થઈ શકે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૨૧ | --"-- | ૧૦૦ | ખાનગી શાળાઓની સરખામણીએ સરકારી શાળાઓની ગુણવત્તા સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| *૨૨ | --"-- | ૧૦૦ | ઓનલાઈન અભ્યાસ અંતર્ગત જે વિસ્તારોમાં કનેકટીવીટી મળતી ન હોય તેવા વિસ્તારના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલ અન્ય પ્રકારની વ્યવસ્થાઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૨૩ | --"-- | ૧૦૦ | કોરોનાકાળમાં ડિજીટલ ડિવાઈસ અને યોગ્ય આયોજનના અભાવે વિદ્યાર્થીઓનું શિક્ષણ ખોરવાયું છે તો તે સંદર્ભે ઘટતું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા (પુંજાભાઈ વંશ) |
| ૨૪ | --"-- | ૧૦૦ | પ્રાથમિક શિક્ષકોની બદલીઓમાં ચાલતી વ્યાપક અનિયમિતતાને દૂર કરી સર્વગ્રાહી નીતિ અમલમાં મુકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૨૫ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-ગુજરાત...બનાવવું<br>રૂ. ૪૯,૩૯,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પાના નં. ૨૮ અને ૨૯ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણનેસંગીન બનાવવા વિષયવાર શિક્ષકોની વ્યાપક ઘટને સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૬ | --"-- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણમાં આમુલ ફેરફાર કરી ભવિષ્યલક્ષી ઉત્તમ શિક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૨૭ | --"-- | ૧૦૦ | શિક્ષણલક્ષી નિર્ણયો લેવામાં થતી ગેરરીતિઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૨૮ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી... શિક્ષણ ૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૪-અન્ય...અનુદાન<br>રૂ.૧૪,૮૫,૦૭,૦૦૦ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં સીક્યુરીટી ગાર્ડના ભરતી-કોન્ટ્રાક્ટમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૪, પાના નં. ૪૪ | | | |
| ૨૯ | --"-- | ૧૦૦ | યુનિવર્સિટીઓના આંતરિક ખટરાગમાંશિક્ષણનું સ્તર ઉતરતું જાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૩૦ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી... શિક્ષણ ૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૪- અન્ય...અનુદાન<br>રૂ.૧૪,૮૫,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં. ૪૪ | ૧૦૦ | યુનિવર્સિટીઓની ભરતીમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર જેવા દુષણોના કારણે શિક્ષણ કાર્યને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| *૩૧ | --"-- | ૧૦૦ | યુનિવર્સિટીઓ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં ગેરરીતિ અને અવ્યવસ્થાના કારણે વિદ્યાર્થીઓના હિતોને ભારે નુકસાન થઈ રહ્યું છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| *૩૨ | --"-- | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં કુલપતિઓ દ્વારા થતી ગેરરીતિઓની તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૩૩ | --"-- | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં પેપર ચેકીંગમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા (કિરીટકુમાર પટેલ) |
| ૩૪ | --"-- | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂંકોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૩૫ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-EDN-27<br>ઉચ્ચતર...કચેરી<br>રૂ.૯૦,૭૯,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પાના નં.૬૧ અને ૬૨ | ૧૦૦ | અધ્યાપકોની ભરતી પ્રક્રિયા ઝડપથી થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી (જશપાલસિંહ પઢિયાર) |
| *૩૬ | --"-- | ૧૦૦ | ધોરણ-૧૨માં માસ પ્રમોશન અપાતા કોલેજના પ્રથમ વર્ષના વર્ગો વધારવાની તેમજ અધ્યાપકોની ખાલી જગ્યાઓના કારણે ઉભી થયેલ સમસ્યાઓ હલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૩૭ | --"-- | ૧૦૦ | ઉચ્ચત્તર માધ્યમિક શાળા અને કોલેજોમાં ગ્રંથપાલોની સમયસર ભરતી કરી સંશોધન કાર્યને વેગ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| *૩૮ | --"-- | ૧૦૦ | કોરોનાકાળમાંલોકડાઉન દરમ્યાન કોલેજો બંધ રહેતા ટેકનીકલ વિદ્યાર્થીઓને અભ્યાસમાં થયેલ નુકસાન દૂર કરવા અંગે યોગ્ય નિર્ણયો લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૩૯ | ૨૨૩૬-પોષણ<br>૦૨- પોષણ.....વિતરણ<br>૧૦૨-મધ્યાહન ભોજન<br>રૂ.૭,૩૩,૨૮,૧૪,૦૦૦ | ૧૦૦ | મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓએ તેમને મળવાપાત્ર સવલતો સંબંધે સરકારમાં કરેલ રજૂઆતોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૪<br>પાના નં. ૧૦૫ થી ૧૦૮ | | | |
| ૪૦ | ૨૨૩૬-પોષણ<br>૦૨- પોષણ.....વિતરણ<br>૧૦૨-મધ્યાહ્ન ભોજન<br>રૂ.૭,૩૩,૨૮,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પાના નં. ૧૦૫ થી ૧૦૮ | ૧૦૦ | મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો, રસોઈયા, હેલ્પરોના વેતનમાં વધારો કરી તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ ખરાડી |
| ૪૧ | -- " -- | ૧૦૦ | લોકડાઉન દરમ્યાન મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને આપવામાં આવેલ પોષણયુક્ત આહારની જિલ્લાવાર વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| *૪૨ | -- " -- | ૧૦૦ | કોવિડ-૧૯ના કારણે મધ્યાહ્ન ભોજન યોજના બંધ રહેતાંવિદ્યાર્થીઓને મળવાપાત્ર ભોજન આપી શકાયું નથી તે અંગેની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| *૪૩ | -- " -- | ૧૦૦ | કોરોનાકાળમાં લોકડાઉનના કારણેભોજન વ્યવસ્થા બંધ રહેવાથીમધ્યાહન ભોજનમાં રોકાયેલા રસોઈયા તેમજ કારીગરોને આર્થિક રીતે નુકસાન થયેલ છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| | **માગણી નં-૧૦** | | | |
| ૪૪ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૧-લલિત...શિક્ષણ<br>રૂ.૪૭,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં.૪, પાના નં.૧૦૦ | ૧૦૦ | કલા અને સંસ્કૃતિને ઉત્તેજન આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ વાજા |
| | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં.૮૯** | | | |
| *૪૫ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-STP-12વિજ્ઞાન...વિભાગ<br>રૂ.૬૦,૭૨,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩, પાના નં. ૫ | ૧૦૦ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| *૪૬ | -- " -- | ૧૦૦ | સરકારી વિભાગોના ડેટા જી-સ્વાન ઉપર સમયસર મૂકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરજાદા |
| ૪૭ | -- " -- | ૧૦૦ | નેટવર્ક સતત ધીમાં ચાલતા હોવાની વ્યાપક ફરીયાદો હોવા છતાં તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

**(વિરામ બપોરના ૧૨-૦૪ વાગ્યા થી ૧૨-૩૦ સુધી)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા ( વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શિક્ષણમંત્રીશ્રી તેઓની માગણી લઇને આવ્યા છે ત્યારે આ ગૃહ સમક્ષ મારા વિચારો, સૂચનો અને રાજય સરકારની કેટલીક ખામીઓ છે તે ખામીઓને ઉજાગર કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રમશે ગુજરાત, ખેલશે ગુજરાત અને જીતશે ગુજરાતનો નારો મેં સાંભળેલો છે. આ નારાને સાર્થક કરવો હોય તો આપણે ત્યાં આખા રાજયમાં છેલ્લા લાંબા સમયથી સરકારી શાળાના ઓરડાઓની ઘટ છે. એકંદરે જોતા

સન ૨૦૧૫માં ૮,૩૦૮ ઓરડાની ઘટ હતી. સન ૨૦૧૮માં ૧૬,૦૦૮ ઓરડાની ઘટ હતી. સન ૨૦૨૧માં ૧૮,૫૦૦ ઓરડાની ઘટ હતી. જયારે સન ૨૦૨૨માં ૧૯,૧૮૮ ઓરડાની ઘટ છે. જયાં ઓરડાઓની જ ઘટ છે, જયાં રમતના મેદાનોની ઘટ છે, જયાં શિક્ષકોની ઘટ છે, ત્યારે આપણે કેવી રીતે કહીશું કે રમશે ગુજરાત, ખેલશે ગુજરાત અને જીતશે ગુજરાત? આ બધી સગવડતાઓ આપણે પૂરી કરી શકયા નથી એ નક્કર સત્ય હકીકત છે. આ પૂરી કરવા માટે સરકાર શું પોતાનો અભિગમ અપનાવે છે એ અમારે જાણવું છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં લગભગ ૧૮ હજાર શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. આપણે એકબાજુ રોજગારી આપવાની વાતો કરીએ છીએ. ઘણા બધા પી.એચ.ડી. થયેલા, એમ.ફીલ થયેલા, બી.એ.બી.એડ તૈયાર થયેલા છોકરાઓ છે. જે ટેટની પરીક્ષા પાસ કરીને બેઠા છે એની સામે તમારી જાહેરાત ફકત ૩,૩૦૦ શિક્ષકો ભરવાની હતી. એનું પરિણામ શું આવ્યું એની મને ખબર નથી. કુલ ૧૮ હજાર જેટલી જગ્યાઓ ખાલી હતી એની સામે ૩,૩૦૦ જગ્યાઓ ભરવા માટેની જાહેરાત બહાર પાડવામાં આવી છે. રાજયનો જે સરહદી વિસ્તાર છે એમાં ખાસ કરીને બનાસકાંઠા, સાબરકાંઠા હોય કે કચ્છ હોય કે છોટાઉદેપુર કે પંચમહાલ જિલ્લાના તમામ ગામડાં બોર્ડરનાં ગામો આવેલાં છે ત્યાં ઓરડાઓની ઘટ છે શિક્ષકોની ઘટ છે. આપણે જે શાળાઓ બનાવેલી છે એમાં ૫,૪૩૯ જેટલી શાળાઓ કમ્પાઉન્ડ વોલ વગરની છે. એમાં મોટા ભાગની ખાસ કરીને બનાંસકાંઠા, દાહોદ, છોટાઉદેપુર, પંચમહાલ અને સાબરકાંઠા જેવો આદિવાસી વિસ્તાર કહેવાય એવા વિસ્તારોની શાળાઓ કમ્પાઉન્ડ વોલ વગરની છે એમાં એ ખાસ જરૂરી છે. સાથે સાથે કેટલીક શાળાઓ મારી નજરમાં આવી છે કે જયાં દીકરીઓ ભણતી હોય છે એવી શાળાઓમાં બાથરૂમ સંડાશની વ્યવસ્થા કરવાની થાય છે એ હજી સુધી આપણે પૂરી કરી શકયા નથી. આપણે એકબાજુ બેટી બચાવો બેટી પઢાવો નારા લગાવીએ છીએ ત્યારે આ દીકરીઓ માટે દરેક શાળાની અંદર વોશરૂમ ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળા હોય કે માધ્યમિક શાળા હોય. આ જે શિક્ષકો છે એ આપણાં બાળકોનું ભાવિ ઘડનારા શિક્ષકો છે. સતત કામગીરી કરતા શિક્ષકો છે. આપણે તેમની પાસે ભણતર સિવાયની પણ કામગીરી કરાવીએ છીએ ત્યારે શિક્ષકો પણ સરકાર પાસેથી અપેક્ષા રાખતા હોય છે. રાજસ્થાનમાં શિક્ષકોને પેન્શન આપવા માટે રાજસ્થાન સરકારે હા પાડી છે, ત્યારે ગુજરાત સરકાર સમક્ષ આ રાજયના શિક્ષકો, તેના મંડળોએ રજૂઆત કરી છે કે અમને જૂની પેન્શન યોજના ચાલુ કરી આપો. સરકાર આ બાબતમાં શું વિચારણા કરે છે? તમે જો શિક્ષકોને જૂની પેન્શન યોજના ચાલુ રાખવા માગતા હો તો એ મારે જાણવું છે. તમે વિપક્ષનો ટેકો માગો છો. એ બાબતે તમારે શું કરવું છે એ હાઉસમાં જાહેર કરો તો ખ્યાલ આવશે કે શિક્ષકો માટે શું કરવા માગો છો? ગામડાંની પ્રાથમિક શાળામાં શિક્ષકો ભણાવે. શહેરની પ્રાથમિક શાળામાં શિક્ષકો ભણાવે. શહેરની અંદર સિટી એલાઉન્સ આપવામાં આવે છે. ગામડાંની પ્રાથમિક શાળાઓમાં ખાસ કરીને ટ્રાઇબલ બેલ્ટમાં ટ્રાઇબલ એલાઉન્સ આપવામાં આવતું હતું. આ શા માટે બંધ કરવામાં આવ્યું? ખાસ પ્રોત્સાહક જોગવાઇ કરીને પણ ગામડાંના શિક્ષકોને એ આપવું જરૂરી છે, કારણ કે ગામડાંમાં રહે છે. ગામડાંમાં રહીને ભણાવે છે. સિટીમાં બધી જાતની સગવડતા છે. જ્યાં સગવડતા મળે છે ત્યાં સિટી એલાઉન્સ આપો છે. ગામડાંવાળાને તમે ટ્રાઇબલ એલાઉન્સ આપતાં નથી. આ ભેદભાવ શા માટે? શિક્ષકોની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે તાલુકા કક્ષાએ બીટ નિરીક્ષકો હોય, કેળવણી નિરીક્ષકો હોય, પ્રાથમિક શિક્ષણાધિકારી હોય. આખા રાજ્યમાં માંડ ૨ ટકા કેળવણી નિરીક્ષકોની જગ્યાઓ ભરાયેલી છે. શા માટે ભરતા નથી? એ ટાટની પરીક્ષા પાસ કરેલી હોય એવા આચાર્યને કામગીરી સોંપીએ છીએ. એ ભણાવે કે પગાર બિલ બનાવવા જાય કે વહીવટ કરવા જાય. દરેક તાલુકા મથકે ઓછામાં ઓછા કેળવણી નિરીક્ષક અને તેની સાથે સાથે વધારાની જોગવાઇ કરીને એક કારકૂન પણ આપવો ખૂબ જરૂરી છે. મારા ધ્યાનમાં આવ્યું છે કે કેટલીક જગ્યાએ એક શિક્ષકથી શાળાઓ ચાલે. રાજ્યની લગભગ ૭૦૦ શાળાઓ એવી છે કે એક શિક્ષકથી ચાલે. એ શિક્ષકને રજા પર જવું હોય અથવા તો આકસ્મિક કોઇ બનાવ બને તો એક શિક્ષકવાળી શાળામાં જે છોકરાઓ ભણે છે તે છોકરાઓના ભણતર માટે શું વિચાર્યું છે? કોરોનાકાળની અંદર પ્રાથમિક શાળાના શિક્ષકોએ પણ સારી કામગીરી કરી. બાળકોને આપણે શાળામાં ન આવવા દીધા. ઓનલાઇન ભણાવવાની વાત થઇ. ગામડાંમાં વિદ્યાર્થીઓ ઓનલાઇન શિક્ષણ લઇ શક્યા નથી. ઓફલાઇન જ ભણાવવા પડે. ગામડાંનું શિક્ષણ કથળી ગયું છે એમ કહું તો ખોટું નથી. તેના માટે સ્પેશિયલ કંઇ જોગવાઇ થાય. જે ભણતર અધૂરું રહી ગયું છે, આપણે તેને આગળના વર્ગમાં ચડાવીએ છીએ પણ આગલા વર્ગમાં ચડાવ્યા પછી તેના મગજમાં જે ભણતર રહ્યું એ એટલું જ રહેવાનું. ખાલી ખુશ થવાનું કે ત્રીજા ધોરણમાંથી ચોથા ધોરણમાં આવ્યો અને ચોથા ધોરણમાંથી પાંચમા ધોરણમાં ગયો. શિક્ષકો તેને ભણાવી શક્યા નથી. આ સરકારનું જે તંત્ર છે એ શિક્ષણનું મૂલ્યાંકન કરવા માટે અલગ અલગ જગ્યાએ અધિકારીઓ મોકલીએ છીએ. એ મૂલ્યાંકનનો રિપોર્ટ સરકાર પાસે હશે. ગામડામાં કયા પ્રકારનું શિક્ષણ છે જેના કારણે બાળકો ઘણી જગ્યાએ લખી શકતા નથી, વાંચી શકતા નથી. આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અમારા છોટાઉદેપુરમાં ઓરડાઓની જગ્યા ખાલી છે અને સર્વ શિક્ષા અભિયાનમાં નવા ઓરડા બનાવવાના છે. જર્જરિત થયેલી પ્રાથમિક શાળાઓને તોડીને નવી શાળાઓ બનાવવા માટે બે-બે, ત્રણ-ત્રણ વર્ષથી એની મંજૂરી મળી ગઇ છે, તેમ છતાં આ અંગેની ગ્રાંટના અભાવે નવી સ્કૂલો બાંધી શકતા નથી. આ રાજય સરકારના મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એ બજેટ સર્વ સભ્યો વિચારણામાં લેશે કે પોતપોતાના વિસ્તારમાં શિક્ષણની શું તકલીફ છે. એ શિક્ષણની તકલીફ અમારા સભ્યો ઉજાગર કરે પછી મંત્રીશ્રી જવાબ આપે ત્યારે વિચારીશું.

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીજી શિક્ષણ, સાયન્સ અને ટેકનોલોજી વિભાગની સન ૨૦૨૨-૨૩ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ અને ટેકનોલોજી વિભાગની માગણી નંબર ૮૯ ઉપર મારા વિચારો વ્યકત કરું છું. રોઝલીન ફ્રેંકલીને સાયન્સ માટે કહ્યું છે, 'Science and everyday life cannot and should not be separated.' ડો. ટી.પી.ચીયાએ ટેકનોલોજી માટે કહ્યું છે છે કે 'Technology change quality of life, technology cannot replace human intelligence.' સાયન્સ અને ટેકનોલોજી વિભાગ માટે બજેટની અંદર ૬૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગત વર્ષની બજેટની સરખામણીમાં વાત કરું તો ૧૦૭ કરોડ રૂપિયાની વધારે ફાળવણી કરવામાં આવી છે એટલે કે અંદાજે ૧૯ ટકાની વધારે ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત રાજય ભારતના સૌથી પ્રગતિશીલ અને વૈવિધ્યસભર અર્થવ્યવસ્થામાંનું એક બન્યું છે. અમારી સરકારની સક્રિય નીતિ નિયમન વ્યવસાય કરવા માટેની સરળતા Ease of Doing Business, રોકાણકારોને અનુકૂળ અભિગમ, મજબત ઔધોગિક ઇન્ફ્રાસ્ટ્રકચર, ગુણવત્તાસભર જીવન પ્રદાનને કારણે ગુજરાત રાજય રોકાણ માટેનું સૌથી ઉત્તમ સ્થળોમાંનું એક બન્યું છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ડિજિટલ ઇન્ડિયાના વિઝનને અનુરૂપ અને આગામી દાયકાને ભારતના ટેકેડ તરીકે જોવા માટે આત્મનિર્ભર ભારત અને આત્મનિર્ભર ગુજરાતના સંકલ્પ અભિયાનને સાકાર કરવા આઇ.ટી. ક્ષેત્રના રોકાણોને વેગ આપવા માટે અને સાથે સાથે રોજગારીની નવી તકોનું સર્જન કરવા માટે, વધુ રોજગારી ઉભી કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજીના નેતૃત્વમાં અમારી સરકારે તાજેતરમાં જ નવી અને ખૂબ જ અગત્યની એવી આઇ.ટી. પોલીસી વર્ષ ૨૦૨૨-૨૦૨૭ જાહેર કરી છે. નવી આઇ.ટી. પોલીસી અંતર્ગત વિશ્વકક્ષાના આઇ.ટી. ઇન્ફ્રસ્ટ્રકચરનું નિર્માણ કરી ઉચ્ચ કૌશલ્ય ધરાવતા આઇ.ટી. માનવબળોનો એક સ્ત્રોત ઉભો કરીને ગુજરાતમાં આઇ.ટી. ઇકો સિસ્ટમમાં પરિવર્તન લાવવાનું લક્ષ્ય છે. નવી આઇ.ટી. પોલિસીની અંદર સમગ્ર દેશની અંદર પ્રથમવાર કેપેક્સ અને ઓપેક્સ મોડલનો યુનિક કોન્સેપ્ટ રાખવામાં આવેલો છે. આઇ.ટી. ક્ષેત્રે અગ્રણી રાજયોની આઇ.ટી. પોલિસીઓનો પણ સાથે સાથે અભ્યાસ કરવામાં આવેલો છે. નવી આઇ.ટી. પોલિસીના કારણે અંદાજે એક લાખ નવી રોજગારીનું સર્જન થવાનું છે. નવી આઇ.ટી. પોલિસીમાં રાજયના અઇ.ટી. ક્ષેત્રના રોજગારને પ્રોત્સાહન આપવા માટે વિશેષ પ્રોત્સાહનો પણ રજૂ કરેલા છે. અમારી સરકાર અધતન શિક્ષણ કેન્દ્રો ગુજરાત આર્ટીફિશિયલ ઇન્ટેલજન્સ સ્કૂલ સ્થાપવાનો પણ વિચાર કરી રહી છે. આઇ.ટી. ક્ષેત્રના ઉધોગો માટે કુશળ પ્રોફેશનલ્સો આ સ્કૂલમાં તૈયાર કરવામાં આવશે. આઇ.ટી. પોલિસી દ્વારા આપણા ગુજરાતને દેશના આઇ.ટી. ક્ષેત્રમાં ટોપ-૫ માં લઇ જવા માટે અમારી સરકારનો પ્રયાસ છે. સાથોસાથ બીજી એક બી.ટી. પોલિસીની પણ મારે વાત કરવી છે. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં બી.ટી. પોલિસી ૨૦૨૨-૨૦૨૭ પણ જાહેર કરવામાં આવી છે. નવી બી.ટી. પોલિસીથી બાયોટેકોનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો જે સંકલ્પ છે એ સાકાર થશે. સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર રાજ્યોમાં સ્થાન પ્રાપ્ત કરશે. ગુજરાત મૂડીરોકાણનું ડેસ્ટિનેશન ઓફ ચોઇસ બનશે. રાજ્યમાં ઇનોવેશન ઇકો સિસ્ટમ પણ વધુ સુદ્રઢ બનવાની છે. જેમ અગાઉ આઇ.ટી. પોલિસીમાં કહ્યું કે ૧ લાખ નવી રોજગારીનું સર્જન થશે એમ બી.ટી. પોલિસીમાં ૧.૨૦ લાખથી વધારે રોજગારીની નવી તકોનું સર્જન થશે. બાયોટેકનોલોજી ક્ષેત્રે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની ગિફ્ટ સિટીની નજીક સ્થાપના કરવામાં આવી છે. મને જણાવતા આનંદ થાય છે કે યુ.કે. સ્થિત એડિનબરા યુનિવર્સિટીની સાથે આપણે કોલોબ્રેશન કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ સિટી બાબતની વાત કરું તો સાયન્સ સિટી રાજ્ય અને રાષ્ટ્રનું વિજ્ઞાનનું એક પ્રવાસન સ્થળ બન્યું એમ કહીશ તો ખોટું નથી. પ્રથમ તબક્કામાં ૧૦ જેટલા પેવેલિયન તૈયાર કરવામાં આવ્યા. બીજા તબક્કામાં વૈશ્વિક ગેલેરીઓ જેવી કે રોબોટિક ગેલેરી, એક્વેટિક ગેલેરી વગેરેનું નિર્માણ કર્યું. એનું ઉદઘાટન વર્ચ્યુલી આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબે કરેલ. સાયન્સ સિટીમાં ૨૫૦ કરોડના ખર્ચે માનવ અને જીવ વિજ્ઞાનની ગેલેરી બનાવવામાં આવી છે. આ વર્ષના બજેટમાં ૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે છેલ્લા આઠ મહિનામાં આ સાયન્સ સિટીની મુલાકાત જેમણે લીધી છે, વિદ્યાર્થીઓએ લીધી, મુલાકાતીઓ અને પ્રવાસીઓએ લીધી છે, એમાં ૫ લાખથી વધુ સંખ્યામાં મુલાકાત લેવામાં આવી છે. મારે સાયન્સ સિટી માટે કહેવું હોય તો કહીશ કે, સાયન્સ સિટી નહીં દેખા તો કૂછ નહીં દેખા. ગુજકોસ્ટની વાત કરું તો આપણે રાજકોટ, ભાવનગર, પાટણ અને ભુજ ખાતે નેશનલ લેવલના મોડલ રિજિયોનલ સાયન્સ સેન્ટરો બની રહ્યાં છે. એનું નિર્માણ કાર્ય અત્યારે અંતિમ તબક્કામાં છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આખા ગુજરાતની વાતો નથી કરવી. મારે મારા મત વિસ્તાર અને જિલ્લા છોટા ઉદેપુર એની જ વાત કરવી છે. કારણ કે ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો એવી વાત મારે કરવી નથી. માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો અને મારી માગણીઓ રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છોટા ઉદેપુર જિલ્લો વર્ષ ૨૦૧૩માં બન્યો. પહેલા વડોદરા જિલ્લામાં હતો. વર્ષ ૨૦૧૩ માં બનેલા અમારા છોટા ઉદેપુર જિલ્લામાં કુલ ૮૮૮ ગામો છે. ૬ તાલુકાનો સમાવેશ થયો છે અને સાડા દસ લાખની વસતિ છે.

ચાર તાલુકા આદિવાસીના છે. આ આદિવાસી વિસ્તારોમાં હીલી એરિયાની સાથે એકબાજુ મધ્યપ્રદેશ, બીજી બાજુ મહારાષ્ટ્ર અને ત્રીજી બાજુ રાજસ્થાન છે. આ બધા જિલ્લાઓની બોર્ડરો ઉપર અમારા ગામો આવેલા છે. એ ગામોમાં કેટલીક સ્કૂલો બની. કેટલીક સ્કૂલો બની ગયા પછી ચાલવાની પણ બાળકોને સુવિધા નથી. એવી પ્રાથમિક શાળાઓમાં બાળકો જઇ શકતા નથી એટલે એ બાળકો પ્રાથમિક શાળામાં ભણવા દરરોજ જાય એના માટે તમે જે પ્રાથમિક શાળાઓ છોટાઉદેપુર તાલુકામાં છે અને પ્રવેશ મહોત્સવ કરો એ પ્રવેશ મહોત્સવ વખતે સર્વ શિક્ષા અભિયાનના ડાયરેક્ટરો, ઉચ્ચ શિક્ષણ નિયામકો એ બધા સાહેબો આવે ત્યારે અમે અનેક વખતે રજૂઆત કરીએ કે અમારી પરિસ્થિતિ આવી છે. બાળકોને ચાલવાની પણ સુવિધા નથી એવી જે ૪૫ અમારી પ્રાથમિક શાળાઓ છે એ ૪૫ પ્રાથમિક શાળાઓમાં ખાલી રસ્તો તો કરી આપો. ડામરનો ભલે ન થાય પણ આર.સી.સી.નો રોડ બને એવી કાર્યવાહી કરો તો આ બાળકો સવાર સાંજ આ રસ્તા ઉપરથી ભણવા માટે જઇ શકે અને ઘરે આવી શકે. એની રજૂઆત મેં તા. ૧૨-૮-૨૦૧૬ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીને, નાયબ મુખ્યમંત્રીશ્રીને કરી હતી કે ૪૫ જેટલા રસ્તા બનતા નથી, એ મને કોઇપણ ભોગે તમે બનાવી આપો, પરંતુ આજ સુધી આ વર્ષ ૨૦૨૨ સુધી આ ૪૫ પ્રાથમિક શાળાઓ માટે કોઇજાતની રસ્તાની સુવિધા મળી નથી. મધ્યપ્રદેશની બોર્ડર ઉપરના ગામો અને હીલી એરિયા ઉપરના આ ગામો છે. વિકાસની વાતો તો થશે પણ ગામડાંઓને કંઇ મળે નહીં એવી બાબત અમે જયારે રજૂ કરીએ છીએ ત્યારે અમારી લાગણી એટલી જ છે. છોટાઉદેપુર જિલ્લામાં ૪૩ જેટલી આદિવાસી વિભાગ હસ્તકની આશ્રમશાળાઓ છે. ૭૬ જેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે. આ જગ્યા ભરવા માટે એન.ઓ.સી. મળતી નથી. સરકારે પ્રવાસી શિક્ષકોની ભરતી કરવા આદેશો કરવા જોઇએ એ આદેશો થતા નથી પરિણામે શિક્ષકોના અભાવે બાળકો શિક્ષણથી વંચિત રહે છે. આવી પરિસ્થિતિમાં તમે નકકી કર્યું છે કે છોટાઉદેપુર જિલ્લામાં ૨૫૩ જેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી. ૨૫૩ પ્રાથમિક શાળાઓ બંધ કરે તો આદિવાસી વિસ્તારના તમામ બાળકો શિક્ષિત બને નહીં.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે જે અવનવી પદ્ધતિઓ લાવીને ગુજરાતને શિક્ષણની પ્રયોગશાળા બનાવી દીધી છે જેના કારણે ગુજરાત દિનપ્રતિદિન શિક્ષણક્ષેત્રે પાછળ જાય છે. આજે ગુજરાતમાં ૧૯,૧૨૮ ઓરડાની ઘટ છે. મારા મહીસાગર જિલ્લામાં ૬૩૦ ઓરડાની ઘટ છે. કમ્પાઉન્ડ વોલ પૈકી ૫,૪૩૯ જેટલી કમ્પાઉન્ડ વોલ ગુજરાતમાં નથી અને મહીસાગરમાં ૩૪૪ જેટલા કમ્પાઉન્ડ વોલ બનાવવાની બાકી છે. શાળાઓમાં વીજળીની સુવિધા વગરની ગુજરાતમાં ૨૩ જેટલી શાળાઓ છે. છેલ્લા કેટલાય સમયથી શિક્ષકોની ભરતી પ્રક્રિયા બંધ છે. પ્રવાસી શિક્ષકોથી શાળા ચલાવવામાં આવે છે જે રોજમદાર હોવાથી નિષ્ઠાથી કામ કરતા નથી. કોઇપણ દેશ કે કોઇપણ રાજયના વિકાસ માટે શિક્ષણ ઉપર આધાર રખાતો હોય છે ત્યારે શિક્ષણ આપવાનું કામ કરનાર શિક્ષકોની માગણીઓ અને એમને મળવાપાત્ર લાભો સૌથી પહેલા આપવા જોઇએ અને શિક્ષકોની ભરતી ઉપર સરકારે ધ્યાન આપવું જોઇએ. શાસ્ત્રમાં ગુરુ વિષે ખૂબ સરસ પંક્તિ કહેવાઇ છે. ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાએ. બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાયે. આ ઉક્તિને સાકાર કરવા માટે શિક્ષક મિત્રોની માગણીઓને આપણે સંતોષવી જોઇએ. દુનિયામાં સૌથી મોટો શિક્ષક એટલે માતા. એ પછી જો કોઇ શિક્ષણનું સીંચન કરવાનું કામ કરતો હોય તો શિક્ષક. અન્ય ક્ષેત્રમાં જેમ લાભો અપાય છે એમ શિક્ષકોને લાભો આપવા જોઇએ. શિક્ષકોને મળતા લાભો આપી એમને ઉત્સાહી કરવા જોઇએ. જેનાથી એમના ક્ષેત્રોમાં સારું કામ કરે. ગુજરાતમાં ૭૦૦ સરકારી પ્રાથમિક શાળામાં એક જ શિક્ષક છે. સરકારી વિદ્યાર્થીઓ પાસેથી ૧૭ લાખ રૂપિયા ઉઘરાવી અડધા લોકોને ટેબ્લેટ આપ્યા છે. રાજ્યમાં ૮૬ જેટલા લાભો બંધ કરવામાં આવ્યા છે. સર્વ શિક્ષણ અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર પાસે ગુજરાત સરકારે જે નાણાં માગ્યાં હતાં, એનાથી ખૂબ ઓછાં નાણાં ફાળવવામાં આવ્યાં છે. પ્રાથમિક શાળાના આચાર્યોને જે જવાબદારી આપવામાં આવે છે. દા.ત. ખેલ મહાકુંભ એન્ટ્રી, આધાર ડાયસ એન્ટ્રી, શિષ્યવૃત્તિ માટેની એન્ટ્રી, ઓનલાઇન હાજરી, શિક્ષક અને વિદ્યાર્થીઓની અઠવાડિયે એકમ કસોટીઓ લેવાની, એકમ કસોટી જોવાની, એકમ કસોટીના માર્કસ ઓન લાઇન કરવાના, ઓન લાઇન સ્પર્ધકોની એન્ટ્રી, કલા મહાકુંભ એન્ટ્રી, ઘણીબધી એન્ટ્રી શીક્ષકોને એક અઠવાડિયા દરમ્યાન કરવાની આવતી હોય છે. એ શિક્ષકો શાળામાં શૈક્ષણિક કામ કરી શકતા નથી. શાળામાં એપ્રિલમાં પરીક્ષાઓ શરૂ થશે. અભ્યાસક્રમ પૂર્ણ થયેલ નથી અને પરીક્ષાઓ લેવામાં આવનાર છે. ગુજરાત રાજ્યમાં જૂની પેન્શન યોજના ચાલુ કરવી જોઇએ. જે રાજ્યમાં કોંગ્રેસની સરકાર છે એ દરેક જગ્યાએ જૂની પેન્શન યોજના અપનાવવામાં આવી છે. હાલ પંજાબમાં આપની સરકાર છે. એણે જૂની પેન્શન યોજના દાખલ કરી છે. તો આપણે પણ એના ઉપર ધ્યાન આપવું જોઇએ. વિષય શિક્ષકોની જરૂરિયાત પ્રમાણે ભરતી કરો. શાળામાં પીવાના પાણીની જરૂરિયાત પૂરી પાડી બાળકોને શાળા સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરો. ગામડામાં શાળા બંધ કરવાથી ગરીબ વિદ્યાર્થીઓ ભણી શકવાના નથી. કોંગ્રેસની સરકારમાં જ્યાં બાળક ત્યાં શાળા અને અત્યારે એવી પરિસ્થિતિ થઇ છે જ્યાં શાળા ત્યાં બાળક. સરકારી શાળા બંધ થતા પ્રાઇવેટ શાળામાં ફી નહિ ભરી શકનાર બાળકો શિક્ષણથી વંચિત રહેવાના છે. ગામડામાં બનાવેલ ઓરડાઓ આજે બંધ પડ્યા છે. સરકારે કરેલ ખર્ચ વ્યર્થ છે. બાળકોને આપવામાં આવતા પુસ્તકો અડધું સત્ર પૂરું થાય ત્યાં સુધી મળતા નથી અને પુસ્તક વગર બાળકો ભણે છે. પ્રવાસી શિક્ષકોની જગ્યાએ કામયી શિક્ષકોની ભરતી કરો. સરકારી શાળા બંધ થવાથી ખાનગી શાળાઓનો રાફડો ફાટી નિકળ્યો છે. જેઓ ખૂબ મોટી ફી લે છે. ગરીબ બાળકો ભણી શકતા નથી.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે પરીક્ષા લીધી નહોતી. એ વર્ષે લેવામાં આવેલી પરીક્ષા ફીના ૩૫૦ રૂપિયા પરત કરવામાં આવ્યા નથી. ઓન લાઇન શિક્ષણ આપવામાં આવતા ડુંગરાળ વિસ્તારોમાં ગરીબ બાળકો પાસે એન્ડ્રોઇડ ફોન ન હોવાના કારણે, કવરેજ ન હોવાના કારણે ભણી શકતા નથી. શહેરોમાં કેટલીક શાળાના ટ્યૂશન કલાસીસ વ્યવસ્થા વગર આજે પણ ચાલે છે. નાના ગામડાની શાળા બંધ થતા નાના બાળકો ભણવા જઇ શકતા નથી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શિક્ષણ વિભાગની માગણી નંબર-૯ લઇને આવ્યા છે. એને અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સારું કામ કર્યું હોય ત્યારે સરકારને ચોક્કસ અભિનંદન આપવા પડે. એટલે મારા તાલુકાની વાત કરી લઉં છું. ઉંમરગામ તાલુકામાં ૨-૨ કરોડ રૂપિયાના સારા મકાનો બનાવ્યા છે. એમાં કન્યા શાળા ઉંમરગામ, સોલસુંબા, સંજાણ, ખભલવાડા, મરોલી, માલખેત, માંડા, તુંબ, વંકાસ, ઘોડીપાડા, ફણસા કલગામ, ટીંબી, પલગામ, નારગોલ, નાહુલી, દેહરી, ગોવાડા, સરીગામ, અણગામ, સરોડા, કોલીવાડ અને ડેહલી તેમાં સારા અને સુંદર આલિશાન મકાનો બનાવ્યા છે એટલે માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે કેટલાક મુદ્દાઓ એવા છે જે મંજૂર થયેલા છે અને અત્યારે પ્રોસિજર બાકી છે તેમાં ઝરોલી, ભિલાડ, માંડા, પટેલવાડા, બીલીયા, કંનાડુ, વલવાડા, ભીકોલી, ભમકવાડ અને નંદીગામ છે તે મંજૂર થયેલા છે. પરંતુ કાર્યવાહી કરવાની બાકી હોય તે ઝડપથી થઇ જાય અને ચોમાસા દરમ્યાન આ મકાનો થઇ જાય તે રીતેની વ્યવસ્થા કરો તેવી અપેક્ષા રાખું છું. શિક્ષણમાં તાલુકાની અંદર આર્ટસ, કોમર્સ, સાયન્સ અને આઇ.ટી.આઇ. કોલૅજ તથા બી.એસસી. નર્સિંગ કોલેજ પણ ચાલુ કરી દેવામાં આવી છે. ૨૭ જેટલી માધ્યમિક શાળાઓ સારી રીતે ચાલે છે. ૩૨૯ જેટલી આંગણવાડીઓ છે તેના સારા અને સુંદર મકાનો સહભાગીદારીની અંદર બનાવેલા છે. આ જે વિષય છે તે ગુજરાત રાજ્યની આગવી યુનિવર્સિટી અંગેનો છે. શિક્ષણ જીવનને આત્મનિર્ભર બનાવે છે. તે માણસને સમાજમાં સન્માન સાથે જીવવાની પ્રેરણા પણ આપે છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સૂચવેલ છે કે, સાક્ષરતા અભિયાનની સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રાથમિકતા આપવી જોઇએ. આપણે ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે અને હવે સમય આવી ગયો છે કે, આપણે આપણી શિક્ષણ પ્રણાલીનાં પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન (આઇ.આઇ.ટી)ની સ્થાપના વર્ષ ૨૦૧૦માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિચારબીજ સાથે કરવામાં આવેલ છે. તેઓ એક એવી સંસ્થા સ્થાપવા માંગતા હતા કે, જે વિશ્વ કક્ષાના શિક્ષકો પેદા કરે અને તેમની નિકાસ કરે, શિક્ષકો સારા હોય તો આપણા નાનાં નાનાં બાળકો અને જે બારમા ધોરણ પછી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરે છે તેમને સારું શિક્ષણ આપ્યું છે. તેના કારણે આઇ.આઇ.ટી.નો મુખ્ય હેતુ આવતીકાલના શિક્ષકોને ભારતીય પરંપરાના પરિવર્તનકારી જ્ઞાન સાથે ઉછેરવા અને શિક્ષકોના અભિન્ન વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને શિક્ષક શિક્ષણના નવા યુગની શરૂઆત કરે તે છે. તેમજ મૂલ્ય-શિક્ષણ, વૈશ્વિક દ્દષ્ટિકોણ અને આંતર શાખાકીય દ્વારા ચિન્હિત અને વ્યાખ્યાયિત શિક્ષક શિક્ષણમાં સંકલિત અભ્યાસક્રમો પ્રદાન કરવાનો છે. આઇ.આઇ.ટી. તેના ૧૧ મા વર્ષે વિશ્વને ઉત્તમ શિક્ષકો ઘડતરની નેમ સાથે આગળ વધી રહી છે. શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા બી.એ., બી.એડ તથા બી.એસસી. બી.એડ ના ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ તેમજ પોસ્ટ ગ્રેજયુએટ લેવલે એમ.એડ તથા ઇન્ટીગ્રેટેડ બી.એડ, એમ.એ. બી.એડ તથા એમ.એસ.સી. અને એમ.એ.ના અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. ધોરણ-૧૨ પછી શિક્ષક બનવા માટે ચાર વર્ષનો ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તેમજ કોલેજ કક્ષાએ અધ્યાપક બનવા માટે એમ.એડ તથા બી.એડ. તથા એમ.એડ. ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ પણ ચલાવવામાં આવી રહ્યો છે. આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે સંલગ્ન રાજયની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ એવી ૫૯ બી.એડ કોલૅજો પણ યુનિવર્સિટીના પથ પર ચાલીને કુશળ શિક્ષકોના ઘડતર ક્ષેત્રે કાર્ય કરી રહી છે. આ આઇ.આઇ.ટી. ખાતે સેન્ટર ઓફ રિસર્ચ, સેન્ટર ઓફ એજયુકેશન, સેન્ટર ઓફ ટ્રેનિંગ સેન્ટર, સેન્ટર ઓફ એક્સલન્સ તથા સેન્ટર ઓફ સ્પેશિયલ એજ્યુકેશન એમ કુલ પાંચ સેન્ટર કાર્યરત છે. હાલમાં આઇ.આઇ.ટી. માં યુ.જી. કોર્સમાં ૫૩૭, પી.જી કોર્સમાં ૧૩૪ તથા રિસર્ચ પ્રોગ્રામમાં ૪૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની એકમાત્ર ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના ૩૧ જુલાઇ ૨૦૦૯ ના રોજ વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિચારબીજ સ્વરૂપે થયેલ છે. તેઓના મતે પ્રત્યેક બાળક મહત્વનું છે. આ વિચાર સૂત્રથી યુનિવર્સિટી કાર્ય કરી રહી છે. ચિલ્ડ્રન યુનિવર્સિટી આજના બાળકોને મિત્રતા, પરસ્પરતા અને સંવાદિતાની એક નવી દુનિયાનું નિર્માણ કરવા તરફ દોરી રહ્યું છે. જે સંકુચિતતા અને અંધ સંઘર્ષોના તમામ અવરોધોને પાર કરે છે. જે વિશિષ્ટતા અને ભૂતકાળના બોજથી પરિણમે છે તેમજ ઉત્કર્ષના પ્રકાશના ભાવિના દબાણ સામે ટકી રહેવાના પ્રયત્નો કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના બાળકોએ ભવિષ્યના ઘડવૈયા બનવા માટે તૈયાર રહેવું પડશે, ભવિષ્ય જે વ્યક્તિગત સ્વતંત્રતા, સામૂહિક સમાનતાવાદ અને સાર્વત્રિક અને આધ્યાત્મિક બંધુત્વના સંશ્લેષણ દ્વારા સ્પર્ધાત્મક વ્યક્તિવાદના સ્થાને ચિહ્નિત થશે. તે ભવિષ્યમાં સંશયને નિષ્ક્રિય કરવા અને જ્ઞાનની શોધને ઉત્તેજિત કરનાર અને ઉચ્ચ આધ્યાત્મિક સત્યો અને ભૌતિક જીવનમાં તેમના અભિવ્યક્તિને સમજવાની પ્રખર આકાંક્ષાઓ દ્વારા પ્રગતિને વેગ મળશે, ભવિષ્યની નવી દુનિયા

ભૌતિક જીવનને સંવર્ધન કરશે, જેથી કરીને તેને સમૃદ્ધ અને વધુ સમૃદ્ધ બનાવી શકાય અને તે જ્યાં પણ હોય ત્યાં ગરીબીનું સ્થાન કઠોરતા, શોષણને દૂર કરીને અને નીતિમત્તા, પ્રતિષ્ઠા અને સતત સશક્તિકરણને પ્રોત્સાહિત કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે ૭ સ્કુલ અને ૧૨ ડિપાર્ટમેન્ટ્સ સાથે કુલ ૪૧ અભ્યાસક્રમો કાર્યરત છે. આ યુનિવર્સિટી દ્વારા ગુજરાતભરમાં ૬૮ વિદ્યાનિકેતનનું જોડાણ અને ૫૯ અભ્યાસ કેન્દ્રોનું જોડાણ કરવામાં આવેલ છે. તેમજ ૩૮ તપોવન કેન્દ્રની સ્થાપના કરવામાં આવેલ છે જે સગર્ભા માતાઓને ગર્ભ સંસ્કારનું કાર્ય કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટની સ્થાપના ગુજરાત સરકાર દ્વારા એક સ્વાયત યુનિવર્સિટી તરીકે કરવામાં આવેલ છે તેમજ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રોમાં ટેકનિકલ અને વ્યવસ્થાપક જ્ઞાનના સંદર્ભમાં ઇજનેરી શિક્ષણમાં નોંધપાત્ર ફેરફાર લાવવા માટે ફરજિયાત છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અંગેની માગણીઓ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાળક એ બગીચાનું ફુલ અને ભગવાનનું સાક્ષાત સ્વરૂપ છે. એવાં બાળકો માટે જ્યારે વાત હોય ત્યારે પક્ષાપક્ષીથી પર રહીને બધાએ સાથે મળીને શિક્ષણની વાત હોય કે આરોગ્યની વાત હોય એમાં આ બાળકોનું હિત કઇ રીતે થઇ શકે એ જોવાની અને કરવાની આપણી બધાની જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી વિધાનસભાના ૧૦માં સત્રમાં આપના માધ્યમથી હું માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, એક એવો નિર્ણય કરીએ કે જે બાળકો માટે ખૂબ જરૂરી હોય અને આવતા દિવસોમાં લોકો યાદ કરે. આપણે ઝૂંપડામાં રહેતા હોઇએ કે મોટા બંગલામાં દિવસમાં બે વાર સફાઇ કરવાની જરૂર પડે છે. ખૂબ દઃખ સાથે કહેવું પડે છે કે, શિક્ષક ગામડાંમાં આપણે જેને માસ્તર કહીએ છીએ જેનું સ્તર મા કરતા પણ ખૂબ ઉંચું છે. ત્યારે સફાઇ માટે આપણી પાસે ૩૨,૦૧૩ પ્રાથમિક શાળાઓમાં એક પણ જગ્યાએ આયા બેન કે પટાવાળાની વ્યવસ્થા નથી. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ મા કરતા પણ જેનું ઉંચું સ્તર છે એ સફાઇ કરે છે કે આપણા નાના નાના ભૂલકાઓ કરે છે? ત્યારે આ વિધાનસભામાં આપના માધ્યમથી હું વિનંતી કરું છું કે, આપણી દરેક શાળામાં પટાવાળા કે આયા બેનની વ્યવસ્થા કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંમાં બાળકોને સ્કૂલે જવાના વાહનની કોઇ વ્યવસ્થા નથી. ખાસ કરીને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ભણતા વિદ્યાર્થીઓને સ્કૂલે જવાના ટાઇમે વાહન ન આવવાના કારણે ખૂબ હેરાનગતિ થાય છે. ત્યારે જરુરી સૂચના આપીને સ્કૂલના ટાઇમે સરકારી બસ મળે એવી વ્યવસ્થા કરવી જોઇએ. અમારા વિસ્તારમાં ઘણી વાર સરકારી બસ આવે છે એ પાસવાળા વિદ્યાર્થીઓ માટે ઉભી રાખવામાં આવતી નથી અને આની ફરિયાદો પણ સ્થાનિક લેવલે મેં ઘણી વાર કરી છે ત્યારે આ બાબતમાં ધ્યાન આપવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. બીજું માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભાવનગરમાં ૯૬૬ જેટલા ઓરડાઓની ઘટ છે. કમસે કમ ઓરડાઓ ના થાય, પણ આ વિધાનસભા પૂરી થાય તે દરમ્યાન ટેન્ડરિંગ વગેરે પ્રક્રિયા હાથ ઉપર લેવાય એવી હું આપના માધ્યમથી માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં શાળાની ફરતે દીવાલ નથી. આપણે જયારે સવારમાં જઇએ તો રેઢિયાળ ગાયો, આખલાઓ અને દરેક જગ્યાએ ખૂબ મોટાં પ્રમાણમાં છે તો આખા મેદાનમાં એ ગોબર પડેલું હોય છે અને સફાઇવાળા તો કોઇ હોતા નથી. આપણી નજર સામે શિક્ષક ભાઇઓ અને બહેનો તેની સફાઇ કરતા હોય છે. શિક્ષણમાં એક પરિવારની ભાવના ઉભી થાય, દરેક શિક્ષક બાળક સ્કૂલે જાય તો તેને એવુ લાગે કે હું મારા પોતાના પરિવારમાં આવ્યો છું. ઘણા શિક્ષકો ખૂબ સારું કામ કરે છે, પણ કયારેક કોઇક શિક્ષકો સારું કામ ના કરતા હોય તો એ બાબતે પણ આપણે ધ્યાન દોરીને અને આ ગૃહમાં બેઠેલાં મોટાભાગના આપણે બધાજ સરકારી શાળાઓમાં ભણેલા છીએ ત્યારે આપના માધ્યમથી માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરું કે આવી જે દીવાલો વગરની શાળાઓ હોય તેમાં ફરતે દીવાલોની તાત્કાલિક ધોરણે વ્યવસ્થા કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મોટાભાગની આંગણવાડીઓ જર્જરિત છે, ઘણી બધી સ્કૂલોના ઓરડાઓ જર્જરિત છે અને ચોમાસાની અંદર પાણી પડે છે ત્યારે આ બધી પરિસ્થિતિની અંદર ચોમાસુ આવે તે પહેલાં તેની વ્યવસ્થા કરવામાં આવે. સરકારે સ્કૂલોની અંદર ડિજિટલ બોર્ડની વ્યવસ્થા કરી છે, સારી વાત છે અમે આવકારીએ છીએ પરંતુ ઘણી બધી સ્કૂલો તેમાં બાકી છે ત્યારે જે બાકી સ્કૂલો છે તેને તાત્કાલિક ધોરણે ડિજિટલ બોર્ડ મળે એવી વ્યવસ્થા કરવામાં આવે તેવી અમારી માગણી છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ માગણી નંબરઃ ૯,૧૦ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુસંસ્કૃત સમાજના નિર્માણ માટે શિક્ષણ એ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. એ જ રીતે વ્યકિતના વિકાસમાં પણ શિક્ષણનો મહત્વનો ભાગ હોય છે. વ્યકિતના વિકાસનો પાયો શિક્ષણ પર આધારિત છે. ગુજરાતના બાળકોને બાળ મંદિરથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી લઇ જવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે સમયની સાથે કદમ મિલાવીને સરકારી સ્કૂલો હોય, કોલેજો હોય તેમાં જરૂરિયાત પ્રમાણે શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. સરકારી સ્કૂલો, કોલેજ સ્માર્ટ બની રહી છે. ટેકનોલોજીના આ સમયની સાથે સાથે રાજય સરકારે શહેરથી લઇને ગ્રામીણ વિસ્તારોમાં સ્માર્ટ એજયુકેશન ઉપર ભાર મૂકયો છે. કવોલિફાઇડ

## તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શિક્ષકો દ્વારા ગુણવત્તાસભર શિક્ષણ વ્યવસ્થાના કારણે વાલીઓએ સરકારી શાળા, કોલેજોની શિક્ષણ વ્યવસ્થા ઉપર વિશ્વાસ મૂકયો છે. હાઈટેક એજ્યુકેશન આપવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે, એના અનુસંધાને આપણી સરકાર મારફત અમદાવાદની કોલેજમાં ઇમીજિંગ ટેકનોલોજી અંતર્ગત વિવિધ લેબની સ્થાપના કરવામાં આવી રહી છે. જેમાં આ ડિજિટલ યુગમાં આપની પાસે લોકોના જીવનમાં કેવી રીતે પરિવર્તન લાવવું એની જે તક છે જેની થોડા દાયકા પહેલાં કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. જે ગતિએ લોકો ડિજિટલ ટેકનોલોજી તરફ જઈ રહ્યા છે. આપની ઉંમર, શિક્ષણ, ભાષા અને આવકના સ્ટીરિયો ટાઈપના નકારી કાઢે છે. વિદ્યાર્થીઓને આધુનિક એરિયામાં તાલીમ, રોજગારી તેમજ સ્ટાર્ટ-અપને પ્રોત્સાહિત કરવા ગુજરાત સરકાર દ્વારા ઇમેજિંગ ટેકનોલોજીની કુલ-૪ લેબ એલ.ડી. એન્જીનિયરિંગ કોલેજ, અમદાવાદ ખાતે બનાવવા જઈ રહ્યા છીએ, તેમાંથી એક લેબ છે Artificial Intelligence and Machine Learning Lab જેમાં learning with data. Analytics નો ઉપયોગ ઘણા બધા ફિલ્ડમાં થાય છે જેવા કે, કાર, ઓટોમેશન, આરોગ્ય, મેન્યુફેકચરિંગ, નાણાકીય સેવા, સોશિયલ મીડિયા, રીટેલ, ઉર્જા તથા અન્ય સેવાઓ ગુજરાતના વિદ્યાર્થીઓ પણ ઇમેજિંગ ટેકનોલોજી અગ્રેસર કુશળ રહે અને હંમેશા ઉદ્યોગની જરૂરિયાત પ્રમાણે કૌશલ્ય અને ઉપલબ્ધ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ લેબનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. એની સાથે સાથે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ વિદ્યાર્થીઓમાં ઈનોવેશન કલ્ચર વિકસાવવા અને તેમને સર્જનાત્મકતા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે રાજ્ય સરકારનો ઉદ્દેશ નવીનતાને પ્રોત્સાહિત કરવાનો, સ્ટાર્ટ અપને ટેકો આપવા, શિક્ષકો અને વિદ્યાર્થીઓને ટેકનોલોજીના ઉભરતા ક્ષેત્રમાં શૈક્ષણિક તાલીમ આપવાનો છે. એની સાથે બ્લોક ચેઈન લેબ, બ્લોક ચેઈન એક ઊભરતી ટેકનોલોજી છે. જેનો વ્યાપ ઘણો વધી રહ્યો છે. બ્લોક ચેઈનમાં ડિસ્ટ્રિબ્યુટેડ લેઝર હોય છે. જેમાં સીરિઝ ઓફ બ્લોક્સ છે, જેમાં જરૂરી ઓથેન્ટિકેશન અને વેરિફિકેશન થયેલું હોય છે. આ બ્લોક ચેઈનને તેમાં ભાગ લેનાર વ્યક્તિઓ દ્વારા જ બનાવવામાં આવે છે. આ લેઝર એકબીજા સાથે વહેંચાયેલું હોય છે તો પણ તેની નકલ કરી શકાતી નથી. કોઈ પણ ટ્રાન્ઝેક્શન રેકર્ડ કરી શકાય છે અને તે કોણે અને ક્યારે કર્યું તેની પણ આખી રૂપરેખા જોઈ શકાય છે. બ્લોક ચેઈનની મહત્તા એટલે છે કે જ્યારે જરૂર પડે ત્યારે બ્લોક ચેઈન સાથે સંકળાયેલા બધા બ્લોક જોઈ શકાય છે અને એનું ખૂબ મહત્ત્વ વધશે એટલા માટે તેનું નિર્માણ થઈ રહ્યું છે. એની સાથે સાથે રોબોટિક લેબ, રોબોટ વિશ્વ અર્થતંત્રનો મુખ્ય ભાગ બનવા જઈ રહ્યો છે. રોબોટ રોજિંદા જીવનને સરળ બનાવવા અને ઉત્પાદન વધારવા માટે મદદ કરી રહ્યો છે. રોબોટિક ટેકનોલોજી વિશ્વની અગ્રણી તકનીકમાંની એક બની રહી છે. ગુજરાત સરકાર સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ આમ જનતાને રોબોટિક વિશે સરળ રીતે જ્ઞાન આપવા માટે સાયન્સ સિટી રોબોટિક ગેલેરી બનાવી રહી છે. જેમાં રોબોટ સર્વર દ્વારા સંચાલિત ક્રાફ્ટ એરિયા તેમજ ગ્રાઉન્ડ ફ્લોર પર ઈન્ટરવિનિંગ પ્રદર્શનો શરૂ કર્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે પ્રથમ તો માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબને અભિનંદન આપવા છે. મારા વિસ્તારમાં ધોરણ ૧ થી ૮ નગર ભારતી શિક્ષણ સમિતિની સ્કૂલો છે અને સુમન હાઈસ્કૂલ સંચાલિત ધોરણ ૯ થી ૧૦ ની એક સ્કૂલ ચાલતી હતી. જેમાં વાલીઓનો એવું કહેવું હતું કે અમારા વિસ્તારમાં ધોરણ ૯ થી ૧૦ ની એક જ સ્કૂલ હોવાથી અમારા બાળકો ભણવા માટે રહી જતા હોય છે. ઘણા પ્રયત્નો કર્યા અને પૂર્વ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ સાહેબને અમે રજૂઆત કરી અને ત્યાર બાદ ધોરણ ૯ થી ૧૦ની સુમન હાઈસ્કૂલ શાળાઓ પણ લાવ્યા. ત્યાર બાદ ધોરણ ૯ થી ૧૦ ની ત્રણ માધ્યમિક સ્કૂલો આવી ગઈ. ત્યાર પછી ધોરણ ૯ થી ૧૦ માં મારા વિસ્તારનાં બાળકો ભણતા થયાં. ત્યાર બાદ અમે ધોરણ ૧૧-૧૨ માટે ઘણી રજૂઆત કરી. ધોરણ ૧૧-૧૨માં હમણા ગયા વર્ષથી એક સ્કૂલ આવી તેમાં આર્ટ્સ, સાયન્સ, કોમર્સ માધ્યમના વર્ગો શરૂ થયા. મારો સ્લમ અને મધ્યમ કક્ષાનો વિસ્તાર હોવા છતાં ત્યાંના વિદ્યાર્થીઓ ઈચ્છા હોવા છતાં આગળનું શિક્ષણ લઈ શકતા ન હતા. ખાસ કરીને દીકરીઓ આગળનું શિક્ષણ પૂરું કરી શકતી ન હતી, કારણ કે કોલેજ દૂર હોવાથી અઠવા લાઈન્સ સુરત જવું પડતું હતું અને આ દીકરીઓ ભણવાનું છોડી દેતી હતી. જેના લીધે અમે આપણા શિક્ષણમંત્રીશ્રીને ઘણી બધી રજૂઆત કરી. ત્યાર પછી શિક્ષણમંત્રીશ્રીએ અમારે ત્યાં સરકારી ગ્રાન્ટેડ કોલેજની મંજૂરી આપી અને આજે અમારે ત્યાં અમારા વિસ્તારના વાલીઓ, બાળકો, વિદ્યાર્થીઓ અને ખાસ કરીને દીકરીઓ આનંદિત છે. આજે અમારે ત્યાં દીકરીઓ આગળ ભણી શકશે, પોતાના પગ પર ઊભી રહીને નોકરી પ્રાપ્ત કરી શકશે તેના માટે પણ હું શિક્ષણમંત્રીશ્રીનો સરકારી કોલેજ મંજૂર કરવા બદલ ખૂબ ખૂબ આભાર માનું છું. ભારતે ડિજિટલ ઈન્ડિયાનું સ્વપ્નું જોયું છે. લેટેસ્ટ સાયન્સથી લઈને લેટેસ્ટ ટેકનોલોજી સુધી દરેક વસ્તુ આંગળીના ટેરવે ઉપલબ્ધ હોવી જોઈએ. જ્યાં માહિતી એક્સેસમાં હોય, કોઈ અવરોધ ન હોય. આજે ભારતીય પ્રતિભા અને ટેકનોલોજીની માહિતી આવતીકાલના ભારતને દિશા આપે છે અને તે જ દિશામાં રાજ્ય સરકાર પણ કામ કરી રહી છે. કોરોનાકાળ દરમિયાન આપણા બધાના બાળકો સ્કૂલ કોલેજ બંધ હોવાના લીધે...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી ગુલાબસિંહ રાજપૂત.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે એમની માંગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં છેલ્લે વર્ષ ૨૦૧૭માં ટેટની પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારબાદ હજારો ગુજરાતના બી.એડ કે પી.ટી.સી. થયેલા વિદ્યાર્થીઓ આજે પણ ટેટની પરીક્ષા લેવામાં આવે એના ઈન્તજારમાં જયારે બેઠા છે ત્યારે સરકાર દ્વારા ટેટની પરીક્ષા લેવામાં આવે, જેનાથી ગુજરાતના વિદ્યાર્થીઓને આગામી ભરતીઓનો લાભ મળી શકે.

ગુજરાતની અંદર ૯૫ ટકા કરતાં વધારે કેળવણી નિરીક્ષકોની જગ્યાઓ આજે ખાલી છે. તો તાત્કાલિક ધોરણે કેળવણી નિરીક્ષકોની ભરતી કરી જગ્યાઓ ભરવામાં આવે. ગુજરાતમાં ૧૮ હજાર કરતા પણ વધુ આજે શિક્ષકોની ઘટ છે. એની સામે માત્ર ૩,૩૦૦ વિદ્યાસહાયકોની ભરતી પાડવામાં આવે છે. શા માટે એક મહિના અને બે મહિના માટે પ્રવાસી શિક્ષકોની ભરતી કરી ગુજરાતના યુવાનોનું અપમાન કરવું? જેમ રાજસ્થાનની અંદર કોગ્રેંસની સરકાર ૬૩,૦૦૦ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરતી હોય તો ગુજરાતમાં કેમ ગુજરાતની સરકાર ૧૮,૦૦૦ જેટલી શિક્ષકોની ભરતી ના કરી શકે? ખાસ કરીને, અમારા ખુદના થરાદ અને વાવ વિસ્તારોમાં શિક્ષકોની ખૂબ ઘટ છે. આજે ૭૦૦ કરતા પણ વધારે સ્કૂલોની અંદર એક-એક શિક્ષકોથી સ્કૂલો ચાલી રહી છે. ગુજરાતના વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે આ છેડછાડ છે. માત્ર એક શિક્ષક શું ભણાવી શકશે? આટલી જગ્યાઓ ખાલી છે, આટલા યુવાનો બેરોજગાર છે તો ભરતી થવી જોઇએ. ઓરડાના ઘટની વાત કરીએ તો બનાસકાંઠા જિલ્લામાં ૧,૯૦૦ કરતાં પણ વધારે ઓરડાની ઘટ છે. મારા વિસ્તારમાં એક સેરાઉ ગામની વાત કરુ અને સેરાઉ ગામના ગોળીયાની વાત કરુ તો, આ બંને સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ઝાડ નીચે બેસીને ભણવું પડે છે, જે આજે કમનસીબ કહેવાય. આજે અમીરગઢ હોય કે દાંતા હોય ત્યાંના આદિવાસી વિદ્યાર્થીઓને ઓરડાઓની ઘટના લીધે ઝાડ નીચે બેસીને ભણવું પડ છે. ગયા વર્ષે દસ-દસ મકાનો મંજૂર થયેલા છે પણ કયાંક સરકાર અને એમની એજન્સીઓની કંઇક અણ-આવડતાના કારણે આજે ગુજરાતમાં સ્કૂલો અને ઓરડા મંજૂર થયેલ છે એ પણ બનતા નથી. જયારે અમે સ્કૂલમાં ભણ્યા ત્યારે સ્કૂલોની અંદર, પી.ટી.ના ટીચરો હતા, ચિત્રના ટીચરો હતા, કલાના ટીચરો હતા, કોમ્પ્યૂટરના ટીચરો હતા, પણ છેલ્લાં ઘણાય વર્ષોમાં આજે ગુજરાતની અંદર જે ભરતીઓ થાય છે, એમાં નથી સ્પોર્ટસના ટીચરો ભરતી કરવામાં આવતાં, નથી કલાના ટીચરો ભરતી કરવામાં આવતા કે નથી ચિત્રના ટીચરો ભરતી કરવામાં આવતા કે નથી કોમ્પ્યૂટરના ટીચરો ભરતી કરવામાં આવતા. તો આ બધા જે શિક્ષકોની ડિગ્રીઓ લઇને બેઠા છે અને જે બેરોજગાર છે અને સરકાર જયારે શ્રી જીતુભાઇ માંગણીઓ લઇને આવ્યા છે ત્યારે આમના માટે પણ વિચારવું જોઇએ. આ બધા શિક્ષકોની ભરતી થવી જોઇએ. ગ્રાન્ટેડ શાળાઓની અંદર જે પણ શિક્ષકો પોતાના વતનથી કયાંક દૂર નોકરી કરી રહ્યા છે એમને પણ પોતાના વતનનો લાભ મળી રહે તે માટે પોતાના વિસ્તારની ગ્રાન્ટેડ શાળાઓમાં જે જગ્યાઓ ખાલી છે ત્યાં બદલીનો લાભ મળવો જોઇએ. આજે જેમ રાજસ્થાન અને છત્તીસગઢ રાજ્યોમાં કોંગ્રેસ પાર્ટીની સરકારે જૂની પેન્શન યોજના લાગુ કરી, એમ ગુજરાત રાજ્યમાં પણ લાગુ થવી જોઇએ. નહીંતર અમે કોગ્રેંસના લોકોએ સંકલ્પ કર્યો છે કે ગુજરાતમાં કોગ્રેંસ પાર્ટીની સરકાર બનશે ત્યારે જૂની પેન્શન યોજના ગુજરાતમાં લાગુ કરશું. શ્રી નીતિનભાઇ, ૯૦ ટકા નોકરિયાતોએ ત્યાં સ.પા. ને વોટ આપ્યા છે. આજે ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના શિક્ષકોનો ગ્રેડ પે રકમ રૂપિયા ૨,૮૦૦/- છે, શા માટે ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોનો ગ્રેડ-પે વધારવામાં આવતો નથી? માનનીય શ્રી જીતુભાઇ, શિક્ષકોની બદલી માટે વર્ષ ૨૦૧૨માં બનાવવામાં આવેલા નવા નિયમો આજસુધી લાગુ કરવામાં આવ્યા નથી. આપ દ્વારા જાહેરાત કરવામાં આવી કે, નવા નિયમો લાગુ કરવામાં આવશે, પણ હજુ સુધી એનો કોઇ જી.આર. કરવામાં આવ્યો નથી કે જેના કારણે શિક્ષકોની બદલીઓનાં કામ થઇ શકે. કમનસીબે કહેવું પડે છે કે ગ્રાન્ટેડ શાળાઓની અંદર આજે કેટલાંય વર્ષોથી કોઇપણ કલાર્કની ભરતી કરવામાં આવતી નથી. કોઇપણ પ્યૂનની ભરતી કરવામાં આવતી નથી. આટલા લાખો બેરોજગાર છે તો શા માટે ભરતી કરવામાં આવતી નથી? કે જેનાથી કોઇક નવા લોકોને લાભ મળી શકે. ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને જેમ આર.એમ.સી. સ્કૂલો બનતી હતી એની મંજૂરી આપવામાં આવે. આજે પણ કેટલાય વિસ્તારોમાં ૫-૫ ગામો, ૬-૬ ગામો, ૧૦-૧૦ ગામો વચ્ચે એકપણ માધ્યમિક સ્કૂલો નથી, તો નવી માધ્યમિક સ્કૂલો બનાવવામાં આવે, તાલુકા મથકે નવી કન્યા સ્કૂલો બનાવવામાં આવે. કોરોના વખતે પ્રાઇવેટ શાળાઓમાં ૨૫ ટકા ફી માફી કરવામાં આવશે એવું કહેવામાં આવ્યું હતું, પણ આજે ગુજરાતમાં કયાંય કોઇ પ્રાઇવેટ સ્કૂલોએ ફી માફી કરી નથી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનું બજેટ ૨ લાખ ૪૩ હજાર કરોડનું હોય, છતાં શાળાઓની અંદર ઓરડાઓ ઓછા હોય, શિક્ષકો જરૂરિયાત મુજબ પૂરતા ન હોય, અને ગરીબ બાળકોને આજે મજબૂરીથી ખાનગી અને સેલ્ફ ફાઇનાન્સ શાળાઓમાં જવું પડતું હોય, ઘણી બધી જગ્યાએ એવું થયું છે કે એમને પ્રાઇવેટ સ્કૂલોમાં, એમની કેપેસિટી ન હોવા છતાં પ્રાઇવેટ સ્કૂલમાં એજ્યુકેશન લેવા મજબૂર થવું પડે છે. છેલ્લાં દસ વર્ષમાં એક માહિતી મુજબ લગભગ સાડા ચાર લાખ વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓ છોડીને પ્રાઇવેટ સ્કૂલોની અંદર એડમિશન લીધા છે. સરકાર એજ્યુકેશનની વાત કરતી હોય તેવા સમયે જયારે વિદ્યાર્થીઓની સરકારી શાળાઓમાં જે રીતની ખસતા હાલત થઇ છે તેના પરિણામે પ્રાઇવેટ સ્કૂલોમાં અને સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલોમાં એડમિશન લેવું પડતું હોય છે, ઘણા બધા લોકોની પરિસ્થિતિ સારી ન હોવા છતા, કોરોના કાળ નહોતો ત્યારે પરિવારજનો થોડી ઘણી ફી ભરી શકતા હતા, પરંતુ કોરોના આવ્યા પછી જે સ્થિતિ ઉભી થઇ એમાં ઘણી બધી જગ્યાએ લોકોએ ખાનગી શાળાઓ છોડીને સરકારી સ્કૂલો તરફ પાછા વળવું પડયું છે, એવા ઘણા બધા દાખલાઓ અમદાવાદમાં પણ છે. પરંતુ હું સરકારશ્રીને વિનંતી કરવા માગું છું કે સરકાર જો ખરેખર ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણ આપવા માટે ગંભીર હોય તો રાજય સરકાર સરકારી શાળાઓ પર પૂરતું ધ્યાન આપે. તેના માટેની જે પરિસ્થિતિ છે કે જાહેરાતો તો થાય છે, પરંતુ શાળામાં જે ઇન્ફ્રાસ્ટ્રકચર હોવું જોઇએ એ પ્રમાણે સરકારી શાળાઓમાં હોતું નથી. કેટલીક જગ્યાએ

જાહેરાત થાય છે, અમદાવાદ શહેરની હું વાત કરું તો સ્માર્ટ બિલ્ડિંગ ઘણી બધી જગ્યાએ બનાવવામાં આવે છે, પણ કોઇક કોઇક જગ્યાએ એવી ખસતા હાલત હોય છે કે વિદ્યાર્થીઓને ત્યાં બેસવાના પણ ફાંફાં પડતા હોય છે, ત્યાં જર્જરિત ઇમારત હોય છે. એટલે મારી વિનંતી છે કે સરકાર જે પણ સરકારી સ્કૂલો છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનની જે સ્કૂલો છે એમાં ઇન્ફ્રાસ્ટ્રકચર છે તે સારી ક્વોલિટીનું ઉભું કરે, સ્પોર્ટસ માટેની ફેસિલિટી પૂરી પાડે. આપણે ખેલ મહાકુંભ કરતા હોઇએ ત્યારે પી. ટી. ના ટીચરોની પણ આપણે નિમણૂક કરવી જોઇએ. સૌથી વધારે સરકારી શાળાઓમાં પરિસ્થિતિ બગડવાનું મુખ્ય કારણ એ છે કે શિક્ષકો પાસેથી બિન શૈક્ષણિક કાર્ય લેવામાં આવે છે. આપણે અત્યારે ૧૧ તારીખની જ વાત કરીએ તો આપણા માનવંતા પ્રધાનમંત્રીશ્રી આવ્યા હતા ત્યારે અમદાવાદમાં તમામ શાળાઓના ટીચરોને ફરજિયાત કાર્યક્રમમાં હાજરી આપવાનો પરિપત્ર કરવામાં આવ્યો હતો. શિક્ષકો રાજકીય કાર્યક્રમોમાં જશે કે છોકરાઓને ભણાવશે? સરકારી શાળાઓની અંદર બિન શૈક્ષણિક કાર્ય લેવામાં આવે છે તેના પરિણામે શિક્ષણને બહુ મોટી અસર ઉભી થઇ છે. આપણા જે સરકારી ટીચરો છે એમને જે રીતે ''આપ'' મોડલ છે તે રીતની તાલીમ મળે, સારું હોય તે બધાએ સ્વીકારવું જોઇએ. દિલ્હીમાં આપ મોડલ જે શિક્ષણ માટેનું આદર્શ મોડલ થયું છે. ત્યાં આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. અધિકારીઓનાં બાળકો તેમાં ભણવા જઇ રહ્યાં છે. ત્યાંની સરકાર ત્યાંના શિક્ષકોને આઇ.આઇ.એમ.ની અંદર અને કેટલીક વખત વિદેશમાં પણ એ ટીચરો પૂરા ક્વોલીફાઇડ થાય તેવું પ્રશિક્ષણ મળે તે માટે મોકલે છે. જો આપણે આ બાબતે ગંભીર હોઇએ તો આપણે આ કરવું જોઇએ. કેમ કે એક જગ્યાએ જોઇએ તો લોકોના છોકરાઓ એરકન્ડિશન્ડ સ્કૂલમાં બેસીને ભણતા હોય અને બીજી જગ્યાએ જોઇએ તો છોકરાઓને માથે પૂરતી છત પણ ન હોય, આ સમાંતર વિકાસની વાત છે. અને જયારે આપણે ગરીબ અને મધ્યમ વર્ગની વાત કરતા હોઇએ અને આપણું બજેટ ૨ લાખ ૪૩ હજાર કરોડનું હોય, અને મંત્રીશ્રી કહેતા હોય કે સાડા ચાર લાખ કરોડ સુધી દેવું કરી શકીએ એવી સ્થિતિ છે. હું એટલું નથી કહેતો, હું તો એટલું જ કહું છું કે ફક્ત ૧ હજાર કરોડનું બીજું દેવું કરીને સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશનની જે શાળાઓ છે તેનું ઇન્ફ્રાસ્ટ્રકચર વ્યવસ્થિત કરવામાં આવે. છોકરાઓને ત્યાં વ્યવસ્થિત શિક્ષણ મળી રહે એ માટેની પર્યાપ્ત સુવિધાઓ ઉભી કરવામાં આવે. માનનીય ધારાસભ્યશ્રીઓનો એક વર્ષનો પગાર જમા લઇ લો પરંતુ આ સરકારી શાળાઓ છે એમાં જે બાળકોને શિક્ષણ મળી રહે એના માટે યોગ્ય આયોજન કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પણ મેં વાત કરી કે અમદાવાદમાં મ્યુનિસિપાલિટીની ૨૦૦ કરતાં વધારે શાળાઓ બંધ છે ત્યાં પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો. ત્યાં સ્થાનિક આગેવાનો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરીને જો એ સરકારી શાળાઓ કે મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળા ખોલાવવા મદદરૂપ થઇ શકતા હોય તો એમની સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી. હું અમદાવાદ કોર્પોરેશનનો આભાર માનું છું. મારા વિસ્તારમાં બે શાળાઓ લાવ્યો. કાળુપુર પબ્લિક સ્કૂલ અને દરિયાપુર પબ્લિક સ્કૂલ. કાળુપુર પબ્લિક સ્કૂલ જે દિવસે ચાલુ કરી તે દિવસે ૮૫૦ બાળકોએ એડમીશન લીધું આજે ત્યાં ૮૫૦ બાળકો અભ્યાસ કરી રહ્યાં છે. બીજી જે દરિયાપુર શાળા છે જે આ વર્ષે ચાલુ થવાની છે ત્યારે પહેલા દિવસ બાળકો ત્યાં પણ મળી રહેશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણી સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજય તમામ ક્ષેત્રની દ્રષ્ટિએ જોઇએ તો સૌથી ઝડપી અને વિકસીત રાજય છે. હું સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વાત કરું છું. આ વિભાગ ખાસ કરીને રાજયના વિકાસનું નવું ડેવલપમેન્ટ, નવી ટેકનોલોજી મારફતે ગુજરાત રાજયની પ્રજાને કેવી રીતે ડિજિટલ દ્વારા એમને મદદરૂપ થઇ શકે આ એનો મુખ્ય અંશ છે. આજે જોવા જઇએ તો ગુજરાત કૃષિ ક્ષેત્રની અંદર ખૂબ સારી પ્રગતિ કરી છે. ઉદ્યોગ ક્ષેત્રની અંદર પણ ખૂબ આખા વિશ્વની અંદર નામના થઇ છે. સાથે સાથે સામાજિક સેવાઓને પણ એટલું જ ધ્યાન આપવામાં આવેલ છે અને આ ત્રણેય પેરા મીટર જે પ્રકારે કામ કરી રહ્યાં છે એજ બતાવે છે કે આ દેશની અંદર ગુજરાત શા માટે નંબર વનનું રાજય છે. એમ કહેવાય છે નોલેજ ઇઝ ઓન્લી ધ અલ્ટીમેટ પાવર. ત્યારે સાયન્સ એન્ડ ટેકનોલોજીની વાતની શરૂઆત કરું તો આજના સાયન્ટિસ્ટ શું કરે છે? આજના સાયન્ટિસ સૂર્યની ચમક ઓછી કરવા પાછળ લાગ્યા છે. સંશોધન કરે છે, પ્રયાસ કરે છે, જયારે આપણે ત્યાં સુધી નથી જવું કે સૂર્યને ઠંડો કેવી રીતે પાડવો. સાયન્સ એન્ડ ટોકનોલોજીની આ હાઇટ છે ત્યારે વિશ્વના સાયન્ટિસ કામ કરતા હોય ત્યારે મારુ એવું ચોક્કસ માનવું છે કે જે પ્રકારે ગુજરાતે વિકાસ કર્યો છે એ તમામ ક્ષેત્રની અંદર અને જયારથી આ વિભાગને સમજયો છે, ત્યારથી આપણને ખબર પડે કે સાયન્સ અને ટેકનોલોજી વિકસતા રાજયની અંદર કેટલા જરૂરી છે. બધા સભ્યશ્રીઓએ સી.એમ ડેસ્કબોર્ડ તો જોયો હશે, જો ના જોયો હોય તો વિનતી કરું કે સી.એમ. ના બંગલામાં બહાર જ એક ડેસ્કબોર્ડ છે, જે માનનીય પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇ પટેલે ત્યાં જે ડેસ્કબોર્ડ ઉભું કરેલ છે એ એકજ જગ્યાએથી આખા ગુજરાતનું સંચાલન થઇ જાય એ પ્રકારનો એકદમ અત્યંત આધુનિક સી.એમ.ડેસ્કબોર્ડ છે, જેનાથી ટેકનોલોજી શું છે કેવી રીતે દેશની અંદર કોઇ જગ્યાએ વરસાદ વધારે છે અને ત્યાં આગળ ખૂબ પાણી ભરાયું છે અને પૂર આવ્યું છે લોકો બેહાલ છે, તો એ ડેસ્કબોર્ડ પરથી જોઇ શકે. એનાથી ડાયરેક્ટ કરી શકીએ અને એ ડેસ્કબોર્ડથી આપણે સૂચના આપી શકીએ. કોરોનાની મહામારી થઇ ત્યારે બધું જ ઓન લાઇન સિસ્ટમ થઇ ગઇ હતી. હવે વિચાર કરો કે આપણે અપગ્રેડેડ ન હોઇએ તો શું હાલત થાય? અને ઘણા એવા દેશ છે કે અન્ડર પ્રિવિલેજ દેશ કહી શકાય કે જેની પાસે કોઇ સિસ્મટ નથી

એમની શું હાલત થઇ શકે એ તો ભગવાન બચાવે. ત્યારે આપણે બધું જ કામ ઓન લાઇન, વર્ક ફ્રોમ હોમ, બધાં જ સેન્ટરો ઉપરથી ઘરેથી આપણે કામ કરતાં હતાં. ખાસ કરીને એજયુકેશન પણ બે વર્ષ સુધી ઓન લાઇન ભણાવતા હતા. કારણ કે એ સિવાય બીજો કોઇ છૂટકો નહોતો. બાળકોને શાળાની અંદર મોકલવા કેવી રીતે એને શિક્ષણ કેવી રીતે આપવું આ પણ પ્રશ્ન હતો. ઓન લાઇન એજ્યુકેશનની અસર બાળકો ઉપર થઇ છે એ આપણે સૌ સ્વીકારીએ છીએ. પણ એ ન હોત તો શું થાત? તો ઓનલાઇન એજ્યુકેશન, ઓનલાઇન બિઝનેસ, બધું જ ઓનલાઇન. સભ્યશ્રીઓને કહું કે એ દિવસોની અંદર સંગઠન પણ ઓનલાઇન ચલાવ્યું છે તો ખોટું નથી. આજે મને જણાવતા આનંદ થાય કે ભારત દેશ અને ગુજરાત રાજ્ય ૫૪ મંત્રાલય, ૩૧૮ યોજનાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સ્ફર દ્વારા આપણે ગુજરાતની પ્રજાની સેવા કરી રહ્યા છીએ. આ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સ્ફર ન હોય તો શું હોય? કેટલા બધા વચેટિયા હતા? કેવી રીતે તંત્ર ચાલતું હતું અને કોંગ્રેસના તો પૂર્વ વડાપ્રધાન પોતે બોલ્યા છે કે એક રૂપિયો મોકલું છું અને નીચે સુધી ૧૫ પૈસા જ પ્રજાની વચ્ચે જાય છે. મને જણાવતા આનંદ થાય, કહેતા ગર્વ પણ થાય કે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સ્ફર એક પહેલ યોજના થકી આપણા બધાના નોલેજમાં રહે કે વિશ્વની સૌથી મોટી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સ્ફર જેની ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ તેની નામના થઇ છે. આનો એક જ મતલબ છે. કરપ્શન ઝીરો અને કરપ્શન ઝીરો હોય ત્યારે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સ્ફરથી આજે જોઇ શકીએ છીએ, ડિજિટલ રીતે આપણે આગળ વધી રહ્યા છીએ. કોઇનો હક્ક કોઇ છીનવી શકતું નથી. છેવાડાના માનવી સુધી લાભો કેવી રીતે પહોંચાડવા એ આ સાયન્સ અને ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટનો મુખ્યત્વે હેતુ છે. ડિજિટલથી એમ કહી શકાય કે ભ્રષ્ટાચાર પર અંકુશ. આજે મારે સન્માનનીય ગૃહને જણાવવું છે કે સાયન્સ અને ટેક્નોલોજીથી આપણે આગળ આવ્યા છીએ, આપણે બધી જ વાતો કરીએ છીએ બોગસ ગેસ કનેક્શન પકડાયા. બોગસ રેશનકાર્ડ પકડાયા. અનેક યોજનાની અંદર જે સબસિડીઓ મળતી હતી, એ પકડાઇ, મનરેગાની અંદર આપણને એક આધારકાર્ડ હમણાં જ બે-ત્રણ મહિના પહેલાં પેપરમાં ન્યૂઝ હતા કે આધારકાર્ડને વોટરકાર્ડ સાથે લીંક કરશો, તમે બધા જાણો છો કે આપણે બધા રાજકીય જીવનમાં ચૂંટણીઓ લડીને અહીં આવ્યા છીએ. તો અનેક એવા બોગસ મતદારો હશે તે પણ બહાર આવવાના છે. આટલું મોટું ક્રાંતિકારી કામ એક માત્ર આધારકાર્ડને મતદારકાર્ડ સાથે લીંક કરીએ તો આ એની તાકાત. આજે દેશમાં અને ગુજરાતમાં જેમ જેમ ડિજિટલ કરતા ગયા, આયુષ્યમાન ભારત કાર્ડ. ૫ લાખ રૂપિયાની સેવાઓ છે. જેની પાસે છે, જેણે સેવાનો લાભ લીધો છે તેને પૂછજો તો ખબર પડે. આ એક કાર્ડ ખાલી ખિસ્સામાં લઇને જાવ તો કોઇ પણ મોટી મહામારીનું નિદાન હોસ્પિટલની અંદર થાય છે. આટલી તાકાત આ સાયન્સ અને ટેક્નોલોજીની છે. આજે મને આ જણાવતા પણ આનંદ થાય કે ભારત આજે એક સ્પેર સુપર પાવર બની ગયું છે અને કેવી રીતે? ગયા બે-ત્રણ મહિના પહેલાં જ ઇસરો દ્વારા એક જ ઉડાનમાં ૧૦૪ ઉપગ્રહ છોડીને આપણે સૌથી મોટો વિશ્વ રેકોર્ડ કર્યો છે. આ આપણા માટે ગૌરવની વાત છે. આ જ પ્રકારે મને બરાબર યાદ છે કે વર્ષ ૨૦૦૮-૦૯ની અંદર તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ એક સેટેલાઇટ ભાડે રાખેલું અને આખા ગુજરાતના બાળકોને એક જ જગ્યાએથી એક જ શિક્ષક બાયસેગ ઇન્સ્ટિટ્યુટની અંદર જઇને ભણાવતો હતો. આ મારી આંખે દેખેલો અહેવાલ, કારણ કે અહીંથી પહેલાં આપણને બાયસેગ બતાવવા લઇ જતા હતા અને જે દિવસે હું ગયો હતો ત્યારે એક શિક્ષક આખા ગુજરાતના વિદ્યાર્થીઓને ભણાવતો હતો. આ ત્યારની ટેક્નોલોજી. હું નરેન્દ્રભાઇને અભિનંદન આપીશ કે આવો વિચાર કોઇને આવ્યો નહોતો કે આપણે સેટેલાઇટ ભાડે રાખીને ગુજરાતનું ભવિષ્ય ઘડી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, લોકલથી ગ્લોબલ. ૮૪ દેશની સંરક્ષણની કામગીરી અને જે આપણે નિકાસ કરીએ છીએ તેની વાત કહું તે પહેલાં બાયસેગ ઇન્સ્ટિટ્યૂટની વાત કરી લઉં તો બાયસેગ ઇન્સ્ટિટ્યૂટ એ ભાસ્કરાચાર્ય નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન. આજે તેનાથી અનેક કામ થાય છે. મારે ખાસ કરીને કહેવું છે કે ગાંધીનગર ખાતે સીસીસી, કંટ્રોલ અને કમાન્ડ સેન્ટર. અહીં સરકીટ હાઉસથી રેસીડન્સ તરફ જઇએ છીએ ત્યાં આગળ આ સેન્ટર જોવા જેવું છે અને વિનંતી કરીશ કે બધાજ ત્યાં જાય, આપ જયાં રહો છો અને એની નજીકની સ્કૂલનો શું રિપોર્ટ કાર્ડ છે એ જોવો હોય તો ત્યાં બેઠા બેઠા પાંચ મિનિટમાં ફીંગર ટીપ ઉપર આપ જોઇ શકો છો. સમગ્ર ગુજરાતની અંદર શું હાજરી છે એ જોઇ શકાય છે. આ સ્કૂલ ઓફ એક્સિલન્સની બધાએ વિઝિટ કરવી જોઇએ. હું માનનીય શિક્ષણ મંત્રીને વિનંતી કરીશ કે એક દિવસ બધાને ત્યાં વિઝિટ કરાવે જેથી આપણને ખ્યાલ આવે કે ગુજરાત કયાં છે અને સરકાર આ બાળકો માટે કેવા પ્રકારની ચિંતા કરી રહી છે. માનનીય ગ્યાસુદ્દીનભાઇ બોલતા હતા, પણ ગ્યાસુદ્દીનભાઇને હું એક પોઝિટિવ એટીટ્યુડથી કહું છું કે એક વખત જોશો તો આપણી આંખો ખુલશે અને આમાંથી બીજી વાતો પણ આપણને જાણવા મળશે અને આમાંથી હજી પણ શું સારૂં કરી શકાય એ આપણે કહી શકીએ છીએ. સાયન્સ અને ટેકનોલોજી દ્વારા ડિજિટલ સેવા સેતુ કાર્યક્રમના સાત તબક્કા થયા અને ગુજરાતની અંદર સેવા સેતુએ જે કામ કર્યુ છે, ઘરે બેઠા જે મહત્વના ડોકયુમેંટ હોય એ ઘરે બેઠા આપ્યા છે તો હવે ડિજિટલ સેવા ચાલુ થઇ છે. આ પોસીબલ એટલા માટે થયું છે કે એ સાયન્સ અને ટેકનોલોજીના માધ્યમથી પાસ થયું છે. ૧૪ હજાર ગામડાઓની અંદર ગ્રામ પંચાયતમાં બેઠા બેઠા ૩૧૨ સેવાઓનો લાભ આપણને પ્રાપ્ત થાય છે. આ કામ આપણે અહીં બેઠા બેઠા કરી શકયા છીએ અને આ શકય કયારે બને કે આપણે જે પ્રકારે ટેકનોલોજી સાથે જેમ આગળ વધી રહ્યા છીએ તેમ દેશને અને ગુજરાતની પ્રજાને કેવી રીતે લાભ થાય એવા પ્રયત્નો કરીએ છીએ એટલે શકય બન્યું છે. એક ઉદાહરણ તરીકે કહું કે એક કાર્ડ કઢાવવું હોય તો આખો એક દિવસ જતો રહે અને એ દિવસ જાય એ માનવનું બળ એમાં વપરાય છે અને ખાસ કરીને મારે કહેવું છે કે જુદા જુદા પ્રમાણપત્રો, દાખલાઓ, વિવિધ સોગંદનામાઓ, વિધવા પેન્શન, વૃદ્ધ પેન્શન, દિવ્યાંગોને લગતી સહાય માટેની યોજના આ

તમામ પ્રકારની સેવા આપણે ડિજિટલ કરી શકીએ છીએ. સાયન્સ અને ટેકનોલોજીના માધ્યમથી થઇ શકે છે અને આ બધી જ સેવાઓ આપણે એમને ઘરે બેઠા પહોંચતી કરાવી શકીએ છીએ. કોવિડ-૧૯ની મહામારીમાં ડિજિટલ સેવા માટે સાયન્સ એન્ડ ટેકનોલોજીએ ખૂબ મહત્વનો રોલ પ્લે કર્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ડિજિટલ ઇન્ડિયા દ્વારા નયા ભારતના નિર્માણના સપનાને સાકાર કરવા માટે ગુજરાત સરકારે ગામના લોકોને ગામમાં જ સરકારી સેવા ઉપલબ્ધ કરાવતો ડિજિટલ સેવા સેતુ આ દેશ માટે દિશાદર્શક બની રહેશે અને આપણા સૌ માટે ગર્વની વાત છે. આ એક્ઝામ્પલ નથી કે કોઇ એક-બે જગ્યાએ આપેલ વસ્તુ નથી, આ પ્રોવન વસ્તુ છે. થેંક્યુ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમંત્રી જે માગણીઓ લઇને આવ્યા એમાં હું પણ મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની અંદર ૩૪ હજાર કરોડથી પણ વધારે શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવશે એવું બજેટની અંદર દર્શાવવામાં આવ્યું છે. આવડા મોટા આંકડા હોય ત્યારે ભારતીય જનતા પાર્ટીના શાસનની અંદર અને છેલ્લે વિધાનસભાગૃહની અંદર મંત્રીઓ અને રૂલિંગ પાર્ટીના ધારાસભ્યો જે કંઇ પ્રવચન કરે છે, વાત રજૂ કરે છે એ ચૂંટણી સભા સંબોધતા હોય એ રીતે કરે છે. *(xxx) આ નારા સાથે એ ગૃહમાં પણ જયારે તેમની વાત મૂકતા હોય ત્યારે ......

અધ્યક્ષશ્રી : આપ આવા શબ્દો જે બોલ્યા છો એ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. સંસદીય ભાષામાં, સારી ભાષામાં વાત કરો. આપની વાત રજૂ કરો, આપની માગણી રજૂ કરો.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી કરું છું કે મધ્યાહન ભોજનની અંદર જયારે એક લાખથી વધારે મધ્યાહન ભોજનના સંચાલકો ફરજ બજાવતા હોય ત્યારે રોજના માત્ર ૫૦ રૂપિયા પ્રમાણે એમને માનદ વેતન આપવામાં આવે છે. આંગણવાડીની કાર્યકરો હોય, ઝીરો ગ્રાઉન્ડ ઉપર સતત આખો દિવસ મજૂરી કરે તો એને પણ માત્ર નજીવું માનદ વેતન આપવામાં આવે છે તો મારી માગણી છે કે આ લોકોને પૂરતું વેતન આપવામાં આવે અને કાયમી કર્મચારી તરીકે ગણવામાં આવે. શિક્ષણ જગતમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસને સાઇડમાં રાખીને આવનારા ભવિષ્ય માટે વિચાર કરવામાં આવે તો સમગ્ર ગુજરાતમાં મોટા ભાગની શાળાઓની અંદર શિક્ષકોની ઘટ છે અને ઓરડાઓની ઘટ છે. વર્તમાન સમયમાં ૧૮ હજારની સામે ૩,૩૦૦ જેટલા વિદ્યા સહાયકોની ભરતી માટેની વાત કરી. આ ગુજરાતમાં ૧ લાખ ૮૦ હજાર જેટલા ટેટ-૧ અને ટેટ-૨ પાસ કરેલ બેરોજગારો આજે નોકરી માટે આશા રાખીને બેઠા છે. રમશે ગુજરાત, જીતશે ગુજરાત આવા નારા અવાર નવાર અમે સાંભળીએ છીએ, ત્યારે રમવા માટે નથી મેદાન કે જીતવા માટે નથી સ્પોર્ટસ શિક્ષકો. એ પણ ભરતી થાય એ જરૂરી છે. ખાસ કરીને વર્તમાન સમયની પરિસ્થિતિને ધ્યાનમાં લેતા શાળાઓની અંદર સી.સી.ટી.વી. કેમેરા માટે ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. એના બદલે પ્રાઇવેટ શૈક્ષણિક સંકુલ હોય કે સરકારી તમામ શૈક્ષણિક સંકુલોમાં ૧૦૦ ટકા સી.સી.ટી.વી. કેમેરાની સગવડ કરવી જોઇએ. જેથી કરીને ભવિષ્યમાં પાટણ અને વડોદરા જેવી ઘટનાઓનું નિર્માણ ન થાય એ જરૂરી છે. તાલુકા કક્ષાની હોય કે અન્ય જગ્યાએ જ્યાં પણ શૈક્ષણિક સંસ્થાઓમાં દીકરીઓની હોસ્ટેલ હોય, વિદ્યાલયો હોય એ જગ્યા ઉપર તમામ સ્ટાફ મહિલા હોવો જોઇએ એ આજના સમયમાં અનિવાર્ય બની જાય છે. અવાર નવાર શિક્ષકોને બિન શૈક્ષણિક કામો આપવામાં આવે છે એના કારણે શાળાનું શિક્ષણ છે એની ક્વોલિટી સચવાતી નથી. પ્રાથમિક શાળાઓમાં ઘણી વખત અમે ગામડામાં મુલાકાતે જઇએ ત્યારે ગ્રેડેશન આપવામાં આવે છે કે એ-ગ્રેડ માં કેટલી શાળાઓ અને બી-ગ્રેડમાં કેટલી? આજે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં એ-ગ્રેડની સ્કૂલો કેટલી છે? તમારે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ આપવાનો હોય તો તમારી વાહ વાહ કરતા હોય, તમારા ઉત્સવોમાં ભાગ લેતા હોય એને બેસ્ટ શિક્ષકનો એવોર્ડ આપવામાં આવે છે. કામ કરવા વાળાને આપતા નથી. સારું કામ કરવા વાળાનું મનોબળ આના કારણે તૂટી જાય છે અને નિષ્ઠાથી કામ કરતા નથી. ટ્રસ્ટ સંચાલિત જે કોઇ સંસ્થા હોય કે એસ.ટી., એસ.સી. કે ઓ.બી.સી.ના છાત્રાલય હોય એમાં જે સ્ટાફ ફરજ બજાવે છે જેવા કે ગૃહપતિ, પટાવાળા, ચોકિયાત, રસોયા એમને પણ નજીવું માનદ વેતન આપવામાં આવે છે. એને રૂપિયા ૫૦ થી ૬૦ પ્રમાણે માનદ વેતન મનરેગાની મજૂરી કરવા જાય તો રોજના રૂપિયા ૩૦૦ મળે છે એના કરતાં પણ ઓછું માનદ વેતન આપવામાં આવે છે. એમાં વધારો કરવામાં આવે એવી મારી વિનંતી છે. પ્રાથમિક શાળામાં દીકરીઓ માટેની જે કોઇ વ્યવસ્થાઓ કરવાની થતી હોય, એના રૂટનો સમય એસ.ટી. નિગમને સૂચના આપીને ગ્રામ્ય વિસ્તારમાંથી દીકરીઓ તાલુકા કક્ષાએ અપ-ડાઉન કરે છે એમાં પ્રાયોરિટી આપવામાં આવે. જે સંસ્થામાં ક્રાઇમ બને છે એના માટે તાલુકા કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ છે એમાં સ્કૂલ છૂટે એ સમયે અને સ્કૂલમાં આવવાના સમયે પોલિસ પેટ્રોલિંગ રહે એવી પણ વ્યવસ્થા કરવા મારી વિનંતી છે. હમણાં શ્રી જીતુભાઇ ઘણી બધી વાતો કરશે કે કોંગ્રેસની સરકારમાં આટલા શિક્ષકો હતા, આટલા આંકડા હતા. પણ હું આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે રાજ્યમાં જેટલી વ્યવસ્થાઓ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. મંત્રીશ્રી જવાબ આપે એ પહેલાં હું આપ સૌને સૂચના આપું છે કે આપ સૌએ અત્યાર સુધી બધાને સાંભળ્યા છે. કોઇ સભ્યને ડિસ્ટર્બ નથી કર્યા. કોઇને પૂછવાનું હોય તો મંત્રીશ્રીના પ્રવચન પછી હું તક આપીશ. વચ્ચે કોઇ ડિસ્ટર્બ ના કરે. માનનીય મંત્રીશ્રી...

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૨૬, ૧૯૪૩ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારી પણ વિનંતી છે કે મેં પણ કયારેય કોઇને ડિસ્ટર્બ નથી કર્યા તો મને પણ મારી વાત રાજયના શિક્ષણના વિશાળ હિતમાં મૂકવા માટેનો મોકો આપવામાં આવે અને મારા વિભાગની માગણીઓ લઇને આજે હું આવ્યો છું ત્યારે હું એ વાત કરું એ પહેલા મને એવું લાગે છે કે એની કેટલીક પૂર્વ ભૂમિકા ગૃહ સમક્ષ મૂકવી મહત્વની લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયની જનતાનો આભાર માનું છું કે નરેન્દ્રભાઇ મોદીને આ રાજયના મુખ્યમંત્રી તરીકે વારંવાર ચૂંટયા. પરિણામ એ આવ્યું કે ભારતીય જનતા પાર્ટીની શ્રી કેશુભાઇની સરકાર આવી. હું કોઇ ટીકા-ટિપ્પણી નથી કરતો, પણ જે પ્રકારની સ્થિતિ અને સિનારિયો એ રાજયના શિક્ષણ વિભાગનો હતો એની થોડી ભૂમિકા હું અહીંયા મૂકવા માગું છું. શ્રી કેશુભાઇથી શરૂ થયેલી હવે શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ સુધી એને શિક્ષણમાં ગતિ આપી છે. વર્ષ ૧૯૯૫ પહેલા અને વર્ષ ૨૦૦૧ પહેલા સાક્ષરતા દર શું હતો? શિક્ષણ માટેની જાગૃતતા કેટલી હતી? દેશના વડાપ્રધાન અને આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇનો અને રાજયની જનતાનો આપણે આભાર માનીએ તેટલો ઓછો છે. શિક્ષણ વિભાગ માટે પ્લાનિંગ કરવામાં આવ્યું. હું એવું નથી કહેતો પહેલા કાંઇ નહીં થયું હોય. વિપક્ષની પણ જયારે જવાબદારી હતી ત્યારે એ સ્થિતિમાં જે કરવાનું હશે એ કર્યું હશે પણ એક પ્લાનિંગ અને આયોજન સાથે કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા. મા-બાપ પોતાનાં બાળકોને ભણવા મોકલી શકતાં ન હતાં. એમની અનેક પરિસ્થિતિઓ, એમની આર્થિક પરિસ્થિતિઓ, એમની મજબૂરીઓ કારણ કે રાજયનો વિકાસ પણ નહોતો. પહેલા તો એનરોલમેન્ટ ૧૦૦ ટકા થાય એના માટેની વ્યવસ્થાઓ કરી જેને તાયફા કહેવામાં આવતા હતા. મને એવું લાગે છે કે એને રાજયની જનતાએ સ્વીકાર્યું અને એટલા માટે આજે ગુજરાતનો વિદ્યાર્થી અને વાલી દીકરાને સ્કૂલે ભણાવવા હોંશભેર મોકલે છે. પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી. કોઇ કલ્પના કરી શકે કે ગુજરાતની આપણી દીકરીઓ, આપણા દીકરા ભણે એના માટે કન્યા કેળવણી. દીકરીઓ માટે એમ કહે કે હું ભીખારી છું મને ભિક્ષા આપો દીકરી ભણાવવાનું વચન આપો. આ દેશમાં નરેન્દ્રભાઇ એ પહેલા એવા મુખ્યમંત્રી છે કે જેનાથી કોઇ વોટ નથી લેવાના. એ કોઇ વોટબેંકની રાજનીતિ નથી. શિક્ષણ એ સમાજની પાયાની જરૂરિયાત છે એવું સમજીને માનનીય મુખ્યમંત્રીશ્રી ભીખારી પણ બન્યા અને એના કારણે મને આનંદ છે કે કન્યા કેળવણી નિધિ પણ અલગ. માનનીય મુખ્યમંત્રીશ્રી જાય તો એમને શિક્ષણ માટેની અલગ રકમ અપાય. એ વાતાવરણ બન્યું. હું અધિકારીઓ, પ્રતિનિધિઓ, વિપક્ષના પણ સૌ સભ્યોને અભિનંદન આપું છું. ધોમધખતા તાપની અંદર પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કન્યા કેળવણી એ બધા કાર્યક્રોમથી લોકોમાં જાગૃતતા આવી અને એના કારણે મને એવું લાગે છે, આપણને પણ કયારેક કયારેક એવું લાગે છે કે જે પ્રકારની વ્યવસ્થા બની છે કારણ કે હું પણ સરકારી શાળામાં ભણ્યો છું. આપણે નાના બનીને ભણવા જતા રહીએ એવા પ્રકારનું વાતાવરણ છે. મારી વિનંતી છે કે એને એવી રીતે ન જોવું જોઇએ. આ વાતાવરણને આગળ કેમ લઇ જઇએ. પક્ષ કોઇપણ હોય, શિક્ષણ આપણા સૌની સહિયારી જવાબદારી છે. કોઇ એક ઘટના બને કે બે ઘટના બને એટલે આખું શિક્ષણ કથળી ગયું છે. રાજયમાં બધું બગડી ગયું છે. આવા પ્રકારના વાતાવરણથી ન તો કોઇ દિવસ શિક્ષણને કે વિદ્યાર્થીઓને ફાયદો થવાનો છે. એમાંથી બહાર નિકળવા મારી તો વિનંતી છે. મને આનંદ છે કે શ્રી કેશુભાઇ, શ્રી નરેન્દ્રભાઇ, શ્રીમતી આનંદીબેન, શ્રી વિજયભાઇ, શ્રી નીતિનભાઇ અને શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે માતાના ગર્ભમાં બાળક હોય ત્યારથી એમની ચિંતા કરી અને સમાજ જીવનની વ્યવસ્થામાં ન આવે ત્યાં સુધી એ યુવાનને ખૂટતું બધું જ પૂરું કરી દેવાની જવાબદારી રાજયની સરકારે સુપેરે લીધી છે. હું કોઇ ટીકા-ટિપ્પણમાં પડવા માગતો નથી, પણ અહીંયા મેં જાહેર સભાની અંદર હું માત્ર ચિતાર મૂકવા માંગું છું. મેં ઘણી વખત જાહેર સભાની અંદર હાથ ઉંચા કરાવ્યા છે કે ૮ ધોરણ ભણ્યા હોય એ હાથ ઉંચા કરો. તમને પણ કહું છું કરાવજો. ૫૦-૬૦ વર્ષની ઉંમર હોય એના હાથ ઉંચા આજે પણ નથી થતા. ૧૦ અને ૧૨માં હાથ નીચ થવા માંડે છે. હું સભાની વાત કરું છું, પાંચ હજારની, પચાસ હજારની નહીં. શેના કારણે ન ભણ્યા? કેમ અભણ રહ્યા? કોની જવાબદારી હતી? આજે ભારતીય જનતા પાર્ટી ઉપર બધું નાખવાની વાત કરે છે ત્યારે હું વિનમ્રપણે માત્ર ધ્યાન દોરવા માગું છું. અહીંયા પણ આપણે હાથ ઉંચા કરાવીએ. મારે ન કહેવું જોઇએ તો પણ કેટલાયના થશે કારણકે વાતાવરણ નહોતું. આજે પણ હાથ ઉંચા કરાવું છું કે તમારા દીકરા, દીકરીઓ, મામા, ભાણીયા, કાકા, દાદા, પડોશીના ભણતા હોય એ બધાના હાથ ઉંચા કરો. હું હસતા હસતા કયારેક કહું છું જેના હાથ ઉંચા ન થયા એ કોંગ્રેસ વખતે ભણ્યા અને હાથ ઉંચા થાય છે એ ભાજપના શાસનમાં ભણ્યા. અનેક વાતો થઇ છે. એનો જવાબ હું પહેલા મારી વાત કરતા પહેલા આપવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા શ્રી સુખરામભાઇએ શિક્ષકો, ઓરડાની ઘટ, ફરતા કમ્પાઉન્ડ વોલ વગેરેની વાત કરી છે. સભ્યશ્રી મોહનસિંહ રાઠવાએ પણ કેટલીક વાતો કરી છે. શ્રી ગ્યાસુદીનભાઇ, શ્રીમતી ગેનીબેન, ભાઇશ્રી કનુભાઇ, શ્રી ગુલાબસિંહભાઇ અને અન્ય સભ્યશ્રીઓએ વાતો કરી છે. અમારા શાસક પક્ષના સૌ સભ્યશ્રીઓ શ્રી વિવેકભાઇ, શ્રી રમણભાઇ પાટકર, શ્રી દુષ્યંતભાઇ, શ્રીમતી સંગીતાબેન હોય એ તમામ લોકોએ પોતપોતાની વાતો કરી છે, કોઇએ કટાક્ષ કર્યો હશે, કોઇએ અમને વધાવ્યા હશે. એ બધી બાબતો થવાની. પણ કેટલીક મહત્વની કહી શકાય તેવી બાબતો હું સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું. મારી વિનંતી છે કે ટીકા-ટિપ્પણ તરીકે ન લઇએ. હજુ ભૂતકાળની અંદર જે વખતે જે સ્થિતિ હશે, જે તે શાસકોએ કર્યું હશે, પણ જ્યારે અમને જવાબદારી મળી છે, ત્યારે સ્પર્ધામાં યુવકો, વિદ્યાર્થીઓ ઉભા રહી શકે તેવી વ્યવસ્થા શિક્ષણ માટે મારા પૂર્વ શિક્ષણમંત્રીએ વર્ષો સુધી જવાબદારી નીભાવી છે. જે ભૂપેન્દ્રસિંહજીએ પરંપરા ઉભી કરી એને આગળ લઇ જઇએ છીએ. આપ

સૌનો સહકાર માગીએ છીએ. અહીથી શાળાઓ એક શિક્ષકથી ચાલે છે એવી વાતો થઇ છે. મારે ગૃહને જણાવવું છે. મારે આપનું પણ ધ્યાન દોરવું છે કે જે વાત અહીયા પ્રશ્ન ચર્ચાયો નથી. એનો જવાબ નિયમ મુજબ આપ્યો છે. પૂછ્યું છે એનો આપ્યો છે. પણ શેના કારણે છે એ વાત આવતી નથી. છાપામાં, મીડિયામાં આપી દેવાથી રાજ્યનું, શિક્ષણનું ભલુ કયારેય નહિ કરી શકીએ. એનાં કારણો સમજવાં પડશે. એ કારણો સહિત એ વાત મૂકે તો આપણો સૌનો ઇરાદો છે એ બર આવશે. ૭૫૪ શાળા એક શિક્ષકવાળી એવું અહીયા જેની ચર્ચા નથી થઇ એ વાત કરવામાં આવી છે. આવી શાળામાં નજીકની શાળામાંથી પણ એક વધારાના શિક્ષકની વ્યવસ્થા કરી છે. પૂછ્યું ન હોય એટલે જવાબ ન મળે. કોઇ વિપક્ષના સભ્યએ કહ્યું વિદ્યાર્થી ત્યાં શાળા. જે તે વખતે જરૂર તે પ્રમાણે ફળિયામાં, વાડીમાં વ્યવસ્થા કરી હશે. આજે જે સ્થિતિ છે, સિનારિયો છે, એ સિનારિયાની અંદર એ વ્યવસ્થાને આપણે સંકલિત કરવી પડે. સંકલિત કરીને શિક્ષણમાં આગળ લઇ જવું પડે. મારી પાસે આંકડા છે. કેટલા વિદ્યાર્થીઓ ભણે છે? તો ૭, ૯, ૧૫, ૧૮, ૨૫ વિદ્યાર્થીઓ ભણે. ત્યાં શિક્ષક આપવાના? એના પગાર પોષાય? વ્યવસ્થાઓ કરવી જોઇએ. અમારી જવાબદારી છે. એ વ્યવસ્થા કરીએ. પ્રવાસી શિક્ષકની વાત કરીએ તો કહે કે તમે પ્રવાસી ભર્યા. હું નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. એનો પગાર ૫-૫ હજાર વધાર્યો છે. શિક્ષકો ડેડીકેશનથી કામ કરતા નથી. અમારા શિક્ષકો, ગુરુજનો ઉપર આ પ્રકારના આરોપ? આવી રાજનીતિથી એ શિક્ષણનું ભલુ નહિ કરી શકવાના. ૫૮૩ શાળાઓ નજીકની શાળાના શિક્ષકોની વ્યવસ્થા કરી છે. હું પણ ભણ્યો છું. ૭ ધોરણ હોય અને ૩ શિક્ષકો હતા. આજે પૂરતા શિક્ષકો આપવાનો પ્રયાસ હું મારી વાતમાં કરવાનો છું. પ્રવાસી શિક્ષકોની વ્યવસ્થા કરી છે. એનો અર્થ એવો નથી કે કાયમી શિક્ષકો નથી મળતા. આજે ૩,૩૦૦ જેટલા વિદ્યા સહાયકોનું પ્રાયમરી મેરિટ આજે ૩-૩૦ વાગ્યે અમારા વિભાગ દ્વારા મૂકાવવાનું છે. અમે કરી રહ્યા છીએ. સૌ સાથે મળીને સહકાર આપો તેવી વિનંતી છે. ૭૫૪ પૈકી ૧૭૧ પ્રાથમિક શાળાઓ જેમાં ૨૦ થી પણ ઓછી સંખ્યા છે. શૈલેષભાઇ મને આપ કહો કે શું ૭ શિક્ષક ત્યાં મૂકવા? કેવી રીતે આપણે રાજ્યની સમક્ષ આ ચિતાર મૂકવા માગીએ છીએ? અહીંથી ઓરડાની વાત કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ આપ બેઠા બેઠા વાતો ના કરો. પ્લીઝ વાતો ના કરો. આપને મેં પહેલેથી જ સૂચના આપેલી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોરણ-૧ થી ૭ અને ધોરણ-૬ થી ૮ તે શાળાઓની વાત કરું છું. મારી પાસે બધું જ રેકર્ડ છે આપને જયારે પણ જોવું હોય, રાજયના હિતની વાત કરતા હોઇએ ત્યારે માનનીય નીતિનભાઇ હું તેમને આપી શકીશ. શાળાઓના ઓરડાની વાત કરે છે ત્યારે મારે કહેવું છે. પહેલાંની સ્થિતિ અને અત્યારની સ્થિતિની અંદર ૧૯,૦૦૦ જેટલા ઓરડાઓ બાકી છે તે વાત સતત આવતી હોય છે. માત્ર એક નાના પેપર થકી ગેનીબેન હું આપને કહેવા માગુ છું. હું કોઇ સરખામણી કરીને તમને નાના કરવા નથી માગતો. કોંગ્રેસે શું કર્યું છે તે કહેવા નથી માગતો, પણ હકીકતો શું હતી અને આજે હકીકતો શું છે તેનો થોડો અભ્યાસ કર્યા છે. શિક્ષકોની વાત કરે છે તો વર્ષ ૧૯૯૩-૯૪ માં કોંગ્રેસની સરકારમાં ૪૩,૩૬૮ શિક્ષકોની ઘટ હતી. હવે કેટલા વિદ્યાર્થીઓ હશે ત્યારે આટલી ઘટ છે. હું હજુ કહું છું કે, તે વખતની જે તે સ્થિતિ હશે. હું શાળાના ઓરડાની વાત કરું તો વર્ષ ૧૯૯૩-૯૪ માં ૪૬,૦૫૩ શાળાના ઓરડા હતા અને અત્યારે ૨.૫૦ લાખ ઓરડા છે. તમારી વખતે શાળાના કેટલા ઓરડા હતા તે વર્ષ ૧૯૯૫ પહેલાંનો હિસાબ ગોતવા જઇએ તો મળશે નહિ અને જડશે નહીં. માંડ માંડ અમે ભેગું કર્યુ છે. એટલે જ અમે ૨.૫૦ લાખ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે ૪૬ હજાર શિક્ષકોની ઘટ અને આજે વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૯ હજારની ઘટ છે. જે તે વખતે નવા ઓરડા બનાવ્યા છે. મહેરબાની કરીને આ શાળાના ઓરડાની વાત છે, બહાર મેસેજ ખોટો જઇ રહ્યો છે. ઓરડાના કારણે વિદ્યાર્થીઓ ભણતા નથી એવું નથી. અન્ય જગ્યાએ એમની વ્યવસ્થાઓ કરી છે, એમના ભાડાની જોગવાઇ કરી છે. તે વિદ્યાર્થીઓને ભણવાની સુવિધા કરી છે. એટલે આપણે એવો મેસેજ ન આપીએ કે, ઓરડા નથી એટલે ભણશે ગુજરાત કઇ રીતે? તેની વ્યવસ્થાઓ કરી છે તે આજે રેકર્ડ ઉપર છે. એટલે મારી વિનંતી છે કે, વર્ષ ૧૯૯૩-૯૪ ની અંદર તેમનું બજેટ ૧,૫૮૨ કરોડનું હતું. મૂળ બજેટ કહું છું. આજે ૨,૦૦૦ કરોડ રૂપિયાના શાળાના ઓરડા અમે કરવા જઇ રહ્યા છે. હું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર માનું છું. આ વર્ષના બજેટમાં ૯૩૭ કરોડ રૂપિયાના ખર્ચે ૧૦ હજાર ઓરડા બનાવવાના છે. ૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્કૂલ ઓફ એકસલન્સના ૪,૦૦૦ ઓરડા બનાવવાના છે અને તેમાં ૨,૫૦૦ ઓરડાનું કામ પ્રગતિમાં છે. ઘટતા ઓરડા પણ સન્માનનીય સભાગૃહને વિશ્વાસ અપાવું છું કે, આપણે સાથે મળીને આ વર્ષે કદાચ ઐતિહાસિક બાબત કોઇ હોય તો આ વિભાગની અંદર અને અમારા બજેટની અંદર શાળાના ૧૦ હજાર ઓરડા, સ્કૂલ ઓફ એકસલન્સની વ્યવસ્થાઓ છે. ૨,૫૦૦ ઓરડાની શરૂઆત કરી દીધી છે તેનો હું તમને ભરોસો આપું છું. આની શરૂઆત અમે આ વખતે કરી દીધી છે. આપણે ભણાવવા છે. શાળાના કંપાઉન્ડની વાત થઇ તો શું કંપાઉન્ડ વોલ તમે કરી ગયા હતા અને અમે તોડી નાખી? તમે ઓરડા કરી ગયા હતા અને અમે પાડી દીધા? તમે શિક્ષકો આપ્યા હતા અને અમે કાઢી મૂક્યા? બજેટની જોગવાઇઓની, કયારેક કયારેય સતત ગેરહાજર રહેતા શિક્ષકોની વાતો અહીંથી કરવામાં આવે છે. સ્કૂલો મર્જ કરી, સ્કૂલો બંધ કરી તેવી વાત કરવામાં આવે છે. આજે જે વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે તેના માનસ ઉપર આપણે શું મૂકવા માગીએ છીએ? તેનાં મા-બાપ ઉપર આપણે આની શું અસર મૂકવા માગીએ છીએ? આપણી પ્રતિનિધિ તરીકેની આ જવાબદારી છે કે, ઇચ્છા થાય તે પ્રકારની વાત કરીએ? કમસેકમ શિક્ષણ, કમસેકમ શિક્ષણ અને હું વિનંતી કરું છું કે તેને બહાર રાખો. માં સર્વ સમાજનો ફાયદો છે.અને એવું જ

અરાજકતાવાળું વાતાવરણ હોય તો અમે ૨૮ વર્ષથી શાસનમાં ન હોઇએ. તમે તો દર વખતે બોલો છો છતા જનતા અનુભવી રહી છે, બદલાવ અનુભવી રહી છે, વ્યવસ્થાઓ અનુભવી રહી છે, સગવડો અનુભવી રહી છે. હા, તૃટી હશે તો સાથે મળીને કરીશું. અમારું ધ્યાન દોરો અમે તૈયાર છીએ. મન ફાવે એ રીતે કહી દેવાનું કે ૫ હજાર શાળાઓ બંધ થઇ ગઇ છે, ૪ હજાર શાળાઓ બંધ થઇ ગઇ છે. લોકશાહીનો આ પ્રકારનો દુરુપયોગ અને એમાં પણ સ્કૂલો માટે, શાળાઓ માટે, વિદ્યાર્થીઓ માટે? માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષમાં ૮૬ શાળાઓ બંધ થઇ છે અને ૪૯૭ શાળાઓ મર્જ કરેલ છે. હવે મને બતાવો પુંજાભાઇ, તમે કહો છો કે ૬ હજાર શાળાઓ બંધ ક્યાં થઇ છે? હું વિધાનસભામાં બોલી રહ્યો છું અને મર્જ કરતી વખતે પણ વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં ન જવું પડે અને અભ્યાસ ન છોડે એટલે ૧ થી ૫ ધોરણના વિદ્યાર્થીઓને નજીકની ૧ કિલોમિટરની અંતરમાં અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓને ૩ કિલોમિટરની અંતરમાં અન્ય શાળામાં સમાવવામાં આવે છે. જો વધુ દૂર હોય એવા કિસ્સામાં સરકારશ્રી દ્વારા ટ્રાન્સ્પોર્ટેશન આપવામાં આવે છે. ખબર જ નથી દુનિયા ક્યાં ચાલે છે અને વાતો આપણે અલગ પ્રકારની કરીએ છીએ, વાસ્તવિકતા જુદી છે અને એ જનતા અનુભવી રહી છે, ત્યારે અને મોટી શાળામાં સમાવવાથી એના ફાયદાઓ પણ છે પણ રાજનીતિ કરવામાં આવે એટલે મર્જ કરવાનું અટકી જવાય? એની સગવડતા, ભૌતિક સગવડતા અને વાતાવરણના કારણે એમના અભ્યાસમાં પણ ફાયદો થતો હોય છે, વિષયવાર અને ધોરણવાર શિક્ષક મળે છે, ધોરણવાર વર્ગખંડ મળે છે ત્યાંની સુવિધાઓ મળે છે, ટેટ-ટાટ આચાર્ય મળે છે, યોજનાઓનો લાભ મળે છે, સ્પર્ધાવાળું વાતાવરણ મળે છે. ૮૬ સરકારી પ્રાથમિક શળાઓ બંધ થઇ છે એની પણ વિગતો છે. સમયના અભાવે હું બધું નહીં કહી શકું, પણ મને ૩૯ મિનિટ આપે આપી છે ત્યારે મારે જે વાત કરવાની છે એ બધી આપની સંમતિથી બધાના ટેબલ ઉપર મૂકાવી છે. એ વખતનું બજેટ, આ વખતનું બજેટ. એ વખતનું શિક્ષણનું બજેટ ૫૦૦ કરોડ રૂપિયા, ૭૦૦ કરોડ રૂપિયા હતું અને આજે અમારું બજેટ ૩૪ હજાર કરોડ રૂપિયા. તો પણ કહે છે કે, તમે શું કર્યું? અમે આ કર્યું. એક ગણું, બે ગણું, દસ ગણું, કેટલા ગણું હોઇ શકે? માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ ગણું બજેટ વધાર્યું છે. બેન્કમાં મૂકો તોય આટલા ન વધે અને કહે છે કે ભાજપે શું કર્યું? તો મારે કહેવું છે કે, ભાજપે આ કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, દરેક બાબતમાં દરેક વિષયોના જવાબ હોય એ રાજકીય રીતે તમે પણ કહી શકો અને હું પણ કહી શકું પણ મને એવું લાગે છે કે, શિક્ષણના હિતમાં એ વ્યાજબી નથી એટલે જે કંઇ સૂચનો તમારાં છે એ સૂચનો માત્ર નોંધમાં નહીં લઇએ, શિક્ષણના હિતમાં હશે તો તમને બતાવીને યશ ભલે તમને મળે અમે કહીશું કે આ શૈલેષભાઇનું સૂચન હતું, અમે કરીશું, તમને કાગળ આપીશું. અમારા આગેવાનો હોય, અમારા સભ્યો હોય એ તો સૂચન કરે, એ તો બધું કરાવે પણ એનો અર્થ એવો નથી બીજાનાં કામ નહીં કરીએ. જેટલા જેટલા સભ્યો અમારી પાસે આવ્યા છે, માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પાસે ગયા છે, બીજા કોઇ મંત્રીશ્રી પાસે ગયા છે તો શિક્ષણ માટેનાં કામમાં ક્યારેય વારો-તારો ન હોઇ શકે અને વારો-તારો અમે ક્યારેય કર્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં વર્ષ ૨૦૨૨-૨૩ની મારા વિભાગની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું ત્યારે આ સભાગૃહને હું વિનંતી કરું છું કે આ મારી માગણીઓ સર્વાનુમતે સ્વીકારવામાં આવે. કુલ રૂપિયા ૩૪,૮૮૪.૪૭ કરોડની માતબર શિક્ષણ વિભાગની ફાળવણી કરવામાં આવી છે ત્યારે વિદ્યાર્થીઓ, વાલીઓ એ બધાના હિતમાં ૧૪.૩૦ ટકા બજેટમાં વધારો કર્યો છે. સતત વધારો એ ભારતીય જનતા પાર્ટીની એ શિક્ષણ માટેની અને વિકાસ માટેની ગતિ બતાવે છે. સતત વધારો, ૧૪ ટકા વધારો શિક્ષણ માટે કરી રહ્યા છીએ ત્યારે મેં બધા સભ્યશ્રીઓને મારી આખી શિક્ષણની વાત એટલા માટે મોકલી છે કે હકીકતો આપને ખબર પડે અને આપ એ વાંચશો તો શિક્ષણનો સાચો ચિતાર રાજયની સમક્ષ મૂકી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ઉંચ્ચ શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ વિવિધ યોજનાઓ મારફત માનનીય અધ્યક્ષશ્રી, સરકારે એક વિનમ્રપણે પ્રયાસ તે શિક્ષણમાં વ્યવસ્થાઓ પૂરી પાડીને શિક્ષણ આપવાનો કર્યો છે. શ્રી નરેન્દ્રભાઇએ ૩૪ વર્ષ પછી ન્યુ એજ્યુકેશન પોલિસી આપી હતી. તમે નથી કર્યુ નરેન્દ્રભાઇએ આમાં હાથ નાંખ્યો અને સફળ રહ્યા છે. ક્વોલિટી એજ્યુકેશન આપણા વિદ્યાર્થીને દુનિયામાં સ્પર્ધામાં ઉભો રાખે છે તેના માટે ભારતની અને એ પ્રકારનું શિક્ષણ આપવાની કટિબદ્ધતા સાથે તમામ ક્ષેત્રમાં અમે કામ કરી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સની મારે વાત કરવી છે. સમય ઓછો છે એટલે બહુ વાત નહીં કરી શકું પણ બાળકોની શૈક્ષણિક, ભૌતિક સુવિધાઓ વધે તેના માટે કલાસરૂમ, સ્ટેમ લેબ, સહભ્યાસી પ્રવૃત્તિઓ, ગુણવત્તાસભર વાતાવરણ મળે તે માટે શૈક્ષણિક ગુણવત્તામાં મહત્તમ સુધારો થવાનો છે. ૧૦ હજાર કરોડના ખર્ચે મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ હાથ ધરવાનું રાજયની સરકારે નક્કી કર્યુ છે. ૬ વર્ષમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતરની તમે જે વાત કરો છો. ૨૦ હજાર સરકારી શાળાઓ જેમાં અનુદાનિત પણ છે તેમને આ મિશન હેઠળ આવરી લેવાના છે. આ દેશનો પહેલો પ્રોજેકટ છે ૭૦ લાખથી વધારે વિદ્યાર્થીઓને તેમાં લાભ મળવાનો છે. તેમાં વર્લ્ડ બેન્ક અને એઆઇઆરબી દ્વારા લાંબાગાળાનું એક મિલિયન ડોલર એટલે ૭,૫૦૦ કરોડનું ધિરાણ અને ૨,૫૦૦ કરોડ રાજયની સરકારે આ વર્ષમાં પણ તેમાં જોગવાઇ કરી છે. જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ૧ થી ૮ નહીં માત્ર ૬ પછી જે વિદ્યાર્થીઓ, એક લાખ જેટલા વિદ્યાર્થીઓ, ૫૦ સ્કૂલો, ફ્રી શિક્ષણ ૬ થી ૧૨ સુધીનો સ્કૂલ ઓફ એકસેલન્સમાં રાજયની સરકારે નિર્ણય કર્યો છે. બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્શીયલ સ્કૂલ. નરેશભાઇને આગળ એ વાતે અભિનંદન આપું છું અલગથી ૫૦ હજાર વિદ્યાર્થીઓ રેસિડેન્શિયલ સાથે નિવાસી શાળામાં ભણી શકે જે નવા સમયની સાથે અમે કરી રહ્યાં છીએ ,ત્યારે રક્ષાશકિત સ્કૂલની બજેટમાં જોગવાઇ લઇને આવ્યા છીએ. હું બહુ આંકડામાં નથી પડતો. મેં બધાને મારૂં પ્રવચન આપ્યું છે.

## તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બાલાછડી સૈનિક સ્કૂલને મદદ કરીએ. શ્રી નરેન્દ્રભાઇના કારણે દેશભકિત એ પ્રગતિ છે, શ્રી અમીતભાઇના કારણે દેશભકિત એ પ્રગતિ છે. દેશદાઝે જનતા જનાર્દન ઉભી થઇ છે, ત્યારે કેટલાય લોકોને એ પ્રકારની નોકરીમાં, કેટલાય લોકોને એ પ્રકારની રાષ્ટ્ર ભકિત સાથે જોડાવાનું હોય છે ત્યારે એમાં પણ સરકારી સ્કૂલની વાત કરું છું. મેં જે વાત કરી તે સરકારી સ્કૂલના બાળકોને ધોરણ ૬ થી ૧૨માં ફ્રી શિક્ષણ. એ જ રીતે આ રક્ષા શકિત સૈનિક શાળાઓ છે, તેમાં પણ ફ્રી શિક્ષણ. કારણ કે ૪૦,૫૦,૬૦ હજાર ફી ના પોષાય. શ્રી નીતિનભાઇએ અને બધાએ અમને માર્ગદર્શન આપ્યું કે ફી પણ રાજયની સરકાર, શિક્ષણ વિભાગ ભરશે તો જે દીકરાઓને ભણવું હોય તે લોક ભાગીદારીથી, તે પણ સંસ્કૃત શકિત ગુરુકુળ સંસ્કૃતને જાળવવું, તેનું સંવર્ધન કરવુ, તેમના માટેની પણ વ્યવસ્થાઓ, તેમાં પણ લોકા-ભાગીદારીનો કન્સેપ્ટ, એમાં પણ ખૂટતી વ્યવસ્થાઓ એ પણ ફ્રી. વિદ્યાર્થીઓ અને વાલીઓ ખૂબ બધી જગ્યાએ જઇ શકે તેના માટેની વ્યવસ્થાઓ. હું આભાર માનુ છું સવા કરોડ વિદ્યાર્થીઓ છે. મારા શિક્ષકોનો આભાર માનું છું તેની ઉપર આ પ્રકારની વાતો કરવામાં આવે કે જે ડેડિકેશનથી કામ કરે છે, સમર્પણ ભાવથી કામ કરે છે, નવા નિયમો બનાવ્યા છે. થોડા દિવસોની અંદર એ નિયમો પણ ઈડીમાંથી આવે એટલે અમે જાહેર કરવાના છીએ. ખૂબ બધી વાતો એ શિક્ષણ વિભાગમાં થઇ શકે તેમ છે સમગ્ર શિક્ષણ અભિયાન હોય એસએસએ હોય, અલગ પ્રકારની તાલીમો હોય, બાળકોને સઘન શિક્ષણ આપવાની બાબત હોય, એસ.ટી.બસ, રોડની વાત કરી છે આ બધુ એસ.ટી.બસમાં ૨૦૫ કરોડ એ ફ્રીની જોગવાઇઓ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજનાની બાબત હોય વડનગર ખાતે પ્રેરણા કેન્દ્ર બનાવવાનું છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇના પ્રયાસે સમગ્ર દેશ અને વિશ્વના લોકો ત્યાં પ્રેરણા લે તે માટેની જોગવાઇઓ ગીજુભાઇ બધેકાના સ્મારકની બાબત હોય કે કન્યા કેળવણીની બાબત હોય કે સ્કૂલની બાબત હોય, આઝાદીના અમૃત મહોત્સવની બાબત હોય, આઇઆઇટી હોય, હાયર એજયુકેશન હોય, હાયર એજયુકેશનમાં રેકિંગની બાબત હોય, તેના સેમિનાર કરવાના હોય, ઈન્ટરનેશનલ સેમિનાર કરવાના હોય મારા વિભાગના સૌ અધિકારીઓને, પ્રોફેસરોને, શિક્ષકોને અભિનંદન આપું છું ટેકનિકલ શિક્ષણ હોય આ બધાની અંદર ટેબલેટની કવોલિટીમાં અમે કોમ્પ્રોમાઇઝ કરવા માગતા નથી. એટલા માટે ક્વોલિટીમાં ફેઈલ જતા હોવાથી અમે એ બોગસ ટેબ્લેટ આપવા માગતા નથી. કારણ કે ટેન્ડરમાં આવેલું છે એટલે અમે ના ન પાડી શકીએ, પણ ક્વોલિટીમાં કોમ્પ્રોમાઈઝ ન કરવાના કારણે ટેબ્લેટ મળ્યા નથી. જેમણે પૈસા ભર્યા છે એમને તો મળશે જ, પણ નવા વર્ષમાં માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈના માર્ગદર્શનમાં અમે નવી વ્યવસ્થાઓ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું વર્ષ ૨૦૨૨-૨૩ની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી નંબર ૮૯ રૂ.૬૬૯.૭૨ કરોડની લઈને ઉપસ્થિત થયો છું, ત્યારે સમગ્ર સભાગૃહને મારી વિનંતી છે. સાયન્સ અને ટેકનોલોજીનો પ્રચાર-પ્રસાર, આપણું સાયન્સ સિટી, તેની વ્યવસ્થાઓ, નવી પોલિસી, SSIP 2.0, પ્રાથમિક થી માંડીને હાયર એજ્યુકેશન સુધીના વિદ્યાર્થીઓને અઢી લાખ સુધીની સહાયના પ્રયોગો માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર પહેલી વખત દેશમાં આ પોલિસી લાવી છે. પ્રાથમિકમાં પણ એ ઈનોવેશન કરતા હોય છે. સ્વરોજગારી આપવી છે, એકમાત્ર નોકરી ઉપર આધાર નથી રાખવો. આત્મનિર્ભર બનાવવા માટેની વ્યવસ્થાઓ, આઈ.ટી. પોલિસી, બી. ટી. પોલિસી માટેની જોગવાઈઓ, આ બધી પોલિસી મેં આપને આપી છે. મારી વિનંતી છે આપ અભ્યાસ કરજો. વર્ષ ૨૦૨૧નું સ્ટેપ ક્વિઝનું આયોજન કરવાનું હોય તેમાં દેશ પહેલો હોય. માનનીય શ્રી નરેન્દ્રભાઈ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ સાથે વાત કરવાના હોય તો પણ દેશ પ્રથમ હોય. શિક્ષણમાં રાજ્ય પ્રથમ છે છે અને છે. કોઈની સરખામણી કરવાની આવશ્યકતા નથી, રેકર્ડ ઉપર છે. આપણે સૌએ સાથે મળીને આગળ વધારવાનું છે, ત્યારે મારી વિનંતી છે કે હું જે માગણીઓ લઈને આવ્યો છું તે માગણીઓ સન્માનનીય સભાગૃહ સર્વાનુમતે પસાર કરે. સાયન્સ અને ટેકનોલોજીની જિજ્ઞાસા પૂર્ણ કરવા માટે, કટિબદ્ધતા સાથે વર્ષ ૨૦૨૨-૨૩ની રૂ.૬૬૯.૭૨ કરોડની માગણીઓ પૂરેપૂરી યથાવત રીતે મંજૂર કરવામાં આવે તેવી મારી વિનંતી છે. સાથે સાથે ૩૪,૮૮૪.૪૭ કરોડ રૂપિયાની શિક્ષણ વિભાગની માગણી અંગે જે શિક્ષણની અને સમાજના વિશાળ હિતમાં આપ સૌને વિનમ્રપૂર્વક વિનંતી કરું છું કે શિક્ષણની બાબત છે, જવાબદારી છે એટલે કરીએ છીએ તમે પણ જે તે વખતે કહ્યું છે ત્યારે આ બધી જ બાબતો, માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ જે કાંઈ સૂચનો કર્યાં છે, આપે પણ જે કાંઈ વાત કરી છે તે ચોક્કસ શિક્ષણના હિતમાં પક્ષાપક્ષીથી ઉપર રહીને મારો શિક્ષણ વિભાગ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ચોક્કસ કરશે. મારી વિનંતી છે કે મારી માગણીઓ સર્વાનુમતે સ્વીકારવામાં આવે. ચર્ચામાં ભાગ લેનાર, ન લેનાર, મનથી અને વિચારથી પણ સાથે છે ત્યારે સૌ સભ્યોનો હું આભાર માનું છું. હું ભરોસો આપું છું કે આપણે સૌ સાથે મળીને આગળ લઈ જઈએ. હોળી-ધુળેટી છે ત્યારે એકમાત્ર વાત.

**તૈરના હૈ તો સમંદરમાં તૈરો નાલો મેં નહિ. ઉડના હૈ તો આસમાન મેં ઊડો બંધ કમરે મેં નહિ. હોલી કે રંગ લગાને હૈ તો તિરંગે કે લગાઓ નફરત કે નહિ.**

નટખટ કૃષ્ણનો રાસ હોળી, રંગ પર્વ ઉલ્લાસની છે હોળી, ભાઈચારાના અસિત પ્રેમનું પ્રતિક છે હોળી. એટલે જ તો આપણા બધા માટે ખાસ છે હોળી. આવો, સૌ સાથે મળીને સમગ્ર રાજ્યની જનતાને આ હોળી ધુળેટીની શુભકામના આપીએ. દિલોમાં વિકાસનું ઝનૂન છે, મનમાં આત્મનિર્ભરતાનું ગૌરવ છે, ખુશી, ખુમારી, ખમીરના રંગો છે, અમારે તો આ જ હોળી અને આ જ ધુળેટી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે વર્ષ-૨૦૨૧માં ખાનગી શાળાઓમાં ૨૫ ટકા ફી માફીની જાહેરાત કરી હતી. પૂર્વ શિક્ષણ મંત્રીશ્રીએ કોરોનાને લક્ષમાં રાખી વર્ષ-૨૦૨૧માં પણ ખાતરી આપી હતી કે આ ફી માફી બાબતે નિર્ણય લેવામાં આવશે. પૂર્વ શિક્ષણમંત્રીશ્રીએ આપેલી બાહેંધરીને આપશ્રી ગરીબ અને મધ્યમવર્ગના લોકોની આર્થિક સ્થિતિ ધ્યાનમાં રાખી અને આ એક નિર્ણય લો એવી મારી આપને ખૂબ ખૂબ વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી પુંજાભાઇ વંશ. ટૂંકમાં સવાલ પૂછજો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અગાઉ આપણે સીસ-ટેકના રૂમો બનાવ્યા હતા. રાજ્યમાં લગભગ ૩,૨૦૦ જેટલા રૂમો બનાવ્યા હતા. અત્યારે વપરાશ લાયક રહ્યા નથી અને એ જગ્યા રોકે છે. તો એને તાત્કાલિક અસરથી એક ઝુંબેશના ભાગ તરીકે સમયમર્યાદામાં આ સીસ-ટેકના રૂમો જે બિનવપરાશી છે, એનો તાત્કાલિક નિકાલ થાય એ અંગે રાજ્ય સરકાર, વિભાગ શું કરવા માંગે છે?

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય શિક્ષણમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, અમારા મત વિસ્તારની અંદર જે દસાડા છે, એ દસાડા તાલુકાનું મુખ્ય સૌથી મોટું ગામ છે. ખૂબ મોટી વસતિ છે અને ત્યાં હાઇસ્કૂલની ખૂબ તકલીફ છે. હાલ ત્યાં ગ્રામ પંચાયત હસ્તકની જે હાઇસ્કૂલ છે, તે એકદમ જર્જરિત છે. ઉપર છતની પણ સમસ્યા રહે છે. તો હું વિનંતી કરુ છું કે, દસાડામાં ખારાઘોડા ગામ છે, જયાં અગરિયાઓની વસતિ ખૂબ વિશાળ છે, ત્યાં પણ હાઇસ્કૂલની સમસ્યા છે. તો બંને જગ્યાએ અદ્યતન હાઇસ્કૂલ બને એ માટે હું વિનંતી કરૂ છું.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એક વિનંતી કરુ છું કે, ધોલેરા તાલુકાનું સોઢી ગામ છે. નવા રોડ બનવાના કારણે પ્રાથમિક શાળા ખાડામાં થઇ ગઇ છે. ચોમાસા દરમિયાન દોઢ ફૂટ જેટલું પાણી ભરાઇ રહે છે. મશીન મૂકીને પાણી ખાલી કરવું પડે છે અને વિદ્યાર્થીઓને અન્યત્ર બેસાડવા પડે છે. તો નવા ઓરડા બનાવવા માટેની રજૂઆત છે અને એવું જ ધોલેરા તાલુકાનું કાસિંદ્રા અને બોડાસું ગામની બંને શાળા તોડી પાડવા માટે પરિપત્ર થઇ ગયો છે, પણ જો નવા તાત્કાલિક મંજૂર થાય એના માટે વિનંતી કરુ છું.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી જામનગર જિલ્લામાં ૩૦૨ ઓરડાની ઘટ છે અને છેલ્લે શાળા બંધ થઇ છે તો અનુસૂચિત જાતિની ગ્રાન્ટ ઇન છાત્રાલયો જે ચાલુ છે, એમાં પ્રાયોરિટીના ધોરણે, ધોરણ- ૫ થી ૧૦ ની સ્કૂલ એને આપવામાં આવે તો એનાથી આ ભાર ઘણો હળવો થશે, એવું મારું સૂચન છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વારે વારે અમારા શ્રી ભૂપેન્દ્રસિંહજીને વિપક્ષના લોકોએ ટાર્ગેટ કર્યા છે, ત્યારે મને સન્માનનીય ગૃહ સમક્ષ વાત કરવાનો મોકો મળ્યો છે. પૂર્વ મંત્રીશ્રી, અમારા પૂર્વ આગેવાનોએ કહ્યું હતું કે નવા મંત્રીશ્રીઓ શું કરવા માંગે છે? અમારા પૂર્વ મંત્રીશ્રીઓએ જે કહ્યું છે, અમારી સરકારે ભૂતકાળમાં જે કહ્યું છે એ અમે કરવા માંગીએ છીએ અને કરીએ જ છીએ. શ્રી ભૂપેન્દ્રસિંહજીએ જયારે વાત કરી ત્યારે જે તે વખતે કોરોનાની સ્થિતિમાં સપૂર્ણપણે શાળાઓ બંધ હતી. શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વની અંદર રાજયની સરકારે નિર્ણય કર્યો. આખા દેશમાં ઓફલાઇન શિક્ષણ શરુ કર્યું. શાળાઓ પણ વહેલી શરુ કરી. શાળાઓમાં પણ વિદ્યાર્થીઓ ભલે ૫૦ ટકા, મને કહેતા જરા પણ ક્ષોભ નથી. મર્યાદાઓ હતી પણ વિદ્યાર્થીઓ માટે કોઇએ તમે, અમે કે મીડિયાએ પણ જોયું નહીં અને વિદ્યાર્થીઓની ૯૦ ટકા હાજરી રહી છે. એટલા માટે જ એમની પણ વ્યવસ્થાઓ જળવાય અને ભૂતકાળમાં જે જાહેરાત કરી હતી, એમાં કોઇપણ કમી ન રહે એની ચિંતા કરી પણ જે ભણ્યા છે, શાળામાં ગયા છે અને અઢી લાખ જેટલા વિદ્યાર્થીઓ અમારી સરકારી શાળામાં પાછા આવ્યા છે. એ સંપૂર્ણપણું જાળવીને શ્રી ભૂપેન્દ્રસિંહજીએ જે કર્યુ હોય એ અમે ચોકકસ માનીએ જ પણ એ વખતની સ્થિતિમાં બાપુશ્રીએ કયારે કહ્યું, શું કહ્યું, એ વખતની જે સ્થિતિ હતી એને પણ આપણે સમજીને શિક્ષણના વિશાળ હીતમાં અમે આ વાત કરી છે, શિક્ષકોની વાત કરી છે. મને કહેતાં આનંદ થાય છે કે, લગભગ ૯૨ ટકા શિક્ષકો ભરેલા છે. શિક્ષકો નથી, શિક્ષકો નથી, આ વાત પણ ખોટી છે. જેમ, શ્રી નૌશાદભાઇએ વાત કરી છે, શ્રી પુંજાભાઇએ વાત કરી છે, શ્રી રાજેશભાઇએ વાત કરી છે, શ્રી પ્રવીણભાઇ મૂસડીયાએ વાત કરી છે, એ તમામ વાતો લગભગ, લગભગ મારી વાતમાં આવી જાય છે. છતાં પણ શ્રી પુંજાભાઇ, વ્યકિગત ધોરણે એ કંઇપણ બાબતો હશે તો ફરજના ભાગરૂપે અમે જોઇશું. મને કહેતા આનંદ થાય છે અને હું જાહેરાત પણ કરવા માગું છું કે, રાજ્યની સરકારે નક્કી કર્યુ છે કે, પહેલા અને બીજા ધોરણમાં પણ અંગ્રેજી વિષય દાખલ કરવાના છીએ. ગુજરાતી ભાષા તો આપણા માટે ફરજિયાત છે જ પણ સાથે અંગ્રેજી પણ અમે દાખલ કરવાના છીએ અને એના માટે મને આનંદ છે કે દ્વિભાષી પુસ્તકોની બાબત હોય એ અંગ્રેજી અને ગુજરાતીના દ્વિભાષી પુસ્તકો અમે બનાવવા જઇ રહ્યા છીએ. એ લર્નિંગ, લિસનિંગ જે પ્રકારની વ્યવસ્થાઓ જે વિદ્યાર્થીઓ સમજી શકે એ ભાષામાં સમજાવવાનો અને ભણાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : હવે મતદાનનો સમય થઇ ગયો છે.

તા. ૧૭મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભગવત ગીતાના શ્લોકોનું પઠન થાય એ પણ અમે નક્કી કર્યું છે કે ભગવત ગીતાના શ્લોકો એ બાળકો બરાબર રીતે સમજે. બીજી ફી વધારાની કે ફી ઘટાડાની બાબતો છે, એ બાબતમાં નામદાર કોર્ટમાં એક પી.આઇ.એલ. હજુ પણ પેન્ડિંગ છે.

તેથી આ શિક્ષણની બાબત છે અને શિક્ષણના હિતમાં આપ સૌ સધિયારો આપશો અને આપની કાપ દરખાસ્તો પાછી ખેંચશો તેવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ આપ કાપ દરખાસ્તો પાછી ખેંચવા માગો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : ના, માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : હવે હું પ્રથમ રજૂ થયેલી કાપ દરખાસ્તો મત પર મૂકીશ.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૫, ૩૯, ૪૦, ૪૧, ૪૪ અને ૪૭ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૯, ૧૦ અને ૮૯ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૦૨.૨૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૨૨ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૨૨**
**ફાલ્ગુન-૩૦, ૧૯૪૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રીની જાહેરાત

**પ્રશ્નોત્તરીના સમયના અસરકારક ઉપયોગ માટે અનુસરવાની સૂચનાઓ બાબત**

અધ્યક્ષશ્રી: મારે એક જાહેરાત કરવાની છે કે વિધાનસભાની પ્રશ્નોત્તરી માટે એક કલાક ફાળવવામાં આવે છે. પ્રશ્નોત્તરી એ વહીવટીતંત્રને સંયમમાં રાખતું અને નાગરિકોને તેના હક્કો આપવામાં મદદ કરતું બહુહેતુક સંસદીય અધિકાર છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી આ અસરકારક હથિયારનો યોગ્ય ઉપયોગ થતો નથી, તેમ મને લાગે છે. જેથી સર્વે સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને આ બાબતમાં કેટલીક સૂચનાઓ આપું છું. જેનો દરેક સભ્યશ્રી/મંત્રીશ્રીઓએ ચૂસ્તપણે અમલ કરવા જણાવું છું.

- પ્રશ્નોત્તરી દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી શકાતો નથી.
- પૂરક પ્રશ્ન પૂછતી વખતે લાંબી પૂર્વ ભૂમિકા બાંધવી નહિ.
- મંત્રીશ્રીઓએ મૂળ પ્રશ્નને અનુરૂપ જ ટૂંકમાં જવાબ આપવા. આંકડાકીય અને લાંબી માહિતી હોય તો સંબંધિત સભ્યશ્રીને પહોંચાડવી.
- પૂરક પ્રશ્ન હંમેશ મૂળપ્રશ્ન અને તેના આવેલા જવાબમાંથી જ ઉપસ્થિત થવો જોઇએ.
- પ્રશ્નોત્તરી દરમિયાન મંત્રીશ્રી, સભ્યશ્રી ઇચ્છે તેવો જ જવાબ આપવા બંધાયેલા નથી.
- સભ્યશ્રીને મંત્રીશ્રી દ્વારા અપાયેલ જવાબ ખોટો કે સંતોષકારક ન જણાય તો નિયમોનુસાર અન્ય ઉપાયો પ્રયોજી શકે છે.
- કોઇ પૂરક પ્રશ્નનો જવાબ આપતી વખતે મંત્રીશ્રી એમ કહે કે સભ્યશ્રીએ પૂરક પ્રશ્ન માટે બીજી નોટિસ જોઇશે તો મંત્રીશ્રી આગળ, કોઇ જવાબ આપવા બંધાયેલા નથી.
- પૂરક પ્રશ્ન પૂછતી વખતે કોઇ વ્યકિત કે સંસ્થા ઉપર આક્ષેપો કરી શકાતા નથી.
- સબજયુડીશ બાબતો અંગે પૂરક પ્રશ્નો પૂછવા નહિ.

મને લાગે છે કે ઉકત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવામાં આવશે તો વધુમાં વધુ પ્રશ્નો આપણે ચર્ચા માટે હાથ ધરી શકીશું અને વહીવટીતંત્ર પાસેથી જાહેર હિતને લગતી ઘણી માહિતી મેળવી શકીશું.

**તારાંકિત પ્રશ્નો**

**રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજૂર થયેલ આવાસો**

* ૪૨૯૩૦ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં કેટલા આવાસ બનાવવાનું આયોજન હતું, | (૧) ૧૮૧ |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા આવાસો મંજૂર થયા છે, અને | (૨) ૧૮૦ |
| (૩) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ થયા ? | (૩) ૧૫૩ |

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણની પાત્રતા ધારા ધોરણ મુજબ શું છે તથા લાભાર્થીને મળવાપાત્ર રકમ કેટલી અને કેવી રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય સભ્યશ્રી લાખાભાઇએ ખૂબ જ સરસ પ્રશ્ન પૂછ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નીચે મુજબની પાત્રતા જરૂરી છે. એક તો એ ગ્રામીણ વિસ્તારમાં વસતો હોવો જોઇએ. આર્થિક અભ્યાસ વર્ષ ૨૦૧૧ મુજબ એમાં આવાસ સરવે પ્રમાણે લાભાર્થી સાબિત થતો હોવો જોઇએ. તેનુ કાચુ આવાસ છે તેવું પણ સાબિત થવું જરૂરી છે. વિશેષ એનો સો ચોરસ મીટરનો પ્લોટ છે તેવુ પણ સાબિત કરવું જરૂરી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આ જે પાત્રતાઓ લાભાર્થીની છે એમાં કુલ મળીને આવાસની ૧,૨૦,૦૦૦ સહાય મળે છે એમાં ૧૨,૦૦૦ની શૌચાલયની સહાય મળે છે અને મનરેગા હેઠળ ૨૦,૬૧૦ એમ કુલ મળીને ૧,૫૨,૬૧૦ રૂપિયાની રકમ એની મંજૂર થાય છે. પ્રધાનમંત્રી આવાસ

યોજના હેઠળ ત્રણ તબક્કામાં રકમની ચૂકવણી કરવામાં આવે છે. પ્રથમ હપ્તો જયારે વહીવટી મંજૂરી મળતી હોય છે કે માન્યતા મળે ત્યારે ૩૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. ત્યારબાદ લિન્ટલ લેવલ સુધી બાંધકામ કરવામાં આવે ત્યારે ૫૦,૦૦૦ની રકમ આપવામાં આવે છે. જયારે ત્રીજો અને અંતિમ હપ્તો ૪૦,૦૦૦ રૂપિયાનો આપવામાં આવે છે. આ સિવાય આગળ કહ્યું એમ મનરેગામાં રૂપિયા ૨૦,૬૧૦ અને સમય મર્યાદા પહેલા પૂરું કરે તો ગુજરાત સરકાર તરફથી પ્રોત્સાહક તરીકે રૂપિયા ૨૦,૦૦૦ જેવી રકમ આપવામાં આવે છે.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા ઇચ્છું છું કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ત્રણ તબક્કાના પેમેન્ટની જે વાત કરી એ મુજબ ઘણા બધા કિસ્સામાં એક હપ્તો ચૂકવાઇ ગયા પછી બીજા અને ત્રીજા હપ્તા માટે ઘણી બધી રાહ જોવી પડતી હોય છે. ઘણા બધા એવા પણ દાખલા છે કે બે મહિના, ચાર મહિના સુધી હપ્તો ન આવવાના કારણે લાભાર્થીને મકાનનું કામ અધૂરું રાખવું પડતું હોય છે. તો એવો કોઇ કાયદો અથવા તો નિયમ ખરો કે એક વખત બાંધકામ શરૂ કર્યા પછી છ મહિના, આઠ મહિના કે દસ મહિનામાં બાંધકામ પૂરું કરી જ દેવું કે જેથી કરીને લાભાર્થીને યોગ્ય પૈસા મળે અને ઝડપથી કામ શરૂ થાય?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આગળ કહ્યું તેમ સમય મર્યાદામાં કામ પૂરું કરે તો તેને પુરસ્કાર રૂપે પણ ગુજરાત સરકાર આપે છે. પ્રધાનમંત્રી આવાસ (ગ્રામીણ) હેઠળ છેલ્લા છ મહિનામાં ૧૨૮ કરોડ રૂપિયા અને જાન્યુઆરી- વર્ષ ૨૦૨૨માં ૨૨૦ કરોડ રૂપિયા એમ કુલ ૩૪૮ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારના ફાળવવામાં આવ્યા છે અને ઓગસ્ટ- વર્ષ ૨૦૨૧માં ૧૯૩ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૨માં ૨૪૭ કરોડ રૂપિયા એમ છેલ્લા છ માસમાં ૭૩,૧૫૦ આવાસની મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા છ માસ દરમયાન ૪૧,૦૦૦ આવાસ પૂર્ણ થયા છે. એમ આવનારા સમયમાં પણ ૧,૦૦,૦૦૦ આવાસ બે મહિનામાં પૂરા કરવાનો અમારો લક્ષ્યાંક છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦નો કુલ લક્ષ્યાંક કેટલો હતો અને પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત જે ખરેખર જરૂરિયાતવાળા લોકો છે એ લોકો રહી જાય છે અને જે જરૂરિયાતવાળા નથી એ લોકોને મળે છે તેના કારણે ગ્રામ્ય કક્ષાએ વિસંગતતા થાય છે તેના કારણે ઘણા બધા પ્રશ્નો ઉભા થાય છે તો ગરીબીની રેખા નીચે જે જીવે છે અને બી.પી.એલ. યાદીમાં જેઓનું નામ છે અને એમનું નામ ડેટા એન્ટ્રીમાં ન હોવાના કારણે આવાસનો લાભ મળતો નથી, તો બી.પી.એલ. યાદીમાં જે લોકોના નામ છે એ ધોરણે જ આપણે આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : રાજકોટ જિલ્લામાં તાલુકાવાર જોઇએ તો વર્ષ ૨૦૧૯-૨૦માં જે લક્ષ્યાંક છે એ ધોરાજીમાં ૧૩, ગોંડલમાં ૨૬, જામકંડોરણામાં ૩, જસદણમાં ૨૬, જેતપુરમાં ૩૦, કોટડાસાંગાણીમાં ૨, લોધીકામાં ૮, પડધરીમાં ૪, રાજકોટમાં ૧૯, ઉપલેટામાં ૨૩ અને વિંછિયામાં ૨૭. કુલ મળીને વર્ષ ૨૦૧૧ના આર્થિક સરવે મુજબ જેનું નામ છે એ કેન્દ્રની યોજના મુજબ લાભાર્થીનો અગ્રતાક્રમ નક્કી થાય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્ષ ૨૦૨૦-૨૧માં સરકાર દ્વારા કુલ આવાસો માટે ૧,૧૫૯ કરોડ અને ૪૦ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. તેની સામે ૩ કરોડ, ૨૧ લાખ અને ૩૦ હજાર રૂપિયાનો ખર્ચ થયો છે. તમે કહ્યું કે ૧,૦૦,૦૦૦ આવાસોનો લક્ષ્યાંક છે એટલે વર્ષ ૨૦૨૦-૨૧માં જે ૧,૧૫૯ કરોડ અને ૪૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા અને સરકારે ખર્ચ કર્યો છે એ ૪ કરોડ રૂપિયા છે. તેવી રીતે વર્ષ ૨૦૨૧-૨૨માં જોગવાઇ ૧,૨૭૧ કરોડ રૂપિયાની હતી. તેની સામે ૩ કરોડ ૨૧ લાખ રૂપિયા ખર્ચ કર્યો છે. તો કેટલા આવાસો બનાવ્યા અને કેટલો ખર્ચ કર્યો?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : કુલ ૮૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં વર્ષ ૨૦૧૯માં સરવે થયો તેમાં જે ગામો ઓનલાઇન એન્ટ્રી ન કરવાના કારણે વંચિત રહી ગયા છે, જેમ સરકારે ૫૦ લાખ કાચા મકાનો પાકા કરવાની વાત કરી છે તો આ ઓનલાઇન એન્ટ્રી જ થઇ નથી એવા ગામોને કેવી રીતે લાભ મળશે? મારા વિસ્તારના ૪૬ ગામોની ઓનલાઇન એન્ટ્રી થઇ નથી. તેના કારણે વર્ષ ૨૦૧૯ પછી કોઇ ગરીબ માણસને તેનો લાભ મળ્યો નથી. તો આ બાબતે સરકારે કેન્દ્રમાં કોઇ રજૂઆત કરી છે? રજૂઆત કરી હોય તો તેના પરિણામ સ્વરૂપે આ લોકોને ક્યાં સુધીમાં લાભ મળશે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે. ચોક્કસ ધ્યાનમાં લઇશું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાને જાહેરાત કરી હતી કે સન ૨૦૨૨માં કોઇપણ મકાનથી વંચિત નહીં રહે તો હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે રાજકોટ જિલ્લામાં કેટલા લોકો વર્ષ ૨૦૨૨માં હજી મકાનથી વંચિત છે અને બહાર રોડ ઉપર રહે છે અથવા કોઇ ખેતરોમાં રહે છે એમની કેટલી સંખ્યા છે અને વડાપ્રધાન યોજના નીચે કયારે એમને આવાસ આપવામાં આવશે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, અલગ નોટિસથી માગશે તો પૂરતી તાલુકાવાર અને આખા રાજયની માહિતી આપીશું.

## તારાંકિત પ્રશ્નો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકોટનો જ પ્રશ્ન છે કે કેટલા લોકો આવાસથી વંચિત છે? માનનીય વડાપ્રધાનશ્રીએ જાહેરાત કરી હતી કે વર્ષ ૨૦૨૨માં કોઇપણ આવાસથી વંચિત નહીં રહે તો રાજકોટમાં આવા કેટલા લોકો આવાસથી વંચિત છે એ માનનીય મંત્રીશ્રી મને જવાબ આપે. મેં સીધો જ પ્રશ્ન પૂછ્યો છે?

અધ્યક્ષશ્રી : આપની પાસે જવાબ હોય તો આપો નહીં તો પછી એમને પહોંચાડી દેજો.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અલગ છે. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરજીભાઇએ જે પ્રશ્ન પૂછ્યો એ બહુ સ્પષ્ટ હતો કે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨માં કાચા ઝૂંપડાનો ઘેર ઘેર ફરીને સરવે કરાવવામાં આવ્યો, ઘેર ઘેર ફરીને ફોટા પડાવ્યા, ૫૦ લાખ ઝૂંપડા છે એવું રેકર્ડ ઉપર આવ્યું. ફરી વચન આપવામાં આવ્યું કે સન ૨૦૨૨ સુધીમાં કોઇપણ વ્યકિત કાચા મકાનમાં નહીં રહે, દરેકને પાકા મકાન આપીશું. સ્પેસિફિક પ્રશ્ન છે કે રાજકોટ જિલ્લામાં અત્યારે ૧૮૧ આવાસ બનાવવાનું આયોજન છે તો બી.પી.એલ. યાદી મુજબ હજી કેટલા લોકો આવાસથી વંચિત છે અને એને કેટલા સમયમાં આપવાનું તમારું આયોજન છે? કેટલા લોકો બાકી છે એટલો જ આકડો જોઇએ છે? રાજકોટ જિલ્લામાં માનનીય વિજયભાઇ મુખ્યમંત્રીશ્રી હતા, એમનો હોમ જિલ્લો છે અને એવા જિલ્લામાં પણ જો હજી પણ લોકો આવાસથી વંચિત હોય તો ગુજરાતની પરિસ્થિતિ શું હશે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૧ મંજૂર થયા છે એમાંથી ૧૮૦ને મંજૂરી મળી ગઇ છે અને એક માત્ર ટેકનિકલ કારણસર રદ થયું છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કંઇ છૂપાવવા જેવું છે નહીં, જાહેર થયેલ છે કે ૦ થી ૧૬માં જેમના નંબર છે અને એમને વખતોવખત એમને ટાર્ગેટ મુજબ લક્ષ્યાંક આપવામાં આવે છે તો કેટલા વેઇટિંગમાં છે એટલું જ જાણવું છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮-૧૯માં એક સરવે આવાસનો થયેલ છે. એની એન્ટ્રી થઇ ગઇ છે અને ટૂંકમાં એમને જવાબ અમે ટેબલ કરીશું.

અધ્યક્ષશ્રી : અત્યારે એમની પાસે માહિતી નથી. ટેબલ ઉપર આપી દેશે.

### સુરત જિલ્લામાં હક્કપત્રક નોંધોનો બાકી નિકાલ

* ૪૨૯૪૮ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

HB-940-3-22-SIS-10

[illegible] િએ છેલ્લા એક વર્ષમાં કેટલી [illegible] નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૮૬૮૧

(૨)

| | |
|---|---|
| કુલ પાડેલ નોંધો | ૬૨૫૯૧ |
| મંજૂર નોંધો | ૫૨૨૧૪ |
| નામંજૂર નોંધો | ૧૬૯૬ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. ખેડૂત ખાતેદારના પુરાવા રજૂ કરેલ ન હોવાથી.

૨. વારસાઇ કેસમાં મરણ દાખલા, પેઢીનામું વિગેરે ન હોવાથી.

૩. કોર્ટમાં કેસ ચાલતો હોય અને મનાઇ આપેલ હોવાથી.

૪. ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે સુરત જિલ્લાની અંદર તાઃ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૮,૬૮૧ જેટલી હક્કપત્રકની નોંધો બાકી છે તો તેનાં કયા કારણો છે અને આ નોંધો અંગે આજે શું પરિસ્થિતિ છે? નોંધ મંજૂર કરવાની સત્તા કોની છે અને નોંધ ના મંજૂર થવાના કિસ્સામાં કયા પ્રકારની જોગવાઇ છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ચાર પ્રશ્નો એક પ્રશ્નમાં આવેલા છે. આપના માધ્યમથી સમગ્ર ગુજરાતને માહિતી જાણવા મળે. આપણા તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને પણ જાણવા મળે એટલે આ વિગત જરૂરી છે. જમીન મહેસૂલના નિયમોમાં ઠરાવ્યા મુજબ હક્કપત્રકની સામાન્ય રીતે ૧૧ પ્રકારની નોંધો હોય છેઃ વારસાઇ, હયાતીહક્ક દાખલ, વેચાણ, વસિયત, ભેટ, સહભાગીદાર હક્ક દાખલ, બોજો, ગીરો, સગીર પુખ્ત થયાની બોજો મુકિત, ગીરોમુકિત, વહેંચણી, હયાતીમાં વહેંચણી અને હુકમી આ પ્રકારની જે નોંધો છે એ સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૮,૬૮૧ નોંધોનો નિકાલ બાકી છે તે પૈકી સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૮,૬૮૧ નોંધોનો જે નિકાલ બાકી છે તે પૈકી ૩ માસની અંદર તકરારી સિવાયની ૪૭ નોંધો સમયમર્યાદા બહારની છે. જયારે ૧૫૩ નોંધો તકરારી બાકી નોંધો છે. તાલુકા

પ્રમાણે જો જોઇએ તો ઓલપાડમાં ૩૮, માંગરોળમાં ૫, માંડવીમાં ૩, કામરેજમાં ૭, ચોર્યાસીમાં-૧૫, પલસાણામા ૯, બારડોલીમાં ૬, મહુવામાં ૫, અડાજણમાં ૨૩, કતારગામ-૫, ઉણા-૨, ઉધના-૨, મજુરા-૩૩ એમ કુલ ૧૩૩ નોંધો તકરારી હોવાથી બાકી છે. મહત્વની બાબત એ છે કે છેલ્લા ત્રણ મહિનામાં મારા મહેસૂલ વિભાગે કામગીરીમાં ખૂબ વેગ પકડ્યો છે. આ નોંધો બાકી રહેવા પાછળનાં કારણો છે એમાં કોર્ટના મનાઇ હુકમના કારણે, i ORA માં અગાઉની અરજી પેન્ડિંગ હોવાના ટેકનિકલ કારણે એવી માત્ર ૩૦ નોંધ બાકી છે. સુરત ખાતે તકરારી ન હોય તેવી જે ૮,૫૨૮ નોંધો છે એમાં હાલ ફક્ત ૧૦૯ હક્ક પત્રકની નોંધો બાકી રહેલ છે. તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ૧૫૩ તકરારી નોંધ હતી એમાં ૮૭ નોંધો બાકી છે. આ નોંધો પૈકી તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બાકી ૭૭ નોંધોમાંથી ૩૦ નોંધો સમયમર્યાદા અંદરની બાકી છે એટલે એ બાકી નોંધમાં ગણાતી નથી અને એનો નિકાલ થવાનો બાકી છે. ૪ મનાઇ હુકમના કારણે, ૨૬ i ORA માં સ્ટેપમાં પાછળ હોવાના કારણે એ પેન્ડિંગ છે. એટલે કુલ મળીને મોટાભાગની નોંધોના નિકાલ બાકી છે. હવે જે સત્તાની વાત પૂછી તો નોંધ મંજૂર કરવાની સત્તા નાયબ મામલતદારને છે. આદિવાસીની જમીન હોય અને એમાં ફેરફાર નોંધ હોય તો એ પ્રમાણિત કરવાની સત્તા મામલતદાર પાસે છે. વારસાઇની નોંધો મંજૂર થવાના કિસ્સામાં પ્રાંત અધિકારી સમક્ષ આર.ટી.એસ. અપીલ દાખલ કરી શકાય. પ્રાંત અધિકારીના નિર્ણયથી નારાજ થઇને કલેકટર સમક્ષ નિયમ-૧૦૮(૬) હેઠળ રિવિઝન અરજી દાખલ કરી શકાય. કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ થઇને નિયમ-૧૦૮(૬)(ક) હેઠળ સચિવશ્રી વિવાદ સમક્ષ ફેરતપાસ અરજી દાખલ કરી શકે છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વારસાઇ નોંધ પાડવાની શું વ્યવસ્થા છે અને વારસાઇની નોંધ પ્રક્રિયા ઓનલાઇન થઇ છે કે કેમ? જો હા, તો તેની વિગતો શું છે? વારસાઇમાં કોઇ બાકી ન રહે તેના માટે શું જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મહાદેવ એકવાર પ્રસન્ન થયા અને વર માગવાનું કહ્યું કે એક વરદાન માગ. એક જ વરદાન માગવાનું હતું તો એમાં ત્રણ વરદાનો માગી લીધા કે મારે ચાર માળનું મકાન હોય, ચોથા માળે મારા દીકરાનો દીકરો રમતો હોય અને એને જોઇને પછી એને રમાડું. એમ આ એક પ્રશ્નમાં ચાર પ્રશ્નોથી માહિતી માગી લીધી છે. વારસાઇની નોંધની પ્રક્રિયા પૂછી છે. વારસાઇ ફેરફાર નોંધની અરજી અરજદાર દ્વારા નિયમ કરાયેલ ફોર્મમાં જરૂરી પુરાવા જેવા કે મૃત્યુ પ્રમાણપત્ર, તલાટી દ્વારા મંજૂર થયેલ અસલ પેઢીનામું, સ-કબજેદારોની સંમતિ સાથે ઇ-ધરા કેન્દ્રમાં રજૂ કરવાનું થાય. ઇ-ધરા કેન્દ્રમાં નાયબ મામલતદાર દ્વારા ચકાસીને જો તમામ પુરાવા રજૂ કરેલ હોય અથવા ના કરેલ હોય તો પણ કાચી નોંધ પાડવામાં આવે છે અને અરજદારને રસીદ આપવામાં આવે છે એમાં સાથે ખૂટતા પુરાવાની વિગતો દર્શાવવામાં આવે છે. તમામ પુરાવાઓ રજૂ થયેલ હોય તો કાચી ફેરફાર નોંધ જનરેટ થયા બાદ અરજદાર અને સંબંધિતોને કલમ-૧૩૫(ડી)ની નોટિસ મોકલી આપવામાં આવે છે. માનનીય ઝાલાવાડિયાને આપના માધ્યમથી ઓનલાઇન વારસાઇની પ્રક્રિયા એમણે પૂછી છે એ જનતાની સરળતા અને સુવિધા માટે નમૂના નં. ૬ માં ઇ-ધરા કેન્દ્ર ખાતે વારસાઇ ફેરફાર નોંધની અરજી ઓનલાઇન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. વારસાઇ નોંધ માટે i ORA.Gujarat.gov.in વેબસાઇટ પર સહીવાળી અરજી સાથે મરણનું પ્રમાણપત્ર, મરણ પામનાર ખાતેદારનું તલાટીનું પેઢીનામું સ્કેન કરીને અપલોડ કરવાનું હોય છે. અરજી સબમિટ કર્યાની તારીખથી મહત્તમ ૧૫ દિવસમાં અસલ દસ્તાવેજ જે તે તાલુકાના ઇ-ધરા કેન્દ્ર ખાતે રજૂ કરવાના રહે. અરજી સાથે ૭/૧૨, ૮-અ જેવા અન્ય કોઇ દસ્તાવેજ અપલોડ કરવાના થતા નથી. જો કોઇ ચોક્કસ કિસ્સામાં કોર્ટનો હુકમ હોય તો તે વિગત પણ અપલોડ કરવાની રહે. અરજદાર તથા અરજી મુજબના હક્ક ધરાવનાર તમામના મોબાઇલ નંબરની વિગતો રજૂ કરેલ હશે તો તેમના વારસાઇની કાચી નોંધ બાબતે એસ.એમ.એસ.થી જાણ કરવામાં આવશે. નોંધનો નિર્ણય કરનારને કાગળોની ચકાસણી દરમિયાન નોંધની સ્ક્રિપ્ટમાં જોડણી કે નામની કોઇ ભૂલ જણાય તો અરજદાર દ્વારા રજૂ કરેલ અસલ અરજી, પેઢીનામું, મરણ પામનારના દાખલા ચકાસીને તે મુજબનો સુધારો અને તેની વિગતોનો ઉલ્લેખ નિર્ણયના લખાણમાં કરવાનો રહેશે. વારસાઇમાં કોઇ નોંધ બાકી રહી જાય નહીં તે માટે સરકારે તા. ૩-૨-૨૦૦૩ના પરિપત્રથી સૂચના બહાર પાડી છે. જે મુજબ ખાતેદારના મૃત્યુ બાદ કાયદેસરના વારસદારોની રેકર્ડમાં તુરત જ નોંધ કરવા તલાટી તથા સંબંધિત અધિકારીઓને સૂચના આપેલ છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લાની નામંજૂર થયેલી નોંધોની સંખ્યા ૧,૬૯૬ છે, એનાં કારણોમાં આપે જણાવ્યું છે કે ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી તો આ ૧,૬૯૬ જે નામંજૂર થયેલી નોંધો છે, એમાંથી ક્ષેત્રફળની વિસંગતતા હોવાથી નામંજૂર થઇ હોય એવી સંખ્યા કેટલી અને ૫ ટકા કરતા વધારે ડિફરન્સ હોય તો એવી જગ્યા પ્રમોલગેટ થવી ન જોઇએ, પરંતુ જિલ્લા સંકલનમાં જયારે વિગતની માહિતી માગીએ છીએ, ત્યારે જિલ્લા સંકલનમાં એવી રજૂઆત આવે છે કે ગામદીઠ ૧,૦૦૦ રૂપિયા તમારે ભરવા પડશે તો પ્રજાના પ્રતિનિધિ તરીકે જિલ્લા સંકલનમાં જયારે કોઇ વિગત માંગીએ તો એના માટે ૧,૦૦૦ રૂપિયા ભરવાની વાત આવે છે એ વ્યાજબી છે કે કેમ એ સૂચના જિલ્લા કક્ષાએ આપવા માગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો આ જે ૧,૦૦૦ રૂપિયા સંકલનમાં માંગવામાં આવે છે એ બાબતમાં સરકાર સ્પષ્ટ છે કે સંકલનમાં માંગવામાં આવતી માહિતી માટે હજાર રૂપિયા ભરવાના હોય નહીં અને એ જો કોઇ

જગ્યાએ માગતા હોય તો અમે ચોકકસપણે એની સૂચના જારી કરીશું. જયાં સુધી આ જે મંજૂરી અને નામંજૂરીના કેટલાક કિસ્સા છે એ બાબતની વાત કરીએ તો ૮૪ ટકા નોંધો મંજૂર કરી છે. માત્ર બે ટકા નોંધો નામંજૂર કરી છે અને જેના નિકાલ બાકી છે એવી ૧૩.૨૯ ટકા છે, પરંતુ છેલ્લે આ પ્રશ્ન પૂછયો છે ત્યારથી માંડીને ગઇકાલ સુધીના સમયગાળા દરમિયાન ગણીએ તો માત્ર ૩૦ નોંધ જે મેં આગળ કીધી એ મુજબ બાકી છે. ૪ નોંધો માત્ર કોર્ટના હુકમના કારણે બાકી છે અને બાકીની જે ૨૬ છે એ નોંધો તકરારી હોવાને કારણે બાકી છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ક્ષેત્રફળમાં વિસંગતતા છે એ બહુ જટીલ પ્રશ્ન છે રાજયનો કારણકે જયારે જમીનની માપણી થઇ આમ તો છેક ગાયકવાડ સરકાર વખતથી માપણી થઇ ત્યાં સુધીમાં કોઇ દિવસ જમીનનું જે ક્ષેત્રફળ હોય ૭/૧૨માં એમાં વિસંગતતા ઉભી થઇ નહોતી. આ વિસંગતતા ઉભી થઇ જમીનની માપણી પછી અને જમીનની માપણી પછી સરકારને વારંવાર રજૂઆતો થઇ કે આ રદ કરવી જોઇએ. રદ નથી થતી તો પ્રમોલગેશન ન થવું જોઇએ. પ્રમોલગેશન પણ થઇ ગયું. પ્રમોલગેશન થઇ ગયું એટલે નોંધ નામંજૂર જ થાય, કેમકે ૫ ટકાથી વધારે ક્ષેત્રફળ હોય કે ઓછું હોય, એટલે ૧૦૦ ટકા નામંજૂર થાય પછી અપીલ કરવી પડે. અપીલ કર્યા પછી જીઆરટી સુધી લડે પણ એનો ઉકેલ ન આવે. સરકારે નિર્ણય લેવો જોઇએ કે આ માપણી રદ કરવી જોઇએ અથવા તો રદ કરીને અથવા તો પ્રમોલગેશન થાય ત્યારે જે મૂળ એનો ૭/૧૨ હતો એ પ્રમાણે વધારે વઘ હોય તો તાત્કાલિક એનું નિરાકરણ કરવું જોઇએ એ ન થવાને કારણે લાખો અરજીઓ પેન્ડિંગ છે એટલા માટે આ પ્રશ્ન થાય છે તો માપણી રદ કરવા માગો છો કે કેમ? અથવા તો પ્રમોલગેશન કરતા પહેલાં તમે આ સુધારા સૂચનાઓ આપીને કરવા માંગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચાવડાજીનું સૂચન ખરેખર સારું છે. વિચારણા લાયક છે, પણ લાખો નોંધો પેન્ડિંગ છે એ વાત અમે સ્વીકારતા નથી. રહી વાત ક્ષેત્રફળની બાબતમાં. જે કંઇ તકરાર છે એ તકરારની બાબતમાં અમે ઝડપથી નિકાલ થાય એ માટેના ચોકકસ પ્રયત્ન કરીશું.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વારસાઇના બહેનોના હક્ક નાબૂદ થાય નહીં તે માટે સરકારે કોઇ વ્યવસ્થા વિચારેલી છે કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, વારસાઇમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે હંમેશાથી બહેનો માટે સ્ત્રીસશક્તિકરણથી માંડીને એમના હક્કનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે. અને વારસાઇમાં બહેનો દીકરીઓના હક્કો નાબૂદ થાય નહિ એ માટે સરકારે તા. ૧૪-૫-૨૦૧૪ ના રોજથી સૂચનાઓ પરિપાત્રિત કરેલ જ છે. જે મુજબ ગુજરનારના કાયદેસરના વારસદારોમાં પરિણીત, અપરિણીત દીકરીઓનો વારસદાર તરીકે સમાવેશ થાય તે માટે સૂચના આપેલ છે, જણાવવામાં આવેલ છે. પરિણીત, અપરિણીત બહેનો દીકરીઓનો પેઢી આંબામાં સમાવેશ થાય તે માટે બાંહેધરી અન્ય વારસદારો પાસેથી લેવાની રહે છે એવી સૂચના સ્પષ્ટપણે આપેલ છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, ગામડામાં ૬૦ વીઘા જમીન હોય અને ૩ ભાઇઓ હોય. નાના ખેડૂત બનવા માટે એક ૧૦ વીઘાનું ખેતર હોય તો ૧૦ વીઘા ખેતર એકના નામે કરી દે. એકના નામે ૧૫ વીઘા કરી દે અને એકના નામે ૧૮ વીઘા કરે. જ્યારે ખરેખર જેન્યુઇન વહેંચણી કરવામાં આવે ત્યારે એ પ્રમાણે પાના નાખે એટલે અલગ અલગ થતું હોય ત્યારે એમાં દસ્તાવેજ કરવો પડે. પિતાજીની જગ્યા મારે નામે ૧૫ વીઘા આવ્યું હોય એ પાના નાખીએ ત્યારે ન આવે તો એને બદલાવવા માટે મારે મારા ભાઇને દસ્તાવેજ કરી દેવો પડે. અને મારા ભાઇએ મને દસ્તાવેજ કરી દેવો પડે. તો આમાં સુધારો કરી દસ્તાવેજ ન કરવો પડે તેવું કરવા માગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારું સૂચન છે. એના ઉપર સરકાર વિચારણા કરી રહી છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગની નોંધો રેકર્ડ સાથે સુસંગત નથી. એવાં કારણ બતાવીને નોંધો નામંજૂર કરવામાં આવે છે, તો અરજદારને આગળની કાર્યવાહી માટે કાનૂની પ્રક્રિયામાં અપીલમાં જઇને ખૂબ સમય એનો વ્યય થાય છે. એની જગ્યાએ નામંજૂર કરતા પહેલા એન.એ. જેવી બીજી પ્રક્રિયામાં અરજદારને ખૂટતા પુરાવા રજૂ કરવા માટે તક આપીએ છીએ તેમ નામંજૂર કરતા પહેલાં અરજદારને કોઇ તક આપવા માગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સૂચન છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગુ છું કે તમે તમારા જવાબમાં વાત કરી કે નોંધો મંજૂર કરવાની સત્તા નાયબ મામલતદાર પાસે છે. નાયબ મામલતદાર નામંજૂર કરે અને અપીલમાં પ્રાંત પાસે જવું પડે. પહેલા મામલતદાર પાસે થતું હતું, એટલા માટે ફરીવાર નાયબ મામલતદાર નોંધ નામંજૂર કરે તો એ અપીલ ચલાવવા માટે મામલતદારને સત્તા ફરીવાર આપવા માગો છો કે કેમ? કારણ એટલા માટે અને ધ્યાન દોરવાનું કે સીધું પ્રાંતને આપો છો. પ્રાંતનો નિર્ણય થાય પછી ખેડૂતને કલેક્ટર પાસે જિલ્લામાં જવું પડતું હોય છે. ફરીવાર મામલતદારને આપો તો ખેડૂતને તકલીફ ન પડે અને જિલ્લા સુધી ધક્કા ખાવા ન પડે તે માટે ફરીવાર સત્તા મામલતદારને આપવા માગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી :બળદેવજી ખૂબ જ અનુભવી વ્યક્તિ છે. માનનીય ધારાસભ્યશ્રી છે. એમનું આ સૂચન છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ જ હતો. વાત કરવી પડશે. આ નામંજૂર કરવાનાં કારણો એમાં ખેડૂતે ખાતેદારને પુરાવા રજૂ કરેલ ન હોય, પછી ક્ષેત્રફળમાં વિસંગતતા હોય, પછી વારસાઇ કેસમાં મરણનો

દાખલો પેઢીના વગેરેના નામો ન હોય, આ બધાં નામ ન હોય તો પ્રશ્ન ખરેખર આ ન હોય તો સીધા ડેપ્યુટી કલેક્ટરમાં જવું પડે. ત્યાં આગળ એને વકીલ રોકવાનો એ બધો ખરેખર ખર્ચ થાય. તો ફરીથી મામલતદાર સાહેબ એને તપાસે એવી રજૂઆત છે, સૂચન કે વિનંતી છે જે કઇ હોય એનો અમને જવાબ આપે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : બાબુભાઇ અમારા વકીલોની પાછળ શા માટે પડ્યા છો? આપનું સૂચન છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેતીની જમીનના વેચાણ કિસ્સામાં નોંધ પાડવા માટે શું જોગવાઇ છે? રજિસ્ટર્ડ બાનાખતની હક્ક પત્રકમાં નોંધો પાડવામાં આવે છે કે નહી? ના હોય તો તેનાં શાં કારણો છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની જમીન વેચાણના લેનારને જાણ કરવાની હોતી નથી. કારણકે ખેતીની જે જમીન છે તેના વેચાણ વ્યવહારોના કિસ્સામાં દસ્તાવેજ ક્લિયર થતાંની સાથે જ ઓટોમેટિક કાચી એન્ટ્રી ઇ-ધરામાં જનરેટ થાય છે. જે અગાઉ પણ રજૂઆત કરી કે, ઇ-ધરામાં નાયબ મામલતદારને ચકાસીને પુરાવા રજૂ કરેલ ન હોય તો કાચી નોંધ પાડવામાં આવે છે અને અરજદારને રસીદ આપવામાં આવે છે. તેમાં ખૂટતા પુરાવાની વિગતો પણ આપવામાં આવે છે કે, આ ખૂટતા પુરાવા તમે રજૂ કરો. રજિસ્ટર્ડ બાનાખતની હક્કપત્રકમાં નોંધ પાડવામાં આવતી નથી. હક્કપત્રક રેકર્ડ ઓફ રાઇટસ અદ્યતન રાખવા અંગેની ઘણી સૂચનાઓ સરકારે તા. ૧-૧૨-૨૦૦૩ ના ઠરાવથી પ્રસિદ્ધ કરેલી છે. તે મુજબ રજિસ્ટર્ડ બાનાખતની હક્કપત્રક ગામ નમૂના નંબર-૬ માં નોંધ પાડવામાં આવતી નથી. કારણકે બાનાખતથી મિલકતમાં ટાઇટલ ક્રિએટ થતું નથી પણ આ પ્રશ્ન જયારે પૂછાયો છે ત્યારે તેની ચર્ચામાં સરકાર એ વિચારણા કરી રહી છે કે, રજિસ્ટર્ડ બાનાખત થાય તેની સીધી એન્ટ્રી પડે છે તો બાનાખત જે કરવામાં આવે, સેલડીડ કરીએ તો નોંધ પડે છે, બાનાખત કરવામાં આવે તેની એન્ટ્રી પડવી જોઇએ. આવું સરકારનું માનવું છે. એટલા માટે કે, ભવિષ્યમાં કોઇના ધ્યાનમાં રહે કે આમાં બાનાખત થયેલું છે. એટલે આની સરકાર કક્ષાએ વિચારણા ચાલી રહી છે. આ અંગે કોઇ નિર્ણય લેવાશે. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : માનનીય ગુલાબસિંહ, લગભગ વીસ મિનિટથી હાથ ઉંચો છે. આપ પ્રશ્ન પૂછો.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ઇનામીધારો, પસાયતધારો તેમજ દેવસ્થાન માટે આપેલી જમીનોને રેગ્યુલરાઇઝ કરવા માટે ચાર વર્ષ પહેલાં એક કમિટી બની હતી. તેમ છતાં આજે ચાર વર્ષ પછી તેના નિયમો હજી સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યા નથી. તેના કારણે અમારા વાવ-થરાદના હજારો ખેડૂતો પોતાના હક્કોથી વંચિત રહે છે. તો કયાં સુધી આના નિયમો નક્કી કરવામાં આવશે કે જેનો લાભ ખેડૂતોને મળી શકે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ જુદો જ પ્રશ્ન છે. તેની જુદી નોટિસ જ આપવી શકે અને ઇનામદારની બાબતની વિગતો અંગે સરકાર વિચારણા કરી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ગુલાબસિંહ આપ ફ્રેશ નોટિસ આપશો. માનનીય શ્રી જશુભાઇ પટેલ.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સહકારી બેન્કો, સરકારી બેન્કો ઉપર ખેડૂત ખાતેદાર જયારે લોન લે છે ત્યારે બેન્કના બોજા લાગુ પડે છે. ત્યારપછી ગરીબી અગર તો બીજી કોઇ પરિસ્થિતિના લીધે તે લેટ પૈસા ભરે તો આ જમીન શ્રી સરકાર થઇ જાય છે. બેન્કમાં પાછળથી પૈસા ભર્યા પછી આ જમીન શ્રી સરકારમાંથી ખેડૂતના ખાતે એન્ટ્રી પડતી નથી. વારંવાર ખેડૂતો હેરાન થાય છે. આજે મારા તાલુકાના નવા ગામે એક ઇંચ પણ જગ્યા ખેડૂતોના ખાતે નથી. આ લોકોએ પૈસા ભર્યા અને બેન્કમાં પૈસા ભર્યાની પહોંચો રજૂ કરવા છતાં આ ખેડૂત ખાતેદારોને આ જમીન પરત મળતી નથી. આ બાબતે માનનીય મંત્રીશ્રી થોડોક પ્રકાશ પાડે? મારો બીજો મુદ્દો એ છે કે, જ્યારે ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે સાઠંબા, ગાબટ, માલપુર અને મગોડી સ્ટેટ માટે નવી શરત જેવી કોઇ શરત રાખી ન હતી. તેમ છતાં આ જમીનોને આજે નવી શરતની ગણે છે અને જરૂર પડયે અધિકારીઓ તેનો અર્થનો અનર્થ કરીને પ્રીમિયમ લે છે અને ખેડૂતોને ખૂબ મુશ્કેલી પડે છે તો આ બાબતે કંઇ કહેવા માગો છો કે કેમ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રીમિયમની બાબત છે તેના માટે નવી નોટિસ આપવી પડે. સહકારી બેન્કોમાં બેન્કના બોજાની જે એન્ટ્રી પડે છે તે એન્ટ્રી રદ કરાવવા માટે બેન્ક મારફતે પણ રજૂઆત આવવી જોઇએ. કારણ કે ઘણીવાર એવું બને અને કોઇ બનાવટી દસ્તાવેજ રજૂ કરીને કહે કે મારા આ પૈસા ભરાઇ ગયા છે માટે આ બોજો રદ કરો તો તેમાં ઘણીવાર કૌભાંડ થવાની શક્યતા રહે છે. એટલે પોતે પણ રજૂ કરે અથવા બેન્ક મારફતે પણ રજૂ કરાવવું પડે કે જે ઓથેન્ટિક ગણાય.

**ખેડા જિલ્લામાં ટ્રેક્ટર સહાયની અરજીઓ**

* ૪૨૯૮૫ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણીનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર ખરીદવામાં સહાય |

ખરીદીમાં સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, અને

મેળવવા નીચે મુજબની અરજીઓ મળી.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી)** |
|---|---|---|---|
| ૧ | કઠલાલ | ૨૩૬ | ૧૭૪ |
| ૨ | કપડવંજ | ૮૧૮ | ૫૩૬ |
| ૩ | ખેડા | ૨૨૦ | ૨૦૫ |
| ૪ | ગળતેશ્વર | ૬૩ | ૬૭ |
| ૫ | ઠાસરા | ૨૧૪ | ૧૫૫ |
| ૬ | નડિયાદ શહેર | ૦ | ૦ |
| ૭ | નડિયાદ ગ્રામ્ય | ૨૦૩ | ૧૩૬ |
| ૮ | મહુધા | ૧૩૩ | ૧૦૧ |
| ૯ | મહેમદાવાદ | ૨૫૩ | ૨૨૭ |
| ૧૦ | માતર | ૨૬૬ | ૨૩૨ |
| ૧૧ | વસો | ૧૦૪ | ૯૨ |
| | **કુલ** | **૨૫૧૦** | **૧૯૨૫** |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી ખેડૂતોને ટ્રેક્ટર માટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય ચૂકવવામાં આવી.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૨૦-૨૧** | | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી)** | |
|---|---|---|---|---|---|
| | | **મંજૂર અરજીઓ** | **સહાયની રકમ** | **મંજૂર અરજીઓ** | **સહાયની રકમ** |
| ૧ | કઠલાલ | ૧૧૦ | ૫૦,૧૦,૦૦૦ | ૬૧ | ૨૭,૭૫,૦૦૦ |
| ૨ | કપડવંજ | ૩૦૨ | ૧,૩૮,૪૫,૦૦૦ | ૧૮૧ | ૮૨,૫૦,૦૦૦ |
| ૩ | ખેડા | ૧૧૩ | ૫૩,૪૦,૦૦૦ | ૮૧ | ૩૯,૩૦,૦૦૦ |
| ૪ | ગળતેશ્વર | ૩૮ | ૧૭,૪૦,૦૦૦ | ૨૪ | ૧૧,૨૫,૦૦૦ |
| ૫ | ઠાસરા | ૧૧૦ | ૫૦,૮૫,૦૦૦ | ૬૪ | ૩૦,૦૦,૦૦૦ |
| ૬ | નડિયાદ શહેર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | નડિયાદ ગ્રામ્ય | ૯૬ | ૪૩,૯૫,૦૦૦ | ૪૭ | ૨૧,૩૦,૦૦૦ |
| ૮ | મહુધા | ૮૧ | ૩૬,૬૦,૦૦૦ | ૩૫ | ૧૬,૫૦,૦૦૦ |
| ૯ | મહેમદાવાદ | ૧૩૪ | ૬૧,૮૦,૦૦૦ | ૯૮ | ૪૫,૩૦,૦૦૦ |
| ૧૦ | માતર | ૧૪૭ | ૬૯,૧૫,૦૦૦ | ૧૦૫ | ૪૯,૨૦,૦૦૦ |
| ૧૧ | વસો | ૪૪ | ૨૦,૫૫,૦૦૦ | ૩૨ | ૧૪,૭૦,૦૦૦ |
| | **કુલ** | **૧૧૭૫** | **૫,૪૨,૨૫,૦૦૦** | **૭૨૮** | **૩,૩૭,૮૦,૦૦૦** |

શ્રી સુરેશભાઇ ઘ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજ્યમાં ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવાની યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને આ સહાય મેળવવા માટે ખેડૂતે કયા કયા પુરાવા રજૂ કરવાના હોય છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બદલાતા યુગમાં ખેતીમાં માનવ અને પશુ સંચાલિત સાધનોનું સ્થાન ધીરે ધીરે હવે આધૂનિક યંત્રોએ લીધું છે. ખેત મજૂરોની અછત નિવારવા, ખેતીની જમીન તૈયાર કરી, લણણી તેમજ માલના વેચાણના માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવા ટ્રેક્ટર એક પ્રાઇમ મુવર સાધન છે. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેક્ટરની

કિંમત વધારે હોવાથી રાજયની વિકાસશીલ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ પ્રકારના ઓજારોની ખરીદીમાં તમામ વર્ગના ખેડૂતોને નાણાકીય સહાય આપવા માટેની યોજના બનાવી છે. ૪૦ એચ.પી.થી વધુ અને ૬૦ એચ.પી.સુધીના કેટેગરીના ટ્રેક્ટરનો સહાયમાં સમાવેશ કરવામાં આ ગુજરાત રાજય દેશમાં પ્રથમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો ખેતીવાડી ખાતામાં સન ૨૦૧૧થી ૪૦ થી ૬૦ એચ.પી. સુધીના ટ્રેકટર માટે આ યોજના શરુ કરવામાં આવી છે અને બાગાયત ખાતામાં સન ૨૦૧૦થી ૨૦૧૧ના વર્ષમાં મીની ટ્રેક્ટર ૨૦ એચ.પી.ના ટ્રેકટર માટેની યોજના શરુ કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ સહાય મેળવવા માટે ખેડૂતોને શું કરવું જોઇએ? એમ પૂછ્યું છે ત્યારે હું જણાવું કે, આના માટે ખેડૂતે આઇ-ખેડૂત પોર્ટલમાં ઓનલાઇન કરેલ અરજીની એક હાર્ડકોપી આપવી પડે, ૭/૧૨, ૮(અ)નો ઉતારો, બેન્ક પાસબૂક અને આધાર કાર્ડ, એમ્પેનલ્ડમેન્ટ થયેલ કંપનીનું ટ્રેક્ટર ખરીદીનું બીલ, આર.સી.બૂકની નકલ, વીમાની નકલ, એસ.સી. અને એસ.ટી. ખેડૂતો માટે જાતિ અંગેનો દાખલો જેવા સાધનિક કાગળો રજૂ કરવાના રહે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ટ્રેકટર ખરીદવું હોય તો કોની પાસેથી ખરીદવું પડે? અને કેટલા એચ.પી. સુધી માટે કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જણાવ્યા પ્રમાણે ૪૦ થી ૬૦ એચ.પી. સુધીના અને બીજી કેટેગરીમાં ૨૦ એચ.પી. સુધીના ટ્રેકટરોને સહાય આપવામાં આવે છે. ટ્રેક્ટર સહાય એમ્પલ્ડ થયેલા ડીલર્સો પાસેથી ખરીદવાનું હોય છે. તમામ ખેડૂતોએ ખેડૂત-આઇ પોર્ટલ ઉપર ખેતીવાડી અને બાગાયત ખાતાની ટ્રેકટરમાં સહાય મેળવવા માટે ઓનલાઇન અરજી કરવાની રહે છે. ઓનલાઇન અરજી કરતી વખતે ખેડૂતો પોતાની વિગત, બેન્ક એકાઉન્ટની વિગત, ખેડૂત ખાતેદાર હોવાની વિગત આ તમામ વિગતો આપવાની હોય છે તે ઉપરાંત તે અરજીની પ્રિન્ટ લઇ તેમાં સહી કરી સંબંધિત તાલુકા અમલીકરણ અધિકારી અથવા તો જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીમાં પુરાવા સાથે રજૂ કરવાની હોય છે. અરજી અને જરૂરી સાધનિક કાગળો પુરાવાને ધ્યાનમાં લઇ જિલ્લાના સંલગ્ન અધિકારીની કચેરીને ફાળવેલા લક્ષ્યાંકને ધ્યાનમાં લઇ ડ્રો પદ્ધતિથી ખેતીવાડી ખાતામાં અગ્રતાના ધોરણે પૂર્વ મંજૂરી આપવામાં આવે છે, જેથી તમામ ખેડૂતોને એક સમાન તક મળી રહે અને આ માટે ખેડૂત ખાતેદારને સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી મળ્યેથી દિવસ-૬૦માં ટ્રેકટરની ખરીદી કરવાની હોય છે. આ ખરીદીનું બીલ રજૂ કર્યેથી જિલ્લા ખેતીવાડી અધિકારી અથવા જે તે તાલુકાના તાલુકા અમલીકરણ અધિકારી દ્વારા સ્થળ ચકાસણી કરી યોજના હેઠળ મળવાપાત્ર સહાયની રકમ ડાયરેકટ ડી.બી.ટી.ના ભાગરૂપે આર.ટી.જી.એસ.થી ખેડૂતના બેન્ક એકાઉન્ટમાં જે તે નાણાકીય વર્ષમાં આપવામાં આવે છે. મેં જણાવ્યું તેમ અધિકૃત વિક્રેતા પાસેથી ટ્રેકટર ખરીદી કરવાની જોગવાઇ છે અને તો જ એને ટ્રેકટર સહાયની રકમ મળી શકે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૮૦માં મારા દાદા ૫૦ હજારમાં ઇન્ટરનેશનલ ટ્રેકટર લાવ્યા હતા. ત્યારથી લઇ આજની તારીખે આપણે બધા ખેડૂતની વાતો કરીએ છીએ અને આપણે બધા ખેડૂત પુત્રો છીએ. અત્યારે ૬ થી ૭ લાખ રૂપિયાનું ટ્રેકટર મળે છે અને એમાં સરકાર તરફથી ૪૦ થી ૪૫ હજાર સબસિડી તમે આપો છો અને જે ૪૦ હજાર સબસિડી તમે આપો છો એ પાછલા દરવાજે આર.ટી.ઓ.વાળા લઇ જાય છે, તો મારે આપને વિનંતી કરવી છે કે, આ ટ્રેકટરને બળદગાડાનો દરજ્જો આપી આરટીઓ ટેક્સમાંથી તમે માફી આપવા માગો છો કે કેમ ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ટ્રેકટર એ ખેડૂતો માટે બળદગાડાની જ ગરજ સારે છે માનનીય સભ્યશ્રીનું સૂચન બહુ વ્યાજબી છે અને સૂચનની હું યોગ્ય નોંધ લઉં છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, કોઇ પણ ખેડૂત હોય અને તે ખેડૂતને આ વર્ષમાં સબસિડી આપી, સહાય આપી તો પછી એ ખેડૂતને કેટલા વર્ષે સહાય આપવાની થાય છે ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ એક ખેડૂતે ટ્રેકટર સહાયથી સરકારની યોજનાના માધ્યમથી લીધુ તો પછી ૧૦ વર્ષ સુધી તે ખેડૂતને સહાય આપવામાં આવતી નથી. દસ વર્ષ પછી તે ખેડૂત અરજી કરે તો તેને સહાય આપવા માટેની કાર્યવાહી થાય છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેકટર એ ખેતી સાથે જોડાયેલું સાધન છે. ચારથી પાંચ વર્ષે આ બધા ખેડૂતો ટ્રેકટરો બદલતાં હોય છે. હવે જે ૧૦ વર્ષનો સમયગાળો છે તેને ઓછો કરવા માગો છો કે કેમ ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ટ્રેકટર ઉપર કેટલી સબસિડી આપવામાં આવે છે ? કેટલી જીએસટી લેવામાં આવે છે ? અને આ ખેતીનું સાધન હોવાથી તેને જીએસટી મુકત કરવા માગો છો કે કેમ ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ હોર્સપાવર સુધીના ટ્રેકટર માટે ૨૫ હજાર અને ૪૦ થી ૬૦ હોર્સપાવર સુધીના ટ્રેકટર માટે ૪૫ હજારની સબસિડીનું ધોરણ છે અને જીએસટી અંગેનું આપનું સૂચન છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ખેડૂતોને ખેતી - વિષયકનાં સાધનો માટે થઇને જે વિવિધ પ્રકારની સહાય આપવામાં આવે છે તેમાં દર વર્ષે જે લક્ષ્યાંક હોય તેને બાદ કરતા અરજીઓ વેઇટિંગ રાખવાને બદલે બીજા વર્ષે નવી કરવામાં આવે છે તો માગણી મુજબ લક્ષ્યાંક વધારવામાં આવે અને કદાચ લક્ષ્યાંક વધારવામાં ના આવે તો જે ખેડૂતો બાકી રહેતાં હોય તેને વેઇટિંગ રાખવામાં આવે જેથી કરીને બીજા વર્ષે તેને અરજી કરવા માટેનો ખર્ચો ના થાય. બીજુ, સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે જેટલી સબસિડી આપવામાં આવે તેનાથી વધારે પ્રમાણમાં જીએસટી લગાડવામાં આવે છે તો આવા ખેડૂતોના ખેતી - વિષયકનાં સાધનોમાં સરકાર જીએસટી હટાવી અને જે મૂળ કિંમત છે તે પ્રમાણે આપવા માગે છે કે કેમ ? બીજુ, ડીલરો મારફત જે ખેડૂતો ટ્રેક્ટર કે કોઇ પણ વસ્તુ ખરીદે તો તેને કઇ કંપનીનું લેવું તે ખેડૂત ઉપર છોડવામાં આવે. જે ડીલર કે અધિકારીઓ જે કહેતા હોય તે પ્રમાણે દબાણ કરીને તેને પોતાને ત્યાં ટ્રેક્ટર માત્ર ૪૦ હજાર માટે વેચાય અને આવી બદીઓ અમારી સામે આવે છે તો માનનીય મંત્રીશ્રી જિલ્લા ખેતીવાડી અધિકારીને આવી સૂચનાઓ આપી અને આનું નિરાકરણ કરવા માગે છે કે કેમ ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જુદી જુદી ૨૦ જેટલી કંપનીઓ ટ્રેક્ટરના વેચાણ માટે અધિકૃત થઇ છે અને ૨૦ પૈકી કોઇ પણ કંપની પાસેથી ખેડૂત ટ્રેક્ટર લે તો તેને સહાય મળે છે. જીએસટી બાબતનું આપનું સૂચન છે. આગલા ખેડૂતો આ વર્ષમાં જેમણે અરજી કરી હોય અને વર્ષના અંતે નાણાકીય મર્યાદા કે બીજા કોઇ પણ કારણોસર બાકી રહી ગયા હોય તો તમારું સૂચન બહુ સારું છે તેને પછીના વર્ષમાં કેરીફોરવર્ડ કરવું જોઇએ તે વાત સાથે હું સંમત છું. ત્રીજી વાત આ સરકાર ખેડૂતોને તમામ પ્રકારની સહાય આપવા માટે તત્પર છે અને પ્રતિવર્ષ બજેટમાં ખેડૂતોને સહાય આપવા માટેની યોજનાઓમાં પૂરતો વધારો કરવામાં આવે જ છે. હજુ પણ જરૂર પડયે વધારો કરીશું. અમારા માનનીય નાણામંત્રીશ્રીએ ખેતીવાડી ખાતાને પૂરતું બજેટ આપ્યું છે અને ખૂટશે તો પણ આપશે તેવી અમણે હૈયાધારણા આપી છે એટલે તેની ચિંતા અમારી ઉપર છોડી દેજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી ખૂબ સ્પષ્ટ હતી. આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે આ ખેડૂતોના આધુનિક ગાડાં સમાન ટ્રેક્ટરની સબસિડી લેવા જાય તો સોના કરતા ઘડામણ મોંઘુ થાય. પાંચ - છ લાખ રૂપિયાનું ટ્રેક્ટર હોય. ૧૮ ટકા જી.એસ.ટી.ના દાયરામાં સમાયેલ હતું. ૧૨ ટકાના દાયરામાં લાવવા માટે બધાએ માગણી કરી હતી. મારી વિનંતી એટલી જ છે કે સરકાર રૂપિયા ૪૦ - ૪૫ હજાર સબસિડી આપે છે. એમાં ૨૫ - ૫૦ ટકા *(xxx) બીજી બાજુ સરકાર ટ્રેક્ટર ઉપર ૯૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ રૂપિયાનો ટેક્સ વસૂલી લે છે. એ પછી આર.ટી.ઓ. પાસિંગ આવે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, ખેડૂતના આધુનિક ગાડાં સમાન ટ્રેક્ટર ઉપરથી જી.એસ.ટી. નાબૂદ કરવા માગો છો કે કેમ? બીજું કે આર.ટી.ઓ. પાસિંગ સંપૂર્ણ વિનામૂલ્યે કરાવવા માંગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જી.એસ.ટી.ની વાત કરી એ પ્રશ્ન નાણાં વિભાગનો છે. તમારી લાગણી અને માગણી નાણામંત્રીશ્રી સાંભળે જ છે. આઇ- ખેડૂત પોર્ટલમાં પારદર્શક રીતે કાર્યવાહી થાય છે. ૪૧ હોર્સપાવરથી ૬૦ હોર્સપાવર સુધીમાં ૬૦,૦૦૦ થી વધારીને ૭૫,૦૦૦ સુધી કરવાનો નિર્ણય પણ લીધો છે. હું માનનીય સભ્યશ્રીને જણાવવાની રજા લઉં કે આ સરકાર ખેડૂતોના હિત અને ખેડૂતોની મદદ માટે તમામ પ્રકારે ઉદારતાથી સહાય આપવા તત્પર છે.

### તાપી અને સુરત જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ

* ૪૪૦૪૬ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કયા પાકના પ્રોસેસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ફાળવેલ રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશનો પોષણક્ષમ ભાવ મળી રહે એ માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઇ યોજના અમલમાં નથી. તો ખેડૂતને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળે એ માટે કોઇ યોજના અમલમાં મૂકવા માંગો છો કે કેમ? (૨) ખેત

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઇ યોજના અમલમાં નથી. તેમ છતાં ખેડૂતોની આવક બમણી કરવા માટેની વાત થાય છે ત્યારે ખેડૂતોનો ખર્ચ બમણો થાય અને આવક ઘટતી જાય છે એ માટે કોઇ યોજના અમલમાં મૂકવા માંગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખેડૂતોની આવક વધે એ માટે ખૂબ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો છે. રાજ્ય પાસે કેટલીક ખેતપેદાશો અને બાગાયતી ખેતપેદાશોમાં ઘણી ઉચ્ચ કક્ષાનું ઉત્પાદન અને ઉત્પાદન ક્ષમતા છે. રાજ્યની ઔદ્યોગિક નીતિ-વર્ષ ૨૦૧૬થી ૨૦૨૧ માં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયાના ઉદ્યોગોને વિકાસ પામતા ઉદ્યોગોના ક્ષેત્ર તરીકે વિકસાવવાનું આયોજન આ રાજ્યએ કર્યું છે. કૃષિ આધારિત ઉદ્યોગોનો વિકાસ વેગવાન બને એ માટે રાજ્ય સરકારે ગુજરાત સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ-૨૦૧૬ જાહેર કરી છે. જેથી કૃષિ ઉત્પાદનોની મૂલ્ય વૃદ્ધિ માટે કૃષિ અને ખાદ્ય પ્રક્રિયાના ઉદ્યોગોના ક્ષેત્રમાં મૂડીરોકાણને સુગમતા રહે અને એના થકી ખેડૂતોની આવકમાં વધારો થાય એ માટે આ સરકાર દ્રઢ નિશ્ચયી છે. ગ્રામ્ય ક્ષેત્રોમાં રોજગારીની તકો ઊભી થાય, ગ્રાહકોને ગુણવત્તાસભર ચીજો મળી રહે, રાજ્યના એકંદર વિકાસમાં ખેતી અને ખાદ્ય પ્રક્રિયા આધારિત એકમોનું મહત્ત્વ અને રાજ્યના વિકાસદરના યોગદાનને ધ્યાનમાં લેતાં કૃષિ ઔદ્યોગિક નીતિને વધુ આકર્ષક અને ખેડૂતો અને ઉદ્યોગોને હિતવર્ધક બનાવી શકાય તદ્અનુસાર ખેતી અને તેને લગતા ઉદ્યોગો માટે ગુજરાતમાં સરળતા રહે તેવું લાંબાગાળાનું આયોજન ધરાવતી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ- વર્ષ ૨૦૧૬થી આ રાજ્યમાં અમલમાં આવી.આ નીતિના મુખ્ય ઉદ્દેશો કૃષિ ઉત્પાદનમાં મૂલ્ય વૃદ્ધિ કરવી, કૃષિ અને ખાદ્ય પ્રકિયાના ઉદ્યોગોની વૃદ્ધિ, મૂડી રોકાણમાં સુગમતા આપવી જેના થકી ખેડૂતોની આવકમાં વધારો થાય, ગ્રામ્ય કક્ષાએ રોજગારીની વધુ તક ઊભી થાય અને ગ્રાહકોને ગુણવત્તાસભર ખાદ્ય ચીજવસ્તુઓ મળી રહે. આ નીતિના ભાગરૂપે સરકારે પાત્રતા ધરાવતા કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ એકમોને માળખાકીય સુવિધા આપતા પ્રોજેક્ટને નીચે મુજબના વિવિધ પ્રોત્સાહન પૂરા પાડ્યા છે.

(૧) કૃષિ ઉદ્યોગઃ- જેમાં કૃષિ ઉત્પાદનની સંગ્રહ ક્ષમતા વધારવી તેમજ તેના મૂલ્ય વૃદ્ધિ કરતાં એકમોમાં હાઈટેક અને બાયોટેકનોલોજી આધારિત સુવિધાઓનો સમાવેશ થાય છે.

(૨) કૃષિ ઉત્પાદનઃ- જેમાં કૃષિ, બાગાયતી, રેશમના કીડાનો ઉછેર, ફૂલોની ખેતી, મત્સ્ય-ઉદ્યોગ, ડેરી પ્રોડક્ટ જેવા ગૌણ વન્ય ઉત્પાદનો તેમજ પશુપાલનને લગતા ઉત્પાદનનો સમાવેશ થાય છે.

(૩) હાઈટેક અને બાયોટેકનોલોજી આધારિત કૃષિઃ- જેમાં ટીસ્યુ કલ્ચર, ટ્રાન્સજેનિક છોડનું ઉત્પાદન, લભ્ય જીવાણુનું બહોળા પ્રમાણમાં ઉત્પાદન, જિન મેપિંગ, ક્લોનિંગ, જિનેટિક એન્જિનિયરિંગ, ગ્રીન હાઉસ, એક્વા કલ્ચર વગેરેનો સમાવેશ થાય છે.

(૪) કૃષિ અને ખાદ્ય માટેના માળખાકીય પ્રોજેક્ટઃ- જેમાં સી.એ. કોલ્ડ સ્ટોરેજ, કોલ્ડ ચેઈન, ફૂડ પાર્ક્સ, ફૂડ ઈરિગેશન પ્લાન્ટ, સાયલોપેક હાઉસ, રીફરવેન વગેરેનો સમાવેશ થાય છે.

(૫) કૃષિ, બાગાયતી, ડેરી, મત્સ્ય, જેવા સામુદ્રિક પોલ્ટ્રી અને માંસ જેવા ઉત્પાદનો માટે પણ કોલ્ડ ચેઈન અને જાળવણી માટે માળખાકીય સુવિધાઓઃ- જેમાં મુખ્યત્વે મોબાઈલ પ્રિ-કુલિંગ વેન અને રીફર વેન જેવા ટ્રક, વિવિધ એકમોને અંકુશિત કરતાં સ્ટોરેજ હાઉસ અને રેડિયેશનની સુવિધા ધરાવતાં કેન્દ્રોનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે સભ્યશ્રીએ ખેત ઉત્પાદનના પ્રોસેસ માટે સહાય આપવાની નીતિ અને ખેડૂતોની આવક વધારવા માટેની જે વાત કરી છે તેને આ કાર્યોથી પુષ્ટિ અને વેગ મળે છે. જેના કારણે રાજ્યના ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થાય છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ યોજનામાં સહાય અપાતા એકમો શેનું ઉત્પાદન કરે છે? અને ક્યા ઉત્પાદનમાં કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગના વિવિધ એકમો જેમાં કપાસ, તેલીબિયાં, ફળફળાદિ, ડેરી વગેરેનો સમાવેશ થાય છે. કુલ-૧૩ જૂથમાં આ એકમોની વહેંચણી કરી જૂથવાર આયોજન કરેલ છે. આ યોજનામાં વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૧ દરમિયાન સહાય ચૂકવેલ એકમોમાં સેક્ટરવાઈઝ એકમો પૈકી તેલીબિયાંમાં ૧૪૩ યુનિટ, અનાજ અને કઠોળમાં ૮૯ યુનિટ, વેલ્યુ એડેડ ઉત્પાદનામાં ૬૦ યુનિટ, મસાલામાં ૪૦ યુનિટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્પાદનમાં ૨૯ યુનિટ, ફળો અને શાકભાજીમાં ૨૮ યુનિટ, લોટ દળવાની ઘંટીમાં ૨૨ યુનિટ, કપાસ પ્રક્રિયા હેઠળ ૨૧ યુનિટ, કાજુ પ્રક્રિયા હેઠળ ૧૨ યુનિટ, ડેરી માટે ૯ યુનિટ, મરઘાં અને માછીમારી માટે ૬ યુનિટ, રેડી ટુ ઈટ માટે ૩ યુનિટ અને અન્ય ચાર યુનિટ એમ કુલ ૪૬૬ જેટલા યુનિટોને આ યોજનામાં આવરી લીધા છે. વેલ્યુ એડેડ ઉત્પાદનો પૈકી બેકરીમાં ૮ યુનિટ, બિસ્કિટમાં ૯ યુનિટ, કેન્ડીમાં ૨ યુનિટ, ઢોરને ચારો આપવામાં ૧ યુનિટ, ચ્યુઈંગમાં ૧ યુનિટ, ચોકલેટમાં ૨ યુનિટ, કોફીમાં ૧ યુનિટ, ફ્લેક્સમાં ૫ યુનિટ, આઈસક્રીમમાં ૧ યુનિટ, ખાખરામાં ૧ યુનિટ, નમકીનમાં ૧૫ યુનિટ, નુડલ્સમાં ૩ યુનિટ, પાપડમાં ૧ યુનિટ, પાસ્તા ૨ યુનિટ, અથાણામાં ૨ યુનિટ, પૌઆમાં ૨ યુનિટ, મિઠાઈમાં ૨ યુનિટ, વેફર્સમાં ૨ યુનિટ એમ કુલ-૬૦ જેટલા એકમોને આ પ્રક્રિયા હેઠળ આવરી લીધા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે માનનીય સુનિલભાઈ ગામિતે જે પ્રશ્ન પૂછ્યો છે તેનો હાર્દ એવો છે કે તાપી અને સુરત આદિવાસી જિલ્લાઓ છે. આદિવાસી જિલ્લામાં ખેત પેદાશના પોષણક્ષમ ભાવો મળતા નથી. આપણે વાત કરીએ કે આવક બમણી થશે. પણ જે વિસ્તારોની અંદર ખેતીમાં પોતે રોકાણ કરે છે, એ

રોકાણમાં એમને નુકસાન થાય છે. વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૨૧ સુધી કૃષિ સર્વગ્રાહી નીતિની વાત કરી તો આ નીતિ અનુસાર તાપી અને સુરત જિલ્લાને શું લાભ થયો?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મૂડી રોકાણ નીતિની યોજનામાં સુરત અને તાપી જિલ્લામાં, મૂડી સહાય અને વ્યાજ સહાય હેઠળ જે નાણાકીય સહાય ચૂકવાઇ છે એની વિગત આપુ છું. કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ એકમોમાં, માન્ય પ્રોજેકટ કોસ્ટના ૨૫ ટકાથી વધુમાં વધુ રકમ રૂપિયા ૫૦ લાખની મર્યાદામાં. કોલ્ડ સ્ટૉરેજ, ફૂડ ઈરેડીકેશન પ્રોસેસિંગ પ્લાન્ટ, પેક હાઉસમાં, માન્ય પ્રોજેકટના ૨૫ ટકા રકમ વધુમાં વધુ રૂપિયા ૫ કરોડની મર્યાદા, ટર્મ લોન ઉપર બેંક એડેડ વ્યાજ સહાયની યોજના, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગની યોજનામાં સ્થાપના અને વિતરણ માટે આધુનિકરણ અને મેળવેલ ટર્મ લોન ઉપર સાડા સાત ટકા બેંક એડેડ વ્યાજની સહાય, ૫ વર્ષના સમયગાળા માટે વધુમાં વધુ રકમ રૂપિયા ૧ કરોડ અને ૫૦ લાખની મર્યાદામાં. કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ એકમોની માળખાકીય સુવિધા જેવી કે, કોલ્ડ સ્ટૉરેજ, કોલ્ડ ચેન્સ, ફૂડ પ્લાન્ટ , ફૂડ ઈરીડેશન પ્લાન્ટ, સાઈલો પેક હાઉસ, રીફરવાન વગેરેમાં મેળવેલ ટર્મ લોન ઉપર ૭.૫ ટકા બેંક એડેડ વ્યાજની સહાય, ૫ વર્ષના સમયગાળા માટે વધુમાં વધુ રકમ રૂપિયા ૪ કરોડની મર્યાદામાં. ઉપરોકત બંને કિસ્સાઓમાં, અનુસૂચિત જાતિ અને જનજાતિ, વિકલાંગ અથવા મહિલા સાહસિકો માટે અને ૩૫ વર્ષથી નાની ઉંમરના ઉદ્યોગ સાહસિકો માટે મેળવેલ ટર્મ લોન ઉપર વધારાની ૧ ટકા વ્યાજ સહાય મળવાપાત્ર છે. છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેપિટલ સહાયમાં વર્ષ ૨૦૧૯-૨૦માં બે એકમોને રકમ રૂપિયા ૧૪ લાખ ૨૫ હજાર અને વર્ષ ૨૦૨૦-૨૧માં સાત એકમોને રકમ રૂપિયા ૭ કરોડ ૫૪ લાખ સહાય ચૂકવી આપેલ છે. તેમજ વ્યાજ સહાયમાં વર્ષ ૨૦૧૯-૨૦ માં બે એકમોને રકમ રૂપિયા ૧૧ લાખ ૯૮ હજાર અને વર્ષ ૨૦૨૦-૨૧માં બાર એકમોને રકમ રૂપિયા ૫ કરોડ ૧૧ લાખ નાણાકીય સહાય ચૂકવી આપી છે. તાપી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેપિટલ સહાય યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં એક એકમને રકમ રૂપિયા ૨૫ લાખ તેમજ વ્યાજ સહાય ચૂકવી આપેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં એક એકમને રકમ રૂપિયા ૩૯ લાખ ૫૯ હજાર નાણાકીય સહાય ચૂકવી આપેલ છે.

### બોરસદ તાલુકામાં અનાજ સંગ્રહવાના ગોડાઉન માટે સહાય

* ૪૩૯૯૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં અનાજ સંગ્રહવાના ગોડાઉન બનાવવા કેટલા ખેડૂતોની અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં અનાજ સંગ્રહવાના ગોડાઉન બનાવવા નીચે મુજબ અરજીઓ મળી,

| વર્ષ: ૨૦૨૦-૨૧ | વર્ષ: ૨૦૨૧-૨૨ (તા:૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) |
|---|---|
| ૩૯૧ | ૪૩૭ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

**જવાબ**

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર નીચે મુજબની વિગતે અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી,

| વર્ષ: ૨૦૨૦-૨૧ | | | વર્ષ: ૨૦૨૧-૨૨ (તા: ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|---|
| પૂર્વમંજૂર અરજીઓ | ચૂકવણા માટે મંજૂર અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂપિયામાં) | પૂર્વમંજૂર અરજીઓ | ચૂકવણા માટે મંજૂર અરજીઓ | સહાય ચૂકવેલ રકમ (રૂપિયામાં) |
| ૩૭૧ | ૩૩ | ૯,૭૫,૦૦૦ | ૪૩૪ | ૦ | ૦ |

**પ્રશ્ન**

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૩) પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે,

| વર્ષ: ૨૦૨૦-૨૧ | વર્ષ: ૨૦૨૧-૨૨ (તા:૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) |
|---|---|
| ૦ | ૦ |

**પ્રશ્ન**

(૪) તે ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૪) પડતર અરજીઓ રહેતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૩૩

કિસ્સામાં રકમ રૂપિયા ૯ લાખ ૭૫ હજારની સહાય ચૂકવી. એટલે એક જણને રકમ રૂપિયા ૨૯,૫૪૫/- મળ્યા. રેતીનો ભાવ કેટલો મોંઘો, સિમેન્ટ, સળિયા, કપચી આ બધાના ભાવ જોતા, રકમ રૂપિયા ૨૯,૦૦૦/- સહાય ચૂકવી, તો ગોડાઉન બનાવવા વ્યકિગત કેટલા પૈસા આપો છો? અને ૩૩ અરજીઓ જ મંજૂર કરી છે તો બાકીની કયારે મંજૂર કરશો? અને રકમ રૂપિયા ૫ લાખ સુધી ચૂકવવા માંગો છો કે નહીં?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની આ સહાય અંગેની જે લાગણી છે એની એમણે રજૂઆત કરી એ પહેલા જ નોંધ લીધી છે. સહાયનું ધોરણ જે રકમ રૂપિયા ૩૦ હજાર હતું એને વધારીને અત્યારે રકમ રૂપિયા ૫૦ હજાર કરેલ છે. રાજ્યના ખેડૂતોની આવક ડબલ થાય એના માટે માનનીય વડાપ્રધાનશ્રીના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૦-૨૧માં સાત પગલાં ખેડૂત કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાની વિગત આપું તો કિસાન પરિવહન યોજનામાં હેન્ડ ટુલ કીટ, કાંટાળા તારની વાડની સહાય, પ્રાકૃતિક ખેતી કરનારને દેશી ગાયની નિભાવ સહાય, ફળ-શાકભાજીના વિક્રેતાઓને મફત છત્રી પૂરી પાડવાની યોજના, પ્રાકૃતિક ખેતી કરવા બે ડ્રમ અને ડોલ આપવાની યોજના, મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અમલમાં મૂકેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**આણંદ જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય**

૪૨૯૮૩ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં પશુપાલકોની ગાભણ પશુઓ માટેની (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૧) ૩.૪૮,૭૨,૫૨૫/- |
| (૨) તેનો કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો ? | (૨) ૧,૭૨૪ પશુપાલકો. |

**ખેડા જિલ્લામાં પશુઆરોગ્ય મેળાનું આયોજન**

૪૨૯૭૯ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૩૮૪ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૬૦,૧૧૬ |
| (૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૦ |

---------

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રકમની ફાળવણી**

૪૩૯૫૧ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ, અને | (૧) પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્યકક્ષાએથી કોઇપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (F T O) દ્વારા જમા થાય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસ બનાવવામાં આવ્યા ? | (૨) |

| જિલ્લો | બે વર્ષમાં બનાવવામાં આવેલ આવાસોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૪૧૬ |
| બોટાદ | ૧૩૦ |

ફાલ્ગુન ૩૦, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં ભૂદાન સમિતિઓની રચના**

૪૩૯૪૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂદાન યજ્ઞ ચળવળમાં અપાયેલ જમીનો તથા વણવહેંચાયેલ ભૂદાનની જમીનોની રેકર્ડ પરથી ચકાસણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરવા માટે તથા ભૂદાનની જમીનો બાબતે નીતિ ઘડવા માટે મહેસૂલ વિભાગના તા.૧૭-૦૨-૨૦૧૭ના ઠરાવથી રાજ્યકક્ષા તથા જિલ્લાકક્ષાની ભૂદાન સમિતિઓની રચના કરવામાં આવેલ છે તે જિલ્લાકક્ષાની સમિતિએ રાજ્ય કક્ષાની સમિતિને રિપોર્ટ કેટલા સમયમાં આપવાનો છે,

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ક્યા જિલ્લાના જિલ્લાકક્ષાની સમિતિનો અહેવાલ રાજ્ય કક્ષાની સમિતિને ક્યારે મળેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ ક્યા જિલ્લાની જિલ્લાકક્ષાની સમિતિનો અહેવાલ રાજ્યકક્ષાની સમિતિને મળવાનો બાકી છે, અને

(૪) સમયમર્યાદામાં જિલ્લાકક્ષાની સમિતિએ અહેવાલ સોંપેલ ન હોય તેવી કઇ જિલ્લાકક્ષાની સમિતિ સામે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) જિલ્લાકક્ષાની સમિતિની રચનાના ત્રણ મહિનામાં રાજ્યકક્ષાની સમિતિને રિપોર્ટ આપવાનો હોય છે.

(૨) ''પત્રક-અ'' મુજબ

(૩) અમદાવાદ, મહેસાણા, પંચમહાલ, જામનગર અને બનાસકાંઠા.

(૪) વિભાગ કક્ષાએથી સમયાંતરે પત્રો તેમજ અર્ધ સરકારી પત્રોથી આવશ્યક સૂચનાઓ આપવામાં આવેલ છે.

**પત્રક-અ**

| અ.નં. | જિલ્લો | ભૂદાન સમિતિનો અહેવાલ મળ્યા તારીખ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૦૪-૧૨-૨૦૨૦ |
| ૨ | અરવલ્લી | ૨૫-૦૯-૨૦૧૯ |
| ૩ | આણંદ | સપ્ટે-૨૦૧૭ |
| ૪ | કચ્છ | ૨૯-૧૨-૨૦૧૮ |
| ૫ | ખેડા | ૧૦-૦૧-૨૦૧૯ |
| ૬ | ગાંધીનગર | ૩૦-૦૮-૨૦૧૭, ૧૭-૦૬-૨૦૧૯ |
| ૭ | ગીર સોમનાથ | ૩૧-૦૮-૨૦૧૮ |
| ૮ | છોટાઉદેપુર | ૧૪-૧૦-૨૦૧૭ |
| ૯ | જૂનાગઢ | ૦૧-૧૦-૨૦૧૮, ૦૮-૦૪-૨૦૧૯ |
| ૧૦ | ડાંગ | ભૂદાનની જમીન આવેલ નથી. આથી અહેવાલ મોકલેલ નથી. |
| ૧૧ | તાપી | ૨૯-૦૭-૨૦૨૧ |
| ૧૨ | દાહોદ | ૦૮-૦૪-૨૦૨૦ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૨૭-૦૯-૨૦૧૯ |
| ૧૪ | નર્મદા | ૦૫-૦૫-૨૦૧૮ |
| ૧૫ | નવસારી | ૧૦-૦૫-૨૦૧૮, ૦૬-૧૧-૨૦૧૮ |
| ૧૬ | પાટણ | ૨૩-૧૦-૨૦૧૭ |
| ૧૭ | પોરબંદર | ૦૪-૦૧-૨૦૧૯ |
| ૧૮ | બોટાદ | ૦૫-૦૩-૨૦૧૯ |
| ૧૯ | ભરૂચ | ૦૯-૧૦-૨૦૧૯ |
| ૨૦ | ભાવનગર | ૦૯-૦૧-૨૦૧૯ |
| ૨૧ | મહીસાગર | ૨૬-૦૬-૨૦૧૮ |
| ૨૨ | મોરબી | ૧૮-૧૦-૨૦૧૭ |
| ૨૩ | રાજકોટ | ૦૬-૦૧-૨૦૨૦ |
| ૨૪ | વડોદરા | ૦૪-૦૪-૨૦૧૮ |
| ૨૫ | વલસાડ | ૩૧-૦૭-૨૦૧૯ |

| | | |
|---|---|---|
| ૨૬ | સાબરકાંઠા | ૦૮-૦૬-૨૦૧૮ |
| ૨૭ | સુરત | ૧૭-૦૪-૨૦૧૮ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૧૪-૧૧-૨૦૧૭, ૨૩-૦૪-૨૦૧૮ |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં હક્કપત્રક નોંધોનો બાકી નિકાલ**

૪૨૯૫૩ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

**જવાબ**

(૧) ૭૦૬૭

(૨)

| | |
|---|---|
| છેલ્લા એક વર્ષમાં પાડવામાં આવેલ નોંધો | ૬૮૯૨૯ |
| મંજૂર નોંધો | ૬૦૩૩૪ |
| નામંજૂર નોંધો | ૧૫૨૮ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. પેઢીનામામા વારસદારો છુપાવેલ હોવાથી.
૨. જરૂરી આધાર પુરાવા સામેલ કરેલ ન હોવાથી.
૩. વારસદારોને ૧૩૫ ડીની નોટિસની બજવણી થયેલ ન હોવાથી.
૪. જરૂરી આધાર પુરાવા તથા રેકર્ડમાં વિસંગતતા હોવાથી.
૫. નોંધ સાથે રજૂ કરેલ પુરાવામાં વિસંગતતા હોવાથી.
૬. અગાઉ વારસાઈ નોંધ પડાવેલ હોવાથી.
૭. ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી.

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં પશુઆરોગ્ય મેળાનું આયોજન**

૪૨૯૭૫ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૩૬૧

(૨) ૨,૨૫,૭૦૬

(૩) ૩,૦૪૬

- - - - - - - - -

**સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં આઈ ખેડૂત પોર્ટલમાં ખેતીવાડી યોજનાની અરજીઓ**

૪૩૭૮૪ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં આઈ ખેડૂત પોર્ટલમાં ખેતીવાડીની યોજનાની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી અને અરજદારોને વસ્તુ આપવામાં આવી,

(૩) કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૨૯,૭૮૧ અરજીઓ.

(૨) ૪,૭૧૧ અરજીઓને મંજૂરી આપવામાં આવી અને ૧,૮૯૩ અરજદારોને વસ્તુની ખરીદી કરવા પેટે સહાય આપવામાં આવી.

(૩)

| **અરજીની** | **નામંજૂરીનું કારણ** |
|---|---|

| સંખ્યા | |
|---|---|
| ૩૦૭ | પાત્રતા ધરાવતી ન હોઈ |
| ૯ | અરજદાર દ્વારા અરજીમાં આપેલ વિગતો ખોટી જણાતા |
| ૨,૦૪૧ | અરજદાર દ્વારા નિયત સમયમર્યાદામાં ખરીદી અંગેના સાધનિક કાગળો રજૂ કરેલ ન હોઈ |
| ૫ | અરજદાર દ્વારા નિયત ધારા ધોરણ મુજબની વસ્તુ ખરીદી કરેલ ન હોઈ |
| ૨,૬૫૪ | વર્ષઃ૨૦૨૦-૨૧માં લક્ષ્યાંકની મર્યાદા ઉપરની બાકી રહેલ પાત્રતા ધરાવતી અરજીઓ રદ ગણવામાં આવેલ હોવાથી |
| **કુલ-૫,૦૧૬** | |

(૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ પડતર છે અને ક્યાં સુધીમાં તેનો નિકાલ કરવામાં આવશે ?

(૪) વર્ષઃ૨૦૨૧-૨૨માં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મંજૂરી આપ્યા સિવાયની પાત્રતા ધરાવતી બાકી રહેતી ૨૨,૧૦૯ અરજીઓને આગામી માર્ચ-૨૦૨૨ અંતિત લક્ષ્યાંકની મર્યાદામાં મંજૂરી આપવામાં આવશે, અન્યથા નાણાકીય વર્ષાન્તે લક્ષ્યાંકની મર્યાદા ઉપરની બાકી રહેલ પાત્રતા ધરાવતી અરજીઓનો નિકાલ ગણવામાં આવશે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૪૨૯૫૮ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નીચેના કોષ્ટક મુજબની જમીન સંપાદન કરવાની થાય છે.

| અ.નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી.) |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૯-૦૧-૯૫ |
| ૨ | સાબરમતી | ૨-૯૪-૭૩ |
| ૩ | ઘાટલોડીયા | ૧૦-૪૪-૩૯ |
| ૪ | વટવા | ૩-૫૪-૭૯ |
| ૫ | અસારવા | ૧-૧૯-૩૧ |
| | **કુલ** | **૨૭-૧૫-૧૭** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંપાદન કરવામાં આવેલ જમીનો અને સંપાદન કરવાની બાકી જમીનની વિગતો તાલુકાવાર નીચેના કોષ્ટક મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંપાદન થયેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) | સંપાદન કરવામાં બાકી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) |
|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૯-૦૧-૯૫ | ૦-૦૦-૦૦ |
| ૨ | સાબરમતી | ૨-૮૦-૨૭ | ૦-૧૪-૪૬ |
| ૩ | ઘાટલોડીયા | ૯-૮૬-૮૨ | ૦-૫૭-૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વટવા | ૩-૫૪-૭૯ | ૦-૦૦-૦૦ |
| ૫ | અસારવા | ૧-૧૯-૩૧ | ૦-૦૦-૦૦ |
| | **કુલ** | **૨૬-૪૩-૧૪** | **૦-૭૨-૦૩** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને નીચેની વિગતે તાલુકાવાર વળતર ચૂકવાયેલ છે.

| **અ.નં.** | **તાલુકો** | **વળતરની રકમ રૂ. (કરોડમાં)** |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૫૮.૦૮ |
| ૨ | સાબરમતી | ૫૩૭.૫૩ |
| ૩ | ઘાટલોડીયા | ૩૬૭.૨૨ |
| ૪ | વટવા | ૧૪.૪૨ |
| ૫ | અસારવા | ૧૩૧.૨૦ |
| | **કુલ** | **૧૧૦૮.૪૫** |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં બકરા એકમના લાભાર્થી**

૪૨૯૮૦ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં બકરા એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧) ૧૬ લાભાર્થીઓ.

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

(૨) રૂ. ૭,૨૦,૦૦૦/-

- - - - - - - - -

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કલમ-૭૩એએ હેઠળ જમીનની તબદીલી**

૪૩૯૧૫ **ડૉ.કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૭૩એએ હેઠળની આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીનની તબદીલી અંગેની કાર્યપદ્ધતિ ઓનલાઈન ક્યારથી કરવામાં આવી છે,

(૧) મહેસૂલ વિભાગના તા.૨૫-૧૨-૨૦૨૧ના પરિપત્ર ક્રમાંકઃઅદજ-૧૦૨૦૨૧-૩૨૪૦-જ થી

(૨) ઉક્ત ઓનલાઈન પદ્ધતિ અન્વયે કાર્યવાહી પૂર્ણ કરી કેટલા દિવસમાં પ્રકરણનો નિકાલ કરવાની જોગવાઈ કરવામાં આવી છે,

(૨) ઉક્ત ઓનલાઈન પદ્ઘતિ અન્વયે જે પ્રકરણ કલેક્ટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સત્તામર્યાદામાં આવતા હોય તો તેનો નિકાલ કુલ-૧૩૦ દિવસમાં તેમજ જે પ્રકરણ માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી આવશ્યક હોય તેનો નિકાલ કુલ-૧૮૦ દિવસમાં કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત જોગવાઈ મુજબ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે માસમાં માસવાર બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા પ્રકરણનો નિકાલ કરવામાં આવેલ નથી, અને

(૩)

| | |
|---|---|
| બનાસકાંઠા | છેલ્લા બે માસમાં એક અરજી મળેલ છે. જેનો સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવશે. સમયમર્યાદા બહારની કોઈ અરજીનો નિકાલ બાકી નથી. |
| સાબરકાંઠા | છેલ્લા બે માસમાં ઓનલાઈન કોઈ અરજી રજૂ થયેલ ના હોઈ, માહિતી શૂન્ય છે. |

(૪) ઉક્ત જોગવાઈ મુજબ નિકાલ ન કરનાર જવાબદારો સામે શા પગલાં લીધાં ?

(૪)

| | |
|---|---|
| બનાસકાંઠા | સમયમર્યાદા બહારનું કોઈ પ્રકરણ પેન્ડિંગ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો |

| | |
|---|---|
| | નથી. |
| સાબરકાંઠા | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રકમની ફાળવણી**

૪૩૯૬૧ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્યકક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (F T O) દ્વારા જમા થાય છે.

(૨)

| **જિલ્લો** | **બે વર્ષમાં બનાવવામાં આવેલ આવાસોની સંખ્યા** |
|---|---|
| રાજકોટ | ૧૭૨ |
| પોરબંદર | ૩૪ |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદેસર ઝીંગા ફાર્મ**

૪૩૯૮૫ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૩૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૩૯૦૬૮ (અગ્રતા-૧૦૩)ના અનુસંધાને **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લાના રાજપૂત રાજપરા ગામમાં સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ફાર્મ ઉભા કરાયેલ તે દબાણ દૂર કરવા તા.૩૧-૧૨-૨૦૨૦ના હુકમથી માપણી અંગેની કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવેલ તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે માપણી કરવામાં આવી,

(૨) ઉક્ત માપણી દરમિયાન કેટલી સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ સામે આવ્યુ, અને

(૩) ઉક્ત સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ ખુલ્લુ કરાવવા શા પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ના હુકમ મુજબ આ કામે અરજદાર દ્વારા ઓનલાઈન માપણી ફી ભરેલ છે. તેમજ ડી.આઈ.એલ.આર.શ્રીને અગ્રતાના ધોરણે માપણી કરવા જણાવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બિયારણના નમૂના**

૪૩૯૫૬ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને બિયારણના કુલ કેટલા નમૂના લેવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા બિનપ્રમાણિત થયા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં રાસાયણિક ખાતરના ૨૩૧૯, જંતુનાશક દવાઓના ૭૫૩ અને બિયારણના ૧૨૭૯ મળી કુલ ૪૩૫૧ નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨)

| **અ.નુ.** | **ઈનપુટનું નામ** | **પ્રમાણિત** | **બિન-પ્રમાણિત** |
|---|---|---|---|
| ૧ | રાસાયણિક ખાતર | ૨૨૭૧ | ૪૮ |
| ૨ | જંતુનાશક | ૭૦૯ | ૪૪ |

| | | | |
|---|---|---|---|
| | દવા | | |
| ૩ | બિયારણ | ૧૨૨૬ | ૫૩ |
| | **કુલ** | **૪૨૦૬** | **૧૪૫** |

(૩) બિનપ્રમાણિત થયેલ નમૂનાઓમાં ગુણવતા નિયંત્રણ અન્વયે શા પગલાં લીધાં ?

(૩)

| **અ. નુ.** | **લીધેલ પગલાંની વિગત** | **તે પૈકીના નમૂનાની સંખ્યા** | | |
|---|---|---|---|---|
| | | **રાસાયણિક ખાતર** | **જંતુનાશક દવા** | **બિયારણ** |
| ૧ | કોર્ટ કેસ | ૬ | ૩૦ | ૪૯ |
| ૨ | વહીવટી પગલા | ૧૭ | ૨ | ૦ |
| ૩ | પોલીસ ફરિયાદ | ૨ | ૯ | ૩ |
| ૪ | ફેર-પૃથ્થકરણમાં પ્રમાણિત જાહેર થયેલ | ૩ | ૨ | ૦ |
| ૫ | કાર્યવાહીમાં | ૨૦ | ૧ | ૧ |

- - - - - - - - -

**થરાદ તાલુકામાં પુનઃવસનની કામગીરી**

૪૩૮૯૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૩૮૯૮૯ (અગ્રતા-૨૫)ના અનુસંધાને **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં આવેલ પૂરના કારણે થરાદ તાલુકાનાં ડો.ડગામ, ખાનપુર અને નાગલા ગામોના પુનઃવસનની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત વિચારણા/કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને પુનઃવસનની કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) થરાદ તાલુકાના ડો.ડગામ, ખાનપુર અને નાગલા ગામોમાં પુનઃવસનની કામગીરીનાં ભાગરૂપે ગામતળ નીમ કરવામાં આવેલ છે. તથા અન્ય કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) પુનઃવસન પેકેજ અંગે નીતિ નક્કી થયેથી.

- - - - - - - - -

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રકમની ફાળવણી**

૪૩૮૯૦ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આવાસ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્યકક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (F T O) દ્વારા જમા થાય છે.

(૨)

| **જિલ્લો** | **બે વર્ષમાં બનાવવામાં આવેલ આવાસોની સંખ્યા** |
|---|---|
| કચ્છ | ૨૭૪ |
| બનાસકાંઠા | ૨૯૦૧ |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં માનવદિન રોજગારી**

૪૨૯૩૮ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી.

| ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી | |
|---|---|
| વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ |
| ૧૩૩૨૯૦૨ | ૨૧૬૪૫૪૯ |

**નોંધઃ** મનરેગા સોફ્ટમાં નાણાકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ નાણાકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૨) તેની સામે તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

(૨) તેની સામે તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ)** |
| ૧૨૮૪૫૮૦ | ૧૦૮૭૦૪૦ |

(૩)તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓને કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓને નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| મહિલાઓને ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી | |
|---|---|
| **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ)** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ)** |
| ૫૬૫૬૯૪ | ૫૧૭૨૬૪ |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની અરજીઓ

૪૨૯૪૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ - ૨૦૨૦ | વર્ષ - ૨૦૨૧ |
|---|---|---|
| છોટાઉદેપુર | ૫૧૪૯ | ૧૨૬૮ |

(૨)

| જિલ્લો | તે પૈકી મંજૂર કરેલ અરજીઓ | |
|---|---|---|
| | વર્ષ - ૨૦૨૦ | વર્ષ - ૨૦૨૧ |

---------

## ખેડા અને આણંદ જિલ્લામાં બોગસ ખેડૂતો બનાવ્યાની ફરિયાદ

૪૨૪૯૧ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં બોગસ ખેડૂતો બનવાની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી,

(૨) તે અન્વયે કેટલા બોગસ ખેડૂતો ઉપર કાર્યવાહી કરવામાં આવી અને કેટલા ઉપર કાર્યવાહી કરવાની બાકી છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | મળેલ ફરિયાદ |
|---|---|
| ખેડા | ૧ |
| આણંદ | ૦ |

(૨)

| જિલ્લાનું નામ | કરેલ કાર્યવાહી |
|---|---|
| ખેડા | મોજે.નાની ખડોલ, તા.મહુધાના બ્લોક નં. ૫૪૦ વાળી જમીનમાં વીલ આધારે ખેડૂત બની ગયેલ હોઇ, સદર બાબતે મામલતદાર અને કૃષિપંચ, મહુધા દ્વારા |

| | |
|---|---|
| | ગણોતધારાની કલમ-૮૪(સી) હેઠળ કેસ, કેસ રજિસ્ટરે દાખલ કરી નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| આણંદ | પ્રશ્ન નથી. |

(૩) બોગસ ખેડૂતો ઉપર કાર્યવાહી ન કરવાના કારણો શા છે ?

(૩)

| જિલ્લાનું નામ | કાર્યવાહી ન કરવાના કારણો |
|---|---|
| ખેડા | પ્રશ્ન નથી. |
| આણંદ | પ્રશ્ન નથી. |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં ઘઉં યોજના હેઠળ બિયારણ સહાય**

૪૨૯૯૪ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન ઘઉં યોજના હેઠળ કેટલા બિયારણનું સહાયથી વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૫૯૧.૬૯ ક્વિન્ટલ. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૧૧,૧૧,૬૦૦ |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન**

૪૨૯૯૩ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના (એજીઆર-૩) હેઠળ કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શન ગોઠવવામાં આવ્યા, | (૧) ૧૦૬૦ |
| (૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ. ૪૧,૮૧,૪૦૯/- |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) સહાય ચૂકવવાની બાકી નથી. |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૪૨૯૫૯ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નીચેના કોષ્ટક મુજબની જમીન સંપાદન કરવાની થાય છે.

| અ.નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) |
|---|---|---|
| ૧ | વડોદરા | ૨૬-૧૮-૮૯ |
| ૨ | પાદરા | ૨૭-૨૫-૬૭ |
| ૩ | વડોદરા શહેર (પૂર્વ) | ૫-૬૫-૮૯ |
| ૪ | વડોદરા શહેર (પશ્ચિમ) | ૦-૪૯-૯૫ |
| ૫ | વડોદરા શહેર (ઉત્તર) | ૮-૧૩-૪૩ |
| ૬ | વડોદરા શહેર (દક્ષિણ) | ૮-૩૦-૮૨ |

| | | |
|---|---|---|
| ૭ | કરજણ | ૨૯-૪૧-૫૭ |
| | **કુલ** | **૧૦૫-૪૬-૨૨** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંપાદન કરવામાં આવેલ જમીનો અને સંપાદન કરવાની બાકી જમીનની વિગતો તાલુકાવાર નીચેના કોષ્ટક મુજબ છે.

| અ. નં. | તાલુકો | સંપાદન થયેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) | સંપાદન કરવામાં બાકી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨૬-૦૩-૯૮ | ૦-૧૪-૯૧ |
| ૨ | પાદરા | ૨૬-૨૫-૦૮ | ૧-૦૦-૫૯ |
| ૩ | વડોદરા શહેર (પૂર્વ) | ૫-૩૦-૯૨ | ૦-૩૪-૯૭ |
| ૪ | વડોદરા શહેર (પશ્ચિમ) | ૦-૪૯-૯૫ | ૦-૦૦-૦૦ |
| ૫ | વડોદરા શહેર (ઉત્તર) | ૮-૧૧-૯૦ | ૦-૦૧-૫૩ |
| ૬ | વડોદરા શહેર (દક્ષિણ) | ૮-૩૦-૮૨ | ૦-૦૦-૦૦ |
| ૭ | કરજણ | ૨૯-૪૧-૫૭ | ૦-૦૦-૦૦ |
| | **કુલ** | **૧૦૩-૯૪-૨૨** | **૧-૫૨-૦૦** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને નીચેની વિગતે તાલુકાવાર વળતર ચૂકવાયેલ છે.

**જિલ્લોઃ વડોદરા**

| અ.નં. | તાલુકો | વળતરની રકમ રૂ. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૮૬.૦૫ |
| ૨ | પાદરા | ૧૫૬.૭૨ |
| ૩ | વડોદરા શહેર (પૂર્વ) | ૨૩૬.૧૭ |
| ૪ | વડોદરા શહેર (પશ્ચિમ) | ૨૫.૭૫ |
| ૫ | વડોદરા શહેર (ઉત્તર) | ૧૧૬.૪૦ |
| ૬ | વડોદરા શહેર (દક્ષિણ) | ૧૨૪.૮૩ |
| ૭ | કરજણ | ૩૬.૮૭ |
| | **કુલ** | **૮૮૨.૭૯** |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૪૨૯૬૦ **શ્રી જિતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નીચેના કોષ્ટક મુજબની જમીન સંપાદન કરવાની થાય છે.

| અ.નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) |
|---|---|---|
| ૧ | વડોદરા | ૨૬-૧૮-૮૯ |
| ૨ | પાદરા | ૨૭-૨૫-૬૭ |
| ૩ | વડોદરા શહેર (પૂર્વ) | ૫-૬૫-૮૯ |
| ૪ | વડોદરા શહેર (પશ્ચિમ) | ૦-૪૯-૯૫ |
| ૫ | વડોદરા શહેર (ઉત્તર) | ૮-૧૩-૪૩ |
| ૬ | વડોદરા શહેર (દક્ષિણ) | ૮-૩૦-૮૨ |
| ૭ | કરજણ | ૨૯-૪૧-૫૭ |
| | **કુલ** | **૧૦૫-૪૬-૨૨** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન

(૨) ઉક્ત સ્થિતિએ સંપાદન કરવામાં આવેલ જમીનો અને સંપાદન કરવાની બાકી જમીનની વિગતો તાલુકાવાર

સંપાદન કરવાની બાકી છે, અને

નીચેના કોષ્ટક મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંપાદન થયેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) | સંપાદન કરવામાં બાકી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ૨૬-૦૩-૯૮ | ૦-૧૪-૯૧ |
| ૨ | પાદરા | ૨૬-૨૫-૦૮ | ૧-૦૦-૫૯ |
| ૩ | વડોદરા શહેર (પૂર્વ) | ૫-૩૦-૯૨ | ૦-૩૪-૯૭ |
| ૪ | વડોદરા શહેર (પશ્ચિમ) | ૦-૪૯-૯૫ | ૦-૦૦-૦૦ |
| ૫ | વડોદરા શહેર (ઉત્તર) | ૮-૧૧-૯૦ | ૦-૦૧-૫૩ |
| ૬ | વડોદરા શહેર (દક્ષિણ) | ૮-૩૦-૮૨ | ૦-૦૦-૦૦ |
| ૭ | કરજણ | ૨૯-૪૧-૫૭ | ૦-૦૦-૦૦ |
| | **કુલ** | **૧૦૩-૯૪-૨૨** | **૧-૫૨-૦૦** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને નીચેની વિગતે તાલુકાવાર વળતર ચૂકવાયેલ છે.

**જિલ્લોઃ વડોદરા**

| અ.નં. | તાલુકો | વળતરની રકમ રૂ. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૮૬.૦૫ |
| ૨ | પાદરા | ૧૫૬.૭૨ |
| ૩ | વડોદરા શહેર (પૂર્વ) | ૨૩૬.૧૭ |
| ૪ | વડોદરા શહેર (પશ્ચિમ) | ૨૫.૭૫ |
| ૫ | વડોદરા શહેર (ઉત્તર) | ૧૧૬.૪૦ |
| ૬ | વડોદરા શહેર (દક્ષિણ) | ૧૨૪.૮૩ |
| ૭ | કરજણ | ૩૬.૮૭ |
| | **કુલ** | **૮૮૨.૭૯** |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

૪૨૯૫૫ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે તાલુકાવાર કુલ કેટલી જમીન સંપાદન કરવાની થાય છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે નીચેના કોષ્ટક મુજબની જમીન સંપાદન કરવાની થાય છે.

| અ.નં. | તાલુકો | ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) |
|---|---|---|
| ૧ | ખેડા | ૩-૯૭-૧૦ |
| ૨ | મહેમદાબાદ | ૨૯-૭૯-૧૩ |
| ૩ | નડિયાદ | ૬૧-૬૯-૫૩ |
| ૪ | વસો | ૩-૪૮-૬૮ |
| ૫ | માતર | ૦-૦૬-૫૩ |
| | **કુલ** | **૯૯-૦૦-૯૭** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવી અને કેટલી જમીન સંપાદન કરવાની બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સંપાદન કરવામાં આવેલ જમીનો અને સંપાદન કરવાની બાકી જમીનની વિગતો તાલુકાવાર નીચેના કોષ્ટક મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંપાદન થયેલ જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) | સંપાદન કરવામાં બાકી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચોમી) |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૩-૯૭-૧૦ | ૦-૦૦-૦૦ |
| ૨ | મહેમદાબાદ | ૨૯-૭૯-૧૩ | ૦-૦૦-૦૦ |
| ૩ | નડિયાદ | ૬૧-૬૯-૫૩ | ૦-૦૦-૦૦ |
| ૪ | વસો | ૩-૪૮-૬૮ | ૦-૦૦-૦૦ |
| ૫ | માતર | ૦-૦૬-૫૩ | ૦-૦૦-૦૦ |
| | **કુલ** | **૯૯-૦૦-૯૭** | **૦-૦૦-૦૦** |

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ખાતેદારોને કેટલી રકમ વળતર પેટે ચૂકવવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ ખાતેદારોને નીચેની વિગતે તાલુકાવાર વળતર ચૂકવાયેલ છે.

**જિલ્લોઃ ખેડા**

| અ.નં. | તાલુકો | વળતરની રકમ રૂ. |
|---|---|---|
| ૧ | ખેડા | ૫,૧૦,૫૫,૯૦૩/- |
| ૨ | મહેમદાબાદ | ૬૬,૫૨,૯૪,૯૩૩/- |
| ૩ | નડિયાદ | ૨૩૦,૯૬,૬૦,૧૦૭/- |
| ૪ | વસો | ૩,૩૭,૪૪,૬૩૭/- |
| ૫ | માતર | ૪,૨૮,૩૮૭/- |
| | કુલ | **૩૦૬,૦૧,૮૩,૯૬૭/-** |

- - - - - - - - -

**થરાદ તાલુકામાં પુનઃવસનની કામગીરી**

૪૩૯૦૮ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૩૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૮૯૮૯ (અગ્રતા-૨૫)ના અનુસંધાને **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં આવેલ પૂરના કારણે થરાદ તાલુકાનાંડો.ડગામ, ખાનપુર અને નાગલા ગામોના પુનઃવસનની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી તે કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત વિચારણા / કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને પુનઃવસનની કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) થરાદ તાલુકાના ડો.ડગામ, ખાનપુર અને નાગલા ગામોમાં પુનઃવસનની કામગીરીનાં ભાગરૂપે ગામતળ નીમ કરવામાં આવેલ છે. તથા અન્ય કાર્યવાહી પ્રગતિમાં છે.

(૨) પુનઃવસન પેકેજ અંગે નીતિ નક્કી થયેથી.

- - - - - - - - -

**રાજ્યમાં ગાય આધારિત ખેતી માટે સહાય યોજના**

૪૩૮૯૫ **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ગાય આધારિત ખેતી કરવા માટે કોઇ સહાય કે યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો કઇ યોજના અંતર્ગત કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવે છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના અંતર્ગત લાભાર્થી ખેડૂતને માસિક રૂ.૯૦૦/- લેખે વાર્ષિક રૂ.૧૦,૮૦૦/- રકમની સહાય પૂરી પાડવામાં આવે છે.

(૩)

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ચૂકવેલ રકમની સહાય |
|---|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૬૩૬૮ | ૨,૮૬,૪૯,૭૦૦/- |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૯૬૧૧ | ૯,૭૪,૯૯,૭૦૦/- |

- - - - - - - - -

તા.૨૧મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં હક્કપત્રક નોંધોનો બાકી નિકાલ**

૪૨૯૪૯ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૬૧૯૪

(૨)

| **છેલ્લા એક વર્ષમાં પાડવામાં આવેલ નોંધો** | **૫૫૦૨૭** |
|---|---|
| મંજૂર નોંધો | ૪૭૨૫૭ |
| નામંજૂર નોંધો | ૧૫૭૬ |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી સિવાય પ્ર.સ.પ.ની જમીન વેચાણ થયેલાનું જણાતા.

૨. દેવસ્થાનની જમીનમાં વારસાઈ માટે સરકારશ્રીનો પ્રતિબંધ હોવાથી.

૩. પક્ષકારોના પૂરેપૂરા સરનામાં ના હોવાથી ૧૩૫-ડીની નોટિસ બજતી ન હોવાથી.

૪. નોંધના કાગળોમાં આધાર-પુરાવાના અભાવે.

૫. અપીલ/રીવીઝન કેસ ચાલતા હોવાથી.

૬. i ORA પોર્ટલમાં અરજી દાખલ કરેલ હોઈ અસર આપી શકાતી ન હોવાથી.

૭. બિનખેતીવાળી મિલકતના ૭/૧૨ જૂની શરતના હોવાથી.

૮. ખેડૂત ખાતેદારના પુરાવા રજૂ કરેલ ન હોવાથી.

૯. ઓનલાઈન પાડવામાં આવતી વારસાઈની નોંધોમાં ખોટા સર્વે નંબર સીલેક્ટ કરવાના કારણે તથા અસલ કાગળો દિન-૧૫માં રજૂ ન કરવાથી.

૧૦. ઓનલાઈન બોજા કમીની નોંધમાં બેંક દ્વારા સર્ટીફીકેટ લાગુ નંબરનું અપલોડ ન થવાના કારણે.

૧૧. અગાઉ નામંજૂર કરેલ વારસાઈ નોંધ ઓનલાઈન ફરીથી વારસાઈની નોંધ દાખલ કરેલ હોવાથી.

૧૨. રજૂ થયેલ પુરાવામાં વિસંગતતા હોવાથી.

૧૩. ઓનલાઈન વેચાણ તથા હક કમીની નોંધમાં જમીન ઉપર વસૂલાત અધિકારીશ્રીનો બોજો તથા જમીન બોજા વાળી હોવાથી તથા

૧૪. ઓનલાઈન વેચાણ નોંધમાં નવીન ટૂકડો પડતો હોવાથી.

---------

**મહેસાણા જિલ્લામાં હક્કપત્રક નોંધોનો બાકી નિકાલ**

૪૨૯૫૧ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૧૫૫૨૯

(૨)

| **કુલ પાડેલ નોંધો** | **૧૦૭૫૬૯** |
|---|---|
| મંજૂર નોંધો | ૯૦૧૧૦ |

| નામંજૂર નોંધો | ૧૯૩૦ |
|---|---|

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩)
(૧) કાયદાકીય જરૂરિયાત મુજબના રેકર્ડકીય આધાર પુરાવા રજૂ ના થવાથી તેમજ તેમાં વિસંગતતાઓ હોવાથી.
(૨) કોર્ટના મનાઈ હુકમ હોવાથી તેમજ બોજો હોવાથી.
(૩) મહેસૂલી કાયદાઓનો ભંગ થયેલ હોવાથી તેમજ જમીનના ખેડૂતના હિતસંબંધનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોવાથી.
(૪) કાયદાકીય જરૂરિયાત મુજબના આધાર-પુરાવા રજૂ ન થવાના કારણથી.
(૫) ROR ની જોગવાઈ મુજબના આધાર-પુરાવા રજૂ ન થવાના કારણથી.

---------

**અમદાવાદ જિલ્લામાં કાર્યરત કોલ્ડ સ્ટૉરેજ માટે સહાય**

૪૩૨૩૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ શાકભાજી અને ફળના પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો સહાયની જોગવાઈ શું છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) બાગાયત ખાતા મારફત નવા કોલ્ડ સ્ટૉરેજની સ્થાપના, આધુનિકરણ અને વિસ્તરણ માટે કેન્દ્ર સરકારશ્રીની MIDH - Mission for Integrated Development of Horticulture sub scheme અંતર્ગત સહાય આપવાની જોગવાઇ છે. જેમાં કેન્દ્ર સરકારનો હિસ્સો ૬૦% અને રાજ્ય સરકારનો હિસ્સો ૪૦% છે. આ ઉપરાંત રાજ્ય સરકારશ્રી તરફથી પૂરક સહાય પણ જાહેર કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ છે.

| કોલ્ડ સ્ટૉરેજના પ્રકાર | સહાયની જોગવાઈ |
|---|---|
| ૧) કોલ્ડ સ્ટૉરેજ યુનિટ પ્રકાર-૧: બેઝિક મેઝનાઇન સ્ટ્રકચર ૨૫૦ મે.ટન થી મોટી ચેમ્બરના કોલ્ડ સ્ટૉરેજ ઉભા કરવા ટન દીઠ એકમ ખર્ચ રૂ.૮૦૦૦/મે ટન (ક્ષમતા મહત્તમ ૫૦૦૦ મે ટન) | સામાન્ય વિસ્તારો માટે ખર્ચના ૩૫% જ્યારે શિડ્યુલ્ડ અને પહાડી વિસ્તાર માટે ખર્ચના ૫૦% સહાય<br>આ ઉપરાંત રાજ્ય સરકારશ્રી તરફથી પૂરક સહાય સામાન્ય લાભાર્થીને ખર્ચના ૧૫% તેમજ અનુ. જનજાતિના લાભાર્થીને ૨૫% સહાય જ્યારે એપીએમસી/ જાહેર સાહસો/નગરપાલિકાઓ/ ફાર્મસ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઇઝેશન /ફાર્મસ પ્રોડ્યુસર્સ કંપનીઓને ખર્ચના ૨૫% સહાય |
| ૨) કોલ્ડ સ્ટૉરેજ યુનિટ પ્રકાર-૨: મલ્ટીપલ ટેમ્પરેચર અને પ્રોડક્ટ ઉપયોગ માટે, ૨૫૦ મે.ટન થી ઓછી ક્ષમતાવાળી ૬ કરતા વધુ ચેમ્બર માટે ટન દીઠ એકમ ખર્ચ રૂ.૧૦૦૦૦/મે ટન (ક્ષમતા મહત્તમ ૫૦૦૦ મે ટન) | |
| ૩) કોલ્ડ સ્ટૉરેજ યુનિટ પ્રકાર-૨ સાથે વધારાની કંટ્રોલ એટમોસ્ફીયર ટેક્નોલોજી માટે ટન દીઠ એકમ ખર્ચ રૂ.૧૦૦૦૦/મે ટન | |
| ૪) કોલ્ડ રૂમ સ્ટેગીંગ (ક્ષમતા ૩૦ મે.ટન) રૂ.૧૫ લાખ/એકમ | |

- ટ્રાયબલ તાલુકામાં બટાટાના કોલ્ડ સ્ટૉરેજમાં ૫૦૦૦ થી ૨૦,૦૦૦ મે.ટન યુનિટ સુધી ક્ષમતા વધારવા મહત્તમ રૂ.૨૪૦૦/- મે. ટન લેખે સહાય.
- ડુંગળી અને લીલા શાકભાજી માટેના સી.એ.કોલ્ડ સ્ટોરેજ માટે APMC રજીસ્ટર્ડ ખેડૂત ગ્રુપને વધારાની ૭.૫% કેપીટલ સહાય.

(૩) વર્ષ ૨૦૨૧-૨૨માં તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલા અરજદારોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?

(૩) વર્ષ ૨૦૨૧-૨૨માં તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ બાગાયત ખાતા હસ્તકની વિવિધ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ૨ (બે) લાભાર્થીઓની અરજી મંજૂર કરવામાં આવેલ છે, પરંતુ પ્રોજેક્ટ બાંધકામ કામગીરી ચાલુ હોઈ કોઈપણ લાભાર્થીને સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

**ગુજરાત રાજ્યમાં જમીન વિકાસ નિગમનું મંજૂર મહેકમ**

૪૩૯૩૧ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર-ઉત્તર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧) પત્રક-૧ મુજબ.

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને ખાલી છે,

(૨) પત્રક-૧ મુજબ.

(૩) જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી ભરાયેલ જગ્યાઓ ફિક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સિંગથી ભરાયેલ છે, અને

(૩)

| ફિક્સ પગાર | ભરાયેલ મહેકમ |
|---|---|
| સિનિયર ક્લાર્ક | ૦૧ (એક) |
| ફિલ્ડ આસીસ્ટન્ટ (જ.સં.) | ૧૭ (સત્તર) |
| જુનિયર ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૦૮ (આઠ) |
| કરાર આધારિત/આઉટસોર્સિંગથી જગ્યા ભરાયેલ નથી. | |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) નિગમની યોજનાકીય કામગીરી વિભાગના તા.૩૧-૮-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: જવન-૨૦૧૮-૧૦૪૭-ક.૪ થી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને તબદીલ થતાં નિગમ પાસે કોઈ યોજનાકીય કામગીરી રહેતી નથી. તથા નાણા વિભાગના તા.૨૪-૬-૨૦૨૦ તથા તા.૨-૧૨-૨૦૨૦ના કાર્યાલય આદેશોથી નિગમ ખાતેના સેલમાં રાખવાના થતા મહેકમ સિવાયના નિગમ હસ્તકના મહેકમને ફાજલ કરીને રાજ્ય સરકારશ્રીની અન્ય કચેરી ખાતે પ્રતિનિયુક્તિથી નિમણૂક આપવામાં આવેલ છે. આથી, ખાલી જગ્યાઓ ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-૧**

| | | મહેકમ વિગત એબિયન્સ સાથે | | | મહેકમ વિગત એબિયન્સ વગર | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ (એબિયન્સ સાથે) | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | મંજૂર થયેલ મહેકમ (એબિયન્સ વગર) | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | મેનેજીંગ ડિરેક્ટર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | નાયબ મેનેજર (નાણાં) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૩ | નાયબ નિયામક (જ.સં.) | ૨ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ |
| ૪ | મદદનીશ નિયામક (જ.સં.) | ૧૮ | ૮ | ૧૦ | ૯ | ૮ | ૧ |

| | | મહેકમ વિગત એબિયન્સ સાથે | | | મહેકમ વિગત એબિયન્સ વગર | | |
|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ (એબિયન્સ સાથે) | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | મંજૂર થયેલ મહેકમ (એબિયન્સ વગર) | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૫ | મદદનીશ નિયામક (ચાં.) | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૬ | નાણાં અને હિસાબી અધિકારી | ૩ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ |
| ૭ | ફિલ્ડ ઓફિસર (જ.સં.) | ૨૨ | ૨ | ૨૦ | ૬ | ૨ | ૪ |
| ૮ | ફિલ્ડ ઓફિસર (ચાં.) | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૯ | ફિલ્ડ સુપરવાઇઝર (જ.સં.) | ૪૨ | ૪ | ૩૮ | ૬ | ૪ | ૨ |
| ૧૦ | ફિલ્ડ સુપરવાઇઝર (ચાં.) | ૬ | ૦ | ૬ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ફિલ્ડ આસીસ્ટન્ટ (જ.સં.) | ૩૦૩ | ૭૮ | ૨૨૫ | ૧૫૯ | ૭૮ | ૮૧ |
| ૧૨ | ડ્રાઈવર | ૧૯ | ૭ | ૧૨ | ૧૩ | ૭ | ૬ |
| ૧૩ | હેડક્લાર્ક | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | સિનિયર ક્લાર્ક | ૧૬ | ૧ | ૧૫ | ૨ | ૧ | ૧ |
| ૧૫ | જુનિયર ક્લાર્ક કમ કો.ઓપ. | ૧૩૧ | ૩૭ | ૯૪ | ૫૩ | ૩૭ | ૧૬ |
| ૧૬ | સ્ટેનોગ્રેડ-૩ | ૪ | ૧ | ૩ | ૨ | ૧ | ૧ |
| ૧૭ | મીકેનીક | ૫ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ |
| ૧૮ | જુનિયર ઓટો ઇલેક્ટ્રીશીયન | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૯ | હેવી વ્હીકલ ઓપરેટર | ૯ | ૦ | ૯ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | ટ્રેલર ડ્રાઈવર | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૨૧ | ટ્રક ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૨૨ | પટાવાળા/નાયક | ૩૧ | ૧૨ | ૧૯ | ૧૫ | ૧૨ | ૩ |
| | **કુલ** | **૬૨૨** | **૧૫૬** | **૪૬૬** | **૨૭૨** | **૧૫૫** | **૧૧૭** |

- - - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના માછીમારોને વળતર**

૪૩૩૪૯ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાઉતે વાવાઝોડામાં થયેલ નુકસાન અન્વયે કેટલા માછીમારોને વળતર ચૂકવવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા માછીમારોને વળતર ચૂકવવાનું ક્યા કારણોસર બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં આ બાકી વળતર ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | સહાય ચૂકવેલ માછીમારોની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | કેશડોલ્સ | ઘરવખરી | મકાન સહાય | બોટ સહાય |
| ૧ | ગીર સોમનાથ | ૩૮૭૭૬ | ૫૭૮૬ | ૫૭૬૯ | ૫૮૯ |
| ૨ | જૂનાગઢ | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં માછીમારોને કોઈપણ પ્રકારનું નુકસાન નોંધાયેલ ન હોઈ વળતર ચૂકવવામાં આવેલ નથી. | | | |

(૨) કોઈ માછીમારોને વળતર ચૂકવવાનું બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત જળસંગ્રહના કામો**

૪૨૯૩૪ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત મહેસાણા જિલ્લામાં જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામ હાથ ધરવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| હાથ ધરવામાં આવેલ કામના પ્રકાર | |
|---|---|
| **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** |
| તળાવ, આડબંધ, ચેકવોલ, ચેકડેમ | તળાવ, આડબંધ, ચેકવોલ, ચેકડેમ |

| | |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૨) ૧૧૭ |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૨૧૫.૨૮ લાખ. |

- - - - - - - - -

**એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને ના વાંધા પ્રમાણપત્ર આપવા બાબત**

૪૪૦૪૦ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા દરિયામાં ડ્રેજ મટિરીયલ ૩૧૯.૮૬ હેક્ટર વિસ્તારમાં ડમ્પ કરવા માટે ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ તે પરવાનગી આપેલ તથા પરવાનગી આપ્યા સિવાયની આજુબાજુની દરિયામાં કેટલી જગ્યામાં પુરાણ કરવામાં આવેલ તે અંગે જિલ્લા જમીન દફ્તર નિરીક્ષક, સુરતને માપણી કરવા અંગેની દરખાસ્ત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે મળેલ છે, | (૧) ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા જિલ્લા જમીન દફ્તર નિરીક્ષક કચેરી, સુરતને તા.૦૮-૦૬-૨૦૨૦ના રોજ માપણી માટેની દરખાસ્ત મળેલ છે. |
| (૨) મળેલ દરખાસ્ત અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે માપણી હાથ ધરવામાં આવેલ છે, | (૨) મળેલ દરખાસ્ત અન્વયે બે તબક્કામાં તા.૨૪-૦૬-૨૦૨૦ તથા તા.૩૧-૦૭-૨૦૨૧ના રોજ માપણી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત માપણી અન્વયે પરવાનગીવાળી અને પરવાનગી વગરની આજુબાજુની દરિયામાં કેટલી જમીનમાં પુરાણ કરાયાનું સામે આવ્યું, અને | (૩) કલેક્ટર, સુરતના તા.૨૫-૦૬-૨૦૨૦ના પત્ર તથા ગુજરાત મેરીટાઈમ બોર્ડના તા.૦૮-૦૬-૨૦૨૦ના પત્રના આધારે ડી.આઈ.એલ.આર., સુરતએ તા.૨૪-૦૬-૨૦૨૦થી માપણી કરતાં માપણી મુજબનું ક્ષેત્રફળ ૨૨૮-૦૮-૯૭ હેક્ટર તથા તા.૩૧-૦૭-૨૦૨૧ના રોજ કરેલ માપણી મુજબ જમીનનું ક્ષેત્રફળ ૯૫-૦૦-૦૦૦ હેક્ટર એમ મળી કુલ ક્ષેત્રફળ ૩૨૩-૦૮-૯૭ હેક્ટર થાય છે. |
| (૪) તે અંગેનો અહેવાલ કોને ક્યારે મોકલવામાં આવેલ છે ? | (૪) તા.૨૪-૦૬-૨૦૨૦ થી થયેલ માપણીની તા.૧૩-૦૮-૨૦૨૦ના પત્રથી માપણીશીટની નકલ તથા તા.૩૧-૦૭-૨૦૨૧ થી થયેલ માપણીનો અહેવાલ તા.૧૩-૦૧-૨૦૨૨ના પત્રથી કલેક્ટર, સુરતને મોકલવામાં આવેલ છે. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં સરકારે આપેલ જમીન પર ગેરકાયદેસર દબાણ**

૪૩૮૯૮ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના સીપુ જળાશયની ડૂબમાં ગયેલ જમીનના બદલામાં સરકારે આપેલ જમીન પૈકી કેટલી જમીન ઉપર ઉક્ત સ્થિતિએ ગેરકાયદેસર દબાણ થયેલ છે, અને | (૧) એ. ૨૧૧-૦૦ ગું. |
| (૨) ક્યાં સુધીમાં આ ગેરકાયદેસર દબાણ ખુલ્લા કરાવવામાં આવશે ? | (૨) દબાણો અગાઉ દૂર કરવામાં આવેલ હતા પુનઃ થયેલ દબાણો દૂર કરવા કલેક્ટર દ્વારા કાર્યક્રમ તૈયાર કરી દબાણ દૂર કરવા કાર્યવાહી કરવામાં આવશે. |

**દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો માટે જમીનની ફાળવણી**

૪૨૯૪૬ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની | (૧) ૧૨૬ |

સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૬

(૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી ? | (૩) ૯૬૫૨૨ ચો.મી.

- - - - - - - - -

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ**

૪૪૦૨૪ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર ક્યા પાકના પ્રોસેસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ફાળવેલ રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન**

૪૨૯૯૨ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના (એજીઆર-૩) હેઠળ કુલ કેટલા ક્ષેત્રિય નિદર્શન ગોઠવવામાં આવ્યા, | (૧) ૧,૦૭૦ |
| (૨) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) રૂ.૪૨,૮૦,૦૦૦/- |
| (૩) કેટલી સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) સહાય ચૂકવવાની બાકી નથી. |

- - - - - - - - -

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ**

૪૩૯૯૭ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં નથી. |
| (૨)જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર ક્યા પાકના પ્રોસેસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ફાળવેલ રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ**

૪૩૯૫૯ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ, | ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર ક્યા પાકના પ્રોસેસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ફાળવેલ રકમ પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ**

૪૩૯૨૭ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૧ | કોર્ટ કેસ | ૫ | ૪૦ | ૨૧ |
| ૨ | વહીવટી પગલા | ૧૬ | ૩ | ૩ |
| ૩ | પોલીસ ફરિયાદ | ૦ | ૦ | ૩ |
| ૪ | ફેર-પૃથક્કરણમાં પ્રમાણિત જાહેર થયેલ | ૬ | ૦ | ૦ |
| ૫ | કાર્યવાહીમાં | ૧૬ | ૧ | ૨ |

---------

**ગાંધીનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો**

૪૨૧૨૨ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કયા-કયા ગામોની નવીન ગામતળ નીમ કરવાની દરખાસ્તો સરકારને મળેલ છે.

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| (૧) | ગાંધીનગર | - |
| (૨) | દહેગામ | (૧) પસુણીયા, (૨) પલ્લાના મઠ, (૩) બારડોલી બારીયા, (૪) મોતીપુરા (મહુડીયા), (૫) હરખજીના મુવાડા, (૬) અરજણજીના મુવાડા, (૭) શીયાવાડા, (૮) મીરાપુર, (૯) ખાનપુર, (૧૦) ભાદરોડા, (૧૧) જાલીયાના મઠ, (૧૨) પીંપળજ, (૧૩) બીલમણા |
| (૩) | કલોલ | (૧) વડાસ્વામી |
| (૪) | માણસા | - |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરી અને કેટલી દરખાસ્ત કયા કારણોસર પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ રેકર્ડ, સ્થળ સ્થિતિની ચકાસણી તથા અધૂરી દરખાસ્તો પૂર્તતા માટે તાલુકા વિકાસ અધિકારીને પરત કરેલ હોવાના કારણોસર પડતર હોવાથી કોઈ દરખાસ્ત ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ નથી.

(૩) પડતર દરખાસ્તોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) પડતર દરખાસ્તોનો નિયમાનુસાર કાર્યવાહી અનુસરીને નિકાલ કરવામાં આવશે.

---------

**રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની રચના**

૪૩૯૯૦ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં એનિમલ વેલ્ફેર બોર્ડની રચના તા.૩૦-૧૧-૨૦૧૩ના રોજ કરવામાં આવી, તે વાત

(૧) હા, જી.

સાચી છે,

| | |
|---|---|
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તેના સભ્યો કોણ કોણ છે, અને | (૨) પત્રક મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોર્ડની મીટિંગ ક્યારે ક્યારે મળી ? | (૩) તા.૨૨-૦૧-૨૦૨૦ તથા તા.૦૭-૦૪-૨૦૨૧ના રોજ. |

**પત્રક**

**ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડના સભ્યશ્રીઓની વિગતો**

(૧) માન. ચેરમેનશ્રી સહ માન.મંત્રીશ્રી, (કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન) - હોદ્દાની રૂએ.

(૨) માન. વાઈસ ચેરમેનશ્રી સહ માન.મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (પશુપાલન અને ગૌસંવર્ધન) - હોદ્દાની રૂએ.

(૩) સુશ્રી ડો. નીમાબેન આચાર્ય, માન. ધારાસભ્યશ્રી.- સભ્યશ્રી.

(૪) શ્રી હર્ષ સંઘવી, માન. ધારાસભ્યશ્રી, મજુરા-૧૬૫ વિધાનસભા બેઠક, સુરત-સભ્યશ્રી.

(૫) માન. પશુપાલન નિયામકશ્રી, - હોદ્દાની રૂએ.

(૬) મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.-હોદ્દાની રૂએ.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ. - હોદ્દાની રૂએ.

(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા. - હોદ્દાની રૂએ.

(૯) પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. - હોદ્દાની રૂએ.

(૧૦) જિલ્લા કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, બનાસકાંઠા, પાલનપુર.- હોદ્દાની રૂએ.

(૧૧) શ્રી દિલીપ શાહ, પ્રતિનિધિ, ભારતીય પ્રાણી કલ્યાણ બોર્ડ.

- ૦૮ (આઠ) બિનસરકારી પ્રતિનિધિઓ કે જે પ્રાણી કલ્યાણ સંસ્થા સાથે જોડાયેલા હોય.

(૧૨) શ્રી ચીનુભાઈ શિવલાલ શાહ, થરા-બનાસકાંઠા-સભ્યશ્રી.

(૧૩) શ્રી પંકજભાઈ બુચ, ગાંધીનગર-સભ્યશ્રી.

(૧૪) શ્રી માધવપ્રકાશ સ્વામીજી, પેથાપુર, ગાંધીનગર-સભ્યશ્રી.

(૧૫) શ્રી નારાયણ લલ્લુભાઈ પટેલ, ઉંઝા, મહેસાણા -સભ્યશ્રી.

(૧૬) શ્રી વિમલભાઈ શાહ, મહેસાણા-સભ્યશ્રી.

(૧૭) શ્રી પૃથ્વીરાજ પટેલ, ઈડર, સાબરકાંઠા-સભ્યશ્રી.

(૧૮) શ્રી કિશોરભાઈ શાહ, જેતપુર-સભ્યશ્રી.

- ૧૧(અગિયાર) રજિસ્ટર ગૌશાળા, પ્રાણી કલ્યાણ સંસ્થા અને પાંજરાપોળના ચેરમેનશ્રીઓ.

(૧૯) શ્રી રતિભાઇ મહેતા, ધારી, અમરેલી-સભ્યશ્રી.

(૨૦) શ્રી જયદિપ સૌમૈયા, રાજુલા, અમરેલી-સભ્યશ્રી.

(૨૧) શ્રી નયન નવિનચંદ્ર ભરતિયા, સુરત-સભ્યશ્રી.

(૨૨) શ્રી સંજયભાઈ કોઠારી, અમદાવાદ-સભ્યશ્રી.

(૨૩) શ્રી અરૂણ ઓઝા, અમદાવાદ-સભ્યશ્રી.

(૨૪) સુશ્રી પૂર્વી રાહુલ શાહ, અમદાવાદ -સભ્યશ્રી.

(૨૫) શ્રી મિત્તલ ખેતાણી, રાજકોટ-સભ્યશ્રી.

(૨૬) શ્રી રાજેન્દ્રભાઈ શાહ, રાજકોટ-સભ્યશ્રી.

(૨૭) શ્રી બળવંતભાઈ આચાર્ય, મહેસાણા-સભ્યશ્રી.

(૨૮) શ્રી ગુલાબસિંહ દાનુભાઈ જાડેજા, ભાવનગર-સભ્યશ્રી.

(૨૯) શ્રી કૌશિકભાઈ મહેતા, ભુજ-સભ્યશ્રી.

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં રી-સર્વેમાં થયેલ ભૂલો સુધારવાની અરજીઓ**

૪૪૦૫૭ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

## તા.૨૧મી માર્ચ ૨૦૨૨

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર
રી-સર્વેમાં થયેલ ભૂલો સુધારવા કેટલી અરજીઓ મળી,

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર રી-સર્વેમાં થયેલ ભૂલો સુધારવા માટે મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

**અમરેલી**

| તાલુકા | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ | કુલ |
|---|---|---|---|
| કુંકાવાવ વડિયા | ૨૪૮ | ૧૭૯ | ૪૨૭ |
| બાબરા | ૮૨ | ૬૨ | ૧૪૪ |
| લાઠી | ૬૧ | ૧૪૮ | ૨૦૯ |
| લીલીયા | ૫૩ | ૧૭ | ૭૦ |
| અમરેલી | ૧૧ | ૩૩ | ૪૪ |
| બગસરા | ૧૨ | ૧૭ | ૨૯ |
| ધારી | ૨૦૨ | ૨૭૨ | ૪૭૪ |
| સાવરકુંડલા | ૪૩ | ૯૩ | ૧૩૬ |
| ખાંભા | ૨૦૫ | ૨૮૯ | ૪૯૪ |
| જાફરાબાદ | ૯૦ | ૧૩૧ | ૨૨૧ |
| રાજુલા | ૪૯ | ૪૪ | ૯૩ |
| **કુલ** | **૧૦૫૬** | **૧૨૮૫** | **૨૩૪૧** |

**ભાવનગર**

| તાલુકા | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ | કુલ |
|---|---|---|---|
| ઉમરાળા | ૧૯૩ | ૧૬૪ | ૩૫૭ |
| વલ્લભીપુર | ૮૪ | ૮૯ | ૧૭૩ |
| પાલીતાણા | ૬૩ | ૬૨ | ૧૨૫ |
| **કુલ** | **૩૪૦** | **૩૧૫** | **૬૫૫** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓમાં ભૂલો સુધારવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત અરજીઓ પૈકી જિલ્લાવાર નિકાલ કરવામાં આવેલ તથા પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | ભૂલ સુધારેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|
| અમરેલી | ૨૧૩૬ | ૨૦૫ |
| ભાવનગર | ૬૫૫ | ૦૦ |

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) ઉક્ત પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો દૂર કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(** વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર લેવાતો નથી,એટલે મેં ઉપસ્થિત નહોતો કર્યો, પણ માનનીય સભ્યશ્રી પરેશભાઇએ પ્રશ્ન પૂછતી વખતે એમ કહ્યું કે *(xxx) આ શબ્દો યોગ્ય નથી એટલે કાઢી નાખવામાં આવે એવી વિનંતી છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આવો આક્ષેપ ન કરાય તો સારું, શબ્દો દૂર કરવામાં આવે છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. તા. ૧૬-૦૩-૨૦૨૨ના રોજ કોતરવાડા મુકામે જે જનતા રેડ પાડવામાં આવી..

અધ્યક્ષશ્રી : માનનીય શ્રીમતી ગેનીબેન, આવી રીતે નહીં થાય અહીંયા, આવો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. ગૃહ નિયમોથી ચાલે છે. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. તમારે મારી મંજૂરી લેવી જોઇએ અને માનનીય મંત્રીશ્રીની મંજૂરી લેવી જોઇએ પછી નિયમ પ્રમાણે આપ મુદ્દો ઉઠાવી શકો. નેક્સ્ટ. (અંતરાય-ઘોંઘાટ) તમારે મંજૂરી લેવી જોઇએ, નોટિસ આપવી જોઇએ. આવી રીતે અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ન ઉઠાવી શકાય. નિયમ મુજબ જ થાય. (અંતરાય) ૧૧૬ની નોટિસ આપે તો બધું થઇ શકે. અત્યારે આ રીતે ન ઉઠાવી શકાય. (સતત ઘોંઘાટ અને સુત્રચાર) નિયમ પ્રમાણે જ થાય, આવો પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોઇ શકે. શૈલેષભાઇ આપ સિનિયર સભ્ય છો, બહેનને સમજાવો કે આ રીતે પોઇન્ટ ઓફ ઓર્ડર ન ઉભો કરી શકાય. નિયમ પ્રમાણે નોટિસ આપો. નેસ્કટ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

**ઉદ્યોગ અને ખાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંક-૪૯**

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૦,૭૮,૩૪,૮૮,૦૦૦/-ની તેમજ મૂડી ખર્ચ માટેની રૂ. ૬,૭૯,૫૯,૦૧,૦૦૦/-ની માગણી ક્રમાંક ૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ મણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી નં. ૫૦**

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્ય કક્ષાના ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા, ૨,૨૨,૬૧,૦૬,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૬,૭૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

તા.૨૧મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી નં. ૧૦૧**

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા ( રાજય કક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭,૨૩,૫૧,૬૪,૦૦૦/- ની માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

**માગણી નં-૧૦૨**

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા ( રાજય કક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૦૧,૩૪,૨૪,૫૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૮,૮૦,૫૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

ફાલ્ગુન ૩૦, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

કાપદરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપદરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૫**

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૮,૫૪,૫૭,૪૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫૬,૭૩,૦૩,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરવામાં આવી.

**સન૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદરખાસ્તરૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| **ઉદ્યોગઅને ખાણ વિભાગ**<br>**માગણીનં. ૪૯** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨૮૫૧-ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૨- લઘુ ઉદ્યોગો<br>૦૩-(IND-10)જિલ્લા..કેન્દ્રો<br>રૂ. ૨૭,૫૫,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩,<br>પાનાનં. ૩૨ અને ૩૩ | ૧૦૦ | તૌકતે વાવાઝોડામાં ગ્રામ ઉદ્યોગોને થયેલ નુકસાનનું વળતર સમયસર ચૂકવવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી અમિત ચાવડા |
| *૨ | _ _"_ _ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં કર્મચારીઓની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૩ | ૨૮૫૧-ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૨- લઘુ ઉદ્યોગો<br>૧૫-IND-7 મીઠા...વિકાસ<br>રૂ. ૧૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩,<br>પાના નં. ૩૨ થી ૩૪ | ૧૦૦ | અગરીયાઓને પીવાનું શુધ્ધ પાણી તેમજ રહેણાંકના સારા મકાનો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૪ | _ _"_ _ | ૧૦૦ | તૌકતે વાવાઝોડાના કારણે મીઠા ઉદ્યોગોને થયેલ નુકસાનની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૫ | _ _"_ _ | ૧૦૦ | વાવાઝોડાના કારણે પાંચ જિલ્લાના ૮ તાલુકા અને ૧૦૯ ગામના ૪૨૫૦૦ જેટલાં મીઠાના અગરિયાઓને થયેલ નુકસાન અંગે આર્થિક સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| ૬ | ૨૮૫૧- ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૫- ખાદી.....ઉદ્યોગો<br>૦૧-IND-21 ગુજરાત....બોર્ડ<br>રૂ. ૩૪,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩, પાના નં. ૩૮ | ૧૦૦ | ખાદી ક્ષેત્રમાં રોજગારીની ઘટતી જતી તકોવધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૭ | _ _"_ _ | ૧૦૦ | ખાદી ગ્રામોદ્યોગ બોર્ડમાં પૂરતું વેલ્ફેર ફંડ હોવા છતાં કારીગરોને જરૂરી સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૮ | _ _"_ _ | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાંલોન સહાય માટે આવેલ અરજીઓ બેંકોને સમયસર પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૯ | _ _"_ _ | ૧૦૦ | ખાદી ઉત્પાદનને યોગ્ય ઉત્તેજન તેમજ વળતર આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૦ | ૨૮૫૨-ઉદ્યોગો<br>૮૦-સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૪,૫૨,૧૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં. ૪૬ અને ૪૭ | ૧૦૦ | વાયબ્રન્ટ સમિટના પ્રચાર-પ્રસાર માટેનો કોન્ટ્રાક્ટ રાજ્યના માહિતીવિભાગ કે તેની એજન્સીઓને અપાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| *૧૧ | _ _"_ _ | ૧૦૦ | ઉદ્યોગોના પડતર પ્રશ્નો સત્વરે હલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૨ | _ _"_ _ | ૧૦૦ | નવી ઔદ્યોગિક નીતિનો અમલ કરવામાં થતો વિલંબ નિવારવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૧૩ | ૨૮૫૨-ઉદ્યોગો<br>૮૦-સામાન્ય<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂ.૨૯,૪૮,૧૪,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાના નં. ૪૬ થી ૫૫ | ૧૦૦ | ધોલેરા ખાતે ૧૧ હજાર કરોડના ચાઈના ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સંલગ્ન શરૂ થયેલા ઔદ્યોગિક એકમોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૧૪ | _ _"_ _ | ૧૦૦ | ઉદ્યોગોને મશીનરી પર મળતી સબસિડી માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયાનું સરળીકરણ કરવામાંતંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| **માગણી નં. ૫૦** | | | | |
| ૧૫ | ૨૮૫૩- બિનલોહ... ઉદ્યોગ | ૧૦૦ | ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો-૨૦૧૭ | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨-ખાણોનું....વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૮૭,૮૦,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩,<br>પાનાનં. ૫૭ અને ૫૮ | | અંતર્ગત જાહેર હરાજીની પ્રક્રિયા સફળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૬ | __"__ | ૧૦૦ | ખનીજ ચોરી કરનાર ઇસમો પાસેથી રોયલ્ટી પેટે સત્વરે દંડની વસૂલાત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| *૧૭ | ૨૮૫૩- બિનલોહ... ઉદ્યોગ<br>૦૨-ખાણોનું....વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૮૭,૮૦,૩૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩,<br>પાનાનં. ૫૭ અને ૫૮ | ૧૦૦ | ધારાસભ્યો/ગ્રામજનોની ખનીજ ચોરી અંગેની વારંવારની રજૂઆતો છતાંજવાબદારો સામે પગલાં લેવામાંતંત્રની ઉદાસીનતા. | શ્રી લલીત વસોયા |
| ૧૮ | __"__ | ૧૦૦ | ભૂસ્તરતંત્ર ગેરકાયદેસર રીતે થતી રેત ખનનની પ્રવૃત્તિ અટકાવવામાં નિષ્ફળ રહ્યું છે જે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૧૯ | __"__ | ૧૦૦ | રાતના સમયે ખનીજ ચોરીની ટ્રકો ચેક પોસ્ટ ઉપરથી પસાર થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૨૦ | __"__ | ૧૦૦ | જિલ્લા કક્ષાએ રદ થયેલ લીઝોની અપીલોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૨૧ | __"__ | ૧૦૦ | ખનીજ રેતી ચોરી કરતા ઇસમો સામે ફોજદારી રાહે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૨૨ | __"__ | ૧૦૦ | પર્યાવરણ એન.ઓ.સી વિના રાજ્યમાં ખાણ ખનીજની લીઝો કાર્યરત છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| *૨૩ | __"__ | ૧૦૦ | ઇડરીયા ગઢ પાસેથી થતી બેફામ રેતી ખનીજ ચોરીની ફરિયાદો સંદર્ભે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>**માગણી નં.૧૦૧** | | |
| ૨૪ | ૨૨૧૬- આવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫૫,૬૪,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,પાના નં. ૨૦ | ૧૦૦ | ગરીબો માટે બનાવેલ આવાસોમાં પૂરતી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| *૨૫ | ૨૨૧૬-આવાસન<br>૦૨-શહેરી ગૃહનિર્માણ<br>૧૦૩-ગૃહનિર્માણ....સહાય<br>રૂ.૨૦,૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં.૨૦ થી ૨૨ | ૧૦૦ | અયોગ્ય પ્લાન મંજૂર કરવાને કારણે વરસાદી પાણીના નિકાલની સમસ્યા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૨૬ | __"__ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડની ખુલ્લી જમીનો ઉપર થયેલા દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| *૨૭ | __"__ | ૧૦૦ | બાંધકામ અંગેના પ્લાન વિના વિલંબે મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.કિરીટકુમાર પટેલ |
| ૨૮ | ૨૨૧૬-આવાસન<br>૦૨-શહેરી ગૃહનિર્માણ<br>૧૦૩-ગૃહનિર્માણ....સહાય<br>રૂ.૨૦,૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં.૨૦ થી ૨૨ | ૧૦૦ | શહેરી ગૃહનિર્માણ દ્વારા બનાવેલ નવા આવાસો માટે થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| | | માગણી નં. ૧૦૨ | | |
| ૨૯ | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા | ૧૦૦ | સફાઈ કામદારોના પડતર પ્રશ્નો હલ કરી તેઓની | ડો. સી. જે. ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨-ગટર...સ્વચ્છતા<br>૧૦૫-સફાઈ સેવા<br>રૂ.૧,૨૨,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં. ૧૬ થી ૧૮ | | તકલીફો દૂર કરવામાંતંત્રની નિષ્ફળતા. | |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | સફાઈ કામદારોને અપાતી સહાયનો યોગ્ય ઉપયોગ થાય છે કે કેમ તે અંગે તપાસ કરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | મહાનગરપાલિકા/નગરપાલિકાઓને મળતી સહાયોનો યોગ્ય ઉપયોગ કરી શહેરોમાં જોવા મળતી ગંદકીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | સફાઈ કામદારોનું ફરજ દરમ્યાન ગટરમાં ગૂંગળાઈ જવાથી થતા મોત માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૩૩ | _ _ " _ _ | ૧૦૦ | ફાયર સેફ્ટીના ખોટા પ્રમાણપત્રો આપતા અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | ફાયર સેફ્ટીની અરજી બાદફાયર અધિકારીઓ દ્વારા ઈન્સ્પેકશનમાં થતાં વિલંબની ફરિયાદો છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | અગ્નિશામક નિયામક દ્વારા જુદા જુદા વિસ્તારોની મુલાકાત લઈ ફાયર સેફ્ટીની ચકાસણીની કામગીરીનિયમિત રીતે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૩૬ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના...વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-UDP-26પ્રાદેશિક...યોજના<br>રૂ.૫,૪૫,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં.૩૯ અને ૪૦ | ૧૦૦ | T .P .ના કાયદાની કલમ-૨૯ હેઠળની યોગ્ય ગાઈડ લાઈનના આધારે જ બાંધકામ મંજૂરીઓ અપાય તેવી કાર્યવાહી કરવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૩૭ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના...વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-UDP-26પ્રાદેશિક...યોજના<br>રૂ.૫,૪૫,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં.૩૯ અને ૪૦ | ૧૦૦ | ટી.પી. સ્કીમના મંજૂર થયેલ નકશામાં ફેરફાર કરનાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર(રાજેશકુમાર ગોહિલ) |
| ૩૮ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૩- નાના....વિકાસ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૫-UDP-83 નિયામકશ્રી..<br>સેવાઓ<br>રૂ.૪૫,૮૭,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬,<br>પાના નં. ૩૯ થી ૪૪ | ૧૦૦ | દુર્ઘટના સમયે ફાયર સેફ્ટીની ચકાસણી કરતા અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| *૩૯ | _ _ " _ _ | ૧૦૦ | ફાયર સેફ્ટીના સાધનોની સમયસર ચકાસણીના અભાવે વારંવાર બનતા આગના બનાવો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૪૦ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૩- નાના....વિકાસ<br>૧૯૦- જાહેર....સહાય<br>૦૫-UDP-મેટ્રો...અનુદાન<br>રૂ. ૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬,<br>પાના નં. ૪૫ અને ૪૬ | ૧૦૦ | મેટ્રો રેલની કામગીરી ઝડપી બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીગ્યાસુદ્દીન શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | ટાઉન પ્લાનીંગ એક્ટની મર્યાદાના કારણે ટી.પી. સ્કીમ ઉભી થયા બાદ હોસ્પિટલો માટે જગ્યા મળવી મુશ્કેલ બને છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૪૨ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૩- નાના...વિકાસ<br>૧૯૧-મહાનગર....સહાય<br>રૂ.૩૧,૯૧,૫૬,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬,<br>પાના ન. ૪૮ થી ૫૩ | ૧૦૦ | રસ્તાઓની મરામત માટે નાણાકીય ફાળવણી થવા છતાં લાંબા સમય સુધી મરામતની કામગીરી થતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | પુનઃવસન અંતર્ગત ગરીબોને આપવામાં આવતા આવાસ નબળી ગુણવત્તાવાળા હોય છે તેમજ તૈયાર થયેલ આવસો લાભાર્થીઓને સમયસર ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૪૪ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના...વિકાસ<br>૧૯૨-નગરપાલિકા...સહાય<br>૧૧-જકાત...અનુદાન<br>રૂ.૪,૬૮,૧૦,૦૬,૦૦૦<br>અંપ્ર.નં.૨૬,<br>પાના નં.૫૪ થી ૫૬ | ૧૦૦ | ઓક્ટ્રોય નાબૂદી બાદનબળી આર્થિક સ્થિતિ વાળી નગરપાલિકાઓને આપવામાં આવતી રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | ઓક્ટ્રોય નાબૂદી બાદ નગરપાલિકાઓને મળવાપાત્ર રકમ સમયસર ચૂકવવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૪૬ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-કમિશ્નર....તંત્ર<br>રૂ.૪,૩૩,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૬૬ અને ૬૭ | ૧૦૦ | નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં સમાવેશ થતાં ગામોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | નગરપાલિકાની નબળી કામગીરીને કારણે ટેક્સના નાણાનો યોગ્ય ઉપયોગ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૫** | | |
| ૪૮ | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિર્દેશ...વહીવટ<br>રૂ.૫૨,૦૫,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,<br>પાના નં.૧૪૭ થી ૧૫૩ | ૧૦૦ | સ્વચ્છતા અભિયાન દરમિયાન બજાર સમિતિઓને સફાઈને લગતા સાધનો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ પરમાર |
| ૪૯ | _ _ " _ _ | ૧૦૦ | વસૂલાત અધિકારીઓની નબળી કામગીરીને કારણે તેમજ ખાલી જગ્યાઓના કારણે વસૂલાત સમયસર થતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | બજાર સમિતિઓમાં કૃષિ પ્રદર્શનો નિયમિત યોજવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| *૫૧ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા કક્ષાએ પુરતા સ્ટાફને અભાવે મંડળીઓનું ઓડિટ સમયસર કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૫૨ | _ _ " _ _ | ૧૦૦ | ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં કપાસ(રૂ)ની ચકાસણી માટેની પ્રયોગશાળાઓ ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઈ ડેર |
| ૫૩ | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિર્દેશ...વહીવટ | ૧૦૦ | કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત બજાર સમિતિઓના આધુનીકરણ તથા પાયાની સવલતો | શ્રી મહમદજાવીદ પીરઝાદા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ.૫૨,૦૫,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,<br>પાના નં.૧૪૭ થી ૧૫૩ | | પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૪ | ૨૪૨૫-સહકાર<br>૧૦૭-ધિરાણ.....સહાય<br>રૂ.૧૭,૧૭,૦૦,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,<br>પાના નં.-૧૫૮ થી ૧૬૧ | ૧૦૦ | પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ(પેકસ) ને કોમ્પ્યુટરાઈઝેશન દ્વારાજિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સાથે કોર બેંકીગ સિસ્ટમથી જોડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૫૫ | ૨૪૩૫-અન્ય...કાર્યક્રમો<br>૦૧-ખરીદ...નિયંત્રણ<br>૧૦૧-ખરીદ...સવલતો<br>૦૧-WRH-2 કૃષિ...વેચાણ<br>રૂ.૫,૪૮,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં.૩,<br>પાના નં. ૧૬૮ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોની ખરીદીની સવલતોના અભાવને કારણે ખેડૂતોને પડતી હાડમારી નિવારવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૫૬ | _ _ " _ _ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોના ખરીદ વેચાણમાં થતો વિલંબ નિવારવામાં અને તેમાં થતી ગેરરીતિઓ અટકાવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૫૭ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા રજીસ્ટ્રાર શાહુકાર પ્રબંધકોની નબળી કામગીરીના કારણે વ્યાજખોરોનો વધતો જતો ત્રાસ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| *૫૮ | _ _ " _ _ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોના ખરીદ-વેચાણ અને ગુણવત્તા નિયંત્રણ અંગેની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| *૫૯ | ૩૪૭૫-અન્ય...સેવાઓ<br>૨૦૦-અન્ય...વિનિયમન<br>૦૧-શાહુકાર...અમલ<br>રૂ.૩,૬૨,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩,<br>પાનાનં. ૧૭૬ | ૧૦૦ | શાહુકાર અધિનિયમના ભંગ બદલ થયેલા કેસોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના ઉદ્યોગ, ખાણ- ખનિજ, શહેરી વિકાસ અને સહકાર મંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તે બાબતે હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું અને આ જે માગણીઓ આવી છે તેનો વિરોધ પણ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્યના વિકાસનો મુખ્ય જો પાયો હોય તો તે નાના ઉદ્યોગો છે. આ ભારતીય જનતા પાર્ટીનું ૨૭ વર્ષથી આ રાજ્યમાં રાજ ચાલી રહ્યું છે અને વર્ષ ૨૦૧૪થી આ દેશમાં પણ ભારતીય જનતા પાર્ટીનું રાજ આવ્યું છે. મને કહેતા દુઃખ થાય છે કે વર્ષ ૨૦૧૪ પછી ભારતના ૨૩ હજાર અબજોપતિ આ દેશમાંથી બેંકોના પૈસા લઇને ભાગી ગયા છે. અત્યાર સુધી ચેક બાઉન્સ થતા હતા, પરંતુ ભારતીય જનતા પાર્ટીનું રાજ આવ્યા પછી બેંકો બાઉન્સ થતી જાય છે, તેના કારણે નાના રોકાણકારોએ પોતાની મૂડી ભેગી કરી છે એ મૂડી ઉપર વ્યાજ પણ મળતું નથી, પોતાના ડિપોઝિટ મૂકેલા પૈસા પણ જતા રહે છે અને છતાં પણ વાયબ્રન્ટની વાતો ચાલી રહી છે. મારે કહેવું પડે છે કે ૩,૫૭,૦૦૦ એમ.એસ.એમ.ઇ. છેલ્લાં વર્ષોમાં બંધ થયા છે. કોઇ પણ રાજ્યના વિકાસનો મહત્વનો પાયો હોય તો ઉદ્યોગમંત્રી, હું આપને કહેવા માગું છું કે ભૂતકાળની જે સરકાર આવી હતી ત્યારે નાના ઉદ્યોગોને ટેકો મળે તેના માટે ડી.આઇ.સી. જેવાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્રો સ્થાપ્યાં હતાં. મને મળેલી માહિતી પ્રમાણે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ભલામણ કરે છે અને કેટલી બેંકો લોન આપે છે, તેમાં મારી પાસે જિલ્લાના સંકલનના આંકડા આવ્યા છે. તેના ઉપરથી ગુજરાતનો આંકડો મળી શકશે. છેલ્લાં વર્ષમાં મારા અમરેલી જિલ્લામાં ૯૦૦ નાના ઉદ્યોગોએ લોન લેવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ભલામણ કરી અને ફોર્મ ભરીને આપ્યા. આ ૯૦૦ પૈકી માત્ર ૬૧ જણાને જ લોન આપવામાં આવી અને સરકાર શેની વાતો કરે છે? સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના પણ મારી પાસે આંકડા છે. ૨૭૫ જણાની ભલામણ કરી. આ અમરેલી જિલ્લાનો આંકડો છે. આખા ગુજરાતમાં જોવામાં આવે તો લાખો-કરોડો યુવાનોએ રોજગારી મેળવવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં પોતાની અરજી કરી છે અને બેંકોને મોકલી છે, પરંતુ તેને લોન મળતી નથી. તેના કારણે પોતે કામ કરી શકતા નથી અને ભગોડાઓ ભાગી જાય છે. ૨૩ હજાર અબજોપતિઓ આ દેશ છોડીને ભાગી ગયા, તેના પણ મારી પાસે આંકડા છે. એ.બી.જી. શીપયાર્ડ હમણા ૨૪,૦૦૦ કરોડ રૂપિયાની રકમ લઇને ભાગી ગયું છે. તેની સાથે વાયબ્રન્ટ ગુજરાતમાં એમ.ઓ.યુ.

થયા.એ ભાડું ચૂકવી શકતો નથી. જાહેર હિસાબ સમિતિ, ચૌદમી વિધાનસભાનો બીજો અહેવાલ આ વિધાનસભાના ફ્લોર ઉપર રજૂ થયો છે અને ત્યારે પણ કહેવામાં આવ્યું હતું, કેગે પણ કહ્યું હતું કે આ ઉદ્યોગ જે ચાલી રહ્યો છે એ ઉદ્યોગ જોખમાઇ જશે. સન ૨૦૧૩-૧૪માં એમનો અહેવાલ રજૂ થયો છતાં પણ સરકારે પગલા ના લીધા. *(xxx) એ બેંકોનું વ્યાજ આપવાનું બંધ છે, એ બેંકોને એની રકમ પણ મળે નહીં તે પ્રકારની સ્થિતિ નિર્માણ થઇ છે. હમણા બે દિવસ પહેલા ટાટા નેનોનો પ્રશ્ન આવ્યો હતો ત્યારે માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા. મારે કહેવું છે કે જયારે નેનો આવી ત્યારે એટલા બધા સાઇન બોર્ડ ગુજરાતમાં મૂકવામાં આવ્યા હતા, કે નેનો આવી, નેનો આવી, જાણે કોઇને ત્યાં કેટલાય વર્ષો પછી બાળકનો જન્મ થયો હોય અને પાછું વળી ગયું હોય એ પ્રકારની પરિસ્થિતિ છે, નેનોના કારણે એશિયાનું નંબર વન ચોખાનું સંશોધન કેન્દ્ર એ સાણંદનું ચોખાનું સંશોધન કેન્દ્ર એની જમીન આપી દીધી અને નેનોએ તો શું કર્યુ છે એ આપણે જાણીએ છીએ. હવે ટાટા બીજા ઉદ્યોગો કરશે. તમે નેનોના નામે વાતો કરી હતી અને હવે એ નેનો ઉદ્યોગના નામે નાની કાર આપવાની વાતો કરી હતી. તમે મારૂતીના પણ દાખલા દો છો એ મારૂતી આજે નંબર વન બની છે, તે વખતે કોંગ્રેસની સરકાર હતી અને મારૂતિ લાવી હતી. આ નેનો જેવું કર્યુ નથી. ઉદ્યોગમંત્રી એનો પણ ખુલાસો કરે. આજે વાઇબ્રન્ટ મેળાઓ થાય છે, ઉદ્યોગકારોને ગુજરાતમાં રોકાણ કરવાની તક મળવી જોઇએ એ અમે પણ માનીએ છીએ પરંતુ ઉદ્યોગકારોને રોકાણ આપવાને બદલે એની પણ મારી પાસે ફાઇલ છે, ગુજરાતના અનેક *(xxx) એના માટેની વાત કરીએ તો લલિત મોદી વગેરે કેટલાય લોકો તો ગુજરાતના ભાગી ગયા છે. ગુજરાતના નંબર વન ભાગી ગયા છે. ગુજરાત તો ગાંધીનું ગુજરાત છે. ગુજરાત સરદાર વલ્લભાઇ પટેલની ભૂમી છે. એ સરદાર વલ્લભભાઇની ભૂમીમાં આવા ભગોડાઓ ભાગી જાય છે ત્યારે ઉદ્યોગમંત્રીશ્રીને આપના મારફત કહેવા માગુ છું કે ઉદ્યોગમંત્રીશ્રી આપ શું કરો છો? જાહેર હિસાબ સમિતિ, કેગ સમિતિનો રિપોર્ટ થાય છતાં પણ એના ઉપર ધ્યાન આપવામાં આવતું નથી અને એના કારણે લાખો યુવાનો બેરોજગાર બન્યા છે અને લાખો યુવાનો બેરોજગાર બન્યા છે એના કારણે આજે લાખો યુવાનોને પોતાની રોજગારીની તક મળતી નથી અને અમારા ગેનીબેન બોલવા ઉભા થતા હતા, બોલી ના શકયા એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર નિયમ પ્રમાણે...

અધ્યક્ષશ્રી : નિયમ પ્રમાણે નહોતો એટલે મેં જ ના પાડી છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું એ જ કહેવા માંગું છું કે એ રેઇજ નહીં થઇ શકતો. (અંતરાય) અહીંથી રેકર્ડ મગાવી લેજો. આ જે યુવાનો છે એ ડ્રગ્સ તરફ વળ્યા છે, દારૂ તરફ વળ્યા છે, એમને રોજગારી મળતી નથી ત્યારે ઉદ્યોગમંત્રી તમે નિરાંતે લખો, પરંતુ આ યુવાનોનું શું કરવાનું છે? આ ભગેડાઓ ભાગી જાય છે, *(xxx) ૨૭ વર્ષથી તમારી સરકાર છે. હવે તો નવી સરકાર આવી છે, કદાચ ભૂતકાળની સરકાર એ પગલાં નહીં લઇ શકતી હોય એના કારણે નવી સરકાર બનાવી છે. નવી સરકાર બનાવી છે, હવે નવી સરકાર તો તપાસ કરે, જૂની સરકાર કદાચ કામગીરી ન કરી શકતી હોય એના કારણે મને લાગે છે કે આ દેશના વડાપ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના નેશનલ પ્રમુખે નવી સરકાર ગુજરાતમાં મૂકી છે, ગુજરાતના લોકોને એક રાહ મળે એવી પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતને નંબર વન બનાવવા માટે આવા ભગોડાઓ ઉપર પગલાં લેવામાં આવે તેવી લાગણી વ્યકત કરું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય વિરજીભાઇ જે વાત કરે છે નવી સરકાર, જૂની સરકાર, અમારા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર એ જ મહત્વની છે, એટલે આ પ્રકારની વાતો એ વિરજીભાઇ આપને પણ ના શોભે કારણ કે દર વખતે નવી સરકાર, અમારા વિચારવાળી સરકાર છે. ૨૮ વર્ષથી અમે જ આવીએ છીએ અને સન ૨૦૨૨માં પણ અમે જ આવવાના છીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : જે છે એ તો કહેવું પડેને? તમે સુધારો કરવા માગો છો તો સુધારો શિક્ષણમાં કરો. નવી સરકાર તો કહેવી પડેને? શિક્ષણના ઓરડા નથી એની ચિંતા કરો. આપની મારફત કેહવા માગુ છું કે જનરલ મોટર કંપની કોંગ્રેસના વખતે અહીં આવી હતી અને જનરલ મોટરે જે ઉત્પાદન કર્યુ હતું અને આજે પણ એ ઉત્પાદન ચાલુ છે. કોંગ્રેસે ચિંતા કરી છે, ગુજરાતની ચિંતા કરી છે, ઉદ્યોગની ચિંતા કરી છે પરંતુ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર નવા નામ સાથે આવે છે, રૂપકડાં નામ સાથે આવે છે અને રૂપકડાં નામ સાથે આવ્યા પછી ગુજરાતના યુવાનોની ચિંતા થતી નથી એની અમને ચિંતા થઇ રહી છે. શહેરી વિકાસ ખાતાના પ્રધાન પણ પોતાની માગણીઓ લઇને આવ્યા છે. નલ સે જલ યોજના. (અંતરાય) અમારા ભાવનગરના મંત્રી છે, હું એમનો પાડોશી છું અને લાઠીમાં ભણ્યા છીએ. (અંતરાય) નલ સે જલ યોજનાની વાતો સરકાર કરે છે. સારી વાત છે. આજે અમદાવાદ, રાજકોટની આસપાસના નાના ગામો હતા એ સત્તામંડળમાં આવ્યા છે અથવા કોઇને કોઇ ઓથોરિટી નીચે આવી ગયા છે એટલે એ ગામોને પીવાનું પાણી મળે છે. પરંતુ મોટી સોસાયટીઓ છે એમને નર્મદાનું પાણી મળતું નથી. ફ્લોરાઇડવાળું પાણી મળે છે. શહેરીકરણ વધ્યું છે ત્યારે મોટી સોસાયટીઓ બની છે તેને પાણી આપવા માટે શહેરી વિકાસ મંત્રીશ્રીએ તાત્કાલિક ચિંતા કરવાની જરૂરિયાત ઉભી થઇ છે.

---

* તા.૨૨-૩-૨૦૨૨ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૧મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ખનિજની રોયલ્ટીના પ્રશ્નો ઉભા થયા છે. થોડા સમય પહેલાં અમરેલીના ધારાસભ્યોએ ઉપવાસ ઉપર બેસવું પડ્યું. રેતી મળતી નથી એના કારણે વિકાસ અટક્યો છે. એના કારણે કરોડો રૂપિયાની રેતીની રોયલ્ટીની ચોરી થઇ રહી છે. સરકારી રેવન્યુ જઇ રહી છે અને લોકોને રેતી ન મળવાના કારણે આવાસ યોજનાની હમણા વાત ચાલતી હતી એ આવાસ યોજનાના મકાનો બનાવવા છે, હપ્તો લેવો છે પણ રેતી મળતી નથી. એના માટે મંત્રીશ્રીએ ચિંતા કરવી પડે તેમ છે. સહકાર વિભાગની વાત કરીએ તો સહકાર મહત્વનું પાસુ છે. આજે ગુજરાત સહકારમાં નંબર વન બન્યું છે. એની પાછળની ભૂમિકા હોય તો સરદાર પટેલ, ગાંધીજી અને કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રીઓને યાદ કરવા પડે. સહકારની માગણી લઇને આવ્યા છે ત્યારે ૧૯ જિલ્લામાં બેન્કો હતી, ૧૯ ડી.પી.એસ.યુ. બન્યા, એટલા તાલુકાના ટી.પી.એસ.યુ. બન્યા. સરકાર રોજ સહકારની વાતો કરે છે કે અમે ફલાણી બેન્ક લઇ લીધી, અમે ફલાણી બેન્ક જપ્ત કરી લીધી. હમણાં જીતુભાઇ કહેતા હતા કે અમે ભાવનગરની બેન્ક લઇ લીધી. તમે કેટલી નવી બેન્કો સ્થાપી એ ગુજરાતની જનતા જાણવા માગે છે? આજે ૩૩ જિલ્લાઓ થયા છે. એક પણ જિલ્લા બેન્ક સ્થાપી શક્યા નથી. સહકારની વાતો શેની કરો છો? આટલી બધી સહકારી સંસ્થાઓ સ્થાપવા માટેનું જો કોઇને ભાગ્ય પ્રાપ્ત થયું હોય તો એ કોંગ્રેસના તે વખતના આગેવાનોને થયું છે. ઇફ્કો જેવી સંસ્થા હોય, ક્રિભકો જેવી સંસ્થા હોય, અમૂલ જેવી સંસ્થા હોય, નાબાર્ડ કે નાફેડ જેવી સંસ્થા સ્થાપવા માટેનું ભાગ્ય કોંગ્રેસને પ્રાપ્ત થયું છે. (અંતરાય) એના કારણે આજે ગુજરાત નંબર વન બન્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

અસંસદીય શબ્દપ્રયોગ અંગે

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી **(**સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હમણા કહી રહ્યા હતા અને એમાં વારંવાર *(xxx) શબ્દ વારંવાર ચાર-પાંચ વાર વાપર્યો છે એ વપરાય નહીં. અસંસદીય શબ્દો અને શબ્દપ્રયોગોની યાદીના ક્રમાંક: ૩૫૬ થી ૩૬૦ (અંતરાય) તમે એ શીખવા આવજો હું શીખવાડીશ. પૂછશો તો હું કહીશ. એ શબ્દો કાઢી નાખવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ જે રીતે માનનીય સંસદીય મંત્રીશ્રીએ (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : જે શબ્દનો ઉપયોગ થયો હોય એ ખૂબ મહત્વનો હોય છે. ગુજરાતી ડિક્ષનરી ખૂબ સ્પષ્ટ છે, એનું વ્યાકરણ ખૂબ સ્પષ્ટ છે. દરેક શબ્દને ભૂંસી નાખીએ તો એનો પર્યાય ન હોઇ શકે. *(xxx) કહેવાય. એનો કોઇ પર્યાય હોય તો એ પર્યાય મૂકી દઇએ. એમણે સરકાર માટે નથી કહ્યું. બેન્કો માટે કહ્યું છે. શેના માટે વાત થઇ એ સંદર્ભમાં મહત્વનું છે. (અંતરાય)

શ્રી અમિત ચાવડા : એમણે સરકાર માટે નથી કહ્યું પણ બેન્કના પરિપ્રેક્ષમાં કહ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અહીંયા જે પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય મંત્રીશ્રી રાજેન્દ્રભાઇએ ઉભો કર્યો છે અને એની સામે શ્રી પરેશભાઇ, શ્રી અમિતભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી વિરજીભાઇએ જે રજૂઆતો કરી છે એનો હું પૂરો અભ્યાસ કરીને આવતીકાલે મારો નિર્ણય જાહેર કરીશ.

શ્રી સૌરભ પટેલ**(**બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને થોડી માહિતી આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિરોધપક્ષના વિદ્વાન સદસ્યોએ શરૂઆત જે પ્રમાણે કરી એમને જરા જણાવું કે ગુજરાતની છાપ એટલે મોસ્ટ ઇન્ડસ્ટ્રીયલ સ્ટેટ ઇન ધ કંપની. પાંચ ટકા દેશની વસ્તી છે અને ૬ ટકા જયોગ્રોફિકલ એરિયા છે, પણ ગૌરવ સાથે કહી શકીએ કે દેશનું ૧૭ ટકા ઉત્પાદન ગુજરાતમાંથી થાય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇપણ સભ્યશ્રી જયારે પોતાનું પ્રવચન કરતા હોય ત્યારે વચ્ચે બેઠાબેઠા કોઇ કોમેન્ટ ન કરે પ્લીઝ. સભ્યને માટે ખૂબ અગત્યનો સમય હોય છે. બહુ ઓછી મિનિટ હોય છે. માનનીય સૌરભભાઇ,

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે એટલું જ કહેવું છે કે ૧૭ ટકા ઉત્પાદનોની જોડેજોડે દેશનો ૨૦ ટકા એક્સ્પોર્ટસ ગુજરાતમાંથી થાય છે. આનું મૂળ કારણ મારે એટલું જ કહેવું છે કે ગુજરાત પોલિસી ડ્રીવન સ્ટેટ છે. ગુજરાતની અંદર પોલિસી બને છે અને પોલિસીના આધાર ઉપર આપણે ઉદ્યોગોને પ્રોત્સાહન આપીએ છીએ. આજે ઇન્ફ્રાસ્ટ્રકચર હોય એના કારણે લોકો અહીં આવે છે. ઘણીબધી નીતિઓના કારણે આવે છે અને આખા દેશમાં સૌથી વધારે જો આઇ.આર. ફાઇલ થતા હોય તો એ ગુજરાતમાં થાય છે. આજે એકલા ડોમેસ્ટિક ઇન્વેસ્ટમેન્ટ નહીં, પણ ફોરેન ઇન્વેસ્ટમેન્ટ પણ દેશના ગ્રોથ માટે સૌથી મહત્વનું છે. એફ.ડી.આઇ.નું રોકાણ જોવા જઇએ તો ૧,૬૩,૦૦૦ કરોડનું રોકાણ ગુજરાતમાં આવ્યું છે. આખા દેશનું ૩૭ ટકા ગુજરાતમાં છે. આ બધું મૂળ આવવાનું કારણ શું છે? કારણ એ છે કે એક સરસ મઝાનું આપણે એન્વાયરમેન્ટ બનાવીએ છીએ. એન્વાયરમેન્ટની અંદર મૂડીની સેફ્ટી લાગે, ઇન્ફ્રાસ્ટ્રકચર મળે, રોડ રસ્તા મળે,પ્લોટસની સારી સુવિધા મળે, ઇન્સેન્ટીવ મળે, સ્કીલ મેન પાવર મળે એટલે ડેસ્ટીનેશન તરીકે જયારે ઉદ્યોગકારો વિચાર કરતા હોય છે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ત્યારે ઉદ્યોગકારો ગુજરાતની પસંદગી કરતા હોય છે. સભ્યશ્રીએ વાત કરી આપણે નીતિ બનાવીએ છીએ. ઉદ્યોગ કેવી રીતે ચાલે? એ આપણે કંઇ બેસતા નથી ઉદ્યોગ ચલાવવા માટે? ઉદ્યોગના માલિકો ઉદ્યોગ ચલાવે છે. એક જ ટાઇપની બે ફેક્ટરીઓ હોય એમાં એક ખૂબ સારી ચાલતી હોય છે અને બીજી માંદી પડે છે. એ માંદી પડવાનાં કારણો જુદાં હોય. એ ગુજરાત સરકારને કારણે માંદી નથી પડી, ગુજરાત સરકારની નીતિના કારણે માંદી નથી પડી. કોઇ ઉદ્યોગકાર એમ કહે કે અમે ગુજરાત સરકારની નીતિને કારણે માંદા પડયા છીએ એવા એક પણ નથી. માત્ર ને માત્ર એ એના કારણે માંદા પડે છે. આજે કેટલા સેકટરો છે એની કલ્પના કરો.(અંતરાય) મારે આપનો જવાબ નથી આપવો.

અધ્યક્ષશ્રી : શ્રી બાબુભાઇ, મારે આપને વારંવાર કહેવું પડે? પ્લીઝ આપ વચ્ચે ન બોલો. નહીં પ્લીઝ. આપને જવાબ નથી આપવાનો. આપ વચ્ચે ન બોલો. બેઠાબેઠા કોમેન્ટ ન કરો. પ્લીઝ. આવા સિનિયર સભ્ય થઇને મારે આપને ટોકવા પડે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની વર્કીંગ કેપીટલ આપવાની જવાબદારી નથી. તમે ટાટાની વાત કરો, તમે ફોર્ડની વાત કરો. મારૂતિ સુઝુકીની વાત કરો. ઓટોમોબાઇલ કંપનીની વાત કરો. આજે ઓટોમોબાઇલ હબ ગુજરાત બન્યું છે અને ગઇકાલે સુઝુકીના ચેરમેને કીધું કે હું ઇ.વી.ની બેટરીઝનું જે મૂડીરોકાણ છે એ ગુજરાતમાં કરવાનો છું. એ નાનો આંકડો નથી. ૧૦,૦૦૦ કરોડ છે. તો એ કયારે ગુજરાતમાં આવે, કે જયારે એમને દેખાય છે કે ગુજરાતમાં હું રોકાણ કરીશ તો મને સફળતા મળશે. આજે ઓટોમોબાઇલ હબ જુઓ, રિયાલન્સ જુઓ, ટેકનિકલ, પેટ્રોકેમિકલના હબ જુઓ, તમે રિફાઇનરી એસ્સારની જુઓ હવે નામ બદલાયું રશિયન છે. આજે સ્ટીલ કંપનીઓ રો-મટિરિયલનું ઉત્પાદન નથી કરતી તો પણ સૌથી મોટો વન ઓફ ધ બિગેસ્ટ સ્ટીલ પ્લાન્ટ ગુજરાતમાં હજીરાની અંદર છે. ડ્રગ્સ, ફાર્માસ્યુટિકલ જુઓ, સિમેન્ટ કંપની જુઓ, ટેક્ષ્ટાઇલ જુઓ, એન્જીનિયરિંગ જુઓ, જેમ્સ એન્ડ જવેલરી જુઓ, સિરામિક જુઓ. આ કેમ આવે છે બધા? ગુજરાતમાં એટલે આવે છે કે ગુજરાતમાં બધી જ સુવિધા એમને મળે છે. મારે ઉદ્યોગ મંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. એમણે આવતા દિવસોની અંદર આ બજેટની અંદર એવા સેક્ટરની પસંદગી કરી છે કે જેમાં સૌથી વધારે રોજગારી આપશે તો ગુજરાતને આપશે. અને દેશમાં જી.ડી.પી. વધશે. આપણા પ્રધાનમંત્રીશ્રીએ ગ્રીન એનર્જીને ખૂબ મોટું પ્રોત્સાહન આપ્યું છે. એના કારણે સોલાર એનર્જી ફર્મ થયું. દુનિયાનું નેતૃત્વ કર્યુ છે. દેશનું નહીં. એની અંદર કેન્દ્ર સરકાર જે પી.એલ.આઇ. સ્કીમ લાવી છે. આ સ્કીમ એવી છે કે જે વસ્તુ દેશમાં ન બનતી હોય તેને કેન્દ્ર સરકાર પ્રોત્સાહન આપે છે અને ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ગ્રીન મેગા ઇનોવેશન ઇન્ડસ્ટ્રિયલ પ્રોજેકટ સ્કીમ લોંચ કરી છે. આપણે હાઇડ્રોજનની વાત કરીએ, સોલારની વાત કરીએ એ આવતા દિવસોમાં ગુજરાત હબ બને એના માટે ધી ગુજરાત ગ્રીન ઇનોવેશન ફંડની સ્થાપના કરી. ૫૦ કરોડથી શરૂઆત કરી આગળ વધ્યા છીએ અને એ આવતા દિવસોમાં કેન્દ્ર સરકાર સ્કીમો લાવે છે. એનો લાભ ગુજરાતને મળે અને ગુજરાતમાં મૂડીરોકાણ થાય એના માટે આ દીર્ઘદ્રષ્ટિથી મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રીએ આ સ્કીમ ગુજરાતની અંદર લાવ્યા છે. સ્ટાર્ટ અપની બધી વાત કરીએ છીએ. આપણી તાકાત યંગ પોપ્યુલેશન છે, ઇનોવેશન છે. જ્યારે ઇનોવેશન દેશની તાકાત હોય આ ઇનોવેશન ગુજરાતમાં કેમ આવે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી હતા, ત્યારે આઇ ક્રિએટ ફોર્મેશન થયું. પછી બધા જ મુખ્યમંત્રીશ્રીઓ નવી નવી સંસ્થાઓ, આ એક્ઝિસ્ટિંગ સંસ્થાનો વ્યાપ વધે તે માટે એને પ્રોત્સહન આપવા માંડ્યા. આજે ૨૦૦ તો ઇન્કિયુબેટર્સ છે. આ ઇન્કિયુબેટર્સનો લાભ કોણ લે છે? આપણા યંગ એન્જિનિયર્સ છે, આપણા વિદ્યાર્થીઓ લે છે. અને એના કારણે ૮,૦૦૦ સ્ટાર્ટઅપ્સ આપણે ત્યાં ઉભા થયા છે. હવે ત્યારે સ્ટાર્ટ અપ માટે એન્ટરપ્રિન્યોરશિપ ફંડ ઉભું કર્યુ છે. કારણ શું? આ લોકો પાસે અક્કલ છે, ટેકનોલોજી છે, પરંતુ એ લોકો પાસે સ્ટાર્ટિંગનું ફંડ નથી હોતું. એ આપવા માટે આપણે એક હજાર ગુજરાત યંગ એન્ટરપ્રિન્યોરશિપ ફંડ ઉભું કર્યુ છે. એક હજાર કરોડ રૂપિયામાંથી ૨૦૦ કરોડની જોગવાઇ આ વર્ષે કરી છે. કોઇ વ્યક્તિ નવા વિચાર, ટેકનોલોજીને લઇને આવે. ગુજરાત ગવર્નમેન્ટ જુએ, પછી કેપિટલ મૂડી આપવાની આવે એ આપીએ જેથી બેન્કો લોન આવતા દિવસોમાં આપી શકે. સભ્યશ્રીને કહું કે આ નવો વિચાર નથી? આનાથી કોને લાભ થવાનો છે? નાના માણસોને લાભ થવાનો. યંગ એન્ટરપ્રિનિયોરને થવાનો. મોટા કરોડપતિઓને મળવાનો નથી. એ વ્યક્તિને કાલે જ્યારે નવો વિચાર આવે એ નવા વિચારને કારણે એને ચાન્સીસ છે. આજે જુઓ દેશની અંદર મોટા ભાગના સ્ટાર્ટઅપ્સ છે, એને ફોરેન ફંન્ડિંગ મળવા માંડ્યા છે. કરોડો રૂપિયાના મળવા માંડ્યા છે. બીજું ટેક્ષટાઇલ. મને યાદ છે. ટેક્ષટાઇલ પોલિસીને ૧,૪૫૦ કરોડ રૂપિયા આપ્યા છે. એક જમાનો હતો. કપાસ અહીયા ઉગે. જીનિંગ અહીયા થાય, સ્પીનિંગ થવા માટે તામીલનાડું જાય. ૫૦,૦૦૦ કરોડનો ટ્રકનો ખર્ચો થાય. પાછું ૫૦,૦૦૦ રૂપિયાનું યાર્ન લાવો. બીજું, વીવિંગ સુરત અને ગુજરાતમાં થાય પ્રોસેસિંગ અહીયા થાય. સ્પીનિંગ પોલિસી લાવ્યા. આજે એ વખતે લાવ્યા હતા. ૨૫ લાખ સ્પીન્ડલની પોલિસી લઇને આવ્યા. ગુજરાત સરકારની નીતિ, પોલિસીના કારણે ઓછામાં ઓછા ૪૦ લાખ સ્પીન્ડલ્સ આવી ગયા. હવે કોટન માટે જવાની જરૂર પડતી નથી. બેઇઝ કેવો થયો છે. હવે ઇન્સેન્ટિવની જરૂર વગર નવા સ્પીન્ડલો આવે છે. એનું એન્વાયરમેન્ટ, સિસ્ટમ બની ગઇ. કયાંય જવાની જરૂર નથી પડતી. એ ટેક્ષટાઇલ માટે ૧૪૫૦ કરોડ રૂપિયા. પ્રધાનમંત્રીશ્રીએ પીએમ મિત્રા સ્કીમ કરી છે. અને યુઝ પાર્ક્સ બનાવવાનું નક્કી કર્યુ છે. એ પાર્ક્સની અંદર ખૂબ મોટા પ્રમાણમાં ગારમેન્ટ બને, ઇન્ટરનેશનલી ટ્રેડ એગ્રીમેન્ટ થતા હોય, દેશો દેશોના ટ્રેડ એગ્રીમેન્ટ થતા હોય તેમાં ટેક્ષટાઇલ ખૂબ મોટો અગત્યનો ભાગ હોય. તો આપણું ટેક્સટાઇલ બીજા દેશમાં જતું

હોય તો તેનું ઉત્પાદન અહીં થવું જોઇએ. તે ઉત્પાદન કરવા માટે ગુજરાત સરકારે આપણા જ ત્યાં નવસારીની અંદર ખૂબ મોટો પાર્ક બનાવવાનો નિર્ણય લીધો છે. તેના કારણે પુષ્કળ પ્રમાણની અંદર એમ્પ્લોઇમેન્ટ આવશે. એમ.એસ.એમ.ઇ. ની વાત કરી, નાના ઉદ્યોગોની વાત કરી. માનનીય સભ્યશ્રીને મારે એટલું જ કહેવું છે કે, ૧,૩૬૦ કરોડ રૂપિયા આ વર્ષે એમ.એસ.એમ.ઇ. ને ઇન્સેન્ટીવ માટે આપ્યા છે. આ ૧,૩૬૦ કરોડ રૂપિયા આપ્યા છે એટલે કોઇકની પાસે તો જતા હશે ને? તેને ઇન્ટરેસ્ટ સબસિડી મળે છે, કેપિટલ સબસિડી મળે છે, તેને પેકેજની સબસિડી મળે છે, તેને પરદેશની ટેકનોલોજી લાવે તેની સબસિડી મળે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી રાજેન્દ્રસિંહ પરમાર.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગો, ખાણ ખનીજ, શહેરી આવાસ અને શહેરી વિકાસ તથા સહકાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારની ભાવના વર્ષ ૧૯૪૬ માં એટલે કે દેશની આઝાદીના એક વર્ષ પહેલાં સરદાર સાહેબ, ડો.વર્ગિસ કુરિયન અને ત્રિભોવન કાકાએ તેની શરૂઆત કરેલી. તેમની ખૂબ ઉંચી ભાવના હતી. તેનો લોગો આપણે જોઇએ તો એકબીજાને હાથ મિલાવવાનો હતો. એક હિન્દુનો હાથ, એક મુસ્લિમનો હાથ, એક શીખનો હાથ એટલે કલોઝ એમ. આ દેશમાં જે કોઇ લોકો રહેતા હોય તેની સહકારની ભાવના સાથે હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇના હાથનો લોગો આપેલો અને કહેલું કે એકબીજાને મદદ કરવી. વર્ષ ૧૯૪૬ માં સહકારી સંસ્થાની સ્થાપના થઇ. આજે આપણે વાત કરીએ તો સહકારની ભાવના એવી હતી કે પહેલાં તેમાં કોઇ રાજકીય લોકો હતા નહીં. રાજકીય લોકોની કોઇ દખલ ન હતી, પણ આજે તો આપણને સરકાર મદદ ના કરે તો સહકારની ભાવના ન ચાલે તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે. મારે અમૂલ વિશે થોડીક વાત કરવી છે. અમૂલની સ્થાપના વર્ષ ૧૯૪૬માં ૨૦૦ લિટર દૂધથી થઇ હતી. ત્રિભોવનકાકા, વર્ગિસ કુરિયન, સરદાર સાહેબનું જે સપનું હતું કે આ અમૂલનો લોગો ફક્ત ખેડા, આણંદ, મહિસાગર જિલ્લા પૂરતો ન રહે પણ સમગ્ર ગુજરાતમાં તેનો ઉપયોગ થાય. નાના નાના ખેડૂતોને, પશુપાલકો છે તેને સીધો ફાયદો થાય તેવી તેમની ભાવના હતી. આજે તેને ૭૫ વર્ષ થયા અને ૨૦૦ લિટર દૂધથી શરૂ કરીને આજે આપણે ૨ કરોડ ૬૦ લાખ લિટર દૂધે પહોંચ્યા છીએ. સભાસદોને સારા ભાવ મળે તે ભાવનાથી નવી નવી ટેકનોલોજી લાવ્યા. તેમાં એન.ડી.ડી.બી.ની સ્થાપના કરી, ઇરમાની સ્થાપના કરી, આઇ.ડી.એમ.સી.ની સ્થાપના કરી. ઇરમા એટલે ઇન્સ્ટિટયૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટની સ્થાપના કરી, તો તેનું વડું મથક આણંદમાં, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડનું વડું મથક આણંદમાં, આવી અનેક સંસ્થાઓ સહકારની ભાવના માટે ઉભી કરી. મારે સહકાર મંત્રીને ખાસ એ કહેવું છે કે, આ એક જ એવી કો-ઓપરેટીવ સંસ્થા છે કે જે વર્લ્ડમાં કયાંય નહીં હોય. દરરોજ સવારમાં દૂધ ભરે તો તરત પૈસા મળે, સાંજે દૂધ ભરે તો તરત જ પૈસા મળે. નાઉ સ્ટીલ ટુડે હું આજે વાત કરું છું ત્યાં સુધી ગુજરાતમાં લગભગ ૩૦ લાખ એક્ટિવ સભાસદો એક લિટર, બે લિટર, પાંચ લિટર કે કોઇ દસ લિટર દૂધ ભરતા હશે અને સીધા પૈસા તેને મળી જાય છે. મારા અમૂલની વાત કરું તો દરરોજના ૧૦ કરોડ રૂપિયા અને ગુજરાતમાં અમૂલના નામે ૭૦ થી ૮૦ કરોડ રૂપિયા સભાસદોના હાથમાં અપાય છે. સરકારે જાહેરાત કરી કે, દરેક સભાસદોના પૈસા બેન્કોમાં હોવા જોઇએ. સારી વાત છે, ઘણી સારી વાત છે. સભાસદના પૈસા બેન્કમાં જમા થાય, ગુજરાતમાં ૧૮ હજાર ગામડાં છે. હું માનું છું ત્યાં સુધી ૧૭ હજાર જેટલાં ગામડામાં અમૂલની નાની નાની મંડળીઓ ચાલે છે. મારે સરકારને વિનંતી કરવી છે કે, અમે ગુજરાતમાં દરરોજ ૭૦ થી ૮૦ કરોડ રૂપિયા હાથમાં આપતા હતા. તમારી પાસે કોઇ ગામમાં બેન્કો છે ખરી? ૯૦ ટકા ગામડાંમાં બેન્કો નથી. પહેલા દરરોજ પૈસા અમે આપી દેતા હતા આજે અમે પૈસા ઉપાડીએ એટલે સીધો સર્વિસ ટેકસ લાગે. આપણે ખેડૂતોની વાત કરીએ છીએ, ચોકીદારોની વાત કરીએ છીએ તો ચોકીદાર ખેડૂતો માટે ચોકીદાર નથી? કૃષિ માટેની વાત કરીએ છીએ ત્યારે તમારી પાસે કેટલી બેન્કો છે? આજે એક સભાસદ ૧૦ દિવસે એક વખત ૧૦ થી ૧૫ કિલોમિટર બેન્કમાં પૈસા લેવા જાય તો એનો આખો દિવસ બગડે છે અને પેટ્રોલ-ડીઝલના ભાવો મોંઘા થતા જતા હોય ત્યારે એને ટ્રાન્સપોર્ટેશન પણ વધતું જાય છે ત્યારે આપણે આના ઉપર ધ્યાન આપવું જોઇએ. કૃષિમાં તમે કહ્યું કે પશુઓ માટે ૫૦૦ કરોડ રૂપિયા આપ્યા સારી વાત છે. પાંજરાપોળ માટે પણ મારું આપને કહેવું છે કે, આજે નવી ટેકનોલોજી મુજબ દરેક મંડળીમાં બલ્ક મિલ્ક કુલર બી.એમ.સી. લગાવ્યા છે તો બી.એમ.સી. ઇલેક્ટ્રિકથી ચાલે છે અને દરરોજના એક બી.એમ.સી. ૧૫થી ૨૦ યુનિટ વીજળી વાપરે છે ત્યારે તમે સોલારમાં સબસિડી કેમ નથી આપતા? ૧૭ હજાર જેટલી મંડળીમાં દરરોજ ૧ લાખ ૧૭ હજાર યુનિટ જેટલી વીજળી બચશે. ૫૦ ટકા સહાય આપો એમાં ૨૫ ટકા અમૂલ આપશે અને ૨૫ ટકા સભાસદ મંડળી આપશે તો ચોક્કસ આ પરિણામલક્ષી થઇ શકશે. આપણે જે પૈસાનો દુર્વ્યય થાય છે એને બદલે સીધો આપણને આનો ફાયદો થશે. સોલારથી વીજળી બચશે અને બીજું પાજરાપોળની જે વાત કરી કે ૫૦૦ કરોડ રૂપિયા તમે આપવાના છો એમાં મારું ખાસ એક સૂચન છે કે, પાંજરાપોળમાં એન.ડી.ડી.બી.એ કરેલું રિસર્ચ મુજબ એને તમે સીધા ગાભણ કરી શકો છો અને એ પાંજરાપોળનું મિલ્ક કલેકશન જે થશે એનાથી પાંજરાપોળને આવક થશે અને એ સ્વનિર્ભર થશે કેમ કે, સીધા મંડળીમાંથી એને પૈસા મળી જશે. ત્યારે આ બધું જો આપણે કરવું હોય તો આપણી સારી નીતિ હોવી જોઇએ. માનનીય પંકજભાઇ જ્યારે બોલે છે ત્યારે કહે છે કે અમે ૮૦ ટકા સહકારી માળખું લઇ લીધું. સારી વાત છે, અભિનંદનને પાત્ર છે. પણ પંકજભાઇને હું કહું છું કે ખેડા જિલ્લા બેન્ક હોય કે કોઇ પણ સંઘ હોય એને તમે યુનિટ તરીકે મતદાન

કરાવો, બ્લોકવાઇસ નહીં, હું ડંકે કી ચોટ પર કહું છું કે અમૂલમાં એક પણ ભારતીય જનતા પાર્ટીનો ઉમેદવાર ન જીતે. કરાવો. ખેડા જિલ્લા બેન્કની ચૂંટણી કરાવો એ રીતે. જે બ્લોક સિસ્ટમ કરી છે આપણે એ તદન ખોટી છે. (અંતરાય) સાચી વાત છે પણ સરકારે ભલામણ કરી છે એટલે હાઇકોર્ટે કહ્યું છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા જે માંગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી પ્રવૃત્તિનો જન્મ શાહુકારોની ચૂંગાલમાંથી છોડાવવા માટે થયો છે. આજે પ્રાથમિક સહકારી મંડળીઓ હોય, દૂધ સહકારી મંડળીઓ હોય, પિયત સહકારી મંડળીઓ હોય, જંગલ કામદાર સહકારી મંડળીઓ હોય આમ અત્યાર સુધીમાં ૮૩ હજાર જેટલી સહકારી મંડળીઓ આ રાજયમાં આવેલી છે. દર ચાર વ્યક્તિએ એક વ્યક્તિ આ સહકારી સંસ્થાની સાથે જોડાયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, બૃહદ મુંબઇ રાજયમાંથી ગુજરાત રાજયની સ્થાપના ૧લી મે, ૧૯૬૦ના રોજ થઇ એ વખતે ગુજરાતમાં ૩ ખાંડ મંડળીઓ બારડોલી, ગણદેવી, કોડીનાર આ સહકારી ક્ષેત્રે આ ક્ષેત્રમાં હતી એમાં ઉત્તરોતર વધારો થતાં આજે ૨૨ જેટલી ખાંડ સહકારી મંડળીઓ અસ્તિત્વ ધરાવે છે. એ પૈકી ૧૩ જેટલી ખાંડ સહકારી મંડળીઓ દક્ષિણ ગુજરાતમાં સુરત, ભરુચ, નવસારી, વલસાડ, નર્મદા અને તાપી જિલ્લામાં કાર્યરત છે. તેની દૈનિક પીલાણ કેપેસિટી ૫૭ હજાર મે.ટનની છે. ગુજરાતમાં ખાંડ ઉધોગ એ સહકારી ક્ષેત્રે સ્થપાય, વિકસે તેવો અભિગમ રાજય સરકારશ્રીએ પણ આ ગુજરાતમાં અપનાવેલ છે ત્યારે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારશ્રીએ સહકાર સે સમૃદ્ધિના વિઝન હેઠળ, અલાયદા સહકારિતા મંત્રાલયની રચના કરી છે. કેન્દ્ર સરકારશ્રીના નિર્ણયને કારણે સહકારી મંડળીઓને બળ મળશે અને સહકારી પ્રવૃત્તિ વેગવંતી બનશે. સહકારી સંસ્થાઓના માધ્યમ થકી, દેશના છેવાડાના માનવી, સભાસદો આર્થિક રીતે વધુ સદ્ધર થશે. એટલું જ નહિ પરંતુ માનનીયશ્રી અમિતભાઇ શાહ સાહેબના વિશાળ અનુભવનો લાભ સમગ્ર દેશના સહકારી ક્ષેત્ર અને તેની સાથે સંકળાયેલા સૌને મળશે અને દેશનું સહકારી માળખું ઉંચાઇના શિખરો સર કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના પાંચ કરોડથી વધુ ખેડૂતો આ શેરડીનું ઉત્પાદન કરી, શેરડીનો પુરવઠો ખાંડ મિલોને પૂરો પાડે છે તે પેટે ખાંડ મિલો શેરડીના પોષણક્ષમ ભાવો ખેડૂતોને ચૂકવે છે. મને કહેતા આનંદ થાય છે કે, સમગ્ર ભારત દેશની અંદર સૌથી સારા શેરડી પકવતાં ખેડૂતોને આ ગુજરાતની સહકારી સંસ્થાઓ સારા ભાવ આપે છે. ગુજરાતની ખાંડ મંડળીઓના ખેડૂતોને શેરડીના એફ.આર.પી.કરતાં વધુ ભાવ ખેડૂતોને ચૂકવેલ. એફ.આર.પી.કરતાં વધુ ચૂકવેલ શેરડીના ભાવને નફાની વહેંચણીનું અર્થઘટન કરી, ઇન્કમટેક્સ વિભાગ દ્વારા લગભગ ૩૦ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૧૯૮૫થી આજદિન સુધીનું જે ખેડૂતોને આપણે વધારે પૈસા આપ્યાં છે, ખેડૂતોને પૈસા આપી દીધા છે તે પૈસા ખેડૂતો પાસેથી ફરી મંગાવી, પરંતુ મારે દુઃખ સાથે કહેવુ પડે છે કે, વર્ષ ૧૯૮૫થી અત્યાર સુધીની અંદર એફ.આર.પી.એટલે કે ૨,૦૦૦ રૂપિયા એફ.આર.પી.હોય અને તેની ઉપર આપણે રૂપિયા ૨,૫૦૦નો ભાવ આપ્યો હોય એટલે ૫૦૦ રૂપિયા વધારે આપ્યા તે ૫૦૦ રૂપિયા તમે નફો કર્યો છે અને જે નફાની વહેંચણી કરી છે તેના ઉપર આ અર્થઘટન કરીને પેનલ્ટી લગાવવામાં આવેલી હતી. જે પ્રકારે ઓછામાં ઓછાં ૧૦૦ કરોડ અને વધારેમાં વધારે ૪૫૦ કરોડ રૂપિયા આ પેનલ્ટી દ્વારા ૪૫૦ કરોડ રૂપિયા ઇન્કમટેક્સ ભરવાનો હતો તે જે તે વખતે અમારા વિરજીભાઇ, ચાવડાજી છે આ દૂધ ધારા અમે બનાવેલી, આ સુમૂલ અમે બનાવેલી અમૂલ બનાવેલી અને આ કાળો કાયદો તમે જ બનાવેલો હતો. આ ખેડૂતોને ગુજરાતની અંદર સારો વહીવટ થાય અને સારા વહીવટના પરિણામે આ સહકારી સંસ્થા ખેડૂતને એફઆરપી કરતા વધારે પૈસા આપે. તેના ઉપર ઇન્કમટેક્સનો જે કાળો કાયદો હતો તે તમારા સમયમાં આવ્યો હતો.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે. (અંતરાય ) પ્રવચન પૂરું થાય પછી કહેજો કોઇ પણ સભ્યશ્રીના પ્રવચનમાં વચ્ચે નહીં બોલો. વિરજીભાઇ બેસો, તેમની મિનિટ બગડે છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબે ગુજરાતના ખાંડ ઉધોગની ૩૦ કરતાં વધુ વર્ષ જૂની આ માગણીનો સહર્ષ સ્વીકાર કરેલ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ પણ સભ્યશ્રીના પ્રવચન વખતે પોઇન્ટ ઓફ ઓર્ડર નહીં આવે. (અંતરાય)

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, માનનીયશ્રી અમીતભાઇ સાહેબ, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટિલ સાહેબ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે આડપેદાશની વાત કરું. ખાંડ ઉધોગ એટલે મુખ્ય બેઝ એ ખાંડ બનાવવાનો છે ત્યારે તેની સાથે સાથે આડપેદાશ એટલે મોલાસીસ,બગાસ, રેકિટીફાઇડ સ્પિરિટ, ઇથેનોલ, પ્રેસમડનું ઉત્પાદન થાય છે. હું જે તે વખતની વાત કરું તો એ વખતે કોંગ્રેસના શાસનમાં આ મોલાસીસની કિંમત ૩૦૦ રૂપિયા ટન થતી હતી અને કેન્દ્ર સરકાર અને રાજય સરકારમાંથી એક્સાઇઝના ૫૦૦ રૂપિયા ભરવા પડતા હતાં. આજે ૧૦ હજાર રૂપિયા આ મોલાસીસનો ભાવ છે તેનું કારણ કહું જે તે વખતે અમારી સરકાર હતી, ત્યારે બાજપાઇજીએ તે સરકારમાં ૫ ટકા ઇથેનોલ એડ કરવા માટેની ભલામણ કરેલી, પરંતુ વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૪ના ગાળામાં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવવાને કારણે આ પોલિસીને મરજિયાત કરવાને

લઇને તે પેટ્રોલની અંદર ઈથેનોલ મિક્ષ થવાને કારણે તેના ભાવ રૂપિયા ૨૦ થી ૨૫ મળતા હતા. આજે નરેન્દ્રભાઇ મોદીના શાસનની અંદર ૧૦ ટકા ઈથેલોન મિશ્રિત કરવાના કારણે આજે ૫૦ રૂપિયાથી ૬૩ રૂપિયા સુધીનો ભાવ એક લિટરનો મળે છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઈશ્વરસિંહ જે બોલી રહ્યા હતા એ પૂર્વ સહકાર મંત્રી છે. તે વખતના નાણામંત્રીશ્રી પી.ચિદમ્બરમ હતા ત્યારે હું સંસદસભ્ય હતો. ઇન્કમટેક્ષનો કાયદો લાવવા માટે એમણે રજૂઆત કરી.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો?

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : હું એ જ કહેવા માંગુ છું. મારે વર્ણન તો કરવું પડે ને. એ ભારતીય જનતા પાર્ટીના આગેવાન હતા. એમણે અમારી પાસે રજૂઆત કરી અને આ કાયદો લાવવા દીધો નથી. તિથલ મુકામે ભારતીય જનતા પાર્ટીના આગેવાનોએ મારું ચાંદીથી સન્માન કર્યું છે. ત્યારે કોઇ કાયદો આવ્યો નથી. આ ગૃહ ગેરમાર્ગે દોરાઇ રહ્યું છે. (અંતરાય) હું પુરાવા આપું. મારું સન્માન કર્યું છે. જીવાભાઇનું પણ સન્માન કર્યું છે. અમે દૂર કરાવ્યો હતો. એમણે માત્ર લાગણી વ્યક્ત કરી હતી અને આ કાયદો હાલની નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં આવ્યો છે.

**પોઇન્ટ ઓફ કલેરિફિકેશન**

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વિરજીભાઇ એમ કહે છે કે જ્યારથી આઝાદી મળી ત્યારથી એમના લોકો શાસનમાં હતા એ વખતે આ કાયદા બન્યા હતા. મારો કહેવાનો અર્થ એ છે કે તમે જો ખેડૂતોનું હિત જોતા હોય તો તમારા શાસકો આ કાયદો કેમ ના બદલી શક્યા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી વિરજીભાઇનો પોઇન્ટ ઓફ ઓર્ડર હતો અને આ બાજુથી જવાબ પણ આવી ગયો છે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, પૂજ્ય સરદાર સાહેબની પ્રેરણાથી અને 'વિના સહકાર નહિ ઉદ્ધાર' એ સૂત્રને ચરિતાર્થ કરતા સમગ્ર દેશમાં સહકારી માળખું ઊભું થયું. એ સહકારી માળખામાં દિવસે-દિવસે જે પ્રકારે ભ્રષ્ટાચારનું તત્ત્વ ઉમેરાતું ગયું એવા એક ભ્રષ્ટાચારનો ખુલાસો મારે આજે કરવો છે. સુરેન્દ્રનગરમાં એક દૂધ સંઘ આવેલ છે. એના લગભગ સવા લાખ દૂધ ઉત્પાદકો સાથે એક પ્રકારે છેતરપિંડી થઇ હોય એવું લાગી રહ્યું છે. વર્ષ ૨૦૧૨માં સુરેન્દ્રનગર દૂધ સંઘ દ્વારા બે લાખ લિટરના પેકિંગ પ્લાન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં ૭ કરોડ રૂપિયાના સિવિલ કામ અને ૨૭ કરોડના મિકેનિકલ કામની જોગવાઇ હતી. આમ, કુલ ૩૪.૪૦ કરોડનો અંદાજ હતો. આ દૂધ સંઘે ૩૪ કરોડની સામે લગભગ ૧૦૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરી નાંખ્યો. એના કારણે ત્યાંના દૂધ ઉત્પાદકોએ ફરિયાદ કરી. એ ફરિયાદના આધારે ગુજરાતના એપેક્ષ બોડી સમાન ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (જી.સી.એમ.એમ.એફ.એલ.)ને એની તપાસ સોંપવામાં આવી. એણે તા.૧/૧/૨૦૧૫ના રોજ ત્રણ લોકોની કમિટી બનાવી એમાં પશુપાલન અને મત્સ્યોદ્યોગના નાયબ નિયામક હતા, અમૂલ ડેરીના ડિરેક્ટર હતા અને સુરેન્દ્રનગર જિલ્લા રજિસ્ટ્રાર હતા. આ બધાં જ તજજ્ઞોની સમિતિએ પ્લાન્ટની મુલાકાત લીધી અને સરકારને અહેવાલ આપ્યો કે આમાં બહુ મોટી ગેરરીતિ થઇ છે. એના કારણે લગભગ ૫૬ કરોડનું નુકસાન દૂધ સંઘને થયું છે. એના માટે પગલાં લેવાનું સૂચન કરવામાં આવ્યું હતું. તા.૧૯/૩/૨૦૧૫ના રોજ આની સામે પગલાં લેવાં માટે સૂચન થયું અને રજિસ્ટ્રાર, ગાંધીનગરે તા.૨૩/૩/૨૦૧૬ના રોજ પત્ર લખી તાત્કાલિક આની સામે પગલાં લેવામાં આવે એવું જણાવ્યું. ત્યારબાદ ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગે તા.૬/૫/૨૦૧૬ના રોજ રજિસ્ટ્રારશ્રીને પત્ર લખ્યો કે આ જે સુરેન્દ્રનગર દૂધ સંઘમાં જે ભ્રષ્ટાચાર થયો છે એની સામે અચૂક તાત્કાલિક કાર્યવાહી કરવી. સરકારશ્રીના તા.૬/૫/૨૦૧૬ના કાગળના આધારે રજિસ્ટ્રારશ્રી, ગાંધીનગર તા.૧૩/૬/૨૦૧૬ના રોજ ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર સામે સાત દિવસમાં ફોજદારી કાર્યવાહી કરવાની સૂચના આપે છે. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ વચ્ચે આ કૌભાંડ થયું, વર્ષ ૨૦૧૫માં આખો અહેવાલ આવી ગયો, એ અહેવાલમાં પુષ્ટિ થઈ ગઈ, વર્ષ ૨૦૧૬માં ફોજદારી ફરિયાદ દાખલ કરવાની સૂચના આપવામાં આવી તેમ છતાં તેના ઉપર કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. અમે સંકલનમાં પ્રશ્ન ઉઠાવીએ છીએ. રજિસ્ટ્રારશ્રીને તા.૧૬/૧૦/૨૦૨૧ના કાગળ લખેલો છે. આજ સુધી મને તેનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. પછી તેમને સાત વર્ષ પછી કલમ-૮૬ હેઠળ નોટિસ આપવામાં આવે કે હવે તમે ખુલાસો કરો. સરકારે જેમને તાત્કાલિક ૭ દિવસમાં ફોજદારી કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવેલી એ બધી જ કાર્યવાહીનું ફિંડલું વાળી અને આખા કૌભાંડને દફતરે કરી દેવામાં આવે. આ અતિ ગંભીર બાબત છે. અમારા સુરેન્દ્રનગર જિલ્લાના સવા લાખ દૂધ ઉત્પાદકો, પશુપાલકો, માલધારી સમાજ સાથે આ એક પ્રકારની છેતરપિંડી છે. આ સમગ્ર બાબતની સી.આઈ.ડી. ક્રાઇમ અથવા સી.બી.આઈ. પાસે તપાસ કરાવી જવાબદારો સામે કડક કાર્યવાહી થાય એવી હું આપના માધ્યમથી માગણી કરું છું. કારણ કે આ સહકારી ક્ષેત્રો ઉપર એક પ્રકારે કાળો ડાઘ લાગે છે. વર્ષોના વર્ષો સુધી કોઈને કોઈ રીતે એકના એક સત્તાધીશ ત્યાં ચોંટ્યા રહે, કૌભાંડ ઉપર કૌભાંડ કર્યે જાય, સરકારની આટલી સૂચના મળે તેમ છતાં તેના ઉપર કાર્યવાહી ન થાય. સરકારના વિવિધ ઠરાવો મુજબ ધારાસભ્ય તરીકે મને એક મહિનામાં જવાબ મળવો જોઈતો હતો. ઓક્ટોબર મહિનાથી હું મારા પ્રશ્નોનો જવાબ માગી રહ્યો છું, પણ આજની તારીખ સુધી મને રજિસ્ટ્રારશ્રીએ જવાબ આપ્યો નથી. રૂબરૂ જઈને પણ રજૂઆત કરી છે કે મને પ્રશ્નનો જવાબ તો આપો. તમે આમાં શું કરો છો? પોલીસ ફરિયાદના નામે તમે સીધી સી-સમરી ભરી દો. એક તરફ સરકાર વારંવાર પોલીસ ફરિયાદનું કહે અને બારોબાર દફતરે કરી દેવામાં આવે એવો જવાબ આપવામાં આવે છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને માનનીય મંત્રીશ્રી વિનોદભાઈ મોરડિયા સન ૨૦૨૨-૨૩ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય મંત્રીશ્રીની શહેરી આવાસ માટેની માગણી નંબર ૧૦૧ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેન તરીકેની જવાબદારી સંભાળેલી છે. એક સંવેદના સાથે ઐતિહાસિક કામ કરવાનો તે વખતે અવસર મળેલો. કાનો, માત્રા, અનુસ્વાર વગરનો શબ્દ એટલે ઘર. ઘર એટલે શું? ઘર એટલે હાશ, ઘર એટલે નિરાંત, ઘર એટલે માન-સન્માન, ઘર એટલે મારા સ્વપ્નનું ઘર અને આપણે કહીએ છીએ કે ઘરતીનો છેડો એટલે ઘર. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ જ્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે મુખ્યમંત્રી ગૃહ યોજનાનો ઐતિહાસિક નિર્ણય કર્યો અને એ યોજના લાવવામાં આવી. આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે જ્યારે વર્ષ ૨૦૧૪માં ભારતના પ્રધાનમંત્રી તરીકે સ્થાન ગ્રહણ કર્યા બાદ વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના લાવવામાં આવી. સમગ્ર ગુજરાતમાં અને સમગ્ર ભારતમાં લાખો અને કરોડોની સંખ્યામાં જે પ્રકારના આવાસો બની રહ્યા છે, આવાસો મંજૂરી હેઠળ છે અને આવાસોનું જે આયોજન થાય છે તેના માટે આપણા લોકલાડીલા નેતા શ્રી મોદી સાહેબને અને સાથે સાથે ગુજરાત સરકારને જેટલા પણ અભિનંદન આપીએ તેટલા ઓછા છે. પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજનાના ચાર ઘટકો છે. (૧) ઝૂંપડપટ્ટી પુનર્વસન ઘટક (૨) ક્રેડિટ લિંક સબસિડી સ્કીમ (CLSS) ઘટક (૩) એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશિપ (AHP) અને (૪) બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રક્શન (BLC) ઘટક. ઝૂપડપટ્ટીમાં રહેતા લોકો હોય તેઓને તે જ સ્થળ ઉપર વિનામૂલ્યે ૩૦ ચો.મી. સુધીનું મકાન બનાવી આપવામાં આવે છે એ ઝૂપડપટ્ટી પુનર્વસન ઘટક થયો. સી.એલ.એસ.એસ. ઘટકની અંદર શહેરી વિસ્તારમાં વસવાટ કરતાં કુટુંબોને પ્રથમ આવાસ માટે મહત્તમ સાડા છ ટકા સુધીના દરે રકમ રૂપિયા ૨ લાખ ૬૭ હજાર સુધીની વ્યાજ સહાય મળતી હોય છે. સી.એલ.એસ.એસ. ઘટકમાં અત્યાર સુધીમાં જે કામ થયું છે, એમાં ૪ લાખ ૧૫ હજારથી વધુ લાભાર્થીઓને રકમ રૂપિયા ૯ હજાર ૬૧૨ કરોડની વ્યાજ સહાયનો લાભ આપવામાં આવેલો છે. ફાયર બ્રિગ ટેકની વાત કરું તો જે મહાનગરપાલિકા હોય, આપણી અર્બન ઓથોરિટી હોય, નગરપાલિકાઓ હોય, ગુજરાત હાઉસિંગ બોર્ડ હોય એ લોકો સરકારી જમીન ઉપર જે આવાસો બનાવે છે, એ ઘટકમાં આ આવાસો બનતા હોય છે. એમાં ઇ.ડબલ્યુ.એસ-૧ કેટેગરીની અંદર ૩૦ ચો.મી. સુધીના આવાસો અને ઇ.ડબલ્યુ.એસ-૨ કેટેગરીની અંદર ૩૧ થી ૪૦ ચો.મી.ના આવાસો બનાવવામાં આવે છે. આ બંને ઘટકમાં રાજ્ય સરકારની રકમ રૂપિયા દોઢ લાખની અને કેન્દ્ર સરકારની રૂપિયા દોઢ લાખની સહાય મળતી હોય છે. મને જણાવતાં આનંદ થાય છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી અંતર્ગત કુલ ૮ લાખ ૬૧ હજાર આવાસો મંજૂર કરાવવામાં આવેલા છે અને જે પૈકી ૫ લાખ ૮૦ હજાર આવાસોની કામગીરી પૂર્ણ કરી છે. બાકીના આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે. અમારી સરકાર દ્વારા જે આવાસો બનાવવામાં આવે છે એ પ્રાઇવેટની અંદર જે પ્રકારના આવાસો બનતા હોય છે એના જેવા જ બનાવવામાં આવે છે અને કોઇ જગ્યાએ તો એનાથી પણ ટક્કર મારે તેવા મજબૂત આવાસો બનાવવામાં આવે છે. સાથે સાથે ભૂકંપ પ્રતિરોધક આવાસો પણ બનાવવામાં આવેલ છે. બહુમાળી આવાસો બનાવવા માટે જે જુદી જુદી કન્સ્ટ્રકશન ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. એની ટૂંકમાં વિગત આપું તો, વલસાડની અંદર એલ.એન્ડ.ટી. કંપની હસ્તક જે આવાસો બનાવવામાં આવેલા, એમાં માઇવન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવેલો. અમદાવાદની અંદર ગોતામાં, સુરતની અંદર જહાગીરપુરામાં, સાણંદ વિગેરેની અંદર સિયરવોલ, ગ્રેવિટી કોલમ અને સાથે સાથે ફ્લેટ સ્લેબની ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આપણે જયારે ફ્લેમ સ્ટ્રકચર વાળું કામકાજ કરતા હોય એની અંદર જયારે બીમ અને કોલમની અંદર સળિયાનો લેપ્સ કરતા હોઇએ છીએ. પરંતુ અમારી શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદની જે સ્કીમ છે એની અંદર આ પ્રકારનું લેપ્સ કર્યા વગર કામ થાય છે. જે તે વખતે જયારે કન્સ્ટ્રકશન થાય બીમ અને કોલમની અંદર એ વખતે કોંક્રિટિંગ પ્રોપર થતું નથી તો એની અંદર આપણે જે પ્રકારની નવી વસ્તુ વિચારી એ કપલર ફિટિંગ કરી અને કપલિંગ લગાવવાનું છે. આ નવો પ્રયોગ જે તે વખતે ત્યાં કરવામાં આવેલો. અત્યારે રાજકોટમાં ૧,૪૪૪ની આસપાસ જે પ્રકારના આવાસો બની રહ્યા છે એની અંદર ટનલ ફોર્મવર્ક દ્વારા પણ આખુ જે કોંક્રેટિંગ છે એ કન્સલ્ટન્ટ ટેકનોલોજી મોનોલિથિક રીતથી કરવામાં આવી છે. બી.એલ.સી. ઘટકની અંદર જમીન કે પાકું મકાન ધરાવનારને ૩૦ચો.મી. સુધીના આવાસો આપવામાં આવે છે. શહેરી વિસ્તારમાં આ વખતે નવા ૫૫ હજારોના આવાસોના નિર્માણ અર્થે સહાય આપવા માટે બજેટની અંદર રકમ રૂપિયા ૯૪ર કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત ઉદ્યોગ ઉપર કરીશ. ગુજરાત પ્રથમથી જ મહારાષ્ટ્ર પછી ઔદ્યોગિક ક્ષેત્રે બીજા ક્રમાકે હતું. આજે ચોથા ક્રમાંકે છે. આપણે ભલે ગમે તે વાતો કરીએ પણ એક વખત અમદાવાદ જેને માન્ચેસ્ટર કહેવામાં આવતું હતું. સુરતમાં હીરા ઉદ્યોગ, જરીનો ઉદ્યોગ, આણંદ, મહેસાણા, બનાસકાંઠા દૂધનો ઉદ્યોગ, હાલોલમાં ફિલ્મ સ્ટુડિયો અને જનરલ મોટર જેવા ઉદ્યોગો, મોરબીમાં સિરામીક અને ઘડિયાળનો ઉદ્યોગ, કચ્છમાં મીઠા ઉદ્યોગ, વિગેરેમાં સમગ્ર ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે ઝળહળતું હતું અને બીજા ક્રમાંકે હતું. આજે ચોથા ક્રમાંકે થયું છે એમાં મંથન અને મનન કરવાની જરૂર છે. હમણા માનનીય સભ્ય શ્રી સૌરભભાઇ પટેલ સાહેબ કહેતા હતા કે ગુજરાત ઉત્પાદન ક્ષેત્રે પ્રથમ ક્રમાંકે છે. ચાર-પાંચ મેગા ઉદ્યોગપતિઓને બાદ કરવામાં આવે. રિલાયન્સ, અદાણી કે એસ્સાર, આવા ઉદ્યોગપતિઓની

કામગીરીને બાદ કરવામાં આવે તો ગુજરાત ઉત્પાદન ક્ષેત્રે ૧૪માં ક્રમાંકે જાય છે. ફક્ત પાંચ-દસ ઉદ્યોગપતિઓ ઉદ્યોગ કરે એનાથી ગુજરાતનું ભલુ થવાનું નથી. આપના મારફત મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે ગુજરાતમાં ૧૮૭ જી.આઇ.ડી.સી. આવેલી છે, જેમાંથી ૧૬૨ જી.આઇ.ડી.સી. કોંગ્રેસના શાસનમાં બની હતી. ૨૭ વર્ષના શાસનમાં ૨૭ જી.આઇ.ડી.સી. ફક્ત તમે બનાવી છે અને ૧૦૯ તાલુકા એવા છે કે જેમાં એક પણ જી.ઇઆ.ડી.સી. આજે નથી. તમે ધાર્યું હોત તો ૨૭ વર્ષના શાસનમાં આ ૧૮૭ ની જગ્યાએ ૩૮૭ જેટલી જી.આઇ.ડી.સી.ઓ કાર્યરત થઇ હોત. પણ તમે ન કરી. કારણ કે તમારી મનચ્છા જુદા પ્રકારની હતી. એક રિપોર્ટ પ્રમાણે, સરકારના સર્વે પ્રમાણે આજે જે જી.આઇ.ડી.સી.ઓ અને નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો જે ચાલતા હતા એમાં લાખો લોકો રોજગારી રળતા હતા. આજે વર્ષ ૨૦૦૨ થી ૨૦૨૨ માં ૩ લાખ જેટલા નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો બંધ પડયા છે. જેના કારણે એક ઉદ્યોગમાં દસ લોકો રોજગારી રળતા હોય તો ૩૦ લાખ જેટલા બેરોજગારો આજે રોજગારી માટે વલખા મારી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો છે, વાયબ્રન્ટ ગુજરાતમાં વાયબ્રન્ટના નામે આટલા લાખો અને કરોડોના એમ.ઓ.યુ. થયા અને આટલા લાખો-કરોડો રૂપિયા આવશે, જે રાજ્યોમાં આવા વાયબ્રન્ટના નામે ખર્ચાઓ પડતા નથી, વાયબ્રન્ટના નામે કોઇ આવા પ્રોગ્રામો થતા નથી એવા જે કોઇ રાજ્યો છે ત્યાં આજે પણ ગુજરાત કરતા રોકાણો અગ્રેસર રીતે આવે છે. પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રમાં આજે પણ વાયબ્રન્ટ કે એવા કોઇ પ્રકારના ઉત્સવો ન ઉજવાયા હોય તો પણ આવે છે અને કોંગ્રેસની સરકાર હતી ત્યારે પણ આવતા હતા. અને આવે, ગુજરાત એક શાંતિપ્રીય રાજય છે એટલે તમે બેઠા હોય કે અમે બેઠા હોય, આવવાના જ છે. એમાં કોઇ વિશેષ પ્રયત્નો સરકારે કર્યા હોય એવું લાગતું નથી. મારે ખાસકરીને જે ૧ કરોડ મહિલાઓ દૂધનો વ્યવસાય કરીને પોતાના કુટુંબનું ગુજરાતન ચલાવતી હતી તેવી મહિલાઓ માટે કોંગ્રેસની સરકારે જે રચના સહકારી ક્ષેત્રની કરી હતી. દૂધ સાગર ડેરી, બનાસ ડેરી, અમૂલ ડેરી, સાગર ડેરી, સુમૂલ ડેરી, આખા રાજયમાં જે વ્યવસ્થા કરી હતી, ચિલિંગ સેન્ટરો, એક એક ઘર સુધી દૂધ લાવવાનું અને પહોંચાડવાનું તેના માટેની વ્યવસ્થા, એવી એક લાખ મહિલાઓની રોજગારી વધે અથવા દૂધ ઉત્પાદન વ્યવસાયમાં પ્રોત્સાહન મળે તેના માટે આ સરકારે શું કર્યું? સીધો પ્રશ્ન છે. જયાં કોંગ્રેસની સરકાર છે રાજસ્થાન, છત્તીસગઢ અને મહારાષ્ટ્ર, ત્યાં દૂધ ભરાવતી આવી મહિલાઓને દર લીટરે પાંચ રૂપિયા સરકાર સબસિડી આપે છે. આપણે સહકારી ક્ષેત્રમાં ખૂબ આગળ છીએ. અમૂલ એ ક્રાંતિકારી ગુજરાતનું ઘરેણું છે, પરંતુ આ દૂધ ઉત્પાદન કરતી મહિલાઓના આર્થીક ઉપાર્જન માટે જે વ્યવસાય કરે છે, એમાં સરકારે કોઇ દિવસ આજ દિવસ સુધી ૨૭ વર્ષમાં કશું કર્યું નથી એ ખેદની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવું જ મારે ગુજરાતનો ૧,૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો અને આ દરિયા કિનારા ઉપર ૨૫ લાખ જેટલા અગરિયાઓ વ્યવસાય કરતા હતા, મીઠાનો ઉદ્યોગ કરતા હતા. ૨૫ લાખ કુટુંબો એટલે ગુજરાતના ૭૦ થી ૮૦ લાખ લોકોની વસતિ આ મીઠા ઉદ્યોગ ઉપર જીવન ધોરણ ચલાવતા હતા એમના માટે તમે શું કર્યું? આ ૨૭ વર્ષમાં એ તમે ઝાંખી તો કરજો, એ અગરિયાઓના ઘરે જઇને દરિયા કિનારે ફરીને એમના કુટુંબીજનોને પૂછજો તો ખરા કે એમનું જીવન ધોરણ ઉંચું લાવવા માટે તમારી સરકારે શું કર્યું? હું કચ્છની ફક્ત વાત કરીશ, આપણે કહીએ છીએ કે કચ્છડો બારે માસ. આજે કચ્છમાં ભ્રષ્ટાચાર બારે માસ થઇ ગયો છે. કચ્છડો બારે માસ હતો તેની જગ્યાએ ભ્રષ્ટાચાર બારે માસ થઇ ગયો છે. આ નાના નાના અગરિયાઓનો વ્યવસાય છીનવીને મહાકાય ઉદ્યોગોને, હું ફક્ત એકાદ બે કંપનીના નામ આપીશ કે ભુજ તાલુકાના ખાવડ ગામમાં જે સફેદ રણની મધ્યમાં આવેલું છે ત્યાં સોલારીસ કેમ ટેક નામની કંપની અને એગ્રોસેલ નામની કંપની, આને ૭૫ હજાર એકર જમીન મીઠાના વ્યવસાય માટે આપી દેવામાં આવી. ગ્રોમીનના ઉત્પાદન માટે આપવામાં આવેલ હતી, પરંતુ એના ઓથા નીચે આ બંને કંપનીઓ કરોડો ટન, લાખો ટન મીઠું એગ્રીમેન્ટમાં નથી એ કરી શકતી, પરંતુ પાછલા બારણે ૧,૪૦૦ રૂપિયે ટન મીઠાનું એક્સપોર્ટ કરે છે. વરસે દહાડે સરકારે નામંજૂર કરેલ હોવા છતાં, સરકારે મંજૂરી પરત ખેંચી લીધેલી હોવા છતાં સન ૨૦૧૮માં સરકારે મંજૂરી પાછી ખેંચી લીધેલી હોવા છતાં વર્ષ ૨૦૨૨માં મંજૂરી માટેની માગણી કરવા છતાં આ ચાર વર્ષના ગાળામાં ૧૪ હજાર કરોડ રૂપિયાનું મીઠું એક્સપોર્ટ કરેલ છે. જેના બંધ હાલતમાં હોવા છતાં, નામંજૂર કરેલ હોવા છતા ૧૪ હજાર કરોડનો ભ્રષ્ટાચાર કરેલ છે અને એની પાછળ કોણ છે એની તપાસ થવી જોઇએ. તપાસો માગી માગીને અમે થાક્યા છીએ, પંચો બેસાડી બેસાડીને થાક્યા. પંચ ઉભું થતું નથી.પંચ ઉભું થાય તો જે તપાસ કરવાની હોય એ તો બાજુમાં રહે.

શ્રી ધનજીભાઇ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૪૯ લઇને આવ્યા છે એને મારું સમર્થન છે.

રાજયની અંદર કોઇપણ ઉદ્યોગ ચાલુ કરવો હોય તો એને પ્રાથમિક જરૂરિયાત જેવા કે રોડ રસ્તા સારા હોવા જોઇએ, વીજળી વ્યવસ્થિત મળવી જોઇએ. ઔદ્યોગિક શાંતિ હોવી જોઇએ, હડતાળો પડતી ન હોવી જોઇએ ત્યાં ઉદ્યોગ સારી રીતે ચાલે છે. આપણા રાજયની અંદર વીજળી પણ બરાબર મળે છે, રોડ રસ્તા સારા છે, હડતાળો પણ પડતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયની અંદર આપણું જે યંગ જનરેશન છે એ જોબ ગોતવા ન જાય પણ જોબ આપે એના માટેની જુદી જુદી યોજનાઓ છે, જેથી કરીને એમાં તાલીમ આપવામાં આવે છે અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. રસ ધરાવતા યુવાનો હોય તેઓ ઉદ્યોગ કરવા માગતા હોય તેવોને સી.ડી. તેમજ ઉદ્યોગ સાહસિક વિકાસ અંગેની સમજણ પણ

આપવામાં આવે છે. સંભવિત વર્તમાન ઉદ્યોગ સાહસિકને માંગ અને જરૂરિયાત મુજબ ઇ.ડી.પી. મોડેલ-૧ અને ૨ દ્વારા રાજયમાં જુદા જુદા ભાગોમાં સ્વરોજગાર બનાવવા માટેની વિવિધ તાલીમ કાર્યક્રમો પણ આપવામાં આવે છે. યોગ્ય કૌશલ્ય અને જ્ઞાનને ધ્યાનમાં રાખીને રાજયના વિવિધ ભાગોમાં સ્વરોજગારીની તકો માટે પણ યોજનાઓ છે. બીજી પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે સેકન્ડ જનરેશન પોગ્રામોને નીતિ લક્ષી બાબતોને લગતા વિષયોને આવરી લેવામાં આવે છે. જેથી કરીને ઉદ્યોગ સાહસિકોની આર્થિક વૃદ્ધિ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે મહિલાઓ માટે,એસ.સી., એસ.ટી. તેમજ દિવ્યાંગો હોય તેમજ પછાત વર્ગના લોકોને માટે પણ આ સહાય અને પોગ્રામ ઘડવામાં આવે છે. જે લોકો ડેવલપમેન્ટ કરવા માગતા હોય તેને વેગ આપવા માટે કોલેજ અને યુનિવર્સિટીઓમાં પણ ઇ.ડી.પી. સેલની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારની અંદર પણ એગ્રો આધારિત ઇ.ડી.પી.ને પ્રોત્સાહન આપવામાં આવે છે. ખેતી આધારિત ઉદ્યોગો ઉપર ખાસ ભાર મૂકવા માટે તેને લગતા એગ્રીકલ્ચરને ડેવલપ કરવા માટે તાલીમ કાર્યક્રમો ઉજવવામાં આવે છે. સી.બી. તાલીમ માટે માર્ગદર્શન અને સલાહ સૂચન સહાય આપવામાં આવે છે. જેને પોસ્ટ તાલીમ સહાય પણ કહેવામાં આવે છે.જેમાં ઇ.ડી.પી. તાલીમ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીઓને જ્ઞાનલક્ષી સહાય છ મહિના માટે આપવામાં આવે છે. તેમજ સી.ડી.ની નિષ્ણાંત ફેકલ્ટી અને ધંધાની વિવિધ તકોના પ્રોજેકટ રિપોર્ટ બનાવવા બાબતમાં અને બેંકની ફાઇનાન્સ લેવા માટેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. પ્રોફેશનલ એન્ડ વિક એન્ડ તાલીમ કાર્યક્રમ પણ ઉજવવામાં આવે છે. કોવિડ વર્ષ ૨૦૧૯ની મહામારીને ધ્યાનમાં રાખીને ઔદ્યોગિક તાલીમ લેવાની હોય એને ઓન લાઇન તાલીમ આપવામાં આવેલ છે. વિવિધ ઉદ્યોગને તક આપતી સેકન્ડરી તાલીમ કાર્યક્રમ ઉજવવા માટે સન ૨૦૨૨-૨૩ના ચાલુ વર્ષ માટે રૂપિયા ૩૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. એ અભિનંદનને પાત્ર છે. અનુસૂચિત જાતિ માટે ઉદ્યોગોના વિકાસ માટે ઔદ્યોગિક સંસ્થાઓને નાણાકીય સહાય. આ યોજના હેઠળ ૧૯૮૨-૮૩ના વર્ષથી મંજૂરી આપવામાં આવેલ. જે અંતર્ગત નીચે મુજબની મુખ્ય પ્રવૃત્તિ રોજગાર મળે અને સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ શિડ્યુલકાસ્ટ લોકોના વિકાસ માટે થાય તે માટે પણ કરવામાં આવેલ છે. રાજ્યના જુદા જુદા વિસ્તારમાં શિડ્યુલકાસ્ટના લોકોને શોધીને તેમને ઉદ્યોગ સ્થાપે તેના માટે તાંત્રિક કૌશલ્ય માટેની તાલીમ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક કુશળતા, સાધન સંપત્તિ અને તકો આધારિત સ્વરોજગારી શરૂ કરે તે માટે અનુસૂચિત જાતિના યુવાન ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપીને સ્વરોજગારી ઉભી થાય તેના માટે આર્થિક સંતુલન-વિકાસ પણ થઇ શકે છે. ખાસ અંતર્ગત યોજના હેઠળ અનુસૂચિત જાતિના લોકોને સ્વરોજગારીની તકો વધે તે માટે ગુજરાતમાં સંતુલિત ઔદ્યોગિક વિકાસ થાય તે હેતુથી સાહસિકોને કુશળતા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં, ચાલુ વર્ષમાં પણ ૨૫ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. ૧૨મા ધોરણ પછી કોલેજોમાં પણ વિદ્યાર્થી દાખલ થાય તો ત્યારે પણ તે રોજ ચાર કલાક માટે ઇન્ડસ્ટ્રીઝમાં તાલીમ લે તો તેને બે વાત થાય, એક તો તેને ખર્ચ માટેના પૈસા પણ મળી રહે અને તેને યોગ્ય તાલીમ પણ મળે. જ્યારે ચાર વર્ષમાં તૈયાર થઇને નીકળે ત્યારે તેને જોબ શોધવા ન જવું પડે અને એ જોબ આપી શકે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની માગણી ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં મહાનગરપાલિકા, નગરપાલિકા બાબતમાં જે રજૂઆતો આવી છે. રાજ્યમાં ૮ મહાનગરપાલિકાઓ, ૧૫૯ નગરપાલિકા અને રાજ્યની ૫૦ ટકા વસતિ શહેરોમાં વસતી થઇ છે. લોકોને શહેરોમાં જે સુવિધાઓ મળવી જોઇએ. જે આવશ્યક સેવાઓ છે કે લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે, ઉભરાતી ગટરોમાંથી મુક્તિ મળે, સારા રોડ-રસ્તા હોય, સારા બાગ-બગીચા હોય, શિક્ષણની સારી સંસ્થા હોય, આરોગ્ય માટે સારી હોસ્પિટલો હોય પણ મારે દુઃખ સાથે કહેવું છે કે આજે શહેરોમાં નાગરિકોનું જીવન ખૂબ જ અઘરું બની ગયું છે. આજે આપણે જોઇએ છીએ કે હવાનું પ્રદૂષણ એટલું બધું છે કે જેના કારણે શહેરોમાં બાળકોમાં પણ અસ્થમા અને બ્રોંકાઇટીસના કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે. હવાના પ્રદૂષણના કારણે લોકોનું આયુષ્ય પણ ઘટતું જાય છે અને લોકો રોગચાળાનો ભોગ બનતા જાય છે તેના માટે સરકારે ખૂબ ગંભીરતાથી વિચારવું પડે. સાથે સાથે પાણીજન્ય રોગો પણ એટલા જ વધતા જાય છે. શહેરોમાં જે પાણી આપવામાં આવે છે, ક્યાંકને ક્યાંક ડ્રેનેજ અને ગટરની લાઇનો મિક્સ થઇ જવી, હમણાં જ નામદાર હાઇકોર્ટે સૂચન કર્યું હતું કે નદીની અંદર પણ કેમિકલયુક્ત પાણી, ડ્રેનેજનું ગંદું પાણી ઠલવાય છે, તેના કારણે શહેરમાં આપણે નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પણ ન આપી શકીએ, પાણીજન્ય રોગો થાય કે જેમાં કમળો, ટાઇફોઇડ, ઝાડા-ઉલ્ટી જેવા અનેક રોગો થાય તેમાં અનેક લોકો પોતાનો જીવ પણ ગુમાવતા હોય છે. આવી પરિસ્થિતિ છે ત્યારે મહાનગરપાલિકાઓના કાયદામાં જે બેઝિક આવશ્યક સેવાઓ છે એ સેવાઓ આપવામાં પણ આપણે ક્યાંકને ક્યાંક નિષ્ફળ જઇએ છીએ. સાથે સાથે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગું છું કે દર વર્ષે ચોમાસુ આવતું હોય, ચોમાસાની સાથે સાથે રોગચાળો પણ એવો જ વધતો જાય છે. જે મચ્છરજન્ય રોગો જેમ કે મેલેરિયા, ડેંગ્યુ, ચીકનગુનિયા એ બારેમાસ રોગચાળો ચાલતો હોય છે ત્યારે એને કાબુમાં લેવા માટે આપણે વૈજ્ઞાનિક ઢબે કંઇક લાંબા ગાળાનું આયોજન કરવું જોઇએ કે આપણે એને નાબૂદ કઇ રીતે કરી શકીએ, કેમ કે સામાન્ય લોકો તો હોસ્પિટલો સુધી જઇ શકતા નથી. આર્થિક ભારણ પણ એમના ઉપર એટલું પડે છે અને સારવાર પણ મોંઘી થઇ છે અને એના કારણે અનેક લોકો

પોતાનો જીવ પણ ગુમાવતા હોય છે. શહેરોની અંદર દિવસે ને દિવસે વસતિ વધતી જાય છે, શહેરોનો વ્યાપ વધતો જાય છે અને શહેરોમાં જે સુવિધાઓ છે એની અંદર આપણે કયાંકને કયાંક વિકાસની વાતો કરીએ છીએ પણ લોકોના સ્વાસ્થ્ય માટે જે ચિંતા કરવી જોઇએ એમાં આપણને અનેક નિષ્ફળતાઓ મળતી હોય છે. આપણે જોઇએ છીએ કે શહેરોમાં ચોમાસામાં એક ઝાપટું પડયું હોય તો શહેરોના રોડ રસ્તા તૂટી જાય છે, ઉબડ ખાબડ ખાડાવાળા રસ્તાઓ થઇ જાય છે. એટલી હલકી ગુણવત્તાવાળું મટીરિયલ વાપરવામાં આવે છે એમાં એટલા કાંડ અને કૌભાંડો થાય, એટલી ગેરરીતિઓ થાય, એટલો ભ્રષ્ટાચાર થાય એના કારણે સારી ક્વૉલિટીનું કામ નથી આપી શકતા અને દર વર્ષે શહેરના નગરજનો અને પ્રજાજનોને બહુ દોજખ જેવી જિંદગીમાં જીવન જીવવું પડે છે. કયાંકને કયાંક આ ઉબડ ખાબડવાળા રસ્તાઓમાં અકસ્માતો થાય અને એના કારણે લોકો પોતાનો જીવ પણ ગુમાવતા હોય છે. આવી પરિસ્થિતિની અંદર આપણે શહેરોમાં કઇ રીતની લોકોને સુવિધા આપવા માગીએ છીએ? અત્યારે શહેરી ગરીબોને માટે આવાસ યોજનાની સુવિધા આપવાની વાત ચાલે છે, સારી વાત છે, લોકોને માટે આપણે મકાનો બનાવીએ છીએ, સારા મકાનો બનાવીએ છીએ પણ એમનું મેઇન્ટેનન્સ છે એની તપાસ કરવામાં આવે કે જે શહેરી ગરીબો માટેના આવાસની યોજના બનાવી છે. માનનીય વડાપ્રધાન આવાસ યોજનાના મકાનો બનાવ્યા છે એ એટલા દોજખ જેવા, એની ગંદકી, એનું મેઇન્ટેનન્સ, એમને પીવાનું શુદ્ધ પાણી નથી આપી શકતા અને ત્યાં બોરનું જે પાણી આપ્યું હોય એ પીવાલાયક ના હોય આજે એવી સમસ્યાઓથી લોકો ત્યાં ઝઝૂમતા હોય છે અને એમનું સાંભળનાર કોઇ નથી. અનેક શહેરોના જે લોકોની સમસ્યા છે, પાણી નલ થી જલની યોજનાની સરકારે વાત કરી છે પણ આજે જે શહેરોમાં જૂના જે પંમ્પિંગ સ્ટેશનો છે, ટ્યૂબવેલ સ્ટેશનો છે એના વોટર પંપો કામ નથી કરતા. પાણી લોકોને પ્રેશરથી નથી મળતું એવી જગ્યાએ આપણે નવી ઓવરહેડ ટાંકી બનાવી શકીએ કે નવા આધુનિક સાધનો મૂકી શકાય કે પાણીના નવા પંમ્પો મૂકે કે જેનાથી લોકોને પ્રેસરથી પાણી મળી શકે. પાણી ન મળી શકવાને કારણે આજે પણ શહેરોમાં ટેન્કર રાજ ચાલે છે, લોકોને ટેન્કરોથી પાણી આપવું પડે છે. કયાંક લોકોમાં ઝગડાઓ થાય, મારામારી થાય, પોલીસ સ્ટેશન સુધી વાતો જાય છે અને આવી પરિસ્થિતિના કારણે લોકોને પીવાનું શુદ્ધ પાણી નથી મળી શકતું અને લોકોને પાણીથી વંચિત રાખીએ છીએ. સ્માર્ટ સિટીની આપણે વાત કરીએ છીએ, છેલ્લા કેટલાય સમયથી વાત ચાલે છે કે સ્માર્ટ સિટી પણ આજે કોઇપણ જગ્યાએ શહેરોમાં સ્માર્ટ સિટી જેવું કયાંય દેખાતું નથી કે શહેરોમાં આધુનિકીરણની જે વ્યવસ્થાઓ છે કે સુવિધાઓ છે એ આપણે આપી શકતા નથી. આજે અમદાવાદ શહેરમાં વડાપ્રધાનશ્રીએ એસ.વી.પી, સરદાર વલ્લભભાઇ પટેલ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યુ, ૧,૫૦૦ બેડની હોસ્પીટલ છે, એમાં માત્ર ૨૦૦ પેશન્ટો રોજ એડમીટ થતા હોય છે, કારણ કે એની અંદર આયુષ્યમાન કાર્ડ જે માનનીય વડાપ્રધાનશ્રીનું કાર્ડ છે એ જ ચલાવવામાં નથી આવતું. એ કેટલી શરમજનક બાબત કહેવાય. ખાનગી હોસ્પિટલ હોય, સારામાં સારી હોસ્પિટલ હોય ત્યાં આયુષ્યમાન કાર્ડ ચાલતા હોય જયારે આપણા માનનીય વડાપ્રધાનશ્રીનું કાર્ડ આપણી જ હોસ્પિટલોમાં ના ચાલતું હોય, હું માનું છું એનાથી વધારે દુઃખદ વાત ના હોઇ શકે. આ બાબતમાં સરકાર ગંભીરતાથી વિચારે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જગદીશભાઇ પંચાલ સન્માનનીય ગૃહ સમક્ષ માગણી ક્રમાંક ૪૯ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું. મહેસૂલી ખર્ચ માટેની માગણી રૂ.૫૦,૭૮,૩૪,૮૮,૦૦૦ અને મૂડી ખર્ચ રૂ. ૬,૭૯, ૫૯,૦૧,૦૦૦ લઇને આવ્યા છે તેને હું અનુમોદન કરું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ ત્રણ અક્ષરનો માત્ર શબ્દ નથી. વિકાસ તો અનુભૂતિની બાબત છે. ગુજરાતમાં વાતો નહીં પણ વાસ્તવિકતાને વરેલી સરકાર જનસેવાના કલ્યાણના કાર્યો કરતી સરકાર છે જેની પ્રતીતિ ગુજરાતની જનતાને થઇ રહી છે. એટલા માટે જ ગુજરાતમાં છેલ્લા છ વખતથી ભારતીય જનતા પાર્ટીનું શાસન રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારના હૃદયમાં જનાદેશ બિરાજે છે. ગરીબો, વંચિતો, આદિવાસીઓ સૌ કોઇને વિકાસની મુખ્ય ધારામાં લાવવા માટેની મથામણ કરવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે. સમગ્ર વિશ્વ જ્યારે કોરોનાની મહામારીમાં ઝઝૂમી રહી હતી ત્યારે આવી વિકટ પરિસ્થિતિમાં અમારા માનનીય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ સાહેબે આપત્તિને અવસરમાં ફેરવવા માટે દેશને આત્મનિર્ભરતાનો નવો વિચાર આપ્યો તેમજ આત્મનિર્ભરતા સાથે ટેકનોલોજી ઇનોવેશન અને મેન્યુફેકચરિંગ ક્ષેત્રે નવી દિશા આપી. સૌ સમાજ એક બનીને વિકાસની રાહે એક સાથે આગળ વધે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અમારા નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપેલ સૂત્ર, 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' થકી આ સરકાર પ્રતિબદ્ધ છે ત્યારે રાજ્યનો મહત્તમ ઔદ્યોગિક વિકાસ થાય, રોજગારીની તકો વધે એ માટે વાયબ્રન્ટ સમિટના કાર્યક્રમ થકી વૈશ્વિક મૂડીરોકાણ ગુજરાતમાં આવે, ગુજરાતમાં ઉદ્યોગો સ્થપાય, ગુજરાતના શિક્ષિત અને તાલીમ પામેલ યુવાધનને રોજગારીની તકો મળે અને ઉદ્યોગ સાહસિકતાની દિશામાં કદમ ઉઠાવે એ માટે આ દિશામાં જાહેર કરેલ સ્ટાર્ટ-અપ પોલિસીને અમલમાં મૂકી છે. ગુજરાતીઓએ પોતાની ઉદ્યમશીલતા અને પરિશ્રમથી સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ઉભી કરી છે. આજે પણ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન તરીકે ઓળખાય છે. ગુજરાત સમગ્ર દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન, ફેકટરીઓની સંખ્યા અને નિકાસના ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. અમારી સરકારે બજેટમાં નવસારી જિલ્લામાં કેન્દ્ર સરકારની યોજના હેઠળ રોજગારીની તકો ઉભી થાય તે માટે ટેક્સટાઇલ પાર્કની સ્થાપના કરવાનો સમાવેશ કરેલો છે. ટેક્સટાઇલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે અમારી સરકારે ૧,૪૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. રૂપિયા ૪૦૦ કરોડના ખર્ચે વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતો સિરામિક પાર્ક મોરબી ખાતે સ્થાપવાનું આયોજન કરેલ છે.

આનાથી રોજગારીની તકો પણ વધવાની છે. એમ.એસ.એસ.ઇ. ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે સ્પર્ધા વધારવા માટે રૂપિયા ૧,૩૬૦ કરોડની નાણાકીય ફાળવણી કરવામાં આવી છે. બાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે અંદાજે ૩૭ હજાર લાભાર્થીઓને ધિરાણ માટેની વ્યાજ સહાય માટે રૂપિયા ૨૩૮ કરોડની જોગવાઇ બજેટમાં કરવામાં આવી છે. માનવ કલ્યાણ યોજના અન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા ૨૪ હજાર લાભાર્થીઓ અને ૨૭ ટ્રેડ માટે સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવા માટે રૂપિયા ૪૮ કરોડની જોગવાઇ ગૃહ સમક્ષ બજેટમાં મૂકવામાં આવી છે. આવી અનેક યોજનાઓ અમારી રાજ્ય સરકાર બજેટમાં લઇને આવી છે અને એના માટે ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ૫ સ્થળોએ એગ્રો ફૂડ પાર્કની સ્થાપવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક વિકાસ સાથોસાથ ઉદ્યોગ વિભાગના પ્રભાગ એવા પ્રવાસન પ્રભાગ, યાત્રાધામ પ્રભાગ અને નાગરિક ઉડ્ડયન પ્રભાગને પણ વેગ મળે તે માટે બજેટમાં આયોજન કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે.

**(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૦૦)**

**ઉપાધ્યક્ષશ્રી, જેઠાભાઇ ભરવાડ અધ્યક્ષસ્થાને**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વિધાનસભા આણંદ એ અમૂલ શ્વેતક્રાંતિ લાવવામાં જે અગત્યનો ભાગ ભજવેલો એ આણંદ શહેર. આણંદ શહેરની સાથે વિદ્યાનગર અને કરમસદ આ ત્રણ નગરપાલિકા, ૧૪ ગ્રામ્ય વિસ્તાર કરીને મારી વિધાનસભા થાય છે. આજે આણંદ નગરપાલિકાની, આણંદ શહેરની વાત કરું તો આપણા બજેટની અંદર અમૃત યોજના-૨માં ૩૫૦ કરોડ રૂપિયા પાણી પુરવઠા અને વરસાદી પાણીના નિકાલ અને તળાવના વિકાસ માટે કર્યા છે અને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની અંદર રૂપિયા ૫,૨૩૦ કરોડની ફાળવણી શહેરી વિકાસ માટે કરી છે ત્યારે મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવું છે કે આણંદની અંદર આજથી ૨૦ વર્ષ પહેલા જે ટી.પી. સ્કીમ પડી હતી ત્યાર પછીથી કોઇ ડી.પી. કે ટી.પી. માટેની મંજૂરી આપવામાં આવી નથી એના કારણે જે અગાઉની જૂની ટી.પી. સ્કીમની અંદર નગરપાલિકા કામ કરી શકે છે. આજે પણ આણંદ નગરપાલિકા વિસ્તારની અંદર જે પૂર્વપટ્ટી વિસ્તાર છે, ગંગદેવનગર વિસ્તાર છે એની અંદર ચોખ્ખુ પીવાનું પાણી આવતું નથી. ગયા વખતે પણ વિધાનસભાગૃહમાં રજૂઆત કરી હતી. રોડ રસ્તાઓની પણ સુવિધા નથી ત્યારે મારે આપના માધ્યમથી સરકારશ્રીને કહેવું છે કે આ શહેરી વિકાસ યોજનાની અંદર એનો સમાવેશ કરી અને રોડ, રસ્તા, ગટરની વ્યવસ્થા કરવામાં આવે. વધતી જતી શહેરની વસ્તીના કારણે ૧૦ વર્ષે નવી ડી.પી. સ્કીમ આપવામાં આવતી હોય છે. આણંદ શહેરમાંથી સરકારમાં દરખાસ્ત પણ આવેલી છે, પણ આજે ૧૫ વર્ષ પૂરાં થવા આવ્યાં પણ આજે પણ નવી ડી.પી. સ્કીમ વિકાસ યોજનાની મંજૂરી મળતી નથી તો મારે સરકારશ્રીને કહેવું છે કે આ નવી ડી.પી. સ્કીમ પણ આપે અને આણંદ શહેરના વિકાસમાં સહયોગ કરે. ગયા વખતે પણ મેં કહ્યું હતું કે જે પૂર્વપટ્ટી વિસ્તાર આણંદનો છે એમાં ગામડીનો કોઝ નીકળે છે. માણેકદ્વાર સ્કૂલ જકાતનાકા અને રઇમા સોસાયટીથી જે જાય છે એની અંદર જે વધારે પાણી આવે છે અને ત્યાંના જે રહીશો છે એ બધા જ રહીશોના ઘરોની અંદર ૩ થી ૪ ફૂટ પાણી ઘૂસી જાય છે. જયાં સુધી પાણીનો નિકાલ ન થાય ત્યાં સુધી એમને રહેવાની, જમવાની તકલીફ પડે છે અને બીજે સ્થળાંતર કરવું પડે છે તો માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કે માણેકદ્વાર સ્કૂલવાળો જે કોઝ છે તેને બોક્સ ટાઇપ કરવામાં આવે છે. એ જ રીતે આણંદથી ઓટોઅમીનવાળો જે કોઝ જે મોગરી ગામમાં પહોંચ્યો અને ત્યાં પણ ગંદુ પાણી સોંગલપુરા વિસ્તાર અને ત્યાં બધી રહેણાક સોસાયટીઓ આવેલી છે એની અંદર પણ ખૂબ ગંદકી, મચ્છર અને બીજા જંતુઓના ત્રાસથી લોકોનું સ્વાસ્થ્ય જોખમાય છે. ગટરનું પાણી જે જાય છે એના કારણે દુર્ગંધ મારે છે. રહેણાક વિસ્તારના લોકોથી રહી શકાતું નથી ત્યારે ગઇ વખતે પણ મેં કહ્યું હતું કે આણંદ ઓટોઅમીનથી મોગરી સુધીના કોઝને બોકસટાઇપ બનાવવામાં આવે છે. જેથી સમસ્યા હલ થવામાં આવે. બીજી સમસ્યા આણંદ અને વિદ્યાનગર બંનેનું પાણી બાજુના ગામ જોળ ગામમાં જાય છે. જોળથી પવિત્ર યાત્રાધામ સ્વામિનારાયણ મંદિર વડતાલ છે તેની રાંદલ તલાવડી સુધી જાય છે. ત્યાંના રહીશો એ લોકોને...

ઉપાધ્યાક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર અને સહકાર આ બંને પ્રવૃત્તિઓનું હાર્દ એ છે કે દેશના કે રાજ્યના છેવાડાના માનવી એના થકી આત્મનિર્ભર બને અને એની સુખાકારી વધે. સરકારના માધ્યમથી છેવાડાના માનવી સુધી કયાંક ન પહોંચાય, તો સહકારના માધ્યમથી પણ એ માનવીને સહાય થાય. એ માનવીને મદદ થાય. એ માટે આ પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. સહકારી પ્રવૃત્તિનો ઉદભવ જે તેની જરૂરિયાતને કારણે થયો છે. એક અહેવાલ પ્રમાણે ડાર્વિનના જીવનસંગ્રામના સિદ્ધાંતને પડકારી પ્રિન્સ કાયોટકીએ પરસ્પર સહાયનો સિદ્ધાંત સમજાવ્યો હતો. વિશ્વમાં અને દેશમાં અંગ્રેજો સમયથી આ સહકારી પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે, પરંતુ વર્ષ ૨૦૨૨માં સહકારી મંડળીઓને સ્વાત્તતા અને સ્વતંત્રતા માટે બહુ રાજ્ય સહકારી મંડળીનો કાયદો અમલમાં આવ્યો. મને કહેતા આનંદ થશે કે આપણા રાજ્યમાં સૌથી સમૃદ્ધ અને સૌથી સુખી સ્ટેટ ગાયકવાડી સ્ટેટ હતું. વર્ષ ૧૮૮૯માં બરોડાના નાગરિકો દ્વારા અનન્ય સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. અમદાવાદ જિલ્લામાં દસ્ક્રોઇ તાલુકાના વિશાલપુર ગામમાં સૌથી પ્રથમ ખેતવિષયક મંડળી બનાવવામાં આવેલી. આ રીતે વાત

કરું તો વર્ષ ૧૯૧૨ માં કોડિનારમાં મંડળી બની. વર્ષ ૧૯૨૧માં સુરતમાં કપાસ મંડળી બની. સૌ પ્રથમ વર્ષ ૧૯૮૪માં દૂધ મંડળી બની. આ રીતે સહકારી પ્રવૃત્તિનો વેગ વધતો ગયો, ત્યારે અમારા સહકાર મંત્રીએ રાજ્યની બજાર સમિતિમાં માળખાગત સુવિધા ઉભી કરવા અને તેનો લાભ ખેડૂતોને પ્રાપ્ત થાય તે હેતુથી કિસાન કલ્પવૃક્ષ યોજના, આધુનિક બજાર સ્થાપવાની યોજના, અપની મંડી જેવી વિવિધ યોજના શરૂઆત કરવામાં આવી છે. કિસાન કલ્પ વૃક્ષ યોજનાની શરૂઆત સરકારશ્રીના તા. ૨૮-૧૨-૨૦૧૦ના ઠરાવથી શરૂ કરવામાં આવી અને યોજના થકી જુદા જુદા ૩૩ હેતુઓ અ અને બ વર્ગની બજાર સમિતિઓને રૂપિયા ૫ કરોડની મર્યાદામાં મદદ કરનાર આવી. કિસાન કલ્પ વૃક્ષ યોજના અંતર્ગત તમામ બજાર સમિતિઓને ખેડૂતોને ગોડાઉન બનાવવા માટે મહત્તમ ૫૦ લાખની મર્યાદામાં પ્રોજેક્ટ કોસ્ટના ૫૦ ટકા તથા વેપારીઓ તથા અન્ય ગોડાઉન બનાવવા માટે તમામ વર્ગની બજાર સમિતિઓને મહત્તમ ૫૦ લાખની મર્યાદામાં મદદ કરવામાં આવે છે. અમારા સહકાર મંત્રી આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજનામાં ૧ લાખ અને અને ૨.૫ લાખ સુધીના ૯૪૧.૫૧ કરોડ રૂપિયાનું ધિરાણ મંજૂર કરવામાં આવ્યું છે. આ સહકાર મંત્રીશ્રી ખેડૂતોના હિતોને અનુલક્ષીને તથા સહકારી સંસ્થાઓને લાભકારી યોજનાઓ માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે અંદાજપત્રમાં જે માગણીઓ લઇને આવેલા છે, તેમાં હું મારો સૂર પૂરાવું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારી વાત રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ૯૦-સોમનાથ વિધાનસભામાં વેરાવળ શહેર આવેલું છે. ત્યાં વર્ષો પહેલાં મોટી બિલ્ડિંગો બનેલી અને તે બિલ્ડિંગો મોટા બિલ્ડર દ્વારા બનાવવામાં આવેલી છે. આ બિલ્ડિંગો ટ્રસ્ટની જગ્યામાં બનાવવામાં આવેલી છે. તે બન્યા પછી નાના નાના વેપારીઓએ પોતાના ધંધા-રોજગાર માટે કોઇએ રેસ્ટોરન્ટ માટે તો કોઇએ સાડીની દુકાન માટે દુકાનો લીધેલી. તે લીધા પછી થોડા દિવસો પહેલાં વેરાવળ નગરપાલિકા દ્વારા તેને પાડી નાખવા માટેની નોટિસો આપવામાં આવેલી છે. તો આમાં આ નાના વેપારીઓનો શું વાંક છે? તેમણે તો પોતાના ધંધા-રોજગાર માટે આ દુકાનો લીધેલી છે. ટ્રસ્ટની જગ્યામાં બનાવેલી દુકાનો છે અને આ કોઇ ગેરકાયદેસર જગ્યા નથી. એટલે શહેરી વિકાસ વિભાગ દ્વારા આ જગ્યાને રેગ્યુલરાઇઝ કરવામાં આવે અને જે પ્રમાણે ચાર્જ થતો હોય તે વસૂલ કરી આ દુકાનોને રેગ્યુલરાઇઝ કરવામાં આવે તેવી મારી વિનંતી છે. મારા વિસ્તારમાં વધારે પડતા લોકો દરિયા કિનારે રહેતા હોય છે અને તે લોકો ત્યાં માછીમારીનો ધંધો કરતા હોય છે. તેમાં ત્યાં આગળ ખારવા સમાજ, કોળી સમાજ અને મુસ્લિમ સમાજ દ્વારા માછીમારીનો વ્યવસાય કરવામાં આવે છે. ત્યારે વધારે લોકો ત્યાં દરિયા કિનારે રહેવાનું પસંદ કરતા હોય છે. સરકાર આવાસોની વાત કરે છે ત્યારે આવા સમાજો એકસાથે જ રહેવાનું પસંદ કરતા હોય છે. ખારવા સમાજ હોય તો આખો સમાજ ત્યાં રહેતો હોય છે. કોળી સમાજ હોય તો એક જ જગ્યાએ સાથે રહેતો હોય છે અને મુસ્લિમ સમાજ હોય તો તે પણ એકસાથે રહેતો હોય છે. દરિયા કિનારે રહીને માછીમારીનો વ્યવસાય કરતા હોય છે. આજે ત્યાં ઘણા લોકોને તો ઝૂંપડપટ્ટીમાં રહેવું પડતું હોય છે. ત્યારે સરકાર આવાસો બનાવવાની વાત કરે છે તો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની કે, ત્યાં દરિયા કિનારે ઘણી સરકારશ્રીની જમીન પડેલી હોય છે. તો આવા ખારવા સમાજ, કોળી સમાજ કે મુસ્લિમ સમાજ જ્યાં રહેતા હોય તેમના માટે આવાસો બનાવી દેવા જોઇએ. જેથી આવા લોકોને ત્યાં ઝૂંપડપટ્ટીમાં રહેવાના બદલે ઘરનું ઘર મળી શકે. જ્યારે અમદાવાદથી દ્વારકા માટે સી-પ્લેનની જાહેરાત કરી છે, ત્યારે ૯૦-સોમનાથ વિધાનસભામાં પ્રથમ જ્યોતિર્લિંગ આવેલ છે અને ત્યાં આપના પક્ષના, ભાજપના પક્ષના ઘણા લોકો અને કોઇપણ મંત્રી બાકી નહીં હોય કે જે પોતે ત્યાં દર્શન માટે ન આવ્યા હોય અને સભાઓ કરવા માટે ન આવ્યા હોય. ગઇ વિધાનસભામાં ભાજપ પક્ષ દ્વારા ત્યાં સી-પ્લેન માટેની જાહેરાત કરવામાં આવેલી પણ આજદિન સુધી સી-પ્લેન માટે બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં નથી આવી. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, અમદાવાદથી દ્વારકા અને દ્વારકાથી સોમનાથ તથા સોમનાથથી અમદાવાદની સી-પ્લેનની મંજૂરી આપવામાં આવે. કારણકે આખા વિશ્વમાંથી લોકો ત્યાં દર્શન કરવા માટે આવતા હોય છે. મારા વિસ્તારમાં વેરાવળ-પાટણ-ભીલિયા સંયુક્ત નગરપાલિકા આવેલી છે. ભવિષ્યમાં તે વિસ્તારમાં મહાનગરપાલિકા થાય તો વેરાવળ-પાટણ-ભીલીયા શહેરમાં બહુ જૂની જર્જરિત પાઇપલાઇન આવેલી છે અને તેના કારણે ગટરનું પાણી તેમાં મિક્સ થઇ જાય છે. આ ગટરનું પાણી મિક્સ થઇ જવાના કારણે લોકોને પોલ્યુટેડ ગંદુ પાણી પીવું પડે છે. તેના કારણે લોકોની તબિયત બગડે છે. એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, ત્યાં સર્વે કરાવી અમારા વિધાનસભાના વિસ્તાર માટે નવી પાઇપલાઇનની મંજૂરી આપવામાં આવે. વોર્ડ નંબર- ૫, ૬ અને ૨ તથા અન્ય વોર્ડમાં જ્યારે નલસે જલ યોજનાની સરકાર વાતો કરે છે, ત્યારે અમારા ત્યાં ૩૦ ટકા વિસ્તારમાં આજની તારીખે પાણીના ટેન્કર થ્રુ પીવાનું પાણી આપવામાં આવે છે. ૩૦ ટકા વિસ્તારમાં પાઇપલાઇન પણ નાખેલી નથી. હાલમાં પણ ૪૦ ટકા વિસ્તારમાં વોર્ડ નંબર ૫, ૬ અને ૨ તથા અન્ય વોર્ડમાં રોડ-રસ્તા નથી. ૩૦ ટકા વિસ્તારમાં આજે લાઇટની પણ સગવડ નથી. ૩૦ ટકા વિસ્તારને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી. આજે લોકો ટેન્કર મારફત પીવાનું પાણી પીએ છે. આજે ત્યાં નવી પાઇપલાઇન નાખવામાં આવે તેવું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું. મારા વિસ્તારમાં વોર્ડ નંબર-૮ આવેલો છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી સુરેશભાઇ પટેલ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) :માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું અનુમોદન આપુ છું અને મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૯માં આદરણીય નરેન્દ્રભાઇએ એનો શુભારંભ કર્યો અને એના કારણે શહેરોને બધી રીતે વિક્સિત કરવા હતા. સર્વાંગી રીતે એના માટે શહેરોને એટલે કે નગરપાલિકા, મહાનગરપાલિકાઓને આર્થિક સહાય આપવાની ચાલુ કરી અને એમાં આગવી ઓળખનાં કામો ખૂબ સરસ રીતે કર્યાં. મારા મણીનગર મત વિસ્તારમાં કાંકરિયા અંગેની વાત કરીશ. આદરણીય નરેન્દ્રભાઇએ કાંકરિયાને શહેરના સુપ્રસિદ્ધ સ્થળમાંથી દેશનું અને દુનિયાનું સુપ્રસિદ્ધ કાંકરિયા લેક બનાવ્યું અને એની વાત કરીશ કારણ કે, ઘણી બધી માહિતીઓ આપણી પાસે નથી હોતી આપણે ફકત એવું કહીએ છીએ કે ત્યાં એક તળાવ છે પણ એની અંદર વિશ્વ અને દેશ કક્ષાની કોઇ જગ્યાએ ન હોય એવી સવલતો આપેલી છે એ હું પ્રકાશ પાડીને આપના માધ્યમથી આપણા સભ્યશ્રીઓને અને મિડિયાના મધ્યમથી આખા ગુજરાતને એની પૂરી જાણકારી આપવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આપણે કાંકરિયા જોયું હશે તો અસ્વચ્છ, ગંદુ અને ઘોંઘાટવાળું કોઇને ગમે નહીં એવું આવી સ્થિતિ હતી. વર્ષ ૨૦૦૬થી આદરણીય નરેન્દ્રભાઇ અમારા વિસ્તારના જ્યારે ધારાસભ્ય હતા એટલે એમણે આને લેક ફ્રન્ટ બનાવવાની કવાયત શરુ કરી અને વર્ષ ૨૦૦૮માં સંપૂર્ણ પૂરું થયું અને વર્ષ ૨૦૦૮ બાદ વર્ષ ૨૦૦૯માં અટલજીના જન્મ દિવસે ૨૫ થી ૩૧ તારીખ એક અઠવાડિયું ભવ્ય અવિસ્મર્ણિય કાંકરિયા કાર્નિવલની દર વર્ષે શરૂઆત કરી. એની અંદર દર વર્ષે રોશની, સાંસ્કૃતિક કાર્યક્રમો અને આ બધું બધા જ લોકો માટે ફ્રી છે અને એમાં વર્ષ ૨૦૦૯ થી ૨૦૨૧ સુધીમાં દર વર્ષે ૨૫ લાખ લોકોએ એની મુલાકાત લીધી છે અને દર વર્ષે ૨૫ લાખ લોકો આ ઉત્સવમાં આવે છે એટલે ગુજરાતના ખૂબ મોટા ઉત્સવો આ એક કાંકરિયામાં થાય છે. એની અંદર અત્યારનું પ્રાણી સંગ્રહાલય, બાલવાટિકા, નગિનાવાડી, લેસર શો, માછલી ઘર આ બધી જ વસ્તુઓ છે એમાં નવું અટલ એક્સપ્રેસ ટ્રેન જે બાળકો માટેની છે એની શરૂઆત વર્ષ ૨૦૦૮માં થઇ છે. રેપ્ટાઇલ હાઉસ એટલે બધા અલગ અલગ પ્રકારના સાપ એ વર્ષ ૨૦૦૯માં, સ્વર્ણિમજયંતી એક્સપ્રેસ ટ્રેન બીજી ટ્રેન વર્ષ ૨૦૧૦માં અને ભારતમાં કોઇ પણ જગ્યાએ નથી એવી કીડ સિટી કે જે બાળકોને લર્નિંગ બાઇ ડુઇંગ એટલે બાળકોને એની અંદર અકસ્માત થાય તો શું કરવું? બેન્ક ખાતું કઇ રીતે ખોલાવવું? ૫ થી ૧૪ વર્ષનાં બાળકો માટે આ કર્યું છે એ ભારત દેશમાં માત્ર એકલું અમારા કાંકરિયામાં છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું નોક્ટરનલ એનિમલ હાઉસ એટલે એમાં એવું છે કે જે ૧૮ કરોડના ખર્ચે બાનવેલું છે અને એની અંદર ટીંટોળી, શિયાળ, દીપડો, વરું, શાહુડી, જંગલી બિલાડી, ઘૂવડ, ઝરખ આ બધા જે નીશાચર પ્રાણીઓ છે એ પ્રાણીઓ એની અંદર હોય અને એ પ્રાણીઓને દિવસે રાત લાગે અને રાત એ દિવસ લાગે. કારણ કે, આ બધા પ્રાણીઓ આપણે દિવસે જોવા જઇએ તો સૂતા હોય તો આ નોક્ટરનલ ઝૂ માં જંગલી પ્રાણીઓ કે જે આપણે દિવસે જોવા જઇએ ત્યારે એ પ્રાણીઓને દિવસે રાત લાગે અને રાતે દિવસ લાગે એટલે આપણે દિવસે જઇએ તો એકદમ સ્કૂર્તીમાં દોડતા જોવા મળે. આ સિવાય બટરફ્લાય પાર્ક રંગબેરંગી પતંગિયા બાળકો જોઇ શકે એના માટેનું છે, સેગ વે સફારી, આર્ચરી એડવાઇઝર, એક્વાકટીંગ ટ્રી વોક વગેરે આની અંદર છે પણ સમયના અભાવે હું બધું કહેતો નથી. પણ હું એ જ કહું છું કે કાંકરિયા તે માત્ર તળાવ નથી તેની અંદર બોટિંગ પણ છે, તેની અંદર લાઇટિંગ પણ છે અને તે એટલુ અદ્યતન બનાવ્યું છે કે ત્યાં આવ્યા પછી આપણે આપણાં બાળકોને બે દિવસ સુધી બધુ બતાવીએ તો પણ જોવાય એવુ નથી એવુ આપણા આદરણીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન અને અમારા ધારાસભ્યશ્રીએ આ કાંકરીયાનું જે ડેવલપમેન્ટ કર્યુ અને તેના પછી સરકારે અને કોર્પોરેશને તેની અંદર ૨૫ જેટલી વધારાની વસ્તુ બનાવી અને આપણું ગૌરવ વધાર્યુ છે અને વિશ્વ સ્તરનું કાંકરિયા બનાવ્યું છે માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું, ભારત માતા કી જય, વંદે માતરમ્.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનો વિભાગ તેમની ઉપર ઉદ્યોગ, ખાણ અને શહેરી વિકાસ બાબતે માગણી ઉપરની ચર્ચામાં મારા થોડાં સૂચનો આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર મોટાં શહેરોનો વિકાસ જે રીતે થઇ રહ્યો છે અને નાનાં અને મધ્યમ કદના શહેરો પણ તેમની સાથે જોડાય તેમના માટે પણ જો સરકારે કમ્મર કસેલી હોય તો મને એવુ લાગે છે કે, સરકારશ્રીએ જે તે નગરપાલિકા વિસ્તારોની અંદર બાયપાસ અથવા તો રીંગરોડની સુવિધાઓ જેમ બને તેમ ઝડપથી શહેરની અંદર ફાળવવી જોઇએ કે જેથી કરીને શહેરની ટ્રાફિકની સમસ્યાઓ સહિત વિકાસની જે પરિભાષા છે તેમાં કયાંકને કયાંક નાનાં અને મધ્યમ કદનાં શહેરો પણ આ બાબતની અંદર ખૂબ સારી રીતે વિકસી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોની અંદર એફોર્ડેબલ રેન્ટલ હાઉસ કોમ્પ્લેક્ષીસ નીતિ અંતર્ગત યોજનામાં સરકારશ્રી વધુમાં વધુ ફંડ ફાળવે અને નાનાં અને મધ્યમ કદનાં શહેરોની અંદર પણ આ એફોર્ડેબલ રેન્ટલ હાઉસ કોમ્પ્લેક્ષીસ જે છે તેને ઇમ્પ્લીમેન્ટ કરવામાં આવે તો જેથી કરીને ત્યાંના લોકોને પણ એવુ લાગશે કે અમારા માટે ઘણું બધુ સારું થઇ રહ્યું છે. આજે ધીમે ધીમે ગામડાં ભાંગતા જાય છે અને ગામડાંના લોકો શહેરો તરફ અને શહેરોના લોકો મહાનગર તરફ જયારે જઇ રહ્યાં છે ત્યારે નાનાં અને મધ્યમ કદનાં શહેરો ના ભાંગે તે જોવાની જવાબદારી પણ સરકારશ્રીની છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આગામી સમયની અંદર નાનાં અને મધ્યમ કદનાં શહેરો માટે પણ આ બાબતમાં યોગ્ય થવુ જોઇએ.

## તા.૨૧મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર જુદા જુદા પ્રકારના ભરતી સ્વાયત બોર્ડો અમલમાં છે ત્યારે નગરપાલિકાનું પણ એક સ્વાયત બોર્ડ રચાય અને મહેકમ પ્રમાણેની જેટલી જે જગ્યાઓ છે તે સો એ સો ટકા ભરાય તેમાં પણ ખાસ કરીને કર્મચારીઓની જો વાત કરીએ તો સૌથી પહેલાં હું અને તમે સફાઇ કામદારોને જો પ્રાધાન્ય આપીશું તો મને એવુ લાગે છે કે, નાના અને મધ્યમ કદના શહેરો પણ આવી રીતે સ્વચ્છ સુઘડ રીતે વહીવટમાં ચાલી શકશે. નગરપાલિકાની અંદર કાયમી માળખાની અંદર એટલે કે મહેકમની અંદર ડેપ્યુટી ચીફ ઓફિસર, લીગલ ઓફિસર અને પાણી અને લાઇટ માટેના એક ઓફિસરની પણ મહેકમની અંદર જો જગ્યા કરવામાં આવે તો મને એવુ લાગે છે કે, ઘણું બધુ સારું થશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા રાજુલા શહેરની અંદરનો એક ગંભીર પ્રશ્ન છે કે, પાલિકાનો જે તે વખતે રાજુલા શહેરનો એક મુખ્ય રસ્તો આર એન્ડ બી સ્ટેટ અથવા પંચાયત હસ્તક હતો તે રસ્તો નગરપાલિકાએ બનાવ્યો પાલિકાએ તે રસ્તો સંભાળ્યો પણ જે તે વખતે બાંધકામ ત્રિજ્યા ૨૪ મીટરની કે ૩૦ મીટરની હતી તે બાંધકામ ત્રિજ્યા નગરપાલિકાના જે તે અધિકારીઓ અને પદાધિકારીઓએ સાથે મળીને નગરપાલિકાએ સંભાળ્યા પછી જે ૨૪ મીટરની ત્રિજ્યા છોડી હતી તેની બાંધકામ ત્રિજ્યા જે ઘટાડી છે અને માગણી મુજબ જેની જમીન હતી તેને બાંધકામ કરવા માટેની પરમિશન આપી છે તો આ વાજબી નથી આની ઉપર તપાસ થવી જોઇએ અને એક વખત જો તપાસ થશે તો સારૂં થશે અને આગામી સમયમાં ભવિષ્યની અંદર રોડ, રસ્તાઓ પહોળા કરવાની જો વાત આવશે તો ચોક્કસપણે શહેરના લોકોને લાભ મળશે એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાબતમાં યોગ્ય થવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો મુદ્દો છે ઉદ્યોગ માટેનો. જી.આઇ.ડી.સી.ની અંદાજે ૨૨૨ થી લઇને ૧૮૭ જેટલી વસાહતો ગુજરાતમાં અસ્તિત્વમાં છે અને મારે ગૌરવ સાથે કહેવુ છે કે તેમાંથી ૧૬૦ જેટલી વસાહતો કોંગ્રેસના સમયમાં થયેલી છે અને બાકી ભારતીય જનતા પાર્ટીના સમયમાં થઇ હશે એવું આપણે બધા માની લઇએ. આ જી.આઇ.ડી.સી.વસાહતો આજે જે લોકો અંદર કામ કરી રહ્યાં છે તે ડબલ ટેક્સેશનના માળખાનાં હિસાબે બે પ્રકારના કર જુદી જુદી રીતે ભરી રહ્યાં છે. જે વિસ્તારોની અંદર મહાનગરપાલિકા હોય, પાલિકા હોય તેનુ કોઇ યોગદાન આ જી.આઇ.ડી.સી.ને મદદરૂપ થવા માટેનું હું ધારૂં છું ત્યાં સુધી આવતું નથી છતાં પણ ટેક્સના માળખામાં તે લોકોને ટેક્સ ભરવો પડે છે એટલે બે પ્રકારનું ભારણ આવી ઔદ્યોગિક વસાહતો જયાં છે તેમાં તે લોકોને ભોગવવાનું ના આવે તેના માટેનું એક મારું નમ્ર સૂચન છે. અને ખાસ કરીને આ ઔદ્યોગિક વસાહતોની અંદર પ્લોટ જયારે તબદિલ કરવામાં આવે છે ત્યારે સ્ટેમ્પ ડ્યુટી અને ટ્રાન્સફર ફી જે છે..

ઉપાધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપની અધ્યક્ષતામાં પહેલી વખત બોલવાનો મોકો મળ્યો છે. ઉદ્યોગ મંત્રીશ્રી માગણી નં. ૪૯ લઇને આવ્યા છે એને આવકારું છું અને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રી આ વખતે ઉદ્યોગો ઉપર કોરોનાનો કાળ હોવા છતાં ખૂબ જ વરસીને રૂપિયા ૭,૦૩૦ કરોડનું રોકાણ લઇને આવ્યા છે તેથી તેમને અભિનંદન આપું છું. બાજપાઇ બેન્કેબલ યોજના થકી નાના અને કુટિર ઉદ્યોગોને સહાય આપવા માટે રાજ્ય સરકારે આ બજેટમાં રૂપિયા ૨૩૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. હું મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારની સૌરાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંકે છેલ્લાં ૭ વર્ષમાં ૯,૬૩૯ બહેનોને જિલ્લા ઉદ્યોગ બાજપાઇ બેન્કેબલ યોજના મારફત લગભગ ૧૦ કરોડથી વધારે લૉન આપી છે અને જિલ્લા ઉદ્યોગ બાજપાઇ બેન્કેબલ યોજનાથી બહેનોને ૩૦ ટકા સબસિડી પણ મળે છે. આ ૩૦ ટકા સબસિડીમાં ૨ કરોડ ૪૫ લાખ સબસિડી જમા થયેલ છે. આ ૯,૬૩૯ બહેનોને ધિરાણ આપ્યું છતાં એમાંથી આજે માત્ર ૩૬ બહેનોની લોન બાકી છે. બહેનો જે રીતે ચીવટથી કામ કરે છે એ ખૂબ જ અભિનંદનને પાત્ર છે. એવી જ રીતે મારા વિસ્તારમાં જ્યારે મિલો ચાલતી અને મિલો બંધ થયા પછી અમારા વિસ્તારમાં ડાયમંડ ઉદ્યોગ, એમ્બ્રોડરી ઉદ્યોગે સ્થાન લીધું છે. આજે ડાયમંડ ઉદ્યોગની વાત કરીએ તો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી હોવાથી મુંબઇના બાંદ્રામાં જે માર્કેટને ડાયમંડ બુર્સ કહેવાય છે કે જ્યાંથી ડાયમંડ એક્સ્પોર્ટ થાય છે એવું જ ડાયમંડ બુર્સ ગુજરાત સરકારના સહકારથી સુરતમાં ૩,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલ છે. જે ખૂબ આવકારદાયક છે. આ ડાયમંડ બુર્સ બનવાથી ત્યાં ૪,૩૫૦ ઉદ્યોગકારો ત્યાંથી પોતાનો વેપાર કરી શકશે. અહીંયા ૬૬ લાખ ચો.મી.નું બાંધકામ કરવામાં આવ્યું છે. દુનિયાની આટલી મોટી સહકારી બિલ્ડિંગ ડાયમંડ બુર્સ સુરતમાં છે. કોરોના કાળની સ્થિતિ હોવા છતાં આ વર્ષે ૩૦ બિલિયન કરોડનું એક્સપોર્ટ થયેલ છે. એને રૂપિયામાં ગણીએ તો સવા બે લાખ કરોડ જે ગુજરાતનું અંદાજિત બજેટ છે એટલું એક્સપોર્ટ આ વર્ષે થયેલ છે. સાથે-સાથે ૧૨ લાખ લોકોને સીધે-સીધી રોજગારી મળે છે. આડકતરી રીતે ગણીએ તો ૬૦ લાખ લોકોનો એમાં સમાવેશ થાય છે. આ ડાયમંડ ઉદ્યોગને કેન્દ્ર સરકારના આ બજેટમાં પૉલિશ ડાયમંડ જે ઇમ્પોર્ટ થતું હતું એમાં ૭.૫ ટકા ટેક્ષ હતો એ ઘટાડીને ૫ ટકા કરેલ છે. એ માટે હું કેન્દ્રના નાણામંત્રી અને વડાપ્રધાનશ્રીનો આભાર માનું છું અને અભિનંદન આપું છું. આઝાદી પછી કે પહેલાં અત્યાર સુધીના કેન્દ્ર સરકારના બજેટમાં ક્યારેય ડાયમંડનું નામ લેવાયું હોય તો આ વખતના નાણામંત્રીશ્રીએ નામ લઇ અને કહ્યું કે હું ડાયમંડ ઉદ્યોગમાં ૨.૫ ટકા ડ્યૂટી ઘટાડું છું. અત્યારે અમારા માનનીય મંત્રીશ્રી મેરજા સાહેબ અહીંયા બેઠા છે. એક વખત મોરબી વિલાયતી નળિયાથી ઓળખાતું હતું. હવે સિરામિક ઉદ્યોગથી મોરબી ધમધમતું થયું છે. મોરબીમાં સિરામિક ઉદ્યોગથી ખૂબ જ મોટા પ્રમાણમાં રોજગારી મળી

રહેલ છે. આ ઉદ્યોગોનો વધારે વિકાસ થાય તે માટે રાજ્ય સરકારે આ બજેટમાં મોરબીમાં ઈન્ટરનેશનલ સિરામિક પાર્ક સ્થાપવા માટે રૂ. ૪૦૦ કરોડની જોગવાઈ કરેલ છે જે ખૂબ જ આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ઉદ્યોગ માટે હજુ સુધી કોઈએ વાત કરી નથી. હિંદુસ્તાનમાં કોઈ રાષ્ટ્રીય નેતાના નામે પ્રવાસન સ્થળનો વિકાસ થયો હોય તો તેનું નામ છે સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતા નગર. ૭૮ લાખથી વધારે લોકોએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી છે. દેશ-વિદેશથી લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા પ્રેરાઈ રહ્યા છે. પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે આ બજેટમાં રૂ. ૪૬૫ કરોડની જોગવાઈ કરી છે તે બદલ માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે શહેરી વિકાસ વિભાગની માગણી લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાંથી આવું છું એટલે અમદાવાદ એ ગુજરાતના હાર્દ સમાન છે. ગુજરાતની ૪૮ ટકા વસ્તી અમદાવાદ સહિતના શહેરોમાં રહે છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં એક તરફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જુઓ તો તમને એવું લાગે કે તમે વિદેશની સફરે આવ્યા છો. જ્યારે તમે પૂર્વ વિભાગમાં એટલે કે કોટ વિસ્તાર, દક્ષિણ ઝોન, ઉત્તર ઝોન, પૂર્વ ઝોનમાં જાવ તો તમે આજે પણ કોઈ એક ગ્રામ્ય વિસ્તારમાં ફરી રહ્યા છો તેવું તમને લાગે. વિકાસ સર્વાંગી હોવો જોઈએ. જ્યારે ટેક્સના નાણા ભરતી જનતા સાથે આવો ભેદભાવ થાય તે વાજબી નથી. એક તરફ આધુનિક ફ્લાય ઓવર છે, એર કન્ડિશન્ડ જીમ છે, આધુનિક રોડ રસ્તા છે તો બીજી તરફ શુધ્ધ પીવાનું પાણી પણ નથી. પૂર્વ વિસ્તારના કેટલાંય વિસ્તારો એવા છે કે આજે પણ ત્યાં ખાળ કૂવા ઉલેચવા માટે રૂ. ૧ કરોડથી વધારે ચૂકવવા પડે. ૧૦ હજારથી વધારે ખાળ કૂવા ત્યાં મોજૂદ છે. સ્માર્ટ સિટીની વાત કરતા હોય ત્યારે સર્વાંગી અને સમાંતર વિકાસ ન હોય તો આનાથી મોટો બીજો કોઈ ભેદ હોઈ શકે નહિ. નામાંકિત સમાચારા પત્રોએ પણ પૂર્વ વિસ્તાર માટે બે-ચાર પેઈજની અલગથી પૂર્તિ મૂકવાની શરૂ કરી છે. આ પૂર્તિમાં રોજ લોકોના પ્રશ્નો આવે છે. એનું કારણ છે કે પૂર્વ વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં સમસ્યાઓ છે. હું માનનીય મંત્રીશ્રીને એ જ કહેવા માગું છું કે તમામને સર્વાંગી વિકાસ મળે એ રીતે સમાંતર વિકાસ કરો. સાથે સાથે એ પણ કહીશ કે ઘણી વખત જાહેરાત થાય છે કે સ્માર્ટ સિટીમાં સ્માર્ટ શાળાઓ, પરંતુ પૂર્વ વિસ્તારમાં કોઈ જગ્યાએ સ્માર્ટ શાળાઓ દેખાતી નથી, એટલે મ્યુનિસિપલ કોર્પોરેશનની આ જવાબદારી બને છે. શહેરી વિકાસ મંત્રાલય જ્યારે આ કામગીરી ચલાવતું હોય ત્યારે વ્યવસ્થિત ધ્યાન રાખીને આ બાબતનું નિરાકરણ લાવવું જોઈએ. એની સાથે હોસ્પિટલની વાત કરીએ તો પૂર્વ વિસ્તારમાં કોર્પોરેશન સંચાલિત ત્રણ જ હોસ્પિટલ હતી. શારદાબેન હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ અને વી. એસ. હોસ્પિટલ જેનું સીધું સંચાલન કોર્પોરેશન કરે. એ પછી એસ.વી. પી ઉભી કરવામાં આવી. પહેલા પણ મારા સાથી ધારાસભ્યશ્રીએ એ બાબતે ઉલ્લેખ કર્યો છે. પરંતુ એસ.વી.પી. ની અંદર આજે આયુષ્યમાન કાર્ડની અનુમતિ આપવામાં આવતી નથી એનો લોકોને લાભ આપવામાં આવતો નથી, એ આપવો જોઇએ. વી.એસ. હોસ્પિટલ જે આપણા ગુજરાતની નામાંકિત હોસ્પિટલ હતી, એને બંધ કરી અને એ બંધ કરતી વખતે આપણે બાંહેધરી આપી હતી કે એસ.વી.પી. હોસ્પિટલની અંદર તમામ લોકોને આયુષ્યમાન કાર્ડનો લાભ મળશે અને ગરીબ અને મધ્યમવર્ગના લોકોને ત્યાં પૂરતી સારવાર મળશે. પરંતુ મળી રહી નથી. પૂર્વ વિસ્તાર માટે ફકત એલ.જી. અને શારદાબેન આ બે જ હોસ્પિટલો છે. કોરોનામાં આપણે જોયું કે જો આપણે વધારે ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કર્યું હોત, કોર્પોરેશનની અને સરકારી હોસ્પિટલો વધારે ઉભી કરી હોત તો આટલી મોટી ખુવારી અને જાનહાનિ થઇ ન હોત. એટલા માટે વધુ હોસ્પિટલો અને પ્રસૂતિગૃહ થવા જોઇએ. બીજો એક વિશેષ મુદ્દો છે કે, પ્રોસેસ હાઉસીસ અમદાવાદના બહેરામપુરા, દાણીલીમડા અને રામોલ જેવા વિસ્તારની અંદર ચાલે છે. નામદાર હાઇકોર્ટની સૂચના અને આદેશ પછી એ પ્રોસેસ હાઉસોના નળ અને ગટરના જોડાણો મ્યુનિસિપલ કોર્પોરેશન કાપી નાખે છે. હાઇકોર્ટના આદેશનું આપણે પાલન કરવું પડે અને સન્માન આપવું પડે. પરંતુ જયારે આ હજારો લોકોની રોજી-રોટી માટેનો પ્રશ્ન હોય, લોકો ત્યાં બેકાર થયા છે, ત્રણ હજાર કરતાં વધુ કારખાના બંધ થયા છે ત્યારે આ બાબતે મેં અને મારા સાથી ધારાસભ્ય શ્રી ઇમરાન ખેડાવાલાએ ઘણીવખત સરકારમાં પણ રજૂઆત કરી છે અને અમે આજે ફરીથી રજૂઆત કરીએ છીએ કે એની અંદર સરકાર કોઇ નવી પોલિસી બનાવે. આટલી મોટી માત્રામાં જયારે લાખો લોકો બેકાર થયા હોય અને હજારો ફેક્ટરીઓ બંધ થઇ હોય ત્યારે આ ફેક્ટરીઓ ફરી પુર્નર્જીવિત થાય અને એમના માટે કોઇ યોગ્ય રસ્તો કાઢવામાં આવે કે જેને નામદાર હાઇકોર્ટ પણ સ્વીકારે અને લોકોને રોજીરોટી પણ મળી રહે. જે આરોગ્યલક્ષી સમસ્યાઓ છે એનું પણ નિરાકરણ થાય એવો કંઇક વચ્ચેનો રસ્તો સરકારશ્રી દ્વારા કાઢવામાં આવે એવી પણ હું આપના માધ્યમથી વિનંતી કરુ છું. ખાસ આપના માધ્યમથી મંત્રીશ્રીને એક જ કહેવા માગું છું કે, તમે અમદાવાદ શહેરનો સમાંતર વિકાસ કરો, એકસરખો વિકાસ કરો. એક જગ્યાએ કંઇક અને બીજી જગ્યાએ કંઇક એવું ન હોવું જોઇએ.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ અને ખનીજની અનુદાનની માંગણી ઉપર સમર્થન આપવા અને એના અનુસંધાને વિભાગમાં થયેલાં અને થનાર કામો અને ભવિષ્યમાં થનાર લાભાલાભોના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાણ અને ખનીજ વિભાગ એટલે એવો વિભાગ કે, આપણે જેમ અન્ય વિભાગોની અંદર નાણાં ફાળવવા પડતા હોય છે અને બજેટમાં પ્રોવિઝન કરવું પડતું હોય છે ત્યારે આ એવો વિભાગ છે કે જે સરકારને નાણાં કમાઈ

આપે છે. રેવન્યુ જનરેટ કરી આપે છે. આ વિભાગ સરકાર માટે કમાઉ દીકરા જેવો છે. દર વર્ષે ચોક્કસ ટાર્ગેટ આપીને સરકાર વધુ ને વધુ અસરકારક કામગીરી કરી રહી છે અને હજુ વધારે પ્રભાવી બને અને વધારે ઉત્સાહથી આમાં કામ થાય એવા પ્રયાસો આપણે કરવા જોઇએ. આપણા ત્યાં મુખ્ય લિગ્નાઇટનું પ્રોડક્શન થતું હોય છે. લિગ્નનાઇટને ટ્રકો દ્વારા યુઝર્સના સ્થળ સુધી પહોંચાડતા હોઇએ છીએ. આ લિગ્નાઇટના ૨૫ કિલો અને ૫૦ કિલોના ખૂબ મોટા ક્યુ હોય છે. જયારે આ મોટી સાઇઝના લિગ્નાઇટને ટ્રકોમાં આપણે લઇ જઇએ છીએ, ત્યારે અમુક ફૂટ સુધીના જ આપણે આ ટ્રકોની અંદર લઇ જઇ શકીએ છીએ. લિગ્નાઇટનું જયાં પ્રોડકશન થાય છે એ જગ્યાએ ક્રસર દ્વારા અથવા તો ગ્રાઇન્ડિંગ કરી, વેલ્યુ એડિશન કરીને જો પ્રોડક્ટ બનાવવામાં આવે તો મને લાગે છે કે આગામી દિવસોમાં રોજગારીની તકો પણ વધશે અને સરળતાથી ટ્રાન્સપોર્ટેશન કરી શકશે અને આ વિભાગને વધારે નાણાં ઉપલબ્ધ થશે. આપણે ત્યાં ખનીજ સંપતિ, લિગ્નાઇટ કોલસાની કેલેરોફિક વેલ્યુ ૩,૫૦૦ થી ૪,૫૦૦ છે. જમીનની અંદર વિપુલ પ્રમાણમાં આ ગ્રેનાઇટ છે. એક સરવે મુજબ અને વિશ્વના અનેક દેશોના અભ્યાસથી જો એનું ગેશિફિકેશન કરવામાં આવે તો આ ભુસ્તરની અંદર જે લિગ્નાઇટ છે અને કાચો કોલસો છે તો એની કેલેરી વેલ્યુ વધી શકશે અને ઓછી કેલેરી વેલ્યુ આપણા પાવર સ્ટેશનોમાં ઉપયોગમાં આવશે. આપણે અત્યારે ઇન્ડોનેશિયા અને બેલ્ઝીયમ જેવા બહારના દેશોમાંથી પણ કોલસો લાવવો પડે છે. એની કેલેરોફિક વેલ્યુ ૬,૫૦૦થી પણ વધારે હોય છે. જો ભવિષ્યમાં સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને આવું કરવામાં આવશે તો મને લાગે છે કે વેલ્યુ એડિશન કરીને આ આપણો જે વિભાગ છે, તે એમાંથી વધારે રેવન્યુ જનરેટ કરી શકશે. એક બીજો વિષય એવો છે કે ભૂતકાળમાં કડી તાલુકાની અંદર ઓ.એની.જી.સી.માં એક મોટી આગ લાગી હતી. ઘણા દિવસો સુધી આ આગ રહી હતી અને એ વિસ્તારની અંદર ખૂબ જ વિપુલ પ્રમાણમાં ઓઇલ પ્રસર્યુ હતુ. એ આગ બંધ થઇ જતા વર્ષે-બે વર્ષે અને અત્યાર સુધી ત્યાંના સ્થાનિક લોકો આ ઓઇલ પ્રસર્યુ હતુ અને જમીનમાં પરકોલેટ થયું હતું, એબ્સોર્બ થયું હતું તેના કારણે તેની માટીનો ઉપયોગ એ બળતણ તરીકે કરે છે. આ વિષય હું એટલા માટે મૂકી રહ્યો છું કે ગુજરાતમાં ઓ.એન.જી.સી. દ્વારા વિપુલ પ્રમાણમાં ઓઇલ કાઢી રહ્યા છીએ. જે જે વિસ્તારોમાં આ ઓઇલ નીકળી ગયું છે ત્યાં વેકયુમ થયું છે એની અંદર સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરીએ તો બળતણ તરીકે ભવિષ્યમાં આ જ વિસ્તારોનો આપણને ખૂબ મોટો ફાયદો થઇ શકે તેમ છે. કારણ કે આ ખાણ અને ખનિજ વિભાગ એવો છે કે તમે જેટલું કરો એટલું ઓછું છે. વિશ્વમાં અનેક દેશોમાં આ ટેકનોલોજીનો જે રીતે ઉપયોગ થઇ રહ્યો છે તેનો ઉપયોગ આપણે પણ કરવો જોઇએ એવું મારું માનવું છે. ભારત સરકાર તા. ૧૨મી જાન્યુઆરી ૨૦૧૫ થી માઇન્સ એન્ડ મીનરલ ડેવલપમેન્ટ રેગ્યુલેશન એમેન્ડમેન્ટ એકટ ૨૦૧૫ લાવી અને તે એકટ અમલમાં આવ્યો. મુખ્ય ખનિજ કુલ ૧૦ બ્લોક, જેમાં મુખ્ય ખનિજ લાઇમ સ્ટોનના કુલ ૭ અને બોક્સાઇટના કુલ ૩ બ્લોકનું ઇ-ઓકશન કર્યું છે. આ વિષય હું એટલા માટે મૂકી રહ્યો છું કે વર્ષો પહેલા જે રીતે ટેન્ડરની પ્રથા હતી અને ઓકશન થતું હતું તેની અંદર કેટલીક અનિયમિતતા હતી. માનનીય નરેન્દ્રભાઇ મોદી આ ઇ-ઓકશન, ઇ-ધરા, ઇ-ગવર્નન્સ આ બધા ટેકનોલોજીના જે શબ્દો લઇ આવ્યા છે, તેના કારણે ગુજરાત અને આખ દેશમાં મહદ્અંશે ભ્રષ્ટાચારને આપણે નાથી શકયા છીએ. અને ઇ-ટેન્ડરિંગની પ્રથાને કારણે પારદર્શીતા આવી છે. એટલે હું આપના માધ્યમથી આ ગૃહમાં માનનીય નરેન્દ્રભાઇ મોદીનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. આ દસ બ્લોકમાંથી આગામી દિવસોની અંદર એક સર્વે મુજબ એક આંકડો એવો છે કે જેમાં ૮,૩૭૫.૫૦ કરોડ રોયલ્ટી પેટે, ૮,૭૨૫.૯૯ કરોડ ઓક્શન પ્રીમિયમ પેટે આમ કુલ મળીને આગામી દિવસોમાં આ ઇ-ટેન્ડરિંગ પ્રથાને કારણે, આ નવી નીતિને કારણે ૧૮,૧૦૬.૮૫ કરોડની આવક થવાની છે. હાલમાં સામાન્ય વ્યક્તિના ઘરના બાંધકામથી લઇને મોટી ઇમારતો, રસ્તાઓ-નેશનલ હાઇવેથી લઇને રેલવે માર્ગ વગેરેના બાંધકામમાં સાદી રેતી, માટી, કપચી, ગ્રેનાઇટ, માર્બલ વગેરેનો વપરાશ વધી રહ્યો છે. સિમેન્ટ ઉદ્યોગ, ઇંટો, નળિયા વગેરે માટેનો કાચો માલ ખનિજ સંપતિમાંથી આપણને પ્રાપ્ત થાય છે. આ ખનિજ સંપતિ પૂરતા પ્રમાણમાં સરળતાથી મળી રહે તે માટે ઇ-ઓક્શનના કારણે અને આ નવા બ્લોકો ફાળવવાના કારણે સરકારની આ જોગવાઇના કારણે આપણને ભવિષ્યમાં આગામી દિવસોમાં ખૂબ જ ઉપયોગી સાબિત થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખાસ મારે કહેવાનો વિષય એ છે કે આ બધી ખનિજ સંપતિ લઇ જતા હોઇએ છીએ, રેતી, કપચી, ઇંટો, ગ્રેનાઇટ, ત્યારે એમાં ડમ્પરનો ઉપયોગ થતો હોય છે. અવાર નવાર આપણે મીડિયાના માધ્યમથી જાણીએ છીએ અને આપણી જાણકારીમાં આવતું હોય છે કે આ ડમ્પરોના કારણે ખૂબ મોટા પ્રમાણમાં અકસ્માતો થતા હોય છે. તેથી આ ડમ્પરના ડ્રાઇવરો માટેની એક અલગ પોલિસી બનાવવી જોઇએ એવું મારું સ્પષ્ટ માનવું છે, તો આ અકસ્માતો આપણે નિવારી શકીએ. આ એટલા માટે કહું છું કે ડમ્પરો જે અત્યારે આવી રહ્યા છે તે એટલા બધા હાઇટેક આવ્યા છે કે બી.એમ. ડબલ્યુ કે મર્સીડીઝ બેન્ઝ જેવી સ્પીડથી આ ડમ્પરો ચાલતા હોય છે અને તેના ડ્રાઇવરો છે એમને એની જાણકારી ન હોવાને કારણે અથવા સબસ્ટાન્ડર્ડ ડ્રાઇવર હોવાના કારણે આ અકસ્માતોમાં મરણ થાય છે. તેના માટે એક નવી નીતિ બનાવવી જોઇએ એવું મારું માનવું છે. ખાણ અને ખનિજ માત્ર આ મીનરલ જ કાઢે છે એવું નથી. ઇલેક્ટ્રિસિટી જનરેશન કરવાનો પણ પ્રોજેક્ટ છે. જેમાં વીન્ડ ફાર્મ, ટુક ૨૫૯.૨૬ એમ.યુ.એસ. સોલારમાં ૪.૩૧ અને એ.ટી.પી.એસ. દ્વારા ૨૮૧.૨૧ જેટલી..

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી લાખાભાઇ ભરવાડ.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રી શહેરી વિકાસ ઉપરની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

ફાલ્ગુન ૩૦, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તા મંડળો માટે રૂ. ૫,૨૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ જ રીતે અમૃત યોજના-૨ અંતર્ગત પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ, તળાવોનો વિકાસ વગેરે કામો માટે રૂ. ૩૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે મારે કહેવું છે કે મારા વિરમગામમાં ગટરો ઉભરાવવાની એટલી બધી મુશ્કેલીઓ છે કે લોકો વિરમગામને ઉભરાતી ગટરોનું શહેર એ રીતે ઓળખે છે. અમારે ત્યાં જીયુડીસી ફેઝ-૧ અને ૨ એ મુજબ ગટરનું આયોજન કરવામાં આવેલ હતું. પરંતુ ક્ષતિયુકત એ આયોજન થવાના કારણે આજે પણ ખૂબ જ ગટરો ઉભરાય છે તેના લીધે ત્યાં નર્કાગાર જેવી પરિસ્થિતિ છે. લોકોને ખૂબ જ મુશ્કેલી પડે છે, ત્યારે ફેઝ-૩ આગામી દિવસોમાં મંજૂર કરવાની છે એ ઝડપથી થાય તો એ ગટરની મુશ્કેલીઓમાંથી રાહત મળે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિરામગામ નગરપાલિકામાં ભોજવા હાંસલપુર નવા ભળેલા વિસ્તાર છે તેથી નવેસરથી ડેવપલમેન્ટ પ્લાન બનાવવામાં આવે એવી મારી માગણી છે. બીજો એક મુશ્કેલ પ્રશ્ન વિરમગામનો છે કે ટીપી નંબર-૧૦મા જમીન ભાડા પટ્ટે અગાઉ આપેલ હતી, એ ૯૯ વર્ષનો ભાડાપટ્ટો પૂરો થવાને કારણે ઘણી કોમર્શિયલ મિલકતો અને રહેણાંક મિલકતો આવેલી છે, તેથી નવેસરથી પરિપત્ર કરીને જે સરકાર દાખલ કરવામાં આવેલ છે, એ જમીનને ફરીથી પટ ભરાવીને રેગ્યુલર કરાવીને ત્યાં જે વસવાટ છે અથવા તો કોમર્શિયલ બાંધકામો છે એને રેગ્યુલર કરવાની પણ મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરો અને નગરપાલિકાના વિકાસ માટે ટીપી બનાવવામાં આવે છે. મારે ત્યાં વિરમગામમાં જાહેરાત કરવામાં આવી છે પરંતુ ટી.પી.નું કોઇ આયોજન કરવામાં આવેલ નથી. જો સારી રીતે મારા વિસ્તારનો વિકાસ કરવામાં આવે તો એના માટે ટી.પી. બનાવવાની ખૂબ જરૂરી છે એ બાબતમાં ઝડપ થાય એ પણ ખૂબ જરૂરી છે. શહેરના રોડ રસ્તા બહું જ ખરાબ છે ત્યારે રોડ રસ્તા પણ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોને ફાટક મુકત કરવાની આ સરકારની નીતિ છે ત્યારે અમારું મિલ ડોર ફાટક, સોકલી, બાલાપીર, કોકતા ફાટક અને સચાણા ફાટક ઉપર ઓવરબ્રિજ બનાવવા માટેની મારી માગણી આપની સમક્ષ મૂકું છું અને માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં આનો જવાબ આપે એવી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકા કે પાલિકામાં પશુઓ માટે કેટલ હોસ્ટેલનું કોઇક આયોજન કરીને એના માટે કયાંક જમીનો ફાળવવામાં આવે તેવી પણ મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર-૩ ઝોન રહેઠાણમાં છે ટી.પી.માં છે એ ફકત અમદાવાદમાં જ છે. આર.૩ ઝોનમાં પરિસ્થિતિ એવી થાય છે વધારે જમીનમાં ઓછા લોકો રહે છે. આર.-૧ અને આર-૨ ઝોન એવા છે કે ઓછી જમીનમાં વધારે લોકો રહી શકે. એટલે ભવિષ્યમાં ભાવિ પેઢી માટે જમીનની બચત કરવા માટે આર-૩ ઝોન હટાવીને આર-૨ કે આર-૧ કરવા એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં ડમ્પિંગ સાઇટ પીરાણા રોડ ઉપર આવેલી છે એના લીધે પ્રદૂષણ એટલું બધું ફેલાય છે કે ત્યાંના આજબાજુના ગામો ગ્યાસપુર, ઇજપુર, પીપળજ, સાવણી, નારોલ, લાંભા વગેરે શહેરોમાં ખૂબ જ પ્રદૂષણ થાય છે અને લોકોનું સ્વાસ્થય ખૂબ જ જોખમાય છે. ત્યારે મારી આપના માધ્યમથી માગણી છે કે આવી ડમ્પિંગ સાઇટ હોય કે આવો ઘન કચરાનો નિકાલ કરવાનો હોય એ માનવ વસતિ અથવા તો અમદાવાદ જેવાં મોટાં શહેરોથી લગભગ ૨૦ કિલોમિટર દૂર કરવામાં આવે એવી પણ મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારી વાત એવી છે કે અમદાવાદ શહેરના જોધપુર વોર્ડ અને સ્ટેડિયમ વોર્ડમાં ૨૪ કલાક પીવાનું પાણી આપવાની જાહેરાત સરકાર તરફથી કરવામાં આવી હતી. પરંતુ આજે પણ ત્રણ થી ચાર કલાક જ પાણી આપવામાં આવે છે પરંતુ ૨૪ કલાક પાણી આપવામાં આવતું નથી.

શ્રી બલરામ ખુ. થાવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ સમક્ષ જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને તેમાં મારો સૂર પૂરાવું છું. શહેરી વિકાસ વિભાગની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જે વિકાસની રાજનીતિના મંત્ર સાથે સૌનો સાથ સૌનો વિકાસ અને સૌના વિશ્વાસના સૂત્રને સાકાર કરવા સર્વપોષક સૌનો સમાવેશ સહભાગી આયોજન દ્વારા વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચે તે દિશામાં પરિણામલક્ષી કામગીરી કરી રહ્યા છે. અને પ્રજાભિમુખ પારદર્શક અને વિકાસલક્ષી અભિગમ સાથે કાર્ય કરીને જનતાની સેવામાં સમર્પિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની વિચારધારા જનજનની સુખાકારી એક માત્ર મંત્રને લઇને સરકાર વહીવટ કરે છે. પરિણામે ગુજરાત છેલ્લી છ-છ ટર્મથી એટલે કે ૨૭ વર્ષથી ભાજપના વડપણ હેઠળની સરકારના સુશાસનને ગુજરાતની જનતાએ સ્વીકાર્યું છે. રાજય સરકારે ગામડાં અને શહેરોનો સમતોલ વિકાસ અને જનસુખાકારીની સવલતો આપી છે. લોકો સારી રીતે જીવન ગુજારી શકે તે માટે વ્યવસાય-રોજગારી માટે સરકાર દ્વારા જનકલ્યાણકારી યોજનાઓના માધ્યમથી લોકોની પડખે રહી સરકારે પોતાનું દાયિત્વ નિભાવવાના પ્રામાણિક પ્રયાસો કર્યા છે.

## તા.૨૧મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શહેરીકરણના દરમાં વધારો થતા રાજ્યની લગભગ ૪૮ ટકા વસતિ શહેરોમાં રહે છે. શહેરમાં વસતા લોકોના જીવનસ્તરમાં સુધારા માટે માળખાકીય સગવડો સાથે નવતર સેવાઓનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. મહાનગરપાલિકા, નગરપાલિકા તેમજ શહેરી સત્તામંડળોમાં પાયાની માળખાકીય સુવિધાઓ માટે અમલમાં મૂકેલ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ-૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના સ્વચ્છ સર્વેક્ષણ-વર્ષ ૨૦૨૧માં દેશના ટોપ-૧૦ સ્વચ્છ શહેરોની યાદીમાં ગુજરાતનાં ત્રણ શહેરો સુરત, વડોદરા અને અમદાવાદ અનુક્રમે બીજાં, આઠમાં અને દસમાં ક્રમે આવેલ છે. ગાંધીનગર દેશનું સૌથી સ્વચ્છ પાટનગર બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળની રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે રૂ. ૫,૨૦૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓક્ટ્રોય નાબૂદી વળતરમાં આગામી વર્ષે ૧૦ ટકાનો વધારો કરવામાં આવનાર હોવાથી આ યોજના અંતર્ગત રૂ. ૩,૦૪૧ કરોડની જોગવાઇ કરેલ છે. રાજ્યના શહેરી વિસ્તારોમાં નવા ૫૫ હજાર આવાસોના નિર્માણ માટે સહાય આપવા રૂ. ૯૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે વિવિધ નગરપાલિકાઓમાં ૭૫ ઓપન જીમયુક્ત ગાર્ડન બનાવવા માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ૧૫માં નાણાપંચ હેઠળ આગામી પાંચ વર્ષમાં સ્થાનિક વિકાસનાં કામો માટે અંદાજે રૂ. ૬,૫૦૦ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટે રૂ. ૧,૦૬૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાનગરપાલિકાઓમાં મેટ્રોરેલ અને મેટ્રોલાઇટની સેવાઓ પૂરી પાડવા માટે રૂ. ૭૨૨ કરોડની જોગવાઇ કરેલ છે. સ્માર્ટ સિટી યોજના હેઠળ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકાને માળખાકીય સગવડો માટે રૂ. ૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

અમૃત યોજના-૨ અંતર્ગત પાણી પુરવઠા માટે, ગટર વ્યવસ્થાનું આયોજન, વરસાદી પાણીનો નિકાલ, તળાવનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે રૂ. ૩૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. શહેરી વિસ્તારોને રેલ્વે ફાટકમુક્ત બનાવવાના અભિયાન અંતર્ગત ઓવરબ્રિજ બનાવવા માટે રૂ. ૨૭૧ કરોડની જોગવાઇ કરેલ છે. ઉપરોક્ત બાબતો અંગે જે ફાળવણી કરવામાં આવેલ છે તેને સમર્થન આપી મારી વાતને વિરામ આપું છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ધારાસભ્યોની ગ્રાન્ટ છે એ બાબતમાં ચિંતા કરીને વાત કરવા માગું છું. વર્ષ ૨૦૨૦-૨૧માં અમારી દોઢ કરોડ રૂપિયાની ગ્રાન્ટ છે. એ સ્થગિત કરી કહેવાય કે શું કહેવાય?સ્થગિત કરેલી છે એ ગ્રાન્ટ આપો, પછી આ વર્ષે જે ગ્રાન્ટ આરોગ્યક્ષેત્રે વાપરેલી છે, તો એ ગ્રાન્ટ પણ આપો તો આપણું જે બજેટ છે એ રૂ. ૨,૪૩,૯૬૫ કરોડનું બજેટ છે, એમાંથી રૂ.૯૬૫ કરોડ જો આપી દો તો અમારા જે ધારાસભ્યો છે, એમના ક્ષેત્રમાં વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં પણ વિકાસ થાય. તમે ત્રણેય નેતાઓ છો એ ગ્રામ્ય વિસ્તારની ગ્રાન્ટ આપી દો, અમે એ આરોગ્યમાં વાપરીએ, અમારી ગ્રાન્ટ આપો તો અમારા ગામડાનો વિકાસ થાય અને શહેરી વિસ્તારમાં છેલ્લે પાણી નીકળે અને અને એના લીધે ગટરના પાણી ઉપરથી ચાલવું પડે, તો જો ગ્રાન્ટ આપો તો અમારા સિટી વિસ્તારના લોકો પણ રાહત મેળવી શકે. હું જે વિસ્તારમાંથી આવું છું એ માળીયા તાલુકા અને માંગરોળમાં કોઇ ઉદ્યોગો નથી. માંગરોળમાં ફાઇબર બોટનો ઉદ્યોગ ચાલુ થાય એમ છે તો એ જો ઉદ્યોગ ચાલુ થાય તો એના હિસાબે ગ્રામ્ય વિસ્તારમાં ૫ થી ૭ હજાર માણસો આ ઉદ્યોગમાં કામ કરતા હોય ત્યારે આને જો ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવે અને ઉદ્યોગનો શેડ બનાવવામાં આવે તો પાંચ-સાત હજાર નહીં, પણ દસ થી પંદર હજાર લોકોને રોજીરોટી મળે એમ છે તો આના માટે પણ સરકાર કંઇક વિચારે. માંગરોળ શહેરની આજુબાજુમાં ઓજી વિસ્તાર આવેલો છે. એ ઓજી વિસ્તાર વધારેમાં વધારે હોવાથી ઘણી વખત જિલ્લા પંચાયત એમ કહે કે અમારા વિસ્તારમાં નથી આવતો. માંગરોળ વિસ્તારમાં એમ કહે કે અમારામાં નથી આવતું તો એ વિસ્તારમાં શુદ્ધ પાણી મળી રહે એ માટે કંઇક કરવામાં આવે તો સરકારે જે પાણીની વ્યવસ્થા કરેલી છે, તો એમાં પણ આ વિસ્તારને વધારામાં વધારે લાભ મળે એવી મારી માંગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળ શહેરમાં આજદિન સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અફોર્ડેબલ હાઉસિંગ મિશન યોજનાનો લાભ મળેલ નથી. માંગરોળ શહેરમાં મોટા ભાગની વસતિ ગરીબ અને મધ્યમવર્ગની છે અને સહુ નાગરિકો ઘરનું ઘર મળી રહે તે માટે માંગરોળ શહેરમાં પણ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અફોર્ડેબલ હાઉસિંગ મિશન યોજનાનો લાભ આપવો જોઇએ એવી માગણી છે. માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળ શહેરને ભૂર્ગભ ગટર યોજનાનો લાભ પણ આજદિન સુધી મળ્યો નથી, ભૂગર્ભ ગટર યોજનાના ડી.પી.આર. પણ બનેલ નથી. આ અંગે અવારનવાર સંબંધિત સમક્ષ લેખિત-મૌખિક રજૂઆતો વિધાનસભાના ફ્લોર પણ રજૂઆતો થતી હોવા છતાં કોઇ કાર્યવાહી થતી નથી. ભૂગર્ભ ગટર યોજના ન બનવાને કારણે માંગરોળ નગરપાલિકાને રોડની સાઇડમાં પેવર બ્લોક કરવા હોય કે નવા રોડ બનાવવા હોય તેની પરવાનગી

આપવામાં આવતી નથી. આના માટે પણ સરકાર વિચારે. મારા વિધાનસભા મતવિસ્તારના માંગરોળ અને માળીયા તાલુકાઓમાંથી ખનીજ મોટા પ્રમાણમાં નીકળે છે ત્યારે તે ઉદ્યોગને વધુ પ્રોત્સાહન આપવા માટે હાલ બિલ્ડિંગ સ્ટોન અને કાળો પત્થર જે લીઝ સિસ્ટમ છે અને એ લીઝ સિસ્ટમમાં બ્લોક સિસ્ટમ છે અને એ સિસ્ટમ હિસાબે ખેતરમાંથી લાઇમ સ્ટોન, બિલ્ડિંગ સ્ટોન અને કાળો પત્થર કાઢવા માટે જે બ્લોક સિસ્ટમ છે એના હિસાબે ખેડૂતોને ખૂબ તકલીફ પડે છે તો ખરેખર ખેડૂતોને લીઝ એ એને જ આપી દેવી જોઇએ.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી અમારા સહકાર મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એ માગણી ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. હું સૌ પ્રથમ તો ભારતના ઇતિહાસની અંદર આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના દ્રષ્ટિકોણથી સહકાર મંત્રાલય શરૂ કરવાનો નિર્ણય થયો તે નિર્ણય કરનાર આ દેશના વડાપ્રધાનશ્રીને કોટી કોટી અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ સહકાર મંત્રાલયના મંત્રી અને દેશના ગૃહમંત્રી શ્રી અમિત શાહજીનો દ્રષ્ટિકોણ અને સમગ્ર ગુજરાતની અંદર જ્યારે માધુપુરા બેન્ક જેવી બેન્કોમાં કોંગ્રેસના શાસનમાં મુશ્કેલી ઉભી થઇ હતી એને મજબૂત કરવાનું કામ અમારા અમિત શાહે કરેલ છે અને તેનો અમને આનંદ છે. આ દેશના વડાપ્રધાન અને સહકાર મંત્રીશ્રીના દ્રષ્ટિકોણથી અને નાબાર્ડની ધિરાણ પોલિસી મુજબ રાજ્યના ખેડૂતોને ૭ ટકાના દરે ધિરાણ મળી રહે એવું આયોજન કરવામાં આવ્યું. રાજ્ય સરકારના ધિરાણના માળખામાં સંસ્થાઓ, ખેડૂતોને ૭ ટકાના દરે ધિરાણ પૂરું પાડવા માટે ભારત સરકારના ૨ ટકા, રાજ્ય સરકારના ૨ ટકા બેન્કોને આપવામાં આવે છે. સહકારી ધોરણના માળખાની સંસ્થાઓને આ લાભ મળતો હોય છે. ખરીદ વેચાણ માટે ૩ લાખ સુધીનું ધિરાણ ખેડૂતોને ઝીરો ટકાએ મળે એ માટે ભારત સરકારે ૩ ટકા અને ગુજરાત સરકારે ૪ ટકા રાહત આપવાનું કામ આ ભારતીય જનતા પક્ષ કરે છે. મને કહેતા આનંદ થાય છે કે સમગ્ર ગુજરાતના ખેડૂતો છેલ્લા કેટલાય વર્ષોથી ઝીરો ટકાએ ધિરાણ પ્રાપ્ત કરે છે અને એટલે અમને લોકો ચુકાદો આપે છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૯૯૯ કરોડની હતી. વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૧,૦૪૯ કરોડની હતી અને વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨ ની વાત કરીએ તો આપણી ભૂપેન્દ્રભાઇ પટેલ, અમારા સહકાર મંત્રી અને નાણામંત્રીની સરકારે રૂપિયા ૧,૨૦૦ કરોડના રિવોલ્યુશન ફંડ થકી રાહત આપવાનું કામ અમારી સરકારે કર્યું છે. આજે વાત કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું કે અમારા અમિત શાહજીએ રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમ દ્વારા ૫ હજાર કરોડનું ડેરીનું સહકારી યોજનાઓનું પેકેજ અમૂલમાં જાહેર કરેલ છે. અમે કહીએ છીએ કે ૨૫ વર્ષથી અમે શાસનમાં છીએ. અમે ખાતમુહૂર્ત કરીએ એનું લોકાર્પણ કરીએ છીએ તેમ સહકારી ક્ષેત્ર પર અમારું પ્રભુત્વ છે. અમે કોઇ અંચઇ કરી નથી. અમે લોકોના મન જીતીને સત્તા ઉપર બેઠેલા છીએ અને એનો અમને આનંદ છે. સહકારી ક્ષેત્ર સમૃદ્ધિ તરફ આગળ જઇ રહ્યું છે ત્યારે અમૂલને આજે ૭૫ વર્ષ પૂરા થયા છે. ખાનગી ડેરીઓ તરફથી પશુપાલકોને અન્યાય થતો હતો ત્યારે પ્રેરણારૂપી ત્રિભોવનદાસ પટેલે આ અમૂલની સ્થાપના કરી હતી. અમે એનું જતન કરીએ છીએ. જતન એક દ્રષ્ટિકોણ છે. અમારી અંદર વિશ્વસનિયતા છે, અમારી અંદર પ્રમાણિકતા છે એટલે સહકારી આલમમાં, તમે યાદ કરો કે આજથી ૨૦ વર્ષ પહેલાં કેટલી ડિસ્ટ્રિક્ટ બેન્કો નબળી હતી? ૯ બેન્કો નબળી હતી. અમારા નરેન્દ્ર મોદીજીની સરકાર, શ્રી અમિત શાહજીના દ્રષ્ટિકોણથી હું માનું છું કે તે બેન્કોને ઉપર લાવવા માટે વખતોવખત પોલિસી કરી અને (અંતરાય) અરે ભાઇ શ્રી વિરજી ઠુમ્મર, શેરભંડોળ પણ ભારતીય જનતા પાર્ટી આપતી હતી. પહેલાના સમયમાં ૧૮ ટકા વ્યાજ હતું. આજે ઝીરો ટકા છે. અમે ક્યારેય ખોટું બોલતા નથી, અમે સાચું બોલીએ છીએ. આજે ૩૦૦ મિલિયન લિટર દૂધ અમૂલની અંદર આવે છે. અમૂલ ડેરીની અંદર ૧૮,૬૦૦ દૂધ મંડળીઓ છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના માનનીય મુખ્યમંત્રીશ્રી ૧૦૧ અને ૧૦૨ નંબરની માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પાલનપુર વિધાનસભા મતવિસ્તારમાં આવતી પાલનપુર નગરપાલિકા અને પાલનપુર શહેર જે બનાસકાંઠા જિલ્લાનું વડુંમથક છે. મારા પાલનપુર જિલ્લાનો ઇતિહાસ ફુલો અને અત્તરોની નગરી તરીકે ઓળખાય છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ તથા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી રૂપાણીસાહેબ રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રસંગે જયારે પાલનપુર શહેરમાં આવેલ ત્યારે પ્રજાની વચ્ચે એમણે પાલનપુર શહેરને સ્માર્ટ સિટી બનાવવાનું અમને વચન આપ્યું હતું. એમના શબ્દોમાં જ એમણે કહેલું. પાલનપુર નગરપાલિકામાં મોટેભાગે ભારતીય જનતા પાર્ટીનું શાસન રહેલું છે. આ શાસનમાં છેલ્લાં ૨૫ વર્ષથી કોઇપણ પ્રકારના વિકાસ કાર્યો થયા નથી. પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટો શહેરી વિકાસ વિભાગ દ્વારા મળતી હોય અને નાગરિકોએ ભરેલા ટેક્સનું વળતર આજસુધી મળેલ નથી. આજે પણ પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં પાણીની સુવિધા જેવી કે રેગ્યુલર પાણીની વ્યવસ્થા, ભુગર્ભ ગટર લાઇનની વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા પણ નાગરિકોને મળેલ નથી. જયારે ગુજરાતમાં મોટાં શહેરો અને કોર્પોરેશનમાં જે રીતના સાથી ધારાસભ્યો વાત કરતા હોય ત્યારે અમને પણ દુઃખ થાય કે કાંકરીયા રિવર ફ્રન્ટ જોવાની વાત કરતા હોય ત્યારે હું પણ વિનંતી કરું છું કે શહેરી વિકાસ વિભાગના અધિકારીશ્રીઓ, મંત્રીશ્રીઓ પણ અમારા પાલનપુરની મુલાકાત લે. એની જાહેરાત કર્યા વગર જો મહેસૂલ મંત્રી રિક્ષામાં જઇને મુલાકાત લેતા હોય એ જ રીતે અમારા પાલનપુર શહેરની જો મુલાકાત લેવામાં આવે તો ગુજરાતનો અને નાની નગરપાલિકાનો

જે વિકાસ થયો છે એનો આપણે ખ્યાલ આવે. ગુજરાત નગરપાલિકાઓમાં કામ કરવામાં આવે તો સરકારનું સૂત્ર છે કે સૌનો સાથ, સૌનો વિકાસ, પરંતુ આજદિન સુધી મારી નગરપાલિકામાં વિકાસ દેખાતો નથી. ભુગર્ભ ગટરલાઇનનું ખાતમૂહુર્ત કર્યે સાતથી આઠ વર્ષનો સમય થયેલ છે. મારા ધ્યાન પ્રમાણે માનનીય તત્કાલીન મહેસૂલ મંત્રીએ એ સમયમાં કરેલું હતું. આ ભુગર્ભ ગટર લાઇન યોજના પાછળ અંદાજે ૧૩૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવા છતાં એનો લાભ પાલનપુરના નગરવાસીઓને મળેલ નથી અને મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થયેલ છે તો આપને અનુરોધ છે કે તપાસ થવી જોઇએ. સાથેસાથે ગરીબ, મધ્યમ પરિવારના નાગરિકો માટે શ્રી રાજીવ આવાસ યોજના. આ યોજનામાં ૧,૭૫૦ આવાસો બનાવેલ છે. જેમાં ૨૫૦ આવાસો માલણ દરવાજા પાસે તથા ૧,૫૦૦ આવાસો સદરપુર સર્વે નંબર ૮૫માં બનાવેલ છે. આ આવાસોમાં ગરીબ પરિવારના કુટુંબો પાસેથી ૬૦,૦૦૦ રૂપિયા લઇને ૨૫૦ મકાન જે માલણ દરવાજા પાસે આપવામાં આવેલ છે, ત્યારે આ ગરીબ પરિવારની હાલત ખૂબ જ ચિંતાજનક થઇ છે. આ આવાસોમાં જવા માટે રસ્તો નથી, પાણીની સુવિધા નથી, ભુગર્ભ ગટર લાઇનની સુવિધા નથી. ચોમાસામાં મકાનોમાં પાણી પડે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૪૯, ૫૦ અને ૫ નંબરની માગણીઓ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું, ત્યારે મારો મત વિસ્તાર દાંતા છે, પણ હું અત્યારે અંબાજી મત વિસ્તારમાંથી આવું ત્યારે અંબાજી માતાજીના વિસ્તારની શરૂઆત માગણી ઉપર કરતા હોઇએ ત્યારે મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે સવા છ કરોડની જનતા સાથે ગુજરાતના તમામ ધારાસભ્યો અંબાજી વિસ્તારમાં દર્શન કરવા આવતા હોય, ત્યારે અંબાજી ટ્રસ્ટ અંગે તે વિસ્તારના ધારાસભ્ય તરીકે મારી ભૂલ ન થતી હોય તો કહેવા માગુ છું કે *(xxx) એ જ રીતે બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ વિસ્તારની વાત કરીએ તો ત્યારે ઈન્દિરા આવાસ, સરદાર આવાસ અને શૌચાલયની વાત કરું ત્યારે ફરીથી ભ્રષ્ટાચારનું મોટું હથિયાર કહેવાય તેની મુશ્કેલી છે. સરકારની યોજના સાચી છે, પણ જ્યારે જ્યારે લાભાર્થીને શરૂઆતમાં હપ્તો આપવામાં આવે ત્યારથી હપ્તા રાજ ચાલુ થાય છે. મારો કહેવાનો  વિષય એ છે કે લાભાર્થીને જે વખતે લાભ આપીએ, એ દિવસથી કયાંકને કયાંક લાભાર્થી પાસેથી ૫,૦૦૦ રૂપિયા લેવાની શરૂઆત થઇ રહી છે. બીજો હપ્તો ફરીથી ૫,૦૦૦ રૂપિયાનો આપીએ ત્યારે લાભાર્થી પાયો પૂરે એના સિવાય એ મકાન પૂરું કરી શકતો નથી, એટલે સરકારને વિનંતી છે કે એક વ્યવસ્થાના ભાગરૂપે આ વ્યવસ્થા સુધારે અને ગરીબ લાભાર્થીઓને લાભ આપીએ છીએ તે વહેલામાં વહેલી તકે મકાન પૂરું થાય ત્યારે  લાભ આપી સરકારની યોજના પરિપૂર્ણ કરીએ છીએ તેવું વિચાર કરી શકીશું. આપણી સરકારની યોજનાનો લાભ એ અલગ અલગ યોજનાથી એમને લાભ આપતા હોય તો આ વિસ્તારની અંદર આદિવાસીઓના નળિયા પણ કદાચ રસ્તા ઉપર સોનાના થયા હોય. જાહેરાત બહુ મોટી થાય છે. વાસ્તવમાં જગ્યા ઉપર એવું નથી. વિનંતી કરું છું કે અંબાજી જતા આવતા વિસ્તારમાં જોજો. નીતિનકાકા અહીયા બેઠા છે. ગઇ વિધાનસભામાં મારા પોતાના શબ્દો અને મારો પ્રશ્ન હતો એ વખતે નીતિન કાકાએ મને મંત્રી તરીકે વચન આપ્યું હતું.  જે તે વિસ્તારની અંદર ગુજરાતના જે જે યાત્રાધામો છે ત્યાં સ્થાનિક ધારાસભ્ય એ સભ્ય તરીકે હોય છે. આમાં જાતિવાદી અથવા ભેદભાવ રીતે સ્થાનિક ધારાસભ્યને સભ્ય તરીકે જાણીજોઇને અંદર મૂકવામાં આવ્યા નથી. નીતિન કાકાએ વચન આપ્યું હતું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**આક્ષેપાત્મક શબ્દો દૂર કરવા અંગે**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય કાંતિભાઇ પ્રવચન કરતા હતા. એમણે શરૂઆતમાં ડિસ્ટર્બ ન કર્યા. એમણે એમ કહ્યું કે *(xxx) અને એની તપાસ થવી જોઇએ. તપાસ કરવાનો, માગણી કરવાનો એમનો અધિકાર છે. મારો પ્રશ્ન એ છે કે લાખો ભક્તો અંબાજી માતાના દર વર્ષે દર્શન કરે છે. અને પોતપોતાની શક્તિ, ભક્તિ પ્રમાણે દાન, ધર્માદો આપે છે. આ આક્ષેપ આપણા રેકર્ડ ઉપર ચાલુ રાખીએ તો મારું માનવું છે કે ભક્તો દાન આપતા હોય, ભેટ આપતા હોય તેમને ક્ષોભ થાય. *(xxx) તો મારી માગણી એ છે કે, એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ. કાન્તીભાઇને ટ્રસ્ટના સંચાલનમાં કોઇ પ્રશ્ન હોય તો કલેકટરશ્રી તેના અધ્યક્ષશ્રી છે, મંત્રીશ્રી પ્રવાસન એ પવિત્ર યાત્રાધામ વિભાગ સંભાળે છે તેમને તમે જઇને મળી શકો છો અને કહી શકો છો કે, ટ્રસ્ટમાં આટલી આટલી ભૂલ થાય છે, ગેરરીતિ થાય છે, ખોટું થાય છે. તેમને જે કહેવું હોય તે કહે, પણ આ શબ્દો રેકર્ડ ઉપર ચાલુ રહે તો લાખો ભક્તોની લાગણી દુભાય. હમણાં જ હોળીના તહેવાર પછી મેં વાંચ્યું કે, ૪૫ કરોડ રૂપિયા કોરોના પછી ભક્તોએ અંબાજી માતાના મંદિરમાં દાન આપ્યું છે અને અનેક કિલો સોનું ભક્તોએ દાન આપ્યું છે. લોકો આવી શ્રદ્ધાથી દાન આપતા હોય ત્યારે આવા મનઘડત, બિનપાયેદાર આક્ષેપ કરવા યોગ્ય નથી અને તે રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ. કાં તો કાન્તીભાઇ તમે પાછા ખેંચો તો વધારે સારું લાગશે. તમને યોગ્ય લાગે તો તમે મંત્રીશ્રીને તપાસ કરવા માટે મળી શકો છો, પણ રેકર્ડ ઉપર ના રાખવા જોઇએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતનું દેવસ્થાન છે. માતાજીને કોણ નથી નમતું તે સવાલ છે. હું સ્થાનિક ધારાસભ્ય તરીકે સરકારને ઉજાગર કરવા માગુ છું. હું આપના ધ્યાન ઉપર મૂકું છું કદાચ જો માતાજીનું આવું થતું હોય તો હું સ્થાનિક ધારાસભ્ય તરીકે ઉજાગર કરવા માગુ છું. આપ તપાસ કરાવી શકો છો.

અધ્યક્ષશ્રી : એ બરાબર છે. *(xxx) એટલે રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય શ્રી વિનોદભાઇ, હવે મારી પાસે સમય નથી. બિલકુલ સમય નથી. પ્લીઝ પરેશભાઇ. વિનોદભાઇ આપ ચાલુ કરો. ના ના મારી પાસે સમય નથી. મંત્રીશ્રીને ખાલી પંદર જ મિનિટ આપી છે. બહુ ડીટેઇલમાં વાત થઇ ગઇ. નીતિનભાઇએ ખૂબ સરસ કહ્યું છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રની માગણી ક્રમાંકઃ ૧૦૧ અને ૧૦૨ અંગે ગૃહ સમક્ષ મંજૂરી અર્થે ઉપસ્થિત થયો છું. કુલ રૂપિયા ૧૪,૨૯૬ કરોડ ૮૩ લાખની માગણીઓ ગૃહની મંજૂરી અર્થે રજૂ કરી છે. આ સન્માનનીય ગૃહ આ માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે તે માટે મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત શરૂ કરતાં પહેલાં વ્યસ્તતાના ધબકાર માટે, જીવતરના પડકાર માટે, સોગંદના સારા કાળ માટે, નિત નવા કાર્યકલાપ માટે, અમે વિકાસ માટે પ્રતિબદ્ધ છીએ. અહીં આશરે ૧૫ થી ૧૬ જેટલા સદસ્યશ્રીઓએ પોતપોતાના વિચારો રજૂ કર્યા છે. નગરપાલિકાઓથી મહાનગરપાલિકાના પ્રશ્નોની કાંઇ નાની મોટી રજૂઆતો આવી છે. હમણાં શ્રી બાબુભાઇ વાજાએ જે વાત કરી કે તેના વિસ્તારની અંદર આવાસ યોજના બનતી નથી. માંગરોળ નગરપાલિકાના લગભગ ૨૭૯ આવાસો પૂર્ણ કરી દેવામાં આવ્યા છે અને બીજા બીએલસી કલાસના ૨૯૮ આવાસો આપના વિસ્તારમાં બની રહ્યા છે. બીજી વાત શ્રી કાન્તીભાઇ સોઢા પરમાર આણંદે જે વાત કરી કે ત્યાં ડી.પી. ઘણા સમયથી બનતા નથી. તો આણંદની અંદર ડી.પી સરકારશ્રીમાં વિચારણા અર્થે છે. ટૂંક સમયમાં આણંદને ડી.પી. મળી જવાનો છે. આણંદને નવા ત્રણ એસ.ટી.પી. પ્લાન્ટ મંજૂર કરવામાં આવ્યા છે. તેની સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. માનનીય શ્રી અંબરીશભાઇ ડેરે જે વાત કરી અને તેમનું સૂચન ખરેખર સાચું છે. જે નગરપાલિકાઓ હોય છે તેમાં બહારથી આવતા રસ્તા અંદર પાસ થાય છે તેના લીધે ટ્રાફિકની સમસ્યા ઉભી થાય છે. તેવા રસ્તાઓને અત્યારથી પહોળા રાખવા જોઇએ. તે સૂચનને હું આવકારું છું. કારણ કે, આવનારા દિવસોમાં આવનારી પેઢી માટે આ જરૂરી છે અને જો કોઇએ એ પ્રકારે મંજૂરી આપી હશે તો અમે તપાસ પણ કરાવીશું. બીજું, રાજયના વિકાસની પાયાની કોઇ વાત હોય તો એમાં સૌથી પહેલા ડી.પી. આવે છે, ત્યાર પછી ટાઉન પ્લાનિંગ સ્કીમ આવે છે અને મને કહેતા આનંદ થાય છે કે, દેશમાં ગુજરાત રાજય ટાઉન પ્લાનિંગ સ્કીમ અમલીકરણમાં પહેલા નંબર પર છે. ગયા વર્ષે સરકારે ૧૦૦ કરતા વધારે ટાઉન પ્લાનિંગ સ્કીમો મંજૂર કરી છે અને આ ચાલુ વર્ષમાં એના કરતા પણ વધારે મંજૂર કરવાના લક્ષ્ય સાથે સરકાર પ્રતિબદ્ધ છે અને મક્કમતાથી આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ રીતે રજૂઆતો પીરાણા ડમ્પિંગ સાઇટની થઇ. પીરાણા ડમ્પિંગ સાઇટની વાત કરું તો સ્વચ્છ ભારત મિશનને ૨જી ઓકટોબરે પાંચ વર્ષ પૂરા થયા અને સ્વચ્છ ભારત મિશન પાર્ટ ટુ લોન્ચ કરવામાં આવ્યું અને એ સમયે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ ત્યાં હાજર રહ્યા હતા ત્યારે સદભાગ્યે મારે પણ ત્યાં હાજર રહેવાનું થયું. માનનીય પ્રધાનમંત્રીશ્રી એ લોન્ચિંગ વખતે હાજર રહ્યા હતા અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જે બજેટ ફાળવવામાં આવ્યું છે, ત્યારે આવનારા દિવસોમાં રાજયભરમાં નગરપાલિકા હોય, મહાનગરપાલિકા હોય એની આસપાસ અત્યાર સુધીનાં વર્ષો જૂના કચરાનાં જે ઢગલાઓ છે અને એ ડમ્પિંગ સાઇટો છે એ આજની નથી એ વર્ષો જૂની છે અને હું સ્વીકારું છું કે આ ડમ્પિંગ સાઇટોને હટાવી ત્યાં સ્વચ્છતા જાળવવી જોઇએ. આ ઘન કચરો જે ખૂબ જૂનો ઘન કચરો છે એનો નાશ કરવો જોઇએ અને નાશ કરવા માટે ભારત સરકાર અત્યારે ગ્રાન્ટ આપી રહી છે અને એજ દિશામાં ગુજરાત સરકાર પણ આગળ વધી રહી છે. અત્યારે એ કામગીરી ચાલુ છે અને પીરાણા ડમ્પિંગ સાઇટ પર પણ એ કામ ચાલુ છે. લગભગ અત્યારે મશીનો દ્વારા દૈનિક ૧૫ હજાર મેટ્રિક ટન ઘન કચરાનું પ્રોસેસિંગ કરવામાં આવે છે. પીરાણા ડમ્પિંગ સાઇટ ખાતે ૧ કરોડ ૨૫ લાખ મેટ્રિક ટન ઘન કચરો હતો, એમાંથી અત્યાર સુધીમાં ૫૩ લાખ મેટ્રિક ટન ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસિંગ કરી નિકાલ કરવામાં આવ્યો છે અને પીરાણા ખાતે અત્યાર સુધીમાં ૨૪ એકર જમીન ખુલ્લી કચરા મુક્ત કરાયેલ છે અને આ જમીન કચરા મુક્ત કરીને હાલની તારીખે ત્યાં ગાર્ડન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. હજુ ત્યાં જે બાકી છે અને કચરાના ઢગલા દેખાય છે એ ઢગલાઓને દૂર કરીને આવનારા દિવસોમાં ગુજરાતની અંદર કોઇ પણ જગ્યાએ કચરાના ઢગલા રહેવાના નથી. અત્યારે જે નવી ટેકનોલોજી છે એનો ઉપયોગ કરીને પ્રદૂષણ મુક્ત ગુજરાત બનાવવાના છીએ ત્યારે આવનારા દિવસોમાં એક નગરપાલિકાને પોસાય નહીં એટલા માટે નાની નાની નગરપાલિકાઓનું એક ક્લસ્ટર બનાવીને ઘન કચરાનો કઇ રીતે વૈજ્ઞાનિક ઢબે નાશ થાય અને પ્રદૂષણ ન વધે એનું ધ્યાન રાખવામાં આવશે. આવનારા દિવસોમાં ૧૫૬ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકાને સ્વચ્છ બનાવવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, સ્વચ્છ ભારત મિશન-૨ જેનું પ્રધાનમંત્રીશ્રીએ લોન્ચિંગ કર્યું છે અને એના માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, એ જોતા આવનારા દિવસોમાં રાજયભરમાં નાની નાની નગરપાલિકાઓની અંદરથી કચરાને ઉઠાવીને ક્લસ્ટર બનાવીને એનો નિકાલ કરવામાં આવનાર છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણા માનનીય

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સભ્યશ્રીઓ ટાઉન પ્લાનિંગ સ્કીમોની વાત કરી, ટાઉન પ્લાનિંગ સ્કીમ બનાવવામાં આવે છે, એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી સૂચના આપવામાં આવી છે કે, નાની નાની નગરપાલિકાઓ જેવી કે બોટાદ હોય કે અમરેલી હોય, એમાં પ્રશ્ન એ ઉભો થાય છે કે એને ટાઉન પ્લાનિંગ સ્કીમમાં જે જમીન કપાત જતી હોય એ કપાતના કારણે ખેડૂતો તૈયાર થતા હોતા નથી. તેમને પૂરેપૂરી માહિતી હોતી નથી કે આ જમીન ટાઉન પ્લાનિંગ એક્ટ લાગવાથી પોતાની જમીનની વેલ્યુ વધે તે તેમને ખ્યાલ હોતો નથી, પરંતુ નગરપાલિકાઓને અમારે જયારે પ્રવાસ થયો તે દરમિયાન જે પ્રકારે બધાને સમજાવવામાં આવ્યા છે તે જ રીતે આગળ જવા નગરપાલિકા વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હિંમતસિંહભાઇએ પણ વાત કરી કે પાણીની સમસ્યા અને ગંદુ પાણી વિરમગામની અંદર પણ એ વાત થઇ કે ગંદુ પાણી અને ગટર ઉભરાય. વિરમગામ હોય કે અમદાવાદ હોય મેં વર્ષો જૂનું દાયકાઓ સુધી મેં આ પીડા ભોગવેલી છે અને જોયેલી છે. પાણીના ટેન્કર ઉપર હું પણ ચડયો છું અને ખારા પાણી પીવા માટે ટેન્કરોમાં લાઇનો લાગતી હતી અને પાઇપો નાંખી અને લાવતા તેમાં ઝઘડા થતા હતા. આ દ્રશ્યો મેં આજથી વીસ વર્ષ પહેલાં જ જોયેલાં છે. અત્યારે વાત કરું તો નળ સે જળની યોજનાની હું વાત કરું. ગુજરાતની અંદર ૯૫ ટકા કામ નળ સે જળમાં પૂર્ણ કરી દેવામાં આવ્યાં છે, જે બાકી એરિયા બતાવ્યા છે તે બાકી એરિયા અને નવા વિસ્તારોની અંદર અમારા સુરતની અંદર ૨૫-૨૫ વર્ષ સુધી વિસ્તારો ભળ્યા તેને સુવિધા નહોતી મળી. હાલની તારીખમાં અન્ય નગરપાલિકાઓની અંદરથી જે પ્રકારે દરખાસ્તો આવે છે આવનારાં ૩૦ વર્ષને ધ્યાનમાં રાખીને તેની સૈદ્ધાંતિક મંજૂરીઓ, કરોડો રૂપિયાના ખર્ચની સૈદ્ધાંતિક મંજૂરીઓ આપવામાં આવી રહી છે. મને કહેતા આનંદ થાય છે કે, એક પણ નગરપાલિકાની દરખાસ્ત અહીંયા સરકારની મંજૂરી અર્થે આવી હોય અને તે પૈસાના વાંકે અટકે એવી એક પણ ઘટના નથી ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, ભૂપેન્દ્રભાઇ પટેલની આ સરકાર પૂરા મક્કમ નિર્ધાર સાથે જયારે આગળ વધી રહી છે ત્યારે ગુજરાત રાજયના તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા શહેરોનો સર્વાંગી વિકાસ થાય અને નાગરિકોને ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સ્પષ્ટ વિઝનથી વર્ષ ૨૦૦૫ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું ત્યારથી લઇને આજ સુધી આ યોજના ચાલુ છે. શહેરોની અંદર સારો વિકાસ કઇ રીતે થઇ શકે, શહેરોની અંદર માળખાકીય સુવિધાઓ કઇ રીતે બની શકે એ ધ્યાને લઇ કરોડો રૂપિયાની અમૃત યોજના હોય આ યોજનાઓને આગળ વધારતા શહેરોની સુખાકારી માટે આ વધારેમાં વધારે આગળ વધી રહ્યા છે ત્યારે આ ફળદાયી પરિણામો રાજયની જનતાને મળી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં તમામ વિસ્તારનો આયોજનબદ્ધ વિકાસ થાય તે માટે અલગ અલગ પ્રકારની સુવિધાઓ અને જેવા કે અત્યારે નગરપાલિકાઓની અંદર નગરપાલિકાઓમાં આગવી ઓળખ તરીકે જે કામો ઓળખાય આપણે વાત કરીએ ગિફ્ટ સિટીની. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે, ગૌરવ લઇ શકાય એવી ગિફ્ટ સિટી માનનીય પ્રધાનમંત્રીશ્રીએ આપણને ગુજરાતની અંદર આપી છે. આ ગિફ્ટ સિટીના કારણે ગુજરાતના અમદાવાદના મળીને અત્યારે હાલ ૧૧ હજારથી પણ વધારે લોકોને તેમાં નોકરી મળી ગઇ છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટ છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જી. આ બધાની અંદર જો વાત કરીએ તો સૌથી મોટું ડોલરનું વટાવ છે ગૌરવ થાય કે દેશમાં કયાંય ડોલરનો વટાવ નથી થતો, કેટલીય કન્ટ્રીઓની અંદર ડોલરનો વટાવ નથી થતો. અહીંયા ટોલ બિલ્ડિંગ બનાવવાથી બહારના અલગ અલગ દેશના લોકો એ ગુજરાત આવ્યા છે અને એ ગુજરાતમાં તેને એફએસઆઇ લઇ જે બંજર જમીન પડી હતી તે બંજર જમીનને ડેવલપ કરવામાં આવી અને ડેવલપ કર્યા પછી વેંચી અને તેમાંથી જે પૈસા ઉત્પન્ન કર્યા અને જેથી લઇને આજની તારીખમાં કરોડો રૂપિયાનું આવનારા દિવસોમાં આપણને ટેક્સ એ ગુજરાતને મળવાનો છે. કાયમી માટેની આવકના સ્ત્રોતો તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ આને ઉભા કરતા ગયા છે, નહીંતર દિલ્હીમાં પણ બની શકે, મહારાષ્ટ્રમાં પણ બની શકે, પરંતુ ગુજરાતમાં જ એક જગ્યાએ આ ડોલરનો વટાવ થાય છે અને ૨૨ કલાક આ બેન્ક કાર્યરત રહે છે ત્યારે મને ખૂબ ગૌરવ થાય છે કે આ જ વહીવટી હતો આ હું વર્ષ ૧૯૯૫ પહેલાંની વાત કરું છું. લગભગ ૧૬૫ કે ૮૦ કરોડનું આ આખું શહેરી વિકાસનું બજેટ હતું. આજની તારીખમાં આટલુ બધું અધધધ કહી શકાય એવું બજેટ આજે રાજય સરકાર માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી માનનીય નાણામંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન અને આભાર માનુ છું કે અમારા શહેરી વિકાસ મંત્રાલયને આટલુ બધુ બજેટ ફાળવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે અલગ અલગ યોજનાઓ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી હોય કે અમારા સુરતનું ગોપી તળાવ જેમ કાંકરીયાની વાત થઇ તે જ પ્રકારે અમારે સુરતનું ગોપી તળાવ એક ઐતિહાસિક તળાવ છે અને હમણા ભાઇએ વાત કરી કે અમારા વિસ્તારમાં વિકાસ ઓછો થાય છે અને એક તરફ વધારે થાય છે. હું એમને જણાવું છું કે જે વિસ્તારમાં વિકાસ નથી થતો એ વિસ્તારમાં નાનાં-મોટાં દબાણો હોય, સરકારી સુવિધાઓ માટે જ્યાં પણ દબાણ હોય એ સાથે મળીને હટાવીએ અને એ હટાવ્યા પછી ત્યાં સરકારી સુવિધાઓ, સારા પ્રકલ્પો પણ કરીએ, પરંતુ એના માટે આપણે સાથે રહેવું પડશે. કારણ કે, જ્યારે તંત્ર સરકારી મિલકત હસ્તગત કરતું હોય ત્યારે આ પ્રકારની અડચણો પણ આવતી હોય છે. આપણે જ્યારે રાજ્યના સર્વાંગી વિકાસની વાત કરતા હોઇએ ત્યારે કોઇ શહેર કે કોઇ વિસ્તાર એમાંથી બાકી રહેતો નથી. હવે મારે છેલ્લે એક જ વાત કરવી છે પછી હું મારી વાતને પૂરી કરું છું. સ્માર્ટસિટી મિશનનું ધ્યેય. મુખ્યત્વે શહેરીજનોને પાયાની સુવિધા તેમજ

ગુણવત્તાયુક્ત જીવન પ્રદાન કરવાનો, સ્માર્ટ સોલ્યુશન આપવાનો તેમજ સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણ પ્રાપ્ત કરાવવાનો છે. સ્માર્ટસિટી અંતર્ગત આશરે રૂ.૧૨,૬૫૪ કરોડથી વધારે રકમનાં કામ આવરી લેવામાં આવ્યાં છે. હું બજેટમાં પહેલી વખત ઊભો થયો છું ત્યારે મને એક કવિતા યાદ આવે છે. દુષ્યંતકુમારની એક પ્રસિદ્ધ કવિતા છે એ મારે કહેવી છે.

'' હો ગયી હૈ પીર પર્વત સી પીઘલની ચાહિએ,
ઇસ હિમાલયસે કોઇ ગંગા નીકલની ચાહિએ,
તેરે સીને મે નહિ તો મેરે સીને મે સહિ,
તેરે સીને મે નહિ તો મેરે સીને મે સહિ,
આગ કહિ ભી લેકિન કોઇ આગ જલની ચાહિએ,
સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહિ,
કોશિશ રહેગી કિ સુરત બદલની ચાહિએ.''
ભારત માતા કી જય, જય જય ગરવી ગુજરાત

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય ગૃહમાં સુંદર મજાની માગણીઓ લઇને આવ્યો છું અને મને આશા છે કે વિપક્ષમાં બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓનાં સૂચનો પણ મેં આવકાર્યા છે. આ માગણીઓને જો મંજૂરી આપશો તો વિકાસને વધારે બળ મળશે. એટલા માટે આશા રાખું છું કે આપના તરફથી સર્વાનુમતે માગણીઓ મંજૂર કરવામાં આવે.

શ્રી જગદીશ વિશ્વકર્મા **(** રાજ્ય કક્ષાના ખાણ**,** ખનીજ અને સહકાર મંત્રીશ્રી **)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત શરૂ કરું એ પહેલાં મને જણાવતાં આનંદ થાય છે અને ગર્વની લાગણીનો અનુભવ થાય છે. ગૃહના તમામ સભ્યોને કદાચ ગર્વ થશે. જેઓની રાહબરી હેઠળ અને લોકોની સુખાકારી અને કલ્યાણ અર્થે જે કાર્ય કરી રહ્યા છે અને એક વખતના આપણા ગૃહના નેતા એવા ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને અમેરિકાની ગ્લોબલ લીડર એપ્રુવલ ટ્રેકર અને મોનિટરિંગ કન્સલ્ટે આ વખતે ૭૭ ટકા રેન્કિંગ સાથે એમને નવાજ્યા છે. વિશ્વના સૌથી લોકપ્રિય લીડર તરીકે એમને આખા વિશ્વએ સ્વીકાર્યા છે. એક થી પાંચમાં એવા કોઇ લીડર ન આવી શકે એ રીતે એમને નવાજ્યા છે એ માટે આખા ગૃહ વતી દેશના વડાપ્રધાન શ્રી મોદીજીને અભિનંદન આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ઉદ્યોગ, ખાણ ખનીજ અને સહકાર વિભાગ પરની માગણીઓ પરની ચર્ચામાં જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે, સૂચન કર્યાં છે, જે મિત્રોએ સમર્થન આપ્યું છે, તેમના વિચારો રજૂ કર્યા છે, સાથો-સાથ સરકારની કામગીરીને બિરદાવી છે તેમના સૌના વિચારોને આવકારું છું અને હૃદયથી આભાર માનું છું. આજે ઉદ્યોગ અને ખાણ, ખનીજ વિભાગ માટે વર્ષ ૨૦૨૩માં રૂ.૫,૯૯૭ કરોડ ૨૫ લાખની અંદાજપત્રમાં જોગવાઇની માગણી લઇને સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. એક બીજી આનંદની વાત એ છે કે ૧૯ માર્ચ, ૨૦૨૨ના રોજ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની અધ્યક્ષતામાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે આપણા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને દિલ્હી હાજર રહેવાનું સૌભાગ્ય મળ્યું હતું. જાપાનના વડાપ્રધાન ફ્યુમિઓ કિશિદા તથા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની ઉપસ્થિતિમાં ઈન્ડિયા-જાપાનની ઈકોનોમિક્સ ફોરમનો કાર્યક્રમ યોજાયો. જેમાં માનનીય નાણામંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર તથા મારૂતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. જે અંતર્ગત જાપાનની સુઝુકી મોટર્સ કોર્પોરેશને વર્ષ ૨૦૨૬ સુધીમાં ૧૦,૪૪૫ કરોડનું જંગી રોકાણ કર્યું છે. આનંદની વાત છે કે આવનારા દિવસોમાં ગુજરાતમાં રોજગારીની ખૂબ મોટી તકો ઊભી થવાની છે. અમારી સરકારનું પ્રમાણિકપણે સતત પ્રયત્નો કરતું પરિણામ રાજ્યના સર્વાંગી વિકાસ અને અમારા લોકાભિમુખ સુશાસનની ફળશ્રુતિ સ્વરૂપે વર્ષ ૨૦૨૦-૨૧માં દેશનું સૌથી વધુ રૂ. ૧ લાખ ૬૩ હજાર કરોડનું વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં આવેલ. દેશના કુલ રોકાણના ૩૭ ટકા રોકાણ માત્ર ગુજરાતમાં આવ્યું હતું, એ સાબિત કરે છે કે ગુજરાત હંમેશા બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩થી શરૂ કરવામાં આવેલ વાઇબ્રન્ટ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ થકી ઉદ્યોગોથી રોજગારીનું સર્જન થઈ રહ્યું છે. વિકાસની દિશામાં આગળ વધવા ઉદ્યોગ એક અગત્યનું પરિબળ છે. ગુજરાત સરકાર નાનાથી લઈને મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા સતત પ્રયત્નશીલ રહી છે. જેના કારણે આજે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં ગુજરાત એ સમગ્ર દેશમાં અવ્વલ નંબરે છે. ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સ ૧૦ સેક્ટરમાં ૫૮ ઈન્ડિકેટર્સ પર આધારિત છે, જેમાં ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કરેલ છે. આ બધી ઈન્ડ્સ્ટ્રીઝ આવે તેના માટે સારા કૌશલ્યની જરૂર પડે. હું માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈને અભિનંદન આપીશ કે કૌશલ્ય યુનિવર્સિટીની સ્થાપના પણ ગુજરાતમાં કરવામાં આવી. જેના કારણે રાજ્યના યુવાનોનું વધુ કૌશલ્ય મેળવી અને સુસજ્જતાનો લાભ ગુજરાતના ઉદ્યોગોને મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી વર્ષ ૨૦૨૦માં લાવવામાં આવી. યુવા ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યોજના તા.૦૧/૦૯/૨૦૨૦થી અમલમાં આવી છે. જે અંતર્ગત સ્ટાર્ટઅપને પ્રતિ માસ રૂ. ૨૦,૦૦૦ અને ઓછામાં ઓછા એક ઈન્વેસ્ટર મહિલા સંસ્થાપક હોય તો તેને રૂ. ૨૫,૦૦૦ નું એલાઉન્સ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આ પોલિસી હેઠળ ૩૦૫ જેટલા ઈનોવેટિવ પ્રોજેક્ટ માટે ગુજરાતના યુવાધને માન્યતા મેળવી છે અને સફળતાપૂર્વક કામ કર્યું છે. હમણા જ કોઈ મિત્રએ કહ્યું હતું કે વર્ષો પહેલાં ગુજરાત એક માન્ચેસ્ટર કહેવાતું હતું.

એ માન્ચેસ્ટર સો ટકા હતું પણ માનચેસ્ટરનો અંત તમારી સરકારમાં આવ્યો હતો અને વેલ્યુએબલ ઈન્ડસ્ટ્રીઝને શરૂ કરવા માટે, છૂટછાટ આપવા માટે જો કોઈ યોજના લાવ્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. આવા લગભગ અંદાજિત વીસેક એકમોને ભૌતિક લાભ આપવાનો અમારો લક્ષ્યાંક છે. ઔદ્યોગિક નીતિ- વર્ષ ૨૦૨૦ની વાત કરું તો એમ.એસ.એમ.ઈ. એકમો માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવામાં આવી છે. જેવી કે કેપિટલ વ્યાજ સહાય યોજના, વ્યાજ સહાય યોજના, ગુણવત્તા સહાય યોજના, પેટર્ન રજિસ્ટ્રેશન માટેની સહાય યોજના, પાવર કનેક્શન ચાર્જમાં રાહતની યોજના, રેન્ટ આસિસ્ટન્ટ યોજના. આ ઔદ્યોગિક નીતિ હેઠળ ૩૯થી વધુ એમએસએમઈ એકમોની અરજીઓ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે મંજૂર કરી છે. આ એકમો દ્વારા રાજ્યમાં કુલ ૧,૩૦૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું છે અને કુલ ૭,૯૦૦ કરતા વધારે રોજગારી પ્રાપ્ત થઈ છે. સાથે સાથે કહીશ કે ગુજરાત સરકાર ઈન્ડસ્ટ્રીઝને અનુકૂળ જે સ્કીમો લાવી રહી છે, તેમાં રિસર્ચ અને ડેવલપમેન્ટની યોજના પણ છે. કોઈ પણ કંપનીને પોતાની લેબૉરેટરી ખોલવી હોય, સાધનો લાવવાં હોય કે ટેસ્ટ રેન્ટિંગ સેન્ટરની ફેસેલિટી ઊભી કરવી હોય, જી.આઈ.ડી.સી.માં કોઈ પણ કોમન ફેસેલિટી ઊભી કરવી હોય તો રાજ્ય સરકાર તમામ પ્રકારની મૂડી રોકાણના ૩૦ ટકા જેટલી સહાય આપી રહી છે. સ્મોલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા એટલે કે, સિડબીની લોનથી નવી બાબતમાં રાજ્યની જી.આઇ.ડી.સી દ્વારા અન્ય ઔદ્યોગિક વસાહતો સ્થપાઇ રહી છે. મને જણાવતાં આનંદ થાય છે કે કોગ્રેંસ વખતે ઘણી બધી જી.આઇ.ડી.સી.ની સ્થાપના થઇ હતી, પરંતુ ભારતીય જનતા પાર્ટીના દેશના વડાપ્રધાન  શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવ્યા પછી જી.આઇ.ડી.સી. માં ગ્રોથ થયો છે. પહેલા કોઇપણ જગ્યાએ જી.આઇ.ડી.સી. સ્થપાતી ત્યારે ખેડૂતો ચોક્કસ વિરોધ કરતા હતા પણ આજે પરિસ્થિતિ બદલાઇ છે. આજે ખેડૂતોથી માંડીને બધા જ લોકો જી.આઇ.ડી.સી.ને સારામાં સારી રીતે આવકારી રહ્યા છે. જી.આઇ.ડી.સી. માં વર્ષો સુધી એવું હતું કે પહેલા પ્લોટો ખાલી પડી રહેતા હતા, જી.આઇ.ડી.સી. પડી જાય, રોડ-રસ્તાઓ ના હોય પણ આજની પરિસ્થિતિમાં જી.આઇ.ડી.સી. ના પ્લોટો મળતા નથી અને જી.આઇ.ડી.સી. ભરાઇ જાય છે. એનું એકમાત્ર કારણ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ સ્માર્ટ જી.આઇ.ડી.સી.ઓ બનાવી, રસ્તાઓ બનાવ્યા અને જે રીતે વાઇબ્રન્ટના કારણે અલગ અલગ ઉદ્યોગો આવ્યા એના કારણે આજે જી.આઇ.ડી.સી. ની માંગ વધી છે. હું માનનીય નાણામંત્રીશ્રીનો પણ આભાર માનીશ કે રાજ્યમાં આ વખતે નવીન સાત વસાહતો સ્થપાઇ રહી છે. ગઇકાલે જ અમારા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને અમારા પ્રદેશ અધ્યક્ષ, માનનીય શ્રી સી.આર.પાટિલ સાહેબની અધ્યક્ષતામાં  આણંદ જિલ્લામાં આણંદના ઓડની ખાતે ખાતમુર્હૂત કરવામાં આવ્યું. આવનાર દિવસોમાં ખાંડીવાવ, બાલાસિનોર, મોરબી, માઠિયા, ભાવનગર, દહેજ, ભરૂચ ખાતે ખાતમુહૂર્ત થશે. એવી રીતે જંબુસર, ધ્રોલ, જામનગર અને અમારા ઘણા બધા દક્ષિણના મિત્રો છે એમને પણ અભિનંદન પાઠવું છે અને માનનીય શ્રી કનુભાઇનો પણ આભાર માનું છું કે, આ વખતે નવસારીની બાજુમાં ખૂબ વિશાળ  ટેક્ષટાઇલ્સ પાર્ક બનવાનો છે. જે રીતે આપણે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત તરફ આગળ વધીએ છીએ, એ રીતે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીનું સ્વપ્ન પૂરું કરવા માટે ટોઇસ પાર્ક બનવા જઇ રહ્યું છે, જેનું સૌથી મોટુ માર્કેટ આજે ભારતમાં છે. એ પ્રમાણેનું ટોઇસ પાર્ક માર્કેટ પણ આવનારા દિવસોમાં બનશે. જે રીતે દેશના વડાપ્રધાનશ્રીએ ડિફેન્સ પોલિસી બદલી છે, જેનાથી આવનાર દિવસોમાં ડિફેન્સ ઇન્ડસ્ટ્રીઝનો લાભ મળશે. હજીરા ખાતે આપણી ટેન્ક બનવાનું શરુ થયું છે. એકે-૪૭ પણ બની રહી છે. એટલે કે ડિફેન્સ ઇન્ડસ્ટ્રીઝ, આખો ડિફેન્સ ઝોન બનશે. દરેક ખેડૂત પ્રાકૃતિક ખેતી કરી શકે પોતાના ખેતરોમાં ડ્રોનના માધ્યમથી દવાઓનો છંટકાવ કરી શકે એના માટે આવનારા દિવસોમાં ડ્રોન ઇન્ડસ્ટ્રીઝ બનવાની છે. વૈશ્વિક પ્રકારનો મોરબીમાં સિરામીક પાર્ક રૂપિયા ૪૦૦ કરોડના ખર્ચે બનવાનો છે. રાજ્યમાં અલગ અલગ સ્થળોએ પાંચ જેટલા ફૂડપાર્ક આવવાના છે. પાંચ જેટલા સી ફૂડપાર્ક પણ આવવાના છે. હું માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનીશ કે, જે ઉદ્યોગો નદી-નાળાં, ખારીકટ કેનાલને પ્રદૂષિત કરતા હોય છે, એના માટે દેશના વડાપ્રધાનશ્રી જેમ કલાઇમેંટ ચેન્જની ચિંતા કરે છે એવી રીતે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી પણ ચિંતા કરે છે અને ઔદ્યોગિક વિસ્તારમાં પાઇપલાઇન માટે લગભગ રકમ રૂપિયા ૬૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત થવા માટે જયારે ગુજરાત આગળ વધી રહ્યું છે, ત્યારે લોકલ ફોર વોકલ, મેક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા આ બધા વિચારો દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ આપણને આપ્યા છે. મારૂ ગુજરાત એ આત્મનિર્ભર ગુજરાત હોય, મારૂ ભારત એ આત્મનિર્ભર ભારત હોય. આપણે બધા જિંદગીની રોજબરોજની જે પણ પ્રોડકટો વાપરીએ છીએ એ મેક ઇન ઇન્ડિયાની હોય એ દિશામાં ભારત આગળ વધી રહ્યું છે. એ અંતર્ગત આ વખતે રાજયના નવા સ્ટાર્ટઅપ દ્વારા પ્રોજેકટનું જે કોમર્સેશન થશે,  એના માટે નવી બાબતની અંદર લગભગ રૂપિયા એક હજાર કરોડનું પ્લાનિંગ કર્યું છે. આ વખતના બજેટમાં  રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ થઇને રહ્યું છે. ગુજરાત દેશનું સૌથી વધુ ઔદ્યોગિક વિકાસ પામેલું રાજ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં મારૂતિ સુઝુકીની વાત કરી. જે રીતે કલાઇમેન્ટ ચેન્જ થઇ રહ્યું છે અને પરિસ્થિતિ બદલાઇ રહી છે તે રીતે હવે આવનાર દિવસોમાં ઇ-વ્હીકલ થકી કાર્બન ઉત્સર્જન બંધ કરવા માટે દેશના વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૦૯ની અંદર ગુજરાતમાં કલાઇમેન્ટ ચેન્જ વિભાગ શરૂ કર્યો હતો, એને ધ્યાને લઇ આવનારા દિવસોમાં આપણા બધાના ઇ-વ્હીકલ હશે. એ અંતર્ગત મારુતી સુઝુકીએ લગભગ ૭,૩૦૦ કરોડ રૂપિયાનું ઇ-વ્હીકલનું અને બેટરી ઉત્પાદનનું પ્રોડકશન બેચરાજી ખાતે ચાલુ કરવામાં આવેલ છે. અને હાલના ચાલુ પ્લાન્ટમાં મોટર ઉત્પાદનમાં લગભગ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૩,૧૦૦ કરોડનું

વધુ રોકાણ કરશે. અત્યાર સુધીમાં સુઝુકી ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં ૧૭ હજાર કરોડના જુદા જુદા પ્રોજેકટોમાં મૂડી રોકાણ કરવામાં આવ્યું છે. અને દર વર્ષે સાડા સાત લાખ કારનું ઉત્પાદન થઇ શકે તે પ્રકારનો મોટો હેવી પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. જેના થકી ૪૭ હજાર કામદારો માત્ર સુઝુકીની અંદર થશે. પણ એને રીલેટેડ જે ઇન્સીલિયરી યુનિટ હોય, બીજી બધી ઇન્ડસ્ટ્રીઝ જે ડેવલપ થાય છે તેમાં લાખો લોકોની સંખ્યામાં રોજગારીની તક ઉભી થશે. આ નવા ઇ.વી. પ્લાન્ટથી ૫,૦૦૦ નવી રોજગારીની તકો ઉભી થશે. મને જણાવતા આનંદ થાય છે કે દેશમાં એક્સપોર્ટમાં ગુજરાતનો ફાળો ૨૧ ટકા કરતા વધારે છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ગુજરાતમાંથી થતી નિકાસ હતી એ માત્ર રૂપિયા ૧,૦૦૮ કરોડની હતી અને વર્ષ ૨૦૨૧ માં આપણને બધાને ગૃહના સભ્યોને ગર્વ થાય એમ છે કે લગભગ રૂપિયા ૪.૪૮ લાખ કરોડની નિકાસ થઇ છે. જે આપણા ઉદ્યોગોની પ્રગતિ છે એ ગુજરાત સરકારની નીતિ ઉદ્યોગો માટેની છે તેના લીધે છે. રાજયમાં ઉત્પાદિત ચીજ વસ્તુઓની વિશ્વમાં નિકાસની વાત કરું તો મને જણાવતા આનંદ થાય છે કે આખા વિશ્વમાં ૧૮૦ દેશની અંદર આપણે એક્સપોર્ટ કરી રહ્યા છીએ. યુનાઇટેડ નેશન એન્ડ વર્લ્ડ ફોર ઇન્વેસ્ટમેન્ટ રિપોર્ટ વર્ષ ૨૦૨૧ મુજબ ગુજરાતે વર્ષ ૨૦૧૯માં પોઇન્ટ ૩૩ ટ્રિલિયન થી ૪૧૫ ટકા વધીને વર્ષ ૨૦૨૦માં ૧.૭૧ ટ્રિલિયન સુધીની વૃદ્ધિ નોંધાવી છે. હું કદાચ વાત કરું તો સો થી વધુ ફોર્ચ્યુન એટલે ૫૦૦ જેટલી કંપનીઓનું અને ૩ મિલિયન થી વધુ એમ.એસ.એમ. નું હબ છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, અદાણી ઇન્ડસ્ટ્રીઝ, વેલ્ફર એન્ટરપ્રાઇઝ, ટાટા મોટર્સ, ટાટા કેમિકલ્સ, કેડિલા હેલ્થ કેર, ઝાયડસ હેલ્થ કેર, ટૉરેન્ટ પાવર, ટૉરેન્ટ ફાર્મા, સન ફાર્મા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, સુઝલોન એનર્જી, સાંઘી સિમેન્ટ, અરવિંદ લિમિટેડ, અંબિકા ફાર્મા, નિરમા એન્ટરપ્રાઇઝ, દીપક નાઇટ્રાઇટ, સુઝુકી મોટર્સ, એમ.જી.મોટર્સ, ફોર્ડ મોટર્સ, હોન્ડા મોટર સાઇકલ, સુઝલોન એનર્જી, હીરો મોટર સાઇકલ, બાલાજી વેફર્સ, રામદેવ ફૂડ, અંબુજા સિમેન્ટ, સદભાવ એનર્જી, એશિયન પેઇન્ટસ, પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ, સોમાણી સિરામિક, ઇનોક્સ વીન્ડ, અતુલ લિમિટેડ, હીરો મોટર સાયકલ, સીયાટ લિમિટેડ, મેઘમણી ઇન્ડસ્ટ્રીઝ, નેશનલ ઇન્ડિયા, બી.પી.એલ. ઇન્ડિયા, એક આખા દેશમાં ગુજરાત ઓટોમોબાઇલ હબ બન્યું છે. ટાટા મોટર્સ હોય, સુઝુકી મોટર્સ હોય, એમ. જી. મોટર્સ હોય, ફોર્ડ મોટર્સ હોય, હોન્ડા મોટર સાઇકલ કે હીરો મોટર સાયકલ હોય, એમ.આર.એફ. ટાયર હોય કે મેક્સીન ટાયર હોય, આ બધા જ ઉદ્યોગો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પ્રસ્થાપિત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે પેટ્રોકેમિકલ્સ ઉત્પાદનની વાત કરું તો ગુજરાતની અંદર સમગ્ર દેશમાં ૩૭ ટકા ફાળો માત્ર ગુજરાત રાજયનો છે. કેમિકલ ફર્ટીલાઇઝરની વાત કરું તો આખા દેશમાં ગુજરાતનો ૩૪ ટકાનો ફાળો છે. તે જ પ્રમાણે ડેરી પ્રોડકટની વાત કરું તો ૩૨ ટકા, ફાર્મામાં ૨૫ ટકા કરતા વધારે છે. જેમ્સ અન્ડ જવેલરી, ડાયમન્ડની વાત કરું તો મારા સુરતના ઘણા બધા મિત્રો અહીંયા બેઠા છે. આખા વિશ્વનું ૭૦ ટકા ડાયમન્ડ પ્રોડકશન એ સુરતની અંદર થાય છે. ટેક્સટાઇલની વાત કરું તો મારા સાથી ધારાસભ્ય ધનજીભાઇ બેઠા છે, આખા ઇન્ડિયાનું હાઇએસ્ટ ચોકલેટ પ્રોડકશન એટલે માત્ર દેશના ૬૦ ટકા ડેરી મિલ્ક કે નેસ્લે હોય, ૬૦ ટકા ચોકલેટનું પ્રોડકશન આપણા ગુજરાતના સુરેન્દ્રનગર ખાતે થાય છે. અને એ સિવાય માનનીય ધનજીભાઇ જે મશીનરી બનાવી રહ્યા છે, એ મશીનરી પણ એક્સપોર્ટ કરે છે અને બાકીની જે ઇન્ડસ્ટ્રીઝો જે ચોકલેટો બનાવી રહી છે એ પણ ધનજીભાઇની મશીનરીથી ચોકલેટો બની રહી છે. વાય પીપલ કમ ઇન ગુજરાત? ગુજરાતની અંદર ૧.૮ લાખ કિલોમિટરનો સમૃદ્ધ રોડ છે જે વિકાસ માત્ર ગુજરાતની અંદર થયો છે. રેલવે ૫,૨૦૦ કિલોમિટરની રેલવે છે, એરપોર્ટ, તો ૧૯ જેટલા એરપોર્ટ છે ૩ ઇન્ટરનેશનલ એરપોર્ટ છે, આખા દેશનું દરિયાઇ માર્ગે ૪૮ ટકા એક્સપોર્ટ, ગુજરાતમાં ૧,૬૦૦ કિલોમિટર દરિયા કિનારો અને ૪૮ જેટલા પોર્ટ ડેવલપ થયા હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગુજરાતમાં થયા છે. પાવરની વાત કરું તો ૩૯ ગીગા વોટ પાવર ગુજરાત સ્ટેટમાં સરપ્લસ પાવર એ છે. એટલે ગુજરાતની અંદર આ બધી જ બાબતો છે. એક લેન્ડ બેક પોર્ટલ બનાવ્યું છે કે કોઇ પણ દેશના કે વિદેશના લોકોને ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે આવવું હોય તોઆ લેન્ડ બેક પોર્ટલ, લેન્ડ બેક ઓલ્સો અવેલેબલ ઇન ગુજરાત, લેબર ઓલ્સો અવેલેબલ ઇન ગુજરાત, લેન્ડ એન્ડ એકસેલન્ટ સ્કીલ ઓલ્સો અવેલેબલ ઇન ગુજરાત, પ્રેઝન્ટ્સ ઓફ ટેકનિકલ એન્ડ સ્કીલ ઇન્સ્ટિટ્યુટ લાઇક આઇ.આઇ.ટી., આઇ.આઇ.એમ., એન.આઇ.ડી., આઇ.આઇ.ટી. જાપાન ઇન્ડિયા ઇન્સ્ટિટયુટ મેન્યુફેક્ચર ઓલ્સો અવેલેબલ ઇન ગુજરાત, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશની વાત કરીએ, પ્લગ એન્ડ પ્લે સિસ્ટમ, સીંગલ વિન્ડો સિસ્ટમ અવેલેબલ ઇન ગુજરાત, પોલિસી ગ્રીવન સ્ટેટ વર્ષ ૨૦૧૭થી સીંગલ વિન્ડો પોર્ટલ અવલેબલ ઇન ગુજરાત. સ્ટ્રોંગ સેકટર પોલિસી ઇન ગુજરાત. છેલ્લા એક વર્ષમાં બિઝનેસની જરૂરી નિયમોના પાલનમાં ઘટાડો થયો છે. પ્લગ એન્ડ પ્લે સિસ્ટમના કારણે આજે ગુજરાતની અંદર પ્રો એક્ટિવલી ગવર્નમેન્ટ સેઇફ લીવિંગ, વાઇબ્રન્ટ ટુરિસ્ટ,ડેસ્ટીલેશન એન્ડ નેશનલ લીડર. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતે જે લીડરો સમગ્ર દેશને આપ્યા છે એ આખા વિશ્વના ફલક ઉપર આવ્યા છે. ગાંધીજી નેશન ઓફ ફાધર જેને આખું વિશ્વ જોઇ રહ્યું છે. એ રીતે સરદાર વલ્લભભાઇ પટેલ આખું વિશ્વ એના નામે માથું ઝૂંકાવે છે. એવી રીતે આજે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી હોય કે દેશના ગૃહમંત્રી કે સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ હોય જેનો આખા વિશ્વમાં ડંકો વાગી રહ્યો છે. આપણે બધાએ પ્રાઉડ લેવાની જરૂરી છે. કોઇક મિત્રે હમણા એમની વાતમાં કહ્યું કે ઉદ્યોગોના પ્રશ્નો હલ થતા નથી. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર આવી અને મેં છાપમાં જાહેરાત આપી ઉદ્યોગમંત્રી તરીકે અને ખુલ્લા દિલે ઓપન હાઉસની ચર્ચા રાખી એમાં ૩૧૯ જેટલા પ્રશ્નો આવ્યા. આ બજેટ સત્ર પછી આ બધા પ્રશ્નો હલ થઇ જશે અને આગામી દિવસમાં આ બધા જ પ્રશ્નોને દરેક ઉદ્યોગકારને હલ કરીને આપી દઇશું.

## તા.૨૧મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી સહકાર અને ખાણ ખનીજની વાત કરું. માઇન્સ એન્ડ મિનરલ ડેવલપમેન્ટ એન્ડ રેક્વિઝેશન એન્વાર્યમેન્ટ એક્ટ એક મુજબ ભારત સરકાર દ્વારા ધ મિનરલ ઓક્શન, વર્ષ ૨૦૧૫ કરવામાં આવેલ છે, એ મુજબ ગુજરાતની અંદર હરાજીથી લીઝ આપવાનું કામ થઇ રહ્યું છે. સાથે સાથે કહું તો જે લીઝો આપણે આપીએ છીએ એની આવક થાય છે તે ૩,૧૮,૨૩૩ લાખ રૂપિયા આપણે પ્રીમિયમ પેટે વસૂલીએ છીએ. સાથે સાથે ખાણ અને ખનીજની અંદર કોઇ ચોરી ન કરી જાય એના માટે રાજય સરકાર સતર્ક છે અને પ્રોજેક્ટ ફીલ્ડ અંતર્ગત ડ્રોન દ્વારા પણ ખાણ ખનીજના ભૂ માફિયાઓને અમારી સરકાર છોડવા માગતી નથી. ગમે તેવો ચમરબંધી હોય એને અમારી સરકાર છોડવા માગતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગની વાત કરું તો ભારતીય જનતા પાર્ટીની સરકાર છેવાડાના માનવીની સરકાર છે. આર્ટીસ્ટોને સ્વનિર્ભર બનાવવા માટે તેમની કળાને બહાર લાવવાનું કામ કરી રહી છે. વાત ઘણી બધી લાંબી છે, છતાં સૌથી અગત્યનો વિભાગ જે આખા દેશની જે મોમેન્ટ ચલાવી છે એવી જ રીતે હું સહકારની વાત કરું. સન્માનનીય સભાગૃહ સમક્ષ સન ૨૦૨૨-૨૩ના વર્ષ માટે સહકારી વિભાગની ૧,૯૩૭ કરોડ રૂપિયાની માગણી લઇને ઉપસ્થિત થયો છું. પંડીત દિનદયાળજીના નામમાં અમારી પાર્ટીનો એકાત્મ માનવવાદનો ઉદ્દેશ સમાયેલો છે. દીન દયાળ એટલે છેવાડાના માનવીનું કલ્યાણ અને જેના માટે અમારી સરકાર સતત ચિંતનશીલ છે અને પ્રયત્નશીલ છે. છેવાડાના માનવીની ચિંતા કરનાર દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન નીચે ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. વિશાળ પ્રતિભાના ધણી એવા ડો. બાબાસાહેબ આંબડકરની રાહબરી નીચે તૈયાર થયેલા બંધારણમાં ભારતે કલ્યાણ રાજયના સિદ્ધાંતનો સ્વીકાર કરેલો છે, એ સ્વીકાર આપણે સૌએ કરવો રહ્યો. કલ્યાણ રાજય એટલે છેવાડાના માનવીનું કલ્યાણ તેમજ છેલ્લા માનવી સુધી વિકાસનો ફાળો પહોંચાડવો. આપણું ગુજરાત રાજય સાચા અર્થમાં કલ્યાણ રાજય છે. આ કલ્યાણ રાજયના સંકલ્પને સાચા અર્થમાં સંકલ્પિત કરવાનો પ્રયત્નશીલ એ આત્મ નિર્ભર ભારતના સ્વપ્ન દ્રષ્ટા સ્કીલ ઇન્ડિયા વિચાર દ્રષ્ટા, મેકઇન ઇન્ડિયાના પ્રણેતા, ડિજિટલ ઇન્ડિયાના જનક, ઉજ્જવળા યોજનાને જનજન સુધી પહોંચાડનાર પીએમજેએવાયએમ યોજના થકી લોકોના સુખે સુખ અને લોકોના દુઃખમાં સહભાગી થનાર અને કિસાન સન્માન નીધિ યોજનાના દીર્ઘદ્રષ્ટા, ખેતીને પ્રાકૃતિક ખેતીનો પર્યાય બનાવવા. મેન ઓફ ધ મિશન માટે માનનીય વડાપ્રધાન મોદીજી અને જેમણે વિઝનને આગળ વધારતા ભારતના પ્રથમ સહકાર મંત્રાલયની ઘોષણા કરી અને એનું સુકાન માનનીય શ્રી અમિતભાઇને સોંપ્યુ અને સહકાર વિભાગને સમગ્ર દેશમાં સુદ્રઢ બનાવવા માટે શ્રી અમિતભાઇ શાહ સાહેબ અને માનનીય શ્રી નરેન્દ્રભાઇ આને ખૂબ પ્રબળ આગળ વધારી રહ્યા છે. ગુજરાતની ગ્રામીણ અને સમૃદ્ધિમાં સહકારી પ્રવૃતિનો ફાળો અમૂલ્ય છે. મૂડીવાદી અને સામ્યવાદી આ બંને પ્રવૃત્તિની મર્યાદાના પ્રશ્નનો જવાબ સહકારી પ્રવૃતિમાં જોવા મળે છે. ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ તાકાતને સાચા અર્થમાં ઓળખી અને પીછાણી છે. ભારતના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત ભારતમાં સહકાર વિભાગની સ્થાપના કરી અને એની ધૂરા શ્રી અમિતભાઇ શાહને આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ગર્વ સાથે જણાવીશ..

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : શ્રી શૈલેષભાઇ, આપ પ્રશ્ન પૂછવાના હો તો સમય વધારીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : મંત્રીશ્રીનું પ્રવચન છે એ ટાઇમ પ્રમાણે પૂરું કરો અને અમને પ્રશ્ન પૂછવાનો મોકો આપો. એમાં કિલયર જ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછવાના હો તો પાંચ મિનિટ સમય વધારીએ એટલા માટે?

શ્રી શૈલેષ મ. પરમાર : રિયાલિટી છે કે મંત્રીશ્રીના પ્રવચનનો ટાઇમ પૂરો થઇ ગયો છે. અમને પ્રશ્ન પૂછવાનો સમય આપો?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી સહકાર ખાતું ખૂબ મજબૂત બન્યું છે. ૮૩,૧૩૪ કરતા વધુ સહકારી મંડળીઓ અને ૧,૭૧,૦૦,૦૦૦ જેટલા સભાસદો સાથે આજે ગુજરાત સરકારે ફાર્મર ફર્સ્ટની નીતિ અપનાવી છે અને આ ધરતી પુત્રોને..

અધ્યક્ષશ્રી : જગદીશભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : એક જ મિનિટમાં પૂરું કરું છું. સહકાર મંત્રાલયને મજબૂત કરવા માટે જેવી સરકાર બેઠી, તરત જ અમે ચિંતન શિબિરનું આયોજન કર્યું. ગુજરાત સરકારના સહકાર વિભાગના તમામ અધિકારીઓ ત્યાં હાજર રહ્યા.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. હવે હું માત્ર બે જ પ્રશ્ન પૂછવા દઇશ. શ્રી શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નવી સરકાર બેઠા પછી, માનનીય શ્રી જગદીશભાઇએ ખૂબ ફટાફટ ખૂબ જ પ્રગતિકારક બધી રજૂઆત કરી છે. માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે એમણે ખૂબ લાંબો ચિતાર વિધાનસભા ગૃહમાં દરેક ઉદ્યોગો માટે આપ્યો. સામાજિક-આર્થિક સમીક્ષા-વર્ષ ૨૦૨૨માં એમને કહેવા માગું છું કે જે રાજ્યોના ઉદ્યોગ જૂથો હોય..

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપે બે પ્રશ્નો પૂછવાના એલાઉ કર્યા છે, તો બે પ્રશ્નો પૂછે અને તેનો જવાબ આવી જાય અને મતદાન થઇ જાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?

ડો. સી. જે. ચાવડા ( વિપક્ષના દંડકશ્રી) : સંમતિ છે. સભાગૃહનો સમય ૧૦ મિનિટ વધારીએ.

અધ્યક્ષશ્રી : સભાગૃહનો સમય ૧૦ મિનિટ લંબાવવામાં આવે છે.

ફાલ્ગુન ૩૦, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી મારે એટલું જાણવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે ઉદ્યોગો સ્થપાયા તેમાં બહુ લંબાણપૂર્વક લિસ્ટ આપ્યું. મારે જોવું પડશે કારણ કે ફટાફટ બોલતા હતા એટલે સંભળાયું ઓછું. મારે પૂછવું છે કે ગુજરાત સરકાર દ્વારા બહાર પડેલો સામાજિક આર્થિક સમીક્ષા, વર્ષ ૨૦૨૧-૨૨નો જે રિપોર્ટ છે, તે રિપોર્ટમાં ઉદ્યોગ જૂથવાર હડતાળ અને તાળાબંધીમાં કેટલા લોકોને કામદારી મળી? કેટલા લોકોએ માનવદિન ગુમાવ્યા? તેમાં મારે પૂછવું છે કે વર્ષ ૨૦૨૦ની અંદર રાસાયણિક ઉદ્યોગો હતા, તેમાં ગુમાવેલા માનવદિન ૬૮૩ હતા તેની જગ્યાએ ૮,૧૧૫ થયા છે. તમે હમણાં સુઝુકી માટેના અભિનંદન આપ્યા. એટલે ઓટોમોબાઇલ ઉદ્યોગ આવ્યો. વર્ષ ૨૦૨૦માં ૨,૧૬૮ લોકોએ માનવદિન ગુમાવ્યા હતા અને આજની પરિસ્થિતિમાં ૬,૪૮૬ લોકોએ વર્ષ ૨૦૨૧માં ઓક્ટોબર સુધીમાં, તમારી સરકાર આવ્યા પછીની વાત છે. ૬,૪૮૬ લોકોએ માનવદિન ગુમાવ્યા છે. આપે ટેક્ષટાઇલની પણ વાત કરી. ટેક્ષટાઇલમાં વર્ષ ૨૦૨૦ની અંદર ૨,૫૪૬ લોકોએ માનવદિન ગુમાવ્યા હતા અને ઓક્ટોબર-૨૦૨૧માં ૧૦,૫૬૭. એટલે રાસાયણિક ઉદ્યોગ, ઓટોમોબાઇલ ઉદ્યોગ અને ટેક્ષટાઇલ ઉદ્યોગની અંદર જે લોકોને રોજગારી મળવી જોઇએ, માનવદિન મળવા જોઇએ, તમામ વર્ષ ૨૦૨૦ કરતા વર્ષ ૨૦૨૧માં મળ્યા છે તો આ માનવદિન કઇ રીતે ઓછા થયા એ માનનીય મંત્રીશ્રી તેમના જવાબમાં જણાવે?

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક એમનું પ્રવચન આપ્યું. અમે અમારા વકતવ્યમાં જે ચિંતા વ્યક્ત કરી છે, જે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે એવા એક પણ પ્રશ્નનો જવાબ એમણે આપ્યો નથી. અમને અપેક્ષા હતી કે માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં અમે જે ભ્રષ્ટાચાર ઉજાગર કરીએ છીએ, લોકોની ચિંતા કરીએ છીએ એના કોઇ જવાબ અમને મળતા નથી. મારો એ જ પ્રશ્ન છે કે અમે વકતવ્યમાં જે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે અને અમે અપેક્ષા રાખતા હોઇએ છીએ કે જવાબ આપે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ સમક્ષ વિપક્ષના મિત્રોના જવાબ આપવા માટે તૈયાર છું. માનનીય શ્રી શૈલેષભાઇએ જે પ્રશ્ન ઉઠાવ્યો છે એમાં હું એટલું જ કહીશ કે એના ભાગ્યા ૩૦ કરો તો કેટલા માનવ થાય છે એ ખ્યાલ આવે. અમારા શ્રમ રોજગાર વિભાગ દ્વારા અને ઉદ્યોગ વિભાગ દ્વારા જે આયોજન કરવામાં આવે છે. સન ૨૦૧૬-૧૭માં ૪,૧૯,૨૮૬, સન ૨૦૧૭-૧૮માં ૩,૫૫,૮૩૪ સન ૨૦૧૮-૧૯માં ૩,૬૭,૦૫૪, સન ૨૦૧૯-૨૦માં ૩,૫૧,૦૮૯, સન ૨૦૨૦-૨૧માં ૨,૩૮,૫૦૬ એમ કુલ ૧૭,૩૧,૭૫૯ લોકોને રોજગારીની પ્લેસમેંટ આપી છે. સાથેસાથે હું વાત કરીશ અમારા નૌશાદભાઇની, તો સુરસાગર ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટમાં જે કરવામાં આવેલ સિવિલ કામની અંદર મિકેનીકલ કામમાં થયેલ ગેરરીતિની તપાસની ટીમ બનાવી અહેવાલ રજૂ કરવામાં આવ્યો. તપાસ ટીમ દ્વારા સહકારી કાયદાની કલમ-૮૬ અન્વયે તપાસ કરવામાં આવી અને એનો અહેવાલ તા.૩૦-૧૨-૨૦૧૪માં સુપરત કરવામાં આવ્યો તથા કોન્ટ્રાક્ટર દ્વારા સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન કરી, કરારમાં ભંગ બદલ પોલીસ ફરીયાદની સૂચના આપવામાં આવી. મારી પાસે તમામ જવાબ તૈયાર છે. સાથેસાથે માનનીય વિરજીભાઇને જવાબ આપું તેઓ કહેતા હતા કે ૨૩હજાર લોકો દેશમાંથી ભાગી ગયા, વિરજીભાઇને કહું છું કે જે લોન આપી હતી વિજય માલ્યા હોય એમને તમારી સરકારે લોન આપી હતી અને સાથેસાથે ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઇની સરકાર અડધા પૈસા પાછા લાવી છે અને છતાં ૨૩હજારનું લિસ્ટ હોય તો અમને આપજો. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને આપણે બધા ભેગા થઇને લાવી આપીશું અને આપણા ભારતના પૈસા પાછા લાવીશું.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમની સ્પીચમાં જે વાત કરી. તો મેં મારી સ્પીચમાં પણ કીધું હતું, અત્યારે એમણે એવું બધું ગ્લોબલ ચિત્ર બતાવી દીધું કે જાણે ગુજરાતમાં કોઇ બેકાર નથી. મારો પ્રશ્ન જ આ છે. આજે મેં મારી સ્પીચમાં કીધું હતું કે જે આપણા ગુજરાતના ઓરિજનલ બિઝનેસ છે, જેમ કે ટેક્સટાઇલ હોય, મોરબીનો સિરામિક ઉદ્યોગ હોય, આજે મોરબીનો સિરામિક ઉદ્યોગ ગેસ વગર બંધ થાય છે એના માટે તમારી પાસે શું ઉપાય છે? આજે ગુજરાતની ગેસ કંપની એ લોકોને કાયદેસર રીતે બ્લેકમેલ કરે છે. એમ.ઓ.યુ. કરેલા છે તેમ છતાં અત્યારે ગેસ નથી આપતા. એની વાત નથી થતી અને ખાલી ગ્લોબલ ચિત્ર રજૂ કરે છે અને વાહ વાહ કરે છે. મારે આપને પૂછવું છે માનનીય મંત્રીશ્રી, મને પણ વિચાર આવે છે કે બધું જ મોદી સાહેબે કર્યું છે, બધું જ તો આપણે અહીંયા શું કરીએ છીએ? આપનું કોઇ અસ્તિત્વ છે કે નહીં?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે માનનીય મંત્રીશ્રી બ્રિજેશભાઇ મેરજા બેઠા છે એ પણ સ્થાનિક મોરબીના છે, ગેસ પૂરતા પ્રમાણમાં આખું વર્ષ મળે છે. અત્યારે જે રીતે વૈશ્વિક મહામારી ત્યાં આગળ ઉભી થઇ છે એના કારણે કદાચ કયાંક અછત હશે. આ સમય બીઇંગ છે. એના પછી ઓટોમેટિક રિલીઝ થઇ જશે.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૭ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૪૯, ૫૦, ૧૦૧, ૧૦૨ અને ૫ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૪ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૨મી માર્ચ-૨૦૨૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૨૨**
**ચૈત્ર-૧, ૧૯૪૪ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

**માગણી ક્રમાંક-૩૯**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૩,૬૫,૭૩,૯૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૩,૦૪,૩૪,૯૪,૦૦૦/-ની માગણી ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૪૦**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૪,૯૧,૨૭,૮૯,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩,૨૫,૮૬,૮૩,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૬૫**

**નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી ઋષિકેશ ગ. પટેલ (નર્મદા વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૭૦,૦૦,૦૦,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૩,૫૦,૦૦,૦૦,૦૦૦ /-ની માગણી ક્રમાંક-૬૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૫ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

ડો.કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું. કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૬૬**

**નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૧,૮૨,૨૯,૦૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪૨,૭૯,૫૭,૨૨,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૬ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૬૭**

**નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૪૮,૦૪,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ રૂ.૪૨,૧૧,૧૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૬૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૧ રજૂ કરવામાં આવી.

## તા.૨૨મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૮ રજૂ કરવામાં આવી.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૯ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૧ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં. ૩૯ | |
| *૧ | ૨૨૧૦-તબીબી<br>...આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપથી<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૩,૫૭,૪૨,૧૯,૦૦૦<br>અં.પ્ર.નં-૧૧<br>પાના નં. ૧૦ થી ૧૨ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પૂરતી સ્વાસ્થય સેવાઓના અભાવે દર્દીઓને શહેરની હોસ્પિટલો સુધી પહોંચાડવામાં તેમજ સમયસર સારવાર ન મળવાના કારણે થતા મૃત્યુ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨ | VV ແ VV | ૧૦૦ | રાજયમાં કોરોનાથી મૃત્યુ પામેલ દર્દીઓના સાચા આંકડાઓ રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| *૩ | VV ແ VV | ૧૦૦ | કોરોનાની મહામારીમાં કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ફંડ તેમજ પુરા પાડવામાં આવેલ સાધનોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૪ | VV ແ VV | ૧૦૦ | કોરોનાથી મૃત્યુ પામનાર વ્યકિતઓના મૃત્યુ પ્રમાણપત્રમાં મૃત્યુનું કારણ શૂન્ય દર્શાવાય છે તેવું નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| *૫ | VV ແ VV | ૧૦૦ | હોસ્પિટલોમાં અદ્યતન લેબોરેટરીઓ કાયમી ધોરણે ચાલુ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૬ | VV ແ VV | ૧૦૦ | રાજકીય નેતાઓના અને આમજનતાના કોરોનાના મેડીકલ રિપોર્ટ આપવામાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી. જે. ચાવડા |
| ૭ | ૨૨૧૦-તબીબી<br>...આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપથી<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૩,૫૭,૪૨,૧૯,૦૦૦<br>અં.પ્ર.નં-૧૧<br>પાના નં. ૧૦ થી ૧૨ | ૧૦૦ | આરોગ્ય ક્ષેત્રે અબજો રૂપિયાનો ખર્ચ કરવા છતાં આમજનતાને આરોગ્યલક્ષી સુવિધાઓ સમયસર ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઇ ભરવાડ |
| *૮ | VV ແ VV | ૧૦૦ | માદરે વતન યોજના અંતર્ગત રાજયમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સંગીન બનાવવા માટે મળેલ દાનની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| *૯ | VV ແ VV | ૧૦૦ | ડો.કટરોને રહેવાની તમામ પ્રાથમિક જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | VV ‖ VV | ૧૦૦ | રાજયના આરોગ્ય કર્મીઓ, ડો.કટરો, નર્સ, પેરામેડીકલ સ્ટાફની લાંબા સમયથી પડતર અરજીઓનો નિકાલ કરી મળવાપાત્ર લાભો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| *૧૧ | VV ‖ VV | ૧૦૦ | જરૂરીયાતવાળા દર્દીઓને ઓપરેશનની તારીખો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઇ કાલરીયા |
| ૧૨ | VV ‖ VV | ૧૦૦ | મૃતક વ્યકિતઓના નામે વેકસીન સર્ટીફિકેટ આપવામાં થતી ગેરરીતિઓની તપાસ કરી જવાબદાર કર્મચારી/અધિકારી સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| *૧૩ | VV ‖ VV | ૧૦૦ | ઉચ્ચ અધિકારીઓની કનડગતને કારણે સિનિયર તબીબોને રાજીનામાં આપવા પડે છે આવા અધિકારીઓ સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઇ બારૈયા |
| ૧૪ | ૨૨૧૦ -<br>તબીબી...આરોગ્ય<br>૦૧- શહેરી...એલોપથી<br>૧૧૦ - હોસ્પિટલ અને દવાખાના<br>૦૧-HLT -2<br>સિવિલ...વહીવટ<br>રૂ. ૫,૮૦,૮૫,૨૨,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૧<br>પાના નં-૧૮ અને ૧૯ | ૧૦૦ | કોરોનાથી મૃત્યુ પામતા દર્દીઓના સબંધીઓને બીજીવાર ફોર્મ ભર્યા બાદ ડેથ સર્ટીમાં કોરોનાથી મૃત્યુ થયું તેમ લખાય છે આ માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| *૧૫ | VV ‖ VV | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સ્ટાફની ભારે ઘટને કારણે દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઇ ડાભી |
| *૧૬ | ૨૨૧૦ -<br>તબીબી...આરોગ્ય<br>૦૧- શહેરી...એલોપથી<br>૧૧૦ - હોસ્પિટલ અને દવાખાના<br>૦૧-HLT -2<br>સિવિલ...વહીવટ<br>રૂ. ૫,૮૦,૮૫,૨૨,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૧<br>પાના નં-૧૮ અને ૧૯ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોના કથળેલા વહીવટી તંત્રના કારણે દર્દીઓને છેવટે ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવવી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૧૭ | VV ‖ VV | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોના સીક્યુરીટી સ્ટાફ દ્વારા દર્દીઓ અને તેમના સ્વજનો સામે ગેરવાજબી વર્તન અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૧૮ | ૨૨૧૦- તબીબી...<br>આરોગ્ય<br>૦૩- ગ્રામીણ...એલોપથી<br>૧૦૩- પ્રાથમિક..કેન્દ્ર<br>૦૧- HLT -૩૪<br>પ્રાથમિક.. કેન્દ્ર<br>રૂ. ૫,૮૩,૩૧,૧૫,૦૦૦<br>અં.પ્ર. નં.- ૧૧<br>પાના નં- ૪૮ થી ૫૧ | ૧૦૦ | મોટાભાગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બિસ્માર હાલતમાં છે તેની સત્વરે મરામત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૧૯ | VV ‖ VV | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| *૨૦ | ૨૨૧૦- તબીબી...<br>આરોગ્ય<br>૦૬-જાહેર આરોગ્ય | ૧૦૦ | બનાવટી દવાઓ અને ભેળસેળની વસ્તુઓ પકડાય છે ત્યારે તેની ચકાસણીનો રિપોર્ટ સમયસર જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૪ ઔષધ નિયમન<br>૦૧- H L T -45<br>ખોરાક... તંત્ર<br>રૂ. ૪૯,૭૮,૭૧,૦૦૦<br>અં.પ્ર. નં.- ૧૧<br>પાના નં- ૧૧૩ અને ૧૧૪ | | | |
| *૨૧ | VV ‖ VV | ૧૦૦ | પેકેટોમાં વેચાતા બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| માગણી નં-૪૦ | | | | |
| ૨૨ | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૫૧,૭૧,૦૨,૦૦૦<br>અં.પ્ર. નં.- ૧૧<br>પાના નં- ૧૨૯ થી ૧૩૨ | ૧૦૦ | નસબંધી-વ્યંધીકરણના કાર્યક્રમને વેગ મળે તે માટેના પ્રોત્સાહનોમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| **નર્મદા જળ સંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૫** | | | | |
| ૨૩ | ૪૭૦૦-મોટી...જોગવાઇ<br>૩૧-નર્મદા ...એકમ -૧<br>૧૯૦-જાહેર...રોકાણ<br>૦૧-I RG-1<br>સરદાર...ફાળો<br>રૂ.૧,૨૩,૯૭,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં-૧૮ (ભાગ-૧)<br>પાના નં. ૧૧૮ | ૧૦૦ | નર્મદા ડેમ ઉપર દરવાજા મુકાયા પછી પણ ખેતરો સુધી સિંચાઇ માટેનું પાણી પહોંચાડતી કેનાલ નેટવર્કના મોટાભાગના બાકી કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| *૨૪ | VV ‖ VV | ૧૦૦ | કેનાલોના નબળા બાંધકામ માટે જવાબદાર કોન્ટ્રાકટરો અને અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૫ | VV ‖ VV | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત સાથી રાજયો પાસેથી વસૂલવાની બાકી રકમ સત્વરે વસૂલવા માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભગાભાઇ બારડ |
| ૨૬ | VV ‖ VV | ૧૦૦ | નિગમની નબળી કામગીરીના કારણે કેનાલોમાં વારંવાર ભંગાણ પડે છે અને મરામત પાછળ વ્યાપક ખર્ચ થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.કિરીટકુમાર પટેલ |
| ૨૭ | VV ‖ VV | ૧૦૦ | જિલ્લાના સંબંધિત અધિકારીઓ દ્વારા કેનાલોની રૂબરૂ મુલાકાત લઇ યોગ્ય રિપોર્ટ તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૨૮ | VV ‖ VV | ૧૦૦ | નિગમ દ્વારા થતાં ખોટા ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |
| ૨૯ | VV ‖ VV | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લામાં વારંવાર કેનાલો તુટી જવાથી ખેડુતોના ઉભા પાકોને નુકસાન થાય છે તે નિવારવા તમામ કેનાલોનો સર્વે કરી નબળી કેનાલોની સત્વરે મરામત કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૩૦ | VV ‖ VV | ૧૦૦ | કેનાલોમાં થતી ગંદકીઓનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| *૩૧ | VV ‖ VV | ૧૦૦ | નર્મદાની કેનાલો વારંવાર ઓવરફલો થવાને કારણે પાણીનો થતો બગાડ અને ખેતરોના પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી |
| *૩૨ | | ૧૦૦ | ખેડૂતોને જરૂરીયાતના સમયે સિંચાઇનું પાણી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| *૩૩ | VV ‰ VV | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત બાકી રહેલ નાની અને મોટી યોજનાના કામો કેટલા સમયમાં પૂર્ણ થશે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઇ ગામીત |
| ૩૪ | ૪૭૦૦-મોટી...જોગવાઇ<br>૩૧-નર્મદા ...એકમ -૧<br>૧૯૦-જાહેર...રોકાણ<br>૦૧-I RG-1<br>સરદાર...ફાળો<br>રૂ.૧,૨૩,૯૭,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં-૧૮ (ભાગ-૧)<br>પાના નં. ૧૧૮ | ૧૦૦ | મોટી અને નાની કેનાલોમાં ભરાયેલા કાંપને કારણે કેનાલો ઓવરફ્લો થાય અને તેમાં ગંદકી વધે છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જશુભાઇ પટેલ |
| *૩૫ | ૪૭૦૦-મોટી...જોગવાઇ<br>૩૪-નર્મદા ...એકમ-૫<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧૮,૮૮,૨૯,૦૦૦<br>અં.પ્ર.નં-૧૮ (ભાગ-૧)<br>પાના નં. ૧૨૩ અને ૧૨૪ | ૧૦૦ | સુજલામ સુફલામ યોજનામાં થયેલ ગેરરીતિનો રિપોર્ટ જાહેર કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૩૬ | VV ‰ VV | ૧૦૦ | સૌની યોજના અંતર્ગત અત્યાર સુધીમાં થયેલ અને બાકી કામોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |
| | | માગણી નં-૬૬ | | |
| ૩૭ | ૨૭૦૧-મધ્યમ સિંચાઇ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-નિર્દેશ<br>રૂ. ૩૩,૨૦,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં-૧૮ (ભાગ-૧)<br>પાના નં-૬૬ થી ૭૧ | ૧૦૦ | ખેતી માટે અધિકારીઓ દ્વારા સમયસર પાણી ન છોડાતા થતાં ખેડૂત આંદોલનો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૩૮ | ૨૭૦૨-નાની સિંચાઇ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-નિર્દેશ<br>રૂ. ૬,૭૧,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૮ (ભાગ-૧)<br>પાના નં-૯૩ થી ૯૫ | ૧૦૦ | અધિકારીઓ નિયમિત રીતે કેનાલોનું ચેકીંગ કરે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| *૩૯ | VV ‰ VV | ૧૦૦ | રાજ્યમાં સમયાંતરે મોટી-મધ્યમ અને નાની સિંચાઇના સિંચાઇ એરીયામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| *૪૦ | VV ‰ VV | ૧૦૦ | અબજો રૂપિયાનો ખર્ચ કરવા છતાં ગ્રામીણ અને છેવાડાના વિસ્તારોમાં પાણીની સમસ્યાઓ હલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| ૪૧ | VV ‰ VV | ૧૦૦ | પૂરતા પ્રમાણમાં પાણીની સવલતો હોવા છતાં સિંચાઇ માટે પાણી ન છોડાતા ખેડૂતોના ઉભા પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૪૨ | ૨૭૦૨-નાની સિંચાઇ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-નિર્દેશ<br>રૂ. ૬,૭૧,૯૭,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૮ (ભાગ-૧)<br>પાના નં-૯૩ થી ૯૫ | ૧૦૦ | પાણીની અછત છે તેવા વિસ્તારમાં નવા ડેમો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૪૩ | VV ‰ VV | ૧૦૦ | વિભાગના અધિકારીઓ દ્વારા જિલ્લા તાલુકાઓની રૂબરૂ મુલાકાત લેવડાવી પાણીની અછત સંદર્ભે આમજનતાને | શ્રી કાન્તીભાઇ ખરાડી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પડતી હાડમારીઓનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૪ | VV ‹‹ VV | ૧૦૦ | જળસંપત્તિ નિગમના વર્કચાર્જ કર્મચારીઓના લાંબા સમયથી પડતર પ્રશ્નોનો ઉકેલ લાવી મળવાપાત્ર લાભો સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| *૪૫ | VV ‹‹ VV | ૧૦૦ | જે વિસ્તારોમાં કેનાલો ખાલી છે અને સિંચાઇ વિસ્તાર ઓછો છે તેવી કેનાલોમાં નિયમિત પાણી છોડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૪૬ | VV ‹‹ VV | ૧૦૦ | બનાસકાંઠા જીલ્લામાં સિંચાઇ માટે પાણી ન છોડાતા ખેડૂતો દ્વારા થતાં આંદોલનનું નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઇ ભુરીયા |
| *૪૭ | ૨૭૧૧-પૂર ...નિકાલ<br>૦૧-પૂર નિયંત્રણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-વહીવટ<br>રૂ. ૪૦,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં-૧૮ (ભાગ-૧)<br>પાના નં-૧૦૪ | ૧૦૦ | ભારે વરસાદ અને પૂરને કારણે ગામોમાં ભરાતાં પાણીનો લાંબા સમય સુધી નિકાલ થતો નથી તેવી ફરિયાદો છતાં અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૪૮ | VV ‹‹ VV | ૧૦૦ | પૂર અને જળ પ્રકોપથી બચાવ માટે યોગ્ય આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| *૪૯ | VV ‹‹ VV | ૧૦૦ | ભારે વરસાદના કારણે ડેમોમાંથી તાકીદે પાણી છોડાતાં પૂર્વે ચોકકસ આયોજનના અભાવે સર્જાતી ભારે તારાજી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| | | માંગણી નં-૬૭ | | |
| ૫૦ | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પૂરવઠો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-ગુજરાત...બોર્ડ<br>રૂ. ૧,૧૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૮ (ભાગ-૧)<br>પાના નં- ૧૨ | ૧૦૦ | રાજયના ૨૪ જિલ્લાઓના ભૂગર્ભ પાણીમાં નાઇટ્રેટનું પ્રમાણ વધ્યું છે તે સંદર્ભે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| ૫૧ | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પૂરવઠો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-ગુજરાત...બોર્ડ<br>રૂ. ૧,૧૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૮ (ભાગ-૧)<br>પાના નં- ૧૨ | ૧૦૦ | ગુજરાતમાં ભૂગર્ભજળ નિયંત્રણ માટે ચોકકસ નીતિનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઇ ડેર |
| *૫૨ | VV ‹‹ VV | ૧૦૦ | રાજયમાં ભૂગર્ભજળનું વ્યવસ્થાપન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૫૩ | VV ‹‹ VV | ૧૦૦ | પાણી પૂરવઠા યોજનાઓ માટે પૂરતી રકમની જોગવાઈ હોવા છતાં ગ્રામીણ વિસ્તારોમાં આમજનતાને ખાડા ખોદી પાણી મેળવવું પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| *૫૪ | VV ‹‹ VV | ૧૦૦ | પાણી પૂરવઠાની વર્ષો જુની પાઇપલાઇનો બદલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૫૫ | VV ‹‹ VV | ૧૦૦ | પાણીની ઉંચી ટાંકીઓની સમયસર મરામત અને સફાઇ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૫૬ | VV ‹‹ VV | ૧૦૦ | પાણી પૂરવઠા બોર્ડની નબળી કામગીરીને કારણે પાણી વિતરણ વ્યવસ્થા વારંવાર ખોરવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ પરમાર |
| ૫૭ | VV ‹‹ VV | ૧૦૦ | ધારાસભ્યો દ્વારા વારંવારની રજૂઆતો કરવા છતાં પીવાના પાણી માટે નવી યોજનાઓ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૮ | VV ૦૦ VV | ૧૦૦ | ઉદ્યોગો દ્વારા નદીના પાણીના વપરાશ માટે સમયસર વસૂલાત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| ૫૯ | VV ૦૦ VV | ૧૦૦ | નીતિ આયોગના છેલ્લા રિપોર્ટ મુજબ રાજ્યના લાખો લોકોને પીવાના શુધ્ધ પાણી માટે અડધો કલાક સુધી ચાલીને જવું પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઇ દેસાઇ |
| *૬૦ | VV ૦૦ VV | ૧૦૦ | જૂથ પાણી પૂરવઠા યોજના હેઠળ રાજયના મોટાભાગના જિલ્લાઓના ૩૫૦૦થી વધુ ગામોને સત્વરે જોંડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૬૧ | VV ૦૦ VV | ૧૦૦ | પાણીની ગુણવત્તા સુધારી પીવાનું શુદ્ધ પાણી ગામડા અને શહેરોને મળતું થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આજે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. નર્મદા યોજનાનું સ્વપ્ન આઝાદી પહેલાથી આ દેશ, આ રાજયના દૂરંદેશી નેતૃત્વ દ્વારા જોવામાં આવ્યું. પહેલે દિવસથી આજદિન સુધી આ મુદ્દે કયારેય કોઇ રાજનીતિ કરવામાં નથી આવી. ઇતિહાસ રહ્યો છે કે એના વિચારથી લઇ, એના ખાતમુહૂર્તથી લઇ, આંતરરાજય જળ વિવાદો એના ઉકેલ માટે પંચની રચના, વર્ષો સુધી લાંબો કાનૂની વિવાદ અને ત્યાર પછી જમીન સંપાદનથી લઇ એના પુનઃવસન સુધીના અનેક પડકારો પર્યાવરણવાદીઓ દ્વારા અનેક વિરોધો વચ્ચે આર્થિક સંકડામણો વચ્ચે પણ આ ગુજરાતની ખમીરવંતી જનતાએ હંમેશા નર્મદા યોજનાને જીવાદોરી માની અને કઇ રીતે નર્મદા યોજનાનું સ્વપ્ન સાકાર થાય અને ફક્ત એના નામે રાજનીતિ કે પબ્લિસિટી કરવાના બદલે છેવાડાના માણસ સુધી પીવાનું પાણી પહોંચે અને એથી વિશેષ ખેતરો સુધી પાણી પહોંચે અને એના દ્વારા રાષ્ટ્ર અને રાજ્ય સમૃદ્ધ થાય એના માટેનો સહિયારો પુરુષાર્થ થયો છે. મને આનંદ છે કે ૨૦૦૪થી આ વિધાનસભા ગૃહમાં સભ્ય તરીકે અંદાજપત્રની ચર્ચાઓમાં ભાગ લેવાની તક મળી છે. આ યોજનાની શરૂઆતથી લઇ ૨૦૦૧ સુધી ક્યારેય કોઇ સરકાર દ્વારા કે કોઇ રાજકીય પક્ષ દ્વારા આ નર્મદા યોજનાના નામે રાજનીતિ કરવામાં આવી નથી કે આ નર્મદા યોજનાનો પોતાના રાજકીય એજન્ડા માટે, મતો માટે ઉપયોગ પણ કરવામાં આવ્યો નથી. પણ દુ:ખ સાથે કહેવું પડે કે, ૨૦૦૧ પછી આ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આ નર્મદા યોજનાનો મુખ્ય હેતુ હતો એને ઝડપથી પૂર્ણ કરી લોકોને લાભ મળે, લોકો સમૃદ્ધ થાય, રાજય અને રાષ્ટ્ર સમૃદ્ધ થાય એના માટેની ઇચ્છાશક્તિ દાખવવાના બદલે ફક્ત આ યોજનાના નામે રાજકીય લાભ કઇ રીતે લેવાય એવા પ્રયત્નો થયા. હું જોતો હતો કે વખતોવખત જ્યારે અંદાજપત્રની ચર્ચાઓ દરમિયાન આ ગૃહમાં કહેવાયું. ૨૦૦૩-૦૪માં નાણામંત્રી દ્વારા પ્રવચનમાં એમ કહેવાયું કે નર્મદા કમાન્ડ વિસ્તારમાં આવેલા વધારાનું પાણી એ કમાન્ડ વિસ્તારમાં પહોંચી શકતું નથી. વહી જાય છે, વેડફાઇ જાય છે એના માટે ઝડપથી નેટવર્ક કરીશું અને છેવાડાના ખેતરો સુધી પાણી પહોંચાડીશું. ૨૦૦૬-૦૭નું વર્ષ ચૂંટણીનું વર્ષ હતું. પાણી ખેતર સુધી ના પહોંચ્યું પણ ચૂંટણીના એજન્ડા તરીકે ૨૦૦૬-૦૭ના પ્રવચનમાં કહેવાયું કે જળ વ્યવસ્થાપનનો ઉલ્લેખ કરી માતૃગયા તીર્થસ્થાન તરીકે પ્રસિદ્ધ સિદ્ધપુર ખાતે સરસ્વતી નર્મદા મહાસંગમ કરવાનું શ્રેય અમે લઇએ છીએ એવી ખૂબ મોટી જાહેરાતો થઇ. મને આજે યાદ છે કે આજ સુધી કોઇને પણ આવો વિચાર ન આવ્યો પણ આ સરકારના કોઇ ફળદ્રુપ ભેજાની ઉપજ રૂપે નદીમાં પ્લાસ્ટિક પાથરવામાં આવ્યું અને પ્લાસ્ટિક પાથરીને ચૂંટણી પ્રચારની સભા તરીકે નદી ભરવામાં આવી. ઉત્તર ગુજરાત અને સિદ્ધપુરના વતનીઓને એમ થયું કે નર્મદા માતા અમારા સિદ્ધપુર સુધી પહોંચ્યા છે, આવનારા દિવસોમાં અમારા ખેતરો સુધી પહોંચશે. ચૂંટણી પતી ગઇ, મતો લેવાઇ ગયા, આજે પણ સિદ્ધપુર ખાતે સરસ્વતી નદી સૂકીભઠ્ઠ દેખાય છે. મને યાદ છે કે ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં કહેવામાં આવ્યું કે, સરદાર સરોવર યોજના વર્ષ ૨૦૧૦ દરમિયાન પૂર્ણ કરવાનો ગોલ્ડન ગોલ નક્કી કરવામાં આવ્યો છે અને આ યોજના પૂર્ણ કરીશું. છેક કચ્છથી લઇને ગુજરાતના તમામ લોકોના ખેતરો સુધી પાણી પહોંચાડીશું. આજે દુઃખ સાથે કહેવું પડે કે કચ્છ કે છેવાડાના વિસ્તારના લોકો આજે પણ આ નર્મદાના નીરના દર્શન કરવા માટે એના ખેતરોમાં સિંચાઇ માટેની રાહ જોઇને બેઠા છે. એનું નેટવર્ક પૂર્ણ કરવાનું હતું. હું માનું છું કે, વખતોવખત વિવાદો પણ થયા અને એના માટે અનેક પર્યાવરણવાદીઓએ આંદોલનો કર્યા અને એની સામે બધા સાથે મળીને ખૂબ લડ્યાં. આ સરકારને આર્થિક તકલીફ આવી ત્યારે આ ગુજરાતના અને આખા વિશ્વમાં વસતા ગુજરાતીઓએ બોન્ડના માધ્યમથી આ સરકારની તિજોરી છલકાવી દીધી. ક્યારેય એને અટકવા ન દીધી. જ્યારે અહીંયાથી રાજનીતિ થતી, તત્કાલીન મુખ્યમંત્રી કેન્દ્ર સરકાર પર આક્ષેપ કરતાં ત્યારે આજે ગર્વ સાથે કહીએ કે તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહજીએ જે ભારતીય જનતા પાર્ટીની મધ્યપ્રદેશ અને અન્ય સરકારો દ્વારા પુનઃવસન યોગ્ય રીતે કરવામાં આવ્યું ન હતું એને કારણે ટ્રિબ્યુનલ દ્વારા ઉંચાઇ વધારાવાની મંજૂરી મળતી ન હતી. એવા સમયે તત્કાલીન વડાપ્રધાને, કોંગ્રેસની સરકારે ટ્રિબ્યુનલ સમક્ષ બાંહેધરી આપી અને એના કારણે ઉંચાઇ વધારવાની મંજૂરી પણ મળી. ત્યારે કોંગ્રેસે કયારેય કોઇ રાજનીતિ નહોતી કરી. પોસ્ટરો, હોર્ડિંગ્સ છપાવીને જાહેર સભા કે વધામણાના કાર્યક્રમ કરવાનો પ્રયત્ન

નહોતો કર્યો એટલી માટે કે આ આપણા બધાની સંયુકત જવાબદારી છે પણ આજે મારે કહેવું પડે કે જયારે ૨૦૦૭માં પણ ૧૨૧ મીટરની ઉંચાઇ સુધી આપણે પહોંચી ચૂકયા હતા અને આપણે માત્ર જે ૧૭ મીટરના દરવાજા ફીટ કરવાના હતા એની પ્રક્રિયાઓ બાકી હતી અને આ ઉંચાઇએ એની ગણતરી કરીએ તો ૪.૭૨ મિલિયન એકર ફીટ પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા એ વખતે પણ હતી. જો આપણે કેનાલોની ગુંથણી કરી શકયા હોત, શાખા, પ્રશાખાઓ બનાવી શકયા હોત તો એ દિવસે પણ આપણે કચ્છ પાણી પહોંચાડી શકયા હોત પણ આજે આટલા વર્ષો પછી પણ આપણે પાણી પહોંચાડી શકયા નથી. ચોકકસ પર્યાવરણવાદીઓના વિવાદ હતા, ટ્રીબ્યુનલના વિવાદ હતા. જમીન સંપાદનથી લઇને બીજી પ્રક્રિયા ચાલતી હતી પણ કેનાલનું નેટવર્ક બનાવવા માટે કોઇ રોકતું નહોતું. આટલો લાંબો સમય થયો ત્યારે કેનાલનું નેટવર્ક કેમ ના બન્યું? એ ગુજરાતની પ્રજા આજે પણ જાણવા માંગે છે. હું માનું છું કે આ મંત્રીશ્રી અહીંયા એમની વાતમાં પણ ખુલાસો કરે. આજે પણ દુઃખ સાથે કહેવું પડે છે કે લગભગ ૭૦૦૦ કિલોમિટર જેટલું કેનાલનું નેટવર્ક બાકી છે અને એના કારણે આપણે આ પાણી પહોંચાડી શકતા નથી. જયારે સરદાર સાહેબે નર્મદા યોજનાનું સ્વપ્ન જોયું આજે આપણે ગૌરવ લઇએ છીએ. સ્ટેચ્યૂ ઓફ યુનિટીની વાત કરીએ છીએ પણ સ્ટેચ્યૂમાં આપણે ઉપર પ્રતિમાની અટારીમાં જઇએ તો અનેક વિશ્વના પ્રવાસીઓ આવે છે, જુએ છે ત્યારે સરદાર સાહેબ પણ વિચારતા હશે કે આ નર્મદા યોજનાનો જે પાયો નાખ્યો એ પાયો નાખ્યા પછી યોજના અમલીકરણ થઇ તો આ યોજનાનું પાણી છે એ ખેતર સુધી પહોંચાડવાનું હતું નહીં કે દરિયામાં વહી જવા માટે, નહીં કે મુખ્ય કેનાલોમાં વહેવડાવવા માટે પણ સરદાર સાહેબનું સ્વપ્ન હતું કે છેવાડાના ખેતર સુધી પાણી પહોંચાડવું એ આજે પણ આ સરકાર પૂર્ણ કરી શકી નથી. જયારે અહીંયા વાત કરવામાં આવે કે આ યોજના સૌની યોજના છે. અહીંયાથી પણ વખતોવખત આ યોજનાને સમર્થન આપવામાં આવ્યું છે પણ જે યોજનાના નામે રાજનીતિ થઇ, જે યોજનાના નામે પોતાનો પ્રચાર, પ્રસાર થયો, આજે તત્કાલીન વડાપ્રધાન જે તે સમયે ગુજરાત રાજયના મુખ્યમંત્રી હતા. આજે કહેવું પડે કે લગભગ ૯૦ મીટર સુધીની ઉંચાઇનું કામ જે તે સરકાર ખવતે પૂર્ણ થયું હતું અને એમાં બહુમત મોટાભાગનું કામ કોંગ્રેસની સરકાર વખતે થયું હતું. ત્યારપછીની જે કામગીરી થઇ એમાં જાણે શ્રેય એવી રીતે લેવાય કે પાયાથી લઇને અત્યાર સુધીનું બધું અમે જ કર્યું છે અને એ રીતે પ્રચાર, પ્રસાર થાય અને જયારે જવાબદારી લેવાની વાત આવે કે ૨૭ વર્ષના શાસન પછી પણ કેનાલનું નેટવર્ક પૂરું કેમ નથી થઇ શકયું? તમામ જાતની બજેટની જોગવાઇઓ કરવા છતાંપણ ખેડૂતના ખેતર સુધી પાણી કેમ નથી પહોંચાડી શકયા? હવે યોજનાની મુખ્ય કામગીરીને બદલે આપણે સ્ટેચ્યૂના નામે વાહવાહી લઇએ અને ખેડૂત બિચારો એના ખેતરમાં સુકો પાક એની આંખો સામે સુકાઇ જાય અને દેવાદાર બનતો હોય એ સરકારનું બજેટ કોઇપણ રીતે સ્વીકાર્ય ન બને. જયારે આ યોજનાની વાત કરીએ છીએ ત્યારે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સંયુકત યોજના બની. પાણી માટેના વિવાદો થયા, એની વહેંચણી પણ નકકી કરવામાં આવી. વીજળી માટેનું ઉત્પાદન અને એની વહેંચણી પણ નકકી કરવામાં આવી પણ જયારે જયારે આપણે આ ગૃહમાં બજેટ ફાળવીએ છીએ. ગુજરાતની પ્રજાના ટેક્ષના પરસેવાના પૈસા આ બજેટના માધ્યમથી કોઇપણ યોજનાથી વિભાગ પાસે જાય છે ત્યારે એની ચિંતા પણ કરવી જોઇએ કે જેટલી ચિંતા આપણે કરીએ છીએ એટલી ચિંતા આજુબાજુના રાજયો જે આમાં સહભાગી છે એ કરે છે કે કેમ? આજે વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં જે આંકડા બહાર આવ્યા કે આ યોજના માટે બાજુના રાજયોમાંથી આપણે જે લેવાની રકમ નીકળે છે લગભગ ૭૨૨૫ કરોડ જેટલી રકમ આપણે આપણા પડોશી રાજયો પાસેથી લેવાની નીકળે છે અને એમાં પણ જો બ્રેકઅપ જોઇએ તો લગભગ ૪૯૫૩ કરોડ રૂપિયા મધ્યપ્રદેશ પાસેથી બાકી નીકળે છે. ૧૭૧૫ કરોડ મહારાષ્ટ્ર પાસેથી બાકી નીકળે છે અને ૫૫૬ કરોડ જેટલી રકમ રાજસ્થાન સરકાર પાસેથી બાકી નીકળે છે. મને એમ કે મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, ત્યાં તો સારી રીતે ઓળખાણ છે,સંબંધો છે, દબાણ કરી શકાય, હક્કથી કહી શકાય. ત્યાંથી સારામાં સારા પૈસા લઇ આવ્ય છે. આંકડા જોયા તો મહારાષ્ટ્ર પાસેથી ૩૮.૧૬ કરોડ રૂપિયા, રાજસ્થાન સરકારે પાસેથી ૧૨.૪૧ કરોડ આપ્યા, પણ મધ્યપ્રદેશ સરકાર પાસેથી આપણે કોઇ રકમ લાવી શક્યા નથી. હું તો ઇચ્છું બજેટમાં ગુજરાતના પૈસા આ યોજના માટે લગાવીએ છીએ તે જ રીતે ત્યાંથી પ્રયત્ન કરીએ. કદાચ  આપણું ના માનતા હોય તો માનનીય પ્રધાનમંત્રીશ્રીને ઇન્વોલ કરીએ. એમના માધ્યમથી પૈસા લાવવામાં આવે તો યોજના સારી રીતે કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની વાત કરીએ. ગુજરાતમાં ગુજરાત મોડેલ અને ગુજરાત મોડેલ કરતા *(xxx) નામે આખા વિશ્વમાં ખૂબ મોટો પ્રચાર થયો. ૨૭-૨૭ વર્ષોથી હોર્ડિંગ્સો, લગાવ્યા. જાહેરાત કરી. ખૂબ મોટી પબ્લિસિટી કરી. પહેલી વખત આ કોરોના મહામારીમાં *(xxx) ફ્લોપ છે. એવું આખા વિશ્વએ જોયું. *(xxx) ગુજરાતમાં લોકોને કોરોનામાં હોસ્પિટલોમાં પથારી ન મળી. જ્યારે જરૂર હતી ત્યારે ઇન્જેક્શનો ના મળ્યા. ઓક્સિજન વગર લોકો તરફડીને મર્યા. વેન્ટિલેટની રાહ જોતા જોતા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. આ *(xxx) આખા વિશ્વએ જોયું. આમ, *(xxx) કારણે ગુજરાતમાં ૩ લાખ કરતા વધારે લોકોના મૃત્યુ આ ગુજરાતમાં થયા. એવા સંજોગોમાં આજે પણ ગુજરાતની જનતા ઇચ્છે છે કે જે *(xxx) ટેસ્ટિંગના આંકડા છુપાવ્યા. હોસ્પિટલોમાં સારવારની વાત આવી ત્યારે લોકોને ભગવાનના ભરોસે છોડી દીધા.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

*(xxx) તમે બચાવ્યા નહીં, પણ જ્યારે એને સહાય મદદ કરવાની વાત આવી ત્યારે પણ ૪ લાખની જગ્યાએ ૫૦,૦૦૦ ની વાત કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અસંસદીય શબ્દો કરવા અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. *(xxx) એ શબ્દ ફરીવાર વાપર્યો. અને *(xxx)આ બંને શબ્દો દૂર કરવામાં આવે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, તમારો વિષય નથી. શા માટે ઉભા થઇ જાવ છો? વારેઘડીએ આપ ઉભા ના થઇ જાવ? મેં આપને એલાઉ કર્યા નથી. પ્લીઝ. આટલા સિનિયર સભ્ય થઇને ઉભા થઇ જાવ છો. વારંવાર મારે તમને ટોકવા પડે. અમીતભાઇને બોલવા દો.

શ્રી અમિત ચાવડા : જે કોરોના મહામારીના સમયમાં *(xxx)તે જગજાહેર છે. આખા વિશ્વના લોકોએ જોયું છે. પહેલા ટેસ્ટિંગના પૈસા કેટલા લેવામાં આવતા હતા. એટલે *(xxx)એવા શબ્દો..સ્પેસિફિક કોઇનું નામ દઇને.

અધ્યક્ષશ્રી : મારી વાત સાંભળો. આપના ખુલાસામાં આવી ગયું. મને કહેવા દો. ખાનગી હોસ્પિટલોમાં કે સરકારી હોસ્પિટલો હોય. અનેક લોકોના જીવ બચાવ્યા છે. તમામ મેડિકલ, પેરા મેડિકલ સ્ટાફે કોરોના વોરિયર્સ તરીકે ખૂબ કામ કર્યુ છે. આપણે એમને બિરદાવ્યા છે. તેવા સંજોગોમાં આવા શબ્દો કોઇને પણ હર્ટ થાય, *(xxx)એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. આટલું બધું કોરોનામાં કામ કર્યુ હોય.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર વિભાગની માગણી નં. ૬૫, ૬૬ અને ૬૭ લઇને આવ્યા છે, તે પૈકીની માગણી નં. ૬૭ ના અનુસંધાને હું મારા વિચારો વ્યક્ત કરવા માટે અને માગણીને સમર્થન કરવા માટે આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર જીવ સૃષ્ટિ માટે પાણી એ જીવામૃત સમાન છે. પાણી એ પરમાત્માનો પ્રસાદ છે. દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇએ જેમને જળજીવન મીશન અંતર્ગત સમગ્ર દેશમાં હર ઘર, નલસે જલ એ એક સંકલ્પ લઇને દેશના દરેક ગામના ઘર સુધી પીવાનું પાણી ચોખ્ખું, શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં મળે. તે માટે દેશના પ્રધાનમંત્રીએ ૨૦૨૪ માં આ સંકલ્પ પૂર્ણ કરવા માટેની પ્રતિબદ્ધતા સાથે આગળ કામ કરી રહ્યા છે. રાજ્યના માનનીય મુખ્યમંત્રી અને આ ભારતીય જનતા પક્ષની સરકારે ૨૦૨૨ ના અંત સુધીમાં આ સંકલ્પ પરિપૂર્ણ કરવા માટે લગભગ મોટાભાગની કામગીરી કાં તો પૂર્ણ કરવા આવ્યા છીએ અથવા તો કયાંય ટેન્ડરના સ્ટેજે અથવા તો છેલ્લા સ્ટેજે છે. આ વર્ષના અંતમાં મોટાભાગે હર ઘર નલ સે જલ એટલે કે લગભગ ૯૩ ટકા વિસ્તારને પીવાનું પાણી ઘર સુધી પહોંચે તેના માટેના પ્રયત્નો કરી રહ્યા છે. રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી પીવાનું પાણી પૂરું પાડવા માટે અને આ પહેલાં પણ મેં વાત કરી હતી કે, રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ જે લગભગ ૩૦૪૩ કિલોમિટર જેટલી બલ્ક પાઇપલાઇનો પાથરીને છેવાડાના વિસ્તાર સુધી પીવાનું પાણી પહોંચે તેના માટે કામ કરી રહ્યા છે. તે રીતે સરકાર તેમાં આગળ વધી રહી છે. લગભગ આજે ૧૪ હજાર જેટલા ગામડાંઓમાં અને નગરપાલિકાઓ અને શહેરી વિસ્તાર એટલે કે લગભગ ૨૩૮ જેટલા શહેરોમાં આ નર્મદા આધારિત પીવાનું પાણી પૂરું પાડવાની કામગીરી પૂર્ણ થવા આવી છે. રાજ્યનો પૂર્વ પટ્ટી વિસ્તાર કે જ્યાં ખાસ કરીને આદિવાસી વિસ્તાર છે અને જે ડુંગરાળ વિસ્તાર છે, ટેકરાવાળો વિસ્તાર છે તેવા વિસ્તારની અંદર સીધું પાણી આપી શકાય તેવી સ્થિતિ ન હોય ત્યાં મિની યોજનાઓ બનાવીને, કયાંક સ્થાનિક સોર્સ શોધીને, નાની જૂથ યોજનાઓ બનાવીને, કલસ્ટર બનાવીને તેવા વિસ્તારોમાં ઘર સુધી પીવાનું પાણી પહોંચે તેના માટે રાજ્ય સરકાર સતત કામગીરી કરી રહી છે. દરેક ગામડાંઓની અંદર સરફેસ વોટર એટલે કે પીવાનું પાણી ઉંડુ જતાં પીવાલાયક પાણી નહીં મળવાને કારણે પીવાલાયક પાણી દરેક ઘર સુધી પહોંચે તેના માટે રાજ્ય સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. પૂર્વ પટ્ટીની સાથે સાથે દક્ષિણના વિસ્તારોમાં ચોમાસામાં વરસાદનું પાણી ખૂબ વધારે પડે છે છતાં તે પાણી દરિયામાં વહી જતું હોવાને કારણે ઉનાળાના દિવસોમાં પીવાના પાણીની મુશ્કેલી ઉભી થાય છે. તેવા વિસ્તારોમાં ખાસ કરીને વલસાડ અને નવસારી જિલ્લામાં દમણગંગા બલ્ક પાઇપલાઇનની યોજના જે લગભગ ૩૮૭૦૬ લાખ રૂપિયાના ખર્ચે બની રહી છે. જેથી કરીને આ બંને જિલ્લા એટલે કે, વલસાડ અને નવસારી જિલ્લામાં જે પીવાના પાણીની મુશ્કેલી ઉભી થાય છે તેનો કાયમી હલ આવશે. કેટલા ડુંગરાળ વિસ્તારો છે કે જયાં પીવાના પાણીની યોજનાઓ બને નહીં તેવા વિસ્તારોની અંદર પણ કયાંક ચેકડેમ બનાવીને પાણી રોકીને, કયાંક મિની યોજનાઓ બનાવીને તો કયાંક સ્થાનિક સોર્સ ઉભા કરીને પીવાના પાણી માટે રાજ્ય સરકારમાં સતત પ્રયત્નો ચાલી રહ્યા છે. આ વિભાગ સતત કામગીરી કરતો વિભાગ છે. હું માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર એક વાત મૂકવા માગું છું. તેમાં મરામત, નિભાવ અને વિતરણની કામગીરી ટેન્ડરો મારફતે આપવામાં આવે છે. ત્યારે ઘણી વખતે કોન્ટ્રાકટરો ખૂબ નીચા ટેન્ડરો ભરી દે છે અને પૂરો મેનપાવર ત્યાં મૂકતા નથી. તેના કારણે પીવાના પાણીની વ્યવસ્થા હોવા છતાં આવી મુશ્કેલીના કારણે પીવાના પાણી ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચી શકતું નથી. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, તે બાબતે થોડીક વિશેષ કાળજી લેવાય, જેથી કરીને જયાં થોડીક સમસ્યા છે તે હલ કરી શકાય. આ કામગીરીની અંદર જે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રેગ્યુલર સ્ટાફ હતો તે વય મર્યાદાના કારણે નિવૃત્ત થતો જાય છે. એટલે તેમાં રેગ્યુલર સ્ટાફ પણ ભરાય તે જોવું જોઇએ. પાણી પુરવઠો તે આવશ્યક વસ્તુ છે. માણસ ન હોય તો તે કામગીરી ચાલી શકે તેમ નથી. એટલા માટે ત્યાં રેગ્યુલર સ્ટાફ ભરાય તે ખૂબ જરૂરી છે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આવતા દિવસોમાં જે સમસ્યા ઉભી થવાની છે તેની સામે અગાઉથી આપણે આયોજન કરી શકીએ. ખાસ કરીને પીવાના પાણીની આંતરિક સુવિધાઓ ઉભી કરવા માટે એટલે કે અંદરના ભાગમાં પીવાના પાણી પહોંચાડવા માટે, સમ્પ થી ઘર સુધી પાણી પહોંચાડવા માટે, તે ઉપરાંત વિતરણની વ્યવસ્થાઓ છે, બલ્ક પાઇપલાઇનો છે તેના દ્વારા સરખા પ્રમાણમાં પાણી પહોંચાડી શકાય તે માટે ૨૦૧૯ ની અંદર ગુજરાત ડોમેસ્ટીક વોટર સપ્લાય એકટ પસાર કરવામાં આવેલો હતો. આની તબક્કાવાર અમલવારી થાય તો જે વચ્ચેના ભાગમાં પાણીની ચોરી થાય છે અને છેડા સુધી પીવાનું પાણી પહોંચતું નથી તેમાંથી પણ આપણે બહાર નીકળી શકીએ. એટલે છેવાડાના માણસ સુધી પીવાનું પાણી પહોંચાડી શકાય તેની વ્યવસ્થા ઉભી કરી શકાય તેવી મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. તેની તબક્કાવાર અમલવારી થાય તો આગામી દિવસોમાં તે સમસ્યામાંથી બહાર નીકળી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આંતરીક પીવાના પાણીની યોજના એટલે કે વાસ્મોના માધ્યમથી ગામના પાદર સુધી પાણી પહોંચાડ્યા પછી અંદરની જે વ્યવસ્થા ઉભી થાય છે એ વાસ્મોના માધ્યમથી એટલે પહેલા જ્યારે વાસ્મોની અમલવારી કરવા માટે એટલે કે, અંદરના પાણીની સુવિધા ઉભી કરવા માટે ૧૦ ટકા લોકફાળો ભરવામાં આવતો. આ નલ સે જલની યોજના દેશના પ્રધાનમંત્રીશ્રીએ જ્યારે અમલમાં મૂકી અને સંકલ્પ કર્યો ત્યારે એની અંદર ૧૦ ટકા લોકફાળાને બદલે એને શ્રમદાનમાં ગણી લેવાના અને એમાં પણ ઘણાં ગામડાંઓમાં શ્રમદાનમાં પણ પ્રશ્નો ઉભા થયા, સમસ્યા ઉભી થઇ એમાંથી આગળ વધીને ભારતીય જનતા પાર્ટીની સરકારે અને પાણી પુરવઠા વિભાગે ખાસ કરીને એક નિર્ણય કર્યો કે, એવા ગામડાં હોય કે જ્યાં લોકફાળો ભરી શકે એમ ન હોય એવા ગામડાંઓમાં સો ટકા રકમ પાણી પુરવઠા બોર્ડ ભરે અને એના માધ્યમથી પણ ઘણાં ગામડાંઓમાં આંતરીક પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરી શકાય અને દરેકના ઘર સુધી પીવાનું પાણી પહોંચાડી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, એવા કેટલાક વિસ્તારો છે કે જ્યાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના લોકો વિશેષ રહેતા હોય એવા વિસ્તારોમાં આ ૧૦ ટકા લોકફાળો ભરવાની સમસ્યાઓ હતી આ બંને વિસ્તારોમાં સો ટકા રાજય સરકારના ખર્ચે પીવાનું પાણી દરેકના ઘર સુધી પહોંચે એ માટે પાણી પુરવઠા વિભાગે અને રાજય સરકારે સરસ મજાની વ્યવસ્થા ગોઠવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ આખાય રાજયમાં બલ્ક પાઇપલાઇન એ ઉપરાંત ક્યાંક સ્થાનિક સોર્સ એમાં પણ દરિયા કાંઠાના વિસ્તારોમાં જ્યાં પીવાના પાણીની મુશ્કેલી હોય એવા વિસ્તારોમાં અને છેવાડાના અને અંતરિયાળ વિસ્તારો છે કે જે દુર્ગમ વિસ્તારો છે એવા વિસ્તારોમાં પાણીની પાઇપલાઇન મારફતે પાણી પહોંચાડી શકાય નહીં એવા વિસ્તારોમાં સ્થાનિક સોર્સ ઉભો કરીને પીવાનું પાણી આપવા માટેનો નિર્ણય કરવા માટે ભારતીય જનતા પક્ષની સરકારે ડી-સેલિનેશન પ્લાન્ટ એટલે કે દરિયાના ખારા પાણીને મીઠું પાણી કરીને દુર્ગમ વિસ્તારો છે કે જે દરિયા કાંઠાના વિસ્તારો છે એમાં આવતા દિવસોમાં પીવાનું પાણી આપી શકાય એ માટે આવા ૪ ડી-સેલિનેશન પ્લાન્ટની સરકારે જોગવાઇ કરી છે અને એના મારફતે જે વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હોય ત્યાં લોકલ આવો સોર્સ ઉભો કરીને તેના મારફત પણ પીવાનું પાણી આપી શકાય એના માટેની માનનીય મંત્રીશ્રી જે જોગવાઇ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપુ છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર તાલાળામાં ઘણાં સમયથી રાજય સરકારે નવી હોસ્પિટલ બનાવવા માટે ૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. જે હયાત હોસ્પિટલ છે એ હોસ્પિટલની જગ્યામાં નવી હોસ્પિટલના ૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે એ જગ્યા ટૂંકી પડે છે. હાલ જે બિલ્ડિંગ ઉભું છે એની જગ્યા છે એ ૪૫૦૦ થી ૪૬૦૦ મીટર છે અને નવા બિલ્ડિંગ માટે ૧૦,૦૦૦ મીટરની આજુ બાજુ જમીન જોઇએ. એક સંસ્થા પાસે સરકારી જમીન એને એલોટ થયેલી હતી એ જમીન સંસ્થાએ આરોગ્યની હોસ્પિટલ બનાવવા માટે, આરોગ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે એ સંસ્થાએ પરત એ જમીન સરકારશ્રીને, કલેકટરશ્રીને સુપરત કરી છે અને એમણે કહ્યું હતું કે આરોગ્ય વિભાગને જો એ જમીન ફાળવવામાં આવે તો અમે જમીન આપવા માટે તૈયાર છીએ. એ જમીન એ સંસ્થાએ કલેકટરશ્રીને હવાલે પણ મૂકી દીધી છે. વારેવારે વાત કર્યા પછી હોસ્પિટલના જે ડોકટર છે એમને કહ્યું છે કે તમે દરખાસ્ત કરી આ જમીનની માગણી કરો આવનારા સમયમાં આપણે હોસ્પિટલ નવી ત્યાં બનાવીએ કે ન બનાવીએ પણ આરોગ્યની સુવિધા માટે શહેરી વિસ્તારમાં કોઇ આવી જમીન ન મળે અને જમીન સરકારશ્રીની પડી છે અને એ જમીન સરકારશ્રી આપવા માટે તૈયાર છે તો આપણે દરખાસ્ત કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, ઘણો સમય થયો દરખાસ્ત કર્યા પછી ભાવનગર ડેપ્યુટી કમિશનરશ્રી જ્યાં બેસે છે એ ડેપ્યુટી કમિશનરશ્રી સાથે ટેલિફોનિક વાતચિત થયા મુજબ આજની તારીખ સુધી કલેકટરમાં એ જમીનની માગણી નથી કરી એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, ટેકનિકલી તપાસ્યા પછી જૂની જગ્યાએ હોસ્પિટલ બને તો એ જગ્યાએ બનાવીશું પણ આવનારા સમયમાં આરોગ્યની બીજી નવી સુવિધાઓ એ તાલુકામાં મળી રહે એના માટે જગ્યા તો જોઇશે તો એ જગ્યાની માગણી કરી લેવામાં આવે અને આરોગ્યને હવાલે વહેલીતકે એ જમીન કલેકટરમાંથી ફાળવવામાં આવે એવી મારી વિનંતી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી,વર્ષ ૨૦૧૯માં એ કદાચ ગુજરાતનો પહેલો પ્રોજેકટ હશે અને એક સંસ્થા એ કરવા માટે તૈયાર છે, સરકારશ્રીને એમાં એક પૈસાનો ખર્ચ નથી, સરકારશ્રીને એની અંદર ખનિજ સંપત્તિ નીકળે એની રોયલ્ટી પણ મળવાની છે ત્યારે ૨૦૧૯માં સરકારશ્રીએ જે નદી ઉંડી ઉતારવા માટેનો પ્રોજેકટ છે એ અમારે ત્યાં હિરણ નદી છે એ ગીર ફોરેસ્ટમાંથી નીકળી અને ત્રિવેણી સંગમની અંદર ભળે છે. સાડા અગિયાર કિલોમિટર જેવી તેની લંબાઇ થાય છે અને તેને ઉંડી ઉતારવા માટે રાજય સરકારે ૨૦૧૯માં મંજૂરી આપી છે. આજની તારીખ સુધી તેની કોઇ અમલવારી નથી થઇ અને મને લાગે છે કે ગુજરાતની અંદર પાણી રોકવા માટેનો આ ફર્સ્ટ પ્રોજેકટ હશે. એટલા માટે વાત કરી રહ્યો છું કે અમારા દરિયાકાંઠાનો ખારા પાણીનો જે વ્યાપ છે તે દિવસે અને દિવસે આગળ વધે છે. પાણીના તળ છે તે ઉંડા જાય છે જો આ નદીની અંદરથી વધારાનું પાણી જો દરિયામાં જતું હોય અને રોકવા માટે જો તે નદીને ઉંડી ઉતારવામાં આવે સાડા અગિયાર કિલોમિટર સુધી તો આજુબાજુના ૧૫ કિલોમિટરના તમામ વિસ્તારનું તળ પણ ઉંચુ આવે અને ખારા પાણીનો જે વ્યાપ છે તે આગળ વધતો અટકે એટલા માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આમાં પોઝિટીવ વિચારીને આ પ્રોજેકટને તાત્કાલિક જયાં પણ અટકયું હોય, જે વિભાગની અંદર અટકયું ત્યાંથી તે વિભાગમાંથી પણ તેની મંજૂરી લઇ અને તાત્કાલિક આ પ્રોજેકટને ચાલુ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સમયથી જે ડેમો છે તે ડેમો અમારા ફોરેસ્ટ વિસ્તારની બહાર જે અમારા ગીર-સોમનાથ જિલ્લાની અંદર ડેમો આવેલા છે તે ડેમોની અંદર છેલ્લાં સમયની અંદર પાણીનો સ્ત્રાવ ઘટે, પાણીનું લેવલ ઘટે ત્યારે તેમાંથી કાંપ કાઢવાની મંજૂરીઓ સરકાર આપે છે ખેડૂતોને કાંપ, માટી લઇ જવા માટેની મંજૂરીઓ આપવામાં આવે છે પણ અમારા ગીર-ફોરેસ્ટ વિસ્તારમાં જે અમારા ગીર-સોમનાથ જિલ્લાની અંદર જે ડેમો આવેલા છે શીંગવડા છે, કમલેશ્વર-૧ નંબર છે, રાવલ છે આ ઘણાં વર્ષોથી તેની અંદર કાંપ ભરાઇ ગયો છે, જંગલની માટી ભરાઇ ગઇ છે એટલે પાણીનું લેવલ પણ ઘણું બધુ ઘટી ગયુ છે તો એ પણ મારી માનનીય મંત્રીશ્રીને, સરકારશ્રીને વિનંતી છે કે તે જે તે વિભાગની સાથે વાત કરી અને તેમની અંદરથી પણ કાંપ કાઢવા માટે આવનારા સમયમાં મંજૂરી આવે તો તેના માટે પણ ઘણો બધો પાણીનો સંગ્રહ થઇ શકે અને ત્યાંના લોકોને સુવિધા મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારનું જે વડોદરા ઝાલા બંધારા જે ઘણાં સમય પહેલાં બનેલો છે હાલની તકે તે જર્જરિત હાલતમાં છે તે જર્જરિત હાલતમાં હોય એટલે તેને રીનોવેશન કરવા માટેની દરખાસ્ત જે તે વિભાગે સરકારશ્રીમાં મોકલી છે તો મારી વિનંતી છે કે, તાત્કાલિક તે દરખાસ્તને મંજૂરી આપે જેથી ચોમાસા પહેલાં એ કામ શકય બને અને ત્યાંના ખેડૂતોને, ત્યાંની પ્રજાને તેનો ફાયદો મળે એટલા માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે અને બીજુ એક અમારે નેશનલ હાઇવેની અંદર સોમનાથની ભાવનગર ફોર ટ્રેકની અંદર અમારે પીએચસી દવાખાનું જે આજોઠાનું જે છે તેની અંદર ફોર ટ્રેકની અંદર જાય છે તો એ નવું પીએચસી દવાખાનું બનાવવા માટેની જે દરખાસ્ત અહીંયા રાજય સરકારમાં આવી હોય તો તેમને પણ તાત્કાલિક મંજૂરી આપી અને તે વહેલી તકે પીએચસીની હોસ્પિટલ ત્યાં બનાવવામાં આવે અને તાલાળાની જે હોસ્પિટલ છે તે વહેલી તકે ચાલુ થાય અને તેની જગ્યા જે બે એકર જેટલી જમીન જે સંસ્થાએ આપવા માટેની તૈયારી બતાવી છે તે વહેલી તકે દરખાસ્ત કલેકટરમાં મોકલી અને જમીન છે તે આરોગ્ય વિભાગને હવાલે લઇ લેવામાં આવે એવી હું સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું અને જે હેરણ નદી ઉંડી ઉતારવાનું છે તે પ્રોજેકટને પણ સરકાર અને માનનીય મંત્રીશ્રી મંજૂરી આપે એટલી વિનંતી સાથે, આભાર.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૨૩ના અનુદાનો માટેની માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપી અને મારા વિચારે રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ વખતના બજેટની અંદર મારા સાણંદ, બાવળા અને વિરમગામ વિસ્તારના જે ૩૩ ગામો છે સિંચાઇથી જે વંચિત હતા તેના માટે જે યોજના બનાવી અને ૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા તે બદલ હું સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાચિનકાળમાં પાણીના સંગ્રહ માટે તળાવો અને અલગ અલગ યોજનાઓ બનાવી હતી ત્યારે સમગ્ર ગુજરાતને પાણી પહોંચાડી શકાય તેના માટે આપણાં સૌના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે આપણે નર્મદા ડેમ થકી સમગ્ર ગુજરાતને સિંચાઇનું અને પીવાલાયક પાણી પહોંચી રહે તેના માટે પૂરેપૂરી યોજના બનાવી અને તે દરેકે દરેક ઘર સુધી "નલથી જલ" પહોંચે તેના માટેની યોજના બનાવી અને અત્યારે સમગ્ર ગુજરાતની અંદર લગભગ દરેકે દરેક ઘર સુધી "નળથી જળ" મળી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીના સ્તર ઉપર આવે તેના માટે થઇને ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ જ સરસ સુજલામ્ સુફલામ્ યોજના થકી આપણે જયારથી આ સુજલામ્ સુફલામ્ યોજના શરૂ કરી ત્યારથી ગુજરાતની અંદર જલસ્તર પણ ખૂબ જ ઉંચું આવ્યું છે.

**" હે જળ તું જ સર્વેનું પોષક છે, તુજ હી છે ઉપવન આ,**
**તું જ અજર આલમ અસ્તિત્વ, તુંજ છે તો છે આ જીવન. "**

## તા.૨૨મી માર્ચ ૨૦૨૨
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ યોજના થકી ૧૭ જિલ્લાઓ, ૭૭ તાલુકાઓ, ૩,૧૭૭ ગામોના લગભગ ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનું પાણી પહોંચી રહ્યું છે. માત્ર પાણી નહિ પણ સમગ્ર વિસ્તારમાં આ નર્મદા ડેમ બન્યા બાદ કુલ ૧૪૫૦ મેગાવૉટના બે વિદ્યુત-મથકો થકી આજે જેટલી પણ વીજળી ઉત્પન્ન થાય છે એમાંથી ૧૬ ટકા ગુજરાતમાં, ૫૭ ટકા મધ્ય પ્રદેશમાં અને ૨૭ ટકા મહારાષ્ટ્રમાં પહોંચી રહી છે. ૨૦૨૧ સુધીમાં લગભગ ૭૨૬૬૩.૫૫ કરોડનો ખર્ચ આ નર્મદા યોજના પાછળ કરવામાં આવ્યો છે. હમણાં - હમણાં જે કહેવામાં આવ્યું કે ૧૩૮ મીટરની ઉંચાઇમાં માત્ર ૧૫ મીટરની ઉંચાઇ બાકી હતી તો આપના માધ્યમથી મારે એ લોકોને જણાવવું છે કે માત્ર ૧૫ મીટરની ઉંચાઇ વધારી પણ જ્યારે ૧૨૩ મીટરની ઉંચાઇ હતી ત્યારે ૧૨૩.૨૭ મિલિયન એકર ફીટ વધીને ૧૩૮ કર્યું ત્યારે ૪.૭૫ મિલિયન એકર ફૂટનો વધારો થયો છે એટલે લગભગ ૩.૭૫ ગણી વધી છે. માત્ર ૧૫ મીટર નહિ પણ એ ૧૫ મીટરના કારણે ત્રણ ગણો જળ સ્તરમાં વધારો થયો છે. જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં કુલ ૫૧૨૮ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થઇ છે. જો એની બજાર કિંમત ગણવા જઇએ તો એના થકી લગભગ ૨૦,૫૧૪ કરોડ રૂપિયાની સરકારને આવક થઇ છે. જે નર્મદા યોજનાની વાત કરવામાં આવે છે એ સમગ્ર દુનિયામાં સૌથી પાકી કૉંક્રિટની સ્તરવાળી નહેર છે. ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં આ કામ પૂર્ણ કરવાનું છે અને એ પૂર્ણ થતાં ગુજરાતની લગભગ ૧૭.૯૨ લાખ હેક્ટર જેટલી જમીનને સિંચાઇનું પાણી પહોંચી શકશે. ત્યારબાદ ત્યાં પર્યટકોની વધુને વધુ સંખ્યા આવે એ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવામાં આવ્યું છે અને લોકો આ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા આવે છે. જાન્યુઆરી - ૨૦૨૨ સુધીમાં ૭૫ લાખથી વધારે પ્રવાસીઓ ત્યાં આવ્યા છે અને જે લોકો બાકી રહી ગયા હોય તેમને પણ અમે આમંત્રણ આપીએ છીએ કે ત્યાંની મુલાકાત લે. સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું ત્યાં માત્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી નહિ પણ વિવિધ પ્રકારની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. વી.આઇ.પી. સર્કિટ હાઉસ, રિસોર્ટ્સ અને ઘણાં બધાં વ્યુ પોઇન્ટ પણ જોવાલાયક છે. બે થી ત્રણ દિવસ વિતાવીએ તેમ છતાં આખું જોઇ ન શકાય એવું અદભૂત પર્યટક સ્થળ બનાવવામાં આવ્યું છે, એડવેન્ચર પાર્ક બનાવવામાં આવ્યું છે. અલગ-અલગ એક્ટિવીટી કરી શકાય એના માટેની પણ વ્યવસ્થા છે. કોઇને અલગ-અલગ ભાષામાં ગાઇડ જોઇતા હોય તો એની પણ સુવિધા કરવામાં આવી છે. હમણાં - હમણાં જ વાત કરી રહ્યા હતા કે મોદી મૉડલથી કોરોના કાળ દરમિયાન આ થયું તો એ લોકોને મારે જણાવવું છે કે સમગ્ર વિશ્વમાં જો કોઇ સૌથી સુરક્ષિત દેશ હોય તો એ માત્ર ભારત દેશ છે. ગુજરાત સરકારે આ વખતના બજેટમાં લગભગ ૩૦૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે તેને હું સમર્થન આપું છું અને માનનીય મંત્રીશ્રી જે ભલામણ લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : માનનીય અધ્યક્ષાશ્રી, માનનીય મંત્રીશ્રી જળસંપત્તિ પ્રભાગ માટે જે માગણીઓ લઇને આવ્યા છે તેના અનુસંધાને મારી વાત રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી સરદાર સરોવર નર્મદાની વાત કરીએ એટલે સ્વતંત્ર ભારતના સ્વપ્ન દ્રષ્ટા સ્વર્ગસ્થ જવાહરલાલ નહેરુએ જોયેલું સ્વપ્ન, સ્વર્ગસ્થ ચીમનભાઇ, સ્વર્ગસ્થ બાબુભાઇ જશભાઇ પટેલ, સ્વર્ગસ્થ સનથભાઇ, માનનીય જયનારાયણભાઇ આ બધાં જ બહુ આયામી આગેવાનોએ જે સેવાનો લાભ આપ્યો છે એમને પણ આપણે ચોક્કસપણે યાદ કરવા જોઇએ. માનનીય અધ્યક્ષાશ્રી, ખરેખર તો ફાઉન્ડેશનથી લઇને ૧૧૫ મીટર સુધીનું કામ જે તે સમયે આ બધાં સ્વપ્નદ્રષ્ટાઓની સીધી દેખરેખ હેઠળ થયું હતું. માત્ર ૪૮ મીટર ઉંચાઇ વધારવાનું કામ ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. સરકારની જો ખરેખર ઇચ્છા શક્તિ હોય તો જે ભયાનક જળ તંગી વરતાઈ રહી છે તેમાં ચોક્કસ ઉપાયો થઈ શકે તેમ છે. સૌની યોજના લિંક-૧,૨, ૩ અને ૪ નો અભ્યાસ કરીએ તો ચોક્કસપણે એવું કહી શકાય કે સરકાર માત્ર પસંદગીના લોકો માટે જ કામ કરી રહી હોય અથવા પસંદગીના લોકોને જ તેનો લાભ મળી રહ્યો હોય તે પ્રકારનું ચિત્ર ઉપસી રહ્યું છે. ખરેખર તો ઉંચાણવાળા વિસ્તારો, કાયમી અછતગ્રસ્ત રહેતા વિસ્તારો, પછાત વર્ગના લોકો જે વિસ્તારમાં વધારે રહેતા હોય એવા લોકોને પ્રાધાન્ય મળવું જોઈતું હતું પરંતુ આમાં એવું થઈ રહ્યું નથી. ખરેખર પ્રમાણિકપણ આયોજન અને અમલીકરણ થાય તો ખેડૂતો બે પાંદડે શકે તેવી શક્યતાઓ છે.

માનનીય અધ્યક્ષાશ્રી, ૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ના દિવસે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને ગૃહના સન્માનનીય સભ્યશ્રી વિજયભાઈ રૂપાણી મારા મત વિસ્તારના સુપ્રસિદ્ધ તરણેતરના મેળામાં આવેલા અને તે સમયે એમણે જાહેરાત કરેલી કે સૌની યોજનાનો સૌથી વધારે લાભ આ વિસ્તારને મળશે. મારે કહેવું છે કે, મુખ્યમંત્રી પદ હોય અને એમના દ્વારા બોલાયેલા શબ્દોનું વજન હોવું જોઈએ. એ વાત કર્યા પછી આજની તારીખે પણ તે વિસ્તારને બિલકુલ પાણી મળ્યું નથી એ નરી વાસ્તવિકતા છે. મારા મત વિસ્તારની આસપાસના વિસ્તારમાં મારા જિલ્લામાં ધોળીધજા ડેમ અને લીંબડી ભોગાવો ડેમ બંને જગ્યાએ માત્ર સ્ટૉરેજ અને લિફ્ટિંગનું કામ થઈ રહ્યું છે. જ્યારે તેના જ કાંઠે આવેલા વિસ્તારના લોકોને તેના પાણીનો બિલકુલ લાભ મળી રહ્યો નથી. અમારા વિસ્તારની સ્થિતિ કૂવા કાંઠે તરસ્યા એ પ્રકારની છે. મેં અગાઉ કહ્યું એમ સરકાર માત્ર પસંદગીના વિસ્તારો માટે કામ કરી રહી હોય એવું ચિત્ર ઉપસે છે અને તેના કારણે ત્યાં સ્ટૉરેજ થતું હોવા છતાં પણ સાયલા, ચોટીલા, જસદણ, વિંછીયા, વાંકાનેર, બાબરા, મુળી, થાનગઢ જેવા તાલુકાને પાણી મળતું નથી. કારણ કે આ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર લગભગ ક્યારેય ચૂંટણી જીતતી નથી એટલા માટે પાણી અપાતું નથી એ ખબર નથી. ધોળીધજા ડેમમાંથી જે તે સમયે મારા મત વિસ્તારમાંથી ૨૦૦ જેટલા બોર કરીને પીવાના પાણી માટે સુરેન્દ્રનગરને પાણી આપેલું છે તો મુળી તાલુકામાં બોર રીચાર્જ થવા માટેનું કામ થવું જોઇએ. મુળીથી શરૂ કરી ધોળીધજા ડેમ થી વાંકાનેર સુધી વચ્ચે આવતાં મુળી, થાનગઢ

અને વાંકાનેર તાલુકાના ગામડાઓ માટે અલગથી યોજના બનવી જોઈએ એવી હું માગણી મૂકું છું. ધોળીધજા ડેમથી દાણાવાડા, દીગસર, પાંડવરા, કળમાદ, કુંતલપુર, લિયા, સરા, અંબારડી, કરશનગઢ આ વચ્ચેના વિસ્તારોને પાણી મળે તે માટેની માગણી કરું છું. દુધઈ, ટીકર, સરલા, સુજાનગઢ, રામપરડા, દુધઈ, ગઢડા તે વિસ્તારને પણ પાણી મળે તે પ્રકારની મારી માંગ છે. વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૦ સુધી મારા મત વિસ્તારના ગામડામાંથી લગભગ ૨૦૦ કરતાં વધારે બોર કરીને સુરેન્દ્રનગર અને થાનગઢ તાલુકાની બાજુમાંથી જાંબુડિયાના વીડી વિસ્તારમાં ૪૦૦ કરતાં વધારે બોર કરીને રાજકોટ શહેરને પીવા માટે પાણી આપેલું. એ પ્રક્રિયાનું પરિણામ અમને શું મળ્યું? પાણી ૧૫૦ ફૂટે હતું તે આજે ૬૦૦ ફૂટ કરતાં વધારે છે.

પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય અધ્યક્ષશ્રીના સંબોધન બાબત

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ થયું કે ગુજરાતીની જોડણીથી માંડીને, ભાષાથી માંડીને આપણે બધું જ સ્પષ્ટ કર્યું છે અને એવો ભેખ આપણે બધાએ લીધો છે ત્યારે એક ગેરસમજ કાયમ માટે દૂર થાય અને વિધાનસભાના રેકર્ડમાં કાયમ માટે ન રહે એટલા માટે અધ્યક્ષ એ પદ છે. એ સ્ત્રીલિંગ કે પુલ્લિંગ નથી. જે રીતે મિસ્ટર સ્પીકર કહી શકાય તે જ રીતે મેડમ સ્પીકર પણ કહી શકાય. અધ્યક્ષનું અધ્યક્ષા આવો કોઈ શબ્દ નથી. મેં તેની ખૂબ છણાવટ પણ કરી છે અને તે અંગે ચર્ચા પણ કરી છે એટલે અધ્યક્ષ મહોદયા કહી શકાય અથવા પુરુષ હોય તો અધ્યક્ષ મહોદય કહી શકાય. આ જ્યાં અધ્યક્ષા શબ્દ વપરાયો છે તે તમામ જગ્યાએ અધ્યક્ષ શબ્દ રહે એટલું મારું નમ્ર સૂચન છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ શબ્દ સુધારણાનો જે પ્રસ્તાવ મુક્યો, એમાં આપણું રેકર્ડ ખોટું ન થાય એટલા માટે સાચી વાત છે. જેથી પ્રસ્તાવને અમારૂ અનુમોદન છે. કારણ કે, પદ હોય, ધારાસભ્ય હોય પછી બેનશ્રીને ધારાસભ્ય ન કહેવાય, સંસદસભ્ય હોય પછી બેનશ્રીને સંસદસભ્ય ના કહેવાય. એમ અધ્યક્ષશ્રીને અધ્યક્ષા ના કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, મેડમ અધ્યક્ષશ્રી અથવા અધ્યક્ષ મહોદયાશ્રી કહેવાય. એટલે હવે જયારે બધા બોલે ત્યારે માનનીય અધ્યક્ષ મહોદયાશ્રી અથવા માનનીય અધ્યક્ષશ્રી કહેવું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી અને ડો.સી.જે.ચાવડાજીએ જે કંઇ અહીંયા ચર્ચા કરી અને જે માર્ગદર્શન આપ્યું છે, એમાં મને લાગે છે કે અભ્યાસ પછી આપેલું આ માર્ગદર્શન આપણા સૌના માટે જરૂરી છે. હવે પછી આપણે અધ્યક્ષ મહોદયાશ્રી, એવો શબ્દ વાપરીએ અથવા સ્પીકર મેડમશ્રી આવું પણ કહી શકાય, એવું મને લાગે છે. જે કંઇ યોગ્ય લાગે તે પણ અધ્યક્ષ એટલે અધ્યક્ષ જ રહે, એવું આપણે સૌ નક્કી કરીએ છીએ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણની જે માંગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હું ઘ્યાનથી માનનીય શ્રી અમિતભાઇને સાંભળતો હતો. એમણે જે સિંચાઇ બાબતની વાત કરી, હું આપને ભૂતકાળમાં લઇ જવા માગું છું. વર્ષ ૨૦૦૧ પહેલા આ ગુજરાત રાજ્યમાં લગભગ ૩૮ લાખ હેકટર જમીનમાં સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ હતી. પણ વર્ષ ૨૦૦૧ પછી જે પ્રમાણેનું આયોજન ગુજરાત સરકારે, તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં થયું એ પછી ટૂંક સમયમાં આજે વર્ષ ૨૦૨૨માં લગભગ ૬૯ લાખ હેકટરમાં આ સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ થઇ છે. સમગ્ર દેશમાં ગુજરાતમાં સિંચાઇ વિભાગે જે પ્રમાણે નમુનારૂપ કામગીરી કરેલી છે એને હું બિરદાવું છું. વર્ષ ૨૦૦૧ પહેલા કૃષિ વિકાસ દર લગભગ ૨ થી ૩ ટકાની આસપાસ હતો. એ કૃષિ વિકાસદર લગભગ વર્ષ ૨૦૧૨ આવતાં સુધીમાં ડબલ ડિજિટમાં એટલે કે લગભગ ૧૨-૧૩ ટકાની આસપાસ પહોંચાડેલો. એ વખતે મને યાદ છે કે, રકમ રૂપિયા ૧ લાખ ૫૨ હજાર કરોડનું મૂલ્ય કૃષિ ઉત્પાદન આપણે મેળવી શક્યા. ગયા વર્ષના આંકડા જોઇએ તો, લગભગ રકમ રૂપિયા ૨ લાખ કરોડનું કૃષિ ઉત્પાદન આપણે મેળવી શક્યા. આપણી પાસે ૬૩ હજાર કિ.મી.નું વિશાળ નેટવર્ક છે. આ બજેટમાં સરકારે આદિવાસી ક્ષેત્રની ચિંતા કરી છે. આમ તો ૧૫ ટકા વસતિ પણ સવા બે ગણા બજેટની ફાળવણી થઇ છે. આદિવાસી વિસ્તારમાં ખેડૂતો સિંચાઇનો લાભ મેળવે અને પોતે આ મુખ્ય પ્રવાહમાં સ્વમાનભેર જીવી શકે એ માટેનું જે આયોજન કર્યુ છે, તેના માટે હું આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આદરણીય શ્રી ઋષિકેશભાઇને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. જો આદિવાસી ક્ષેત્રની વાત કરીએ તો અમારા બૃહદ સાબરકાંઠામાં જે વાત્રક નદી જેનો હાલ અરવલ્લી જિલ્લો કહેવાય, એ વાત્રક નદીમાંથી માલપુર, મેઘરજ અને મોડાસાના લગભગ ૭૩ તળાવો ભરી, એ વિસ્તારની પ્રજાને સિંચાઇનો લાભ મળે એ માટે પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. મેશ્વો ડેમ જે ઉદવહન યોજના શામળાજી જોડે છે એ યોજના થકી ભિલોડા અને શામળાજીના ગામડાઓને લાભ મળે એ માટે પણ આ વખતે જોગવાઇ કરવામાં આવી છે. હમણાં જ બીજાપુર તાલુકાનું વિરપુરા ગામ, ત્યાં ૨૦૦ કરોડ રૂપિયાના ચેકડેમનું આયોજન તૈયાર થઇ રહ્યું છે તેના થકી અમારા પશ્ચિમના જે દેરોડ, દેદરોટા, હિંમતનગર તાલુકાના ભૂગર્ભ જળો છેક ઊંડા ગયા છે તેને ઉંચા લાવવા માટે આ ચેકડેમ આશીર્વાદરૂપ થવાનો છે. એવી જ રીતે હમણાં જ હિંમતનગર અને તલોદ તાલુકાના ગામડાંને સુજલામ સુફલામની જલુન્દ્રા-મહાદેવની મુવાડી પઇપ લાઇન યોજના માટેનું ટેન્ડર હમણાં જ મંજૂર કર્યું તે થકી અમારા હિંમતનગર તાલુકાના લગભગ ૪૨ ગામો અને ૧૧૦૦૦ વીઘા જમીનને સીધો સિંચાઇનો લાભ મળવાનો છે. આ કામ કરતી સરકાર છે. જે ખેડૂતોની અપેક્ષાઓ અને

આકાંક્ષાઓ હતી તેને પરિપૂર્ણ કરવા માટે જે પ્રમાણેનું ૨૦૧૮માં સરકારે સુજલામ સુફલામ યોજના થકી અભિયાન ઉપાડેલું, તે પૈકી લગભગ ૫૩ હજાર કિલોમિટરની કેનાલોની સફાઇ કામગીરી આ ચાર વર્ષમાં કરવામાં આવી, ચેકડેમો ઊંડા કરવામાં આવ્યા, ૫૩ હજાર ઉપરાંતના તળાવોમાં વરસાદી પાણીનો સંગ્રહ થઇ શકે એ પ્રમાણેની કામગીરી કરવામાં આવી તે મારી દ્રષ્ટિએ સમગ્ર દેશમાં આ ગુજરાતે જે પ્રમાણે અનેક કામો ખેત તલાવડીઓના, અનેક ચેકડેમો, અનેક પ્રકારના રીચાર્જ થકી પાણીની સંગ્રહ શક્તિ વધે તે પ્રમાણેના કાર્યો કર્યા અને એ પ્રમાણે છેલ્લા ચાર વર્ષમાં જે પ્રમાણેનું કામ થયું છે તેના આંકડા આપું તો છેલ્લા ચાર વર્ષમાં લગભગ ૧૫૬ લાખ માનવદિન રોજગારી આ કામગીરી થકી આપણે ઉત્પન્ન કરી શકયા છીએ. અને ૬૧૭૮૧ લાખ ઘન ફૂટ પાણી સંગ્રહ કરી શક્યા, આપણો રાજકોટનો આજી ડેમ જે રાજકોટને પીવાનું પાણી પૂરું પાડે છે તે ડેમ છ વખત ભરાઇ શકે એટલી સંગ્રહ શક્તિનું આ ગુજરાત સરકારે આયોજન થકી કાર્ય કર્યું છે. બીજી વાત કરું તો ધરોઇ ડેમ માટે હું ઋષિકેશભાઇનો અને ભૂપેન્દ્રભાઇનો વિશેષ આભાર માનું છું કે ધરોઇ ડેમ યાત્રાધામ તરીકે વિકસે, પ્રવાસન ધામ તરીકે વિકસે તેના માટે ૨૦૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે અને બેરેજ માટે અત્યારે ૩૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે તે બદલ હું ખૂબ ખૂબ હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આ કામ કરતી સરકાર છે, જે ખેડૂતોની જે પ્રમાણેની માગણીઓ છે, અને નરેન્દ્રભાઇએ જે પ્રમાણે ડ્રીપ ઇરિગેશનને પ્રોત્સાહન આપ્યું છે એ ડ્રીપ ઇરિગેશન માટે ગુજરાત સરકારમાં લગભગ ૨૧ લાખ હેકટરમાં ૧૩ લાખ ખેડૂતોને આપણે આ લાભ આપ્યો હતો, અને આવનારા ૧ વર્ષમાં નવી ૧ લાખ હેકટર જમીનમાં સૂક્ષ્મ પદ્ધતિથી ખેતી કરી શકીએ તે માટે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે એ બદલ પણ હું એમને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ**(**ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રએ હમણાં જ કહ્યું કે આ કામ કરતી સરકાર છે. જામનગરની અંદર ૧૧ જિલ્લાની મુખ્ય હોસ્પિટલ એમાં એમ.આર.આઇ. મશીન માટે બે વર્ષથી અમે પ્રયત્નો કરીએ છીએ. છેલ્લા એક વર્ષની અંદર એટલે કે છેલ્લે માર્ચની અંદર સરકારે ખાતરી આપી હતી કે બે મહિનાની અંદર એમ.આર.આઇ. મશીન આવી જશે એવી જશે તેમ છતાં બાર બાર મહિના સુધી મશીન નથી આપતા એના લીધે ૧૧-૧૧ જિલ્લાના દર્દીઓ દુઃખી થાય છે. આવી જ કામ કરતી સરકાર હોય તો એ કામ કરતી સરકારને મુબારક. લોકોની જે પરિસ્થિતિ છે લોકોની જે મુશ્કેલીઓ છે એ સમજવાનો પ્રયત્ન ન કરે. ડોકટરો ન મળે એ માની શકીએ. નર્સીંગ સ્ટાફ પૂરો ન હોય, ટેકનેશ્યન સ્ટાફ પૂરો ન હોય કોઇપણ જાતનો સ્ટાફ પૂરો ન હોય. આરોગ્યની ચિંતા છે એ સૌથી વધારે છે. આરોગ્યની આટલી ગંભીર બેદરકારી છે એના ઉપર મંત્રીશ્રી ધ્યાન ન આપે અને વારંવાર રજૂઆત કરવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના આવ્યો કેવી રીતે? નમેસ્તે ટ્રમ્પ. નમેસ્તે ટ્રમ્પ કરીને કોરોના ગુજરાત અને ભારતની અંદર આવી ગયો. આખા ગુજરાતમાં પણ એવી જ પરિસ્થિતિ થઇ. નમેસ્તે ટ્રમ્પનું તો નમસ્તે થઇ ગયું હવે જનતાનું નમસ્તે ન થાય એના માટેના પ્રયત્નો કરીએ એમાં લોકોની પિડા છે એની મુશ્કેલી છે એને જો વાચા આપી શકો તો કાંઇક કર્યું કહેવાશે. માગણીઓ તો થાય છે પણ એ માગણીઓના બદલામાં શું? ખંભાળીયાની વાત કરું તો કાન ગળાના ડોકટર નથી. કાયમી હાડકાના ડોકટર નથી. ફિઝીશીયન નથી આ ડોકટરો ન હોય અને બિલ્ડિંગો મોટા મોટા બનાવી દેવામાં આવે તો એનાથી આરોગ્યની સુવિધાઓ સુધરી જવાની છે? આરોગ્યની જે પરિસ્થિતિ છે એની અંદર ડીપમાં જાવ તો જ વધારે ખબર પડે. મા અમૃતમ કાર્ડ, વાત્સલ્ય કાર્ડ આ બધાને રાતોરાત બંધ કરી દેવામાં આવ્યા. જે દર્દીઓ દાખલ હતા નવા કાર્ડની અંદર ડાયવર્ટ કરવામાં આવ્યા એની પ્રક્રિયા એની પ્રોસિજર એમની પિડા એમની વેદના એના માટે શું અને જેની પાસે કાર્ડ નથી એની શું સ્થિતિ થતી હશે એનો તો વિચાર કરો. કોંગ્રેસની સરકાર હતી ત્યારે કોઇપણ જાતના કાર્ડ વિના હોસ્પિટલમાં કોઇપણ વ્યકિત આવે ત્યારે એની પાસેથી એક પણ રૂપિયો લીધા વગર તાત્કાલિક સારવાર ચાલુ થઇ જતી હતી. અત્યારે તો કેસબારીથી ચાલુ કરીને રૂપિયા લેવાના કાર્ડ માગવાના અને કાર્ડ ન હોય અને કયારેક એકસીડન્ડલી બનાવ બની ગયો હોય ઇમરજન્સીનો બનાવ હોય અને દરદીને સીધે સીધા દવાખાના લઇ આવવાનો હોય ત્યારે કાર્ડ શોધવા બેસે? કાર્ડ લઇને જાય, કાર્ડની વ્યવસ્થા કરો. દર્દીની સારવાર ન થાય તેવે વખતે દર્દીની પરિસ્થિતિ શું? જામનગરની અંદર કેન્સરના દર્દીઓની જે પરિસ્થિતિ છે એ જોઇએ તો કાયમી ડોકટર હતા હવે અઠવાડિયામાં બે કલાક આવે છે એના લીધે આ દર્દીઓની હાલત શું? આ દર્દીઓની વેદના શું? આ દર્દીઓની પિડા શું? કેન્સર જેવા ગંભીર દર્દની અંદર સરકાર બેદરકાર હોય તો સ્વાભાવિક રીતે માલિક જિંદગી આપે પણ કેન્સરના દર્દીઓમાંથી ૯૫ ટકા દર્દીઓ સમજતા જ હોય છે કે હવે આપણે કેટલું ખેંચી શકીએ. ત્યારે આ પરિસ્થિતિની અંદર મારે આરોગ્ય મંત્રીશ્રીને કહેવું છે. પ્રશ્નો ઘણા છે ફકત જામનગરના જ નથી. જામનગરની આટલી અગત્યની હોસ્પિટલ હોય ત્યાં ૨૨ વર્ષથી માનનીય રાઘવજીભાઇ અને ધર્મેન્દ્રસિંહ સાક્ષી છે, રાત દિવસ જોયા વગર હું મહેનત કરું છું. અમારા જેવા માણસો આવી લડાઇ કરતા હોય ત્યાં આવી હાલત હોય તો આખા ગુજરાતની અંદર નાની નાની હોસ્પિટલો નાના નાના શહેરો અને નાના નાના સ્વૈચ્છિક સંગઠનો અને સેવાભાવી સંસ્થાઓ રજૂઆતો કરતી હોય તો એમની રજૂઆતની પરિસ્થિતિ શું થતી હશે, એમની હાલત શું થતી હશે? આ પરિસ્થિતિની અંદર કોરોનાની અંદર આપણે જાણીએ છીએ હુ તારીખવાર કહું છું કે ૧૬ એપ્રિલે જામનગરની અંદર પરિસ્થિતિ એવી થઇ કે ઓકસીજન સપ્લાય બંધ થઇ ગયો અને

એકજ દિવસમાં કેટલા લોકો મૃત્યું પામ્યા અને એ શા માટે મૃત્યું પામ્યા છે એની જો આરોગ્ય મેત્રીશ્રી તપાસ કરાવશે તો મને આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમની ઘણી બધી વાતો સાંભળી. નર્મદા ડેમની ઉંચાઇ ૮૫ મીટર સુધી કરી એમાં પાણીનું વહેણ બદલીને આ કોંગ્રેસની સરકારે મહેનત કરીને એનો પાયો મજબૂત કર્યો હતો. એના ઉપર ૯૦ મીટરનું કામ એ પણ કોંગ્રેસની સરકારે કર્યું હતું. ૧૭૫ મીટરનું કામ કર્યા પછી દસ વર્ષ સુધી હું સાંસદ હતો. સન ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી કેટલા વિઘ્નો આવ્યા કેટલી મુશ્કેલીઓ આવી કેટલી પિડા આવી કારણ કે સમયની મર્યાદા છે એટલે ફટાફટા ઝડપથી બેટીંગ કરવું પડે છે. આ બધી પિડાઓ માટે જો મને સ્પેશ્યલ સમય આપશો તો હું જણાવીશ કે કેટલી પિડાઓ કેટલી વેદનાઓ પછી અમે નર્મદાનું આખું આયોજન કર્યું હતું. ફકત દરવાજા ચડાવીને કોઇ તૈયાર મકાન બનાવે અને એના ઉપર તકતી મારી દે કે વિક્રમ માંડમ માટે મેં બંગલો બનાવ્યો પરંતુ એ બંગલો બનાવીને થાકી થાકીને મજૂરો હેરાન થઇ ગયા હોય આ પરિસ્થિતિની અંદર નર્મદા એ પણ કેવી રીતે બની છે એ બધા જાણે છે. ફકત ચૂંટણીલક્ષી રાજકારણ રમી અને મત માગવા માટે થઇને અને નર્મદાના વિસ્થાપિતો છે એમને પૂરું વળતર પણ નથી મળ્યું અને જ્યાં નર્મદાની પાઇપ લાઇન મળવી જોઇએ ખાસ કરીને ઉત્તર ગુજરાતના ખેડૂતોની દયનીય હાલત છે એના ઉપર જો માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે એમાંથી થોડો ઘણો હિસ્સો એમને આપવામાં આવશે તો ચોક્કસ મને આનંદ થશે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણી નં. ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજની દરેક વ્યક્તિ માટે આરોગ્ય એક પ્રાથમિક જરૂરિયાત છે. પ્રાથમિક સારવારથી માંડીને ગંભીર રોગોના કિસ્સામાં લોકોને સહજતાથી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા મળી રહે તેના માટે અમારા આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ સતત કાર્યરત છે. કોઇ પણ ગામ હોય, શહેર હોય, તાલુકો હોય, જિલ્લો હોય કે રાજ્ય, દેશના વિકાસમાં લોકોની આર્થિક સમૃદ્ધિની સાથે સાથે તેમની શારીરિક સમૃદ્ધિ એટલે કે તંદૂરસ્તી પણ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. આર્થિક પ્રગતિ માટે શારીરિક સ્વસ્થતા અત્યંત અનિવાર્ય છે. સ્વસ્થ અને તંદૂરસ્ત વ્યક્તિ જ સ્વસ્થ સમાજ, રાજ્ય અને દેશના નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કોરોનાની મહામારી હતી. તેની સામે લડવા માટે આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે પહેલ કરી, જે માર્ગદર્શન આપ્યું અને જે રીતે એમણે વારંવાર ગાઇડ કર્યા તેના લીધે આપણે સ્વસ્થ, સુરક્ષિત અને સલામત છીએ. હમણાં એક સભ્યશ્રી કહેતા હતા કે કોરોના મહામારી દરમ્યાન કંઇ કર્યું નથી પણ હું એમને જણાવવા માગીશ કે છેલ્લા દોઢ-બે વર્ષથી ગુજરાત સહિત કોરોનાની મહામારી સામે બાથ ભીડી રહ્યો હતો આપણો દેશ. ભારત દેશે ૧૫૦ કરોડ ઉપરાંતના રસીકરણની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી કોરોનાને નાથવાના જંગમાં ઇતિહાસ સર્જ્યો છે. વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનમાં ગુજરાત મક્કમતાથી અગ્રેસર રહ્યું છે જેનો મને આનંદ છે, સરકારે તબક્કાવાર માળખું ગોઠવી રસીકરણ અભિયાનને વેગ આપ્યો એટલે આજે આખા ભારત દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જેણે સર્વપ્રથમ રસીકરણ પૂરું પાડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અહીં કહેવામાં આવ્યું કે ટ્રમ્પ અહીં આવ્યા પછી કોરોના આવ્યો. ટ્રમ્પ પછી તો ઘણાં બધાં દેશોમાં ગયા. ટ્રમ્પના કારણે કોરોના આવ્યો નથી. આ એક વૈશ્વિક મહામારી હતી. જે ભારતમાં પણ આવી હતી પણ એ મહામારી સામે કેવી રીતે રક્ષણ કર્યું અને કેવી રીતે આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ લડ્યા, આપણું ગુજરાત સરકારનું આરોગ્ય ખાતું હોય, આરોગ્ય મંત્રી હોય કે આપણી સરકાર હોય એ બધા કોરોના સામે લડ્યા અને આજે આપણે સુરક્ષિત છીએ. ૧૦ કરોડ જેટલી વ્યક્તિઓને આજે આપણે રસીકરણ પૂરું પાડ્યું છે. મારે તેનાથી પણ આગળ વધીને કહેવું છે કે પહેલાંના સમયમાં જ્યારે એક વિદ્યાર્થીને ડોક્ટર બનવું હોય તો ડોક્ટર બનવા માટેની સીટો મર્યાદિત હતી તેના લીધે તેને ડોક્ટર બનવાની ઇચ્છા હોવા છતાં તે ડોક્ટર બની શકતો નહોતો. ભારતીય જનતા પાર્ટીની સરકારે ૩૧ મેડિકલ કોલેજ કાર્યરત કરી છે તેમાં ૫૭૦૦ એમ.બી.બી.એસ.ની અને ૨૦૦૦ પી.જી.ની સીટો ઉપલબ્ધ કરી છે. હાલ બીજી પાંચ મેડિકલ કોલેજો શરૂ કરવાનું કાર્ય પ્રગતિ હેઠળ છે. તે ઉપરાંત આ બજેટમાં બોટાદ, જામખંભાળિયા અને વેરાવળ ખાતે નવી મેડિકલ કોલેજને મંજૂરી આપી છે. આપણે બધાએ વિચાર કરવો જોઇએ કે ભવિષ્યમાં ગુજરાતના કેટલા બધા ડોક્ટરો આવશે. કોઇ પણ વિદ્યાર્થી મેરિટમાં હોય પણ ત્યારે એ જમાનામાં મેરિટમાં હોવા છતાં પણ એ ડોક્ટર બની શકતો ન હતો. આજે એવી પરિસ્થિતિ નથી. કોરોનાની પરિસ્થિતિ દરમ્યાન આપણે બધાએ યાદ કરવું જોઇએ કે ડોક્ટરો કેટલી મુશ્કેલીઓ વચ્ચે પણ જાનના જોખમે કામ કરતા હતા અને બધાની સારવાર કરતા હતા. એ બધું આપણે ભૂલવું ન જોઇએ. ડોક્ટરને સલામ પણ આપવી જોઇએ અને ડોક્ટરનું સન્માન પણ કરવું જોઇએ. ગુજરાતે જેવી રીતે કામ કર્યું છે એ બધું આપણે ભૂલી જવું ન જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા સુરતની વાત કરવી છે. નવી સિવિલ હોસ્પિટલનું જે બાંધકામ છે એ ૧૯૬૪નું છે અને નવી સિવિલ હોસ્પિટલનું બિલ્ડિંગ જૂનું થઇ ગયું છે. તેને આ બજેટમાં નવિનીકરણ કરવા માટે મંજૂર કરવામાં આવ્યું છે. તેમાં ૨૨.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. તેના માટે હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન પણ આપું છું.

## તા.૨૨મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી ઉપર જઇને નવી સિવિલ હોસ્પિટલ સુરત કેમ્પસ ખાતે પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના અંતર્ગત આગામી સમયમાં સુપર સ્પેશીયાલીટી સેવાઓ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત ખાતે જીલ્લા ટી.બી. સેન્ટરના નવીન બાંધકામ માટે ૮૨ કરોડની નવી બાબત તરીકે જોગવાઇ થઇ છે. આ સુવિધા ઉભી થવાને લીધે તાલુકા લેવલે તેની આસપાસના ટી.બી.ના દર્દીઓને તાત્કાલિક સારવાર મળી રહેશે. દક્ષિણ ગુજરાત નવીન રીજીયોનલ ફુડ લેબૉરેટરીના બાંધકામ માટે રૂપિયા ૦.૫૦ કરોડની જોગવાઇ થઇ છે. આ સુવિધા ઉભી થવાના કારણે દક્ષિણ ગુજરાત લેવલે ફુડ અને ડ્રગ્સ લેબૉરેટરીને સંલગ્ન કામગીરીમાં ઝડપ આવશે. નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે સ્ટેમસેલ થેરાપી ઇન્સ્ટિટ્યુટના ફેઝ-૨ના બાંધકામ માટે રૂપિયા ૧૦ કરોડની ચાલુ બાબતમાં જોગવાઇ કરવામાં આવી છે. એનાથી ઉપર જઇને નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે કીડની હોસ્પિટલ ફેઝ-૨ના બાંધકામ માટે રૂપિયા ૯ કરોડની ચાલુ બાબત તરીકે જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી કાળાભાઇ ર. ડાભી**(**કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિ વિભાગની માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાનો મારો મુખ્ય ઉદ્દેશ આ સભાગૃહના માધ્યમ દ્વારા ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના નપાણીયા વિસ્તાર તરીકે ઓળખાતા પૂર્વ ભાગના ગામોમાં પીવાના તથા સિંચાઇના પાણીની સમસ્યા કેવી અને કેટલી વિકટ અને ગંભીર છે તેનો ચિતાર રજૂ કરવાનો અને સમસ્યાના કાયમી નિવારણ માટે નક્કર આયોજન કરવા જળસંપત્તિ વિભાગનું ધ્યાન ખેંચવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં કાણીયેલ વિશાખા નહેર માટે ૨૦ વર્ષ પહેલાં ખેડૂતોની કિંમતી જમીન સંપાદન કરવામાં આવેલ છે, પરંતુ મને જણાવતા અત્યંત દુઃખ થાય છે કે સરદાર સરોવર નર્મદા નિગમના અણઘડ આયોજનના કારણે સદરહુ નહેર દ્વારા છીપડી-ગોગજીપુરા-બગડોલ-અભ્રિપુર-ભરકુંડા-છીપીઆલ-ગંગીયાલ-નાની-મોટી મુડેલ-રતનપુર અને ગાડવેલ વિગેરે વિગેરે ગામોમાં આજદિન સુધી સિંચાઇનું ટીપું પાણી આપવામાં આવ્યું નથી અને આ કાણીયેલ વિશાખા નહેર માટે સંપાદન કરવામાં આવેલ જમીન સંપાદનનું સંખ્યાબંધ ખેડૂતોને વળતર પણ ચુકવવવામાં આવ્યું નથી અને ખેડૂતોને વળતર માટે ટટળાવવામાં આવે છે જે અત્યંત દુઃખદ બાબત છે.રાજય સરકારે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ખેડા જિલ્લાના કપડવંજ -કઠલાલ-મહુધા ગળતેશ્વર અને મહેમદાવાદ તથા મહીસાગર જિલ્લાના બાલાસિનોર અને લુણાવાડા તથા અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં રીચાર્જવેલ-પાણીના સ્ત્રોતો સાથે જોડાણ તથા તળાવોમાં પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો કરવા જેવા કામો માટે માત્ર ૧૪ કરોડ રૂપિયાની જ જોગવાઇ કરી છે તે તદ્દન અપૂરતી છે. આમ છતાં હું આ સભાગૃહના માધ્યમ દ્વારા રાજયના જળસંપત્તિ વિભાગનું એ બાબત તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માંગું છું કે રાજય સરકાર પીવાના તથા સિંચાઇના પાણીની સમસ્યાના ઉકેલ માટે ચીલાચાલુ યોજનાઓના બદલે સમસ્યાના કાયમી ઉકેલ માટે નક્કર આયોજન કરે તે જરૂરી છે. રાજય સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં એવો ઉલ્લેખ કર્યો છે કે રાજયની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનાનું મોટા ભાગનું કામ પૂર્ણ થતાં રાજયને જળ સુરક્ષાનું કવચ મળેલ છે પરંતુ યોજનાના પાયામાં મૂળભૂત ખામી એ છે કે સરદાર સરોવર નર્મદા યોજનાની તદ્દન નજીકનો વિસ્તાર એવા કપડવંજ તાલુકાના પૂર્વ ભાગના ગામો કે જે નપાણીયા વિસ્તાર તરીકે ઓળખાય છે એ બધા જ ગામો સરદાર સરોવર નર્મદા યોજનાના લાભથી વંચિત છે. જયારે સેંકડો કિલોમિટર દૂર ૫૩ જેટલા જળાશયો, નાના મોટા ૧૩૦ જેટલા તળાવો અને ૮૦૦ જેટલા ચેકડેમોમાં સૌની યોજના દ્વારા નર્મદાનું પાણી વહેવડાવવામાં આવ્યું છે પરંતુ કપડવંજ તાલુકામાં પીવાના તથા સિંચાઇના પાણીની ગંભીર સમસ્યાના નિવારણ માટે ભૂગર્ભ જળના સ્તર ઉંચા લાવવા, વરસાદી પાણીની સંગ્રહશક્તિમાં વધારો કરવા તળાવો ઉંડા કરવા તથા અપૂરતા વરસાદના કારણે અછત અને અર્ધ અછતની સ્થિતિ સર્જાય ત્યારે સુજલામ-સુફલામ નહેર આધારિત પાઇપલાઇન દ્વારા તળાવો ભરવા રાજય સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં તળાવો ભરવામાં આવતા નથી. કપડવંજ તાલુકાના નપાણીયા વિસ્તાર તરીકે ઓળખાતા પૂર્વ ભાગના ગામોની જનતા સાથે અન્યાય કરવામાં આવ્યો હોય તેમ મને લાગે છે. આ સભાગૃહના માધ્યમ દ્વારા હું રાજ્યના જળસંપત્તિ વિભાગને અનુરોધ કરું છું કે, કપડવંજ તાલુકામાં પીવાના તથા સિંચાઇના પાણીની ગંભીર સમસ્યાના નિવારણ માટે બેટાવાડા ગામનું ભાલ તળાવ, ભુંગળિયા ગામનું ભેમલીયા તળાવ, અલવા ગામનું કાકોલીયા તળાવ, હુંચાલ ગામનું સુંદરપુરા તળાવ, નવા ગામનું જલોયા તળાવ અને કપડવંજ તાલુકાના ભુંગળીયા ચેકડેમથી માત્ર ત્રણ કિલોમિટર જેટલી પાઇપલાઇન દ્વારા સુલતાનપુરનું તળાવ ભરવામાં આવે તો જે તે ગામ અને તેની આજુબાજુના ગામોના ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવે અને પીવાના તથા સિંચાઇના પાણીનો જે ગંભીર પ્રશ્ન છે તે મહદઅંશે હલ થઇ શકે અને અછત અને અર્ધઅછતની સ્થિતિમાં પણ લોકોને પાણી વિના ટળવળવું ન પડે કે ઢોરઢાંખર સાથે હિજરત પણ કરવી ન પડે. મેં આ અગાઉ જણાવ્યું તેમ કપડવંજ તાલુકાના પૂર્વ ભાગના નપાણીયા ગામો જેવાં કે, ઘડયા-ગૌચરના મુવાડા, માંડવા અને અબોચ વગેરે ગામોના તળાવો વાત્રક યોજનાની ડાબી શાખામાંથી નીકળતી છભૌ ડિસ્ટ્રીબ્યુટરી ટેઇલ સાંકળ ૮૦૩૦ મીટરથી ભરવામાં આવે તો પાણીની વિકટ સમસ્યાનું નિવારણ થઇ શકે તેમ છે.

શ્રી અભેસિંહ મો. તડવી**(**સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૬૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાં સિંચાઇની યોજનાઓ વધે, સુવિધા વધે, ખેડૂતો માટે સિંચાઇની સુવિધા મળે એ માટે આ ભુપેન્દ્રભાઇ પટેલની સરકારે આ વખતે બજેટમાં જે ૫૩૭૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે એને હું આવકારું છું અને અભિનંદન આપું છું કે, આ વિસ્તારમાં પહેલા ડેમો બન્યા ખરા પણ જ્યારે એની નહેરો બનતી ન હતી. આજે નહેરો બન્યા પછી જ્યારે એ વિસ્તારમાં સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થઇ છે ત્યારે અમારી પૂર્વપટ્ટીના વિસ્તારમાં ઉમરગામથી અંબાજી સુધી વાત કરીએ તો લીમખેડા ખાતે અમારા આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે ૨૦૧૬માં એક યોજના જાહેર કરેલી. કડાણા જળ આધારિત દાહોદ મહીસાગર જિલ્લાની ટ્રાયબલ માટેની ૮ તાલુકાના ૧૨૪ ગામોમાં પાઇપલાઇન મારફત પાણી નાખવાની રૂપિયા ૧૪૦૮ કરોડની યોજના. આ યોજના કાર્યાન્વિત છે. આ યોજનાથી ૨૪,૭૭૫ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળતો થઇ ગયો છે. દાહોદ જિલ્લાની ૨૨૬ કરોડ રૂપિયાની યોજના ૫ તાલુકામાં કાર્યાન્વિત છે અને એનું કામ પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાના આરે છે. કરજણ જળાશય યોજના મારા વિસ્તારમાં આવે છે ત્યારે ત્યાં પણ અમારા આદરણીય પૂર્વ મંત્રી ગણપતભાઇને અભિનંદન આપવા છે કે ગયા બજેટમાં ૪૧૮ કરોડની યોજના મંજૂર કરાવી હતી. એના માટે ૪ જિલ્લાના ગામોને લાભ મળવાનો છે. પંચમહાલ જિલ્લામાં આવેલ પાનમ યોજના, આ બધી પૂર્વપટ્ટીના વિસ્તારમાં યોજનાઓ થઇ છે ત્યારે મારે સરકારને અભિનંદન આપવા છે. દક્ષિણ ગુજરાતમાં ૫૭૦ કરોડની કાંકરાપાર સિંચાઇ યોજનાની કામગીરી પણ ચાલી રહી છે અને આ વિસ્તારમાં પણ સિંચાઇનો લાભ મળશે. મારે મારા વિસ્તારની વાત કરવી છે ત્યારે ગયા બજેટમાં અમારા ૨૫ ગામોમાં પહેલાં કાચી કેનાલો હતી. હેરણ સિંચાઇ યોજનામાં આ ૨૫ ગામોને લાભ મળતો હતો. મારા વિધાનસભા વિસ્તારમાં આવેલી આ કેનાલોને રૂપિયા ૧૪ કરોડના ખર્ચથી પાકી કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. આ કામ કરતી સરકાર છે ત્યારે મારે કહેવું પડે કે હમણાં એક ભાઇ બોલતા હતા કે કામ કરતી સરકાર નથી. ગયા વર્ષે એના ટેન્ડર થયા અને એનું કામ અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યું છે અને આવતા વર્ષમાં એનો લાભ મળવાનો છે. આખા વિસ્તારમાં છોટા ઉદેપુર જિલ્લામાં ઓરસંગ, હિરણ, અશ્વિન મુખ્ય નદીઓ આવેલી છે. આ નદીઓ ઉપર ચેકડેમ બનાવવાની કામગીરી અંગે ગયા બજેટમાં પણ હું બોલ્યો હતો અને એનું સરવેનું કામ ચાલે છે ત્યારે આ વિસ્તારમાં નર્મદાનો પૂર્વ વિસ્તારનો જે ભાગ છે છોટાઉદેપુર, જેતપુર, કવાંટ, નસવાડીનો ભાગ સિંચાઇથી વંચિત રહી જાય છે તો એને પણ આખા વિસ્તારમાં ટ્રાયબલ બેટમાં જે રજૂઆત બજેટમાં બધી કરી છે અમારો વિસ્તાર ખાલી છે તો અમારી લાગણી છે કે અમારા પાંચ તાલુકાઓને પણ ઉદવહન સિંચાઇ યોજના કરી નર્મદા આધારિત પાણી આપવામાં આવે. મારી બીજી લાગણી છે કે અમારા જિલ્લામાંથી નર્મદાની કેનાલ પસાર થાય છે અને એમાં પણ પાણીની જયારે વાત કરી છે ત્યારે સંખેડા વિધાનસભામાં લગભગ આખા તાલુકાને સિંચાઇનું પાણી મળે છે અને એનાથી અમારા ખેડૂતોની આમદાનીમાં વધારો થયો છે. મારે બીજી વાત કરવી છે કે સુખી જળાશય યોજના છે એ યોજના બહુ પહેલાથી બનાવેલી છે પણ એની કેનાલો બિલકુલ ખલાસ થઇ ગઇ છે. ૪૦ કિલોમિટર લાંબી યોજના છે અને ૩ માઇનોર એમાંથી પસાર થાય છે ત્યારે મારે એ વિસ્તારમાં જેતપુર તાલુકો, બોડેલી તાલુકો, સંખેડા તાલુકાને પાણી મળે છે તો એને પણ નવીન ટેકનીકલ પદ્ધતિથી એના ગેટ બનાવવામાં આવે, એની કેનાલ રિપેર કરવામાં આવે અને એ યોજના જો સરસ થાય તો અમારા ૪ તાલુકાને પાણી મળી શકે તેમ છે. મારે બીજી પણ વાત કરવી છે કે અમારા વિસ્તારની અંદર મારી સંખેડા વિધાનસભામાં ટરગોળ સુખી જળાશય યોજના હેઠળ ટરગોળ તળાવમાં જે પાણી નાખવામાં આવે છે અને અમારા પાંચ ગામો જે આવે છે જેમાંથી મારા વિસ્તારના સાગવા, મોતીપુરા, ગાજીપુરા, પછાલી, વાનરડા, મોરખડા વિગેરે ગામોમાં પાણી પહોંચતું નથી તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ કેનાલો નીચી છે એને બરાબર હાઇલેવલની બનાવવામાં આવે અને ખેડૂતોને થોડું પાણી મળે છે પણ વધારે પાણી મળે એવી મારી લાગણી છે. મારા વિસ્તારમાં ખુબ સારું કામ થયું છે. નર્મદાની જયારે વાત થઇ છે ત્યારે નર્મદાનું પાણી અમારા વિસ્તારમાંથી પસાર થાય છે અને ખેડૂતોને અમારા સંખેડામાં પણ એનો લાભ મળે છે. વાગોડીયામાં મળે છે. કડોદરામાં મળે છે, સાવલીમાં પણ મળે છે ત્યારે આ વિસ્તારમાંથી જે જમણા કાંઠાનો વિષય છે જે તે વખતે અમારા કમાન્ડ એરિયામાં આ વિષય મેં ફરીથી મૂકયો હતો કોંગ્રેસની સરકાર હતી, મોહનસિંહભાઇ પણ મિનિસ્ટર હતા અને સનત મહેતા નર્મદા નિગમના ચેરમેન હતા. પૂર્વપટ્ટીની જયારે વાત કરીએ છીએ ત્યારે જે તે વખતે એમણે આ નિર્ણય કમાન્ડ એરિયાનો લીધો નહોતો એના લીધે અમારે તકલીફ પડે છે એટલે મારી લાગણી છે. આ સરકારને પણ લાગણી છે કે આ વિષય બરાબર થવો જોઇએ અને જે તે વખતે આ સત્ય હકીકત છે કે કમાન્ડ એરિયામાં અમારો વિસ્તાર સમાવ્યો નથી માટે મારી લાગણી છે અને અત્યારે તળાવો પણ ભરીએ છીએ અને છેક દાહોદ સુધી પણ પાણી પહોંચાડીએ છીએ એટલે તમે ચિંતા ન કરો અમારી સરકાર જાગૃત છે અને કામ કરતી સરકાર છે. તમારે બુમો પાડવાથી મેળ નહીં પડે. પ્રજા સાથે કામ કરવું પડે. લોકોના ઘરમાં જવું પડે. લોકોના ખેતરમાં જવું પડે ત્યારે કામ થાય. આ સરકારને ફરીથી અભિનંદન અને અમારી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું. ભારત માતા કી જય.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની માગણી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર જીવનમાં નહોતો અને કયાંક ટ્રાવેલિંગ કરતા હોઇએ, બહાર જતા હોઇએ તો ટ્રાવેલિંગમાં સાથે મળતા મિત્રો વાત કરતા હોય ગુજરાતની અને આપણા ગુજરાતના વખાણ કરતા હોય પછી જાહેર જીવનમાં આવવાનું થયું ધારાસભ્ય બન્યો. ટ્રાવેલીંગ કરતા મિત્રોની વાતો એટલા માટે યાદ કરાવું કે આરોગ્ય વિભાગની આ કાળમુખો

કોરોના આવ્યો પછી મને ખબર પડી કે આ પોલો ઢોલ વાગતો હતો. આરોગ્યની અંદર પી.એચ.સી. સી.એચ.સી.ની મુલાકાત લીધી. કોરોના પછી જાહેર જીવનમાં લોકોની સેવા કરવાનો મોકો મળ્યો. અહીંયા મારા સાથી મિત્ર વાત કરતા હતા થોડીવાર પહેલા બાપુ અમારી સાથે કોંગ્રેસમાં હતા અને અહીંયા અત્યારે થોડી વાત આરોગ્ય વિભાગની કરી તો તમને યાદ અપાવડાવું કોરોનાની બીજી લહેરની અંદર. સી.એચ.સી, પી.એચ.સી. ની મુલાકાતમાં ખાટલા નહોતા, ખાટલા હતા તો ઓક્સિજનના બાટલા નહોતા, ઓક્સિજનના બાટલા કોઇક જગ્યાએ હશે તો ડોક્ટરો નહોતા. ડોક્ટરો હશે તો દવાઓ નહોતી. આ નજરે નિહાળેલી વાત કરી રહ્યો છું. સવારકુંડલા લીલીયા મત વિસ્તારથી આવું છું. સિવિલ હોસ્પિટલો છે, એમ્બ્યુલન્સ નહોતી. બિલ્ડિંગ ઉભી છે. લેબોરેટરી તૈયાર છે, બ્લડ બેન્ક તૈયાર છે, તો હજુ સુધી સિવિલ હોસ્પિસ્ટલને સોંપાણી નથી. હું હમણે અમરીશભાઇ સાથે વાત કરતો હોત. એક જૂનું ગીત યાદ આવ્યું. હું તો કાગળીયા લખી લખી થાકી. એમ હું આરોગ્ય મિનિસ્ટરને હું પત્રો લખી લખી થાક્યો. એક ખોબા ગામ, એક મેકડા ગામ એક ગોડતા ગામ ૨૧-૨૧ લાખના બજેટનાં સબ સેન્ટરો ઉભાં છે. આરોગ્ય મિનિસ્ટર નોંધ કરજો. ૫ વર્ષથી સબ સેન્ટરો આરોગ્ય વિભાગે પોતે સ્વીકાર્યા નથી. આ હકીકત મારા મત વિસ્તારની છે. એક બાજુ નરવી વાસ્તવિકતા. ગુજરાત કાલ્પનિક ગુજરાત અને એકબાજુનું ગુજરાત. એ જ વિસ્તારની અંદર અમારા લલ્લુભા આરોગ્ય શેઠ એક મંદિર નામની હોસ્પિટલ આવેલ છે. ટ્રસ્ટ મારફત ઝીરો પેમેન્ટે ચાલે છે. ત્યાં સુવિધા એટલી બધી સારી છે કે ટ્રસ્ટીઓ, દાતાઓ મારફત ચાલતી આ હોસ્પિટલમાં બહુ સારી કામગીરી સરકાર કરતી હતી એટલે અમારા નીતિનકાકા અને રૂપાણી સાહેબને તમે બદલાવ્યા. એ લોકો રાજુલા આવ્યા હતા. અને ત્યાં જાહેરાત કરી ગયા હતા. આ હોસ્પિટલ ઝીરો પેમેન્ટમાં ચાલતી હોય એને દર વર્ષે ૨ કરોડ રૂપિયા અમે આપીશું. હજુ અમારા એ લલ્લુભા આરોગ્ય મંદિરના ટ્રસ્ટીઓ રોજ અમને કહે છે કે આ રૂપિયા કયાં છે? તો મિનિસ્ટર સાહેબ આપ પણ નોંધ કરજો કે આ ૨ કરોડ આપવા માગો છો કે કેમ? લીલીયા તાલુકાની અંદર ૧૦૮ ની સુવિધા માટેનો ફોન કરીએ તો ૧૦૮ ની એમ્બ્યુલન્સ તો આવે, પણ ૩૭ ગામનો આ તાલુકો સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર ન હોય તો એ ૧૦૮ ને અમરેલી લઇ જવી હોય તો એમાં કોઇપણ પ્રકારની સુવિધા આપવામાં આવતી નથી તો ૧૦૮ અમરેલી સુધી જાય તો અમારા દર્દીઓ મરતા બચી શકે. આ પોલો ઢોલ એટલા માટે સાબિત થયો કે મારા મિત્રોએ વાત કરી. બહુ સેવા કરી છે. ૨૫૦ ઓક્સિજનની બોટલો મારા ઘરે ડેલે પડી છે. કોઇને જોઇતી હોય તો મોકલજો. પ્રાઇવેટ લોકોએ સેવા કરી, સંસ્થાઓ મારફત સેવા થઇ. લોકોને મરતા બચાવવા માટે તનતોડ પ્રયાસ કર્યો. એક એડવર્ટાઇઝ મોટા મોટા હોર્ડિંગ્સમાં તમે લગાવી, એટલું જો આરોગ્ય વિભાગ બાબતે પાયાની કામગીરી વ્યવસ્થિત કરી હોત તો ઘણું સારું થઇ શકત. કોરોનાની બીજી લહેર વખતે હસવું આવે. સ્કૂલના શિક્ષકોને આરોગ્યના દર્દીઓની સેવા કરવા માટેની ગામે ગામ ટીમ લગાવી. વિક્રમ કાકા આપને યાદ હોય તો છેલ્લી કોરોનાની લહેર વખતે. શિક્ષકો દર્દીઓની સેવા કરે. કોઇને નોલેજ નથી તેઓ ઇન્જેક્શનો આપે. કરૂણતા. યાદ આવે છે કે પેપરમાં આવેલા ન્યૂઝ. સુરત સિવિલ હોસ્પિટલને સુવિધા વગર તાળું મારવું પડ્યું અને દર્દીઓને કસકસતા, મરતા જોયા. અહીયા આંકડા છુપાવામાં આવ્યા. ગામ દીઠ મારા મત વિસ્તારમાં યાદી સાથે આપું. મીનીમમ ૨૫, મેક્સિમમ ૫૦ લોકોના મૃત્યુ થયા. આ કોરોના ટાઇમની અંદર આંકડા છુપાવવાનું કામ કર્યુ છે. દર્દીઓને વળતરની વારંવાર વાત થઇ. એમાં પણ આંકડા છુપાવવાની વાત થઇ છે. આરોગ્યની માગણી છે એના વિભાગની અંદર હું ફરી વખત ધ્યાન દોરું છું. પહેલી કોરોનાની લહેર વખતે આપણે બધા સુઇ ગયા અને પછી બીજી કોરોનાની લહેર આવી. એ પહેલા આપણા સાહેબે કહ્યું હતું કે થાળી વગાડો, તાળી વગાડો, ઘંટ વગાડો. આ બધુ વગાડવામાં, એડવર્ટાઇઝમાં આપણે રહ્યા. આ વગાડ્યા પછી પાછા જાગ્યા. અત્યારે પાછું આરોગ્ય તંત્ર સુઇ ગયું એટલા માટે સાબિત થાય છે કે વિસ્તારની અંદર બીજી કોરોનાની લહેર આવી ત્યારપછી સુવિધામાં સુધારો થવો જોઇએ. મારી ગ્રાન્ટની મંજૂરી આ સરકાર...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી માગણી નં. ૬૭ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું. એ વિસ્તારની વાત કરું તો અમારા આદિજાતિ વિસ્તાર એ આદિજાતિ સમુદાય ડુંગરાળ વિસ્તારમાં સમાયેલ છે અને જે ગામની રચના તે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ગામોની રચના કરતા અમારા વિસ્તારમાં ફળિયા આધારિત બધી રચના થયેલી હોય છે. અને તેમાં ઘર ઘર નળથી પાણી આપવા માટે ઘણીબધી વિકટ સમસ્યા છે. તેમાં ફળીયાને પણ એક ગામ એકમ ગણીને તે ફળીયાની યોજના બનાવીને નળથી પાણી આપવાની યોજના કરવામાં આવેલી છે. જયાં જયાં દસ ઘર હોય ત્યાં મિની ટાંકીની યોજના કરીને તે વિસ્તારમાં કોઇ પાણીથી વંચિત ન રહે તે માટેની યોજના બનાવવામાં આવી છે. બીજી વાત કરું તો, આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમના જન્મદિવસે અમારા ધરમપુર અને કપરાડા જેવા ડુંગરાળ વિસ્તાર કે જયાં ટેન્કર મારફત પાણી આપવામાં આવતું હતું તે વિસ્તાર માટે અસ્ટોલ પાણી પુરવઠા યોજનાનું તેમના કરકમલ દ્વારા ખાતમૂર્હુત કરવામાં આવ્યું. તેમાં ધરમપુર અને કપરાડા તાલુકાના ૧૭૪ ગામ માટે ૫૮૬ કરોડની યોજના અત્યારે પૂર્ણતાના આરે છે. તેમાં જુદી જુદી દસ યોજનાઓ દ્વારા કામ કરીને અને અત્યારે મધુબન જળાશયમાં ઇન્ટેક વેલ બનાવીને ૨૦૦ મિટરની ઉંચાઇને પાણીનો સમ્પ તથા ફીલ્ટર પમ્પ બનાવીને ગ્રેવીટી તથા પમ્પીંગ મારફતે પાણી આપવાની અદ્ભુત યોજના આકાર લઇ રહી છે તે ધરમપુર અને કપરાડા માટે ખૂબ

આશીર્વાદરૂપ બનવાની છે. બીજી વાત કરું તો, મધુબન જળાશય આધારિત વલસાડ અને નવસારી જિલ્લાના સાત તાલુકામાં ૩૯૫ ગામો અને વલસાડ શહેર માટેની દમણગંગા બલ્ક પાઇપલાઇન યોજના અંદાજિત રૂપિયા ૩૮૭ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. આ યોજના થકી તેની જૂથ યોજના સાથે સંકળાયેલા ૧૪૮ ગામોને પીવાના પાણીની વ્યવસ્થા સુદ્રઢ થશે. જયારે ૨૪૭ ગામો કે જે પોતાના સ્થાનિક સોર્સ જેવા કે બોર, હેન્ડપંપ, કૂવા ઉપર નભતા ગામોને સરફેસ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવામાં આવશે. વલસાડ જિલ્લામાં વલસાડ તાલુકાના ૪૭ ગામોનો સમાવેશ કરતી દમણગંગા નદી ઉપર પંચલાઇ વિયર આધારિત યોજના રૂપિયા ૧૩૭ કરોડના ખર્ચે અત્યારે પ્રગતિ હેઠળ છે. બીજી પારડી તાલુકાના ૪૦ ગામોનો સમાવેશ કરતી દમણગંગા નદી ઉપરના પંચલાઇ વિયર આધારિત યોજનાનું કામ ૧૧૨ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. આ રીતે માત્ર વલસાડ જિલ્લાની વાત કરું તો ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા રૂપિયા ૧,૦૦૦ કરોડ કરતાં વધારે કામો અત્યારે પ્રગતિમાં છે. નલ સે જલ યોજના અંતર્ગત ઘર ઘર નળ સુધી પાણી આપવા માટેની જે યોજના છે તે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં દરેક ઘરે પાણી મોકલવાની યોજના છે તે ખૂબ પૂરઝડપે ચાલી રહી છે. તે રીતે કાકરાપાર આધારિત જળાશય યોજના સુરત અને નવસારી જિલ્લાના છ તાલુકાના ૨૬૪ ગામો અને ૬ શહેર માટેની બલ્ક પાઇપલાઇન માટેના ૩૭૫ કરોડના કામો હાલ પ્રગતિમાં છે. એ જ રીતે નર્મદા રીવર બેઝીન આધારિત દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં છ તાલુકાના ૨૪૩ ગામો, બે શહેરોને આવરી લેતી દક્ષિણ વિભાગ જૂથ પાણી પુરવઠા યોજનાના રૂપિયા ૮૪૦ કરોડનાં કામો પૂર્ણતાનાં આરે છે. એ જ રીતે કડાણા જળાશય આધારિત કડાણા બલ્ક પાઇપલાઇન યોજનાના અંદાજિત ૩૦૦ કરોડનાં કામો પ્રગતિ હેઠળ છે. આ યોજના હેઠળ દાહોદ જિલ્લાના ફતેપુરા, ઝાલોદ, સંજેલી, લીમખેડા, સિંગવડ અને દાહોદ તાલુકાના ૨૩૯ ગામો અને મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ૪૮ ગામો મળી કુલ ૨૮૭ ગામોની ૧૩ લાખ જેટલી વસતિને લાભ મળશે. આદિજાતિ વિસ્તારમાં નલ સે જલ યોજના હેઠળ ગ્રામ્ય આંતરિક વિતરણ વ્યવસ્થાના કામોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. નલ સે જલ લક્ષ્યને સિદ્ધ કરવા માટે એક કરોડ થી દોઢ કરોડ સુધીની યોજનાના કામો મંજૂર કરીને તે કામો હાથ ધરવામાં આવેલ છે. વાસ્મો યોજના અંતર્ગત દરેક ગામની પાણી સમિતિ દ્વારા ફળીયાની અંદર જે પાઇપલાઇન નાખવામાં આવે છે તેની કામગીરી આજે દરેક જગ્યાએ ખૂબ પ્રગતિ હેઠળ જોવા મળી રહી છે. પાણી પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું અનુમોદન આપું છું, અસ્તુ. ભારત માતાકી જય.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સંદર્ભમાં હું મારી વાત રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, વખતો વખત કદાચ મને જ્યારે બોલવાની તક મળે છે ત્યારે કહું છું કે, અમારા વિસ્તારમાં ખાસ કરીને દરિયાઇ પટ્ટીમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૮ વરસથી શાસનમાં આવી છે ત્યારથી અન્યાય કરવામાં આવે છે. અન્યાયની વાસ્તવિકતા ૨૦૧૨નું પરિણામ પણ બતાવે છે કે, એ વિસ્તારમાંથી ભારતીય જનતા પાર્ટીનો સફાયો થઇ ગયો એનું કારણ એ છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અમારા વિસ્તારમાં કોઇ પણ જાતના કામો અમારા પ્રતિનિધિઓના સાંભળવામાં આવ્યા નથી. અમે રજૂઆતો કરીએ, વાતો કરીએ પણ માત્ર ભાષણો કરીને બેસી જઇએ એવું લાગે છે. અમારી કોઇ વાતને ધ્યાને લેવામાં આવતી નથી, અગાઉ પણ મેં આરોગ્ય બાબતે ચર્ચાઓ કરી છે, શિક્ષણ બાબતે ચર્ચાઓ કરી છે, રસ્તાઓ બાબતે પણ ચર્ચાઓ કરી છે અને માગણીઓ કરી છે છતાં આજ દિન સુધી અમારી વાતને ધ્યાને લઇને અમારા વિસ્તારમાં કોઇ કામ કરવામાં આવ્યું નથી. અમારા વિસ્તારમાં એક પણ સારી હોસ્પિટલ નથી અને જે હયાત દવાખાના છે એમાં કોઇ ડોકટરો મૂકવામાં આવતા નથી, એમ્બ્યુલન્સની પણ પૂરતી સુવિધા નથી. કોરોના કાળમાં વિપરીત પરિસ્થિતિ ઉભી થયેલી, મારા પહેલા માનનીય વિક્રમભાઇએ અને માનનીય પ્રતાપભાઇ દૂધાતે પણ વિગતવાર વાત કરી છે એટલે એમાં વધુ ટાઇમ નથી બગાડવો પરંતુ કોરોના કાળમાં ખૂબ હેરાનગતિ થઇ છે. અમારા વિસ્તારમાં કોરોનામાં ખૂબ મૃત્યુ પણ થયા છે અને જે મૃત્યુ થયા છે એના કુટુંબીજનોને સહાય માટે સરકારે માત્ર ૫૦ હજાર રૂપિયા આપીને મન મનાવ્યું છે પણ જે માણસો સાજા થયા છે એ જીવતેજીવ મરી ગયા છે કેમ કે, લાખો રૂપિયાના બીલ પ્રાઇવટ હોસ્પિટલોમાં આપવા પડ્યા છે. એમણે જમીનો વેંચી નાંખવી પડી છે એવા અમારા વિસ્તારના દાખલા છે અને આજે એ લોકો રોડ ઉપર આવી ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં આરોગ્યની સુવિધાઓ સુદ્રઢ બને અને જે જગ્યાઓ ડોકટરોની ખાલી છે એ વહેલીતકે ભરાય એવી પણ મારી વિનંતી છે. બીજી એક વાત ખાસ કહેવાની છે કે, કોરોના કાળમાં જે બાળકોએ પોતાના માતા પિતા ગુમાવ્યા છે એને માટે મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની સરકારે જાહેરાત કરી હતી અને જાહેરાત કરી હતી કે, જે બાળકોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી છે એને સહાય આપવામાં આવશે. પણ નવાઇની વાત એ છે કે સરકારે એમાં ઠરાવ કર્યો છે કે, તા. ૩૦-૦૬-૨૦૨૧ પહેલા અવસાન થયેલા વાલીઓના બાળકોને આ સહાય આપવામાં આવશે પણ એ પછી એટલે કે તા.૩૦-૦૬-૨૦૨૧ પછી જે બાળકોના વાલીઓ કોરોનાથી ગુજરી ગયા છે એને એ સહાય આપવામાં આવતી નથી. એટલે કે તા. ૧-૦૭-૨૦૨૧ના રોજ જે બાળકોના માતા પિતા ગુજરી ગયા હોય એમને પણ આ સહાય ચૂકવવી જોઇએ. મારી આ સરકારશ્રીને અને મંત્રીશ્રીને વિનંતી છે કે, આ ઠરાવમાં ફેરફાર કરીને જે બાળકો માતા-પિતા વિહોણા થયા છે અને જે બાળકોએ પોતાના માતા પિતા કોરોનામાં ગુમાવ્યા છે એવા દરેક બાળકો માટે આ ઠરાવની અમલવારી થવી જોઇએ અને આ ઠરાવની મુદત વધારવામાં આવે એવી પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મારે કહેવું છે કે, અમારા વિસ્તારમાં મેં બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પણ માગ્યા છે પણ એવું કહેવામાં આવે છે કે વસતિના ધોરણે અથવા તો કિલોમિટરના ધોરણે આરોગ્ય કેન્દ્રો આપવામાં આવે છે, ત્રણ કિલોમિટરના ધોરણે કે ચાર કિલોમિટરના ધોરણે આરોગ્ય કેન્દ્ર આપી દેવામાં આવે છે જ્યારે આઠ કિલોમિટરના ધોરણે મર્યાદા છે એમાં નથી આપવામાં આવતા અને માનવ વસતિ પણ બરાબર છે અને એ વિસ્તાર ઘણાં વર્ષોથી પછાત છે, એને કોઇ લાભ નથી મળ્યો તો એવા વિસ્તારો માટેની અમારી જે માગણી છે એ માગણી પણ સ્વીકારવામાં આવતી નથી.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૬૬, સિંચાઇ અને જમીન સંરક્ષણ અંગેની જે લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા અને એના સમર્થન માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને કચ્છ એ કાયમી પાણીની અછતવાળા વિસ્તાર છે. સૌરાષ્ટ્રનો વિસ્તાર એ ઉંધી રકાબી જેવો છે, ફરતી બાજુ પાણી હોય ઉપરના ભાગમાં પાણીની સમસ્યા કાયમી હોય છે. મને બરાબર યાદ છે કે, ૧૯૭૨માં આજથી ૫૦ વર્ષ પહેલા એ વખતે હું વિદ્યાર્થી હતો અને લો કોલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે ત્યારે માનનીય કેશુભાઇ પટેલને તે વખતે મેં પ્રશ્ન કર્યો હતો કે આપણે વાત કરીએ છીએ કે આપણું સૌરાષ્ટ્ર ઉંધી રકારી જેવો વિસ્તાર છે અને બીજી બાજુથી વાત કરીએ કે નર્મદાનું પાણી આપણું આવશે અને સૌરાષ્ટ્રનો ઉદ્ધાર થશે તો આ બન્ને વસ્તુ મને સમજાતી નથી. ત્યારે મને શ્રી કેશુભાઇએ ૨૦ મિનિટ સુધી લેશન આપ્યુ હતું તે બરાબર યાદ છે. આજે એ લેશનને સાર્થક કરવા માટે ૨૦૧૩ની સાલમાં નરેન્દ્રભાઇ મોદીએ રાજકોટમાં સૌની યોજના લોંજ કરી. દસ હજાર કરોડના ખર્ચે સૌરાષ્ટ્રમાં સૌની યોજના મારફતે પાણી મળશે તેની જાહેરાત કરી તે વખતે પણ વિપક્ષના મિત્રોને વિશ્વાસ નહોતો કે નેવાના પાણી કોઇ દિવસ મોભે ચડે નહીં એમ કહેતા હતા પણ મિત્રો, નેવાના પાણી મોભે ચડાવે તેનું નામ નરેન્દ્ર મોદી છે. હું એન્જિનિયરોને અભિનંદન આપીશ કે તેણે એટલી હાઇટ ઉપરની પાઇપ લાઇનો ચડાવી અને મોટરો મૂકીને પાણી ચડાવીને રાજકોટના ટોચના વિસ્તારની અંદર આજે પાણી સૌની યોજના મારફતે પહોંચાડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાથી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં ૧૧૫ હયાત જળાશયોમાં પણ પાણી ભરવાનું આયોજન છે. તેમાંથી આજે લગભગ ૧૮૫૬૩ કરોડનો ખર્ચ થવા જાય છે. રાજકોટ જિલ્લાના ૧૩, મોરબીના ૬, ગીર-સોમનાથ ૧, બોટાદ-૪, જામનગર-૨૫, જૂનાગઢ-૧૩, પોરબંદર-૪, ભાવનગર-૧૧, અમરેલી-૧૧, દેવભૂમિ દ્વારકા-૧૧ અને સુરેન્દ્રનગરના-૬ જળાશયો તેમ કુલ મળીને-૧૧૫ જળાશયોમાં પાણી નાંખવાનુ આ પ્લાનીંગ છે. ૨૦૨૧ સુધીમાં ૫૩ જળાશયો ભર્યા છે આમાં સૌરાષ્ટ્રમાં પાણી પહોંચ્યુ છે અને ભરાયા છે. રાજકોટના ૨ ડેમો ન્યારી અને આજી ડેમ, ભાદર ડેમ આજે નર્મદાના આધારિત ભરાય છે અને તેના કારણે રાજકોટ આજે પાણીના કારણે બચ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજી ડેમની અંદર ૪૦૦ મિલિયન ઘનફૂટ પાણી અને ૩૦૦ મિલિયન એટલે ૭૦૦ મિલિયન ઘનફૂટ પાણી દર વર્ષે આપવામાં આવે છે. ન્યારીની અંદર ૩૫૦ મિલિયન ઘનફૂટ પાણી દર વર્ષે આ નર્મદાના પાણીમાંથી લેવામાં આવે છે. બીજી વાત એ છે કે, સમુદ્રનો કાંઠો ભાવનગરથી શરૂ કરીને લખપત સુધી જે સમુદ્રનો કિનારો છે તે કિનારાનું દરિયાનું પાણી ક્ષારથી આવે અને જે જમીન ખરાબ થાય તે જમીન ખરાબ થતી રોકવા માટે ૧૯૭૬માં તે વખતના મુખ્ય સચિવ એચ.કે.એલ.કપુરના અધ્યક્ષ સ્થાને એક ઉચ્ચ કક્ષાની કમિટી બની હતી અને તે કમિટીએ જે તે વખતે એક અભિપ્રાય આપ્યો કે મીઠું પાણી રોકવામાં અને કેનાલ બનાવી તેમાં પાણી ઠાલવવામાં આવે અને તે મીઠું પાણી જો રોકાશે તો ક્ષાર આવતો અટકશે અને જમીન બચશે. વર્ષ ૧૯૭૫ થી માંડીને ૧૯૮૦ સુધીમાં બાબુભાઇ જ.પટેલની સરકારમાં આ કાર્યવાહી થઇ હતી તેના કારણે જે ઘેડનો વિસ્તાર છે કે જયાં ખાસ કરીને નાગરવેલના પાન અને નાળિયેર આ તેનો મેઇન પાક છે તે નાગરવેલના પાન થવાના બંધ થઇ ગયા હતા, બગીચાઓ ખતમ થતા હતા પણ આ ક્ષાર નિયંત્રણ યોજના નીચે કરવાથી આજે તે ફરીથી લીલી નાગેર બની છે તે ડયુ ટુ આ ક્ષાર નિયંત્રણ યોજનાનો અમલ થયો તેના કારણે થયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભરતી નિયંત્રણ એટલે જે ભરતીનું પાણી આવે તેને રોકવા માટેના પ્રયાસો થયા.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રીચાર્જ કેનાલ-૧૮ થઇ, રીચાર્જ તળાવો-૪૩ થયા, રીચાર્જ કૂવાઓ-૫૪૪ની યોજનાઓ બની. વનીકરણ નીચે દરિયાના કાંઠા ઉપર અને મીઠું પાણી રોકાય અને ખારું પાણી અટકે તેને માટેના ૫૮૬૭ હેકટરમાં તેના પ્રયાસો થયા. નાલા બાંધીને પાણી રોકવામાં આવ્યુ અને તેના કારણે જમીનના તળમાં પાણી ગયુ અને તેના કારણે ખારૂં પાણી આવતું હોય તો જમીન ખારી થતી બચે. વિસ્તરણ નહેરો ૨૯૧ કિલોમિટરની કરવામાં આવી અને તેની અંદર મીઠું પાણી ભરવામાં આવ્યુ તેના કારણે આજે એ પાણી જમીનમાં ઉતર્યુ છે અને જમીન ખારી થતી અટકી છે. ૧૩૬૨ જેટલા ચેકડેમો આ આખા પટ્ટાની અંદર કરવામાં આવ્યા છે. જેના કારણે પાણી ભરાયું છે. ૨૧૪ કિ.મી.ની રેડિયલ કેનાલ બનાવવામાં આવી છે. કુદરતે આપણને એક દિવાલ આપી હતી કે જે લાઇમ સ્ટૉનની દિવાલ હતી એ સિમેન્ટની ફેક્ટરીના કારણે તૂટી ગઇ એના કારણે જે દરિયાનું પાણી રોકાતું હતું એ આગળ વધ્યું છે. એને રોકવા માટે આ ક્ષાર નિયંત્રણની યોજના આ વિસ્તાર માટે જીવાદોરી સમાન બની છે. એના માટે જે પ્રકારનું આયોજન થયું છે તે આયોજન ધન્યવાદને પાત્ર છે. એના કારણે આજે માંગરોળ વિસ્તારના નારિયેળના બગીચા હોય કે નાગરવેલના પાનના બગીચા હોય એ આજે ફરીથી લીલી નાઘેરના સ્વરૂપમાં ફલિતાર્થ થયા છે. એ જ રીતે માળિયા વિસ્તારમાં ખારું પાણી આવતું અટકાવવા માટે જે યોજનાઓ બની

હતી એના કારણે માળિયા વિસ્તારમાં ખારું પાણી અટકતું થયું છે અને જમીન વધતી થઇ છે. આ દરખાસ્તને હું મારું સમર્થન આપું છું.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારી વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મહુધા વિસ્તારની વાત કરું તો મહુધા નગરપાલિકામાં ૧૨ વર્ષથી પાણીની ટાંકી, સંપ અને આર.ઓ. પ્લાન્ટના તોતિંગ ઊભા કરીને મૂક્યા છે. મેં વારંવાર રજૂઆત કરી હોવા છતાં આજ દિન સુધી પાણીનું એક પણ ટીપું આવ્યું નથી. સરકારે લોકોને ચોખ્ખું પાણી આપવા માટે જે પૈસા ફાળવ્યા છે એમાં ખૂબ મોટું કૌભાંડ થયું છે. જે એજન્સીએ કામ કર્યું છે એ એજન્સી આજ દિન સુધી ત્યાં જોવા પણ આવી નથી કે પાણી પહોંચ્યું કે નહિ. કરોડો રૂપિયાના પ્લાન્ટમાં એટલો મોટો ભ્રષ્ટાચાર થયો છે કે વાત જ ના પૂછો. છેલ્લા પાંચ વર્ષથી હું આ વિધાનસભામાં આવું છું. ગયા વર્ષે પણ મેં વાત કરી હતી કે મારા મહુધા વિસ્તારમાં નગરપાલિકાના જે આર.ઓ. પ્લાન્ટ તૈયાર કર્યો છે એ એમ જ પડ્યા છે. જે પાઇપલાઇન નાંખી છે એમાં કાંકરી મારો તો પણ પાઇપલાઇન તૂટી જાય એવો રદ્દી માલ વાપરવામાં આવ્યો છે. તો સરકારશ્રીને મારી વિનંતી છે કે જે પણ એજન્સીએ આ કામ કર્યું છે એ એજન્સી ઉપર ગુનો દાખલ કરો અને જે અધિકારીએ એને માર્ગદર્શન આપ્યું છે અને દેખરેખ રાખી છે એવા અધિકારીને પણ સસ્પેન્ડ કરે એવી મારી માગણી છે. બીજી વાત કરું તો સ્વજલધારા યોજનામાં જે પણ સરવે થાય છે એ થયા પછી જે ગામમાં પાણીની પાઇપ ઉતારી છે એ પાણીની પાઇપ ઉતાર્યા પછી જે તે સરપંચે જે સ્થળે પાઇપ ઉતારી છે એ પાઇપો ગણીને બિલ લખી આપતા હોય છે. લોકોના ઘર સુધી પાઇપલાઇન જતી નથી અને લોકોને પીવાનું પાણી મળતું નથી. જે અધિકારીઓએ કામ કર્યું છે એવા અધિકારી ઉપર ખરેખર કાયદેસરના પગલાં લેવા જોઇએ. મારા ખેડા અને આણંદ જિલ્લામાં એક જ સરકારી અધિકારી છે. બાકી બીજા બધાં આઉટ સોર્સિંગથી ભરેલા છે. ૧૧ મહિનાથી જે અધિકારીઓ નિમાય છે એમને તો પ્રજાની કોઇ ચિંતા નથી. આ ભ્રષ્ટાચાર સામે સરકારશ્રી પગલાં લે અને જે પણ અધિકારી એમાં સંડોવાયેલા છે એને સસ્પેન્ડ કરવામાં આવે. આજ દિન સુધીમાં મારા મહુધા મતવિસ્તારમાં જેટલા પણ ગામોમાં સ્વજલધારા યોજના અને નલ સે જલ યોજનામાં જે પણ પાણીની પાઇપો નાંખી છે એ દરેક ગામમાં એટલો ભ્રષ્ટાચાર થયો છે કે વાત ન પૂછો. મારું સરકારશ્રીને કહેવું છે કે જ્યાં ભ્રષ્ટાચાર થયો છે એવા ભ્રષ્ટાચારને ખુલ્લો પાડે અને ત્યાં જે એજન્સીઓએ કામ કર્યું છે એ એજન્સીઓને બ્લેક લિસ્ટમાં મૂકી દે અને સરકારના જે પૈસા ચાંઉ કર્યા છે એ પૈસા સરકારમાં પાછા જમા લે એવી મારી માગણી છે.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાણી પુરવઠાની માંગણી ક્રમાંકઃ ૬૭ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌ જાણતા હશો કે ભૂતકાળમાં સૌરાષ્ટ્ર અને ખાસ કરીને કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર જેવા જિલ્લાઓમાં પીવાના પાણીની કાયમી સમસ્યા હતી. કાયમી સોર્સના અભાવે ટેંકરો મારફતે પાણી વિતરણ કરાતું હતું. માલધારીઓને પોતાના પશુઓ સાથે હિજરત કરવી પડતી હતી. રાજ્ય સરકાર દ્વારા ''રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ''નું નિર્માણ કરી પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ કરેલ છે. સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંકી મુકામે ૧૫૦૦ એમ.એલ.ડી. પમ્પિંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવેલ છે. જેના થકી સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાને નર્મદાના નીર પીવા માટે પ્રાપ્ત થયા છે. કચ્છ, મોરબી, રાજકોટ અને જામનગર જિલ્લામાં પાણીની ઉપલબ્ધતાથી ઔદ્યોગિક વિકાસને વેગ મળેલ છે. નવી રોજગારીની તકો ઊભી થયેલ છે. સૌરાષ્ટ્રના જિલ્લાઓને પીવાનું પાણી આપવા માટે ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલ ઉપર મોરબીના નવા સાર્દુલકા ખાતે આવેલ પમ્પિંગ સ્ટેશનથી પાણી આપવામાં આવે છે. ઉનાળાના સમયમાં ખાસ કરીને માર્ચ થી મે મહિના દરમિયાન પાણીની જરૂરિયાત મહત્તમ હોય ત્યારે નવા સાર્દુલકા પાસે ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલમાં પુરતી ઊંડાઇનો જથ્થો મળી શકતો નથી. આથી પાણીની ઘટ રહેતી હતી. આના નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા બ્રાહ્મણી-૨ ડેમમાંથી મોરબી ખાતેના નવા સાર્દુલકા પમ્પિંગ સ્ટેશન સુધીની ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલને સમાંતર ૩૩ કિ.મી. લંબાઇની પાઇપલાઇનના કામો અંદાજિત રૂ. ૨૮૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. હવે સમગ્ર વર્ષ દરમિયાન સૌરાષ્ટ્રના જામનગર, પોરબંદર, મોરબી, કચ્છ તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાઓને પાણી પુરવઠો મળતો થયો છે. અગાઉની જૂથ યોજનાઓ માથાદીઠ દૈનિક ૭૦ લીટર પ્રમાણે પાણી વિતરણ કરી શકે તે મુજબની હતી. જે હવે પાણીની ઉપલબ્ધતા વધતાં દૈનિક માથાદીઠ ૧૦૦ લીટર મુજબ ઓયજન કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લાની વાત કરું તો મોરબી તાલુકાના ૭ ગામો માટે મચ્છુ-૨ ડેમ આધારિત પાનેલી, મકનસર જૂથ યોજના અંદાજિત રૂ. ૨૭ કરોડના કામો પૂર્ણતાના આરે છે. વાંકાનેર તાલુકાના ૭૨ ગામો માટે નર્મદા બલ્ક પાઇપલાઇન આધારિત વાંકાનેર જૂથ સુધારણા યોજનાના અંદાજિત રૂ. ૩૫ કરોડના કામો પૂર્ણતાના આરે છે. હળવદ અને મુળી તાલુકાના કુલ ૭૫ ગામો માટે બ્રાહ્મણી-૧ અને બ્રાહ્મણી-૨ ડેમ આધારિત એન.સી.ડી.-૪ ગ્રુપ સુધારણા યોજના અંદાજી રકમ રૂ. ૮૩ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. આ યોજનાથી ૨.૨૦ લાખ વસ્તીને લાભ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો ચુડા, મુળી, વઢવાણ, સાયલા, લીંબડી અને ચોટીલા તાલુકાના કુલ ૧૭૩ ગામો માટે ધોળીધજા ડેમ આધારિત સુરેન્દ્રનગર ઇન્ટીગ્રેટેડ ફેસ-૨ તથા એસ-૨, એસ-૩ જૂથ પાણી

પુરવઠા યોજનાના સુધારણાના કામો અંદાજી રકમ રૂ. ૨૪૫ કરોડ માટે આયોજન હાથ ધરેલ છે. જે પૂર્ણ થયેથી ૩.૭૫ લાખ વસ્તીને લાભ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર કચ્છ જિલ્લાની વાત કરીએ તો ટપ્પર ડેમમાંથી ૨૫૦ એમ.એલ.ડી., માળીયા ખાતેથી ૨૫૦ એમ.એલ.ડી તથા સ્થાનિક સોર્સમાંથી ૫૦ એમ.એલ.ડી. મળી કુલ ૫૫૦ એમ.એલ.ડી. પાણી આપવાની ક્ષમતા રાજ્ય સરકાર દ્વારા ઊભી કરેલ છે. તદઉપરાંત દરિયાકાંઠા વિસ્તારમાં જળ સલામતી માટે માંડવી વિસ્તારમાં ૧૦૦ એમ.એલ.ડી.ના ડિસેલીનેશન પ્લાન્ટ બનાવવાના પ્રગતિમાં છે. આ કામો પૂર્ણ થતાં સમગ્ર કચ્છ માટે કુલ ૬૫૦ એમ.એલ.ડી. પાણી ઉપલબ્ધ થઈ શકશે. કચ્છ જિલ્લામાં જે યોજનાઓ ૭૦ લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસના ધોરણે બનાવવામાં આવેલ હતી તેવી યોજનાઓનું પણ ૧૦૦ લિટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસના ધોરણે સુધારણાના કામો માટે આયોજન કરેલ છે. જેમાં રાપર તાલુકાના ૬૨ ગામો માટે ફતેહગઢ અને સુવાઇ ડેમ આધારિત જૂથ યોજના અંદાજિત રકમ રૂપિયા ૮૭ કરોડ છે. રાપર તાલુકાના ૫૬ ગામો માટે નર્મદા આધારિત રાપર સુધારણા યોજના અંદાજિત રકમ રૂપિયા ૪૫ કરોડ છે. ભુજ તાલુકાના ૮૪ ગામો માટે નર્મદા આધારિત ભુજ સુધારણા યોજના અંદાજિત રકમ રૂપિયા ૪૧ કરોડ છે. ભુજ તાલુકાના ૬૩ ગામો માટે નર્મદા આધારિત બન્ની સુધારણા યોજના અંદાજિત રકમ રૂપિયા ૭૭ કરોડ છે અને માંડવી તાલુકાના ૯૨ ગામો માટે નર્મદા આધારિત માંડવી સુધારણા યોજના અંદાજી રકમ રૂપિયા ૩૪ કરોડ છે. જામનગર જિલ્લાના જામજોધપુર, કાલાવાડ, લાલપુર અને જામનગર તાલુકાના ૪૨૨ ગામો માટે અલગ અલગ પાંચ જૂથ યોજનાના સુધારણાના અંદાજી રકમ રૂપિયા ૨૮૫ કરોડના કામો માટે આયોજન કરેલ છે. નલ સે જલ ની વાત કરીએ તો કચ્છ અને મોરબી જિલ્લાને ૧૦૦ ટકા નલ સે જલ જાહેર કરેલ છે. ગુજરાત સરકારે શુદ્ધ, પૂરતું અને પીવાલાયક પાણી તમામ વિસ્તારોમાં પહોંચે એ માટેનું પ્રાધાન્ય આપેલ છે.

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માંગણીઓ ક્રમાંક- ૬૫, ૬૬ અને ૬૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધાનસભા મત વિસ્તારમાં આવતા બાલાસિનોરમાં વનોડા જૂથ યોજના, વીરપુર તાલુકામાં ખેરબી જૂથ યોજના અને મારા વતન પાંડવાના વિસ્તારમાં નમનાર જૂથ યોજના આવેલી છે. માનનીય શ્રી શંકરસિંહ વાઘેલા સાહેબના સમયમાં મંજૂર કરવામાં આવેલ અને વર્ષ ૨૦૦૨માં તેનું કામ શરૂ કરી આ યોજનાને શરૂ કરવામાં આવી. આજે આ યોજનાને ૨૦ વર્ષ જેટલો સમય થઇ ગયો છે. આ ત્રણે પાણી પુરવઠા યોજનાઓ મહિસાગર નદીમાંથી પાણી લઇને ચલાવવામાં આવે છે. આ પાણી પુરવઠા જૂથ યોજનાને ૨૦ વર્ષ જેટલો સમય થયો છે. પાઇપલાઇનો સિમેન્ટની હોવાથી જરી ગઇ છે, ખવાઇ ગઇ છે. વારંવાર લીકેજ થાય છે અને હજારો લીટર પાણી વેડફાઇ રહ્યું છે. લીકેજ બનાવવામાં બે થી ત્રણ દિવસનો સમય લાગી જાય છે અને એટલા સમયમાં ગામડાઓને પાણી મળતું નથી. મશીનરીને પણ ૨૦ વર્ષ જેટલો સમય થઇ ગયો હોવાથી વારંવાર મોટરો, સ્ટાટરો, બળી જાય છે અને રિપરીંગ માટે મોટો ખર્ચો કરવામાં આવે છે. અઠવાડિયે એક વખત બળતી મોટર રિપેરિંગ થઇને આવે ત્યારે એમાં ઓછામાં ઓછા ચારેક દિવસ લાગી જાય છે. બે વર્ષ પહેલા કલેકટરશ્રીને તથા ગુજરાત પાણી પુરવઠા બોર્ડમાં રજૂઆત કરતાં નવીન લાઇનો માટે મશીનરી બદલવાની મંજૂરી મળી ગઇ છે તેવો જવાબ આપવામાં આવ્યો છે પણ હજુ સુધી એની કોઇ શરૂઆત થયેલ નથી. ગામડાના લોકો પાણી માટે ત્રાહિમામ પોકારી પારાવાર મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. મારો આ વિસ્તાર ડુંગરાળ અને ઊંચનીચા વિસ્તારમાં હોવાના કારણે તેમજ છૂટક છૂટક રહેઠાણોના કારણે જલ સે નળ યોજના થકી ત્યાં પાણી મળે એવી શક્યતાઓ દેખાતી નથી. આ વિસ્તારમાં પાણીની મુશ્કેલીઓનો ખૂબ સામનો ગામડાની પ્રજાને કરવો પડે છે. વર્ષ ૨૦૦૨માં મારો વિસ્તારના વીરપુર, બાલાસિનોર, કપડવંજ અને કઠલાલમાં ૬૦ થી ૬૫ ટાંકીઓમાં એકપણ ટીપું પાણી પડ્યું નથી. સમ્પ અને પાણીના ટાંકા પાણી વગર જર્જરિત થઇ ગયા છે અને ખૂબ જોખમી બન્યા છે એટલે સરકારશ્રીએ આ ટાંકાને પાડવા માટેની કોઇ યોજના કરવી જોઇએ, નહીંતર લાંબાગાળે કોઇકને નુકસાન પહોંચાડશે. નળ સે જળ યોજનામાં મોટો ભ્રષ્ટાચાર આચરીને ઘણી જગ્યાએ સાવ ઉપર જ પાઇપલાઇનો દબાવી રૂપિયા ૧૦/ - નો નળ લગાવી કોન્ટ્રાકટરો બિલો કઢાવી લે છે, એમાં પણ ધ્યાન આપવું જરૂરી છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે, નળ સે જળ યોજનામાં પાણી કયાંથી આપવાના છો? અને તેના માટે શું આયોજન કરો છો? એ માત્ર નળ જ લગાવીને જ પાણી મળવાનું હોય તો એ માત્ર ભ્રષ્ટાચાર જ કહેવાય. ચાલુ વર્ષે વરસાદ ખૂબ ઓછો પડ્યો છે, પાણીના તળ ખૂબ નીચા ગયા છે, બોર-કૂવામાં પાણી નથી. તો સરકારે મારા આ વિસ્તારોમાં ટેન્કરો દ્વારા પાણી આપવાની કોઇ જોગવાઇ કરવી જોઇએ. વીરપુર તાલુકાના જોધપુર, બાર, બોર, લીંબરવાડા, આસપુર, રોઝાવ, ખરોડ, પાંસરડા, જાંબુડી, ભાટપુર, વઘાસ, બવાની ભાગ-૧, ઘાટડા,ખાટા, કોયડમ, ડેભારી, દાંતલા આ બધા જ વિસ્તારોમાં પાણીની જરૂરિયાત છે અને જો ટેન્કરોથી પાણી આપવામાં આવે તો ત્યાંની પ્રજાને એનાથી પાણી મળી રહેશે. એવી જ રીતે બાલાસિનોરના વડદલા, કંતનજીના મુવાડા, નવાગામ, ઓથવા, દોરબાઇના મુવાડા, બોડેલી આ બધા જ વિસ્તારોમાં પાણીની જરૂરિયાત છે અને જો ટેન્કરોથી પાણી આપવામાં આવે તો ત્યાંની પ્રજાને એનાથી પાણી મળી રહેશે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરૂ થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરીથી ૧૨-૩૦ કલાકે મળશે.

**વિરામ બપોરના ૧૨-૦૦ થી ૧૨-૩૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, નર્મદા અને જળસંપત્તિ વિભાગ, પાણી પુરવઠો આ ત્રણે ત્રણ વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે ''સર્વે ભવન્તુ સુખીન:, સર્વે સન્તુ નિરામયા'' ની આપણે વાતો કરીએ છીએ, પણ રાજયમાં આવેલ તાલુકાની સિવિલ હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથિમક આરોગ્ય કેન્દ્રો, જયાં અંતરીયાળ વિસ્તાર છે ત્યાં આપણે હજુ ડોકટરો પૂરા પાડી શકયા નથી. કોરોના કાળ વખતે ગામડાંમાં ડોકટરોનું કામ નર્સ બહેનો કરતી હતી. ગામડાંમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર આપતી બહેનોને હું અભિનંદન આપું છું, કે જે સમયે તમારી પાસે ડોકટરો હતા નહીં તે વખતે એ બહેનોએ કામગીરી કરી છે. આ દવાખાનાની ચર્ચા કરવા જઇએ તો આખો દિવસ જાય. પણ સમય ઓછો છે એટલે મારે મારા કંવાટ તાલુકાનું રંગપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હતું એને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કન્વર્ઝન કરવામાં આવ્યું એ સ્થળ ફેરફાર કરવા માટે વખતો વખત રજૂઆત થઇ. આ ખાટેવાડ ગામ ચાર રસ્તા પરનું ગામ છે. અને ખાટેવાડથી રંગપુર ૩ કિલોમિટર થાય છે. તો આજ દિન સુધી જગ્યા નથી મળી એમ કહે છે. શા માટે તમે જગ્યા બદલતા નથી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રંગપુરમાં રાખો અમને વાંધો નથી. ખાટેવાડને પી.એચ.સી. થતું હોય તો પી.એચ.સી.ના બદલે સી. એચ.સી. બનાવો, સ્ટાફ વધારે મૂકો વધારે મકાનની જરૂર ન પડે. પણ સગવડતા ખાતર, ડોકટરોની સગવડતા ખાતર, પ્રજાની સગવડતા ખાતર, ચાર રસ્તા ઉપરનું ગામ છે પાણવડ પણ જવાય, કંવાટ જવાય, બોડેલી પણ જવાય, ચલામલી જવાય એવું લોકેશન છે. આ પ્રશ્ન થયા પછી સાહેબે તપાસ માટે વિભાગમાંથી અધિકારીઓ મોકલ્યા, કયા અધિકારી આવ્યા તે મને ખબર નથી, જગ્યા જોઇને ગયા, મને કહે કે ખાટેવાડનું સ્થળ છે ત્યાં જગ્યા ઓછી પડે છે. રંગપુરમાં શું તમને જમીન વધારે મળી છે? જંગલ ખાતાની જમીન છે ત્યાં તમે ડેવલપમેન્ટ કરવાના છો? આદિવાસીઓ માટે તમે દવાખાનું બનાવવાની વાત કરો છો તો જંગલમાં તમે દવાખાનું લઇ જશો? મારી વિનંતી છે કે અહીંથી કમિટી લઇ જાય, *(xxx) એમને લઇ જાઓ રૂબરૂ ત્યાં અને બતાવો કે આ જગ્યાએ દવાખાનું .....

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી માટે આવું ન બોલો, *(xxx)

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : મારા મિત્ર છે ને એટલે.

અધ્યક્ષશ્રી : ના, પણ રેકોર્ડમાં સારું ન લાગે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે એ સ્થળ તપાસ કરીને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાટેવાડમાં આપો. અમારા છોટા ઉદેપુરમાં સિવિલ હોસ્પિટલ છે ત્યાં ડોકટરો નથી, કવાંટમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે ત્યાં ડોકટર નથી, જબુગામમાં એક સંસ્થા સારુ કામ કરે છે એ સંસ્થા એમ.ઓ.યુ. ફરી પાછું કરી શકી નથી અને એને કારણે એ સંસ્થા વાળાએ પણ સેવા કરવાનું બંધ કર્યું છે. બોડેલી અમારું હાર્દ કહેવાય, હબ સેન્ટર છે, ત્યાં પણ દવાખાનામાં ડોકટરો નથી. નર્મદા આધારિત અમારી હાફેશ્વર પીવાના પાણીની યોજના લાંબા સમયથી ચાલે છે. કામગીરી બહુ ધીમી ચાલે છે. અને એમાં આવી તમારી નળ સે જળ યોજના, ગયા વખતે પણ મેં કહ્યું હતું કે નળ સે જળ યોજનાની લાઇનો નખાતા પહેલા પાણીની ટાંકીઓ બનીગઇ આ વિધાનસભા ગૃહમાંથી બન્ને પક્ષના ધારાસભ્યો સાથે કમિટી બનાવો અને તેની કામગીરી તમે ચેક કરાવો કે, પાણી કેટલે પહોંચ્યું છે. કેટલી કામગીરી થઇ છે, કયા પ્રકારની કામગીરી થઇ છે? આ નળ સે જળ યોજનામાં તમારી જે પ્લાસ્ટિકની પાઇપો વપરાય છે તેની કવોલિટી ચેક કરાવો. આદિવાસી વિસ્તારમાં નળથી જળ આપો એમાં અમને આનંદ થશે પરંતુ તમે જે પાઇપો મૂકો છો એ ઘરની બહાર મૂકી દેવામાં આવે છે એની તમારે ફોટોગ્રાફી જોવી હોય તો એ પણ આપવા તૈયાર છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં સિંચાઇની પણ ઘણી અપૂરતી વ્યવસ્થા છે. આના માટે મેં કાગળ પણ લખેલ છે. ગયા વખતે પણ વાત થઇ હતી હેરાણ, દુધવાલ તથા કડાકોતર જયાં ડેમ બનાવવાનો થાય ત્યાં ઉંચી હાઇટના ડેમ બને એની સરવેની કામગીરી થઇ છે પરંતુ જે અધિકારીઓએ આ કામગીરી કરી છે એમણે કેટલી કામગીરી કરી છે એમાં કેટલો જથ્થો મળી શકે તેમ છે મેં આ અંગે ધ્યાન દોર્યું તો ખબર પડી કે હજી એ સરવેની કામગીરીની ફાઇલ બે વર્ષ સુધી આ સચિવાલય પહોંચી નથી એ સરકારની કામગીરીને તમે પારદર્શક કહો છો? દાતા અને અમીરગઢ વિસ્તારની પ્રજા પાણી માટે વલખા મારે છે. માત્ર દાતા અને અમીરગઢ જ નહિ પરંતુ બનાસકાંઠાના વાવ, થરાદ અને ધાનેરા તરફના ગામડાં તો પીવાના પાણીથી પણ વંચિત છે. જયાં કેનાલો આવેલી ત્યાંના વિસ્તારના ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચતું નથી અને સિંચાઇ માટેના પણ વલખા છે, પીવાના પાણીના પણ વલખા છે. આ ગૃહના તમામ સન્માનનીય ધારાસભ્યશ્રીઓની પીવાના પાણી માટેની રજૂઆત હશે તો આ પીવાના પાણી માટે સરકાર હકારાત્મક અભિગમ અપનાવવા માગતા હોય કોઇને પણ પીવાના પાણીની તકલીફ ન પડે એના માટે વિચારતા હોય તો તમારી માગણી છે એને અનુમોદન આપી શકીએ.

જી.સી.આર.ટી મારફત ખેડૂતોને પાણીની પાઇપ લાઇન આપવામાં આવે છે. એનું જે મટિરિયલ આવે છે એના જે ભાવ નક્કી કરો છો એ સારી કવોલિટીના નક્કી કરો છો પરંતુ મટિરિયલ હલકા પ્રકારનું આપવામાં આવે છે.

શ્રીમતીઝંખનાબેન હિ. પટેલ(ચોર્યાસી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૨મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં ૧૨,૨૪૦ કરોડ રૂપિયા આરોગ્ય વિભાગ માટે ફાળવ્યા હોય એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોવિડ મહામારીમાં સમગ્ર વિશ્વ માટે ખૂબ જ ખરાબ પરિસ્થિતિ ઉભી થઇ હતી એના માટે આપણી સરકાર અડિખમ ઉભી રહી એના માટે હું સરકારનો આભાર માનું છું. આપણે ત્યાં કોવિડની મહામારી હતી ત્યારે ખૂબ ટૂંકા સમયમાં પ્રજાને અનાજ હોય, જમવાનું હોય,બેડ હોય, ઇજેક્શન હોય કે ઓકસીજનની સુવીધા ખૂબ ટૂંકા સમયમાં પૂરી પાડી એના માટે પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો પણ આ તકે હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વિરોધપક્ષના સભ્યશ્રી કહેતા હતા કે અમારી ૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ આરોગ્ય માટે ફાળવવાની છે એના માટે એ વિરોધ કરતા હતા. મારે સભ્યશ્રીઓને કહેવું છે કે એ સમય એવો હતો કે વિકાસને છોડીને પ્રજાને કેવી રીતે બચાવી શકાય એના માટે ધ્યાન રાખવાનું હતું. આજે અમારા ભારતીય જનતા પાર્ટીના તમામ ધારાસભ્યશ્રીઓની વાત કરીએ તો સરકારને સાથે રાખીને સંસ્થાઓને સાથે રાખીને પ્રજાહિતના કામો કઇ રીતે કરી શકાય એને ધ્યાને રાખીને વ્યવસ્થા ઉભી કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિસ્તારની વાત કરું તો ચોર્યાસી વિસ્તારમાં સચિન જી.આઇ.ડી.સી. અને હજીરા જી.આઇ.ડી.સી.ના નોટિફાઇડના ૧૨.૫ કરોડના વિકાસના કામો કરવાના હતા એમાંથી ડાંગ જેવા વિસ્તાર માટે ૧૮ એમ્બ્યુલન્સો અને ૧૫ લાખ રૂપિયા દરેક પી.એચ.સી.માટે ફાળવ્યા છે એનો મને ગર્વ છે. તેનો મને ગર્વ છે. એમ જોવા જઇએ તો આ વખતે અમદાવાદ અને ડીસામાં જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે ૩૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. વાપીમાં ૧૦૦ બેડની નવી હોસ્પિટલ બને છે અને ઉંઝામાં જે હોસ્પિટલ છે તેને પણ અપગ્રેડ કરવાની વાત ચાલી રહી છે. આ બજેટમાં તેની જોગવાઇ કરવામાં આવી છે. હું સરકાર પાસેથી મારા મતવિસ્તાર માટે એવી માગણી કરવા માગું છું કે મારો મતવિસ્તાર ઔદ્યોગિક હોઇ તેમાં મોટા પ્રમાણમાં લોકો બહારથી રોજી-રોટી માટે આવતા હોય તો સ્વાભાવિક છે કે આ લોકો ત્રણ મહિના, છ મહિના કે એક વર્ષના કોન્ટ્રાક્ટ પર હોય. એટલે મતદાર સિવાય એવા ઘણાં લોકો છે કે જે માત્ર રોજગારી માટે આવતા હોય. ટૂંક સમયમાં હીરાબુર્સ જે ખજોદ ખાતે મારા વિસ્તારમાં આવી રહ્યું છે. દોઢ-બે વર્ષમાં તેમાં ખૂબ જ મોટા પ્રમાણમાં લોકો રોજગારી માટે આવવાના છે. ખજોદની આજુબાજુના વિસ્તારમાં ઘણી એવી સરકારી જમીન છે કે જેમાં ૨૦૦ બેડની હોસ્પિટલની વ્યવસ્થા થતી હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી પાસેથી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી પાસેથી હું માગણી કરું છું. નેશનલ હાઇવે હજીરા અને સચિનવાળો જે એરિયા છે તેમાં ઘણી એવી ખારાપાટની જમીન છે જે સરકારી જમીન છે. તેમાં આ વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ઉભી થઇ શકે તેમ છે. હું આ હોસ્પિટલની માગણી એટલા માટે કરું છું કે મારા ચોર્યાસીના ૧૪ ગામડાં, બારડોલીના ૧૮ ગામડાં, ઓલપાડના ૭ ગામડાં, પલસાણાના ૧૧ ગામડાં અને તે પૈકી ૧૦ વોર્ડ જે આ હોસ્પિટલનો લાભ લઇ શકે છે. આમાં કુલ ૧૫થી ૨૦ લાખ લોકો આ હોસ્પિટલમાં લાભ લઇ શકે એવી પરિસ્થિતિ છે. આમાં પી.એલ.બી. કરવામાં આવે તો ખૂબ મોટી રાહત થશે. ત્યારે મેં જે વિસ્તાર ગણાવ્યા છે એ તમામ લોકોને સિવિલ હોસ્પિટલ પહોંચવા સુધી ૪૫થી ૫૦ મિનિટ જેવો સમય નીકળી જાય છે. જો આ કરવામાં આવે તો ખૂબ મોટી રાહત થાય તેમ છે. તો હું સરકારશ્રીને વિનંતી કરું છું અને તાત્કાલિક ધોરણે કરવામાં આવે એવી આશા રાખું છું.

શ્રી કનુભાઇ મ. બારૈયા(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય, જળસંપત્તિ અને પાણી પુરવઠાની માગણીમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આવ્યા પછી વારંવાર સાંભળવા મળે છે કે મને કહેતા આનંદ થાય છે, હું અભિનંદન આપું છું, હું આભાર વ્યક્ત કરું છું. મારા મતવિસ્તારના જેન્યુઇન પ્રશ્નોની પહેલાં સત્રથી હું વારંવાર રજૂઆત કરું છું. હજુ એક પણ વખત મને એવું નથી થયું કે હું અભિનંદન આપું, હું આભાર માનું કે મને આનંદ થાય. અમારું સાંભળવામાં આવતું નથી કે ઇચ્છા શક્તિનો અભાવ છે એ સમજી શકાતું નથી. અહીં ડેમોની વાત કરવામાં આવી. ૧૯૪૭ની આઝાદી પછી ૧૯૫૫માં મારા ભાવનગર જિલ્લાના પાલિતાણામાં ૪૧૬ મિલિયન ઘન ક્યુબિક મીટર પાણીના સંગ્રહવાળા શેત્રુંજી ડેમનું ખાતમુહૂર્ત જવાહરલાલ નહેરૂએ કર્યું હતું. આ ડેમ ત્રણ વર્ષની અંદર વર્ષ ૧૯૫૮માં પૂરો કરવામાં આવ્યો અને ૧૯૫૯માં છલોછલ ભરીને પાંચ તાલુકાને, ભાવનગર શહેરને અને પાંચ નગરપાલિકાને આ ડેમમાંથી પાણી મળે છે. આજે આ ડેમની પરિસ્થિતિ એવી છે કે ૩૦ ટકા ડેમ કાંપથી અને ધૂળથી ભરાઇ ગયો છે. અમે ડિસિલ્ટિંગ માટે વારંવાર રજૂઆતો કરીએ છીએ. હજુ સુધી અમારી ગામડાંની ભાષામાં એક તગારૂ કાંપ પણ કાઢવામાં આવ્યો નથી. ડેમના નિર્માણ પછી જે કર્મચારીઓ અને અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી એમાં આજે ૩૦ ટકા જેટલા અધિકારીઓ અને કર્મચારીઓથી કામ ચલાવવામાં આવે છે. તો તેમની ભરતી કરવામાં આવે, ડેમનું ડિસીલ્ટીંગ કરવામાં આવે. આ ડેમને કેનાલોનું કામ પૂર્ણ થયા પછી ૨૭ વર્ષના શાસનમાં એક મીટર પણ માઇનોર કે મેઇન કેનાલનો વધારો કરવામાં આવ્યો નથી. અમે વારંવાર રજૂઆતો કરી છે કે બે માઇનોર વધારવામાં આવે તો મારા મતવિસ્તારના ઠોળિયા, બેલડા, જાલોદર, ઘાણા, કુંડવી, પસવી, નવી જૂની છાપરી, બોરડા વગેરે ઘણા બધા ગામોને પાણી મળી શકે તેમ છે ત્યારે તાત્કાલિક ધોરણે આનો અમલ કરવામાં આવે એવી મારી માગણી છે.

આપણે વારંવાર નલ સે જલની વાતો કરીએ છીએ. મારા મતવિસ્તારમાં નળ છે પણ જળ ૧૫ થી ૨૦ દિવસે આવે છે. આ વાસ્તવિકતા છે અને અધિકારીઓને આજે પણ હું વારંવાર ફરિયાદ કરું છું ત્યારે સાચા અર્થમાં રોજે રોજ નળમાં જળ આવે એવી હું માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું. મારા મતવિસ્તારમાં મેથરા બંધારો અને શેત્રુંજય લીંક ચેકડેમ ૧૫મી માર્ચની તારાંકિત પ્રશ્નોત્તરીમાં મને એના આકડાઓ અને જવાબ આપવામાં આવ્યા છે પરંતુ હજી સુધી નક્કર કામગીરી થઇ નથી.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના માટેની માગણી નંબર-૮૫ને સમર્થન આપું છું અને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમના સ્વપ્ન દ્રષ્ટા એટલે આ દેશને જેમણે અખંડ બનાવ્યો છે એવા સરદાર વલ્લભભાઇ પટેલ છે એ ડેમના સ્વપ્નદ્રષ્ટા હતા અને આ ડેમનું ખાતમુહૂર્ત છે એ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ એનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ બન્ને કોંગ્રેસના જ આગેવાનો હતા પણ આ ડેમને પૂરો કરવા માટેની જે ગંભીરતા હોવી જોઇએ એ ગંભીરતા જે તે વખતની સરકારોએ એની ગંભીરતા લીધી નહીં. ત્યારે દેશમાં પંચાયતથી લઇને પાર્લામેન્ટ સુધી આખા દેશમાં કોંગ્રેસનું એકહથ્થું શાસન હતું. વિરોધ પક્ષની કયારેય કોઇ જગ્યાએ સરકાર બને એવું કોઇ જગ્યાએ દેખાતું પણ હતું નહીં. ત્યારે જો કોઇ જગ્યાએ તમે નિર્ણય કર્યો હોત તો આ જે તમે વાત કરો છો કે પર્યાવરણવાદીઓ, કોર્ટની અંદર કેસીસ એના લીધે આ ડેમ પૂરો ના થયો તો શાહબાનો કેસમાં જયારે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો ત્યારે એ ગૃહની અંદર, લોકસભાની અંદર આખેઆખો કાયદો કરી ચુકાદો ફેરવી અને નારી હતી એને અન્યાય કર્યો હતો તો આ જો ડેમ તમે પૂરો કરવા ધાર્યો હોત તો આ ડેમને તમે ગૃહમાં કાયદો કરીને પૂરો કરી શકયા હોત અને ગુજરાતની સૂકી ધરતી, ખાસ કરીને કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત કે જયાં પાણીના સોર્સીસ જ નહોતા એ આજે સમૃદ્ધ થઇ ગયો હોત પણ જેમ શાહબાનુ કેસમાં રાજકીય ફાયદો મળતો હતો એટલે તમે કાયદો કર્યો અને અહીંયા કોઇ રાજકીય ફાયદો નહીં મળતો હોય એટલે અથવા તો તમને ખ્યાલ હતો કે આ પ્રજા છે એ અમને કાયમ માટે મત આપતી રહેશે, આજે તમારે વિરોધ પક્ષમાં બેસવું પડયું એનું કારણ આ છે, તમે પ્રજાને ટેકન ફોર ગ્રાન્ટેડ એમ માન્યું, તમને એમ હતું કે આ પ્રજા કાયમ અમને મત આપશે. આ તમે ભોગવો છો એ એનું પરિણામ છે. પહેલી વખત દેશમાં કોઇ યોજના પૂરી કરવા માટે, કોઇ યોજનાનું કામ શરૂ કરવા એક રાજયના મુખ્યમંત્રીશ્રીને ઉપવાસ ઉપર બેસવું પડે, માનનીય નરેન્દ્રભાઇ કહેતા કે તમે એમ કહેજો કે અમે આ ડેમ પૂરો કરાવ્યો પણ અમે મંજૂરીઓ આપો. એ મંજૂરી નહોતા આપતા એટલે માનનીય નરેન્દ્રભાઇ ઉપવાસ ઉપર બેઠા, ઉપવાસ ઉપર બેઠા એટલે એના બીજા દિવસે મંજૂરી મળી, એનું કામ ચાલુ થયું, એના પછી ૧૨૧ મીટરની ઉંચાઇ સુધીનો ડેમ થઇ ગયો, એના પછી જે પીલર બનાવવાના હતા એ પીલર બનાવવા માટે અવાર નવાર માગણીઓ કરતા હતા કે અમને પીલર તમે બનાવવા દો, દરવાજાની ભલે મંજૂરી ના આપો, ભવિષ્યમાં અમને મંજૂરી આપશો ત્યારે અમે દરવાજા તાત્કાલિક કરાવીને આ ડેમની અંદર પાણી ભરી શકીશું એના માટેની પણ મંજૂરીઓ કેન્દ્રની તે વખતની સરકાર આપતી નહોતી. એના પછી જેવી સન ૨૦૧૪માં સરકાર બદલી અને આદરણીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા એ પછી ૧૭મે દિવસે આ પીલર બનાવવા માટેની મંજૂરી મળી અને પીલર પણ પૂરા થયા અને એના પછી આપણને સૌને ખ્યાલ છે કે એના પછી એના દરવાજા પણ ચડયા અને એના લોકાર્પણના કાર્યક્રમ માટે માનનીય શ્રી નરેન્દ્રભાઇ અહીં આવ્યા અને તા.૧૭-૯-૨૦૧૭થી આ ડેમ પૂરો થઇ અને એનો ફાયદો ગુજરાતને મળવા મંડયો. આજે આ ડેમ ૧૨૧૦ મિટરની લંબાઇ તથા પાયાથી ૧૬૩ મિટરની ઉંચાઇ ધરાવતો ડેમ તૈયાર થઇ ગયો છે. રેડીયલ ગેટ પૂરા થયા અને આપણે સૌ જોઇએ છીએ કે આજે ગુજરાતને એનું પાણી મળતું થઇ ગયું છે. સરદાર સરોવર યોજના હેઠળ ૬૯,૪૭૦ કિલોમિટરની નહેરો બાંધવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં મુખ્ય નહેર ૪૫૮ કિલોમિટરની છે. આખા વિશ્વમાં લાંબામાં લાંબી આ નહેર છે. આવી મોટી નહેર વિશ્વમાં બીજી ક્યાંય નથી. એની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. શાખા નહેરમાં ૩૮ માંથી ૩૭ પૂરી થઇ ગઇ છે અને માત્ર ૮ કિલોમિટર કામ બાકી છે. એના સિવાય વિશાખા નહેર છે એમાં ૪૬૧૯ કિલોમિટરની લંબાઇ છે એનું પણ ૯૬ ટકા કામ પૂરું થઇ ગયું છે. પ્રશાખા નહેર ૧૫,૫૮૩ કિલોમિટરની છે એમાં ૮૯ ટકા કામ પૂરું થયું છે. ૬૨,૮૯૮ કિલોમિટરની આ નહેરોના કામો પણ પૂર્ણ થઇ ગયા છે. સૌરાષ્ટ્રની સૂકી ધરતીને પાણી આપવા માટે માનનીય મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ હતા અને નીતિનભાઇ સિંચાઇ મંત્રી હતા ત્યારે રાજકોટમાં પ્રોગ્રામ રાખીને સૌની યોજનાનો નિર્ણય કર્યો હતો. આ યોજના આખા દેશમાં ૩ મિટર વ્યાસવાળી પાઇપલાઇન હોય એવું કોઇ જગ્યાએ પાણીનું વહન નથી થતું. આવી યોજના મંજૂર કરી. આ સૌની યોજના આજે પૂર્ણતાના આરે છે. ૭૬૦.૯૯ કિલોમિટરની લંબાઇ પૂર્ણ થઇ ગઇ છે અને ૫ લાખ ૩૪ હજાર ૧૪૦ હેકટર જમીનને પાણી મળતું થશે. સૌરાષ્ટ્રને જે પાણી મળશે એના લીધે દુષ્કાળ પડતો અને એની અસરો થતી એમાંથી ખેડૂતો બહાર આવશે અને પગભર થશે. સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશને આનાથી આર્થિક રીતે ઘણો બધો ફાયદો થશે. સૌરાષ્ટ્રમાં જે પાણી પહોંચાડીએ છીએ એમાં ૫ પંપીંગ સ્ટેશનો છે. ૭૧ મિટરની ઉંચાઇ સુધી પાણી પંપથી ઉપર ચડાવીને લગભગ ૨૪ માળ સુધી પાણી ચડાવ્યા પછી સૌરાષ્ટ્રની ધરતીને સિંચાઇ અને પીવા માટે પાણી આપીએ છીએ. કચ્છ માટે પણ આ વખતે બજેટમાં ૪૩૬૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. કચ્છ શાખાની કુલ લંબાઇ ૩૫૭.૧૮ કિલોમિટર છે. તેમાંથી ૩૫૦ કિલોમિટરના કામો પૂર્ણ થઇ ગયા છે. માત્ર ૬.૮૫ કિલોમિટરના કામો બાકી છે. સૌરાષ્ટ્રમાં નહેરો છે એમાં પ્રશાખા નહેરના ૩ પંપીંગ સ્ટેશનો છે. એમાં પણ ૫૪ મિટર સુધી પાણી ઉપર ચડાવીએ છીએ. એટલે ૧૮ માળ સુધી પાણી ચડાવીને પછી પહોંચાડીએ છીએ. કચ્છની અંદર કામો પૂર્ણ થતાં ત્યાંકી સૂકી ધરતીને પાણી

મળતું થઇ જશે. નર્મદા ડેમની કુલ સિંચાઇ ક્ષમતા ૧૬.૯૨ લાખ હેકટરની છે. એમાંથી ૧૫.૨૧ લાખ હેકટર વિસ્તારનો વિકાસ થઇ ગયો છે. એટલે કે ૯૭ ટકા કામ પૂર્ણ થઇ ગયું છે. આ ધરતીને પાણી મળશે ત્યારે ૧૮ લાખ હેકટરને સિંચાઇ મળશે એના કારણે ખેડૂતોને જે આવક થશે. એક હેકટરે એક વર્ષના ૧.૮૦ લાખ રૂપિયા ગણીએ તો ખેડૂતોને જે આવક થશે એ ૨૭ હજાર કરોડ કરતાં વધારે આવકનો લાભ મળશે અને આ આવક ખેડૂત પાસે આવશે એના કારણે એના બાળકોને એ સારી રીતે ભણાવી શકશે અને એનો લાભ સિંચાઇ સિવાયના ક્ષેત્રોમાં પણ ગુજરાત અને દેશના લોકોને મળતો થઇ જશે.

શ્રી ચંદનજી ત. ઠાકોર(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા સાથી ધારાસભ્ય એવું કહેતા હતા કે નેવાનું પાણી મોભે નરેન્દ્રભાઇ મોદીએ ચડાવ્યું. મારે એમને કહેવું છે કે ચાંગાથી દાંતીવાડા કેટલાય સમયથી પાઇપલાઇન નાખેલ છે પણ આજ દિન સુધી દાંતીવાડા ડેમમાં પાણી ઉતર્યું નથી. એવું જ સરસ્વતિ નદીમાં પાણીના ભૂંગળા ઉભા થયા છે પણ આજ સુધી પાણી નાખવામાં આવ્યું નથી. સિદ્ધપુર તાલુકાને જોડતો એક ઉમરેચા ચેકડેમ આવેલો છે. આ ચેકડેમ કેટલાય વર્ષોથી બનાવેલો છે. આ ચેકડેમમાં નર્મદાનું પાણી અને ધરોઇનું પાણી આ બંને પાણી આવી શકે તેમ છે અને એના કારણે આજુબાજુના ૨૫ ગામોમાં પિયત થઇ શકે તેવી સ્થિતિ છે પણ પાછલા ૨૭ વર્ષથી આ સરકાર આ ચેકડેમમાં પાણી નાખતી નથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું અને આ ચેકડેમમાં સત્વરે પાણી નાખવામાં આવે એવી માગણી પણ કરું છું. સિદ્ધપુર એ માતૃશ્રાદ્ધ તરીકે ભારતભરમાં જાણીતું પવિત્ર સ્થાન છે. હમણા અમિતભાઇએ ચર્ચામાં લીધું કે દેશના વડાપ્રધાને સાધુસંતોની ઉપસ્થિતિમાં ત્યાં એક સંત મેળાવડો કરેલો અને એ સમય દરમિયાન ત્યાં પાણી પણ લાવવામાં આવેલું. નર્મદાજીનું પાણી પણ ત્યાં આવેલું. ધરોઇનું પાણી પણ ત્યાં આવેલું અને ત્યાં પાણી પાછલા ૧૫ દિવસ સુધી સતત ચાલુ રાખવામાં આવેલું. આજે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી પાણી ગયું આજ દિવસ સુધી સિદ્ધપુરમાં પાણી આવ્યું નથી. ધરોઇનું પાણી પણ ત્યાં આવી શકે તેમ છે. સુજલામ સુફલામનું પાણી પણ પાઇપલાઇનથી ત્યાં આવી શકે તેમ છે. (અંતરાય) હમણા ભૂપેન્દ્રભાઇ ચુડાસમાએ એમના માતૃશ્રીનું શ્રાદ્ધ પણ ત્યાં કર્યું. હમણા અમારા મંત્રીશ્રી બ્રિજેશભાઇ મેરજાએ પણ એમના માતૃશ્રીનું શ્રાદ્ધ ત્યાં કર્યું અને આજે પણ સુકીભઠ્ઠ નદી પડી છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું આ નદીમાં સુજલામ સુફલામની પાઇપલાઇનથી પાણી ૨૪ કલાક આવી શકે તેવી સ્થિતિ છે તો આપના દ્વારા આ પાણી આ ડેમમાં નાખવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ખોરસમ-માતપુર-ડીંડોલ પાઇપલાઇનને લંબાવી મુકતેશ્વર જળાશયના નીર પહોંચાડવા માટે ૧૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ડીંડોલ એ મારા મત વિસ્તારનું ગામડું છે અને ડીંડોલની આજુબાજુ ૨૫ ગામોનો સમાવેશ થાય છે. આ ૨૫ ગામો કોઇ નહેર સાથે કે દાંતીવાડા, સુજલામ સુફલામ કે ધરોઇ નહેર કોઇ સાથે સંકળાયેલા નથી તો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ ડીંડોલ પાઇપલાઇન જે નાખવામાં આવે છે. એમાં નાના અને સીમાંત ખેડૂતોને જો પાણી આપવામાં આવે તો ચોકકસપણે એમને ફાયદો થઇ શકે તેમ છે અને આ પાણી જો ત્યાંના વિસ્તારોને અને ખેડૂતોને મળે અને પાણીના તળ છે એ આજે ઉંડા જતા રહ્યા છે ૧૫૦૦ થી ૨૦૦૦ ફુટ તો એને જો આપવામાં આવે તો ખેડૂતોને ફાયદો થઇ શકે તેમ છે. નર્મદાનું પાણી પાઇપલાઇન દ્વારા ગામડે ગામડે નાખવામાં આવે છે. ત્યાં ઘણાબધા ગામડાંઓમાં સંખ્યા વધારાના કારણે ત્યાં પરા વિસ્તાર જોઇન્ટ થઇ ગયો છે અને ઘણી જગ્યાએ પરા વિસ્તારમાં, ગામડાંઓમાં પાણી પૂરતું પહોંચતું નથી અને નર્મદાના પાણીની પાઇપલાઇનની જે યોજના છે એમાં પરા વિસ્તારને જો જોઇનટ કરવામાં આવે તો પરા વિસ્તારમાં જે પાણીનો પ્રશ્ન છે. નલ સે જલની જે પ્રકારે વાતો કરે છે એમાં પણ આમાં સમાવેશ કરવામાં આવે એવી આપના મારફત વિનંતી કરું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલસાહેબ સન્માનનીય સભાગૃહમાં આરોગ્ય અને તબીબી સારવાર અને પરિવાર કલ્યાણ અંગેની માગણી નંબર ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયની અંદર સૌથી વિશેષ આરોગ્ય અને શિક્ષણની પ્રાથમિક જરૂરિયાત હોય છે. એવું કામ અમારી સરકારે છેલ્લા ૨૦-૨૦, ૨૫-૨૫ વર્ષથી કર્યું છે. તાજેતરની અંદર દેશના લોકપ્રિય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે હમણા જ એક પેપરની અંદર એક જાહેરાત હતી એમણે જાહેરાત કરી છે કે સમસ્ત દેશની અંદર જે મેડીકલ કોલેજો છે જેમાં સેલ્ફ ફાઇનાન્સની અંદર જે વિદ્યાર્થીઓ ભણે છે એમના માટે ૫૦ ટકા સીટો ઉપર સરકારી ધારાધોરણ પ્રમાણે ફી લેવા માટેનું એમણે જે આયોજન કર્યું છે એ બદલ હું એમને લાખલાખ અભિનંદન પાઠવું છું. હું તાજેતરની અંદર જ અમારી ગુજરાત રાજયની ચેરિટેબલ ફાઇનાન્સ હોસ્પિટલો જે સમાજની અંદર દાતાઓના દાનથી શહેરી વિસ્તાર, ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ જે ખૂબ સુંદર રીતે કામ કરે છે. સરકાર સોએક જેટલી સંસ્થાઓને અનુદાન આપે છે. ગઇ સાલના રૂપિયા ૧૩ કરોડ અને આ વર્ષના રૂપિયા ૨૬ કરોડ એમ મળી જે ગ્રાન્ટની અંદર અનુદાન આપવાનું બાકી હતું, તે સરકારમાં રજૂઆત કરવાથી ચાલુ વર્ષના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. અને ૩૦ તારીખ પહેલા તમામ સંસ્થાઓને જે અનુદાન મળવાનું છે. તે બદલ હું આપના માધ્યમથી સરકારને અભિનંદન આપું છું. એ પ્રમાણે અનેક સંસ્થાઓ આરોગ્યની સેવાકીય કામ કરતી હતી. પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે ફેડરેશનની રજૂઆતોને ઘ્યાને લઇ ૨૦૧૮ની અંદર અનેક સંસ્થાઓ જે તાલુકા કક્ષાએ,ગ્રામ્ય કક્ષાએ સારું કામ કરતી હોય, પ્રજાની આરોગ્યની સેવા કરતી હતી, એવી સંસ્થાઓને ઉચ્ચક ગ્રાન્ટ આપવાની અને સાથે સાથે સાધન સહાય આપવાની વર્ષ ૨૦૧૮ પછીનો પરિપત્ર કર્યો છે. એ પરિપત્રની અંદર લગભગ સાતેક

જેટલી સંસ્થાઓને મંજૂરી આપી છે. ફેડરેશન વતી અને પ્રજા વતી સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. જે પ્રમાણે ઘણા બધા મિત્રોએ કોવિડ મહામારી અંગે સરકારની કામગીરી અંગેની વાતો કરી છે. હું આજે પણ કહું છું કે જે રીતે ગુજરાતની અંદર, દેશની અંદર છેલ્લાં ૨ વર્ષની અંદર સરકારે અને સરકારના સૌ અધિકારીએ ચૂંટાયેલી સરકાર અને સૌ પ્રજાએ, ધાર્મિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ હોય એમણે જે કામ કર્યુ છે. આજે ગમે તેવા સંજોગોની અંદર પણ પોતાના જીવનનું બલિદાન આપી, જેમણે સેવા કરી છે તેવા કોરાના વોરિયર્સને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ગુજરાત સરકારની અંદર સૌથી વિશેષ એક જ યોજના કોવિડ મહામારીમાં અમલમાં મૂકવામાં આવી હતી એ સંજીવની રથ. એ સમસ્ત રાજ્ય નહિ, પણ દેશ અને દુનિયાની અંદર આ સેવાકીય પ્રવૃત્તિ માટે સંજીવની રથની શરૂઆત કરવામાં આવી હતી. એના આધારે ગામડાના છેવાડાના માનવી સુધી આ સંજીવની રથના માધ્યમથી નાનામાં નાના વિસ્તારોમાં આ રથની અંદર સેવાઓ ઉપલબ્ધ હતી. આ સંજીવની રથની અંદર ડોક્ટર એની સાથે નર્સ અને એની સાથે ફાર્મસિસ્ટ અને તમામ જાતની દવાઓ મફતમાં આપવાની અને મફતમાં ટેસ્ટિંગ કરવાનું ઐતિહાસિક કામ કર્યુ હતું. એના આધારે ગુજરાતની અંદર કોવિડ મહામારીની અંદર પ્રજાને બચાવવાનું કામ કરી શક્યા છીએ. આજે મને કહેતા આનંદ થાય છે કે અમદાવાદ શહેર વિસ્તારની અંદર આપણે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઇ પટેલે જે પ્રમાણે નર્મદાની અંદર ડેમ બનાવવાનું સ્વપ્ન હતું, એવું જ અમદાવાદની અંદર સિવિલ હોસ્પિટલને એશિયાની સૌથી મોટી હોસ્પિટલ કરવા માટેનું એમનું વિઝન હતું એમાં સમય પ્રમાણે સરકારે કામ કર્યુ છે. છેલ્લાં ૨૫ વર્ષથી અમારી ભાજપની સરકારે અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ સિવિલ હોસ્પિટલની અંદર તમામ જાતના રોગોની સારવાર માટે એ વખતે જે બેડની, પથારીની સંખ્યા હતી, એમાં વિશેષ વધારો કરી એમાં સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ યુ.એન.મહેતા, કિડની હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ એના તમામ જાતના સગવડો સાથે દેશની અંદર નંબર-૧ નું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. છેલ્લે મારે એક જ વાત રહી ગઇ છે. અમદાવાદ શહેરની અંદર..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સંજયભાઇ જે. સોલંકી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત જંબુસર તાલુકામાં તળાવો ઉંડા કરવાનું કામ થયેલ છે તે સારી બાબત છે, પરંતુ આ કામના નાણાં જે તે એજન્સીને આજદિન સુધી મળેલ નથી. તે એજન્સીને નાણાં નહીં મળવાથી ગામના લોકો ટ્રેક્ટરો માફરત જે કામ કરતા હતા તેમને પણ આજદિન સુધી પૈસા મળેલ નથી. મારા મત વિસ્તાર જંબુસર શહેશની અંદર છેલ્લા દસ વર્ષથી પીવાનું મીઠું પાણી મળેલ નથી. સરકારશ્રી તરફથી અનેક ગ્રાન્ટ આપવામાં આવેલી છે. આમાં જે એજન્સી કામ કરતી હતી તેમાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર થયેલ છે. અમારા શહેરના લોકોને છેલ્લા દસ વર્ષથી પીવાના પાણીથી વંચિત રહેવું પડેલ છે એટલે એજન્સીની તપાસ થવી જોઇએ. ખારું પાણી પીવાથી લોકોને ચામડીના રોગો થાય છે અને વેચાતું પાણી પણ પીવું પડે છે. મારો મત વિસ્તાર દરિયા કિનારા ઉપર વસેલો છે. પાણીના પ્રશ્નો અનેકવાર વિકટ બનતા હોય છે. પીવાના મીઠા પાણી માટે અનેકવાર સમસ્યાઓ ઉભી થાય છે. મારા વિસ્તાર જંબુસરની અંદર વર્ષ ૨૦૧૫-૧૬ ની અંદર સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવેલી હતી. તેમાં ગ્રાન્ટનો વપરાશ નહીં થવાના કારણે અને કોન્ટ્રાકટરના કારણે અમારા ગામડાંઓને ઘણી મુશ્કેલી સહન કરવી પડેલ છે. ૨૦ ગામડાંમાં આજે પણ પીવાનું પાણી મળતું નથી. માનનીય મંત્રીશ્રી બાવળીયા સાહેબે ગ્રાન્ટ આપેલી તેનું કામ આજે ચાલુ છે. તેની પણ તપાસ થવી જોઇએ. તે કામ પણ ગુણવત્તાવાળું થતું નથી. મારા મત વિસ્તાર જંબુસરની અંદર નર્મદાની જે કેનાલો આવેલી છે તે ખૂબ જ જર્જરિત છે. નર્મદા નદીના કિનારે અમે વસતા હોય અને નર્મદાનું પાણી કચ્છ અને સૌરાષ્ટ્રમાં જાય છે તેનો અમને વાંધો નથી પણ અમારા વિસ્તારમાં આજે પણ નર્મદાનું પાણી મળતું નથી. જંબુસર અને આમોદ તાલુકાને નર્મદાની કેનાલો મારફતે આજે પણ પાણી મળતું નથી. જેવા કે, બાર વિભાગ, ઉત્તર બાર વિભાગની અંદર આજે પણ નર્મદાનું પાણી મળતું નથી અને અમારા વિસ્તારના લોકોને ખેતીથી વંચિત રહેવું પડે છે. અમારો મત વિસ્તાર વરસાદ આધારિત ખેતી કરે છે. મારા મત વિસ્તારની અંદર એક ૧૯૬૯ની સાલનો બનાવેલો ચેકડેમ આવેલ છે. છેલ્લા બે વર્ષથી તે ચેકડેમ તૂટી ગયેલો છે. આ ચેકડેમ જો બને, સરકારની અંદર વારંવાર રજૂઆત કરેલ છે. આ ચેકડેમ બને તો આમોદ, જંબુસર , કરજણ તાલુકાના અન્ય ગામો સિંચાઇના પાણીનો લાભ લઇ શકે. નર્મદાની કેનાલો મારા વિસ્તારમાં આવેલી છે તે ઉંચી છે. જેના લીધે અમારા વિસ્તારને આજે પણ નર્મદાનું પાણી મળતું નથી. એટલે આ કેનાલો નીચી ઉતારવામાં આવે તો અમને પાણી મળે તેવી મારી વિનંતી છે.

શ્રી અજમલજી વ. ઠાકોર(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જે માગણી નંબર-૬૬ સિંચાઇ, ભૂમિ સંરક્ષણ માટેની લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, આરોગ્ય અને જળસંપત્તિના કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ ગુજરાતમાં જળ અને અન્નની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે કામ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા દુષ્કાળની સમસ્યાથી કાયમી રીતે પીડાતા સૂકી ધરતી અને સૂકા પેટાળવાળા અને પીવાના પાણી અને સિંચાઇની સુવિધા વિનાના ઉત્તર ગુજરાતના ખેડૂતો અને પશુપાલકો માટેની સર્વે સમસ્યાઓનો દીર્ઘકાલિન ઉકેલ લાવતી સુજલામ્ સુફલામ્ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. હું મારા વિસ્તારની વાત કરું તો મારા ખેરાલુ

વિધાનસભા વિસ્તારમાં કોઇ ઉદ્યોગ ધંધો નથી. મારો વિસ્તાર ખેતી અને પશુપાલન આધારિત છે. આ મારા વિસ્તારમાં ખેતી અને પશુપાલન માટે સિંચાઇની સુવિધા જોઇએ. આની ભાજપ સરકારે ચિંતા કરીને ધરોઇ બંધની પશ્ચિમ બાજુએ આવેલા સતલાસણા તાલુકાના ૧૯ ગામો અને ખેરાલુ તાલુકાના ૧૮ ગામો મળીને કુલ ૩૭ ગામોને ધરોઇ કમાન્ડ વિસ્તારમાં જે સમાવેશ કર્યો ન હતો તેને ધરોઇ કમાન્ડ વિસ્તારમાં સમાવેશ કર્યો તે બદલ હું ભાજપ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ધરોઇ ક્ષેત્રિય કચેરી દ્વારા ગુજરાતમાં સર્વેક્ષણ અહેવાલના આધારે ખેરાલુ અને સતલાસણા તાલુકાના કુલ ૩૫ થી વધારે તળાવોમાં ધરોઇ ડેમનું પાણી નાંખીને એ તળાવો ભરવા માટે રૂપિયા ૧૩૧ કરોડ જેવી માતબર રકમ આપીને સૈદ્ધાન્તિક મંજૂરી ભારતીય જનતા પાર્ટીની સરકારે આપેલી છે તે બદલ ભારતીય જનતા પાર્ટીની સરકારનો હું ખૂબ ખૂબ આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જેનાથી અમારા વિસ્તારના ખેડૂતો અને પશુપાલકો માટેનો પ્રાણ પ્રશ્ન હતો એ પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ લાવી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય ઋષિકેશભાઇ પટેલે મારા સમગ્ર વિધાનસભા વિસ્તારને સિંચાઇમાં આવરી લેવા બદલ હું મારી ૨૦ વિધાનસભાના તમામ મતદારો, ખેડૂતો, પશુપાલકો વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આભાર વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હાલની ભાજપ સરકારે પાઇપલાઇનથી તળાવો ભરવાની સામાન્ય નીતિમાં પણ ફેરફાર કરી પાઇપલાઇનના હયાત વાલ્વથી તળાવ ભરવાની ૨ કિલોમિટરની મર્યાદા હતી એ વધારીને ૩ કિલોમિટર કરવામાં આવી છે જેનાથી મારા ખેરાલુ, સતલાસણા અને વડનગર વિસ્તારમાં પણ અંદાજીત ૧૦ જેટલા તળાવો એનાથી જોડાશે અને જેનાથી સિંચાઇની સુવિધા વધશે અને ખેતી-પશુપાલન ટકી રહેશે અને ખેડૂતોને ઉત્પાદન પણ વધશે. આ પ્રકારે મારા વિસ્તારમાં પાણીનો પ્રાણ પ્રશ્ન હતો તે આખો સોલ થઇ જાય છે અને એ પણ એવી રીતે હાલ કહેવામાં આવ્યું કે નેવાના પાણી મોભે ના ચડે. પણ મારા આખા વિસ્તારની અંદર નેવાના પાણી બધા મોભારે જ આવે છે એટલે એ સુત્ર સાર્થક થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં દર વર્ષે ભૂગર્ભ જળ ૩ થી ૪ મીટર નીચે હતા પણ આ ભાજપ સરકારના પ્રયત્નો થકી અમલમાં મૂકવામાં આવેલ સજલામ સુફલામ યોજના દ્વારા ભૂગર્ભ જળ સંચઇ થવાથી ભૂગર્ભ જળના સ્તર નીચે જતા અટકેલ છે અને ૪ થી ૫ મીટર જેટલા ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવેલ છે જેના કારણે સિંચાઇ માટે વપરાતી વીજળીના ખર્ચમાં પણ બચત થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨માં ઉત્તર ગુજરાત વિસ્તારમાં પાણીની સમસ્યાને ઘટાડવાના વિવિધ પ્રયત્નોના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા સુજલામ સુફલામ યોજના અંતર્ગત નર્મદાના પુરના વહી જતા વધારાના પાણી પૈકી ફાળવેલા એક મિલિયન એકર ફીટ પાણીથી ઉત્તર ગુજરાતના ૯ જળાશયો જેવા કે ધરોઇ, હાથમતી, ગુહાઇ, વાત્રક, મેશ્વો, મુક્તેશ્વર, દાંતીવાડા અને સીપુમાં નર્મદાનું પાણી ભરવા અને પથરેખામાં આવતા તળાવો ભરવાની કુલ ૧૪ ઉદવહન સિંચાઇ પાઇપલાઇનનું આયોજન કરવામાં આવેલ છે. આમ, ભારતીય જનતા પાર્ટીના આવા પ્રસંશનીય પગલાઓ દ્વારા ઉત્તર ગુજરાતના પાણીની અછત ધરાવતા વિસ્તારો માટે ખેડૂતોને તથા સામાન્ય નાગરિકો માટે લાભદાયક કામગીરી કરવામાં આવેલ છે જે ધન્યવાદને પાત્ર છે અને આ જે માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા તેને હું મારું સમર્થન આપુ છું.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો મારા વિધાનસભા મત વિસ્તાર પાદરામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પાદરાને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ તમામ સુવિધા સાથે અપગ્રેડ કરવા માટે માનનીય મંત્રીશ્રીને અપીલ કરું છું. આ બાબતે અગાઉ પણ મેં રજૂઆત કરેલ છે. એવી જ રીતે જળ સંપતિ બાબતે વાત કરું તો તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન દ્વારા તાજેતરમાં કહેવામાં આવ્યું કે, ધરતી એ આપણી માતા છે અને આ ધરતી માતા માટે તેઓ ખૂબ ચિંતિત છે અને ખેડૂતોને અપીલ કરી છે કે પ્રાકૃતિક ખેતી તરફ વળે. વડાપ્રધાનશ્રીના જણાવ્યા મુજબ પાણી એ પરમેશ્વરનો પ્રસાદ છે, પરંતુ મારા મત વિસ્તાર પાદરામાં આ પ્રસાદ માટે લોકો વલખાં મારી રહ્યાં છે. છેલ્લા ૧૬-૧૭ વર્ષથી વાતો કરવામાં આવે છે કે, મા મહિસાગર નદી ઉપર આડ-બંધ બનાવવામાં આવશે. વિસ્તારના લોકોને ફકત વાયદા અને વચનો જ આપવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨માં પણ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન દ્વારા અમારા મત-વિસ્તારમાં તેઓ જયારે આવ્યા હતા ત્યારે આ બાબતની વાત કરી હતી અને ત્યાર બાદ ૨૦૧૭માં પણ પૂર્વ મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઇ રૂપાણી દ્વારા પણ રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે આડબંધ બનાવવામાં આવશે તે પ્રકારની જાહેરાત કરવામાં આવી હતી. વિસ્તારના લોકો રાહ જોઇને બેઠાં છે, ક્ષાર ખૂબ વધી રહ્યો છે ત્યારે વહેલી તકે આ આડબંધ આ વિસ્તારમાં બનાવવામાં આવે, મંજૂર કરવામાં આવે અને લોકોની વ્યથા દૂર કરવામાં આવે. જેમ જેમ ક્ષાર વધી રહ્યો છે તેમ લોકો ખેતી છોડવા પર મજબૂર બન્યાં છે. જમીનમાંથી પાણી નીકળવાના કારણે પીવાના પાણી માટે પણ વલખાં છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, કુલ-૪ તાલુકાના ૧૦૦ ગામો આનાથી પ્રભાવિત થયા છે. વારંવાર જાહેરાતો કરવામાં આવે છે, વર્ષો જૂની માગણી છે માનનીય મંત્રીશ્રીને અપીલ અને વિનંતી કરું છું કે આ આડબંધનું કામ વહેલી તકે મંજૂર કરવામાં આવે. અમારો જંબુસર, બોરસદ, પાદરા અને આંકલાવ વિસ્તાર આનાથી પ્રભાવિત છે. બીજી વાત કરીએ તો મારા વિસ્તારમાં ઉદ્યોગો પણ ખૂબ આવેલા છે અને અંદાજે લગભગ રોજનું ત્રણ કરોડ લિટર પાણી જમીનમાંથી

ખેંચી લેવામાં આવે છે. એક તરફ પાણીનો સંચય નથી થતો અને જ્યારે પણ વણાકબોરી ડેમમાંથી જ્યારે પણ પાણી ઓવરફ્લો થાય છે, પાણી છોડવામાં આવે છે તે પાણી દરિયામાં વહી જાય છે. જો મહી નદી ઉપર અમારી વર્ષો જૂની માગણી છે અને માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા પણ કહેવામાં આવ્યુ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા પણ કહેવામાં આવ્યુ છે તેમ છતાં પણ હું આપના માધ્યમથી સરકારને વિનંતી કરું છું કે માનનીય વડાપ્રધાનશ્રીની વાત રાખવામાં આવે, માનનીય મુખ્યમંત્રીશ્રીની વાત રાખવામાં આવે અને આ આડબંધનું કામ વહેલી તકે આ વિસ્તારના લોકો માટે મંજૂર કરવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય વિશે મારી વાત રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગીર-સોમનાથ જિલ્લામાં મારી ૯૦ સોમનાથ વિધાનસભા આવેલી અને મુખ્ય સિવિલ હોસ્પિટલ તે વેરાવળમાં આવેલી ત્યાં કોરોનાની બીજી લહેર પહેલાં પણ મેં રજૂઆત કરેલી કે ત્યાં સુપ્રિન્ટેડન્ટની જગ્યા ખાલી છે, એમ.ડી.ફિઝીશ્યન ડોકટરો, ઓર્થોપેડિક ડોકટર પણ ત્યાં નથી. ત્યાં બ્લડ બેન્ક બનેલી છે તે ત્રણ વર્ષથી ચાલુ કરવામાં આવી નથી, સિટી સ્કેન મશીનની પણ અવાર-નવાર માગણી કરવામાં આવેલી છે તે પણ મંજૂર કરવામાં આવેલ નથી. જો સિટી સ્કેન મંજૂર થઇ જાય તો બીજી લહેરમાં કોરોનામાં ઘણાં બધા દર્દીઓને લાભ મળત કારણ કે આજે ત્યાં જે પાંચ-પાંચ હજાર ચૂકવવા પડે છે ત્યારે ત્યાં આટલી મોટી સિવિલ હોસ્પિટલ છે પણ ત્યાં ડોકટરો, નર્સો અને સ્ટાફને રહેવા માટે સરકારી કવાર્ટર નથી તો એ તાત્કાલિક બનાવવામાં આવે. એવી જ રીતે મારા વતન ચોરવાડમાં ત્યાં પણ એ જ પરિસ્થિતિ છે ત્યાં એમ.ડી., એમ.એસ.,ગાયનેક ડોકટર નથી, ડેન્ટલ ડોકટર નથી, નાના કર્મચારીને રહેવા માટે સરકારી કવાર્ટરો પણ નથી તો વધારેમાં વધારે ત્યાં કવાર્ટર બનાવવામાં આવે. એ જ રીતે મારી સોમનાથ વિધાનસભામાં પાટણ શહેર આવેલુ છે ત્યાં સીએચસી હોસ્પિટલ છે ત્યાં પણ એ જ પરિસ્થિતિ છે. હોસ્પિટલ છે તે જર્જરિત થવા લાગી છે તો તેને વહેલી તકે મેઇન્ટેન કરવામાં આવે કારણ કે નવી હોસ્પિટલ બનેલ હતી તો તેનુ આયુષ્ય વધી શકે. જયારે ત્યાં પણ ડોકટરો અને સ્ટાફને રહેવા માટે કવાર્ટરો નથી તો ત્યાં પણ વહેલી તકે કવાર્ટર બનાવવામાં આવે જેથી દર્દીઓને સમયસર આ લોકો સારવાર આપી શકે ત્યારે હું આપના માધ્યમથી કહેવા માગુ છું કે આ જ વસ્તુ કોરોના પહેલાં માગણી કરેલી હતી ત્યારે જો મંજૂર કરી દેવામાં આવેલી હોત તો કોરોનાની બીજી લહેરમાં હોસ્પિટલોમાં લાંબી લાંબી લાઇનો લાગેલી હતી, એમ્બ્યુલન્સની લાઇનો લાગેલી હતી અને લોકો સારવાર માટે તરફડિયા મારતા હતા અને ઓકિસજનનો અભાવ હતો.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અને એ સમયે ૨૦૦ બોટલ મેં મારા ખર્ચે લઇ અને લોકોની ચોવીસ કલાક સેવા કરેલી. ઘણાં લોકોના મૃત્યુ પણ થઇ ગયા ત્યારે મને એ વાત સમજાતી નથી કે પશુના મૃત્યુ થાય તો તેને ૫૦ હજાર અને મનુષ્યના મૃત્યુ થાય તો તેને પણ ૫૦ હજાર બન્નેની વાત પશુ અને મનુષ્યને એક સરખાં રાખે છે ત્યારે મારી કોંગ્રેસ પાર્ટીએ સરકાર પાસે ૪ લાખની માગણી કરેલી છે તો ખરેખર ૪ લાખ ચૂકવવા જોઇએ અને લોકોને વળતર આપવું જોઇએ, ત્યારે મારા વેરાવળ તાલુકામાં પીએચસી સેન્ટર આવેલું તે પંડવા સેન્ટર આવેલું ત્યાં એક પંડવા સેન્ટરમાં ૧૫ ગામો આવેલા છે, આજે ત્યાંનુ પીએચસી સેન્ટર પડી જાય એવી સ્થિતિમાં છે. ત્યાં ડોકટરો, નર્સો અને સ્ટાફ પોતાના જીવના જોખમે નોકરી કરે છે. આજે એમને કાંઇ થઇ જાય તો એ સરકારની જવાબદારી રહે છે અને ૧૫ ગામના દર્દીઓ ત્યાં સારવાર માટે આવે છે. એમને પણ કાંઇ થશે તો એ પણ સરકારની જવાબદારી રહેશે. મારા વિસ્તારમાં મૅડિકલ કૉલેજ મંજૂર કરવામાં આવી છે. ગયા બજેટમાં પણ લીધી હતી અને આ બજેટમાં પણ લીધી છે. મારી સોમનાથની પ્રજા આરોગ્યમંત્રીને પૂછી રહી છે કે આ ખરેખર ઓન પેપર રાખવા માટે મંજૂર કરી છે કે આ મેડિકલ કૉલેજ ચાલુ થશે? અને જો ખરેખર કૉલેજ ચાલુ કરવા માગતા હોવ તો એક મહિનામાં આ કૉલેજ મંજૂર કરવામાં આવે. મારા વિસ્તારમાં એક ઓજી વિસ્તાર આવ્યો છે. જેને ગામમાં પણ લેવામાં નથી આવતો અને શહેરમાં પણ લેવામાં નથી આવતો. આ વિસ્તારમાં પીવાના પાણીની તકલીફ છે. મેં ગયા બજેટમાં પણ રજૂઆત કરી હતી કે ત્યાં પીવાના પાણીની પાઇપ લાઇન આપવામાં આવે. ત્યારે મંત્રીશ્રી દ્વારા કહેવામાં આવ્યું હતું કે તમને હિરણ નહેરમાંથી પાણી આપવામાં આવશે પણ આજ દિન સુધી પાણી ચાલુ નથી કરવામાં આવ્યું ત્યારે મારા ઓજી વિસ્તારને પાણી આપવામાં આવે એવી મારી નમ્ર વિનંતી છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું પણ મારી માગણીઓ મૂકું છું. નર્મદા વિભાગ ૫,૦૦૦ થી પણ વધારે રકમની માગણીઓ લઇને આવ્યા છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અહીંથી વારંવાર અમારા સિનિયર આગેવાન અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને અમારા માર્ગદર્શન અને વિપક્ષની પણ કોઇ બાબત હોય તો હંમેશા સકારાત્મક નિર્દેશ આપે એવા નીતિનભાઇએ અવાર-નવાર વાત કરી છે. સુપ્રીમ કોર્ટમાં કોરોના સંદર્ભે મૃત્યુની બાબત પેન્ડિંગ છે. આજે આપણે પેપરમાં જોયું છે કે ત્યાં સુનાવણી ચાલુ છે, ચર્ચા ચાલુ છે અને એની ચર્ચા અહીં થાય એ વિધાનસભાના નિયમોના નિયમનો ભંગ છે. માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર આ વાત કરે છે એટલે આપના તરફથી આદેશ થાય એ જરૂરી છે. (અંતરાય) (સભ્યશ્રી વિમલભાઇ જગ્યા પર ઊભાં થઇને બોલતાં)

તા.૨૨મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

અધ્યક્ષશ્રી : વિમલભાઇ આપ બેસો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા નિયમોના નિયમથી ચાલે છે. એ મારા ઘરના નિયમોથી ન ચાલે. તમારા ઘરના નિયમોથી પણ ન ચાલે. આ ગૃહ વિધાનસભાના નિયમોના નિયમોથી બંધાયેલ છે.

અધ્યક્ષશ્રી : વિમલભાઇ આપ બેસો.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એના પરિપ્રેક્ષ્યમાં વાત ન હોય પણ કોરોનાને લગતી ચર્ચા તો થાય જ. (અંતરાય) (આ તબક્કે કોંગ્રેસના સભ્યો દ્વારા 'સહાય આપો ભાઇ સહાય આપો' ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : આપ સૌ બેઠાં-બેઠાં આ પ્રકારે વર્તન ન કરો. જે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયો છે એનો જવાબ ચાવડાજી આપી રહ્યા છે પછી હું મારો નિર્ણય આપીશ.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડરના અનુસંધાનવાળી રજૂઆત એવી છે કે નર્મદાના પશ્નના અનુસંધાને ગઇકાલ સુધી કોર્ટમાં મેટર ચાલતી હતી. ત્યારે આપણે ચર્ચા નથી કરી? હંમેશા કરી છે. રામમંદિર માટે પણ ગઇ કાલ સુધી કોર્ટમાં મેટર ચાલતી હતી તો પણ આપણે ચર્ચા કરી છે એટલે જ્યારે આખા ગુજરાત રાજ્યનો પ્રશ્ન હોય અને એકાદ કેસ કોર્ટમાં મૂકાયો હોય તો ચર્ચા ન જ થાય એવું ન હોય એવું મારું માનવું છે. એ થવી જ જોઇએ. (અંતરાય) (સભ્યશ્રી જીતુભાઇ વાઘાણી વચ્ચે બોલતાં)

અધ્યક્ષશ્રી : જીતુભાઇ થઇ ગયું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે ગઇ કાલે પ્રશ્નોત્તરી પહેલાં નિર્ણય જાહેર કર્યો છે અને આજે આ પ્રકારની વાત ચાવડાજી કરી રહ્યા છે. આ અવમાનના છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસો તો હું મારો નિર્ણય જાહેર કરું.

**માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી જીતુભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં જીતુભાઇ વાઘાણી અને ડો. સી.જે. ચાવડા બંને સભ્યોએ ચર્ચા કરી છે. એમાં મેં બહુ સ્પષ્ટ વાત ગઇ કાલે પણ કરી હતી કે નિયમ મુજબ જે કાંઇ વિષય છે એમાં સબજ્યુડિશ મેટર હોય ત્યારે આપણે એની ચર્ચા ન કરવી જોઇએ. સૌ સભ્યોને મારી વિનંતી છે કે સબજ્યુડિશ મેટરની ચર્ચા અહીંયા ન કરો. (અંતરાય) માનનીય શ્રી ગેનીબેન આપ બોલો. આપ બધાં બેસો.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી મારી વિનંતી છે કે હું બોલવાનું ચાલુ કરું ત્યારથી મારો સમય ગણવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપ બોલો.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગના મંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું પણ મારી માગણીઓ મૂકું છું. મારો વિસ્તાર ૧૦૦ ટકા નર્મદા કમાન્ડ એરિયામાં છે. ત્યારે નર્મદાની બ્રાંચ કેનાલથી લઈ સબ માઈનોર સુધી ૨૦૨ જેટલી કેનાલોનું રિપેરિંગ કામ હોય, તળાવ સાથે જોડાણ હોય કે ક્યાંક કેનાલની હાઈટ વધારવાની થતી હોય આવા નાના મોટા કામો કરવાની આ વિભાગ રાજ્યના મુખ્યમંત્રીશ્રી પાસે હોવાથી તાત્કાલિક મંજૂરી આપે એવી હું માગણી કરું છું. એપ્રિલથી જૂન મહિના સુધીમાં નર્મદાનું પાણી બંધ હોય ત્યારે આ કામ પૂર્ણ થાય એટલે તાત્કાલિક મંજૂરી મળે એ પણ આ વિભાગ પાસે વિનંતી કરું છું. સાથે સાથે નર્મદા વિભાગમાં માત્ર ૧૩ ટકા જેટલો જ સ્ટાફ છે તો પૂરતો સ્ટાફ ભરવામાં આવે એ પણ આ વિભાગ પાસે મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગમાં રૂ. ૧૨ હજાર કરોડ કરતાં પણ વધારે બજેટ ફાળવવામાં આવતું હોય ત્યારે વર્ષ ૨૦૧૭માં પી.એચ.સી. અને સી.એચ.સી.ના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે તેનું કામ આજ સુધી ચાલુ કરવામાં આવ્યું નથી. બેણપ, મોરવાડા, ગોલગામ જેવા અનેક ગામોમાં ખાતમુહૂર્ત કર્યા પછી આજ સુધી એ કામ કરવામાં આવ્યું નથી તો તાત્કાલિક તેનું કામ ચાલુ કરવામાં આવે. અત્યારે પાણી પુરવઠા વિભાગની માંગણીઓમાં પણ મારે કહેવું છે કે, ઉનાળામાં તમામ ગામોમાં વર્ષ ૨૦૧૧ની વસતીના ધોરણ પ્રમાણે પાણી આપવામાં આવે છે તેના બદલે વસતીના વર્તમાન ધોરણ પ્રમાણે પીવાનું પાણી આપવામાં તે પણ મારી માગણી છે. ઉનાળામાં રખડતાં ઢોરો માટે પાણીના અવાડા ભરવામાં આવે અને એ રીતે પશુઓના પીવા માટેના પાણીની વ્યવસ્થા કરવામાં આવે એ પણ મારી માગણી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની માગણીઓ લઈને ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે માનનીય સભ્યશ્રીઓએ આ સભાગૃહમાં મોટાભાગની ચર્ચાઓ આરોગ્ય વિભાગ અને નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ઉપર કરી. ક્યાંકથી ટીકાઓ મળી, ક્યાંકથી સૂચનો મળ્યા તો ક્યાંકથી વખાણ પણ થયા. સરકાર જ્યારે કામ કરતી હોય ત્યારે તેના માસ્ટર પ્લાન પ્રમાણે, તેના વખતોવખતના બજેટ પ્રમાણે કોઈપણ યોજનાનું કામ હાથ ઉપર ધરતી હોય છે. જ્યારે આ માગણીઓ લઈને હું ઉપસ્થિત થયો છું ત્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં હું માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. ગયા વર્ષ કરતાં આ વર્ષે

આરોગ્ય વિભાગમાં રૂ. ૯૯૬ કરોડ વધારે આપ્યા છે એ બતાવે છે કે સરકારને આરોગ્ય માટે કેટલી ચિંતા છે. જન્મથી મરણ સુધી સરકારની હાજરી હોય તેની પ્રતીતિ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે હંમેશા કરાવી છે. કોઈ પણ વિભાગ હોય આરોગ્ય વિભાગ હોય કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હોય અથવા બીજા વિભાગો હોય પ્રત્યેક કુટુંબ સુધી, પ્રત્યેક ઘર સુધી પહોંચવાની સરકારની કાયમી તૈયારી છે. જયારે મને આ તક મળી છે ત્યારે હું ખાસ કહીશ અને વળી આજે તો ૨૨ માર્ચ છે ત્યારે ગયા વર્ષે આદરણીય નરેન્દ્રભાઈએ પહેલો જનતા કર્ફ્યુ આપ્યો હતો. તમે વારંવાર કહો છો કે દીવા સળગાવ્યા, થાડીઓ ખખડાવી તો અત્યારે યુક્રેન અને રશિયાના યુદ્ધ દરમિયાન સાયરનો વાગે છે. યુક્રેન એ બતાવવા માટે સાયરન વગાડે છે કે મુશ્કેલીઓ આવી રહી છે. તેની પ્રજાને જાગૃત કરવા માટે સાયરન વગાડે છે. તમે ચેતો, આવનાર સમયમાં ક્યાંક બોમ્બબારો થાય, ક્યાંક મિસાઈલનો એટેક થાય આ ચિંતા ત્યાંની સરકાર અને ત્યાંના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી કરતા હોય ત્યારે તે સમયે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈએ આવનારી વિપત્તિને પહેલા ઓળખી લીધી હતી. સમગ્ર વિશ્વમાં કોરોના ફરી વળ્યો હતો ત્યારે ટ્રમ્પ આવ્યા અને કોરોના આવ્યો એવું કહેવામાં આવતું હતું. ચીન, બ્રિટન કે યુરોપના કોઈ દેશમાં તો ટ્રમ્પ નહોતા ગયા. પહેલું જે લોકડાઉન આપ્યું એ રાષ્ટ્રની તૈયારી માટે આપ્યું હતું. આપણને કદી ખબર પણ ન હતી કે પી.પી.ઈ. કિટ શું છે? આજે પણ લોકોને પી.પી.ઈ.નું આખું નામ આવડતું નથી. સેનિટાઇઝર અને માસ્કની કદીપણ ચિંતા આપણે ત્યાં થઇ નથી. હું શ્રી વિજયભાઇ અને શ્રી નિતીનભાઇ સાહેબને અભિનંદન આપું છું. લોકડાઉન દરમિયાન એમને આ બધી જ તૈયારીઓ કરી છે. બીજી જે લહેર આવી એ થોડી ઘાતક પૂરવાર થઇ એ હું ના પાડતો નથી. આપણને તકલીફ પડી નથી. કોરોનાએ બિહેવીયર બદલ્યું, ઓલ ઓફ સડન ઓક્સિજન લેવલ ડ્રોપ થવા માંડયું. એ વખતે પણ પૂરતી ઓક્સિજનની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી હતી. હું દાવા સાથે કહુ છું કે કોઇપણ હોસ્પિટલની અંદર કયાંય ઓક્સિજનના અભાવે આદરણીય શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇએ મૃત્યુ થવા દીધું નથી. કેવળ વાહિયાત વાતો કરી, ખોટી વાતો કરી ગૃહ અને ગુજરાત રાજ્યને કાયમ કોગ્રેંસે ગેરમાર્ગે દોર્યુ છે. હવે તો ચૂંટણી આવી છે અને ચૂંટણીનું વર્ષ હોય એટલે વારંવાર *(xxx), વારંવાર ખોટુ બોલવું, સત્યથી વેગળું બોલવું.

અધ્યક્ષશ્રી : *(xxx)શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એટલે દરેકે દરેક ખુણામાંથી કયાંકને કયાંક નાની મોટી મુશ્કેલીઓ ઉભી કરવી. દક્ષિણમાં, સૌરાષ્ટ્રમાં, ઉત્તર ગુજરાતમાં ખોટી વાત રજૂ કરવી. કયાંક ને કયાંક આ સત્યથી વેગળી વાત કરી અને લાગણીઓથી ગુજરાતને ગુમરાહ કરાવવા અને કરવા માટે કાયમ કોગ્રેંસે આ કામ કર્યુ છે. વર્ષ ૨૦૧૭ જોઇ લો, હવે આ વર્ષ ૨૦૨૨ આવે છે. તો હવે પ્રજાની લાગણીઓ કેવી રીતે ઉશ્કેરી અને સત્તા મેળવવી? અમારો ધ્યેય કદીપણ સત્તા મેળવવાનો નથી. કેવળ ને કેવળ સત્તા ઉપર બેસવાનો નથી. ભારતીય જનતા પાર્ટી જયારે પણ વાત કરતી હોય એટલે અંતિમ છેવાડાના માનવીની વાત કરતી હોય છે. અમે સત્તા ઉપર ન હતા ત્યારે પણ ચિંતન અને મનન છેવાડાના માનવીનું થતું હતું. અમારા શ્રી શ્યામાપ્રસાદ મુખરજી, શ્રી પંડિત દીનદયાલજી જયારે પણ કોઇ વાત કરતા તે વિચારધીન કરતા હતા. એ વખતે કોઇને પણ લાગતું ન હતું કે વર્ષો સુધી ભારતીય જનતા પાર્ટી અથવા તો જનસંઘની સરકાર આવે અને છતાંયે વિચારધારા છેવાડાના માનવીની હતી. કયારેય સત્તા માટે કામ કર્યુ નથી અને સત્તા આવે એવી કલ્પના પણ ન હતી. જનસંઘ અને અમારા ભારતીય જનતા પાર્ટીના પૂર્વજોએ પોતાના ભોગ આપ્યો છે. આ વિચારધારાના કારણે જ લોકોની સેવા કરવાની તક મળી છે. *(xxx).

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરૂ છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આખા વિશ્વે ૧૦૦ વર્ષ સુધી ન જોઇ હોય તેવી એટલે કે વર્ષ ૧૯૨૦ અને વર્ષ ૨૦૨૦, ૧૦૦ વર્ષ પછી એવી મહામારી જોઇ કે જેના કારણે આખું વિશ્વ તકલીફમાં આવ્યું. ભારત પણ એમાંથી અછૂતું રહ્યું નથી. પહેલી લહેર, બીજી લહેર અને ત્રીજી લહેર આવી. એમાં મારે શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇનો ફરી આભાર માનવો છે કે, બીજી લહેર પછી ત્રીજી લહેરની શરૂઆત થાય એ પહેલા ઓક્સિજનની વ્યવસ્થા કરી. કોરોનાની ત્રીજી લહેરમાં ઓક્સિજનની કમી પડી નથી. આઇ.સી.યુ. બેડની કમી પડી નથી. વેન્ટિલેટરની કમી પડી નથી, કયાંય દવાની કમી પડી નથી અને એ વ્યવસ્થાના પ્રતાપે આપણે ત્રીજી લહેર ખૂબ સાંગોપાંગ પાર ઉતારી છે. ટ્રેકિંગ, ટેસ્ટિંગ અને ટ્રિટમેન્ટની વ્યૂહરચના થકી ગુજરાત રાજ્યે જે પ્રકારે ત્રીજી લહેરમાંથી બહાર આવવાનું કામ કર્યુ છે તે ખરેખર બિરદાવવા યોગ્ય છે. હજુ પણ ચોથી લહેરની વાત થઇ રહી છે. આપણે બધાએ ભેગા થઇને લડવાનું છે. અહીંયા હુંશાતુંશી કરવાનો કોઇ અર્થ નથી. માનો કે ફરીથી ચોથી લહેર આવે તો તમે અને અમે ભેગા થઇને આપણા સૌની ગુજરાતને બચાવવાની તૈયારી હોવી જોઇએ. વેક્સિનેશનનું કામ આપણે ત્યાં પોલિયો માટે કે બીજા કોઇ ફ્લુ માટે વર્ષોથી કોગ્રેંસની સરકારમાં પણ ચાલુ હતું. પરંતુ શરૂઆતમાં એ જે રસીઓ આવતી એ વિદેશથી મંગાવવી પડતી હતી. અને તેના પછી આપણું સ્વદેશી ઉત્પાદન ચાલુ થયું. આ પહેલી રસી એવી છે, હું શૈલેષભાઇ એવું કહેવા નથી માગતો, તમે ઉઠાવ્યું એટલે મને ખબર પડી ગઇ, શરૂઆતની અંદર જયારે વેકસીનેશન કાર્યક્રમ કોંગ્રેસની સરકારમાં ચાલુ થયો એ વખતે આપણા દેશમાં રસી નહોતી બનતી, એ બહારથી લાવીને શરૂઆત કરી અને પછી આપણા દેશમાં બનતી થઇ. પરંતુ ખૂબ મોટા જથ્થામાં રસીનું ઉત્પાદન કરી વિતરણ કરવાનું કામ છેક છેવાડાના માણસ સુધી આ રસી પહોંચે તેની જો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કોઇએ ચિંતા કરી હોય તો આદરણીય વડાપ્રધાનશ્રીએ કરી, અને આજે ૯૭ ટકા રસીકરણ ગુજરાત રાજયએ પૂરું કર્યું છે. અને આખા દેશમાં પ્રતિમિલિયન કહીએ, પ્રતિ દસ લાખે સૌથી વધારે રસીકરણનો રેશીયો કોઇ ધરાવતું હોય તો આપણું રાજય ધરાવે છે. આ ઉપરાંત, ૧૦૪, ૧૧૦૦ હેલ્પ લાઇન, ૧૦૮, ધન્વંતરી રથ, આરોગ્ય સેતુ બધાના ઉપયોગથી કોરોના અને કોરોના સિવાયની કામગીરી પણ એની પાસેથી આપણે લઇએ છીએ. કોરોનાના સંક્રમણમાં તો એ હથિયાર તરીકે ખૂબ કામમાં આવ્યું છે. કોરોનાના સંક્રમણમાં વ્યક્તિથી વ્યક્તિનો સંપર્ક જયારે તૂટયો હતો. આરોગ્ય કર્મીઓ દ્વારા, પહેલા તો કોઇ પિતા માટે બાળક તૈયાર ન થાય, બાળક માટે પિતા તૈયાર ન થાય, કોરોના હોય તો અડકે નહીં, બારો બાર ડેડ બોડીનો નિકાલ, ડિસ્પોઝ કરવાની વાત કરતી વખતે પણ આપણા આરોગ્ય કર્મીઓને આપણે બધાએ સલામ કરવી જોઇએ. એમણે જે રીતનું કામ કર્યું છે એ કદાચ ન ભૂતો ન ભવિષ્યતી, ભવિષ્યની તો હું કહી શકીશ, પણ ભૂતકાળમાં નથી થયું તેવું કામ એમણે કર્યું છે. ત્રીજી લહેરની અંદર એક લાખ ઓક્સિજન બેડ, ૧૫,૦૦૦ આઇ.સી.યુ. બેડ, ૯,૭૦૦ વેન્ટિલેટર બેડ, બાળકો માટે પણ અલાયદા વોર્ડ, આમ ત્રીજી લહેર માટેની આપણી આ તૈયારીઓ હતી. અને દવાઓનો જથ્થો પણ આપણી પાસે પૂરતો ઉપલબ્ધ હતો. જર્મીસ, કોરોના સામે લડવાનું એક ટેકનોલોજી વાળું હથિયાર આ એક જર્મીસ પણ હતું. આ જર્મીસ નામની એપ આપણે લોન્ચ કરી, ગુગલ પ્લે સ્ટોરમાં જઇને કોઇ વ્યક્તિ એને ડાઉન લોડ કરે અને એને માનો કે ઓકસીઝન ડ્રોપ થયું છે, કોઇ બીજી તકલીફ પડી છે, હોસ્પિટલ નથી મળતી અથવા તો કયાં નજીકમાં હોસ્પિટલ છે આ બધા માટે આ જર્મીસ એપ ઉપર જાય એટલે તરત જ એને હોસ્પિટલ નજીકમાં નજીક કયાં છે, કયાં ઓકસીઝન બેડ ખાલી છે, કયાં વેન્ટીલેટર ખાલી છે. કયાં આઇ.સી.યુ. બેડ ખાલી છે તે તરત જ એમને ખબર પડે. અમારા આરોગ્ય વિભાગે ખૂબ મહેનત કરી અને આ જર્મીસ એપ લોન્ચ કરી. કેન્દ્રના આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયા સાહેબ અહીં આવ્યા, એમણે બીજા રાજયોને પણ આ એપનો ઉપયોગ કરવાની ભલામણ કરી. વિષય કેવળ કેવું કામ કર્યું એ નથી. પરંતુ એની નીતિ કેવી હતી, નિયતી કેવી હતી, અને પ્રજા માટે કરવાની ભાવના કેવી હતી તે મહત્વનું છે. રસી કરણની વાત તો મેં કરી. પરંતુ કુટુંબ કલ્યાણ (અંતરાય) તમારે મારવા જ છે? કોરોનામાં કેટલા મર્યા (અંતરાય) શૈલેષભાઇ, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી નથી થવા દેતા (અંતરાય) હું એ જવાબ પણ આપીશ. શૈલેષભાઇ, માનનીય અધ્યક્ષશ્રી એનો જવાબ પણ હું આપું.

અધ્યક્ષશ્રી : તમે એમની વાતનો જવાબ ન આપો, તમે તમારું પ્રવચન ચાલુ રાખો, એનો જવાબ ન આપો. બેઠા બેઠા કોઇ કોમેન્ટ ન કરો. મંત્રીશ્રીનો આરોગ્ય અંગેનો જવાબ છે સાંભળો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બાળ મૃત્યુ દર અને માતા મૃત્યુ દરનો જે દર અત્યારે આપણો છે એને ઘટાડવા તરફ પણ આપણી સરકાર સતત કામ કરતી રહી છે. પ્રજનન, માતૃત્વ, નવજાત શીશુ, બાળક- કિશોર આરોગ્ય પોષણ કાર્યક્રમ, અનેકવિધ કાર્યક્રમો, કુટુંબ કલ્યાણ કાર્યક્રમ, ચીરંજીવી યોજના, ઘનિષ્ટ પ્રસૂતિ સારવાર કેન્દ્ર, ખિલખિલાટ, જનની સુરક્ષા કેન્દ્ર, ઘનિષ્ટ પ્રસૂતા સારવાર કેન્દ, આમ જોઇએ તો આ જે આપણી ગર્ભવતી માતાઓ અને આપણી બહેનો છે એને સરળતાથી દવાખાનાની અંદર જ પ્રસૂતિ થાય તેના માટે અત્યારે આપણે ૯૯.૯૯ ટકા દરેક બહેનની પ્રસૂતિ હોસ્પિટલમાં જ થાય તેની ચિંતા આ સરકારે કરી છે અને એ ગોલ પણ આપણે પૂરો કર્યો છે. અને એ ગોલ પણ આપણે પૂરો કર્યો છે. ઘણી વખત એવું થાય કે કોઇ બેબી પ્રિમેચ્યોર પેદા થાય, વજન ઓછું હોય અને જન્મતાની સાથે સેફસીસ, કમળો એસ્પીમીયા વગેરે રોગો પણ થતા હોય છે. તો એને આઇ.સી.યુ.ની જરૂર પડે છે એના માટેનું નવજાત શિશુ માટેનું આઇ.સી.યુ. નવજાત શિશુ એકમ કહેવાય. એન.આઇ.સી.યુ. આવા ૪૯ કેન્દ્રો ગુજરાત સરકારે તૈયાર કર્યા છે. કયાંય નાનુ બાળક એનું મરણ આવા કોઇ કારણથી ન થાય એના માટેની ચિંતા સામાન્ય રીતે પહેલા કદી થઇ ન હતી અને શકિત પણ નહોતી. રાજયમાં જાતિય પ્રમાણને સુદ્દઢ બનાવવા માટે બેટી વધાવો અભિયાન. રાજયમાં એક પણ બાળક કૂપોષિત ન રહે એની ચિંતા માનનીય મનીષાબહેને પણ કરી છે. મહિલા બાળ વિકાસ અને કલ્યાણના એ મંત્રી છે એમણે ગંભીરતાપૂર્વક કોમ્પ્રીહેન્સીવ એકશન પ્લાન ઘડી કાઢ્યો છે જેથી કરીને આ કૂપોષણની અંદરથી આપણી માતાઓ,બહેનો અને બાળકો ઝડપથી બહાર આવે એના માટેનો રાજય સરકારે ખૂબ મોટી રકમ મૂકીને આ આખો કાર્યક્રમ ઘડ્યો છે અને મહિલા અને બાળ વિકાસ કલ્યાણ એમાં એગ્રેસીવલી ભાગ લઇ રહેલ છે. ન્યુટ્રીશન સાથે હાઇજીનનો પણ સમન્વય કરીને 'સહી પોષણ અને દેશ રોશનવાળી' વાત જયારે રાજય સરકાર કરતી હોય ત્યારે કસ્તુરબા પોષણ સહાય, શાળા આરોગ્ય, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થય કાર્યક્રમ અને રાજયમાં દર વર્ષે ૧ કરોડ ૫૩ લાખ જેટલા બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. કોકલીયર ઇમ્પ્લાટ ૦ થી ૬ વર્ષના બાળક માટે કામ કરીએ છીએ. વાલીઓમાં પણ આ ખામી અંગે જાગૃતિ આવે એના માટે સેમિનાર કરીએ છીએ. સ્પીચ થેરાપી માટે સોલા સિવિલ હોસ્પિટલમાં સ્પીચ થેરાપીની કોલેજ જે ચાર વર્ષનો કોર્સ છે. દેશની અંદર અત્યારે ચાર જગ્યાએ કોલેજો ચાલે છે જયારે પાંચમી કોલેજ આપણી સોલામાં તૈયાર થઇ રહી છે જે એપ્રિલથી આપણે એડમીશન પણ આપીશું આ બાબતમાં પણ સરકારે જાગૃતિ કરી છે આવા વિષયોને કદી કોઇ અડતું નહોતું એવા વિષયોને આપણે અડ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જીવન જીવવાની પદ્ધતિના કારણે જે બિન ચોપી રોગો આપણામાં થવા માંડ્યા છે. ડાયાબિટીશ, બી.પી. કેન્સર, પાંડુરોગ જેવા વિષયો આપણી જીવન જીવવાની શૈલીના કારણે બિન ચેપી રોગો ગુજરાત અને ભારતમાં તો દેખા દીધી છે પરંતુ આ બિન ચેપી રોગોની સારવાર સમયસર નિદાન થાય, સ્ક્રીનિંગ થાય અને સારવાર મળે તો વર્ષો સુધી લાંબુ જીવન આ દર્દીઓ જીવી શકે એના માટે નિરામય ગુજરાતની આપણે શરૂઆત કરી અને મમતા દિવસની માફત

દર શુક્રવારે પ્રત્યેક કુટુંબની અંદર ૩૦ વર્ષની વયથી વધારે ઉંમર હોય તેવી વ્યકિત જઇને પોતાની સ્ક્રીનિંગ કરાવી શકે એ કરાવ્યા પછી એનું નિદાન થાય એ થાય પછી ત્યાં જ પી.એચ.સી. કે સી.એચ.સી. મળી જતી હોય તે તથા દવાઓ પણ ત્યાં આપી દેવાય. કદાચ આગળ રીફર કરવાની જરૂર પડે તો પી.એમ.જે.વાય મા કાર્ડ ત્યાંને ત્યાં નીકળી જાય અને એ કાર્ડ આપીને આગળ એની આગળની ટ્રીટમેન્ટ માટે મોકલી આપવામાં આવે છે. અત્યાર સુધી રાજયના ૮૪ લાખ નાગરિકોને પ્રાથમિક સ્ક્રીનિંગ કરાવી દીધેલ છે. અને આ ૩૦ વર્ષ ઉપરના ૩.૫ કરોડ લોકો છે એમની આ તકલીફ ડાયાબિટીશ થયો હોય, ઘણી વખત એવું થાય છે કે ગામડાંની અંદર કોઇ માણસ હોય એ ટેસ્ટ ન કરાવે ત્યાં સુધી ખબર જ ન પડે કે ડાયાબિટીશ છે. બી.પી. હોય એના લક્ષણો હોય પણ ટેસ્ટ ન કરાવે ત્યાં સુધી ખબર ન પડે. આ વ્યવસ્થા આવા લોકો માટે છે. દૂર દરાજ ગામડાંમાં વસતા લોકો જયારે ટેસ્ટીંગથી એને નિદાનથી દૂર હોય તેવા લોકોનું નિદાન થઇને એમની દવાઓ ચાલુ થાય, એમની ટ્રીટમેન્ટ ચાલુ થાય અને ફર્ધર તંદૂરસ્ત જીવન માટે આ કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૮ ટકા જેટલી વસતિ આજે શહેરોમાં રહે છે ત્યારે સુવિધા શહેરની અને જીવન ગામડાંનું તે નિર્ધાર સાથે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર વર્ષોથી કામ કરતી આવી છે. એ જ કડીમાં ઝડપથી શહેરીકરણના કારણે નગરપાલિકા, મહાનગરપાલિકા, નાના કસબાઓ જ્યાં એસ.ડી.એચ. છે ત્યાં આગળ પણ અર્બન પી.એચ.સી.ની સગવડ આપણે ત્યાં ઉભી થઇ રહી છે. મારા વીસનગરની અંદર એસ.ડી.એચ. છે તો સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની સાથે જ સ્લમ વિસ્તારમાં, ગરીબ વિસ્તારમાં એક નવું પી.એચ.સી. મને મળ્યું છે. એમને છેક સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સુધી આવવાનું ન થાય અને અર્બન પી.એચ.સી. સુધી તેને સારવાર મળી રહે તેના માટે આપણે રાજયમાં યુ.પી.એચ.સી. કાર્યરત કરીએ છીએ. આપણાં રાજયની અંદર કુલ ૩૮૦ની જરૂરિયાત છે. શરૂઆત થવાની સાથે જ ૩૩૩ જેટલા યુ.પી.એચ.સી. આપણે કરી દીધા છે. આમ, યુ.પી.એચ.સી.ની વાત હોય, સી.એચ.સી.ની વાત હોય, પી.એચ.સી.ની વાત હોય, સબ ડિસ્ટ્રિક્ટની વાત હોય, અહીંથી ઘણાં બધાં સૂચનો પણ મળ્યા છે કે અમારે ત્યાં પી.એચ.સી. આપો, સી.એચ.સી. આપો. સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ આપો. મોટો ભૌગોલિક વિસ્તાર હોય તો સ્વાભાવિક છે કે ત્યાં આગળ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ પણ આપવી પડે. આપણે બનાસકાંઠામાં ડીસામાં ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ આપી છે. અમદાવાદનો મોટો વિસ્તાર સીંગરવામાં મળી છે. દરેક જગ્યાએ ગામડાંનો છેવાડાનો માણસ સબસેન્ટરથી માંડીને છેક સુધીની સારવાર લઇ શકે તેની આપણે ચિંતા કરીએ છીએ. આ વખતની જો કોઇ ખાસ વાત હોય તો આ વખતે આપણે સિનિયર સિટિઝન કે જેમનો હક્ક છે, વર્ષો સુધી આપણું પાલન અને જતન કર્યું છે એવા લોકો માટે આરોગ્યની સુવિધાઓ હોસ્પિટલ સુધી થાય. ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટિઝન દર્દીઓની સારવાર સુદ્રઢ કરવા રાજયના તમામ જિલ્લાઓમાં નેશનલ પ્રોગ્રામ ફોર હેલ્થકેર ઓફ ધ એલ્ડરલી કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં વૃદ્ધાવસ્થાની તકલીફો જેવી કે ડાયાબિટીસ, બ્લડપ્રેશર, સાંધાની તકલીફ, આંખ-કાનની ફરિયાદ, યાદશક્તિની તકલીફ, પાચનની તકલીફ વગેરેના નિદાન માટે અલાયદી સેવાઓ ઉપલબ્ધ કરવાની દિશામાં બિલકુલ કટિબદ્ધ છે. રાજયના ૬૦થી ઉપરની વયના વયસ્કો સમાજનો વારસો છે. જેમને શ્રેષ્ઠ સારવાર આપવી, તકલીફ પડ્યા વગર સારવાર આપવી અને ઓછામાં ઓછી મુશ્કેલી તેમને પડે તે રીતની સારવાર આપવી એ આપણી ફરજનો ભાગ છે. રાજ્ય સરકાર તેને ફરજ સમજીને આ વખતે તેની શરૂઆત કરવા જઇ રહેલ છે. રાજ્ય સરકારના આ વર્ષના અંદાજપત્રમાં ૬૦થી વધુ વયના લોકોને ઘરે બેઠાં લેબોરેટરી ટેસ્ટ સેમ્પલ, ઉંમર થઇ હોય, નાની મોટી તકલીફો હોય, હોસ્પિટલ જઇ શકે નહીં, જવું હોય તો કોઇ લઇ જવાવાળું ન હોય. આવી પરિસ્થિતિ ગામડે ગામડે, નાના નગરોમાં અને શહેરોમાં પણ હોય જ છે. એ વખતે એક ફોન થાય, ટેસ્ટના સેમ્પલ તેમના ઘરે લેવાય અને રીઝલ્ટ પણ તેમને ત્યાં જ પહોંચે એ પ્રકારની વ્યવસ્થા આ વખતની રાજ્ય સરકાર તમામ સિનિયર સિટિઝન માટે. એક સિનિયર સિટિઝન બાકી ન રહે અને સેવાઓ તેને ઘરે મળે તે માટે કટિબદ્ધ થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેલિમેડિસિન. આ વખતે કોરોના કાળમાં યુ.એન. મહેતા હોસ્પિટલની અંદર ડો. આર.કે. પટેલે જે વ્યવસ્થા કરી હતી, એવી સુંદર મજાની વ્યવસ્થા હતી કે ટેલિમેડિસિન દ્વારા તેમણે કોરોનાના કેટલાય દર્દીઓને સારવાર આપી અને સાજા પણ કર્યા. એ જ તર્જ ઉપર ટેલિમેડિસિન દ્વારા ડોક્ટર, પેશન્ટ અને ફિલ્ડ ડોક્ટર, ત્યાં સુધીની આખી કડી આપણે તૈયાર કરી છે. હબ અને સ્પોક. એક જગ્યાએ સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર, સુપર સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર અને પી.એચ.સી., સી.એચ.સી.નો ડોક્ટર એની પાસે જે દર્દી આવ્યો હોય એની વાત અને વિષય મૂકીને તરત જ એની સાથે વાત કરે એ રીતની ટેલિમેડિસિનનો કન્સેપ્ટ પણ આપણે આગળ વધારી રહ્યા છીએ. ટેલિ સર્વીસની અંદર ટેલિમેડિસિન, ટેલિઆઇ.સી.યુ., રાજયની ટેલિ ઇ.સી.જી., આ બધું હું વિવરણ કરતો નથી પણ આના દ્વારા આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આરોગ્યની વ્યવસ્થાઓ છેવાડાના માણસ સુધી પહોંચાડવાની આપણે ચિંતા કરી રહ્યા છીએ. ટેલિરેડિયોલોજી પણ આપણે અપનાવી રહ્યા છીએ. ક્યાંક નાના-મોટા ડોક્ટરોની કમી હોય પણ સુપર સ્પેશ્યાલિટીના ડોક્ટરો શહેરમાં વસતા હોય તો તેનો પણ મહત્તમ લાભ આપણને મળે તેની ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. માનનીય શ્રી નીતિનભાઇ સાહેબ, આપ જ હતા એ વખતે, મા અને મા વાત્સલ્ય કાર્ડ વખતે, મા કાર્ડમાં લોકોની માગણી વધી મા વાત્સલ્ય કાર્ડ અને મા કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ અને એ મોડેલ એટલું બધું ગુજરાતમાં લોકપ્રિય થયું, જયારે આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના વડાપ્રધાન બન્યા તે વખતે આજ ગુજરાત મોડલ, આરોગ્યનું મોડલ, મા અને મા વાત્સલ્ય કાર્ડ આયુષ્યમાન કાર્ડના ભેટ સ્વરૂપે દેશને મળ્યું. આપણે ત્યાં તો પહેલેથી મા અને મા વાત્સલ્ય કાર્ડ ચાલુ હતું. મા કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ અને પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના આ

ત્રણેને સંકલિત કરી અને પી.એમ.જે.વાય. માના કાર્ડના નામથી કે જેની અંદર એસ.ઇ.સી.સી. ડેટાના ૪૩-૪૪ લાખ લોકો મા કાર્ડ અને મા વાત્સલ્ય કાર્ડમાં અને જેમની ચાર લાખથી ઓછી આવક છે એવા તમામનો સમાવેશ કરી ૮૦ લાખ સુધી પહોંચવાનો આપણે નિર્ધાર કર્યો છે. ખૂબ સારી બાબત છે. વેરાતું જતું કુટુંબ, કોઇના ઘરની અંદર પોતાની દીકરીને પરણાવવા માટે, દીકરાને ભણાવવા માટે, કયાંક દીકરીનું મામેરૂં કરવા માટે ગરીબ પરિવારે જે રૂપિયો ભેગો કર્યો હોય, એ એક એટેક આવે એટલે સીધો જ પરિવાર રોડ ઉપર આવી જાય એવી પરિસ્થિતિમાંથી ગુજરાત તો પહેલેથી નીકળી ચૂક્યું હતું, દેશ પણ નીકળી ગયો છે અને ચાર કરોડ લોકોને કાર્ડ પણ અલગ અલગ મળશે. પહેલા તો આવકનો દાખલો મેળવવો હોય તો તાલુકાએ જવું પડે અને ત્યાં છ થી સાત અધિકારીઓ હોય એમની પાસેથી જ નક્કી થાય અને એજ પી.એમ.જે.વાય., મા કાર્ડમાં ચાલે, સરકારને લોકોની આ તકલીફની ખબર પડતાની સાથેજ તલાટીનો દાખલો અને એ પણ ત્રણ વર્ષ માટે એવો નિર્ણય આજ સરકાર લઇ શકે. નાની પડતી મુશ્કેલી સરકારના ધ્યાનમાં આવે એની સાથે જ સરકાર પ્રોએકટીવ થઇ અને લોકોની વહારે આવે એ પ્રકારની આ સરકાર છે. એમ્બ્યુલન્સ, ૧૦૮, માછીમારો માટે બે બોટ એમ્બ્યુલન્સ, જેનરીક દવાઓ, એમાં પણ આપણે ખૂબ કામ કર્યુ છે. એની પણ જોગવાઇઓ કરી છે. આ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સ્વપ્ન હતું કે પહેલા કોઇને કીડનીની તકલીફ હોય અને ડાયાલિસીસ કરાવવા આવવું પડે તો અમદાવાદ કે મોટા સેન્ટરો ઉપર જવું પડે, ૩-૪ કલાક ડાયાલિસીસમાં થાય, કોઇકે સાથે જવું પડે અને આખો દિવસ બગડે એવી સ્થિતિ હતી. ૯૨ જેટલા ડાયાલિસીસ સેન્ટરો રાજય સરકારે ચાલુ કરી દીધાં છે અને ત્યાં ખાલી ડાયાલિસીસ કરાવવા પૂરતું જ નહીં પરંતુ એને સંગીત સાંભળવું હોય, એને ૩-૪ કલાક પસાર કરવાના હોય એટલે એને મનોરંજન મળે એ પ્રકારના આધુનિક ડાયાલીસીસો ચાલુ કર્યા છે. આ ૯૨ ડાયાલિસીસ સેન્ટરો ચાલુ થવાથી વધુમાં વધુ ૪૦ કિલોમિટર સુધી જ એમને જર્ની કરવાની રહે એ પ્રકારની વ્યવસ્થા માનનીય નીતિનભાઇ પટેલસાહેબના સમયથી અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર જે રીતે કામ કરી રહી છે. આ ડાયાલિસીસ સેન્ટરો અત્યાધુનિક અને સારામાં સારા બને એની પણ ચિંતા કરી છે. આયુષ મંત્રાલય માટે મારે ખાસ કહેવું છે. આયુર્વેદ યુનાની પદ્ધતિ પ્રાચીનતમ ગ્રંથોમાં પણ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આપણી જે સનાતન સંસ્કૃતિ છે, આયર્વેદ એ આપણી સાથે સતત સંકળાયેલ છે, દાદીમાના નુસખા, દાદાના નુસ્ખા, કાકાના નુસ્ખા, કાકીના નુસ્ખાની આપણે ચોપડીઓ પણ વાંચીએ છીએ અને ભૂતકાળમાં આ પ્રકારની સારવાર આપણને ઘરમાં મળી રહેતી હતી પણ કાળક્રમે આ વાત ઘરમાંને ઘરમાં દબાતી ગઇ, ફરીથી આ સનાતન સંસ્કૃતિની વાત અને આપણી સારવાર પદ્ધતિ આખી દુનિયા અપનાવે એના માટેના પ્રયત્નો, એની દવાઓ અહીંયા તૈયાર થાય, વિદેશમાં જાય, વિદેશી લોકો લે એ પ્રકારની આખી પોલીસી જયારે ઉભી કરી હોય અને એ પોલીસી ઉભી કરી એટલું જ નહીં, ખેડૂતોને પગભર કરવા, એમની આવક પણ આ આયુર્વેદિક ઔષધિના ઉત્પાદન વડે વધારવાની પણ આપણે ચિંતા કરી. આદિવાસી વિસ્તારમાં જ્યાં આગળ વન્ય પેદાશો છે એ એમનો હક્ક છે. ખેતી અને પાણીના વિષયો ઘણા બધા કર્યા છે. એના ઉપર હં આવું એટલે વાત કરીશ. પરંતુ ૭ જેટલા કેન્દ્રો આદિવાસી વિસ્તારમાં આપણે તૈયાર કર્યા છે કે જ્યાંથી એ ઔષધીઓ, જેને આપણે જડીબુટ્ટી કહીએ છીએ એ બે બધા વનમાંથી લે, ખેતી કરીને પેદા કરે, ત્યાં વેચવા આવે, વેચાણ કેન્દ્રો એને ખરીદે એ પછી દવા બનાવવા વાળા એ લઇ જઇને એ દવાઓ દુનિયા, દેશ અને ગુજરાતમાં પહોંચે એ પ્રકારની આખી લિન્ક જેવી વ્યવસ્થા કરી હોય ત્યારે આ વખતે એક ખૂબ મહત્વનું કામ થયું છે. એકતાનગરમાં આપણે હોસ્પિટલ આપી છે. WH Oનું ટ્રેડિશનલ મેડિસિન માટે એક જાપનમાં કેન્દ્ર છે. ટ્રેડિશનલ મેડિસિનમાં ભારત દુનિયામાં નેતૃત્વ કરવાનું છે ત્યારે જામનગરમાં WH O એ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરની સ્થાપનાની મંજૂરી આપી દીધી છે. જેના પરિણામે સમગ્ર વિશ્વમાં આયુર્વેદ પ્રણાલિને સ્થાન મળવાનું છે. ૧ હજાર કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ છે. ભારતમાં બીજે ક્યાંક જઇ શકતા પણ ગુજરાતમાં એટલા માટે આવ્યું કે દિલ્હીમાં આપણે બેઠા છીએ. આદરણીય નરેન્દ્રભાઇ બેઠા છે. એટલે આ WH Oનો જે પ્રોજેક્ટ ભારતમાં આવ્યો એટલા માટે આપણે નરેન્દ્રભાઇનો પણ આ સદન વતી આભાર માનીએ છીએ. આયુર્વેદની ટ્રેડિશનલ મેડિસિન છે એનું માર્કેટિંગ દુનિયામાં થવાનું છે. એના માટે એક સેન્ટ્રર થઇ રહ્યું છે. વર્ષોથી એક માસ્ટર પ્લાન બનાવ્યો હતો એ પ્લાન આ વર્ષે પૂરો કરીએ છીએ. માસ્ટર પ્લાનમાં એક પણ વસ્તુ લગભગ બાકી ન રહે, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વપ્ન જોયું હતું એ આ વર્ષે આપણે પૂરું કરવા જઇ રહ્યા છીએ. ઉત્તર ગુજરાત અને ગુજરાતના બધાની નજર અમદાવાદ ઉપર હોય તો મધ્ય ગુજરાતના લોકોને, દક્ષિણ ગુજરાતના લોકોને અમદાવાદ શા માટે આવવું પડે? આ વર્ષની આપણી શરૂઆત છે એ આવતા વર્ષનું વિઝન બતાવે છે. આવતા વર્ષમાં વડોદરા અને મધ્ય ગુજરાતમાં અમદાવાદ જેવું મેડીસિટી બનાવવાનો નિર્ધાર અહીંથી કરીએ છીએ. સુરતમાં ભવિષ્યમાં ૧૦-૧૫ વર્ષમાં અમદાવાદ જેવું મેડી સિટી બને એના માટેનો નિર્ધાર આ જ બજેટમાં રિફલેકટ થાય છે. પી.એચ.સી. અને સી.એચ.સી. વગેરે વિષયો સાથે આપણે આગળ વધતા હોઇએ ત્યારે આ બજેટ એવું બજેટ છે કે ચાલુ વર્ષનું કે એક વર્ષનું નથી પણ આવતા સમયમાં ગુજરાતના આરોગ્ય ક્ષેત્રને ક્યાં લઇ જવાનું છે અને છેવાડાના માનવ સુધી સગવડો મળી રહે, તમારા ઓબ્ઝર્વેશન હશે, સૂચનો કર્યા છે, ટીકાઓ કરી છે. હું સહૃદયે ખૂબ ચિંતનપૂર્વક એ બધી ટીકાઓની સાથે તમારા સૂચનો જે રચનાત્મક છે, ચૂંટણીલક્ષી નથી એવા રચનાત્મક બધાં જ સૂચનોને હું આવકારું છું. એની અંદર I will go to in deep. હું અંદર જઇને એ વસ્તુ અને વિષય જોઇએ જ્યાં જે વિસ્તારમાં જે કાંઇ કરવાનું હશે, અમે એવું નહીં સમજીએ કે આ કોંગ્રેસના ધારાસભ્ય છે એટલે આને સી.એચ.સી., પી.એચ.સી. ન અપાય. (અંતરાય) એવું મનમાં રાખ્યા વગર આ સરકાર ગુજરાતની

સાડા છ કરોડની જનતા (અંતરાય) અહીંયાને અહીંયા આપી દઉં? (અંતરાય) એ તો આવવું પડે. મારું સૂચન છે કે આ આરોગ્યનું બજેટ છે એ સર્વાનુમતે મંજૂર થાય એવી આપસૌને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના એક બીજા પણ અભિનંદન આપવા છે. ૨૨મી માર્ચ વર્લ્ડ વોટર ડે છે. સમગ્ર વિશ્વ ભારત અને પ્રત્યેક શહેરમાં એની જ્યારે ચિંતા થતી હોય ત્યારે આપસૌને વર્લ્ડ વોટર ડે નિમિત્તે, હવે શહિદ થવું, શહિદોનું સન્માન કરવું એ આપણી સંસ્કૃતિ છે, ફરજ છે. આપણી ફરજ છે. હવે જીવવાની જરૂર છે પરંતુ જીવવાની સાથે દેશભક્તિની જયારે વાત નીકળતી હોય એટલે પાણી બચાવવું, વીજળી બચાવવી કયાંય સાર્વજનિક મિલકતોને નુકસાન ન થાય એ પણ દેશભક્તિ છે એમ સમજી અને આ વર્લ્ડ વોટર ડે નિમિત્તે આપણે સૌએ આ બાબતમાં આગળ વધવું જોઇએ અને તમારો અને અમારો જો સહકાર હશે તો પાણી વ્યવસ્થાપન જે ગુજરાતે કર્યું છે તો એ દિશામાં આપણે આગળ વધી શકીશું. નર્મદા યોજનાની મહત્તા ખૂબ છે. વર્ષોથી ૧૯૯૫ અને ૧૯૯૫ પછીના બે ભાગ કાયમ અહીંયા ગૃહમાં ચર્ચા થતી હોય છે તમારા તરફથી થતી હોય, અમારા તરફથી થતી હોય સ્વાભાવિક છે થાય પરંતુ ૧વર્ષ ૯૯૫ સુધી તળાવ જ હતું. આપણે કોઇને પાણી આપી શકતા નહોતા. લગભગ વર્ષ ૧૯૬૦ થી માંડીને ૧૯૯૫ સુધીનો ૩૫ વર્ષનો સમયગાળો તળાવ સુધી પહોંચ્યા અને વર્ષ ૧૯૯૫ થી ૨૦૨૨ એટલે ૨૭ વર્ષ સુધીમાં આપણે એને મોટું સરોવર બનાવી કચ્છ સુધી પાણી પહોંચાડી શકયા છીએ. કચ્છ એક મિલિયન એકર ફીટની જે વહેંચણી થઇ હતી એ પાણી પહોંચાડી શકીએ એની યોજનાઓ બનાવી શકીએ, સૌરાષ્ટ્ર સુધી આપણે પાણી પહોંચાડી શકીએ, ઉત્તર ગુજરાત સુધી પાણી પહોંચાડી શકીએ. સમગ્ર ગુજરાતની અંદર પીવાની ચિંતા આપણે કરી શકીએ એ પ્રકારની આ ૨૭ વર્ષની અંદર આપણે પ્રગતિ કરી છે. નર્મદા યોજના સંબંધિત જળ વિવાદ પંચ મેં કહ્યું તેમ આપણી જમીન ૬ ટકા છે અને વસ્તી ૫ ટકા, પાણીની ઉપલબ્ધી ગુજરાતની અઢી ટકા છે. મધ્ય દક્ષિણ ગુજરાતની ૬૯ ટકા છે. ઉત્તર ગુજરાતની ૧૧ છે, સૌરાષ્ટ્રની ૧૭ છે અને કચ્છની ૩ છે. પાણીની વહેંચણી પણ ગુજરાતના ભૌગોલિક કારણસર કયાંક ડુંગરાળ વિસ્તાર છે, કયાંક દરિયાઇ વિસ્તાર છે, કયાંક રણ વિસ્તાર છે અને એના કારણે પાણીની વહેંચણી આપણે યોગ્ય રીતે કરી શકતા નથી. એક બાજુ નર્મદા અને બીજીબાજુ બાકીના બીજા બધા બંધ એ રીતની પરિસ્થિતિ હોય એટલે દરેક જગ્યાએ પાણી પહોંચાડવાનો જયારે વિષય થતો હોય, નર્મદા યોજનાની ખાસ વિશેષતા છે અન્ય બંધોની સરખામણીમાં સરદાર સરોવરના પિયત વિસ્તારની વિશેષતા એ છે કે તેમાંનો મોટાભાગનો વિસ્તાર એવો છે કે જમીનની ગુણવત્તા નિયમિત સિંચાઇ માટે યોગ્ય નથી. કોઇ વિસ્તારમાં ક્ષારની સમસ્યા, કોઇ વિસ્તારમાં વરસાદી પાણીની સમસ્યા, કોઇ રેતાળ છે. આથી આપણે પ્રોટેક્ટિવ ઈરીગેશન માટે આ યોજના આપણે બનાવી છે. પાકને બચાવવા માટે જેટલું ઓછું પાણીની જરૂર પડે એટલું ઓછું પાણી આપવું એને પ્રોટેકટીવ ઈરીગેશન કહેવાય. નર્મદા યોજનાના પિયત વિસ્તારને અત્યંત વૈજ્ઞાનિક પદ્ધતિ, એગ્રો ક્લાઇમેટિક કન્ડિશન અને જમીનની ગુણવત્તા મુજબ આપણે ૬ કેટેગરીમાં એમને વિભાજીત કરી છે એ મુજબ પાણીનો જથ્થો ફાળવવાનું આયોજન અગાઉથી નકકી કરીને આપણે ડીઝાઇન બનાવી જેથી કરીને અનકલાઇમેટીક કે જેથી વરસાદની કૃપા પણ જુદાજુદા વિસ્તારમાં જુદાજુદા પ્રમાણમાં થતી હોય કયાંક વધારે થાય કયાંક ઓછી તો નર્મદાનું પાણી સમપ્રમાણમાં આપણે ગુજરાતમાં આપી શકીએ એની પણ વ્યવસ્થા આપણે ગુજરાતમાં કરી ચૂકયા છીએ. જે જમીનની અંદર પહેલા એક પાક લેવાતો હતો અત્યારે બે પાક લેવાય છે. જે ઘરની અંદર સાઇકલ હતી અત્યારે મોટર સાઇકલ છે અને મોટર સાઇકલ હતી ત્યાં હવે કાર છે. બેથી અઢી ગણી આવકનો વધારો આપણે કર્યો છે અને એનું જો કોઇ કારણ હોય તો હર ખેત કો પાની. હર ખેત કો પાની કોનો વિચાર છે? ભારતીય જનતા પાર્ટીનો વિચાર છે. સત્તામાં નહોતા ત્યારથી અમારો વિચાર છે. હર ખેત કો પાની દેંગે હર હાથ કો કામ દેંગે અમે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ અને આખા ગુજરાતની અંદર નર્મદાનું બધું જ કામ લગભગ પત્યું છે અને વારંવાર કહે ૬ ટકા બાકી છે, ૬ ટકા બાકી છે. ૩૫ વર્ષ સુધી તો કર્યું નહીં, પરંતુ અમે આ ૨૭ વર્ષની અંદર કેનાલ પૂરી ક્ષમતાથી ભરાઇ જાય એ રીતનું કામ પણ પૂરું કર્યું અને કેનાલોનું નેટવર્ક પણ પૂરું કર્યું. ભાખરા નાંગલ ડેમનું કામ ૪૨ વર્ષે પૂરું થયું. રાજયની બધી જ યોજનાઓ જે મોટી યોજનાઓ છે કયાંક ૩૫ વર્ષ, કયાંક ૪૦, કયાંક ૪૨, કયાંક ૪૫ વર્ષ બધી જ મોટી યોજનાઓને ખૂબ મોટો સમય નહેરોના વિસ્તરણ કરવામાં લાગ્યા છે અને નહેરોનું વિસ્તરણ કરવું એટલે જમીન સંપાદન કરવી, લોકો પાસેથી જમીન લેવી, એને યોગ્ય ભાવ આપવા. કોઇ સંમત ન થાય. કોઇ સંમત ન થાય તો એને સંમત કરવા. આ બધા વિષયોની વચ્ચે કેવળને કેવળ સબ માઇનોર અને માઇનોરનું થોડું ક જ કામ બાકી છે એ પણ ભાજપની સરકાર પૂરું કરશે. અને આ વખતનું નર્મદાનું બજેટ છે આના માટેનું છે. આમ ભૌગોલિક રીતે જોઇએ તો રાજ્યના ટોટલ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છને આપણે અલગ ગણીએ તો ૫ પ્રકારના ભૌગોલિક વિસ્તારમાં પીવાના પાણીની ચિંતા, ખેતરને પાવાના પાણીની ચિંતા આપણે કરતા હોઇએ, ત્યારે પહેલા ખેતીલાયક જમીન ૩૮ લાખ હેક્ટરમાં જ હતી. છેલ્લાં ૨૦ વર્ષમાં વાત કરીએ છીએ. એ અનુસંધાનમાં ૨૦ વર્ષમાં વધીને ૬૯ લાખ હેક્ટરમાં સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. ઉત્પન્ન થયેલી સિંચાઇ ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ લેવાય તે લક્ષ્યાંક ૨૦૨૫ સુધીમાં હાંસલ કરવાનો લક્ષ્યાંક એક ગોલ બનાવ્યો છે. રએક નક્કી કરીએ કે આપણે વર્ષ ૨૦૨૫ સુધી શું કરવાનું છે? ગુજરાતનો એકપણ ભાગ લાભથી વંચિત ન રહી જાય તેની ગુજરાત સરકારે કાળજી લીધી છે. ઉત્તર ગુજરાતની અંદર બાર પાઇપલાઇનો આપણી પૂર્ણ થઇ છે. ૮ જિલ્લાના ૨૯ તાલુકા, ૪૧૩ ગામ,૭૩૭ તળાવો આપણે પૂરા કર્યા છે. ૫ કિ.મી. જેટલી નહેરની કામગીરી આપણી પ્રગતિમાં છે. પીયતથી ઉણાદ, ધાંધુસણથી રેડલક્ષ્મીપુરા, ખેરવાથી વિસનગર, જેનાથી ગાંધીનગર જિલ્લાના કલોલ, માણસા, મહેસાણા, વિજાપુર,

વડનગર, વિસનગર ૧૨૦૦૦ હેક્ટર જેટલી જમીનને એ પીયતનો ફાયદો થવાનો છે. ખોરસમ, માતપુર, ડીંડરોલ પાઇપલાઇનને પણ લંબાવવાનું જે બનાસકાંઠા વાળા કહેતા હતા તે લઇ લીધેલ છે. વાત થતી હોય ખબર ન હોય, ખબર ન હોય એટલે સ્વાભાવિક પ્રશ્નો ઉભા થાય. બનાસકાંઠા હોય, ઉત્તર ગુજરાત, પાટણ, સૌરાષ્ટ્ર હોય કચ્છ હોય કે નીચે દક્ષિણ ગુજરાત હોય આ સરકાર પ્રત્યેક વિસ્તારની ચિંતા કરવાવાળી સરકાર છે. ખસરાથી દાંતીવાડા તૈયારી. સરસ્વતિ તાલુકાના બનાસકાંઠા, ડીસા, કાંકરેજ, દાંતીવાડા, પાલનપુર ૭૫૦૦ હેક્ટર. અહીયા કેવળ બૂમ પાડવી અને કામ કરવું એ બંનેમાં ફરક છે. સુજલામ સુફલામ યોજના હેઠળ બાર પાઇપલાઇનથી હાલ ૨ કિ.મી.ની મર્યાદામાં જે તળાવો હતા. સરકારે નીતિવિષયક શ્રી નીતિનભાઇ હતા, શ્રી વિજયભાઇ હતા, એ વખતે નિર્ણય લેવાયો. ૨ ની જગ્યાએ ૩ કિ.મી.માં આવતા બધા તળાવો અમે ભરીશું. એના કારણે ખૂબ મોટો ફાયદો બીજા તળાવો જોડાવવાથી થયો છે. પૂરક તળાવો જોડવા માટે રૂપિયાની જરૂરિયાત પડે એ વ્યવસ્થા આપણે કરી દીધી છે. ચોમાસા દરમ્યાન સાબરમતીમાં વહી જતા પાણીનો સંગ્રહ કરવા માટે સીરીજ ઓફ ચેકડેમ માટે સરકાર તૈયાર છે. ધરોઇને આખું ટુરિઝમ હબ બનાવવાનું. જેમ આપણે એકતા નગર કેવડિયામાં બન્યું એ રીતે ધરોઇમાં ટુરિઝમ પ્લેસ બને. આની પાછળ વિઝન છે. ટુરિઝમ પ્લેસ એકલું બનાવવાનું નહિ, પણ અમદાવાદ છોડ્યા પછી આપ જ્યારે આવો તો વડનગર પહેલું આવે, તારંગા જૈનોનું સ્થળ આવે, ધરોઇ આવે પછી અંબાજી આવે પછી માઉન્ટ આબુ આવે. આ આખી લાઇન લોકો ફરવા નીકળે તો મહત્તમ લાભ થોડા દિવસોમાં ફરવાનો એમને થાય, એ પ્રકારનું ટુરિસ્ટ ડેસ્ટિનેશનનું કામ પણ આ સરકાર કરી રહી છે. આપની અને કચ્છના લોકોની ખૂબ લાગણી હતી. એક મિલિયન એકર ફીટ પાણી કયારે આપશો? ૪૩૬૫ કરોડના ખર્ચે ટેન્ડર પડી ગયા છે. વારંવાર જોઇએ છીએ કે કેટલીક જગ્યાએથી કયાંક અવાજ એવું ઉભો કરવામાં આવે છે કે આ ૨૭૫ કરોડમાં શું થશે? ૪૩૬૫ કરોડની યોજનામાંથી ૨૭૫ કરોડ કેમ મૂક્યા છે? આખી વહીવટી પ્રક્રિયા છે. આવતા માર્ચ સુધીમાં રૂપિયા ૨૭૫ ઉપર રૂપિયા ૧,૦૭૫ કરોડ વપરાશે તો પૂરક માગણીમાં અમારે જ મંજૂર કરવાના છે. ભારતીય જનતા પાર્ટીના સભ્યોએ મંજૂર કરવાના છે.

અધ્યક્ષશ્રી : આભાર.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાજુ આવી જજો, વાંધો નહીં અંબરીશભાઇ. મતલબ કે જે વાતો અત્યારે જે રીતે આ પ્લેટફોર્મ ઉપર મૂકવામાં આવે છે તે કેવળ ને કેવળ રાજકીય રીતે મૂકવામાં આવે છે. કચ્છને માટે આવતા વર્ષોની અંદર ૪૩૬૫ કરોડનું ૩૦ મહિનાની સમય મર્યાદાનું ટેન્ડર આપણે બહાર પાડી દીધું છે. એકપણ ખૂણો બાકી નહીં રહે. આપણી ઘણા સમયથી દુધઇ સબ બ્રાન્ચની એક વિનંતી હતી તે બિલકુલ ધ્યાનમાં લીધી છે. નર્મદાનું પાણી પહોંચાડવા માટે પાઇપલાઇન હોય કે દુધઇ સબ બ્રાન્ચ હોય. આ સરકાર તે પૂરી કરશે તેની હું ખાતરી આપું છું. આવતા સમયમાં પણ દુધઇ બ્રાન્ચ માટે આ સરકાર બિલકુલ કટિબદ્ધ છે. કચ્છના લોકોની તેના માટેની લાગણી છે. બારેમાસ કચ્છડાની વાત થતી હોય ત્યારે આપને હું ચોક્કસ કહી શકું છું કે, આવતા સમયની અંદર આપણે કચ્છને નર્મદાનું તેને ફાળવેલું પાણી પૂરેપૂરું પહોંચી જાય તેની આ સરકાર ચિંતા કરવાની છે. કચ્છ વિસ્તાર પછી સૌરાષ્ટ્રની અંદર આપણે સૌની યોજનાથી ખૂબ મોટા પ્રમાણમાં નર્મદાનું પાણી પહોંચાડી ચૂક્યા છીએ. આ વખતે નર્મદાના એક મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા માટે જયાં જેટલું કામ બાકી છે તેમાં લિન્ક-૧ મચ્છુ-૨ થી શાણી બંધ ૨૦૮ કિલોમિટર, લિન્ક-૨ લીંબડી થી ભોગાવો-૨ રાયડી બંધ સુધી ૨૯૯ કિલોમિટર, લિન્ક-૩ ધોળીધજા થી વેણુ-૧ બંધ ૨૯૯ કિલોમિટર, લિન્ક-૪ લીંબડી ભોગાવો થી હિરણ-૨ બંધ સુધી ૫૬૫ કિલોમિટરની લંબાઇના કામ થકી રાજકોટ જિલ્લાના-૨૩, મોરબીના-૬, ગીર સોમનાથનું-૧, બોટાદના-૪, જામનગરના-૨૫, જૂનાગઢના-૧૩, પોરબંદરના-૪, ભાવનગરના-૧૧, અમરેલીના-૧૧, દેવભૂમિ દ્વારકાના-૧૧, સુરેન્દ્રનગરના-૬ એમ કુલ મળીને ૧૧૫ જળાશયો ભરવા માટે આ વખતે ૭૦૦ કરોડ ઉપરની જોગવાઇ આ સરકારે કરી છે. સૌરાષ્ટ્ર માટે આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબે જે નિર્ધાર વ્યક્ત કર્યો હતો તો તેની અંદર બાકીનું કામ આગળ વધે તેની ચિંતા આ સરકારે કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિવરાજપુર, દ્વારકા, સોમનાથ વગેરે સારા સ્થળો છે ત્યાં આગળ વેટ લેન્ડ પડી હતી કે જયાં આગળ કોઇ દિવસ વિકાસ થતો ન હતો. દુનિયાભરના વગર પાસપોર્ટના વિદેશી પક્ષીઓ આપણા ત્યાં આવતા હતા. ખૂબ સુંદર નજારો હતો. સરકારે આવી બાબતમાં પણ ચિંતા કરી છે. વેટ લેન્ડ જે તેમાં સરસ મજાનું ડેવલપમેન્ટ થાય તો ટુરિસ્ટ પ્લેસ બને તેવું છે. તો તરત જ વધુમાં વધુ પક્ષીઓ આવે અને ત્યાં વસવાટ કરે તે પ્રકારનું સુંદર મજાનું આયોજન કરલી રિચાર્જ રિઝર્વ વોયરનો વિકાસ જેનાથી....

અધ્યક્ષશ્રી : આપની પાસે દસ મિનિટ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેનાથી ખારાશ પણ અટકશે. ક્ષાર નિયંત્રણનાં કામો પણ આપણે હાથ પર લીધા છે. તેમાં ભાવનગર, ગીર સોમનાથ, મોરબી અને અમરેલી જિલ્લો આવી જાય છે. મને કહેતાં આનંદ થાય છે અને વારંવાર આદિવાસી ભાઇઓની દુહાઇ દેતા લોકોને મારે એટલું જ કહેવું છે કે, આદિવાસીની વસતિ આપણા રાજ્યમાં છે તેના કરતાં દરવર્ષે અઢીગણું બજેટ, આંકડા કાઢીને જોઇ લેજો, સરવાળો, ભાગાકાર, બાદકાકી કરીને જોઇ લેજો. અઢીગણું બજેટ દરવર્ષે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. હમણાં હમણાં એક વિવાદ ખૂબ ચાલી રહ્યો છે. એક વિવાદ એવા પ્રકારનો ચાલી રહ્યો છે કે આ પાર-તાપી લિન્ક અને પીંજલ આ બે યોજનાઓ થશે તો અમારી જમીનો જતી રહેશે, આ ગુજરાત

સરકારે કરાવ્યું છે. આ ગૃહના માધ્યમથી હું બહુ સ્પષ્ટતાપૂર્વક કહેવા માગુ છું કે, ૫૦૦ કરોડ રૂપિયાની ચેકડેમ બનાવવાની જે યોજના છે તેને અને પાર-તાપી લિન્કને કાંઇ લાગતું વળગતું નથી. પરંતુ મનમાં પડેલું હતું, ડુંગરાળ વિસ્તાર છે અને તે આદિવાસી વિસ્તારનું ડુંગરનું પાણી નીચે આવે અને દરિયામાં વહી જતું રહે એટલે આપણે એવા સ્થળો આપણે પસંદ કર્યા છે. લગભગ ૮૦ સ્થળો પસંદ કર્યા છે કે જયાં આગળ દરિયામાં પાણી વહી જતું હોય ત્યાં આગળ આપણે ચેકડેમ બનાવીને તે પાણીનો સંગ્રહ કરીએ અને જરૂર પડ્યે તે પાણી ઉપાડીને ડુંગરા ઉપર પણ આપીશું. પીવાનું પાણી આપીશું, ખેતરોને પણ પાણી આપીશું. ઈરીગેશનની વ્યવસ્થાઓ આપણે ઉભી કરીશું. આ સરકાર આદિવાસીઓના હિત અને લાગણી માટે સદાયે કટિબદ્ધ છે. ક્યાંય એના હિત સાથે કોઇ બાંધછોડ કરવા માગતી નથી અને એની એક ઇંચ જમીન જાય એની સાથે ગુજરાત સરકાર ક્યારેય સંમત નથી અને આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને અમારા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી સી.આર. પાટીલ સાહેબે બહુ સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે કે, આદિવાસીઓની એક ઇંચ જમીન જતી હશે, એમની લાગણીથી વિરુધ્ધ જઇ અને ગુજરાત સરકાર એવા કોઇ કામમાં સાથ નથી આપવાની જેથી કરીને આ વનબંધુઓને વિસ્થાપિત થવું પડે. વિસ્થાપિત ન થવું પડે અને સાથે સાથે એમની જે પાણીની માગણી છે, પીવાના પાણીની માગણી છે, ખેતી માટેના પાણીની માગણી છે આ બધી જ માગણીઓ સંતોષાય એના માટે ૫૦૦ કરોડ ફાળવ્યા છે જેને પાર-તાપી-નર્મદા સાથે કોઇ લેવાદેવા નથી. આ ૫૦૦ કરોડ આવતા ૫ વર્ષમાં આપણે જ્યારે વાપરવાના છીએ અને આપે જે ચિંતા કરીને પાણીની ત્યારે કહું છું કે, આદિવાસી વિસ્તારોમાં લિફ્ટ ઈરીગેશન યોજનાઓ દ્વારા પાણી ઉપાડી ઉપાડીને ખેતરોને પાણી આપ્યું છે, વીજળીના બીલ સરકાર ભરે અને ખેતી મારો આદિવાસી ભાઇ કરે એના માટે ચિંતા કોઇએ કરી હોય તો આ સરકારે કરી છે. ચેકડેમો દ્વારા ખેતર માટે પાણી, પીવા માટે પાણી અને પાણીની તમામ સમસ્યાઓનો ઉકેલ આવે એના માટે ૮૦ જેટલા નાના મોટા ચેકડેમો અને વિયર આપણે બનાવવાના છીએ ત્યારે ઘણી બધી ટીકાઓ પણ અહીંથી થઇ છે. અમારી સરકારે જે કામ કર્યું છે એમાં આખો દિવસ બોલીએ આ એક જ વિભાગ ઉપર તો પણ ઓછો પડે એટલું બધું કામ અમારી સરકારે કર્યું છે.

માનનીય શ્રીમતી નીમિષાબેન, આપની પણ લાગણી અમારા ધ્યાને છે નર્મદા અને સિંચાઇ વિભાગ બિલકુલ એ કામ પૂરું કરશે. સંતરામપુર તાલુકાના ૩૬ તળાવ અને ૧૩૩ કરોડની વાંકળી ઉદવહન યોજના આગામી વર્ષે ૩૫ કરોડની નવી બાબત મંજૂર કરેલી છે. ઉપરાંત ભાખળા સિંચાઇ તળાવ, મોરવા(હડપ) તાલુકાના તળાવ એમ ટૂંકમાં આપની બધી જ લાગણીઓ સરકારના ધ્યાનમાં છે અને પાણી પુરવઠાનો ખૂબ મોટો વિષય છે એમાં મારે એટલું જ કહેવું છે કે, પાણી પુરવઠામાં જે સરકારે નક્કી કર્યું હતું ખૂબ મોટી રકમની કેન્દ્ર અને રાજયની બંનેની ભેગી યોજનાઓ છે એમાં સૌથી વધારે રૂપિયા લાવવા વાળુ આખા દેશમાં પાણી પુરવઠા વિભાગ ગુજરાત છે. આ વર્ષે પાણી પુરવઠામાં આપણને રૂપિયા ૨૫૫૭ કરોડની રકમ ભારત સરકાર પાસેથી મળી છે અને આગામી વર્ષમાં પણ ૫૨૦૦ કરોડ રૂપિયાની સહાય ગ્રાન્ટરૂપે મળશે અને સરકાર ૮૦૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ આના માટે વાપરવાની છે. ખૂબ લાંબી વાત ન કરતા એટલું જ કહીશ કે પહેલા ટોટલ ૧૨ જિલ્લાઓ હતા અને આજે કહેતા મને આનંદ થાય છે કે બીજા ૬ જિલ્લાઓનો એમાં ઉમેરીને ઘરે ઘરે નળ, તમે વારંવાર કહો છો કે, નળ છે પાણી નથી. હવે ઘરે ઘરે નળ અને નળમાં પાણી, અમારી નલ સે જલ વાળી વાત તો ખરી જ, પણ નળમાં પીવાનું પાણી એ પ્રકારની આખી યોજનાને ખૂબ આક્રમકતાથી અમલમાં મૂકીને દરેક ઘરને નળ દ્વારા પાણી આપવા માટે મારો પાણી પુરવઠા વિભાગ બિલકુલ કાર્યરત છે અને પહેલા જે ૪૦ લિટર હતું એ ૭૦ લિટર થયું પછી ૧૦૦ લિટર થયું. અત્યારે ૧૦૦ લિટરની જ્યારે ગાઇડલાઇન આવી છે એટલે જ્યાં ૪૦ લિટર હોઇ ત્યાં સુધારણા કરીને ૧૦૦ એ પહોંચાડવું પડે, જ્યાં ૭૦ લિટર છે ત્યાં પણ સુધારણા કરીને ૧૦૦ એ પહોંચાડવું પડે. સુધારણાની સાથે દરેકે દરેક ઘર અને ગામ સુધી પાણી પહોંચે એની ચિંતા પાણી પુરવઠા વિભાગે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ બધી ચિંતાઓ એમણે કરી છે ત્યારે અને એટલી બધી ટીકાઓ પણ માનનીય વિપક્ષના સભ્યશ્રીઓએ કરી છે ત્યારે મારે એનો જવાબ પણ આપવો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિક્રમભાઇએ કહ્યું કે જીજી હોસ્પિટલ, જામનગર ખાતે છેલ્લા એક વર્ષથી એમ.આર.આઇ. મશીન બંધ છે આપની એક આ વાત હતી. જીજી હોસ્પિટલ, જામનગર ખાતે નવા એમ.આર.આઇ. મશીનની ખરીદીની પ્રક્રીયા અંતિમ તબક્કામાં છે દરમ્યાન હાલમાં દર્દીઓના હિતમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે પી.પી.પી. અંતર્ગત સેવાઓ આપણે લઇએ છીએ એટલે સેવાઓ બંધ નથી કરી. બીજું જે સ્ટાફની વાત કરી જામનગર-દ્વારકા ખાતે નર્સિંગ સંવર્ગની સ્ટાફ નર્સ બધી જગ્યાઓ ભરાયેલી છે. અને વર્ગ-૨ જે એમ.બી.બી.એસ.ડોકટરો છે તે પણ બધા ભરાયેલાં છે જે નાની મોટી વ્યવસ્થાઓ કયાંક આપણે જેને મીસિંગ લિન્ક કહીએ તો એ પી.જી.ડોકટરોમાં તકલીફ છે, સુપર સ્પેશ્યાલિટીમાં તકલીફ છે આપણે સ્વીકારવું પડશે અને તેના કારણે આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબે કહ્યું છે કે દરેક જિલ્લામાં મેડિકલ જોઇએ અને તેમાં આપણે ૫૭૦૦ અને આવતા સમયની અંદર ચાલુ વર્ષે ચારથી પાંચ મેડિકલ કોલેજ અને આવતા વર્ષે બીજી ચાર મેડિકલ કોલેજનો આપણે સંકલ્પ કર્યો છે અને તે આપણે પૂરું કરવાના છીએ. માનનીય અમિતભાઇ ચાવડાએ કહ્યું કે કોરોના કાળ દરમિયાન દવા તથા અન્ય સુવિધાઓને તો કુલ બેડની સુવિધાનું તે પણ હું બોલ્યો છું. માનનીય વિક્રમભાઇએ જે કહ્યું તેનો પણ જવાબ આપ્યો છે. શ્રી અજીતસિંહભાઇએ પૂછયું વનોડા, ખેરોલી અને નામનાર જૂથ યોજના ખૂબ જૂની છે, પાઇપો લિકેજ થાય છે. વનોડા સુધારણા યોજના રૂપિયા ૪૭ કરોડનાં કામો પ્રગતિમાં છે ઢાસરા, ગળતેશ્વર, કઠલાલ અને બાલાસિનોર તાલુકાના ગામોને લાભ થશે. ૯૦ ટકા પ્રગતિ થઇ ગઇ છે ખેરોલી સુધારણાં પણ ચાલુ છે, નામનાર સુધારણા યોજના પણ ચાલુ છે. મહુધા નગરપાલિકાનો ફિલ્ટર પ્લાન્ટ બંધ છે

એ પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવ્યો નથી તે જીયુડીસીથી કરવામાં આવ્યો છે. તે વિષય અને લાગણી મૂકશે તો ચોક્કસ શહેરી વિકાસ પણ જોશે. ઘણાં બધા આ જે આપના ઓબ્ઝર્વેશન છે કયાંક રચનાત્મક છે અને ભગાભાઇ હું આપને અભિનંદન આપુ છું આપે જે રીતે આપની વાત મૂકી છે આપના બધાજ વિષયો સાથે આ સરકાર પૂરું કરવા કટિબદ્ધ છે કેટલાકમાં આગળ વધી ચૂકી છે અને કેટલાકમાં આવતાં ટૂંક સમયમાં રીઝલ્ટ આવે એ પ્રમાણે સરકારનું કામ રહેશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યા તેમાં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, સરકારે જાહેરાત કરી હતી કે કોરોનાગ્રસ્ત થયેલા કોઇ પતિ-પત્ની તેમાં કોઇ એકનું મૃત્યું થાય તો તેમને તેમના વતનથી નજીક લાવવા. સરકારની આ જાહેરાત સારી છે પણ આવા પતિ-પત્નીના કેસમાં ઘણાં વિભાગો તેની અમલવારી કરતી નથી ત્યારે તે કરાવવા માગે છે કે કેમ ? સિંચાઇ માટે તમે સૌની યોજના મારફત પાણી આપો છો. ગયા વર્ષે જે પાણી આપ્યુ હતું એવા ગ્રામ પંચાયતોને પાંચ-પાંચ, દશ-દશ લાખ રૂપિયાના બિલ આપ્યા છે તે બાબતમાં સરકાર શું કરવા માગે છે ?

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી આદરણીય વિજયભાઇ રૂપાણીની સરકારમાં દરેક ધારાસભ્યશ્રીઓને કોરોનાની અંદર પોતાની તમામ ગ્રાન્ટ લોકોના ઉપયોગ માટે આરોગ્યમાં વપરાય તેના માટેની પરમિશન હતી. બહુ દુઃખ સાથે કહેવુ પડે છે કે એક વર્ષથી સવા કરોડ રૂપિયાનું સિમેન્સ મશીન મારા વિસ્તારમાં ખરીદવા માટે મેં મારી તમામ ગ્રાન્ટ તેમાં ફાળવી છે પણ સરકાર જે ખરીદે છે જેમ પોર્ટલમાં અઢી-પોણા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે ખરીદે છે એટલા માટે ભ્રષ્ટાચાર, શિષ્ટાચાર થયો છે અથવા તો મારૂં શું નહીં તો મારે શું?

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન પૂછો.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું કે, એક વર્ષથી મારા સવા કરોડ રૂપિયાની ગ્રાન્ટ મારા વિસ્તારની અંદર સિટી સ્કેન મશીન ખરીદવા માટે મેં આપી છે આરોગ્ય વિભાગના અધિકારીઓ શટલકોકની જેમ આમથી આમ ફેરવે છે મારી ગ્રાન્ટ મારા વિસ્તારના લોકોને ફાળવવા માટે પરમિશન આપ આપવા ઇચ્છો છો કે કેમ ?

ડો.કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમરીષભાઇએ વાત કરી તે માનનીય મંત્રીશ્રી આપનું ધ્યાન દોરવા માગુ છું કે, જેમ દ્વારા જે ખરીદી થાય છે મેં જે ગ્રાન્ટ આપી હતી એક મશીન મલ્ટીપેરા મોનીટર ખરીદવા માટે એનો ભાવ ૮૫ હજાર રૂપિયા હતો અને અમે કંપની સાથે વાત કરી પછી મેં ગ્રાન્ટ માટે લેટર લખ્યો તો એનો એ ભાવ ૧ લાખ ૮૦ હજાર રૂપિયા હતો એટલે આ જેમની અંદર મોટું ચાલે છે તો આ વ્યવસ્થિત રીતે થાય અને જેમની અંદર જે બજારભાવે મળે છે તેનાથી ડબલ ભાવ હોય છે તો આ માટે સરકાર કંઇ વિચારશે તો સરકારના પૈસા બચશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગુ છું કે, અગાઉ સરકારે ચેક ડેમ, તળાવો બનાવેલાં કોઇ ૬૦:૪૦ની યોજનામાંથી બનાવ્યા હતા તો કોઇ લોક ભાગીદારીથી બનાવ્યા હતા, કોઇ વોટર શેડની યોજનામાંથી કે મનરેગામાંથી બનાવ્યાં હતા. ફકત ૨-૫ ટકા ખર્ચ કરીએ તો મોટાભાગના આ ચેક ડેમો અત્યારે તૂટી ગયા છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : (ક્રમશઃ) ફક્ત સામાન્ય ખર્ચામાં આપણે રીપેર કરી નાંખીએ તો એમાં સરકારને ફાયદો અને લોકોને પણ ફાયદો થાય. અધિકારીઓને કહેવામાં આવે તો એ એક-બીજાને ખો આપે છે કે અમારામાં નથી આવતું. એ કોઇ પણ યોજનામાં આવતું હોય પણ આપણે એ સામાન્ય ખર્ચમાં રીપેર કરવા માંગીએ છીએ કે કેમ? (અંતરાય)

**સભાગૃહનો સમય લંબાવવા બાબત**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નો એટલા બધાં પૂછે છે એટલા માટે પ્રશ્નોનો જવાબ મળે અને મતદાન થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવીએ.

અધ્યક્ષશ્રી : ગૃહનો સમય લંબાવવામાં આવે છે. (અંતરાય) મંત્રીશ્રી આપ જવાબ આપી દો. (સતત અંતરાય) માનનીય ઋષિકેશ ભાઇ આપ આપનો જવાબ આપો. ચાર થી પાંચ પ્રશ્નો પૂછાઇ ગયા છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, મને નામજોગ ક્વૉટ કર્યો છે એટલે મને પ્રશ્ન પૂછવાનો અધિકાર છે. (સતત અંતરાય)

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યો તરફથી ઘણા બધા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (સભ્યશ્રી વિક્રમભાઇ માડમ પોતાની જગ્યા પર ઊભાં થઇ જતાં)

અધ્યક્ષશ્રી : આવું ના હોય આપ બેસો. (અંતરાય) હું આપનું નામ બોલું તો જ આપે ઊભા થવાનું. પ્લીઝ આપ બેસો. આટલા બધાં પ્રશ્નો નહિ બે જ પ્રશ્નો પૂછવાના હોય છે. મેં ચાર પ્રશ્નો આપ્યા છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : આટલા બધાં પશ્રોમાં હું પણ ડહમોળાઇ ગયો છું.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી આપ જવાબ આપો. (સતત અંતરાય)

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : વિક્રમભાઇ મારી વાત સાંભળો.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

અધ્યક્ષશ્રી : જવાબ સાંભળવો છે કે નહિ? નહિ તો માગણી મતદાન પર મૂકી દઉં. (સભ્યશ્રી વિક્રમભાઇ માડમ સતત રજૂઆત કરતાં)

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): વિક્રમભાઇ મારી વાત તો સાંભળો.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : સભ્યશ્રી આ રીતે વર્તન કરે તો હાઉસ કઇ રીતે ચાલે?

અધ્યક્ષશ્રી : વિક્રમભાઇ આપે પ્રવચન કર્યું છે અને એનો જવાબ પણ મળી ગયો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બધાંના જવાબ આપવા અને બધાંનું કામ કરવા પણ સંમત છું. એમની માગણી વાજબી અને ન્યાયી છે એટલે સ્વાભાવિક છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી આપ જવાબ આપી દો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : વિક્રમભાઇ મેં આપનું નામ લીધુ એટલે મને આપના પર વિશેષ પ્રેમ છે.

અધ્યક્ષશ્રી : આપ એને ક્રોસ ટૉક કર્યા વગર આપ જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : બધાં જ સભ્યો એ એમના નાના-મોટા વિષયો આ ગૃહમાં ઉઠાવ્યા છે. એમણે ગૃહમાં સજેશન કર્યા છે. (સભ્યશ્રી વિક્રમભાઇ જગ્યા પર ઊભાં થઇને બોલતાં)

અધ્યક્ષશ્રી : આપ બોલો વિક્રમભાઇ. વિક્રમભાઇ આપ બોલો. શું કહેવું છે કહો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨ મહિના પહેલાં તારીખ-વાર જોઇતા હશે તો હું આપીશ. મને બે મહિનામાં એમ.આર.આઇ. મશીન આવી જશે એવી ખાતરી આપી હતી. આપે એમ કહ્યું હતું કે બજેટમાં વધારો કર્યો છે. એનું સ્થળ ઉપર ઇમ્પલીમેન્ટ ન થાય તો શું કરવાનું? મારો પ્રશ્ન એ છે કે કોરોનામાં એની સાઇડ ઇફેક્ટ મ્યુકર માઇકોસિસ ગુજરાતમાં બહુ વિશાળ પ્રમાણમાં થયો. આ રોગને પકડવા માટેનું પહેલું સાધન એમ.આર.આઇ. મશીન છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછી લો.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : એમ.આર.આઇ. મશીન જ ન હોય તો તમે મ્યુકર માઇકોસિસ કઇ રીતે પકડી શકો. ૧૨ મહિના પહેલાં મને ખાતરી આપવામાં આવી હતી. ઇમ્પલીમેન્ટ ક્યારે કરો છો એનો જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, એક મશીનની કિંમત રૂ. ૯,૩૪,૭૦,૦૦૦ છે. આપણી બધી મૅડિકલ કૉલેજોમાં આ મશીન રૂ.૭૪,૭૭,૬૦,૦૦૦/-ના ખર્ચે ઉપલબ્ધ કરવાના છીએ અને જે પેઢીએ ટેન્ડર ભર્યું છે એને સિક્યોરિટી ડિપોઝીટ ભરવાનું કહી દીધું છે. એ ભરશે એટલે આ મશીન બધી જ મૅડિકલ કૉલેજમાં આવી જશે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાવડા સાહેબ તમારું શું કહેવાનું છે? ગૃહ લંબાવવાનું છે કે પૂરું કરવાનું છે. આટલા બધાં સભ્યોના પ્રશ્નો કેવી રીતે પૂછાય? (સભ્યશ્રી અમરીષભાઇ ડેર અને શ્રી પ્રતાપ દૂધાત પોતાની જગ્યા પરથી ઊભા થઇને આગળ આવી જઇ સતત રજૂઆત કરતા) આપ બેસો જવાબ આપે છે. બેસો જવાબ આપે છે. આપ આપની સીટ ઉપર જાવ પ્લીઝ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : એક મિનિટ અમરીષભાઇ.

અધ્યક્ષશ્રી : આવી રીતે પ્રશ્ન પૂછવાનો અને આવી રીતે યાદ કરાવવાનું. આપી દો જવાબ. આપ બંને સીટ ઉપર જાવ પ્લીઝ. મંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે વિષય છે એમને દોઢ કરોડ રૂપિયા એમની ટોટલ ગ્રાન્ટમાંથી એક જ મશીન માટે રૂપિયા ફાળવેલા છે. ફાળવેલા રૂપિયા મંજૂર કરીને મશીન આપવાની વાત છે. આ આરોગ્ય વિભાગ તરીકે મારું કામ નથી. આ વિશે સામાન્ય વહીવટ વિભાગ નિર્ણયો લેતું હોય છે. તે આયોજનમાં આવે અને સભ્યશ્રી જવાબ મારી પાસે માગે છે તો હું કેવી રીતે તેમનો જવાબ આપું.

**કાપ દરખાસ્તો ક્રમાંક- ૨, ૪, ૬, ૭, ૧૦, ૧૨, ૧૪, ૧૭, ૧૮, ૧૯, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૪, ૩૭, ૩૮, ૪૧, ૪૩, ૪૪, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૩, ૫૬, ૫૭, ૫૮, ૫૯ અને ૬૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૩૯, ૪૦, ૬૫, ૬૬ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨.૩૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૨૨**
**ચૈત્ર-૧, ૧૯૪૪ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**તારાંકિત પ્રશ્નો**

**ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના**

* ૪૩૦૩૧ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨)ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો -૨૦૧૩'' હેઠળના લાભાર્થીઓને ૩૫૨૯૧.૩૭૮ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળના લાભાર્થીઓને ગાંધીનગર જિલ્લામાં ફેબ્રુઆરી-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન નીચે મુજબ દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **વ્યક્તિદીઠ જથ્થો (કિ.ગ્રા.)** | **ભાવ (રૂ-પૈસા)** |
|---|---|---|---|
| એએવાય (AAY) તથા અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | ૩.૫ | વિના મૂલ્યે |
| | ચોખા | ૧.૫ | |
| | **કુલ** | **૫** | |

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શું છે? આ યોજનામાં શું લાભ મળે છે? કોને લાભ મળે છે? તથા ક્યા સમયગાળા દરમિયાન લાભ મળે છે? બીજો પ્રશ્ન, છેલ્લા એક વર્ષમાં તારીખ ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ તાલુકાવાર કેટલું અનાજનું વિતરણ થયેલ છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા આપણા અંત્યોદય અને પી.એચ.એચ. લાભાર્થીઓને જે મળવાપાત્ર અનાજ છે, એના સિવાય પણ વ્યકિત દીઠ ૫ કિલો મફત અનાજ આપવાનો ભારત સરકારશ્રીએ નિર્ણય લીધેલો હતો. એ રીતે કોરોના મહામારીની અંદર છેલ્લે ૧૧ મહિના સુધી એટલે કે આ માર્ચ મહિના સુધી આપણે આવા લાભાર્થીઓને મફત અનાજ આપી રહ્યા છીએ. કોરોના મહામારીની અંદર મારે આપણી રાજ્ય સરકારને, આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી અને આદરણીય શ્રી નીતિનભાઇ પટેલની સરકારને અભિનંદન આપવા છે કે તે સમયે અન્ન બ્રહ્મા યોજના પણ શરૂ કરેલી. કેટલીક જગ્યાએ જેની પાસે કાર્ડ નથી, કોઇ આધાર નથી એ ભૂખ્યો સૂઇ ન જાય એની પણ વ્યવસ્થા કરવી જોઇએ અને એ પ્રકારની વ્યવસ્થા કરીને એને પણ આપણે મફત અનાજ આપવાનો નિર્ણય લીધેલો. બીજા પ્રશ્નનમાં એ રીતે પૂછ્યું કે અમારા ગાંધીનગર જિલ્લામાં તાલુકા પ્રમાણે કેટલું અનાજ મળ્યું? ગાંધીનગર જિલ્લાની અંદર કલોલ તાલુકામાં ઘઉ અને ચોખા બંને થઇને ૭,૯૦૯ મેટ્રિક ટન, ગાંધીનગરમાં ૯,૩૨૧ મેટ્રિક ટન, ગાંધીનગર ઝોનલમાં ૯૩૫ મેટ્રિક ટન, દહેગામની અંદર ૮,૪૪૪ મેટ્રિક ટન અને માણસાની અંદર ૮,૬૮૨ મેટ્રિક ટન, આમ કુલ મળી ૩૫,૨૯૧ મેટ્રિક ટન ગાંધીનગર જિલ્લાની અંદર અનાજ આપવામાં આવ્યું.

## તારાંકિત પ્રશ્નો

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દિવ્યાંગ, એકલવૃદ્ધ હોય, અસહાય હોય વ્યાજબી ભાવની દુકાન સુધી જઇ શકે તેમ ન હોય તો તેવા લાભાર્થીઓ માટેની સરકારશ્રીએ કોઇ વ્યવસ્થા વિચારેલી છે કે કેમ? બીજુ, ગાંધીનગર જિલ્લામાં માર્ચ -૨૦૨૨ની સ્થિતિએ કુલ કેટલા કેટેગરીવાર રેશનકાર્ડ ધારકો છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જગદીશભાઇએ ખૂબ સારો અને સંવેદનશીલ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. આપણી સરકાર સમાજના દરેક તબક્કાના લોકોની દરકાર રાખે છે. દિવ્યાંગ કે એકલ વૃદ્ધ જેવી વ્યક્તિ માટે આપણે એમના ખૂબ નજીકના સંબંધી હોય અથવા કોઇ પાડોશી હોય એની પાસે ૭ નંબરનું ફોર્મ ભરાવીએ છીએ. આ ફોર્મ ભરાવ્યા પછી એ વ્યક્તિ પોતે વાલી તરીકે એમને મળતો રેશનનો જે કંઇ સામાન હોય એ તેમને પહોંચાડવાની વ્યવસ્થા પૂરી પાડીએ છીએ. બીજો પ્રશ્ન, ગાંધીનગર જિલ્લામાં માર્ચ -૨૦૨૨ની સ્થિતિએ કુલ કેટલા કેટેગરીવાર રેશનકાર્ડ ધારકો છે? ગાંધીનગર જિલ્લાની અંદર અંત્યોદય કુટુંબો ૧૧,૦૦૦ હજાર છે જેની કુલ જનસંખ્યા ૪૮,૦૦૦ થાય છે. અગ્રતા ધરાવતા કુટુંબોના કાર્ડની સંખ્યા ૧ લાખ ૫૯ હજાર છે અને એની જનસંખ્યા ૭ લાખ ૮૭ હજાર થાય છે. આમ કુલ નોન એન. એફ.એસ.એ. અને એન.એફ.એસ.એ. મળીને બે લાખ ૮૩ હજાર કુટુંબો અને ૧૩ લાખ ૧૫ હજાર જન સંખ્યા થાય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો હું અભિનંદન આપીશ યુ.પી.એ. સરકારના ચેર પર્સન માનનીય સોનીયા ગાંધી અને મનમોહનસિંઘને કે તેઓ આ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ દેશની અંદર અને રાજયની અંદર કોઇ ગરીબ માણસ ભૂખ્યા સૂઇ ન જાય એ માટે એ વખતે આ કાયદો લાવ્યા હતા. તેના કારણે આ દેશની અંદર અને આ રાજયની અંદર કોઇ ગરીબ માણસ ભૂખ્યુ સૂતું નથી. ત્યારે હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગાંધીનગર જિલ્લાની અંદર અનાજની ગેરરીતિની ફરિયાદો આપને મળી છે? અને મળી હોય તો આવી કેટલી ફરિયાદો મળી છે? કયા ગામની મળી છે અને એના ઉપર કયા પ્રકારનાં પગલાં ભરવામાં આવ્યાં છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાની વાત છે, તેમ છતાં બળદેવજીભાઇએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે (અંતરાય) આપું છું. તમે ઉતાવળ શું કામ કરો છો, જવાબ તો આપું ને? મેં પહેલા પણ કહ્યું છે કે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારના અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આ વખતે ભીક્ષુકો પણ ભૂખ્યા સૂઇ ન જાય એ પ્રકારની જોગવાઇ કરી રહ્યા છે. (અંતરાય) એટલા માટે, હું જવાબ આપું છું ને પણ, સાંભળો તો ખરા? (અંતરાય) જે રીતે મેં કેટલા મેટ્રિક ટન અનાજનો જથ્થો પણ કહ્યો. મને કહેતા આનંદ થાય છે, આપણે બધા જ લોકો આ વિધાનસભા ગૃહની અંદર જયારે પ્રતિનિધિ તરીકે આવીએ છીએ ત્યારે આપણને અનેક પ્રકારના અનુભવો થાય છે. કેટલાક વડીલોને બે બે દીકરા હોય તો પણ મા-બાપને ખવડાવતા નથી એવા પ્રસંગો આપણે જોઇએ છીએ. મારે પ્રધાનમંત્રીને ધન્યવાદ આપવા પડે કે આટલા લાંબા સમય સુધી એમણે મફત અનાજ આપીને આવા ગરીબોની ચિંતા કરી છે. એમણે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે કોઇ ગેરરીતિ થાય છે કે કેમ, અમારી પાસે જેવી ફરિયાદ આવે એટલે અમે તેની સમયસર તપાસ કરીએ છીએ, અત્યાર સુધી જે તપાસો કરી છે એમાં ૩૯૩ તપાસો કરી છે. તમે ગામવાઇઝ માગી છે એ વિગત અત્યારે મારી પાસે નથી, એ તમને હું આપીશ. પરંતુ જે જથ્થો પકડાયો છે એ ૧૬,૦૦૦ની કિંમતનો જથ્થો હતો, ૮ લાખ ૩૩ હજારની રકમનો દંડ વસૂલ કર્યો છે અને ૪ દુકાનોના પરવાના આપણે રદ કરેલા છે અને બે દુકાનોનું હિયરિંગ ચાલી રહ્યું છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કયા તાલુકામાં આ જથ્થો પકડાયો છે એની ફકત મારે માહિતી જોઇએ છે. તેના માટે જવાબદાર કોણ છે તેના નામ જાણવા છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું છે કે ગામવાઇઝ વિગતવાર તમને આપીશ. પરંતુ મારી પાસે જે માહિતી હતી તે આપવાનો મેં પ્રયત્ન કર્યો છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે છેલ્લા એક વર્ષની અંદર ગાંધીનગર જિલ્લાની અંદર અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોની સંખ્યાની અંદર કેટલી વધ ઘટ થઇ છે તેની માહિતી આપે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે કિશોરભાઇએ કાર્ડ અને જન સંખ્યામાં વધારો કે ઘટાડો કેટલો થયો એ પ્રશ્ન પૂછયો છે, તેમાં મારી પાસે ગાંધીનગર જિલ્લાની જે માહિતી છે તે મુજબ અંત્યોદય કુટુંબ ૧૧ હજાર અને જન સંખ્યા ૪૭ હજાર હતી, પરંતુ એમાં જન સંખ્યામાં ૧ હજારનો વધારો થયો છે. અગ્રતા ધરાવતા કુટુંબોમાં ૨ હજાર કાર્ડનો વધારો થયો છે અને એની જન સંખ્યામાં ૩૩ હજારનો વધારો થયો છે. આમ પહેલા જે ૮ લાખ ૩ હજાર જન સંખ્યા હતી એ અને આજે કુલ મળીને જન સંખ્યા ૮ લાખ ૩૫ હજાર થઇ છે. આ રીતે વધારો થયો છે.

### રાજકોટ જિલ્લામાં મફત પાઠ્ય પુસ્તક યોજના

* ૪૩૦૧૯ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં | (૧) ૬૦૩૨૮ |

તા.૨૨મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

મફત પાઠ્ય પુસ્તક યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં
કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

| | |
|---|---|
| (૨) આ અંતર્ગત કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૩,૧૯,૯૦,૭૦૬/- (રૂપિયા ત્રણ કરોડ ઓગણીસ લાખ નેવું હજાર સાતસો છ પૂરા) |

શ્રી ગોવિંદભાઇ પટેલ : મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૬૦,૩૨૮ વિદ્યાર્થીઓને ૩,૧૯,૯૦,૭૦૬ રૂપિયાના પુસ્તકો પૂરા પાડવામાં આવ્યા છે. મારે એ જાણવું છે કે આ યોજના શું છે અને એ યોજનામાં કયા કયા વર્ગના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વની સરકાર અને શ્રી નરેન્દ્રભાઇથી શરૂઆત કરીને આજદિન સુધીના મુખ્યમંત્રીશ્રીઓએ આપણા વિદ્યાર્થીઓ આપણા પુસ્તકો દ્વારા ફ્રીમાં ભણે એના માટેની રાજયની તમામ સરકારી અને અનુદાનિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓને બાળકોના શિક્ષણનો આર્થિક બોજ ન પડે, એ શુભ આશયથી રાજયની સરકારે પાઠય પુસ્તકો વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પૂરા પાડવાનું આયોજન કર્યું. માનનીય શ્રી ગોવંદભાઇ, આ મફત પાઠય પુસ્તક યોજના કહેવામાં આવે છે. આ યોજનાની શરૂઆતમાં આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ કે જેમનાં માતા પિતા કે વાલીની વાર્ષિક આવક ૮,૪૦૦ રૂપિયા હતી તેમને મફત પાઠયપુસ્તક આપવામાં આવતા હતા. પાછળથી માનનીય શ્રી નિરંજનભાઇ આ તમારી સરકારે કર્યું હતું. આવક મર્યાદા વધારીને ૧૫ હજાર રૂપિયા કરી. એ પછી આવક મર્યાદા વધારીને ૨૫ હજાર રૂપિયા કરી હતી. આવક મર્યાદાના આધાર ઉપર જે મારા વિપક્ષના લોકો કહે છે એમણે એક ગરીબ વિદ્યાર્થીઓ, શ્રમિક વિદ્યાર્થીઓ ખેત મજૂર અને ખેડૂતના બાળકોની ચિંતા નહોતી કરી, પરંતુ મને કહેતા આનંદ થાય છે કે આ બધા માપદંડો એની ઉપર જઇને રાજયના જે તે વખતના મુખ્યમંત્રી દીર્ઘદ્રષ્ટા આજે સમગ્ર વિશ્વનું ગૌરવ અને તાકાતવાર નેતૃત્વ ધરાવતા એવા માનનીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં શિક્ષણ વિભાગે એનો વ્યાપ વધારવા વિદ્યાર્થીઓને શિક્ષણમાં અભિરુચી વધે એવા ઉંમદા હેતુથી આ યોજના હેઠળ રાજયની સરકારી અને બિન સરકારી અનુદાનિક માધ્યમિક શાળાઓ ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિ વારે વારે અનુસૂચિત જાતિ, એસ.સી. એસ.ટી. બક્ષીપંચ એમની વાત કરનારનું મારે વિનમ્રપણે ધ્યાન દોરવું છે કે એમનાં માતા-પિતા કે વાલીની વાર્ષિક આવક મર્યાદાને ધ્યાનમાં રાખ્યા વગર શ્રી નરેન્દ્રભાઇએ જે નિર્ણય લીધો, તમામ મુખ્યમંત્રી પછી એ શ્રીમતી આનંદીબેન હોય, શ્રી વિજયભાઇ હોય, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ અને શ્રી ભુપેન્દ્રભાઇના નેતૃત્વની અંદર વિના મૂલ્યે કોઇપણ આવક મર્યાદા રાખ્યા વગર આને ગરીબ વાલીઓ છે એમના બાળકોની ચિંતા કરી કહેવાય. આ રાજયની સરકારે નિર્ણય લીધો અને ભારતીય જનતા પાર્ટીની સરકારે મુખ્યમંત્રી યુવા સ્વાલંબન યોજના હેઠળ વિશાળ શૈક્ષણિક હિતને ધ્યાનમાં લઇને અભ્યાસ માટે જરૂરી સવલતો અને માતા પિતાને, વાલીઓને તકલીફ ન પડે એમના માટે આ પાઠય પુસ્તકો વિના મૂલ્યે રાજયના વિદ્યાર્થીઓને આપવાનો નિર્ણય ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધો છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાઠય પુસ્તકમાં કયુ આર કોડ શા માટે મૂકવામાં આવેલ છે અને તેનાથી વિદ્યાર્થીઓને શું ફાયદો થશે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સન્માનીય ગૃહના સભ્ય શ્રીમતી ગીતાબહેને મહત્વનો પ્રશ્ન પૂછયો છે. મારી વિનંતી છે કે હમણા જ અમારા આરોગ્ય મંત્રી એમની માગણીઓ લઇને આવ્યા હતા એમાં પણ કોરોનાની ચર્ચા થઇ હતી. આ કયુ આર કોડને પણ એ સુસંગત છે. રોજિંદા જીવનની અંદર કયુ આર કોડનું પૂરું નામ પીક રીસ્પોન્સ કોડ છે. જેમાં ઉપયોગી વેમ્બલિક્સ હોય છે. આજે તેનો ઉપયોગ ઓન લાઇન પેમેન્ટ આધાર કાર્ડથી માંડીને વેક્સિન સર્ટિફિકેટ વગેરેમાં જોવા મળે છે. કયુ આર કોડ સ્કેન કરીને તેમાંથી માહિતી વાચી કે જાણી શકાતી હોય છે. કેટલીક વાર એવું કહેવામાં આવે કે અમારા નેતા આ લાવ્યા હતા, પણ એ કોમ્પ્યુટર ધૂળ ખાતા રહ્યા. આજે અમે શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કયુ આર કોડ સુધી પહોંચ્યા છીએ. જેમ જેમ ટેકનોલોજીનો વિકાસ થતો જાય છે તેમ તેનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં દિન પ્રતિદિન વધતો જાય છે. શિક્ષણ જગતમાં પણ આ ટેક્નોલોજીનો ઉપયોગ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે ભૂપેન્દ્રભાઇ અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇના નેતૃત્વમાં ખૂબ સુંદર રીતે કરે છે. વર્ષ ૨૦૧૮થી ક્રમશઃ પાઠ્યપુસ્તકોમાં ક્યુ.આર. કોડનો સમાવેશ કરવામાં આવ્યો છે જે આ રાજ્યમાં સૌ પ્રથમવાર છે. હું શ્રી વિજયભાઇને અને શ્રી ભૂપેન્દ્રભાઇને અભિનંદન આપીશ કે રાજ્યના વિદ્યાર્થીઓ એ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ભણતાં શીખે તેના માટે આ પ્રકારનો નિર્ણય કર્યો. વિવિધ વિષયોની માહિતી સરળતાથી હાથવગી, 'કર લો દુનિયા મુઠ્ઠીમેં ' શ્રી નીતિનભાઇ, આ પ્રકારના અભિગમ સાથે જે નિર્ણયો લીધા છે, તેના માટે વિદ્યાર્થી, વાલી, શિક્ષક, પ્રશિક્ષક આ બધાને આ મોટા જનસમુદાય સમક્ષ ઉપલબ્ધ બનાવી શકાતી હોય છે. ક્યુ.આર. કોડ પુસ્તકોમાં દાખલ કરવા તથા તેના ઉપયોગ બાબતે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે. આને ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો કહેવાય. વિદ્યાર્થી માત્ર શાળામાં જ નહીં, ઘરે મોબાઇલમાં સરળતાથી ડિજિટલ કન્ટેન્ટ જોઇ શકે, શીખી કે ડાઉનલોડ કરી શકે. આપણે બધા જાણીએ છીએ કે બાળકમાં જે ટેલેન્ટ છે, આપણો મોબાઇલ પણ આપણો દીકરો કે દીકરાનો દીકરો કે દીકરી હાથમાં લે તો આપણને શીખવાડે છે. એ બાળક અત્યારથી આનો ઉપયોગ કરતા શીખે એ હેતુથી રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ બધું શીખવા માટે, સ્વઅધ્યયન કરી શકે. ક્યુ.આર. કોડના આધારે જરૂર મુજબ વારંવાર અભ્યાસ કરી શકે

એ પ્રકારે માત્ર વિદ્યાર્થી નહીં, શિક્ષક, પ્રશિક્ષક પણ આ સંદર્ભે સાહિત્ય તરીકે તેનો ઉપયોગ આજના દિવસે કરે છે તેમજ વિદ્યાર્થીઓને તેમની વ્યક્તિગત જરૂરિયાત મુજબ ડિજિટલ શૈક્ષણિક સંસાધનોનું સૂચન કરી તેમને યોગ્ય માર્ગદર્શન પણ આના દ્વારા પૂરું પાડે છે. ક્યુ.આર. કોડ દ્વારા રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું શિક્ષણ સીધું જ વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે. જેનાથી વિદ્યાર્થીઓ રાજ્યના કોઇ પણ ખૂણે ઘેરબેઠા એ વાડીમાં હોય, ડુંગરામાં હોય, એ દરિયાઇ પટ્ટીમાં હોય, તેનું જ્યાં પણ નેટવર્ક આવે છે ત્યાં તેનો ઉપયોગ કરી શકે છે. તેના માટે વેબસાઇટ કે અન્ય લીંક પણ યાદ રાખવાની આવશયકતા રહેતી નથી. અમારા સન્માનનીય આરોગ્ય મંત્રીશ્રી શ્રી ઋષિભાઇ વાત કરતા હતા. કોરોનાની સ્થિતિમાં પણ જે પરિસ્થિતિ છે તેની સામે લડતા લડતા આફતને અવસરમાં પલટવા માટે શ્રી નરેન્દ્રભાઇએ જે વિઝન બતાવ્યું છે. (અંતરાય) હું એ જ કહું છું.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપો?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના કપરાકાળમાં પાઠ્યપુસ્તકમાં ક્યુ.આર. કોડની ઉપયોગિતા સૌથી વધારે સાબિત થઇ છે. ગુજરાતના વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકના ઇ-કન્ટેન્ટ આના દ્વારા મેળવી શક્યા છે અને આવા કપરાકાળમાં પણ વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ માટે ગામડાંમાં રહેતો વિદ્યાર્થી, ગરીબ વિદ્યાર્થી, ડુંગરામાં રહેતો વિદ્યાર્થી, આદિવાસી વિસ્તારની અંદર રહેતા વિદ્યાર્થીને ઓનલાઇન શિક્ષણનો લાભ આ ક્યુ.આર. કોડ દ્વારા મળ્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક જવાબ આપ્યો છે, ત્યારે ખાસ કરીને મફત પાઠ્યપુસ્તક યોજના હેઠળ સરકાર દ્વારા જે ખર્ચ કરવામાં આવ્યો છે. આ પાઠ્યપુસ્તકને ભણાવે કોણ? તો ભણાવે શિક્ષકો. આજે પણ રાજ્યની પ્રાથમિક શાળામાં ૧૬,૩૧૮ પ્રાથમિક શિક્ષકોની જગ્યા ખાલી છે. માધ્યમિક શિક્ષણમાં ૭૩૦ શિક્ષકોની જગ્યા ખાલી છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ૭૬૫ શિક્ષકોની જગ્યા ખાલી છે. ગ્રાન્ટેબલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં, માધ્યમિક શાળાઓમાં ૨,૫૪૭ શિક્ષકોની જગ્યા ખાલી છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં ૩,૪૫૮ શિક્ષકોની જગ્યા ખાલી છે અને આચાર્યની પણ એટલી જ જગ્યાઓ ખાલી છે. તો માનનીય મંત્રીશ્રી મને એટલો જવાબ આપે કે સરકારે પાઠ્યપુસ્તક આપ્યા છે, વાત સાચી, સરકારે ખર્ચ કર્યો છે વાત સાચી, પણ આ પુસ્તકો આપ્યા પછી જે શાળામાં શિક્ષકો જ નથી તો તેનો અભ્યાસ કોણ કરાવે છે અને ૬૦,૩૨૮ વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવ્યા છે તો વિદ્યાર્થીદીઠ કેટલો ખર્ચ થયો છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો મહેકમનો આ પ્રશ્ન નથી. પ્રશ્ન પાઠય પુસ્તકનો છે. કદાચ માનનીય શ્રી શૈલેષભાઇ હતા કે નહોતા મને ખબર નથી, પણ મારા વિભાગની માગણી લઇને આવ્યો, ત્યારે સમગ્ર રાજયની અંદર જે પ્રકારે અપપ્રચાર કરવામાં આવ્યો હતો, એના મેં બધા જ ખુલાસાઓ વિધાનસભાના સન્માનનીય ગૃહમાં મંત્રી તરીકે બોલ્યો છું. આધાર-પુરાવાઓ સાથે બોલ્યો છું. રેકર્ડ ઉપર બોલ્યો છું. એટલે આ બધી જ બાબતોમાંથી કેટલીક સત્ય હશે એને અમે સ્વીકારી પણ છે અને કેટલીક નેગેટીવ માત્ર અપપ્રચાર કરીને માત્ર ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનું સારું ન લાગે એવા પ્રયાસો વર્ષોથી કરે છે, પણ સન ૧૯૯૫માં પણ કારી ફાવી નથી અને સન ૨૦૨૨માં પણ ફાવવાની નથી, છતાં પણ એમણે એક વાત કરી છે કે પ્રતિ વિદ્યાર્થી દીઠ કેટલો ખર્ચ થાય છે. બધા વિદ્યાર્થીઓના તો કરોડો રૂપિયા થાય છે, પણ વિદ્યાર્થી દીઠ ૫૩૦ રૂપિયાનો ખર્ચ થાય છે. મહેકમમાં ૯૧.૪૯ ટકા જગ્યાઓ આજે પણ ભરેલી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીલક્ષી કોંગ્રેસ પાર્ટી ખોટો પ્રચાર કરે છે, એમના શિક્ષણ વિભાગની ચર્ચામાં પણ માનનીય મંત્રીશ્રીએ હાઉસમાં પણ જવાબ આપ્યો અને પ્રેસમાં પણ જવાબ આપ્યો, હું એમની વાત સાથે એગ્રી છું, હું ના નથી પાડતો, મેં જે મારો પ્રશ્ન પૂછ્યો છે, એ ગુજરાત વિધાનસભાની આજની પ્રશ્નોત્તરીની બુક, ચૌદમી ગુજરાત વિધાનસભા, દસમું સત્ર-૨૦૨૨, તારાંકિત પ્રશ્નોત્તરી, મંગળવાર, તા.૨૨મી માર્ચ, એટલે આજે ગુજરાત વિધાનસભા ગૃહની અંદર જે પ્રસિદ્ધિ થઇ છે એના મેં જે આંકડા કહ્યા છે, એ આંકડા ગુજરાત વિધાનસભાની આજની બેઠકમાં અત્યારે આપણે ચર્ચા કરી રહ્યા છીએ એ જ આંકડા છે, એટલે મંત્રીશ્રી જે જવાબ આપે છે એ ગેરમાર્ગે દોરે છે. કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરે છે એમ કહે છે પણ અમે નથી દોરતા. તમે વિધાનસભા ગૃહમાં રજૂ થયેલા આંકડા હોવા છતાં પણ તમે ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરો છો એ ચોક્કસપણે દેખાય છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સને ૧૯૯૩-૯૪માં ૪૭ હજાર શિક્ષકો તમારા વખતે ખાલી હતા. આજે મને કહેતા આનંદ થાય છે કે ૯૧ ટકા શિક્ષકો ભરેલા છે. (અંતરાય) ૪૩ હજાર ખાલી હતા. વર્ષ ૧૯૯૩-૯૪માં વિદ્યાર્થીઓ ઓછા હતા. અભણ રાખવાનું કામ કર્યુ છે. ૯૩ ટકા જગ્યા ભરાયેલી છે અને છતાં પણ શ્રી શૈલેષભાઇ અલગથી નોટિસ આપશે તો સંપૂર્ણ જવાબ એમને આપીશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો ખૂલી ગયા પછી પાઠય પુસ્તકો રાજકોટ જિલ્લામાં આ વર્ષની કઇ તારીખે આપણે સ્કૂલો ખૂલી ગયા પછી સ્કૂલોમાં પહોંચાડયા?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા મને કહેતા આનંદ થાય છે કે આ વખતે અમારા શિક્ષણ વિભાગે જે પ્રકારનું પ્લાનિંગ અને આયોજન કર્યુ છે, (અંતરાય) શ્રી પુંજાભાઇ, તમે સ્પેસીફિક પૂછ્યું એનો જવાબ આપું છું. થોડાક હળવા રહો શ્રી પુંજાભાઇ, હું આવ્યો એ વખતે મેં આવતાવેંત થોડાક પુસ્તકો નહોતા પહોંચ્યા, એ પણ અમે પહોંચાડયા

અને પહેલી વખત પ્લાનિંગ સાથે, જે અમારા માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ ચુડાસમાસાહેબે જે જૂના અનુભવોના આધાર ઉપર વ્યવસ્થાઓ કરી હતી એને આગળ લઇ જઇને બાકી હતા એ દસ દિવસમાં પૂરા પાડયા અને આ વખતે હજી સત્ર શરૂ થવાનું છે તા.૨૫-૨-૨૦૨૨ પહેલાં સમગ્ર રાજયની અંદર માત્ર રાજકોટ નહીં, પણ સમગ્ર રાજયમાં પાઠયપુસ્તકો પહોંચી ગયા છે.

શ્રી લાખાભાઇ સાગઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મફત પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સુધી કેવી રીતે પહોંચાડવામાં આવે છે? તાલુકા મથકે પાઠ્ય પુસ્તક વિતરણ વ્યવસ્થા સંભાળનાર શાળાને શું મહેનતાણું આપવામાં આવે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૬-૧૭માં વિનામૂલ્યે પાઠ્ય પુસ્તક યોજના વિદ્યાર્થીઓની સંખ્યા અંગેની માહિતી શાળા કક્ષાએથી તાલુકા કક્ષાએ અને તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષાએ અને જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષાએ માગણી પત્રક દ્વારા ઓફ લાઇન એકત્રિત કરવામાં આવતી હતી. રાજ્ય કક્ષાએ ચકાસણી થયા બાદ આ માહિતી ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળને સોંપવામાં આવતી હતી. આ માહિતી ઓફ લાઇન મગાવવાના કારણે સમયસર માહિતી મળતી ન હતી. કેટલીક વખત અપૂરતી માહિતી મળતી હતી, જેના કારણે મફત પાઠ્ય પુસ્તક યોજનામાં શાળામાં પુસ્તકો પહોંચાડવામાં વિલંબ થતો હતો. વર્ષ ૨૦૧૭-૧૮ થી આ તમામ માગણા પત્રક ઓન લાઇન કરવામાં આવ્યા છે. હું અભિનંદન આપીશ માનનીય શ્રી ભુપેન્દ્રસિંહજી અને શ્રી વિજયભાઇને કે એમણે ઓન લાઇન કરવાના કારણે તાલુકા કક્ષાએથી લોગ ઇન દ્વારા ધોરણ પ્રમાણે અને વિષયવાર સંખ્યા મગાવવામાં આવે છે. આ પ્રક્રિયા સરળ બનાવવા માટે ચાલુ વર્ષે શાળા કક્ષાએથી વિનામૂલ્યે પાઠ્ય પુસ્તકની માગણી ઓન લાઇન કરવાની સુવિધા આપવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા મળેલ માગણી મુજબના પુસ્તકો છપાવીને મેં હમણા જ વાત કરી હતી કે જૂન-૨૦૨૨ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે અત્યારથી જ ૬,૯૦૫ સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં, એમાં આશ્રમશાળાઓ, એકલવ્ય મોડલ સ્કૂલો, આદર્શ નિવાસી શાળાઓ, ૯ થી ૧૨ માં અભ્યાસ કરતા ૨૦ લાખ ૩૮ હજાર ૧૬૧ વિદ્યાર્થીઓને મફત ૧ કરોડ ૮૪ લાખ ૨૨ હજાર ૬૬૦ પાઠ્ય પુસ્તકો પૂરા પાડી દેવામાં આવ્યા છે. બીજી વાત કરી છે કે એમને કેટલું મહેનતાણું આપવામાં આવે છે? ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા આ પુસ્તકોને વર્ષ ૨૦૧૭-૧૮માં વિતરણ વ્યવસ્થા સંભાળતી શાળાના પ્રિન્સિપાલને ૧૦ હજાર રૂપિયા, પાઠ્ય પુસ્તકની કામગીરી સંભાળતા કારકૂનને ૫ હજાર અને સેવકને ૩ હજાર રૂપિયાનું મહેનતાણું આપવામાં આવે છે.

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપને ફાળવેલ જમીન**

* ૪૪૨૦૮ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનુ એસ્સાર સ્ટીલ લિ.) દ્વારા વન ખાતાની ક્યા સ્થળે અને કેટલી જમીન મેળવવા માટેની અરજીઓ/માંગણીઓ પડતર છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) દ્વારા વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ભારત સરકારની મંજૂરી મેળવવા માટેની મોજેઃ હજીરા, તાઃ ચોર્યાસી, જિઃ સુરત ખાતે ૧૭૮.૭૬ હેક. વન જમીનના ડાયવર્ઝન માટેની બે દરખાસ્તો પડતર છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત કંપનીએ વન ખાતા હસ્તકની કેટલી જમીન ક્યા ભાવે ફાળવવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકાર દ્વારા તા. ૧૬/૦૩/૨૦૨૧ના પત્રથી વન ( સંરક્ષણ ) ધારા -૧૯૮૦ હેઠળ ૬૫.૭૩ હેક. વન જમીનના ડાયવર્ઝન માટે મંજૂરી આપવામાં આવેલ છે. જંગલની જમીનના ડાયવર્ઝન માટે ભાવ નિર્ધારિત થયેલ નથી, પરંતુ વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ થતી જમીનના બદલામાં વળતર વનીકરણ માટે જમીન, વળતર વનીકરણનો ખર્ચ અને જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યુ વિગેરે નિયમોનુસાર વસૂલ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ વન ખાતાની ફાળવેલ જમીન અન્વયે વળતર વનીકરણ પેટે કેટલી રકમ મેળવવામાં આવી અને ક્યા સ્થળે કેટલી જમીન મેળવવામાં આવી છે ? | (૩) ઉક્ત સ્થિતિએ વન ખાતાની જમીનના ડાયવર્ઝન અન્વયે વળતર વનીકરણ પેટે રૂા. ૬,૯૩,૧૧,૧૯૪/-ની રકમ મેળવવામાં આવી અને મોજે.અંધૌ, તા.ભુજ, જિ.કચ્છ ખાતે ૨૦૬.૩૮ હેક. જમીન વળતર વનીકરણ માટે મેળવવામાં આવી. |

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના તા. ૧૬-૩-૨૦૨૧ના પત્રથી ૬૫.૭૩ હેક્ટર જમીનના ડાયવર્જન માટે આર્સેલર મિત્તલ ગ્રુપને વનની જમીન વાપરવા અંગે મંજૂરી આપેલ છે તે દરખાસ્ત ભારત સરકારને

ક્યારે મોકલવામાં આવેલ. ઉક્ત દરખાસ્ત અંગેની પૂર્તતા મિત્તલ તરફથી સરકારને ક્યારે મળેલ? ભારત સરકારને મોકલેલ અને મિત્તલ ગૃપ દ્વારા પૂર્તતા કરેલ તે વખતે કંપનીનું નામ સરકારી રેકર્ડમાં બદલી ગયેલ હતું કે કેમ? વન ખાતાની જમીન મિત્તલ ગૃપને ફાળવી તે પહેલા આ જમીન મેળવવા કોની કોની માગણીઓ પડતર હતી?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નમાં સ્પષ્ટતા થતી નથી. મને કાં તો કાગળ મોકલાવે અથવા ફરીથી કહે?

અધ્યક્ષશ્રી : ભૂમિકા સાથે પ્રશ્ન સમજાવો?

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના તા. ૧૬-૩-૨૦૨૧ના પત્રથી ૬૫.૭૩ હેક્ટર જમીનના ડાયવર્ઝન માટે આર્સેલર મિત્તલ ગ્રુપને વનની જમીન વાપરવા અંગે મંજૂરી આપેલ છે તે દરખાસ્ત ભારત સરકારને ક્યારે મોકલવામાં આવેલ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ કંપની વન વિભાગ અંતર્ગત જમીન માગે છે ત્યારે સરકારનો વર્ષ ૧૯૮૦નો કાયદો છે તે અંતર્ગત એમને આપણે જમીન ફાળવીએ છીએ. આ આર્સેલર મિત્તલ ગૃપની જે એમણે તારીખ માગી છે કે ક્યારે ભારત સરકારને મોકલી આપી, એ જવાબ હું એમને આપું તો અરજીની તારીખ ૧૬-૯-૨૦૧૦ના રોજ અને ભારત સરકારની સૈદ્ધાંતિક મંજૂરી તા. ૭-૬-૨૦૧૪ના રોજ અને બાકીની જમીનની ૨૭ હેક્ટર માટે તા. ૧૩-૭-૨૦૧૫ના રોજ આપણે મોકલી આપી હતી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે અને મારા ત્રણથી ચાર પ્રશ્નો છે. પહેલો પ્રશ્ન છે કે વન સંરક્ષણ ધારો ક્યારથી અમલમાં આવ્યો? બીજો પ્રશ્ન એ છે કે આ ધારાનો હેતુ શું છે અને ત્રીજો પ્રશ્ન કે આ ધારા હેઠળ રાજ્ય સરકાર દ્વારા મહત્વના જાહેર હેતુ જેવા કે સિંચાઇ અને રસ્તા માટે તેમજ અનુસૂચિત જનજાતિના લોકો માટે આપવામાં આવેલ જમીનની વિગતો શું છે? આ ધારો અમલમાં આવ્યા પછી ઉદ્યોગોને કેટલી જમીન આપવામાં આવી છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ અગત્યની માહિતી છે અને તમામ સભ્યોએ આ પ્રશ્નને શાંતિથી સાંભળવો જોઇએ, એટલા માટે કહું છું કારણકે વારંવાર આ વિધાનસભાગૃહની અંદર આર્સેલર અને મિત્તલનો પ્રશ્ન ઉભો થાય છે. અધરવાઇઝ બીજી કોઇ કંપનીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, એટલા માટે કહું છું કે વન સંરક્ષણ ધારો તા. ૨૫-૧૦-૧૯૮૦ એટલે કોંગ્રેસના વડાપ્રધાનશ્રી ઇન્દિરા ગાંધીજી હતા ત્યારે અમલમાં આવ્યો હતો. આ ધારાનો મુખ્ય હેતુ કે વનનું સંરક્ષણ કરવું, જંગલો આડેધડ કપાય નહીં. જયારે પણ વિકાસનાં કામો અથવા જાહેર હિતનાં કામો માટે છૂટક છન જમીન વપરાશમાં લેવાની હોય ત્યારે વનનું આવરણ ઘટે નહીં અને વિકાસનાં કામો શકય બને એટલા માટે આપણે જમીન આપીએ છીએ. વન સંરક્ષણ ધારો વર્ષ ૧૯૮૦માં અમલમાં આવ્યા બાદ વર્ષ ૧૯૮૦ થી ૧૯૯૫ એ વન વિભાગની જમીનો વર્ષ ૧૯૮૦ થી ૧૯૯૩ સુધી જે કોંગ્રેસની સરકાર હતી એમાં ૧૧,૭૧૦ હેક્ટર જમીન એમણે ફાળવી છે. ઉદ્યોગ અને ખાણ ખનીજ માટે અને વર્ષ ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, એમણે ૩,૦૫૪ હેક્ટર જમીન ફાળવી છે. સાથેસાથે વર્ષ ૧૯૮૦ બાદ ઉદ્યોગો માટે કુલ જમીન ફાળવી. કોંગ્રેસ હોય કે ભા.જ.પ. હોય એ ૧૪,૭૫૪ હેક્ટર જમીન ફાળવી અને અન્ય હેતુ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે હું એવું કહીશ કે લગભગ ૫૭,૭૭૪ હેક્ટર ભારતીય જનતા પાર્ટીની સરકારે જમીન ફાળવી, પણ કયા હેતુસર? તો ૩,૦૨૩ હેક્ટર જમીન સિંચાઇ માટે જયાં નહેર નીકળતી હોય, પાઇપલાઇન નીકળતી હોય, સૌની યોજના નીકળતી હોય. પાઇપલાઇન માટે ૩,૦૨૩ હેક્ટર જમીન ફાળવી. ૯,૩૯૬.૩૧ હેક્ટર રોડ રસ્તાઓ પહોળા કરવાના થાય અને અન્ય માટે રસ્તાઓ ડાયવર્ટ કરવાના થાય એ માટે જગ્યા ફાળવવામાં આવી. આખા ગૃહને આનંદ થાય એવું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ૩૯,૭૫૦.૫૯ હેક્ટર જમીન મારા અનુસૂચિત જનજાતિના એસ.ટી. ખેડૂતોને જમીન નિયત કરવા માટે એ હેતુસર જમીન ફાળવી છે. ભારતીય જનતા પાર્ટીની ઉદાર સરકારની આ વાત છે. બીજી વાત માનનીય પિયૂષભાઇએ આ પ્રશ્ન પૂછયો છે. વર્ષ ૧૯૮૨માં કોની સરકાર? (અંતરાય) મેસર્સ દિગ્વિજય સિમેન્ટ કંપનીને ૪૫૦ હેક્ટર જમીન ફાળવી. વર્ષ ૧૯૮૮માં મેસર્સ બરોડા કવોરી એસોસીએશનને માઇનિંગ લીઝ આપી બે હેક્ટર. વર્ષ ૧૯૮૮માં અંબાજી ખાતે માર્બલ ઇન્ડસ્ટ્રીઝને ખાણ કામ માટે ૧૯૮.૮૮ હેક્ટર જમીન આપી ત્યારે કોની સરકાર? વર્ષ ૧૯૮૮માં કોંગ્રેસની સરકાર. એસ.સી. ચોકસીને ખાણકામ માટે લીઝ આપી ૫.૨૯ હેક્ટર જમીન. વર્ષ ૧૯૮૯માં મેસર્સ બાલાજી સિમેન્ટ બાલારામ સિમેન્ટને ૧૪૪ હેક્ટર જમીન ફાળવી. વર્ષ ૧૯૯૦માં નદીના પટમાંથી ગૌણ જમીનો માટે (બાવન) ૫૨ હેક્ટર જમીન આપી. વર્ષ ૧૯૯૦માં ૧૯૯ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં દ્વારકાદાસ વાલજી સોલ્ટ કંપનીને ૧૬૩ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં નવા નગર સોલ્ટ ઇન્ડસ્ટ્રીઝને માઇનિંગ માટે ૫૦૯ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં સૌરાષ્ટ્ર સોલ્ટ વર્કસ માઇનિંગ ઇન્ડસ્ટ્રીઝને ખાણકામ માટે ૬૭૧ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં મેસર્સ સૌરાષ્ટ્ર લિમિટેડ કંપનીને મીઠા ઉદ્યોગ માટે ૬૮૯ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં મારૂતિ સોલ્ટ વર્કર્સની કંપનીને ૬૦ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં વરૂણ સોલ્ટ વર્કસને ૬૦.૭ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં શ્રી રામ વર્કસને ૧૦૧ હેક્ટર. વર્ષ ૧૯૯૨માં નેશનલ સોઇટ વર્કર્સને (અંતરાય)

અધ્યક્ષશ્રી : જવાબ લાંબો હોય તો ટેબલ ઉપર મૂકી દેજો. (અંતરાય) ઉભા ન થઇ જાવ. બેસો. મંત્રીશ્રી જવાબ આપે છે. આપ શું કામ ઉભા થાવ છો?

## તા.૨૨મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે ગૃહના રેકર્ડમાં કયારેય ખોટી માહિતી ન જવી જોઇએ એટલે કોંગ્રેસના સમયમાં કેટલી કેટલી જમીન ખાનગી લોકોને આપી દીધી એનો ચિતાર છે. વર્ષ ૧૯૯૨માં સિકકા સોલ્ટ વર્કર્સને ૨૦૨ હેક્ટર. વર્ષ ૧૯૯૨ સૌરાષ્ટ્ર સોલ્ટ વર્કર માઇનિંગ કંપનીને ૫૮૮ હેક્ટર. વર્ષ ૧૯૯૨ માં સોલાર એન્ડ એલાઇડ ઉદ્યોગ કંપનીને ૯૫૫ હેક્ટર. વર્ષ ૧૯૯૨ માં બલાલપુર ઇન્ડસ્ટ્રિઝ લિ.ને ૧૨૧૪ હેક્ટર. વર્ષ ૧૯૯૨ ગાયત્રી સોલ્ટ માઇનિંગ લીઝને ૧૩૪ હેક્ટર. વર્ષ ૧૯૯૨ માં ચોકેલ પ્રા.લિ.ને ૨૦૩૫ હેક્ટર.

અધ્યક્ષશ્રી : આપણે વર્ષ ૨૦૨૨ સુધીનું આવું લિસ્ટ ન અપાય. આપ એમને ટેબલ ઉપર આપી દેજો. ટૂંકમાં જવાબ આપો?(અંતરાય) શ્રી કુબેરભાઇ, પીયૂષભાઇ બેસો. જવાબ આપે છે. શાંતિથી જવાબ આપો?

શ્રી જગદીશ વિશ્વકર્મા : આર્સેલર મિત્તલને માત્ર ૬૫ હેક્ટર જમીન આપી છે. એની સામે કોંગ્રેસે જમીનો જે આપી છે એનું ઘણું લિસ્ટ લાંબુ છે. હજુ આપ જો મંજૂરી આપતા હોય તો બધા જ જવાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવા છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના અનુસંધાને માનનીય મંત્રીશ્રી પાસે જવાબ માગુ છું કે એસ્સાર સ્ટીલ કંપનીને જમીન આપી. શ્રી નીતિનભાઇ સાહેબ, આપી હતી તમે, પણ એમને પ્રશ્ન પૂછું છું. રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટ આવ્યો. એ કાયદાનું બોલતા નથી. વર્ષ ૧૯૮૦ ના વન સંરક્ષક ધારો બતાવ્યો. રાઇટ ટુ ફોરેસ્ટ એક્ટરમાં આદિવાસી લોકોને જમીન આપવી જ પડે. ૩૯,૦૦૦ હેક્ટર આપી. એ સારું કામ કર્યુ છે. તમને અભિનંદન ચાલો. પણ એસ્સાર કંપની તમે જે તારીખે આપી એના ૧૦ વર્ષ પહેલેથી ત્યાં દબાણ કરીને બેઠી હતી. તમે નોંધો. ત્યાં દબાણ કરીને બેઠેલી હતી. આ ધારા નીચે એક ખેડૂત એ ખેતરમાંથી નીકળે તો નીકળી શકતો નથી. એક પશુ નીકાળવું હોય તો નીકળી શકતું નથી. જંગલ ખાતાના અધિકારીઓ ખૂબ કડક અને સારું કામ કરે છે. આ એસ્સાર કંપની ૧૦-૧૦ વર્ષથી આ વ્યવસાય કરીને, દબાણ કરીને બેઠી હતી. *(xxx) સરકારનું કાર્ય થોડું શંકાસ્પદ લાગે છે. બીજું, જમીનના બદલામાં જમીન આવા નિયમ નથી. એસ્સારે જમીનના બદલામાં દંડ સાથે અઢી ગણા કબજા હક્ક સાથે કિંમત ચૂકવવી પડે એના બદલામાં હું જમીનના બદલામાં બીજી જગ્યાએ આ જમીન આપીશ. એ કયાં પાછી એસ્સારની છે. પાછી કચ્છમાં તમારીને તમારી જમીન એને આપો. અને જંત્રી પ્રમાણે કિંમતો લો છો. *(xxx) એ વાત સાચી કે ખોટી?

શ્રી જગદીશ વિશ્વકર્મા : પહેલાં તો સભ્યશ્રીને વિનંતી કરીશ કે *(xxx) એ શબ્દો પાછા ખેંચે અધરવાઇઝ એ રેકર્ડ ઉપરથી દૂર કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : *(xxx) એ બંને શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જગદીશ વિશ્વકર્મા : વર્ષ ૧૯૮૦ નો કાયદો કોંગ્રેસની ઇન્દિરા ગાંધી સરકાર લાવી હતી. હું તમામ ધારાસભ્યશ્રીને કહું છું. આ કાયદો ડીટેઇલમાં વાંચવો જોઇએ. કોંગ્રેસની સરકાર જયારે કાયદો લાવી એ નીતિ નિયમની ગાઇડલાઇન મુજબ ભારતીય જનતા પાર્ટીની સરકારે કોઇને પણ જમીન આપી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક જૂની ફાઇલો ખોલી છે અને જવાબ આપ્યો છે. મારે મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કે જેને ૮,૬૫,૦૦૦ ચો.મી. જગ્યા જે જંગલની જમીન હતી, એ વર્ષ ૨૦૧૯ ની અંદર સૌદ્ધાંતિક મંજૂરી પૂર્ણ કરવા માટે દિલ્હીથી ફાઇલ આવે છે. મંત્રીશ્રી સાંભળો મજા આવશે. ૬૫.૭૩ હેક્ટર જગ્યા ૫.૪૫ વાગ્યે ફાઇલ આવે છે. રાત્રે ૧૨-૦૦ વાગ્યે આ જ ફાઇલ ભારત સરકારને ભલામણ માટે સોંપી દેવામાં આવે છે. આટલું સ્પીડી કામ ગતિશીલ સરકારનું આટલી સ્પીડે એક જ કંપની માટે કામ કર્યુ. એનાથી ગુજરાતની પ્રજાને જે નુકસાન થયું. એમણે બહુ લાંબો જવાબ આપ્યો છે. શ્રીમતી ઇન્દિરા ગાંધીથી ચાલુ કર્યુ છે અને શ્રી નરેન્દ્ર મોદી સુધીની વાત છે. એટલે વચ્ચેના બધા જ પ્રશ્નો આવશે. ૪,૯૬૮ કરોડ રૂપિયાનો ફાયદો આ કંપનીને કરવામાં આવ્યો છે. ફકતને ફકત પાંચ કલાકની અંદર જ ૬૫.૭૩ હેકટર જગ્યાની પ્રાથમિક મંજૂરી આપી, સૈદ્ધાંતિક મંજૂરી માટે કેન્દ્ર સરકારને મોકલી આપેલ છે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, જે રીતે એમણે ગણાવ્યું કે આટલા આટલા લોકોએ ગુજરાતની કોંગ્રેસની સરકાર કે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને એમણે આપી. બધાં નામ મેં પણ સાંભળ્યાં. અલગ અલગ નામો હતાં, મીઠા ઉદ્યોગના નામ હતા, અ, બ, ક , ડ વગેરે નામ હતા. માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, ફકતને ફકત એસ્સાર સ્ટીલ અને પાવરને તમે ૧૧૧.૧૪ હેકટર જગ્યાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. એક જ કંપનીને, એસ્સાર સ્ટીલ અને એસ્સાર પાવરને એક જ કંપની કે જેને ૧૧૧.૧૪ હેકટર જગ્યા આપી. હજીરા ખાતે એક જ કંપની કે જેને ૩૨.૩૦ હેકટર જગ્યા આપી છે. મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે, મૂળ પ્રશ્ન પર જ આવું છું. તમારા પ્રશ્ન પર જ આવું છું. પ્રશ્ન પર જ આવું છું. અદાણીને પણ આપી છે, રિલાયન્સને પણ આપી છે. ઓ.એન.જી.સી.ને પણ, અદાણીને ૨૧૦.૧૫ હેકટર જગ્યાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. અદાણી હજીરાને ૯૦.૮૬ હેકટર જગ્યાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને ૮.૩૭ હેકટર જગ્યા આપી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે, વર્ષ ૧૯૮૦નો કાયદો મારી પાસે પણ છે. અભ્યાસ મેં કર્યો છે અને તે અભ્યાસના આધારે આપને પૂછવા માગુ છું કે, આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપની કે જેને ધારા ૧૯૮૦ હેઠળ દંડ વસૂલવાની જે રકમ હોય તેમાં રાજ્ય સરકારના તા.૧૨-૬-૨૦૧૫ ના ઠરાવ મુજબ વસૂલ કરવાની રકમ હેકટર દીઠ દસ લાખ રૂપિયા થાય છે. આ કંપનીને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

૩૮.૭૧ હેકટર જગ્યા આપ્યા પછી ૭૩ કરોડ ૮૭ લાખ ૧૦ હજારની દંડની રકમ હતી તે કેમ વસૂલી નથી તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે?તેવી જ રીતે ૨૦.૭૬ હેકટર જગ્યા કે જેની દંડની રકમ ર કરોડ ૭ લાખ ૬૦ હજાર હતી. આમ, કુલ ૭૫ કરોડ ૯૪ લાખ ૭૦ હજાર રૂપિયાની રકમ, હેકટરદીઠ દસ લાખ રૂપિયા જે દંડ પેટે વસૂલ કરવાના હોય તે સરકારે દંડ લીધો નથી તો માનનીય મંત્રીશ્રી આનો જવાબ આપે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો ગુજરાતની પ્રગતિશીલ સરકાર પ્લે એન્ડ પ્લગની સિસ્ટમથી કામ કરે છે. કોઇપણ ઉદ્યોગકાર કે કંપની ગુજરાતમાં પોતાનું ઇન્વેસ્ટમેન્ટ કરવા માટે આવે ત્યારે અમે ઝડપી કામગીરી થાય એટલા સરકાર તમામ પ્રકારના ઝડપી નિર્ણયો લે છે અને કંપની વહેલામાં વહેલી તકે રોજગારી આપી શકે, તેનું પ્રોડકશન શરૂ થાય એટલા માટે આવી મંજૂરીઓ તાત્કાલિક આપે છે. માનનીય સભ્યશ્રીને જવાબ આપું તે પહેલાં મારે આ વિધાનસભાના ગૃહ પર એક અગત્યની માહિતી મૂકવી છે. કચ્છ જિલ્લાના નારાયણ સરોવર અભયારણ્યમાં ચિંકારા, વરૂ, હેણોતરા જેવા દુર્લભ વન્ય પ્રાણીઓના કુદરતી નિવાસ સ્થાન માટે સુરક્ષિત કરવા માટે વર્ષ ૧૯૮૧ માં કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ૭૬,૫૭૯ હેકટર વિસ્તારને વન્ય પ્રાણી અભયારણ્ય તરીકે જાહેર કર્યુ. ત્યારબાદ કોંગ્રેસને એવી શું જરૂર પડી કે, આ જગ્યાને એમણે માઇનિંગ માટે સમગ્ર અભ્યારણ્યને જાહેરનામામાંથી રદ કર્યુ? એ તો કોર્ટનું સારું થજો, કોર્ટ જે તે ન્યાયિક પ્રક્રિયા કરે છે કે, કોર્ટે આ હુકમો રદબાતલ કર્યા. માનનીય ધારાસભ્યશ્રીની વાત કરું તો આપણે હેકટરદીઠ ૭.૫ લાખ લેવાની જોગવાઇ છે. તે આપણે લીધા છે. વનીકરણ માટે એકગણી જમીનનો કેન્દ્ર સરકારે નિયમ બનાવ્યો છે, પણ રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫ માં તેમાં ફેરફાર કર્યો છે. રાજ્ય સરકાર તેમાં એકગણી, બેગણી લઇ શકે અને ભારતીય જનતા પાર્ટીની સરકારે ત્રણગણી જમીન લીધી છે. ૨૦૬.૮૩ હેકટર મોજેઃ અંધો તાલુકો ભુજ, જિલ્લા કચ્છમાં આપણે જમીન મેળવી છે. વળતર વનીકરણના ખર્ચની એક ગણી રકમ આપણે કેન્દ્ર સરકારના કાયદા મુજબ એક ગણી રકમ લઇ શકીએ, એટલે ૨.૩૧ કરોડના બદલે રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે ત્રણ ગણી રકમ ૬.૯૩ કરોડ રૂપિયાની વસૂલાત કરી છે. માગણી કરેલ વન જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યુ એન.પી.વી. એ ૪.૧૧ કરોડ વસૂલ કર્યા છે, દંડની નેટ પ્રેઝન્ટ વેલ્યુ એન.પી.વી. વ્યાજ સાથે એ કાયદા મુજબ એક ગણું લઇ શકો અથવા એનાથી પાંચ ગણું લઇ શકો. ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇને પણ છોડવા માગતી નથી. વનની જમીન હોય કે કોઇ પણ જમીન હોય એટલે એક વત્તા પાંચ એમ છ ગણી એન.પી.વી. વસૂલ કરી વર્ષ ૨૦૧૦ થી માનનીય અધ્યક્ષશ્રી, આ જમીનનું જે વ્યાજ વસૂલ કર્યું એ વર્ષ ૨૦૧૦થી તમામ જમીનના વપરાશ હેઠળ જે એસ્સારે જમીન દબાવી હતી કે બીજા જેણે પણ જમીન ઉપર દબાણ કર્યું હતું વર્ષ ૨૦૧૦થી એ વપરાશની તમામ જમીનો ઉપર વ્યાજ વસૂલ ગણીને દંડની વસૂલાત કરી છે. ડમ્પિંગ સ્ટેશનોના દબાણ માટે કેન્દ્ર સરકારના વન સંરક્ષણ ધારા વર્ષ ૧૯૮૦ ઉપરાંત ભારતીય વન અધિગ્રહણ નિયમ વર્ષ ૧૯૮૮ હેઠળ મેળવેલ દંડ વન અધિગ્રહણ હેઠળ રાજય સરકાર દ્વારા દબાણ અને નુકસાન સબબનો ગુનો દાખલ કરી રૂપિયા ૨.૭૫ કરોડ વસૂલ કર્યા છે. તા. ૧૨.૦૬.૨૦૧૫ ના ઠરાવ મુજબ વધારાની રકમ ૨.૭૨ કરોડ, વન અને વન્ય પ્રાણીઓના વિકાસ માટેની રકમ વધારાના બીજા ૧.૦૦ કરોડ રૂપિયા, વૃક્ષ કાપણીનો ખર્ચ ૦.૮૮ કરોડ રૂપિયા, યુઝર્સ એજન્સીના નામના આર્સેલર મીત્તલની કંપની માટેના રૂપિયા ૨.૦૦ કરોડ એટલે કુલ ૬૧.૮૫ કરોડ લીધા છે. સરકાર જે કોઇ જમીન આપે છે એક ગણી એની સામે ત્રણ ગણી લે છે એમાં વૃક્ષો વાવવા માટેના પણ પૈસા સરકાર લે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારનો પારદર્શક વહીવટ દેખાય આવે છે. (અંતરાય)

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, વન વિભાગના જમીનના ડાઇવર્ઝન માટે કયા નિયમો છે અને, આ જમીન કયા દરથી આપવામાં આવે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીને જણાવવા માગીશ કે, માળખાકીય સુવિધાઓ, ઉદ્યોગો માટે વન જમીનની માગણીની અનિવાર્યતા ચકાસીને વન જમીનના ડાઇવર્ઝન માટે ભારત સરકારશ્રીના વન સંરક્ષણ વર્ષ ૧૯૮૦ના કાયદાકીય જોગવાઇ, નિયમો અને ગાઇડલાઇન પ્રમાણે ભારત સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની થાય છે. આ માટે મુખ્ય નિયમો મુજબ પ્રથમ તો કાયદા હેઠળ ડાઇવર્ટ થતી જમીનનું લિગલ સ્ટેટસ. આ હાઉસના તમામ સભ્યશ્રીઓને જણાવવાનું કે આપણે કોઇ પણ કંપનીને જમીન આપીએ એ જમીનનું લિગલ સ્ટેટસ બદલાતું નથી. એના ૭/૧૨ના ઉતારામાં એ જમીનનું માલિક ફૉરેસ્ટ એટલે કે આપણું વન વિભાગ જ રહે છે. સાથે સાથે ૭/૧૨ના ઉતારામાં સ્ટેટસ બદલાતું નથી અને માલિકીનો હક જે તે કંપનીને બિલકુલ મળતો નથી. એ જમીન ઉપર લોન લેવી હોય તો એ પણ મળતી નથી. કાયદાની જોગવાઇઓ હેઠળ વળતર વનીકરણ માટે જમીનના બદલામાં જમીન અને વૃક્ષના બદલામાં વૃક્ષો દ્વારા નુકસાનીના વળતરની જોગવાઇ કરવામાં આવી છે. વૃક્ષો કાપણીનો ખર્ચ પણ આપણે લઇએ છીએ, વૃક્ષોના વાવેતર માટે પ્રતિ હેકટર ૪.૫૦ લાખ રૂપિયાની વસૂલાત કરીએ છીએ. વળતર નવીનીકરણ માટે ડાઇવર્ટ થતી વન જમીન સામે એટલું જ ક્ષેત્રફળ ધરાવતી વનનો ઉછેર થઇ શકે તેવી ગુણવત્તાવાળી બિનજંગલની જમીન યુઝર એજન્સી દ્વારા વન વિભાગને સુપરત કરવાની થાય છે એના ઉપર વનીકરણ માટે થનાર ખર્ચ યુઝર એજન્સી દ્વારા ભરપાઇ કરવાના થાય છે. વળતર વનીકરણ માટે મળેલ બિનજંગલની જમીન વન વિસ્તાર તરીકે જાહેર કરવાની થાય છે. નામદાર સુપ્રીમ કોર્ટના વર્ષ ૨૦૦૮ના હુકમ મુજબ માગણી થયેલ વન વિભાગની પ્રતિ હેકટર નેટ પ્રેઝન્ટ વેલ્યુ યુઝર એજન્સીને ભરપાઇ કરવાની થાય છે. તે ઉપરાંત વન વિભાગ અને

વન્ય પ્રાણીઓના રક્ષણ માટે જરૂરી યોગ્ય વધારાની શરતો મૂકવામાં આવે છે. આ સિવાય જે જવાબ માગ્યો છે એ મેં હમણાં જ મારા જવાબમાં આપી દીધો છે.

શ્રી શૈલેષભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો નથી. મારો પ્રશ્ન એટલો જ છે કે, એમણે જે રકમ કહી, વર્ષ ૧૯૮૦ના ધારા મુજબ ૧૦ એવા પેરા છે એ ૧૦ પેરામાં અલગ અલગ દંડની રકમ વસૂલ કરવામાં આવે છે. મેં માનનીય મંત્રીશ્રીને માત્ર એટલુ જ પૂછ્યું છે કે, તા.૧૨-૬-૨૦૧૫ના ઠરાવ મુજબ હેકટર દીઠ ૧૦ લાખ રૂપિયાની રકમ વસૂલી કરવાની રહેતી હોય છે. એ ૩૭.૭૧ હેકટર કે ૨૦.૭૬ હેકટર જે જગ્યા આપી તેમાં હેકટર દીઠ રકમ કેટલી વસૂલ કરી તે માનનીય મંત્રીશ્રીએ જવાબ નથી આપ્યો અને બીજુ, કચ્છના રણમાં તમે વનીકરણ કરવા જઇ રહ્યાં છો તો એવું કયુ વૃક્ષ તમે કચ્છના રણમાં વાવવાના છો તે માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં પહેલાં જ કહ્યું પ્રતિ હેકટર સાડા સાત લાખ રૂપિયા આપણે લીધા છે અને બીજી વસ્તુ ફોરેસ્ટની જમીન હોય, કોઇ પણ ખૂલ્લી જમીન હોય એટલે કોઇને દયા દાનમાં આપી દેવાની ના હોય. ભારતીય જનતા પાર્ટીની સજાગ સરકાર કોઇને પણ જમીન આપે તો સામે ત્રણ ગણી જમીન વસૂલવાની તાકાત રાખે છે. (અંતરાય) મેં કહ્યું પહેલા તો. શ્રી શૈલેષભાઇને કહું છું શાંતિથી બોલે. આપણે કુલ ૨.૭૨ કરોડ રૂપિયા દંડ પેટે વસૂલ્યા છે અને કુલ ૬૧.૮૫ કરોડ વસૂલ્યા છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તેમના જવાબમાં કહ્યું કે વર્ષ ૨૦૧૦થી મિત્તલ ગ્રૃપે આનું દબાણ કર્યુ હતું અને વર્ષ ૨૦૨૨માં આપણે રેગ્યુલરાઇઝ કરીએ છીએ. સરકારને અને વન વિભાગને કયારે ખબર પડી કે મિત્તલ ગ્રૃપે દબાણ કર્યુ છે અને સ્થાનિક અધિકારીઓએ શું કાર્યવાહી કરી ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી આનંદભાઇનો પ્રશ્ન ખૂબ સારો છે. જયારે આટલી મોટી વિશાળ જગ્યા આપણે આપતા હોઇએ એટલે કોઇ પણ શાસક પક્ષ હોય કે વિપક્ષ હોય તે જમીન ઉપર ચોકીદાર થઇને બેસી ના રહે, પણ દેશના વડાપ્રધાન ચોકીદાર છે, એટલા માટે અધિકારીઓ સજાગ છે અને એટલા માટે જે દબાણ કરેલા દબાણો અમારી નજરે આવે છે અને એટલા માટે અમે દંડ પણ વસૂલ કરીએ છીએ.

શ્રી વિવેક ન. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, હજીરા ખાતે આર્સેલર મિત્તલ કંપનીને વન જમીનની ફાળવણી બાબતે નામદાર હાઇકોર્ટમાં કોઇ કેસ થયેલ હતો, જો હા તો તેનો શું ચુકાદો આવ્યો ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કાયદાની રૂએ જે કોઇ પણ કેસ હાઇકોર્ટમાં ચાલુ હોય તેની ચર્ચા આપણે વિધાનસભામાં કરી શકતા નથી પણ હાઇકોર્ટે જે ચુકાદા આપ્યા હોય તેની વાત કરું તો હું આપના માધ્યમથી માનનીય ધારાસભ્યશ્રીને જણાવું કે, નામદાર હાઇકોર્ટમાં કોઇ વ્યકિતએ પીઆઇએલ કરી હતી જેનો નંબરઃ૩૪, વર્ષ ૨૦૨૧ના અરજદાર બિરેન સ્વાધ્યા દ્વારા દાખલ કરવામાં આવેલ જેની રજૂઆતો નીચે મુજબ હતી.

* ભારત સરકારશ્રીની મંજૂરીના હુકમો રદ કરવા યુઝર્સ એજન્સીને જંગલની જમીન તબદીલ નહીં કરવાનો હુકમ કરવા ઉપર્યુકત અનામત જંગલને પક્ષીઓના રહેણાંક તરીકે વિકસાવવા. ભારત સરકારશ્રીની સૈદ્ધાંતિક મંજૂરીના શરતોના પાલન રિપોર્ટ હાઇકોર્ટની સમક્ષ પ્રસ્તુત કરવા. જયાં સુધી આ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી જમીન ઉપર સ્ટે આપવો. કેસ પડતર છે ત્યાં સુધી વન જમીનનું સ્ટેટસ નહીં બદલાય તેવો હુકમ કરવો.

માનનીય અધ્યક્ષશ્રી, હવે ચુકાદો કહું છું.

અધ્યક્ષશ્રી : અગર મેટર સબજયુડિસ છે તો,

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ના નથી. ભારતીય જનતા પાર્ટીની પારદર્શક સરકારના હાઇકોર્ટ પણ જોઇ રહી છે અને તેમણે પણ ખૂબ સરસ નિર્ણય આપ્યો છે. આ ગૃહના તમામ મિત્રોએ એટલા માટે સાંભળવો જોઇએ કે કોંગ્રેસ વારંવાર દરેક વખતે દરેક બજેટમાં આર્સેલર મિત્તલનો પ્રશ્ન હવે પછી ના આવે એટલા માટે કહું છું કે, હાઇકોર્ટ દ્વારા આ બાબતે દરેક મુદ્દાની વિસ્તૃત છણાવટ, ચકાસણી કરી, કાયદાની તમામ જોગવાઇઓ મુજબ દરખાસ્ત, મંજૂરીઓ, હુકમ બરાબર જણાતા તારીખઃ ૬-૧૦-૨૦૨૧ના રોજ પીઆઇએલનો નિકાલ કર્યો છે અને નામદાર હાઇકોર્ટના હુકમ મુજબ અરજદારની ઉપરોકત માગણીઓને સુનાવણી કરી વધારાની તમામ રજૂઆતો ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી અને છતાંય અધ્યક્ષશ્રી કહેતા હોય તો મારી પાસે ચુકાદો છે તે વાંચી સંભળાવું.

**ટેટની પરીક્ષા નિયમિત યોજના બાબત**

* ૪૪૦૮૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ટેટની પરીક્ષા છેલ્લે ક્યારે યોજવામાં આવેલ, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ધો-૧ થી ૫ માટેની શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૧) માર્ચ-૨૦૧૮ |

અને ધો-૬ થી ૮ માટેની શિક્ષક યોગ્યતા કસોટી (ટેટ-૨) ઓગસ્ટ ૨૦૧૭માં યોજવામાં આવેલ.

(૨) ઉક્ત પરીક્ષા નિયમિત ન યોજાતી હોય તો તેના કારણો શું છે, અને

(૨) -કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી અંતર્ગત સામૂહિક આરોગ્યના સંદર્ભમાં જનહિતને ધ્યાને લઇ, તેમજ
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના સૂચન અનુસાર પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ત્રિસ્તરીય પદ્ધતિનો અમલ કરવાની બાબત વિચારણા હેઠળ હોઇ, પરીક્ષા યોજી શકાઇ નથી.

(૩) ઉક્ત પરીક્ષા નિયમિત લેવા માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ના સૂચન અનુસાર પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ત્રિસ્તરીય પદ્ધતિના અમલ બાબતે વિચારણા ચાલુ છે. જે અંગે નિર્ણય થયેથી પરીક્ષા યોજાય તે માટેની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ધો. ૧ થી ૫ માટેની ટેટ-૧ની પરીક્ષા માર્ચ - ૨૦૧૮ અને ધો. ૬ થી ૮ માટેની ટેટ - ૨ ની પરીક્ષા ઓગષ્ટ - ૨૦૧૭માં લેવાઇ એવો જવાબ સરકારશ્રીનો છે. જ્યારે નવી શિક્ષણ નીતિ ત્રિસ્તરીય પદ્ધતિની વાત વર્ષ ૨૦૨૦માં આવી. આ સમય દરમિયાન પરીક્ષા અને નોકરીની રાહ જોતા વિદ્યાર્થીઓ તથા આ સમય દરમિયાન પરીક્ષા આપ્યા પછી સમય-મર્યાદા પૂરી થઇ ગઇ હોય તેવા હજારો વિદ્યાર્થીઓ છે. જ્યારે સરકારશ્રી તરફથી માત્ર ૩,૩૦૦ શિક્ષકોની ભરતી થઇ છે. આગામી ભરતી ક્યારે કરવામાં આવશે અને આવા હજારો વિદ્યાર્થીઓને તક મળી રહે તે માટે શું આયોજન છે? (૨) આવા વિદ્યાર્થીઓને બેરોજગારી ભથ્થું આપવા માંગો છો કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હળવી વાત કરું તો મને એમ થાય કે આ બધી કંપનીમાં તો આંટો મારી આવ્યા, બધે ફરી આવ્યા. આ કંપનીમાંથી શિક્ષણના કમ્પાઉન્ડમાં આવે તો સારું. બધી કંપનીઓમાં અમે ફરી આવ્યા. કંપનીમાંથી કમ્પાઉન્ડમાં આવવા માટે આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં ગુજરાત સરકાર ઉપરાંત દરેક રાજ્યમાં અલગ-અલગ રીતે આ પરીક્ષા લેવાય છે. સમયે-સમયે રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે ભરતીઓ પણ કરી છે. ભૂતકાળમાં એના પર પ્રતિબંધ હતો. સૌ વિદ્યા સહાયકો પ્રાથમિક અને મેરિટયાદી પણ મૂકાઇ છે. ૨૮ તારીખે ફાઇનલ યાદી મૂકાવવાની છે. શ્રી ભૂપેન્દ્રભાઇને હું અભિનંદન આપીશ કે આવતાંની સાથે જ આ પ્રકારની વ્યવસ્થા કરી છે. સાથે - સાથે એમણે ભરતીનો પ્રશ્ન પૂછ્યો છે, ત્યારે વર્ષ ૧૯૯૮થી વિદ્યા સહાયકની ભરતીની શરૂઆત થઇ. વર્ષ ૧૯૯૮ થી વર્ષ ૨૦૧૦ સુધી ૧,૧૧,૩૫૮ વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી. આ વર્ષ ૧૯૯૮ થી વર્ષ વર્ષ ૨૦૧૦ સુધીનો ગાળો છે, એ ભારતીય જનતા પાર્ટીના શાસનનો ગાળો છે. આપ જાણતા હશો કે ૬૦ ટકા પ્રમાણે ભરતી કરવાની હોય છે. એ પ્રમાણે ૧,૧૧,૩૫૮ ભરતી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી. એ વખતે શું સ્થિતિ હતી એ આના ઉપરથી ફલિત થાય છે. વર્ષ ૨૦૧૦થી રાજ્યમાં કેન્દ્રિયકૃત ભરતીની શરૂઆત થઇ. મને કહેતા આનંદ એટલા માટે થાય છે કે ઓનલાઇન ભરતી દ્વારા સંપૂર્ણપણે મેરિટ આધારિત ભરતીની શરૂઆત ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ અને ભૂતકાળમાં ઇચ્છે એને નોકરીએ લઇ લેવાની પદ્ધતિ કૉંગ્રેસના શાસનમાં રહી છે એને દૂર કરીને સંપૂર્ણ મેરિટ આધારે ભરતી કરવામાં આવે છે. આજે જે વિદ્યા સહાયકોની ભરતી થાય છે, એને ક્યાંય પણ એવું લાગતું નથી કે એની કુશળતા અને મેરિટને બાજુ પર મૂકવામાં આવે છે. વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૨૧ સુધી ૫૩,૧૨૩ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી. ૬,૯૬૭ શિક્ષકોની પણ ભરતી કરવામાં આવી છે. અત્યાર સુધી એકંદરે ૧,૭૧,૪૭૮ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. કેલેન્ડર વર્ષમાં કોરોનાને બાદ કરતાં રાજ્યની સરકારે ભરતી પ્રક્રિયાઓ ચાલુ રાખી છે. ભવિષ્યમાં પણ જે પ્રકારે ધારાધોરણ છે કે ૬૦ ટકા પ્રમાણે ભરતી કરવાની એ પણ આવનાર દિવસોમાં અમે કરવાના છીએ. એ લોકો ૧૦,૦૦૦ પ્રવાસી શિક્ષકોની વાતો કરે છે. આપણો વિદ્યાર્થી ભણે એ જરૂરી છે. રાજ્યની શ્રી ભૂપેન્દ્રભાઇની સરકારે આવતાંની સાથે ૧૦,૦૦૦ પ્રવાસી શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લીધો છે. ભરતી પ્રક્રિયાના કારણે મોડું થાય છે એના કારણે વિદ્યાર્થીને તકલીફ ન પડે એ માટે ભરતી કરી છે, ત્યારે હું ભૂપેન્દ્રભાઇનો આભાર માનું છું કે એમના નેતૃત્ત્વમાં ૩,૩૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરી છે. જેમણે પરીક્ષા આપી છે, એવા ટેટના તમામ વિદ્યાર્થીઓને હું કહેવા માંગુ છું કે કોઇ લોકો ચડાવે તો એના ચડાવામાં ના આવતા. કારણ કે એમણે કાંઇ કર્યું નથી. ભારતીય જનતા પાર્ટીની સરકારે મેરિટના આધારે ભરતી કરવાનું શરૂ કર્યું છે અને ભવિષ્યમાં પણ જ્યારે જરૂર પડે એ પ્રમાણેની વ્યવસ્થાઓ કરશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૩૦૨૬ **શ્રી કેતનભાઇ ઇનામદાર** (સાવલી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૪,૯૮૬ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૪,૯૮૬ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૬૭,૦૨૧ છે.

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

૪૪૧૩૪ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા. ૨૦/૦૫/૨૦૨૧ ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત્ બાન મુકવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તેના કારણો શા છે ? અને તે અન્વયે તા. ૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ સરકારે તમામ વિભાગોને બાન મુકવા અંગે ક્યારે જાણ કરી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

- એ.જી. કચેરી રાજકોટના ડ્રાફ્ટ પેરા મુજબ મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને જીવન શિક્ષણ મેગેઝીન અને અન્ય સાહિત્યની છાપકામની કામગીરી માટે વધુ રકમ ચૂકવાયેલ છે તેવો પારો ઉપસ્થિત કરેલ તેમજ વર્ષ: ૨૦૧૫-૧૬ના CAGના ફાઈનલ રિપોર્ટમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને વધુ રકમ ચૂકવાયેલ છે. તેવું રિપોર્ટમાં દર્શાવેલ છે.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરના તા.૧૭/૦૨/૨૦૨૧ના તપાસ અહેવાલમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને રકમ

  રૂ. ૬૬૮.૮૪ લાખનુ વધુ ચુકવણુ થયેલ છે જેની નિયમાનુસાર રીકવરી કરવાની થાય તેવો અહેવાલ આપેલ છે.
- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કચેરીના તા.૨૦/૦૫/૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીને શો કોઝ નોટિસ આપવામાં આવેલ છે.
- તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ સેક્ટર-૦૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરેલ છે, જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.
- સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના તા.૧૦/૦૩/૨૦૨૨ ના પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર.ઠેકડી દ્વારા એસ.સી.એ નં. ૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી

એચ.જી.પટેલ એ નામદાર હાઈકોર્ટમાં એસ.સી.એ નં. ૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બન્ને કેસની આગામી મુદત તા.૩૧-૦૩-૨૦૨૨ ના રોજ છે.

(૩) તમામ વિભાગોને જાણ કરવામાં ન આવેલ હોય તો તેના શા કારણો છે અને તે ક્યારે કરવામાં આવનાર છે?

(૩) શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિન્ટિંગની કામગીરી ઉપર બાન (પ્રતિબંધ) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર-૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

## રાજ્યમાં ઉચ્ચ ટેકનિકલ શિક્ષણમાં ફી વધારો

૪૪૦૫૯ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ અભ્યાસક્રમોમાં ક્યારે કેટલી રકમનો ફી વધારો સરકાર દ્વારા માન્ય કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત ફી વધારો કરવાના કારણો શા છે?

**જવાબ**

(૧) ફી વધારો કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિરુદ્ધ ગેરરીતિનો અહેવાલ

૪૪૦૮૩ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૮૮૩૦ (અગ્રતા-૨૯૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને તેના કુલપતિ વિરુદ્ધ વહીવટી અને નાણાકીય ગેરરીતિ સંબંધમાં થયેલ આક્ષેપો અંગેની તપાસ માટે રાજ્ય સરકારે રચેલ સમિતિનો અહેવાલ મળેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત અહેવાલ રાજ્ય સરકારને સમિતિએ કયારે રજૂ કરવાનો હતો, અને

(૩) ઉક્ત અહેવાલ તા. ૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ મળેલ હોય તો તે અન્વયે રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક માસમાં.

(૩) આક્ષેપિત કુલપતિ ડો.બી.એ. પ્રજાપતિને વિભાગના તા. ૦૬-૦૩-૨૦૧૯ના હુકમથી કુલપતિના હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે. ડો. પ્રજાપતિનું તા.૨૫-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ હોઇ, વિભાગના તા. ૧૭-૦૩-૨૦૨૧ ના હુકમથી ડો. પ્રજાપતિની સામેની તપાસ પડતી મૂકવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

---------

## દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં હવા / પાણીનું પ્રદૂષણ ફેલાવનાર એકમો સામે ફરિયાદ

૪૪૧૪૦ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળીયા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર હવા અને પાણીનું પ્રદૂષણ કરતા હોય તેવા ક્યા ક્યા એકમો સામે કેટલી ફરિયાદો સરકારને મળી,

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | મળેલ ફરિયાદની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૦૪ | ૦૮ |
| ૨ | જામનગર | ૦૩ | ૦૪ |
| | **કુલ** | **૦૭** | **૧૨** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કંપનીઓ સામે શું કાર્યવાહી કરી,

(૨)

| **અ.નં.** | **વર્ષ** | **કંપનીની સંખ્યા** | **કરેલ કાર્યવાહી** |
|---|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | પત્રક-અ મુજબ | |
| ૨ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | પત્રક-બ મુજબ | |

(૩) જો કોઇ કાર્યવાહી ન કરી હોય તો તેના કારણો શું છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ક્યાં સુધીમાં કાર્યવાહી કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

**વર્ષવાર એકમનું નામ અને મળેલ ફરિયાદ નીચે મુજબ છે.**

**પત્રક - અ વર્ષ ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦**

| **ક્રમ** | **એકમનું નામ** | **જિલ્લો** | **મળેલ ફરિયાદની સંખ્યા** | **કરેલ કાર્યવાહી** |
|---|---|---|---|---|
| ૧ | મે.આર.એસ.પી.એલ.લિ. | દેવભૂમિ દ્વારકા | ૩ | નોટિસ ઓફ ડાયરેક્શન-૦૨<br>ફરિયાદ દફ્તરે કરેલ-૦૧ |
| ૨ | મે.શ્રી દિગ્વિજય સિમેન્ટ કું. લિ. | જામનગર | ૨ | ફરિયાદ દફ્તરે કરેલ-૦૧<br>સુધારાત્મક નોટિસ-૦૧ |
| ૩ | મે.ન્યારા એનર્જી પ્રા.લિ. | દેવભૂમિ દ્વારકા | ૧ | ફરિયાદ દફ્તરે કરેલ-૦૧ |
| ૪ | જામનગર કોમ્પલેઇન | જામનગર | ૧ | કારણ દર્શક નોટિસ-૦૪ |

**પત્રક-બ**

**પત્રક - બ મુજબ વર્ષ ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧**

| **ક્રમ** | **એકમનું નામ** | **જિલ્લો** | **મળેલ ફરિયાદની સંખ્યા** | **કરેલ કાર્યવાહી** |
|---|---|---|---|---|
| ૧ | મે. એસ્સાર પાવર ગુજરાત લિ. | દેવભૂમિ દ્વારકા | ૨ | નોટિસ ઓફ ડાયરેક્શન-૦૨ |
| ૨ | મે.આર.એસ.પી.એલ.લિ. | દેવભૂમિ દ્વારકા | ૨ | કારણ દર્શક નોટિસ-૦૧<br>નોટિસ ઓફ ડાયરેક્શન-૦૧ |
| ૩ | મે. લક્ષ્મી મીનરલ્સ | દેવભૂમિ દ્વારકા | ૧ | અરજી (CTE-Reconsider) નામંજૂર કરેલ-૦૧ |
| ૪ | મે. ન્યારા એનર્જી પ્રા. લિ. | દેવભૂમિ દ્વારકા | ૧ | કારણ દર્શક નોટિસ-૦૧ |
| ૫ | મે.ટાટા કેમિકલ્સ લિ. | દેવભૂમિ દ્વારકા | ૨ | કારણ દર્શક નોટિસ-૦૧ |
| ૬ | મે.રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. | જામનગર | ૧ | ફરિયાદ દફ્તરે કરેલ-૦૧ |
| ૭ | મે.રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. | જામનગર | ૧ | ફરિયાદ દફ્તરે કરેલ-૦૧ |
| ૮ | જામનગર કોમ્પલેઇન | જામનગર | ૧ | નોટિસ ઓફ ડાયરેક્શન-૦૨ |
| ૯ | જામનગર જનરલ ફાઇલ | જામનગર | ૧ | ફરિયાદ દફ્તરે કરેલ-૦૧ |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં વન્ય પ્રાણીના હુમલાથી મૃત્યુ પામેલ ઢોર/માનવો**

૪૪૧૯૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે (૧)

વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર વન્ય પ્રાણીઓના હુમલામાં કેટલી વ્યક્તિઓ ઇજા પામી અને કેટલી મૃત્યુ પામી તથા કેટલા ઢોરનું મારણ કરવામાં આવ્યું,

| વર્ષ | તાલુકો | માનવ મૃત્યુના કેસો | માનવ ઈજાના કેસો | માલઢોર મારણના કેસો |
|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | છોટાઉદેપુર | ૦ | ૧૧ | ૩૩ |
| | જેતપુર-પાવી | ૦૨ | ૧૦ | ૧૭ |
| | બોડેલી | ૦ | ૦ | ૦૫ |
| | ક્વાંટ | ૦ | ૦ | ૦૬ |
| | સંખેડા | ૦ | ૦ | ૦૧ |
| ૨૦૨૧-૨૨ (૩૧-૦૧-૨૦૨૨ અંતિત) | છોટાઉદેપુર | ૦૧ | ૦૬ | ૨૫ |
| | જેતપુર-પાવી | ૦ | ૦૭ | ૦૯ |
| | બોડેલી | ૦ | ૦ | ૦૪ |
| | ક્વાંટ | ૦ | ૦ | ૦૨ |
| | સંખેડા | ૦ | ૦ | ૦૧ |
| | નસવાડી | ૦ | ૦ | ૦૨ |

(૨) તે પૈકી કેટલા ઇસમોને ઇજા અને મૃત્યુ માટે કેટલી રકમ વળતર પેટે ચૂકવાઇ છે અને કેટલી રકમ બાકી છે, અને

(૨) તે પૈકી તમામ ૩૭ ઇસમોને ઇજા અને મૃત્યુ માટે રૂ. ૧૩,૫૦,૫૦૦/- રકમ વળતર પેટે ચૂકવાઇ છે અને આજની સ્થિતિએ ઉક્ત પૈકી કોઇ રકમ ચૂકવવાની બાકી રહેતી નથી.

(૩) ઢોર મારણ પેટે કેટલી રકમ ચૂકવાઇ અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે અને તે બાકી તમામ રકમ ક્યારે ચૂકવાશે ?

(૩) માલઢોર મારણ માટે રૂ. ૮,૧૯,૦૦૦/- રકમ ચૂકવાઇ છે અને આજની સ્થિતિએ ઉક્ત પૈકી કોઇ રકમ ચૂકવવાની બાકી રહેતી નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં આર્ટસ અને વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો**

૪૩૦૨૧ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આર્ટસ અને વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી કોલેજો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) વિનયન પ્રવાહ-૦૪
વિજ્ઞાન પ્રવાહ – ૦૧

(૨) એક પણ નહિ.

---------

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઇવેટ લિમિટેડ બાબત**

૪૪૦૮૦ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા.૨૦/૦૫/૨૦૨૧ ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત્ બાન મુકવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તેના કારણો શા છે અને તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવેલ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

- એ. જી. કચેરી રાજકોટના ડ્રાફ્ટ પેરા મુજબ મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઇવેટ લિમિટેડને જીવન શિક્ષણ મેગેઝીન અને અન્ય સાહિત્યની છાપકામની કામગીરી માટે વધુ રકમ ચૂકવાયેલ છે તેવો પારો ઉપસ્થિત કરેલ તેમજ

વર્ષ: ૨૦૧૫-૧૬ના CAGના ફાઈનલ રિપોર્ટમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી ને વધુ રકમ ચૂકવાયેલ છે. તેવું રિપોર્ટમાં દર્શાવેલ છે.

- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરના તા.૧૭/૦૨/૨૦૨૧ના તપાસ અહેવાલમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને રકમ
  રૂ. ૬૬૮.૮૪ લાખનુ વધુ ચુકવણુ થયેલ છે જેની નિયમાનુસાર રીકવરી કરવાની થાય તેવો અહેવાલ આપેલ છે.
- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કચેરીના તા.૨૦/૦૫/૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીને શો કોઝ નોટિસ આપવામાં આવેલ છે.
- તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ સેક્ટર-૦૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરેલ છે, જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.
- સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના તા. ૧૦/૦૩/૨૦૨૨ ના પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર.ઠેકડી દ્વારા એસ.સી.એ નં. ૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી એચ. જી. પટેલ એ નામદાર કોર્ટમાં એસ.સી. એ નં. ૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બન્ને કેસની આગામી મુદત તા.૩૧-૦૩-૨૦૨૨ના રોજ છે.
- શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિન્ટિંગની કામગીરી ઉપર બાન (પ્રતિબંધ) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર - ૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

(૩) કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો તેના શા કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**લુણાવાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૩૦૪૫ **શ્રી જિજ્ઞેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૨ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૯૦ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૫.૬૫ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૮૮.૮૪ |

---------

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપને ફાળવેલ જમીન**

૪૪૧૦૪ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનુ એસ્સાર સ્ટીલ લિ.) દ્વારા વન ખાતાની ક્યા સ્થળે અને કેટલી જમીન મેળવવા માટેની અરજીઓ/માંગણીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત કંપનીએ વન ખાતા હસ્તકની કેટલી જમીન ક્યા ભાવે ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વન ખાતાની ફાળવેલ જમીન અન્વયે વળતર વનીકરણ પેટે કેટલી રકમ મેળવવામાં આવી અને ક્યા સ્થળે કેટલી જમીન મેળવવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) દ્વારા વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ભારત સરકારની મંજૂરી મેળવવા માટેની મોજે: હજીરા, તાઃ ચોર્યાસી, જિઃ સુરત ખાતે ૧૭૮.૭૬ હેક. વન જમીનના ડાયવર્ઝન માટેની બે દરખાસ્તો પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧ માં ભારત સરકાર દ્વારા તા.૧૬/૦૩/૨૦૨૧ના પત્રથી વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ૬૫.૭૩ હેક. વન જમીનના ડાયવર્ઝન માટે મંજૂરી આપવામાં આવેલ છે. જંગલની જમીનના ડાયવર્ઝન માટે ભાવ નિર્ધારિત થયેલ નથી, પરંતુ વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ થતી જમીનના બદલામાં વળતર વનીકરણ માટે જમીન, વળતર વનીકરણનો ખર્ચ અને જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યુ વિગેરે નિયમોનુસાર વસૂલ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વન ખાતાની જમીનના ડાયવર્ઝન અન્વયે વળતર વનીકરણ પેટે રૂા. ૬,૯૩,૧૧,૧૯૪/- ની રકમ મેળવવામાં આવી અને મોજે.અંઘૌ, તા.ભુજ, જિ.કચ્છ ખાતે ૨૦૬.૩૮ હેક. જમીન વળતર વનીકરણ માટે મેળવવામાં આવી.

---------

**દાહોદ જિલ્લામાં વિદ્યાર્થી પહેલ યોજના**

૪૩૦૧૬ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) આ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ઉક્ત શાળાઓને કેટલી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૪ સરકારી માધ્યમિક અને ૦૩ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને વિદ્યાર્થી પહેલ યોજનાનો લાભ આપવામાં આવ્યો.

(૨) આ અંતર્ગત શાળા દીઠ રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની સહાય પેટે ઉક્ત શાળાઓને કુલ રૂ.૨૭,૦૦,૦૦૦/- (સત્તાવીસ લાખ)ની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી.

---------

**પાદરા તાલુકાના એકમો દ્વારા પ્રદૂષિત પાણી છોડવાની ફરિયાદો**

૪૪૨૦૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાદરા તાલુકાના ઔદ્યોગિક એકમો દ્વારા

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ ફરિયાદ |
|---|---|

ટ્રીટમેન્ટ વગર પ્રદૂષિત પાણી કેનાલ/નદીમાં છોડાતું કે જમીનમાં ઉતારાતું હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

| | |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૦૮ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૦૪ |
| **કુલ** | **૧૨** |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨)

| **વર્ષ** | **કરેલ કાર્યવાહી** |
|---|---|
| ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ● ઉદ્યોગને બંધ કરવાનો કરેલ હુકમ-૦૧<br>● દફ્તરે કરેલ ફરિયાદ-૦૭ |
| ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ● કારણ દર્શક નોટિસ-૦૧<br>● બંધ કરવાના કરેલ હુકમ-૦૧<br>● દફ્તરે કરેલ ફરિયાદ-૦૨ |

---------

**આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

૪૪૦૭૪ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ માટે આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની રકમની માંગણી કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **આર્ટિકલ ૨૭૫/૧ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં)** | **સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૯૦૩૬.૭૩ લાખ | ૨૦૪૪૪.૫૫ લાખ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતીત) | ૧૧૧૪૩.૮૫ લાખ | ૧૭૮૨૬.૪૬ લાખ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને કયા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

(૨) વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કયા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **કયા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગત** |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ ***પત્રક 'અ'** તથા આર્ટિકલ ૨૭૫/૧ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ ***પત્રક 'બ'** માં સામેલ છે. |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતીત) | સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ ***પત્રક 'ક'** તથા આર્ટિકલ ૨૭૫/૧ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ ***પત્રક 'ડ'** માં સામેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજ વિતરણ

૪૪૧૭૫ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ આણંદ જિલ્લામાં તાલુકાવાર ઘઉં તથા ચોખાના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યુ, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ આણંદ જિલ્લામાં તાલુકાવાર ઘઉં તથા ચોખાના ૧૬૩૧૯૪.૫૭૨ મે.ટન જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે.

**(અ) જાન્યુઆરી-૨૦૨૦ થી ડીસેમ્બર-૨૦૨૦ સુધી.**

| ક્રમ | તાલુકાનું નામ | ઘઉં (મે.ટન) | ચોખા (મે.ટન) | કુલ અનાજ (મે.ટન) |
|---|---|---|---|---|
| ૧ | આંકલાવ | ૫૧૫૩.૨૭૦ | ૨૧૮૬.૮૫૪ | ૭૩૪૦.૧૨૪ |
| ૨ | આણંદ | ૧૧૦૭૪.૦૬૯ | ૪૭૦૦.૩૫૯ | ૧૫૭૭૪.૪૨૮ |
| ૩ | આણંદ શહેર | ૨૪૭૨.૭૪૮ | ૧૦૫૦.૮૮૬ | ૩૫૨૩.૬૩૪ |
| ૪ | ઉમરેઠ | ૪૫૪૫.૨૫૧ | ૧૯૨૩.૯૯૯ | ૬૪૬૯.૨૫૦ |
| ૫ | ખંભાત | ૭૩૯૭.૨૧૭ | ૩૧૪૭.૮૦૫ | ૧૦૫૪૫.૦૨૨ |
| ૬ | તારાપુર | ૨૫૪૪.૫૨૮ | ૧૦૮૧.૧૦૭ | ૩૬૨૫.૬૩૫ |
| ૭ | પેટલાદ | ૮૬૫૪.૭૦૧ | ૩૬૭૭.૪૯૯ | ૧૨૩૩૨.૨૦૦ |
| ૮ | બોરસદ | ૧૧૨૯૩.૦૦૨ | ૪૭૮૦.૫૭૭ | ૧૬૦૭૩.૫૭૯ |
| ૯ | સોજીત્રા | ૩૩૦૪.૦૯૦ | ૧૪૦૫.૭૬૮ | ૪૭૦૯.૮૫૮ |
| | **કુલ** | **૫૬૪૩૮.૮૭૬** | **૨૩૯૫૪.૮૫૪** | **૮૦૩૯૩.૭૩૦** |

**(બ) જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ સુધી.**

| ક્રમ | તાલુકાનું નામ | ઘઉં (મે.ટન) | ચોખા (મે.ટન) | કુલ અનાજ (મે.ટન) |
|---|---|---|---|---|
| ૧ | આંકલાવ | ૫૦૮૧.૫૪૪ | ૨૨૩૨.૪૯૧ | ૭૩૧૪.૦૩૫ |
| ૨ | આણંદ | ૧૧૨૫૦.૧૬૫ | ૪૯૪૩.૧૮૯ | ૧૬૧૯૩.૩૫૪ |
| ૩ | આણંદ શહેર | ૨૯૧૯.૩૭૭ | ૧૨૮૪.૫૩૩ | ૪૨૦૩.૯૧૦ |
| ૪ | ઉમરેઠ | ૪૭૦૪.૧૨૦ | ૨૦૬૧.૩૯૧ | ૬૭૬૫.૫૧૧ |
| ૫ | ખંભાત | ૭૫૭૨.૭૫૧ | ૩૩૪૩.૪૮૧ | ૧૦૯૧૬.૨૩૨ |
| ૬ | તારાપુર | ૨૫૦૪.૪૩૬ | ૧૧૦૫.૭૪૮ | ૩૬૧૦.૧૮૪ |
| ૭ | પેટલાદ | ૮૮૩૮.૧૯૫ | ૩૯૦૯.૬૮૯ | ૧૨૭૪૭.૮૮૪ |
| ૮ | બોરસદ | ૧૧૪૨૯.૯૮૧ | ૫૦૦૮.૬૫૩ | ૧૬૪૩૮.૬૩૪ |
| ૯ | સોજીત્રા | ૩૨૦૨.૦૧૬ | ૧૪૦૯.૦૮૨ | ૪૬૧૧.૦૯૮ |
| | **કુલ** | **૫૭૫૦૨.૫૮૫** | **૨૫૨૯૮.૨૫૭** | **૮૨૮૦૦.૮૪૨** |

(૨) નિયત કરેલ જથ્થા કરતાં ઓછા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું તો તેના કારણો શા છે?

(૨)

- વ્યાજબી ભાવની દુકાનો સુધી દર માસે ૧૦૦% રાશનનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- યોજના હેઠળ થતા વિતરણની બાબત સંબંધિત યોજનાના લાભાર્થીની જરૂરિયાત, સ્વવિવેક અને સ્વેચ્છા પર નિર્ભર છે.
- આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષનું સરેરાશ માસિક વિતરણ ૬૭૯૯.૭૭ મે.ટન છે. જે ફાળવણીની સામે ૯૫.૮૭% જેટલુ માસિક સરેરાશ વિતરણ થયેલ છે.
- રાજ્યનું સરેરાશ વિતરણ ૯૩ થી ૯૫% જેટલુ છે. જેથી આણંદ જિલ્લામાં ઓછુ વિતરણ થયેલ નથી.

---------

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં આંગણવાડી વર્કર / તેડાગર બહેનોને માસિક વેતન**

૪૪૧૨૫ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને માસિક વેતન તે માનદ વેતન કેટલું ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત વેતન માનદ વેતનના દરમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ ?

**જવાબ**

(૧)

| **જગ્યાનું નામ** | **માસિક માનદ વેતન (રૂ.)** |
|---|---|
| આંગણવાડી કાર્યકર | ૭૮૦૦/- |
| આંગણવાડી તેડાગર | ૩૯૫૦/- |
| મીની આંગણવાડી કાર્યકર | ૪૪૦૦/- |

(૨) ઉક્ત વેતન માનદ્ વેતનના દરમાં છેલ્લે તા.૨૧-૦૩-૨૦૨૦ના રોજ નીચે મુજબનો વધારો કરવામાં આવેલ છે:

| **જગ્યાનું નામ** | **માસિક માનદ વેતનમાં વધારો (રૂ.)** |
|---|---|
| આંગણવાડી કાર્યકર | ૬૦૦/- |
| આંગણવાડી તેડાગર | ૩૦૦/- |
| મીની આંગણવાડી કાર્યકર | ૩૦૦/- |

---------

**રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અનાજ વિતરણ**

૪૩૦૩૨ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ રાજકોટ જિલ્લામાં ૭૦૪૭૩.૪૩૫ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે.

(૨) ફેબ્રુઆરી-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન નીચે દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **જથ્થો (કિ.ગ્રા.)** | **ભાવ પ્રતિ કિલો (રૂ.)** |
|---|---|---|---|
| એએવાય (AAY) (કાર્ડ દીઠ) | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૩૫.૦૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | ૩.૫૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |

---------

**કામરેજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૪૩૦૪૧ **શ્રી વી. ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર કરેલ રોપા (સંખ્યામાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૬,૮૦૦ |
| ૨૦૨૧-૨૨ | ૩૬,૦૦૦ |

| | |
|---|---|
| (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૪.૮૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૨.૦૮ |

---------

**નવસારી અને ડાંગ જિલ્લામાં ચેકડેમો / વન તલાવડી / મેટલ રોડ**

૪૪૨૨૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ કે તેના તાબા હેઠળની કચેરીઓ દ્વારા કેટલા ચેકડેમો, વન તલાવડી અને મેટલ રોડ બનાવવામાં આવ્યા,

(૧)

| વર્ષ | જિલ્લો | તાલુકો | ચેકડેમ | વન તલાવડી | મેટલ રોડ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | નવસારી | વાંસદા | ૧ | ૦ | ૦ |
| | | ચીખલી | ૧ | ૦ | ૦ |
| | ડાંગ | આહવા | ૩ | ૦ | ૦ |
| | | વઘઈ | ૬ | ૦ | ૦ |
| | | સુબીર | ૯ | ૦ | ૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | નવસારી | વાંસદા | ૨ | ૨ | ૦ |
| | | ચીખલી | ૦ | ૦ | ૦ |
| | ડાંગ | આહવા | ૦ | ૦ | ૦ |
| | | વઘઈ | ૦ | ૧ | ૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર, ઉક્ત તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨)

| વર્ષ | જિલ્લો | તાલુકો | ચેકડેમ | વન તલાવડી | મેટલ રોડ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | નવસારી | વાંસદા | ૧૫.૬૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | ચીખલી | ૩૨.૨૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ડાંગ | આહવા | ૧૪.૫૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | વઘઈ | ૨૯.૩૯ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | સુબીર | ૪૨.૨૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | નવસારી | વાંસદા | ૮.૫૬ | ૩.૯૨ | ૦.૦૦ |
| | | ચીખલી | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ડાંગ | આહવા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| | | વઘઈ | ૦.૦૦ | ૦.૧૬ | ૦.૦૦ |

(૩) ઉક્ત કામોનું મોનીટરીંગ કોના દ્વારા કરવામાં આવે છે ?

(૩) ઉક્ત કામોનું મોનીટરિંગ અરણ્ય ભવન ખાતે આવેલ મોનીટરિંગ શાખા દ્વારા કરવામાં આવે છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો**

૪૩૨૫૭ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં સસ્તા અનાજની દુકાન શરૂ કરવામાં આવેલ નથી,

(૧) ગાંધીનગર જિલ્લામાં કુલ ૮૩ (ત્યાંસી) ગામોમાં સસ્તા અનાજની દુકાન શરૂ કરવામાં આવેલ નથી. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું | ગામની | ગામના નામ |
|---|---|---|

| નામ | સંખ્યા | |
|---|---|---|
| ગાંધીનગર | ૮ | કાકાનું તારાપુર, મોતીપુરા, કાનપુર, ચેખલારાણી, નવા ધરમપુર, રણાસણ, વીરાતલાવડી, વજાપુરા. |
| દહેગામ | ૪૪ | ભાદરોડા, સગદલપુર, સામેત્રી, કલ્યાણજીના મુવાડા, નાના જલુન્દ્રા, બાબરા, બદપુર, મોસમપુર, મેઘરજના મુવાડા, જેસા/ચાંદાના મુવાડા, ખાડીયા, થડાકુવા, ડુમેચા, હિલોલ વાસણા, જાલીયામઠ, સુજાના મુવાડા, પહાડીયા, અહમદપુરા, અંગુથલા, પલ્લાના મઠ, મીરાંપુર, પસુણીયા, વડવાસા, મીરઝાપુર, વડોદ, દોડ, સાહેબજીના મુવાડા, માછંગ નાની, ખાખરા, મહુડીયા, મોતીપુરા, નજુપુરા, સાંબેલા, ઓતમપુરા, કંથારપુરા, ચામલા, શિયાપુરા, રામનગર, મોટી મોરાલી, વાસણા સોગઠી, આંત્રોલી, મીઠાના મુવાડા, જીવાજીની મુવાડી, કૃષ્ણનગર. |
| કલોલ | ૨૨ | કારોલી, ધાનોટ, ભીમાસણ, દંતાલી, ખાત્રજ, શનાવડ, ભાઉપુરા, નવ, ગણપતપુરા, ઉસ્માનાબાદ, પ્રતાપપુરા, નાંદોલી, પલોડીયા, ઉનાલી, રણછોડપુરા, સબાસપુરા, વાયણા, મુલસણા, રકનપુરા, વાંસજડા કલોલ, ભાદોલ, ઓળા. |
| માણસા | ૯ | અજરાપુરા, ચાદીસણા, ઇટલા, શોભાસણ, વાગોસણા, હિંમતપુરા (બિ), ગુન્મા, ભીમપુરા, રાજપુરા. |

(૨) ઉક્ત સ્થિતિએ એક જ ગામમાં એક કરતા વધારે સસ્તા અનાજની દુકાનો ધરાવતા ગામોની સંખ્યા કેટલી છે,

(૨) એક જ ગામમાં એક કરતા વધારે સસ્તા અનાજની દુકાનો ધરાવતા કુલ ૪૮ (અડતાળીસ) ગામો છે.

(૩) ઉક્ત સ્થિતિએ ક્યા ગામોને નજીકની દુકાનથી જોડવામાં આવ્યા છે અને ક્યા ક્યા ગામોએ પોતાના ગામમાં સસ્તા અનાજની દુકાન શરૂ કરવા માટે સરકારમાં રજૂઆત કરેલ છે, અને

(૩) (અ) ઉક્ત સ્થિતિએ ગાંધીનગર તાલુકા, દહેગામ તાલુકા, કલોલ તાલુકા તથા માણસા તાલુકાના ખંડ-૧માં દર્શાવ્યા મુજબના તમામ ગામોને નજીકની દુકાનથી જોડવામાં આવ્યા છે.

(બ) ઉક્ત સ્થિતિએ નીચે મુજબના ગામોએ પોતાના ગામમાં સસ્તા અનાજની દુકાન શરૂ કરવા માટે સરકારમાં રજૂઆત કરેલ છે:

૧. દંતાલી, તા.કલોલ
૨. વાંસજડા (કલોલ), તા.કલોલ

| | |
|---|---|
| | ૩. ધાનોટ, તા.કલોલ<br>૪. ખાનપુર, તા.દહેગામ<br>૫. વડવાસા, તા.દહેગામ |
| (૪) ઉક્ત મળેલ રજૂઆતો સંદર્ભે શા પગલા ભરવામાં આવ્યા ? | (૪)<br>૧. દંતાલી, તા.કલોલ ગામની રજૂઆત અન્વયે સરકારશ્રીના તા.૨૬/૮/૨૦૧૫ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>૨. વાંસજડા (કલોલ), તા.કલોલ ગામની રજૂઆત અન્વયે હાલ કાર્યવાહી ચાલુમાં છે.<br>૩. ધાનોટ, તા.કલોલ ગામની રજૂઆત અન્વયે હાલ કાર્યવાહી ચાલુમાં છે.<br>૪. ખાનપુર, તા.દહેગામ ગામની રજૂઆત અન્વયે સરકારશ્રીના તા.૦૪/૦૬/૨૦૧૬ના ઠરાવ મુજબ દુકાન ખોલવાપાત્ર હોઈ, ટૂંક સમયમાં જાહેરનામુ બહાર પાડવામાં આવશે.<br>૫. વડવાસા, તા.દહેગામ ગામની રજૂઆત અન્વયે હાલ કાર્યવાહી ચાલુમાં છે. |

- - - - - - - - -

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

૪૪૦૭૭ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા.૨૦/૦૫/૨૦૨૧ ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત્ બાન મુકવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો તેના કારણો શા છે અને તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવેલ, અને | (૨)<br>• એ. જી. કચેરી રાજકોટના ડ્રાફ્ટ પેરા મુજબ મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને જીવન શિક્ષણ મેગેઝીન અને અન્ય સાહિત્યની છાપકામની કામગીરી માટે વધુ રકમ ચૂકવાયેલ છે તેવો પારો ઉપસ્થિત કરેલ તેમજ વર્ષ: ૨૦૧૫-૧૬ના CAGના ફાઈનલ રિપોર્ટમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને વધુ રકમ ચૂકવાયેલ છે. તેવું રિપોર્ટમાં દર્શાવેલ છે.<br>• સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરના તા.૧૭/૦૨/૨૦૨૧ના તપાસ અહેવાલમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને રકમ રૂ. ૬૬૮.૮૪ લાખનું વધુ ચુકવણુ થયેલ છે જેની નિયમાનુસાર રીકવરી કરવાની થાય તેવો અહેવાલ આપેલ છે.<br>• ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કચેરીના તા.૨૦/૦૫/૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીને શો કોઝ નોટિસ આપવામાં આવેલ છે.<br>• તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ સેક્ટર-૦૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરેલ છે.<br>• સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના તા.૧૦/૦૩/૨૦૨૨ના |

પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર.ઠેકડી દ્વારા એસ.સી.એ નં. ૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી એચ. જી. પટેલ એ નામદાર હાઈકોર્ટમાં એસ.સી. એ નં. ૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બન્ને કેસની આગામી મુદત તા.૩૧-૦૩-૨૦૨૨ના રોજ છે.

- શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિન્ટિંગની કામગીરી ઉપર પ્રતિબંધ (બાન) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર -૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

(૩) કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ અને સુરત જિલ્લામાં શાળાઓમાં વધુ ફી ઉઘરાવવા બાબત**

૪૪૧૧૩ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત જિલ્લામાં ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નિર્ધારિત કરેલ ફી કરતા વધુ ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો વર્ષવાર સરકારને મળી,

(૧)

| **ફરિયાદોની સંખ્યા** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧** | **કુલ** |
| ૧. | અમદાવાદ | ૦૧ | ૦૬ | ૦૭ |
| ૨. | સુરત | ૧૫ | ૦૦ | ૧૫ |
| | **કુલ** | **૧૬** | **૦૬** | **૨૨** |

(૨) ઉક્ત સ્થિતિએ ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાઓની કેટલી ફી નિયત કરવામાં આવેલ છે અને સંચાલકો દ્વારા કેટલી ફી ઉઘરાવવામાં આવેલ છે, અને

(૨) * પત્રક-અ મુજબ.

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કઈ શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) * પત્રક-બ મુજબ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં મફત પાઠ્ય પુસ્તક યોજના**

૪૩૦૧૮ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મફત પાઠ્ય પુસ્તક યોજના હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧) ૭૫૯૩૮

(૨) આ અંતર્ગત કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ.૩,૦૫,૩૮,૫૮૧/- (રૂપિયા ત્રણ કરોડ પાંચ લાખ આડત્રીસ હજાર પાંચસો એક્યાશી પુરા).

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો**

૪૩૦૨૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી કોલેજો આવેલી છે, અને

(૧) ૦૧

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવી છે ?

(૨) એક પણ નહિ.

- - - - - - - - -

**તાપી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૩૦૦૪ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૫,૨૩૯ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૫,૨૩૯ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૦,૮૧૨ છે.

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી કોલેજોમાં વર્ગ-૧નું મંજૂર મહેકમ**

૪૪૧૫૭ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૬-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૮૮૨૩ (અગ્રતા-૮) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની ૨૯૬ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ બનતી ત્વરાએ ભરવાનું આયોજન હતુ તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૧ની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ન ભરાઈ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) એક પણ નહિં.

(૨) ૩૦૦

(૩) સાતમા પગારપંચની તા.૨૦-૦૩-૨૦૨૦થી અમલવારી કરવામાં આવી છે, જે અન્વયે એ.આઈ.સી.ટી.ઈ. (AICTE)ની ગાઈડલાઈન અંતર્ગત ભરતી નિયમોમાં સુધારો કરવાની પ્રક્રિયા ચાલુ હોવાથી.

(૪) ભરતી નિયમો આખરી થયેથી, બનતી ત્વરાએ.

- - - - - - - - -

**આણંદ અને બોટાદ જિલ્લામાં શાળામાં શિક્ષકો/આચાર્યની ખાલી જગ્યાઓ**

૪૪૧૭૮ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક -૧ મુજબ.

(૨) પત્રક - ૨ મુજબ.

(૩)

- જેમ બને તેમ ઝડપથી.
- ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ

રદ કરેલ હોવાથી પુનઃ જીવિત કરવાની બાબત વિચારાધીન છે. પુનઃ જીવિત થયેથી ભરતી પ્રક્રિયા અંગેની આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક - ૧**

| સરકારી શાળાઓ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **પ્રાથમિક શાળાઓ** | **માધ્યમિક શાળાઓ** | **સળંગ એકમ ધરાવતી શાળાઓ** | **ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** |
| આણંદ | ૯૯૩ | ૦૮ | ૦૬ | ૦૧ |
| બોટાદ | ૨૨૫ | ૩૭ | ૧૧ | ૦૧ |

| ગ્રાન્ટેડ શાળાઓ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **પ્રાથમિક શાળાઓ** | **માધ્યમિક શાળાઓ** | **સળંગ એકમ ધરાવતી શાળાઓ** | **ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** |
| આણંદ | ૭૯ | ૬૯ | ૧૪૭ | ૦૩ |
| બોટાદ | ૦૧ | ૧૧ | ૨૦ | ૦૧ |

**પત્રક - ૨**

| **જિલ્લો** | **વિગત** | **સરકારી પ્રાથમિક શાળાઓ** | | **સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** | | |
|---|---|---|---|---|---|---|
| | | **પ્રાથમિક શિક્ષક** | **આચાર્ય** | **માધ્યમિક શિક્ષક** | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક** | **આચાર્ય** |
| આણંદ | ભરાયેલ | ૫૭૮૧ | ૨૮૨ | ૪૨ | ૦૯ | ૦૩ |
| | ખાલી | ૪૭૦ | ૪૮ | ૦૯ | ૧૮ | ૦૮ |
| બોટાદ | ભરાયેલ | ૧૮૬૩ | ૯૨ | ૧૧૮ | ૩૨ | ૦૨ |
| | ખાલી | ૨૪૧ | ૩૧ | ૩૭ | ૧૧ | ૩૦ |

| **જિલ્લો** | **વિગત** | **ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ** | | **ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** | | |
|---|---|---|---|---|---|---|
| | | **પ્રાથમિક શિક્ષક** | **આચાર્ય** | **માધ્યમિક શિક્ષક** | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક** | **આચાર્ય** |
| આણંદ | ભરાયેલ | ૪૪૮ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | ૧૩૪૯ | ૯૬૫ | ૧૩૯ |
| | ખાલી | ૦૦ | | ૬૩ | ૬૯ | ૭૮ |
| બોટાદ | ભરાયેલ | ૦૨ | | ૧૮૪ | ૧૧૦ | ૨૧ |
| | ખાલી | ૦૧ | | ૧૩ | ૨૧ | ૧૦ |

\- - - - - - - - -

## બોટાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી

૪૪૧૨૦ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૩૫૪૭૩ (અગ્રતા-૧૫૮)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બોટાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૫૧ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી, | (૧) **મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા**: ૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે, | (૨) **બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા**: ૫૧ |
| (૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને | (૩) એકપણ નહીં. |

(૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર.

- - - - - - - - -

**ધાનેરા તાલુકામાં બિનઅનુદાનિત શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય**

૪૪૦૭૧ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં બિનઅનુદાનિત શાળાઓને ચૂકવવામાં આવતી પ્રોત્સાહક આર્થિક સહાય વર્ષ ૨૦૧૮-૧૯ની કેટલી શાળાઓને ચૂકવવાની બાકી છે, | (૧) ૦૨ |
| (૨) ઉક્ત સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો શું છે, અને | (૨) નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના કારણે ઉભી થયેલ પરિસ્થિતિ નિવારવા કરકસરની સૂચના અન્વયે કાર્યવાહી થયેલ હોઈ. |
| (૩) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર નિર્ણય લેવામાં આવશે. |

- - - - - - - - -

**રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે ક્રમશ: ઓછો જથ્થો ફાળવવાની માંગણી**

૪૪૧૬૩ **શ્રી અંબરીશ ડેર** (રાજુલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૦/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૩૬૫૯ (અગ્રતા-૯૬)ના અનુસંધાને **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩, અન્નપૂર્ણા યોજના અને વેલ્ફર ઈન્સ્ટીટ્યુશન્સ અને હોસ્ટેલ યોજના અન્વયે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે ક્રમશ: ઓછો જથ્થો ફાળવવા માંગણી કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧)<br>• તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩, હેઠળ કેન્દ્ર સરકાર પાસે ઓછો જથ્થો ફાળવવા માંગણી કરેલ છે.<br>• પરંતુ, અન્નપૂર્ણા યોજના અને વેલ્ફર ઈન્સ્ટીટ્યુશન્સ અને હોસ્ટેલ યોજના અન્વયે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે ઓછો જથ્થો ફાળવવા માંગણી કરેલ નથી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે ? | (૨) કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩" હેઠળના લાભાર્થીઓનો ૩૮૨.૮૪ લાખ જનસંખ્યાના લક્ષ્યાંકને ધ્યાને રાખીને ફાળવણી કરવામાં આવે છે. જ્યારે રાજ્ય સરકારના "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩" હેઠળના વાસ્તવિક ૩૩૮.૧૧ લાખ જનસંખ્યા લાભાર્થી તરીકે હોવાથી તે મુજબની જરૂરીયાતને આધારે વિતરણ થતાં, ગોડાઉન ખાતે બચત જથ્થો રહેતો હોવાથી ફાળવણી ઓછી કરવા દરખાસ્ત કરવામાં આવેલ. |

- - - - - - - - -

**ભુજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૪૩૦૪૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૪,૦૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની | ૨૫,૨૦૦ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

| | |
|---|---|
| સ્થિતિએ) | |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૫.૪૭ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૨.૩૦ |

---------

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

૪૪૧૩૮ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા. ૨૦-૦૫-૨૦૨૧ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત્ બાન મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો તેના કારણો શા છે ? અને તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સરકારે તમામ વિભાગોને બાન મૂકવા અંગે ક્યારે જાણ કરી છે, અને | (૨)<br>• એ. જી. કચેરી રાજકોટના ડ્રાફ્ટ પેરા મુજબ મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને જીવન શિક્ષણ મેગેઝીન અને અન્ય સાહિત્યની છાપકામની કામગીરી માટે વધુ રકમ ચૂકવાયેલ છે તેવો પારો ઉપસ્થિત કરેલ તેમજ વર્ષ : ૨૦૧૫-૧૬ના CAGના ફાઈનલ રિપોર્ટમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને વધુ રકમ ચૂકવાયેલ છે. તેવું રિપોર્ટમાં દર્શાવેલ છે.<br>• સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરના તા.૧૭-૦૨-૨૦૨૧ના તપાસ અહેવાલમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરીને રકમ રૂ. ૬૬૮.૮૪ લાખનું વધુ ચુકવણુ થયેલ છે જેની નિયમાનુસાર રીકવરી કરવાની થાય તેવો અહેવાલ આપેલ છે.<br>• ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કચેરીના તા.૨૦-૦૫-૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીને શો કોઝ નોટિસ આપવામાં આવેલ છે.<br>• તા.૨૪-૦૩-૨૦૨૦ના રોજ સેક્ટર-૦૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં F I R દાખલ કરેલ છે. જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.<br>• સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના તા.૧૦-૦૩-૨૦૨૨ના પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર. ઠેકડી દ્વારા એસ.સી.,એ નં.૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી એચ. જી. પટેલ એ નામદાર કોર્ટમાં એસ.સી.એ નં. ૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બન્ને કેસની |

આગામી મુદત તા.૩૧-૦૩-૨૦૨૨ના રોજ છે.

(૩) તમામ વિભાગોને જાણ કરવામાં ન આવેલ હોય તો તેના શા કારણો છે અને તે ક્યારે કરવામાં આવનાર છે ?

(૩) શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિંટિંગની કામગીરી ઉપર પ્રતિબંધ (બાન) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર-૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

---------

**મોરબી જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન**

૪૩૦૫૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ

| તાલુકાનું નામ | વીજ કનેક્શન આપેલ આંગણવાડી કેન્દ્રની સંખ્યા |
|---|---|
| મોરબી | ૧ |
| વાંકાનેર | ૦ |
| માળીયા | ૦ |
| ટંકારા | ૦ |
| હળવદ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૨)

| તાલુકાનું નામ | વીજ કનેક્શન આપવામાં ના આવ્યા હોય તેવા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|
| મોરબી | ૦ |
| વાંકાનેર | ૦ |
| માળીયા | ૧ |
| ટંકારા | ૦ |
| હળવદ | ૦ |

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે ?

(૩) વીજ કનેક્શન મેળવવા માટે અરજી કરેલ છે.

---------

**આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળ મળેલ રકમ**

૪૪૨૧૪ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળ કેટલી રકમ મળી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળ નીચે મુજબની રકમ મળી છે.

| ક્રમ | વર્ષ | કેન્દ્ર સરકાર તરફથી સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત મળેલ રકમ (રૂ. લાખમાં) | કેન્દ્ર સરકાર તરફથી આર્ટિકલ ૨૭૫/૧ અંતર્ગત મળેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૯-૨૦ | ૮૯૭૫.૫૫ લાખ | ૧૪૯૬૩.૮૮ લાખ |

| | | | |
|---|---|---|---|
| ૨ | વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | ૧૦૭૮૬.૪૦ લાખ | ૫૯૪૦.૦૪ લાખ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમ વર્ષવાર કયા આદિજાતિ જિલ્લાઓમાં કેટલી ફાળવવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રકમ વર્ષવાર આદિજાતિ જિલ્લાઓમાં નીચેના કોષ્ટક મુજબ ફાળવવામાં આવી છે.

| ક્રમ | વર્ષ | જિલ્લાવાર ફાળવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૯-૨૦ | સદર વર્ષની જિલ્લાવાર ફાળવેલ રકમની માહિતી ***પત્રક 'અ' (ખાસ કેન્દ્રીય સહાય)** અને ***પત્રક 'બ' (આર્ટિકલ ૨૭૫/૧)**માં આ સાથે સામેલ રાખેલ છે. |
| ૨ | વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | સદર વર્ષની જિલ્લાવાર ફાળવેલ રકમની માહિતી ***પત્રક 'ક' (ખાસ કેન્દ્રીય સહાય)** અને ***પત્રક 'ડ' (આર્ટિકલ ૨૭૫/૧)**માં આ સાથે સામેલ રાખેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બોટાદ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૩૦૦૯ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| બોટાદ ગ્રામ્ય | ૯૯૫ |
| બોટાદ શહેર | ૬૦૮ |
| બરવાળા | ૫૪૫ |
| ગઢડા | ૧૩૯૭ |
| રાણપુર | ૫૩૮ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને

(૨)

| તાલુકો | નામંજૂર અરજીઓ |
|---|---|
| બોટાદ ગ્રામ્ય | ૧૫૬ |
| બોટાદ શહેર | ૦૫ |
| બરવાળા | ૧૮ |
| ગઢડા | ૧૮ |
| રાણપુર | ૭૮ |

(૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ?

(૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

---------

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપને ફાળવેલ જમીન**

૪૪૧૮૪ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) દ્વારા વન ખાતાની કયા સ્થળે અને કેટલી જમીન મેળવવા માટેની અરજીઓ/માંગણીઓ પડતર છે,

(૧) તા : ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) દ્વારા વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ભારત સરકારની મંજૂરી મેળવવા માટેની મોજે: હજીરા, તા.:ચોર્યાસી, જિ.: સુરત ખાતે ૧૭૮.૭૬ હેક. વન જમીનના ડાયવર્ઝન માટેની બે દરખાસ્તો પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત કંપનીએ વન ખાતા હસ્તકની કેટલી જમીન કયા ભાવે ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકાર દ્વારા તા. ૧૬-૦૩-૨૦૨૧ના પત્રથી વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ૬૫.૭૩ હેક. વન જમીનના ડાયવર્ઝન માટે મંજૂરી આપવામાં આવેલ છે. જંગલની જમીનના ડાયવર્ઝન માટે ભાવ નિર્ધારીત થયેલ નથી, પરંતુ વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ થતી જમીનના બદલામાં વળતર વનીકરણ માટે જમીન, વળતર વનીકરણનો ખર્ચ અને જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યૂ વિગેરે નિયમોનુસાર વસૂલ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વન ખાતાની ફાળવેલ જમીન અન્વયે વળતર વનીકરણ પેટે કેટલી રકમ મેળવવામાં આવી અને ક્યા સ્થળે કેટલી જમીન મેળવવામાં આવી છે ?

(૩) ઉક્ત સ્થિતિએ વન ખાતાની જમીનના ડાયવર્ઝન અન્વયે વળતર વનીકરણ પેટે રૂ.૬,૯૩,૧૧,૧૯૪/-ની રકમ મેળવવામાં આવી અને મોજે. અંધૌ, તા. ભુજ, જિ. કચ્છ ખાતે ૨૦૬.૩૮ હેક. જમીન વળતર વનીકરણ માટે મેળવવામાં આવી.

---------

**સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૪૩૦૪૨ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૭,૬૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૪,૭૧૧ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૬૧.૬૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૩.૦૪ |

---------

**મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૭૮૨ **શ્રી કરશનભાઇ સોલંકી** (કડી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૩,૮૪૬ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૩,૮૪૬ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૫૭,૨૪૯ છે.

**તાપી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૩૦૦૦ **શ્રી મોહનભાઇ ઢોડિયા** મહુવા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી, | (૧) |

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| વ્યારા | ૮૯૨ |
| સોનગઢ | ૧૦૦૫ |
| વાલોડ | ૬૧૪ |
| ઉચ્છલ | ૩૮૭ |
| નિઝર | ૨૮૩ |
| કુકરમુંડા | ૧૭૫ |
| ડોલવણ | ૬૪૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને | (૨) |

| તાલુકો | નામંજૂર અરજીઓ |
|---|---|
| વ્યારા | ૦ |
| સોનગઢ | ૭૪ |
| વાલોડ | ૧૦ |
| ઉચ્છલ | ૦ |
| નિઝર | ૧ |
| કુકરમુંડા | ૧ |
| ડોલવણ | ૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ? | (૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી. |

---------

**ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૩૦૦૫ **શ્રી ગોવિંદભાઇ પરમાર** (ઉમરેઠ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૧,૫૧૨ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૧૧,૫૧૨ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૫૨,૨૭૨ છે. |

---------

**રાજ્યમાં સરકારી/ગ્રાન્ટેડ કોલેજોમાં ખંડ સમયના પ્રાધ્યાપકોને કાયમી કરવા બાબત**

૪૪૦૯૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં ખંડ સમયના પ્રાધ્યાપકોને જે વિષયમાં જરૂર હોય અને ખાલી જગ્યા હોય અને સીનિયર હોય તેવા પ્રાધ્યાપકોને કાયમી કરવામાં આવશે તેવી જાહેરાત/જોગવાઇ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કેટલા પ્રાધ્યાપકોને કાયમી કરવામાં આવ્યા, | (૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવાર ન હોઇ, એક પણ નહી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલાને હજુ કાયમી કરવાના બાકી છે, અને | (૩) જોગવાઇ અનુસાર લઘુતમ લાયકાત મેળવેલ ૧૧ ખંડ સમયના પ્રાધ્યાપકોને કાયમી કરવાની કાર્યવાહી ચાલુ છે. |

(૪)બાકીનાને ક્યાં સુધીમાં કાયમી કરવામાં આવશે ? (૪) તેઓ લઘુતમ લાયકાત પરિપૂર્ણ કર્યેથી.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૩૦૨૫ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૩,૬૬૫ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૩,૬૬૫ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૫૬,૮૮૯ છે.

- - - - - - - - -

**શહેરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૩૦૪૪ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૯૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૫૭ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૮૮.૯૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૫.૬૬ |

- - - - - - - - -

**રાજ્યમાં મહિલા સુરક્ષા સંબંધે યોજાયેલ સેમિનાર**

૪૩૭૯૭ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગ દ્વારા મહિલા સુરક્ષા સંદર્ભે કેટલા સેમિનાર, જાગૃતતા શિબિર અને સંમેલન કરવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત કાર્યક્રમો કેટલા જિલ્લામાં કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૪૯૩

(૨) રાજ્યના તમામ ૩૩ જિલ્લામાં.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૧૧૦ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૫૪૫૩ (અગ્રતા-૧૨૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૧૦૬ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી

**જવાબ**

(૧)

| મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા |
|---|
| ૧૯ |

હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે,

(૨)

| બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા |
|---|
| ૮૭ |

(૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને

(૩) એકપણ નહીં.

(૪)ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપને ફાળવેલ જમીન**

૪૪૧૫૪ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) ને વન ખાતા હસ્તકની કેટલી જમીન શા ભાવે ક્યારે ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં ઉક્ત કંપની દ્વારા ક્યા પ્રકારની કેટલી જમીન મેળવવાની અરજીઓ પડતર છે, અને

(૩)ફાળવવામાં આવેલ જમીન અન્વયે રાજ્ય સરકારને પ્રીમિયમ અને તેના વ્યાજ પેટે કેટલી આવક થઇ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) ને વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકાર દ્વારા તા.૧૬-૦૩-૨૦૨૧ના પત્રથી વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ૬૫.૭૩ હેક. વન જમીનના ડાયવર્ઝન માટે મંજૂરી આપવામાં આવેલ છે. જંગલની જમીનના ડાયવર્ઝન માટે ભાવ નિર્ધારિત થયેલ નથી, પરંતુ વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ થતી જમીનના બદલામાં વળતર વનીકરણ માટે જમીન, વળતર વનીકરણનો ખર્ચ અને જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યૂ વિગેરે નિયમોનુસાર વસૂલ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં ઉક્ત કંપની દ્વારા વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ૧૭૮.૭૬ હેક. વન જમીનના ડાયવર્ઝન માટેની ભારત સરકારશ્રીની મંજૂરી માટેની બે દરખાસ્તો પડતર છે.

(૩) વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ કરવામાં આવેલ જમીન અન્વયે મંજૂરીની શરતો/નિયમો અનુસાર રૂ.૫૬,૨૯,૮૮,૨૦૯/- ભારત સરકારશ્રીના કેમ્પા ફંડમાં તથા રૂ.૫,૫૬,૧૦,૮૯૩/- રાજ્ય સરકારશ્રીમાં જમા થયેલ છે.

- - - - - - - - -

**રાજ્યમાં સિંહની વસ્તી ગણતરી**

૪૩૦૩૭ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે સિંહોની કેટલી વસ્તી છે, અને

(૨) આ વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે સિંહોની વસ્તી અંદાજે કુલ-૬૭૪ છે.

(૨) આ વસ્તી ગણતરી દર પાંચ વર્ષે કરવામાં આવે છે.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**ગીર વન્ય રેન્જમાં આપવા માટેના માંચડાનો કોન્ટ્રાક્ટ**

૪૪૧૪૬ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર પશ્ચિમ વિસ્તારમાં આવેલ વન્ય રેન્જમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ આપવા માટે માંચડાનો કોન્ટ્રાક્ટ કઇ એજન્સીને ક્યારે, ક્યા ભાવે આપવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર પશ્ચિમ વિભાગ હેઠળ આવેલ રેન્જમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ આપવા માટે માંચડાનો કોન્ટ્રાક્ટ રાયચુરા ઇન્ફ્રાસ્ટ્રક્ચર, તાલાળાને તા.૨૨-૦૬-૨૦૨૦ના રોજ રૂ.૧૨૯૦૦/- પ્રતિ માંચડાના ભાવે સને ૨૦૨૦-૨૧ માટે આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કોન્ટ્રાક્ટમાં ગેરરીતિઓ થઇ હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તે અન્વયે કોની સામે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૩) માંચડાની કામગીરીના મોનીટરિંગ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. મોનીટરિંગ અહેવાલ પરત્વે આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૩૦૧૦ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

૪૪૧૦૧ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા.૨૦-૦૫-૨૦૨૧ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત્ બાન મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે અને તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવેલ, અને | (૨)<br>• એ. જી. કચેરી રાજકોટના ડ્રાફ્ટ પેરા મુજબ મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને જીવન શિક્ષણ મેગેઝીન અને અન્ય સાહિત્યની છાપકામની કામગીરી માટે વધુ રકમ ચૂકવાયેલ છે તેવો પારો ઉપસ્થિત કરેલ તેમજ વર્ષ: ૨૦૧૫-૧૬ના CAGના ફાઈનલ રિપોર્ટમાં રિલાયેબલ આર્ટ પ્રિન્ટરીને વધુ રકમ ચૂકવાયેલ છે. તેવું રિપોર્ટમાં દર્શાવેલ છે.<br>• સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરના તા. ૧૭/૦૨/૨૦૨૧ના તપાસ અહેવાલમાં |

રિલાયેબલ આર્ટ પ્રિન્ટરીને રકમ રૂ. ૬૬૮.૮૪ લાખનું વધુ ચૂકવણું થયેલ છે જેની નિયમાનુસાર રીકવરી કરવાની થાય તેવો અહેવાલ આપેલ છે.

- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કચેરીના તા. ૨૦/૦૫/૨૦૨૧ના પત્રથી મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીને શો કોઝ નોટિસ આપવામાં આવેલ છે.
- તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ સેક્ટર-૦૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં F I R દાખલ કરેલ છે. જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.
- સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના તા.૧૦/૦૩/૨૦૨૨ના પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર. ઠેકડી દ્વારા એસ.સી,.એ નં. ૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી એચ.જી.પટેલ એ નામદાર હાઈકોર્ટમાં એસ.સી. એ નં. ૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બન્ને કેસની આગામી મુદત તા.૩૧-૦૩-૨૦૨૨ ના રોજ છે.
- શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિન્ટિંગની કામગીરી ઉપર બાન (પ્રતિબંધ) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર -૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

(૩) કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૧૩૧ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૫૪૭૬ (અગ્રતા-૧૬૬)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૨૦ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે,

**જવાબ**

(૧)

| મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા |
|---|
| ૧૧ |

(૨)

| બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા |
|---|
| ૯ |

(૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને

(૩) એક પણ નહીં.

(૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર.

- - - - - - - - -

**પર્યાવરણીય મંજૂરીઓ માટે સ્ટેટ લેવલ એક્ષપર્ટ એપ્રાઇઝલ કમિટી**

૪૪૧૬૦ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નોટીફિકેશન-૨૦૦૬ અન્વયે રાજ્ય સરકારે કેટેગરી બી પ્રોજેક્ટસની પર્યાવરણીય મંજૂરીઓ માટે સ્ટેટ લેવલ એક્ષપર્ટ એપ્રાઈઝલ કમિટી (એસઇએસી)ની રચના ક્યારે થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ સમિતિના સભ્યો અને ચેરમેન કોણ છે,

(૩) ઉક્ત સમિતિની ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બેઠકો ક્યારે ક્યારે મળેલ, અને

(૪) ઉક્ત સમિતિની મુદ્દત કેટલા સમય સુધીની હોય
છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ એન્વાયર્નમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નોટિફિકેશન-૨૦૦૬ અન્વયે રાજ્ય સરકાર દ્વારા કેટેગરી બી પ્રોજેક્ટ્સની પર્યાવરણીય મંજૂરીઓ માટે સ્ટેટ લેવલ એક્સપર્ટ એપ્રાઇઝલ કમિટી (એસઇએસી)ની રચના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના તા.૨૮-૦૫-૨૦૨૦ના નોટિફિકેશનથી થયેલ છે.

(૨) સમિતીના સભ્યો તથા ચેરમેનની વિગત ઉક્ત નોટિફિકેશન મુજબ નીચે મુજબ છે.

| ક્રમ | સભ્યનું નામ | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી અક્ષય કુમાર સક્સેના | ચેરમેન |
| ૨ | ડો. સુરેશચંદ્ર પંત | સભ્ય |
| ૩ | ડો. એમ.એન. પટેલ | સભ્ય |
| ૪ | શ્રી ધનસુખભાઇ સી. ચૌધરી | સભ્ય |
| ૫ | શ્રી જે.કે. વ્યાસ | સભ્ય |
| ૬ | શ્રી આનંદ ઝિંઝાલા | સભ્ય |
| ૭ | શ્રી બી.એમ. ટેઇલર | સભ્ય |
| ૮ | સભ્ય સચિવ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર. | સચિવ |

(૩) ઉક્ત સમિતિની તા.૨૮-૦૫-૨૦૨૦ના રોજ રચના થયા બાદ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મળેલ બેઠકોની વિગત *પત્રક-અ મુજબ છે.

(૪) ઉક્ત સમિતિની મુદત જાહેરનામામાં પ્રસિદ્ધ થયાથી ત્રણ વર્ષ માટેની હોય છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૩૦૪૮ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૮૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૩૩ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૮૮.૨૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૯૬.૦૬ |

- - - - - - - - -

**રાજ્યમાં ખડમોરને સેટેલાઈટ ટેગીંગ**

૪૩૦૫૨ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કેટલા ખડમોરને સેટેલાઈટ ટેગીંગ કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ખડમોરને સેટેલાઈટ ટેગીંગ કરવાથી શી જાણકારી મળી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નીચે પ્રમાણેના ખડમોરને સેટેલાઈટ ટેગીંગ કરવામાં આવ્યા.

| અ.નં. | વર્ષ | ખડમોરની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ૨ |
| ૨ | ૨૦૨૧ | ૪ |

(૨) ખડમોર પક્ષીને સેટેલાઈટ ટેગીંગ કરવાથી આ પક્ષીના ઋતુગત આવન-જાવન, વિચરણ, રહેઠાણ, પ્રજનન, તેનો વ્યાપ વિસ્તાર અને વર્તણૂક પસંદગીના સ્થળોની જાણકારી મળી.

- - - - - - - - -

**વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૪૩૦૩૮ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૦,૮૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૮,૮૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૩.૧૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૦.૯૦ |

- - - - - - - - -

**તાપી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૪૨૯૯૭ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ તાપી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ આદિજાતિના કુલ કેટલા

**જવાબ**

(૧) હા.

(૨) આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ આદિજાતિના કુલ ૫૧૩ લાભાર્થીઓને લાભ

લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? આપવામાં આવેલ છે.

**રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરેક્ટીવ વર્ગખંડની વ્યવસ્થા**

૪૪૭૭૦ **શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ટેક્નોલોજીની મદદથી ઈન્ટરેક્ટીવ વર્ગખંડ વ્યવસ્થા વિકસાવવા શાં પગલાં લેવામાં આવ્યાં છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓના ૧૫,૦૦૦ વર્ગખંડોમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત ટેક્નોલોજીની મદદથી ઈન્ટરેક્ટિવ વર્ગખંડ વ્યવસ્થા વિકસાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત લેપટોપ અને સ્માર્ટ ઈન્ટરેક્ટિવ બોર્ડની મદદથી ડિજિટલ કન્ટેન્ટના માધ્યમથી અભ્યાસક્રમની સમજૂતી વિદ્યાર્થીઓને વધુ સરળતાથી મળી રહેશે. |
| (૨) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ કોઈ પણ સ્થળ અને સમયે અભ્યાસ કરી શકે તે માટે સમગ્ર શાળાકીય શિક્ષણ ક્ષેત્રને આવરી લેતું હોય એવું કોઈ અદ્યતન ડિજિટલ કન્ટેન્ટ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ કોઈ પણ સ્થળ અને સમયે અભ્યાસ કરી શકે તે માટે સમગ્ર શાળાકીય શિક્ષણ ક્ષેત્રને આવરી લેતું હોય એવું અદ્યતન ડિજિટલ કન્ટેન્ટ પૂરું પાડવા માટે “G-Shala (Gujarat Students’ Holistic Adaptive Learning App)” એપ તૈયાર કરવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) G-Shala એપમાં ઉપલબ્ધ ઇ-કન્ટેન્ટ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ મુજબ ધોરણ ૧ થી ૧૨ના તમામ વિષયો માટે ગુજરાતી માધ્યમમાં વિકસિત થયેલ છે. જેમાં 2D-3D એનિમેટેડ વીડિયો, સંદર્ભ /પૂરક સામગ્રી, મૂલ્યાંકન માટેની પ્રશ્નબેંક, ડિજિટલ સ્વરૂપે પાઠ્યપુસ્તક, શબ્દ સંગ્રહ, શિક્ષકો માટે પૂર્વ વર્ગખંડ મોડ્યુલ, હોમવર્ક મોડ્યુલ અને વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિ માપન ડેશબોર્ડ જેવી સુવિધા છે. આ ઉપરાંત, સમગ્ર ઇ-કન્ટેન્ટ અધ્યયન નિષ્પત્તિ આધારિત છે, જેમાં વિદ્યાર્થીઓને ઈન્ટરેક્ટિવિટી, પ્રાયોગિક સિમ્યુલેશન અને સ્વતંત્ર રીતે સ્વઅધ્યયન તેમજ સ્વ-મૂલ્યાંકનની સાથે સાથે પોતાની શૈક્ષણિક પ્રગતિની સમીક્ષા કરી તેમાં સુધારો કરવાની પૂરતી તકો મળી રહે છે. G-Shala અંતર્ગત ૩૩ લાખથી વધુ શિક્ષકો-વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરી ઉપયોગ કરી રહ્યાં છે. |

- - - - - - - - -

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૪૪૧૮૭ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|
| મહીસાગર | ૦ | ૭ |
| પંચમહાલ | ૩ | ૬ |

(૨) સરકારી કોલેજો-*પત્રક ૧ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજો-*પત્રક ૧-અ મુજબ .

(૩) બનતી ત્વરાએ.

આવશે ?

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા**

૪૩૦૦૬ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, | (૧) ૧૩૪૮ આંગણવાડી કેન્દ્રો. |
| (૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ખાતે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, અને | (૨) ૧૧૯૭ કેન્દ્રોમાં. |
| (૩) કેટલા આંગણવાડી કેન્દ્રો ખાતે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી ? | (૩) ૧૫૧ કેન્દ્રોમાં. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગ્રૂપને ફાળવેલ જમીન**

૪૪૧૪૮ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) ને વન ખાતા હસ્તકની કેટલી જમીન શા ભાવે ક્યારે ફાળવવામાં આવી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર્સેલર મિત્તલ ગ્રૂપ (જૂનું એસ્સાર સ્ટીલ લિ.) ને વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકાર દ્વારા તા.૧૬-૦૩-૨૦૨૧ના પત્રથી વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ૬૫.૭૩ હેક. વન જમીનના ડાયવર્ઝન માટે મંજૂરી આપવામાં આવેલ છે. જંગલની જમીનના ડાયવર્ઝન માટે ભાવ નિર્ધારીત થયેલ નથી, પરંતુ વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ થતી જમીનના બદલામાં વળતર વનીકરણ માટે જમીન, વળતર વનીકરણનો ખર્ચ અને જમીનની નેટ પ્રેઝન્ટ વેલ્યુ વિગેરે નિયમોનુસાર વસૂલ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ સુરત જિલ્લામાં ઉક્ત કંપની દ્વારા કયા પ્રકારની કેટલી જમીન મેળવવાની અરજીઓ પડતર છે, અને | (૨) ઉક્ત સ્થિતીએ સુરત જિલ્લામાં ઉક્ત કંપની દ્વારા વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ૧૭૮.૭૬ હેક. વન જમીનના ડાયવર્ઝન માટેની ભારત સરકારશ્રીની મંજૂરી માટેની બે દરખાસ્તો પડતર છે. |
| (૩)ફાળવવામાં આવેલ જમીન અન્વયે રાજ્ય સરકારને પ્રિમિયમ અને તેના વ્યાજ પેટે કેટલી આવક થઇ ? | (૩) વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ડાયવર્ટ કરવામાં આવેલ જમીન અન્વયે મંજૂરીની શરતો/ નિયમો અનુસાર રૂ.૫૬,૨૯,૮૮,૨૦૯/- ભારત સરકારશ્રીના કેમ્પા ફંડમાં તથા રૂ.૫,૫૬,૧૦,૮૯૩/- રાજ્ય સરકારશ્રીમાં જમા થયેલ છે. |

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અનાજ વિતરણ**

૪૩૦૨૨ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ પંચમહાલ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ પંચમહાલ જિલ્લામાં ૭૧૮૩૮.૦૨૪ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે. |
| (૨)ક્યા પ્રમાણ- ભાવથી વિતરણ કરવામાં આવ્યું ? | (૨) નીચે મુજબના સમયગાળા માટે નીચે દર્શાવેલ પ્રમાણ- ભાવથી અનાજનું વિતરણ કરવમાં આવેલ છે. |

અતારાંકિત પ્રશ્નો

**(અ) ફેબ્રુઆરી- ૨૦૨૧ થી મે- ૨૦૨૧, જુલાઇ-૨૦૨૧ તથા સપ્ટેમ્બર- ૨૦૨૧ થી જાન્યુઆરી- ૨૦૨૨ સુધી.**

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) |
|---|---|---|---|
| એએવાય (A A Y ) (કાર્ડ દીઠ) | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૩૫.૦૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (P H H ) (વ્યક્તિ દીઠ) | ઘઉં | ૩.૫૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૫.૦૦૦** | |

**(બ) જૂન-૨૦૨૧ (ઘઉં, ચોખા તથા મકાઇ)**

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) |
|---|---|---|---|
| એએવાય (A A Y ) (કાર્ડ દીઠ) | ઘઉં | ૨૦.૦૦૦ | ૨.૦૦ |
| | મકાઇ | ૫.૦૦૦ | ૧.૦૦ |
| | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૩૫.૦૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (P H H ) (વ્યક્તિ દીઠ) | ઘઉં | ૨.૦૦૦ | ૨.૦૦ |
| | મકાઇ | ૧.૫૦૦ | ૧.૦૦ |
| | ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૫.૦૦૦** | |

**(ક) ઓગસ્ટ- ૨૦૨૧ (ઘઉં, ચોખા તથા મકાઇ)**

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) |
|---|---|---|---|
| એએવાય (A A Y ) (કાર્ડ દીઠ) | ઘઉં | ૨૦.૦૦૦ | ૨.૦૦ |
| | મકાઇ | ૫.૦૦૦ | ૧.૦૦ |
| | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૩૫.૦૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (P H H ) (વ્યક્તિ દીઠ) | ઘઉં | ૩.૫૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૫.૦૦૦** | |

- - - - - - - - -

**આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

૪૪૧૯૦ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ માટે આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની રકમની માંગણી કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | આર્ટિકલ ૨૭૫/૧ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં) | સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૯૦૩૬.૭૩ લાખ | ૨૦૪૪૪.૫૫ લાખ (૨) |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતીત) | ૧૧૧૪૩.૮૫ લાખ | ૧૭૮૨૬.૪૬ લાખ (૨) |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને કયા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી?

(૨) વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કયા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | કયા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગત |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ **પત્રક ‘અ’** તથા આર્ટિકલ ૨૭૫/૧ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ **પત્રક ‘બ’** માં સામેલ છે. |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંત) | સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ **પત્રક ‘ક’** તથા આર્ટિકલ ૨૭૫/૧ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ **પત્રક ‘ડ’** માં સામેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સરકારી/ગ્રાન્ટેડ કોલેજમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૪૨૨૩ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કેટલી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો આવેલી છે.

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|
| જૂનાગઢ | ૪ | ૧૨ |
| ગીર સોમનાથ | ૨ | ૬ |

(૨) ઉક્ત સ્થિતિએ કોલેજવાર સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) સરકારી કોલેજો-*પત્રક ૧ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજો-*પત્રક ૧-અ મુજબ.

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી ખાલી છે, અને

(૩) સરકારી કોલેજો-*પત્રક ૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજો-*પત્રક ૨-અ મુજબ.

(૪) ઉક્ત ખાલી જગ્યા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૩૦૦૧ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| નાંદોદ | ૭૦૩ |
| દેડિયાપાડા | ૬૪૦ |
| સાગબારા | ૮૮ |
| ગુરુડેશ્વર | ૨૮૦ |
| તિલકવાડા | ૨૭૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને

(૨)

| તાલુકો | નામંજૂર અરજીઓ |
|---|---|
| નાંદોદ | ૦ |
| દેડિયાપાડા | ૦ |
| સાગબારા | ૦ |

| | |
|---|---|
| તિલકવાડા | ૦ |

(૩) તેમા કેટલી રકમની સહાય મંજૂર કરી ? | (૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓમાં વર્ગ વધારો**

૪૩૦૧૭ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૦-૨૧માં બનાસકાંઠા જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કુલ કેટલી દરખાસ્તો મળી, અને | (૧) ૧૮ |
| (૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી ? | (૨) ૧૬ |

---------

**બોરસદ તાલુકામાં આંગણવાડીઓના જર્જરિત મકાનો**

૪૪૧૬૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં કેટલી આંગણવાડીઓ જર્જરિત હાલતમાં છે અને કેટલા ભાડાના મકાનમાં ચાલે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બોરસદ તાલુકામાં જર્જરિત આંગણવાડી કેન્દ્રો- ૧૯<br>ભાડાના આંગણવાડી કેન્દ્રો- ૭૫ |
| (૨) જર્જરિત હાલતમાં હોય તેવા મકાનો, ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે, અને | (૨) ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી તબક્કાવાર. |
| (૩) ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓને ક્યાં સુધીમાં સરકારી મકાન ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૩) ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી તબક્કાવાર. |

---------

**વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૩૦૨૭ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા અને, | (૧) તા.૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૬,૦૨૮ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૬,૦૨૮ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૫,૧૪૦ છે. |

---------

**રાજ્યમાં ઘુડખરની વસતી ગણતરી**

૪૩૦૩૫ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણીનગર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ઘુડખરની કેટલી વસતી છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ઘુડખરની વસતી અંદાજે કુલ-૬૦૮૨ છે. |
| (૨)આ વસતી ગણતરી ક્યારે કરવામાં આવી હતી ? | (૨) આ વસતી ગણતરી છેલ્લે માર્ચ-૨૦૨૦માં કરવામાં આવી હતી. |

---------

**રાજ્યમાં યુનિવર્સિટીમાં સત્તામંડળોમાં અનામત પ્રથા**

૪૪૧૨૨ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) યુ.જી.સી.એ આપેલ આદેશ મુજબ રાજ્યમાં | (૧) હા, જી. |

આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સિન્ડીકેટ અને એકેડેમિક કાઉન્સીલ વગેરે)માં એસસી/એસટી માટે અનામત પ્રથા લાગુ કરવા માટે નિવૃત્ત જજ શ્રી એચ.કે.રાઠોડની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સમિતિની રચના ક્યારે કરવામાં આવેલ છે,

(૨) તા.૨૯-૦૧-૨૦૧૯ના રોજ.

(૩) ઉક્ત સમિતિની રચના બાદ કેટલા સમયમાં અહેવાલ સુપ્રત કરવાનો હતો, અને

(૩) સમયમર્યાદા નિયત થયેલ નથી.

(૪) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત સમિતિએ અહેવાલ સરકારને સુપ્રત કરેલ છે કે કેમ ?

(૪) ના, જી.

---------

**દાહોદ જિલ્લામાં વર્ગ વધારાની દરખાસ્તો**

૪૪૭૯૬ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં બિનસરકારી ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાઓના વર્ગ વધારા માટે કુલ કેટલી દરખાસ્તો મળેલ હતી, અને

(૧) ૨૭

(૨)તે પૈકી કેટલી દરખાસ્તોને મંજૂર કરવામાં આવી ?

(૨) ૨૫

---------

**પોરબંદર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે અનાજ વિતરણ**

૪૩૦૩૩ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ પોરબંદર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ પોરબંદર જિલ્લામાં ૨૦૪૦૪.૭૫૬ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે.

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

(૨) ફેબ્રુઆરી-૨૦૨૧થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન નીચે દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) |
|---|---|---|---|
| એએવાય (AAY) (કાર્ડ દીઠ) | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૩૫.૦૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | ૩.૫૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |

---------

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

૪૪૧૨૮ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા.૨૦/૦૫/૨૦૨૧ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત બાન

(૧) હા, જી.

મુકવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે અને તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ સરકારે તમામ વિભાગોને બાન મુકવા અંગે ક્યારે જાણ કરી છે, અને

(૨)

- એ.જી.કચેરી રાજકોટના ડ્રાફ્ટ પેરા મુજબ મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડને જીવન શિક્ષણ મેગેઝીન અને અન્ય સાહિત્યની છાપકામની કામગીરી માટે વધુ રકમ ચૂકવાયેલ છે તેવો પારો ઉપસ્થિત કરેલ તેમજ વર્ષ: ૨૦૧૫-૧૬ના CAG ના ફાઈનલ રિપોર્ટમાં રિલાયેબલ આર્ટ પ્રિન્ટરીને વધુ રકમ ચૂકવાયેલ છે. તેવું રિપોર્ટમાં દર્શાવેલ છે.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગરના તા.૧૭/૦૨/૨૦૨૧ના તપાસ અહેવાલમાં રિલાયેબલ આર્ટ પ્રિન્ટરીને રકમ રૂ. ૬૬૮.૮૪ લાખનુ વધુ ચૂકવણું થયેલ છે જેની નિયમાનુસાર રીકવરી કરવાની થાય તેવો અહેવાલ આપેલ છે.
- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ કચેરીના તા.૨૦/૦૫/૨૦૨૧ના પત્રથી મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીને શો કોઝ નોટિસ આપવામાં આવેલ છે.
- તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ સેક્ટર-૦૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં F I R દાખલ કરેલ છે, જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.
- સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના તા.૧૦/૦૩/૨૦૨૨ ના પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર.ઠેકડી દ્વારા એસ.સી.એ નં. ૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી એચ.જી.પટેલએ નામદાર કોર્ટમાં એસ.સી.એ નં. ૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બન્ને કેસની આગામી મુદત તા.૩૧-૦૩-૨૦૨૨ ના રોજ છે.

(૩) તમામ વિભાગોને જાણ કરવામાં ન આવેલ હોય તો તેના શા કારણો છે અને તે ક્યારે કરવામાં આવનાર છે ?

(૩) શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિન્ટિંગની કામગીરી ઉપર બાન (પ્રતિબંધ) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર-૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

- - - - - - - - -

**વઘઈ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૩૦૪૯ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૦૬૦ |

હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૦૪૨ |

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૭૩.૭૨ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૪૧.૬૦ |

---------

**જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી આપવામાં આવેલા વન્ય પ્રાણીઓ**

૪૪૧૪૩ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહલયમાંથી ક્યા પ્રકારના કેટલા વન્ય પ્રાણીઓ કોને આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહલયમાંથી નીચેની વિગતે વન્યપ્રાણીઓ આપવામાં આવેલ છે.

| **(અ) તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ દરમિયાન આપવામાં આવેલ વન્યપ્રાણીઓ** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી આપવામાં આવેલ વન્યપ્રાણી નામ** | **સંખ્યા** | **વન્યપ્રાણી આપવામાં આવેલ સંસ્થાનું નામ** |
| ૧ | પશુ ચિત્તલ | ૧૦ | પૂર્ણા વન્યપ્રાણી અભયારણ્ય, ડાંગ |
| ૨ | સિંહ | ૦૧ | સરદાર પટેલ ઝુલોજિકલ પાર્ક, કેવડીયા |
| ૩ | લવબર્ડ | ૧૫ | |
| ૪ | સફેદ કાકણસાર | ૦૨ | |
| ૫ | રેડ જંગલ ફાઉલ | ૧૦ | |
| ૬ | રેડ જંગલ ફાઉલ | ૦૫ | જેસોર અભયારણ્ય, બનાસકાંઠા |
| **(બ) તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ દરમિયાન આપવામાં આવેલ વન્યપ્રાણીઓ** | | | |
| ૧ | સાબર | ૩૮ | ગ્રીન ઝુલોજિકલ રેસ્કયુ એન્ડ રીહેબીટીલાઇઝેશન જામનગર |
| ૨ | દિપડા | ૫૧ | |
| ૩ | પશુ ચિત્તલ | ૫૦ | |
| ૪ | કાળીયાર | ૦૭ | |
| ૫ | ચિંકારા | ૦૩ | |
| ૬ | ભેકડું | ૦૪ | |
| ૭ | ચૌશિંગા | ૦૧ | |
| ૮ | સિંહ | ૦૧ | જયપુર ઝુલોજિકલ ગાર્ડન, જયપુર |
| ૯ | સિંહ | ૦૩ | આસમ સ્ટેટ ઝુ કમ બોટેનિકલ ગાર્ડન, આસામ |
| ૧૦ | સિંહ | ૦૬ | સંજય ગાંધી, ઝુલોજિકલ ગાર્ડન, |

| | | | પટના ઝૂ |
|---|---|---|---|
| ૧૧ | રાહીનોસિરસ | ૦૧ | સરદાર પટેલ, ઝુલોજિકલ પાર્ક, કેવડીયા |
| ૧૨ | ઘુડખર | ૦૨ | |
| ૧૩ | સાબર | ૦૧ | |
| ૧૪ | પહાડી પોપટ | ૦૪ | |
| ૧૫ | તુઇ પોપટ | ૦૧ | |
| ૧૬ | જંગલી કુકડા | ૦૬ | |
| ૧૭ | ભારતીય વરુ | ૦૩ | |
| ૧૮ | ઝરખ | ૦૨ | |
| ૧૯ | રીંછ | ૦૨ | |
| ૨૦ | વાઇલ્ડ ડોગ | ૦૨ | |
| ૨૧ | સફેદ કાકણસાર | ૦૨ | |
| ૨૨ | સિંહ | ૦૩ | નેશનલ ઝુલોજિકલ પાર્ક, ન્યુ દિલ્હી |
| ૨૩ | ચૌશિંગા | ૦૧ | |
| ૨૪ | લેડી એમહર્સ્ટ ફિઝન્ટ | ૦૧ | |
| ૨૫ | રેડ ઇઅર્ડ સ્લાઇડર ટર્ટલ | ૦૧ | |
| ૨૬ | ચૌશિંગા | ૦૨ | પ્રદ્યુમન ઝુલોજિકલ પાર્ક, રાજકોટ |
| ૨૭ | ભારતીય વરૂ | ૦૧ | |
| ૨૮ | ઘુડખર | ૦૨ | |
| ૨૯ | સિંહ | ૦૨ | સયાજીબાગ ઝૂ, વડોદરા |

(૨) ઉક્ત વન્ય પ્રાણીઓ આપવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વન્ય પ્રાણીઓનું જતન થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૨) વન્યપ્રાણી વિનિમય માટે અન્ય પ્રાણી સંગ્રહાલયોને પ્રાણીઓ આપવામાં આવેલ છે.

(૩) વન્યપ્રાણીઓના ખોરાક, રહેઠાણ તથા સ્વાસ્થ્ય અંગેની કાળજીની કામગીરી પ્રાણીઓ મેળવનાર ઝૂ દ્વારા થાય છે.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન**

૪૩૦૧૧ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતાં. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**આદિજાતિ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં ગૃહપતિની જગ્યાઓ**

૪૪૧૯૬ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શિક્ષકો, શિક્ષક તેમજ

**જવાબ**

(૧) હા, જી.

| | |
|---|---|
| ગૃહપતિની એમ બેવડી જવાબદારી અદા કરે છે તે હકીકત સાચી છે, | |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ગૃહપતિની નવી જગ્યા ઉભી કરીને શિક્ષકોની બેવડી જવાબદારી ઓછી કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) ગૃહપતિની નવી જગ્યા ઉભી કરવાની કોઈ કાર્યવાહી ચાલુ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ગૃહપતિની નવી જગ્યા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**રાજ્યમાં રીંછની વસતી ગણતરી**

૪૩૦૩૬ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રીંછની કેટલી વસતી છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લી વસતી ગણતરી મુજબ રાજ્યમાં અંદાજે કુલ-૩૪૩ રીંછ વસતી છે. |
| (૨) આ વસતી ગણતરી ક્યારે કરવામાં આવી હતી ? | (૨) આ વસતી ગણતરી વર્ષ, ૨૦૧૬માં કરવામાં આવી હતી. |

\- - - - - - - - -

**સુરત જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૨૯૯૬ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને | (૧) એક પણ નહી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિરુધ્ધ ગેરરીતિનો અહેવાલ**

૪૪૦૬૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૮૮૩૦ (અગ્રતા-૨૯૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને તેના કુલપતિ વિરુધ્ધ વહીવટી અને નાણાકીય ગેરરીતિ સંબંધમાં થયેલ આક્ષેપો અંગેની તપાસ માટે રાજય સરકારે રચેલ સમિતિનો અહેવાલ મળેલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત અહેવાલ રાજય સરકારને સમિતિએ કયારે રજૂ કરવાનો હતો, અને | (૨) એક માસમાં. |
| (૩) ઉકત અહેવાલ તા. ૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ મળેલ હોય તો તે અન્વયે રાજય સરકારે શાં પગલાં લીધા છે ? | (૩) આક્ષેપિત કુલપતિ ડો.બી.એ. પ્રજાપતિને વિભાગના તા. ૦૬-૦૩-૨૦૧૯ના હુકમથી કુલપતિના હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે. ડો.પ્રજાપતિનુ તા.૨૫-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ હોઈ, વિભાગના તા. ૧૭-૦૩-૨૦૨૧ના હુકમથી ડો. પ્રજાપતિ સામેની તપાસ પડતી મૂકવાનો નિર્ણય કરવામાં આવેલ છે. |

\- - - - - - - - -

**આદિજાતિ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીનો લાભ**

૪૪૧૯૩ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૧૫-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૩૯૭૭ (અગ્રતા-૪૧)ના અનુસંધાને **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવાની બાબત કાર્યવાહી હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) આ નીતિ વિષયક બાબત છે અને તે આદિજાતિ વિકાસ વિભાગ કક્ષાએ ચકાસણી હેઠળ છે.

(૨) ચકાસણી પૂર્ણ થયે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

---------

**રાજ્યમાં ખડમોરની વસતી**

૪૩૦૫૧ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લી વસતી ગણતરી પ્રમાણે રાજ્યમાં ખડમોરની કેટલી વસતી નોંધાઈ છે, અને

(૨) ખડમોરની વસતી વધારવા માટે સરકાર દ્વારા શાં પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લી વસતી ગણતરી પ્રમાણે રાજ્યમાં ખડમોરની કુલ વસતી-૬૧ નોંધાઈ છે.

(૨)

- ખડમોરની વસતી વધારવા માટે કુદરતી આવાસોને બચાવવા રહેઠાણ સુધારણાની કામગીરી કરવામાં આવેલ છે.
- ખડમોરની વસતીવાળા વિસ્તારોમાં સ્થાનિક સ્ટાફ દ્વારા તકેદારી રાખવામાં આવે છે.
- ખડમોરના સંરક્ષણ અને સંવર્ધન માટે કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન વેળાવદર ખાતે કેપ્ટીવ બ્રિડીંગ સેન્ટર ઉભું કરેલ છે.
- ખડમોરને તેમની મુવમેન્ટ જાણવા સેટેલાઈટ ટેગીંગ કરવામાં આવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૩૦૦૩ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ**

૪૪૨૦૫ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના કેટલા દાવા/અરજીઓ પડતર છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના પડતર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લાનું નામ | પડતર દાવા/અરજીઓ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | નર્મદા | ૬૩૮૮ |
| ૨. | ભરૂચ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા દાવા/અરજીઓ મંજૂર અને કેટલા નામંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર મંજૂર અને નામંજૂર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| **અનુ** | **જિલ્લાનું નામ** | **વર્ષ ૨૦૨૦** | | **વર્ષ ૨૦૨૧** | |
|---|---|---|---|---|---|
| | | **મંજૂર દાવા** | **નામંજૂર દાવા** | **મંજૂર દાવા** | **નામંજૂર દાવા** |
| ૧ | નર્મદા | ૫૭૯ | ૦ | ૨૬૮ | ૨ |

(૩) ઉક્ત દાવા/અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે, અને

(૩) વન અધિકાર અધિનિયમની કલમ ૧૩ મુજબ ૨ (બે) માન્ય પૂરાવાઓ ન હોવાથી તથા તા.૧૩-૧૨-૨૦૦૫ પહેલા અને તા.૩૧-૧૨-૨૦૦૭ સુધી દાવા વાળી જમીનનો સતત કબજો ન હોવાથી,

(૪) ઉક્ત પડતર દાવા/અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) નિયમો અનુસાર ચકાસણી પ્રક્રિયા પૂરી થયેથી.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૩૦૩૦ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા અને,

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૦૧/૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૩,૮૪૬ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૩,૮૪૬ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૫૭,૨૪૯ છે.

- - - - - - - - -

૪૩૨૪૦ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (મા અન્નપૂર્ણા યોજના) હેઠળ કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ- ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (મા અન્નપૂર્ણા યોજના) હેઠળ ૨૧૨૪૦૯.૮૨૪ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(અ) ફેબ્રુઆરી-૨૦૨૦થી જાન્યુઆરી-૨૦૨૧- ૧૦૨૫૯૨.૪૭૩ મે.ટન

(બ) ફેબ્રુઆરી-૨૦૨૧થી જાન્યુઆરી-૨૦૨૨- ૧૦૯૮૧૭.૩૫૧ મે.ટન

(૨) ફેબ્રુઆરી-૨૦૨૦થી જાન્યુઆરી-૨૦૨૨ દરમિયાન નીચે દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| **યોજના** | **અનાજનો પ્રકાર** | **જથ્થો (કિ.ગ્રા.)** | **ભાવ પ્રતિ કિલો (રૂ.)** |
|---|---|---|---|
| એએવાય (AAY) (કાર્ડ દીઠ) | ઘઉં | ૨૫.૦૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧૦.૦૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૩૫.૦૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) (વ્યક્તિ દીઠ) | ઘઉં | ૩.૫૦૦ | ૨.૦૦ |
| | ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |
| | **કુલ** | **૫.૦૦૦** | |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં વહાલી દિકરી યોજના**

અતારાંકિત પ્રશ્નો

૪૩૦૦૭ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વહાલી દીકરી યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનામાં લાભાર્થીઓને કેટલી સહાય મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં વહાલી દીકરી યોજનાના મંજૂર કરેલ લાભાર્થીઓની સંખ્યા ૫૮૮૦ છે.

(૨) લાભાર્થી દીઠ રૂ.૧,૧૦,૦૦૦/-ની સહાય મંજૂર કરવામાં આવી.

---------

**ઉમરગામ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૩૦૪૩ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૧૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૭૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૯૭.૦૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૬.૩૯ |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૪૩૦૭૧ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ આદિજાતિના કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા,

(૨) આ યોજના હેઠળ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઉક્ત સ્થિતિએ આદિજાતિના કુલ ૭૦૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

---------

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

૪૪૧૮૧ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા.૨૦/૦૫/૨૦૨૧ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત્ બાન મુકવામાં આવેલ છે અને રકમ રૂ.૬૬૮.૮૪ લાખ તથા તેની ઉપર ૧૨% વ્યાજ સહિત દિન ૧૫માં ભરપાઈ કરવાના હુકમ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાનૂની સલાહ લઈ રકમ વસૂલ કરવા બાબતે આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૩) રકમ રૂ. ૬૬૮.૮૪ લાખ

- ઉક્ત બાકી રકમ વસૂલ કરવા ગુજરાત શૈક્ષણિક

સંશોધન અને તાલીમ પરિષદના તા.૨૦-૦૫-૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઇવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીઓને શો કોઝ નોટિસ આપી પ્રતિબંધ (બાન) મુકવામાં આવેલ છે.

- તા.૨૪/૦૩/૨૦૨૦ના રોજ સેક્ટર-૦૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરેલ છે. જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૪) ઉક્ત બાકી રકમ વસૂલ કરવા શા પગલા લેવામાં આવ્યા ?

(૪)

- સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના તા.૧૦/૦૩/૨૦૨૨ ના પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર. ઠેકડી દ્વારા એસ.સી.એ નં. ૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી એચ. જી. પટેલ એ નામદાર હાઇકોર્ટમાં એસ.સી. એ નં. ૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બન્ને કેસની આગામી મુદત તા. ૩૧-૦૩-૨૦૨૨ના રોજ છે.
- શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિન્ટિંગની કામગીરી ઉપર બાન (પ્રતિબંધ) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર - ૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં પવિત્ર ઉપવન**

૪૩૦૪૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં કયા કયા સ્થળે પવિત્ર ઉપવન બનાવવામાં આવેલ છે, અને | (૧) છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં નીચેના સ્થળોએ પવિત્ર ઉપવન બનાવવામાં આવેલ છે.<br>૧. હનુમાનજીનું મંદિર,<br>ગામ-પુનિયાવાંટ, તાલુકો- છોટાઉદેપુર<br>૨. શિકોતર માતાનું મંદિર,<br>ગામ-કુંડીયા, તાલુકો- સંખેડા |
| (૨) આ પવિત્ર ઉપવનમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે ? | (૨) આ પવિત્ર ઉપવનમાં મુખ્યત્વે વડ, સીંદૂર, રૂદ્રાક્ષ, બીલી, પીપળ, કદમ, સીતા અશોક, પારીજાત, શીવજટા, આસોપાલવ, ગુગળ, ચંદન, બોરસલી, સોપારી, નાળીયેરી, આંબાકલમ, બીયો, રાયણ, ઉમરો, ગરમાળો જેવા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |

---------

**વટવા ઔદ્યોગિક વસાહત સામે પગલાં**

૪૪૧૧૬ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ વટવા ઔદ્યોગિક વસાહતો દ્વારા હવામાં | (૧) અમદાવાદ શહેરમાં આવેલ વટવા ઔદ્યોગિક વસાહતો દ્વારા હવામાં છોડાતા વાયુ અને ઝેરી કચરાનો |

છોડાતા વાયુ અને ઝેરી કચરાનો યોગ્ય નિકાલ ન થતાં વીજ જોડાણ કાપવા સહિતના પગલાંઓ લેવાનાં આદેશો સરકારે આપેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત આદેશ અન્વયે ક્યારે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરની વટવા ઔદ્યોગિક વસાહત સામે શાં પગલાં લેવામાં આવેલ છે ?

યોગ્ય નિકાલ ન થતાં વીજ જોડાણ કાપવા માટેના કોઇ પગલાં લેવાના આદેશો સરકાર દ્વારા લેવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરત અને પંચમહાલ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ**

૪૪૨૧૧ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના કેટલા દાવા/અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા દાવા/અરજીઓ મંજૂર અને કેટલા નામંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત દાવા/અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે, અને

(૪) ઉક્ત પડતર દાવા/અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના પડતર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| અનું. | જિલ્લાનું નામ | પડતર દાવા/અરજીઓ |
|---|---|---|
| ૧ | સુરત | ૦ |
| ૨ | પંચમહાલ | ૭૨૯ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર મંજૂર અને નામંજૂર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| અનું | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | વર્ષ-૨૦૨૧ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર દાવા | નામંજૂર દાવા | મંજૂર દાવા | નામંજૂર દાવા |
| ૧ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) નિયમો અનુસાર ચકાસણી પ્રક્રિયા પૂરી થયેથી.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપની તપાસ**

૪૩૦૨૩ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પેટ્રોલ/ડીઝલ પંપની તપાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા એકમોમાં ક્ષતિ માલુમ પડી, અને

(૩)આવા એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષ દરમિયાન ૧૦ પેટ્રોલ/ડીઝલ પંપની તપાસણી કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી એક એકમમાં ક્ષતિ માલુમ પડેલ છે.

(૩) આવા એક એકમ સામે તપાસણી સમયે જણાયેલ ક્ષતિઓ અન્વયે સંબંધિત ઓઇલ કંપનીને જરૂરી કાર્યવાહી કરવા સૂચિત કરેલ છે.

- - - - - - - - -

**નવસારી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૪૩૦૩૯ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા |
|---|---|

વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

| | (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૮,૩૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૬૧,૯૧૧ |

(૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં મુખ્યત્વે પ્લેટોફોર્મ, બંગાળી બાવળ, સેવન, શરૂ, ગુલમહોર, જાંબુ, લીમડા, નીલગીરી, દેશી બાવળ વિગેરે પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૯.૧૪ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩.૯૬ |

- - - - - - - - -

## કેન્દ્ર સરકાર પાસેથી સિંહોના સંવર્ધન માટે મળેલ રકમ

૪૪૧૫૧ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને સિંહોના સંવર્ધન માટે કેટલી રકમ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૩) રકમ વણવપરાયેલ રહેવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧માં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને સિંહોના સંવર્ધન માટે કોઇ રકમ મળેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૮-૧૯માં કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ પૈકી વણવપરાયેલ રકમ રૂ.૧૬૪૧.૪૨ લાખ વર્ષ ૨૦૧૯-૨૦માં રીવેલીડેટ કરવામાં આવેલ છે અને તે પૈકી વણવપરાયેલ રકમ રૂ.૯૯૭.૪૬ લાખ વર્ષ ૨૦૨૦-૨૧માં રીવેલીડેટ કરવામાં આવેલ છે.

(૨) રીવેલીડેટ થઇ આવેલ રકમ પૈકી વર્ષવાર વપરાયેલ અને વણવપરાયેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | વપરાયેલ રકમ (રૂ.લાખમાં) | વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૬૪૩.૯૬ | ૯૯૭.૪૬ |
| ૨૦૨૦-૨૧ | ૯૯૭.૪૬ | ૦.૦૦ |

(૩) હવે તમામ રકમ વપરાયેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## નર્મદા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન

૪૩૦૦૨ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઇ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી**

૪૩૦૨૪ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા વ્યાપારી એકમો સામે તોલમાપના સાધનો સમયમર્યાદામાં ખરાઈ ન કરાવવા બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કસૂરવારો સામે શાં પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૪૧૨

(૨) - ૩૫૧ કસૂરવારો સામે ગુજરાત કાનૂનીમાપ વિજ્ઞાન (અમલીકરણ) નિયમો-૨૦૧૧ના નિયમ-૧૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી નિયમ-૨૪ અંતર્ગત રૂપિયા ૬૫,૧૦૦/- (અંકે રૂપિયા પાંસઠ હજાર એકસો) તથા-૬૧ કસૂરવારો સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ-૨૦૦૯ની કલમ-૨૪ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી કલમ-૩૩ અંતર્ગત રૂ.૪,૬૮,૫૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ અડસઠ હજાર પાંચસો) મળી કુલ રૂ.૫,૩૩,૬૦૦/- (અંકે રૂ.પાંચ લાખ તેત્રીસ હજાર છસ્સો) ગુન્હા માંડવાળ ફી પેટે વસૂલ કરેલ છે.

- - - - - - - - -

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં આંગણવાડીઓના મકાન**

૪૪૧૬૬ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ.

ભાવનગર જિલ્લામાં

| ક્રમ | તાલુકાનું નામ | પોતાના મકાન ન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર (ગ્રામ્ય) | ૧૧ |
| ૨ | ગારીયાધાર | ૩ |
| ૩ | ઘોઘા | ૧ |
| ૪ | જેસર | ૧૦ |
| ૫ | મહુવા | ૭૪ |
| ૬ | પાલીતાણા | ૫૧ |
| ૭ | શિહોર | ૩૦ |
| ૮ | તળાજા | ૪૦ |
| ૯ | ઉમરાળા | ૫ |
| ૧૦ | વલ્લભીપુર | ૦ |
| | **કુલ** | **૨૨૫** |

 બોટાદ જિલ્લામાં

| ક્રમ | તાલુકાનું નામ | પોતાના મકાન ન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૮૭ |
| ૨ | ગઢડા | ૧૦ |

| | | |
|---|---|---|
| ૩ | બરવાળા | ૨ |
| ૪ | રાણપુર | ૧૫ |
| | **કુલ** | **૧૧૪** |

(૨) આવી આંગણવાડીઓને ક્યાં સુધીમાં પોતાના મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૨) ભાવનગર જિલ્લો- જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

બોટાદ જિલ્લો- જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક / માધ્યમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૪૪૧૦૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે,

(૧) સરકારી પ્રાથમિક શાળાઓઃ

| **ગાંધીનગર** | | **મહેસાણા** | |
|---|---|---|---|
| **તાલુકા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **ખૂટતા ઓરડાની સંખ્યા** |
| દહેગામ | ૧૮૯ | બેચરાજી | ૬૯ |
| ગાંધીનગર | ૧૧૯ | જોટાણા | ૫૦ |
| કલોલ | ૫૯ | કડી | ૧૧૨ |
| માણસા | ૬૦ | ખેરાલુ | ૧૧૯ |
| | | મહેસાણા | ૯૭ |
| | | સતલાસણા | ૧૨૧ |
| | | ઉંઝા | ૪૫ |
| | | વડનગર | ૧૦૦ |
| | | વિજાપુર | ૯૦ |
| | | વિસનગર | ૧૪૪ |

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ શૂન્ય છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ઓરડા બનાવવામાં આવ્યા, અને

(૨) સરકારી પ્રાથમિક શાળાઓઃ

| **ગાંધીનગર** | | **મહેસાણા** | |
|---|---|---|---|
| **તાલુકા** | **બનાવેલ ઓરડાની સંખ્યા** | **તાલુકા** | **બનાવેલ ઓરડાની સંખ્યા** |
| દહેગામ | ૨૭ | બેચરાજી | ૨૧ |
| ગાંધીનગર | ૫૮ | જોટાણા | ૫ |
| કલોલ | ૩૫ | કડી | ૨૬ |
| માણસા | ૩૧ | ખેરાલુ | ૦ |
| | | મહેસાણા | ૧૧ |
| | | સતલાસણા | ૦ |
| | | ઉંઝા | ૧૬ |
| | | વડનગર | ૦ |
| | | વિજાપુર | ૦ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) -સરકારી પ્રાથમિક શાળાઓ: આગામી વર્ષોમાં તબક્કાવાર
-સરકારી માધ્યમિક શાળાઓ: પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**હેમ ચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિરૂદ્ધ ગેરરીતિનો અહેવાલ**

૪૪૦૬૮ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૮૮૩૦ (અગ્રતા-૨૯૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને તેના કુલપતિ વિરૂધ્ધ વહીવટી અને નાણાકીય ગેરરીતિ સંબંધમાં થયેલ આક્ષેપો અંગેની તપાસ માટે રાજ્ય સરકારે રચેલ સમિતિનો અહેવાલ મળેલ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત અહેવાલ રાજ્ય સરકારને સમિતિએ ક્યારે રજૂ કરવાનો હતો, અને

(૩) ઉક્ત અહેવાલ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મળેલ હોય તો તે અન્વયે રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક માસમાં.

(૩) આક્ષેપિત કુલપતિ ડો. બી.એ.પ્રજાપતિને વિભાગના તા.૦૬-૦૩-૨૦૧૯ના હુકમથી કુલપતિના હોદ્ધા પરથી દૂર કરવામાં આવેલ છે. ડો. પ્રજાપતિનું તા.૨૫-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ હોઈ, વિભાગના તા.૧૭-૦૩-૨૦૨૧ના હુકમથી ડો. પ્રજાપતિની સામેની તપાસ પડતી મૂકવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

---------

**આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

૪૪૦૯૫ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ માટે આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની રકમની માંગણી કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | આર્ટિકલ ૨૭૫/૧ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં) | સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૯૦૩૬.૭૩ લાખ | ૨૦૪૪૪.૫૫ લાખ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧/૧૨/૨૦૨૧ અંતિત) | ૧૧૧૪૩.૮૫ લાખ | ૧૭૮૨૬.૪૬ લાખ |

(૨) વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગત |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ પત્રક 'અ'* તથા આર્ટીકલ ૨૭૫/૧ હેઠળના |

| | | |
|---|---|---|
| | | કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ પત્રક 'બ'* માં સામેલ છે. |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧/૧૨/ ૨૦૨૧ અંતિત) | સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ પત્રક 'ક'* તથા આર્ટિકલ ૨૭૫/૧ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ પત્રક 'ડ' માં સામેલ છે. |

---------

*પત્રક સચિવશ્રીની કચેરી માં રાખવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૩૦૨૯ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ નીચે મુજબ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **લાભાર્થી કુટુંબો** |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૧૨,૨૫૫ |
| ૨ | અમદાવાદ શહેર | ૨૯,૮૭૪ |
| | **કુલ** | **૪૨,૧૨૯** |

(૨) અમદાવાદ જિલ્લાની જનસંખ્યા નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **જનસંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૫૧,૩૨૨ |
| ૨ | અમદાવાદ શહેર | ૧,૩૨,૪૦૯ |
| | **કુલ** | **૧,૮૩,૭૩૧** |

---------

**ખેડા અને આણંદ જિલ્લાના પેટ્રોલ પંપ ઉપર સરપ્રાઈઝ ચેકિંગ**

૪૨૪૯૩ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ શહેર/જિલ્લામાં કેટલા પેટ્રોલ/ડીઝલ પંપની ઓચિંતી તપાસ કરવામાં આવી,

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં પેટ્રોલ/ડીઝલ પંપની ઓચિંતી કરેલ તપાસ.

| **અ.નં.** | **જિલ્લો** | **વર્ષ** | **પેટ્રોલ/ડીઝલ પંપની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૨૦૨૦ | ૦૧ |
| | | ૨૦૨૧ | ૦૧ |
| ૨ | આણંદ | ૨૦૨૦ | ૨ |
| | | ૨૦૨૧ | શૂન્ય |
| | | **કુલ** | **૦૪** |

(૨) તે પૈકી ક્યા સ્થળના ક્યા પેટ્રોલ/ડીઝલ પંપ ઉપર ભેળસેળ અને પેટ્રોલ/ડીઝલની નબળી ગુણવત્તા હોવાનું સામે આવ્યું,

(૨) ઉક્ત સંદર્ભ-૧ ની તપાસમાં કોઈ ભેળસેળ કે નબળી ગુણવત્તા હોવાનું ધ્યાને આવેલ નથી.

(૩) આવા પેટ્રોલ પંપો ઉપર શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પેટ્રોલ પંપ ઉપર રાખવામાં આવેલ ફરિયાદ બુકોમાં લખેલ ફરિયાદ બાબતે શી ચકાસણી કરવામાં આવેલ હતી ?

(૪) તપાસણી સમયે ફરિયાદ બુક ચકાસતાં તેમાં કોઈ ફરિયાદ નોંધાયેલ હોવાનું જણાઈ આવેલ નથી.

- - - - - - - - -

**તાપી અને વલસાડ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ**

૪૪૨૧૭ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના કેટલા દાવા/અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા દાવા/અરજીઓ મંજૂર અને કેટલા નામંજૂર કરવામાં આવ્યા,

(૩) ઉક્ત દાવા/અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે, અને

(૪) ઉક્ત પડતર દાવા/અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના પડતર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **પડતર દાવા/અરજીઓ** |
|---|---|---|
| ૧ | તાપી | ૩૬૫૬ |
| ૨ | વલસાડ | ૪૭૩૪ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર મંજૂર અને નામંજૂર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **વર્ષ ૨૦૨૦** | | **વર્ષ ૨૦૨૧** | |
|---|---|---|---|---|---|
| | | **મંજૂર દાવા** | **નામંજૂર દાવા** | **મંજૂર દાવા** | **નામંજૂર દાવા** |
| ૧ | તાપી | ૧૫૨ | ૦ | ૧૮ | ૦ |
| ૨ | વલસાડ | ૧૧૪૭ | ૦ | ૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) નિયમો અનુસાર ચકાસણી પ્રક્રિયા પૂરી થયેથી.

- - - - - - - - -

**મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત**

૪૪૧૭૨ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ તેમજ તેના તમામ ડિરેક્ટર્સને તા. ૨૦-૦૫-૨૦૨૧ના હુકમથી બ્લેકલિસ્ટ અર્થાત બાન મૂકવામાં આવેલ છે અને રકમ રૂ.૬૬૮.૮૪ લાખ તથા અને તેની ઉપર ૧૨% વ્યાજ સહિત દિન ૧૫માં ભરપાઈ કરવાના હુકમ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલ કરવા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાનૂની સલાહ લઈ રકમ વસૂલ કરવા બાબતે આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૩) રકમ રૂ.૬૬૮.૮૪ લાખ.

(૪) ઉક્ત બાકી રકમ વસૂલ કરવા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના તા.૨૦-૦૫-૨૦૨૧ના પત્રથી મેસર્સ રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડના ડીરેક્ટરશ્રીઓને શો કોઝ નોટિસ આપી પ્રતિબંધ (બાન) મૂકવામાં આવેલ છે.

- તા.૨૪-૦૩-૨૦૨૦ ના રોજ સેકટર-૭, ગાંધીનગરના પોલીસ સ્ટેશનમાં F I R દાખલ કરેલ છે. જેમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ છે.
- સેકટર-૭ પોલીસ સ્ટેશનના તા.૧૦-૦૩-૨૦૨૨

ના પત્રથી જણાવ્યા મુજબ આ કેસના આરોપી નિકુંજ આર.ઠેકડી દ્વારા એસ.સી.એ.નં.૬૦૮૨/૨૦૨૦ તથા આરોપી શ્રી એચ.જી.પટેલ એ નામદાર હાઈકોર્ટમાં એસ.સી.એ.નં.૬૧૧૪/૨૦૨૦ દાખલ કરેલ છે. આ બંને કેસની આગામી મુદત તા.૩૧-૦૩-૨૦૨૨ના રોજ છે.

- શિક્ષણ વિભાગ હસ્તકની ખાતાના વડાની કચેરીઓ તથા અન્ય કચેરીઓમાં રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી તથા તેના ડિરેક્ટર્સ સામે પ્રિટીંગની કામગીરી ઉપર પ્રતિબંધ (બાન) મૂકવાની બાબતે વિભાગ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગના 'Manual of Office Procedure for Purchase of Stores by the Government Departments' ના ચેપ્ટર-૧૫ મુજબ કાર્યવાહી ચાલુ છે.

---------

**સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના**

૪૩૦૧૩ **શ્રી રાકેશભાઈ શાહ** (એલિસબ્રિજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોરોના મહામારી દરમિયાન સરકારી પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના હેઠળ કોઈ લાભ આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) રાજ્યમાં કોરોના મહામારી દરમિયાન સરકારી પ્રાથમિક શાળામાં નોંધાયેલા તમામ વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના હેઠળ નિયત થયેલ પ્રમાણ મુજબ અનાજ અને કુકિંગ કોસ્ટની રકમ ફૂડ સિક્યુરિટી એલાઉન્સ તરીકે આપવામાં આવેલ છે. |

---------

**કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૦૬૨ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૫૪૧૨ (અગ્રતા-૧૫૬)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૧૪૧ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી, | (૧) **મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા**: ૩૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે, | (૨) **બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા**: ૧૦૭ |
| (૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને | (૩) એકપણ નહીં. |
| (૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર. |

---------

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં આવેલ મકૈન ફૂડ કંપની સામે પ્રદૂષણની ફરિયાદ**

૪૪૦૯૨ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ મકૈન ફૂડ કંપની દ્વારા હવા અને પાણીનું પ્રદૂષણ ફેલાવવામાં આવતું હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **અ.નં.** | **વર્ષ** | **મળેલ ફરિયાદ** |
|---|---|---|
| ૧ | ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૦૦ |
| ૨ | ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | ૦૨ |

(૨)

| **અ.નં.** | **વર્ષ** | **કરેલ કાર્યવાહી** |
|---|---|---|
| ૧ | ૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | ૦૦ |
| ૨ | ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ | નોટિસ ઑફ ડાયરેક્શન-૦૧<br>કારણદર્શક નોટિસ-૦૧ |

---------

**અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીથી રક્ષણ માટે મેડા બનાવવા મળેલ અરજીઓ**

૪૩૭૮૭ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં નોર્મલ કચેરીમાં વન્યપ્રાણીથી બચવા માટે મેડા બનાવવા માટેની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

(૩) ઉક્ત પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં નોર્મલ કચેરીમાં વન્યપ્રાણીથી બચવા માટે મેડા બનાવવા માટેની યોજના અંતર્ગત કુલ ૧૫૮ અરજીઓ મળી છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કુલ ૧૫૮ અરજીઓ પડતર છે.

(૩) ગ્રાન્ટની ઉપલબ્ધતા પ્રમાણે પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

---------

**અમદાવાદ શહેર / જિલ્લામાં સરકારી ગોડાઉનમાં સંગ્રહિત અનાજનો જથ્થો**

૪૪૩૬૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં કયા પ્રકારના અનાજનો કેટલો જથ્થો સંગ્રહિત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા/શહેરમાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું અને કેટલો જથ્થો બગડી જવા

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી ગોડાઉનોમાં (ઘઉં અને ચોખાનો) ૧૬,૫૯૫.૪૦૬ મે.ટન જથ્થો સંગ્રહિત છે.

**આંકડા મે.ટનમાં**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ઘઉં** | **ચોખા** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૫૯૯૭.૦૬૦ | ૪૩૧૧.૮૧૫ | ૧૦૩૦૮.૮૭૫ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૪૧૬૧.૭૪૩ | ૨૧૨૪.૭૮૮ | ૬૨૮૬.૫૩૧ |
| | **કુલ** | **૧૦૧૫૮.૮૦૩** | **૬૪૩૬.૬૦૩** | **૧૬૫૯૫.૪૦૬** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૧,૬૯,૫૨૧.૫૮ મે.ટન તથા અમદાવાદ શહેરમાં ૩,૬૦,૮૮૭.૫૨ મે.ટન અનાજ મળી કુલ ૫,૩૦,૪૦૯.૧ મે.ટન

પામ્યો, અને

જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું અને કોઈ જથ્થો બગડી ગયેલ નથી.

(૩) અનાજનો જથ્થો બગડી ગયો હોય તો તેનાં કારણો શું છે ?

(૩) ઉપર્યુક્ત (૨) સંદર્ભે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ઈડર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર**

૪૩૦૪૦ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર કરેલ રોપા (સંખ્યામાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૨,૪૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૩,૨૦૦ |

(૨) તેમાં મુખ્યત્વે પેલ્ટાફોર્મ, કરંજ, અરડુસા, નીલીગીરી, ખાટી આંબલી, સીસુ, લીમડા, સીરસ, દેશી બાવળ વિગેરે પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૬.૧૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૭.૧૭ |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૩૦૧૨ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતાં હતાં. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ વિરુદ્ધ ગેરરીતિનો અહેવાલ**

૪૪૦૮૬ **ડો.કિરીટકુમાર પટેલ**(પાટણ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૬/૦૩/૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૨૮૮૩૦ (અગ્રતા-૨૯૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને તેના કુલપતિ વિરુદ્ધ વહીવટી અને નાણાકીય ગેરરીતિ સંબંધમાં થયેલ આક્ષેપો અંગેની તપાસ માટે રાજ્ય સરકારે રચેલ સમિતિનો અહેવાલ મળેલ નથી તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત અહેવાલ રાજ્ય સરકારને સમિતિએ ક્યારે રજૂ કરવાનો હતો, અને

(૨) એક માસમાં.

(૩) ઉક્ત અહેવાલ તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મળેલ હોય તો તે અન્વયે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં છે ?

(૩) આક્ષેપિત કુલપતિ ડો. બી. એ. પ્રજાપતિને વિભાગના તા. ૦૬-૦૩-૨૦૧૯ના હુકમથી કુલપતિના હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે. ડો. પ્રજાપતિનું તા.૨૫-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ હોઇ, વિભાગના તા. ૧૭-૦૩-૨૦૨૧ના હુકમથી ડો. પ્રજાપતિની સામેની તપાસ પડતી મૂકવાનો નિર્ણય કરવામાં આવેલ છે .

---------

**અબડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૩૦૩૪ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૮૧૯.૭૮ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૯૫૧.૩૬ |

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૮૦.૬૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૮૨૯.૮૦ |

---------

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન**

૪૩૦૫૮ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ

| **તાલુકાનું નામ** | **વીજ કનેક્શન આપેલ આંગણવાડી કેન્દ્રની સંખ્યા** |
|---|---|
| ગાંધીનગર | ૦ |
| કલોલ | ૦ |
| દહેગામ | ૦ |
| માણસા | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૨) એક પણ નહીં.

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૭૯૦ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટર)** |
|---|---|

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને | ૨૦૨૦-૨૧ | ૧૬૦ |
| | ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૩૭ |

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૦૮.૦૯ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૪૩.૫૪ |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શાળામાં શિક્ષકો / આચાર્યની ખાલી જગ્યાઓ**

૪૪૧૩૫ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક-૨ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩)<br>• જેમ બને તેમ ઝડપથી.<br>• ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ રદ કરેલ હોવાથી પુનઃજીવિત કરવાની બાબત વિચારાધીન છે. પુનઃજીવિત થયેથી ભરતી પ્રક્રિયા અંગેની આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

**પત્રક-૧**

**સરકારી શાળાઓ**

| **જિલ્લો** | **પ્રાથમિક શાળાઓ** | **માધ્યમિક શાળાઓ** | **સળંગ એકમ ધરાવતી શાળાઓ** | **ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** |
|---|---|---|---|---|
| જામનગર | ૬૬૩ | ૨૦ | ૧૦ | ૦૬ |
| દેવભૂમિ દ્વારકા | ૫૯૨ | ૨૭ | ૧૨ | ૦૩ |

**ગ્રાન્ટેડ શાળાઓ**

| **જિલ્લો** | **પ્રાથમિક શાળાઓ** | **માધ્યમિક શાળાઓ** | **સળંગ એકમ ધરાવતી શાળાઓ** | **ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** |
|---|---|---|---|---|
| જામનગર | ૦૮ | ૭૬ | ૨૯ | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૧ | ૨૪ | ૨૦ | ૦૦ |

**પત્રક-૨**

| **જિલ્લો** | **વિગત** | **સરકારી પ્રાથમિક શાળાઓ** | | **સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** | | |
|---|---|---|---|---|---|---|
| | | **પ્રાથમિક શિક્ષક** | **આચાર્ય** | **માધ્યમિક શિક્ષક** | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક** | **આચાર્ય** |
| જામનગર | ભરાયેલ | ૩૩૭૫ | ૧૨૦ | ૭૩ | ૭૧ | ૦૨ |
| | ખાલી | ૨૫૯ | ૦૦ | ૧૮ | ૧૭ | ૧૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ભરાયેલ | ૨૬૦૨ | ૯૩ | ૧૦૨ | ૪૫ | ૦૨ |
| | ખાલી | ૫૬૦ | ૦૦ | ૩૭ | ૨૫ | ૨૬ |

| જિલ્લો | વિગત | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ | | ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક શિક્ષક | આચાર્ય | માધ્યમિક શિક્ષક | ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક | આચાર્ય |
| જામનગર | ભરાયેલ | ૩૨ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | ૩૨૨ | ૧૭૦ | ૬૫ |
| | ખાલી | ૧૫ | | ૬૭ | ૬૬ | ૪૧ |
| દેવભૂમિ દ્વારકા | ભરાયેલ | ૦૭ | | ૧૯૫ | ૮૫ | ૨૫ |
| | ખાલી | ૦૨ | | ૩૦ | ૨૫ | ૧૯ |

- - - - - - - - -

**ભરૂચ અને ડાંગ જિલ્લામાં શાળામાં શિક્ષકો / આચાર્યની ખાલી જગ્યાઓ**

૪૪૨૦૯ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| સરકારી શાળાઓ | | | | |
|---|---|---|---|---|
| જિલ્લો | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | સળંગ એકમ ધરાવતી શાળાઓ | ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| ભરૂચ | ૮૮૨ | ૧૯ | ૦૯ | ૦૪ |
| ડાંગ | ૩૭૮ | ૨૦ | ૦૯ | ૦૨ |

| ગ્રાન્ટેડ શાળાઓ | | | | |
|---|---|---|---|---|
| જિલ્લો | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | સળંગ એકમ ધરાવતી શાળાઓ | ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
| ભરૂચ | ૧૮ | ૯૦ | ૪૭ | ૦૧ |
| ડાંગ | ૦૧ | ૦૩ | ૧૩ | ૦૦ |

(૨) પત્રક મુજબ.

(૩)

- જેમ બને તેમ ઝડપથી.
- ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ રદ કરેલ હોવાથી પુનઃજીવિત કરવાની બાબત વિચારાધીન છે. પુનઃજીવિત થયેથી ભરતી પ્રક્રિયા અંગેની આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**પત્રક**

| જિલ્લો | વિગત | સરકારી પ્રાથમિક શાળાઓ | | સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | ખાલી | ૫૦૭ | ૬૨ | ૧૩ | ૦૮ | ૦૬ |

| **જિલ્લો** | **વિગત** | **ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ** | | **ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** | | |
|---|---|---|---|---|---|---|
| | | **પ્રાથમિક શિક્ષક** | **આચાર્ય** | **માધ્યમિક શિક્ષક** | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક** | **આચાર્ય** |
| મહીસાગર | ભરાયેલ | ૪૦ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | ૬૭૭ | ૪૩૮ | ૧૨૩ |
| | ખાલી | ૨૨ | | ૧૭૮ | ૧૬૦ | ૬૫ |
| પંચમહાલ | ભરાયેલ | ૯૨ | | ૭૫૧ | ૬૦૧ | ૧૭૨ |
| | ખાલી | ૧૩ | | ૧૩૧ | ૧૦૫ | ૨૮ |

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો**

૪૪૭૮૩ **શ્રી પરસોત્તમ સાબરિયા** (ધ્રાંગધ્રા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજના હેઠળ ૧૩,૬૬૫ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૧૩,૬૬૫ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૫૬,૮૮૯ છે.

---------

**ગીર વન્ય રેન્જમાં આપવા માટેના માંચડાનો કોન્ટ્રાક્ટ**

૪૪૧૪૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર પશ્ચિમ વિસ્તારમાં આવેલ વન્ય રેન્જમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ આપવા માટે માંચડાનો કોન્ટ્રાક્ટ કઇ એજન્સીને ક્યારે, ક્યા ભાવે આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કોન્ટ્રાક્ટમાં ગેરરીતિઓ થઇ હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે અન્વયે કોની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર પશ્ચિમ વિભાગ હેઠળ આવેલ રેન્જમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ આપવા માટે માંચડાનો કોન્ટ્રાક્ટ રાયચુરા ઇન્ફ્રાસ્ટ્રક્ચર, તાલાળાને તા.૨૨-૦૬-૨૦૨૦ના રોજ રૂ.૧૨૯૦૦/- પ્રતિ માંચડાના ભાવે સને ૨૦૨૦-૨૧ માટે આપવામાં આવેલ છે.

(૨) હા, જી.

(૩) માંચડાની કામગીરીના મોનીટરિંગ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. મોનીટરિંગ અહેવાલ પરત્વે આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

**દાહોદ જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

૪૩૦૭૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ૦૮(આઠ) કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં ૨૬૩૧ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે.

---------

**ઝાલોદ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરની સ્થિતિ**

૪૪૧૯૧ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવેલ છે અને કેટલામાં બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફાળવણી કરવામાં આવેલ કોમ્પ્યુટર પૈકી કેટલા ચાલુ અને કેટલા બંધ હાલતમાં છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બંધ કોમ્પ્યુટર ચાલુ કરવાની કામગીરી કઇ એજન્સીને સોંપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| કોમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવેલ હોય તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટરની ફાળવણી બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|
| ૭૫ | ૬૬ |

(૨)

| ફાળવણી કરવામાં આવેલ કુલ કોમ્પ્યુટરની સંખ્યા | તે પૈકી ચાલુ હાલતમાં હોય તેવા કોમ્પ્યુટરની સંખ્યા | તે પૈકી બંધ હાલતમાં હોય તેવા કોમ્પ્યુટરની સંખ્યા |
|---|---|---|
| ૪૩૨ | ૧૦૧ | ૩૩૧ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બંધ કોમ્પ્યુટર ચાલુ કરવાની કામગીરી કોઇ પણ એજન્સીને સોંપવામાં આવેલ નથી.

(૪) બંધ કોમ્પ્યુટર ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

(૪) રાજ્યની શાળાઓમાં કોમ્પ્યુટર્સ વર્ષ ૨૦૧૧ અને તે પહેલા ફાળવવામાં આવેલ હતા. સામાન્ય રીતે કોમ્પ્યુટરનો સરેરાશ કાર્યકાળ આશરે પાંચ વર્ષનો હોય છે. હાલના કોમ્પ્યુટર્સ છેલ્લા બાર વર્ષથી વધુ જૂના હોવાથી કોમ્પ્યુટરનું રિપેરિંગ કે મેઇન્ટેનન્સ શક્ય ન હોવાના કારણે મોટા ભાગે બંધ હાલતમાં છે. આથી હવે તેના સ્થાને ગુજરાત સરકારની ડિજીટલ શિક્ષણ ક્ષેત્રે નવી પહેલ અન્વયે ''જ્ઞાનકુંજ'' પ્રોજેક્ટનો અમલ કરવામાં આવી રહ્યો છે. જેમાં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના વર્ગખંડોમાં ટેકનોલોજીની મદદથી શિક્ષણકાર્ય માટે લેપટોપ, ઇન્ટરેક્ટિવ બોર્ડ, સ્પીકર વગેરે સુવિધા સાથે સ્માર્ટ ક્લાસ વિકસાવવામાં આવેલ છે. અત્યાર સુધીમાં ઝાલોદ તાલુકામાં આવેલ ૧૦૮ ઉચ્ચ પ્રાથમિક શાળાઓના ૩૫૫ વર્ગખંડોમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ વર્ગખંડોને વિકસાવવામાં આવેલ છે. તબક્કાવાર વધુને વધુ શાળાઓને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાનું આયોજન છે. આ ઉપરાંત, રાજ્યની તમામ શાળાઓમાં રીઅલ-ટાઇમ મોનિટરીંગ અને માહિતીના ઝડપથી આદાન-પ્રદાન માટે શાળાદીઠ એક ટેબ્લેટ પણ ફાળવવામાં આવેલ છે. આમ, ઝાલોદ તાલુકાની પણ તમામ ૧૪૧ શાળાઓમાં શાળાદીઠ એક ટેબ્લેટ ઉપલબ્ધ છે.

---------

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં વન્ય પ્રાણીના હુમલાથી ઈજાગ્રસ્તોને સહાય

૪૪૨૨૪ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર વન્યપ્રાણીના હુમલાથી કેટલા વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા, કેટલા મૃત્યુ પામ્યા અને કેટલા વ્યક્તિઓ કાયમી અપંગ બન્યા,

(૧) **જૂનાગઢ જિલ્લો**

| **તાલુકા** | **ઈજા પામેલ વ્યક્તિની સંખ્યા** | | **મૃત્યુ પામેલ વ્યક્તિની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** |
| વિસાવદર | ૧૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| માળિયા-હાટીના | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ |
| વંથલી | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ |
| કેશોદ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| જૂનાગઢ | ૦૨ | ૦૯ | ૦૩ | ૦૦ |
| ભેંસાણ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ |
| માંગરોળ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ |

**ગીર સોમનાથ જિલ્લો**

| **તાલુકા** | **ઈજા પામેલ વ્યક્તિની સંખ્યા** | | **મૃત્યુ પામેલ વ્યક્તિની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** |
| ગીર-ગઢડા | ૦૮ | ૧૧ | ૦૨ | ૦૨ |
| કોડિનાર | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૨ |
| તાલાલા | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ઉના | ૦૭ | ૦૪ | ૦૦ | ૦૦ |
| સુત્રાપાડા | ૦૭ | ૦૨ | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત હુમલાથી ઈજાગ્રસ્ત થયેલ

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત

વ્યક્તિને, મૃત્યુ પામનાર વ્યક્તિના પરિવારજનોને અને કાયમી અપંગતાના કિસ્સામાં રાજ્ય સરકાર દ્વારા કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

સરકારશ્રીના તા.૦૭-૦૬-૨૦૧૬ના ઠરાવ મુજબ નીચે પ્રમાણે સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | વિગત | રકમ (રૂ.) |
|---|---|---|
| ૧ | માનવ મૃત્યુ | ૪૦૦૦૦૦/- |
| ૨ | માનવ ઈજા<br>૪૦ થી ૬૦ ટકા અપંગતા<br>૬૦ ટકા થી વધુ અપંગતા | ૫૯૧૦૦/-<br>૨૦૦૦૦/- |
| ૩ | એક અઠવાડિયાથી ઓછો સમય હોસ્પિટલમાં દાખલ રહે તો | ૪૩૦૦/- |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત બનાવોમાં કેટલા વ્યક્તિઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી અને કેટલાને સહાય ચૂકવવાની બાકી છે, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈજા પામેલ ૮૭ વ્યક્તિને રૂ.૫,૪૮,૦૦૦/- ચૂકવવામાં આવ્યા તથા ૩ વ્યક્તિઓને સહાય ચૂકવવાની બાકી છે મૃત્યુ પામેલ ૨૩ વ્યક્તિઓને રૂ. ૯૨,૦૦૦૦૦/- સહાય ચૂકવેલ છે.

(૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) માનવ ઈજામાં કુલ-૦૩ વ્યક્તિઓને સહાય ચૂકવવાની બાકી છે જે શક્ય તેટલી જલદી ચૂકવવામાં આવશે.

---------

**પંચમહાલ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૪૭૭૮ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૨) એક પણ નહીં.

(૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં આદિમ જૂથ માટે આવાસ યોજના**

૪૩૦૬૮ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આદિમ જૂથના લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત જૂથના લોકોને શા લાભ આપવામાં આવે છે, અને

(૨) આ યોજનામાં આવાસ બાંધકામ માટે રકમ રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત આદિમ જૂથના કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવેલ છે ?

(૩) અરજીઓ મળેલ ન હોઈ સહાય આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૪૧૭૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ પડતર છે,

(૧)

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| આણંદ ગ્રામ્ય | ૦ |
| આણંદ શહેર | ૭ |
| બોરસદ | ૧૨ |
| આંકલાવ | ૦ |
| ખંભાત | ૦ |
| સોજીત્રા | ૦ |
| તારાપુર | ૦ |
| ઉમરેઠ | ૦ |
| પેટલાદ | ૧૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ ત્રણ માસ અને છ માસ કરતા વધુ સમયથી પડતર છે,

(૨) શૂન્ય

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને

(૩) અરજીઓ માસના અંતે મળેલ તેમજ અપુરતા પુરાવા હોવાથી.

(૪) ક્યાં સુધીમાં પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે ?

(૪) સત્વરે

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં આદિમ જૂથ માટે આવાસ યોજના**

૪૩૦૬૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિમ જૂથના લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત જૂથના લોકોને શા લાભ આપવામાં આવે છે, અને

(૨) આ યોજના હેઠળ આદિમજૂથના લાભાર્થીને આવાસ બાંધકામ માટે રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આ યોજના અંતર્ગત આદિમ જૂથના કેટલા લાભાર્થીઓને તેનો લાભ આપવામાં આવેલ છે ?

(૩)

| વર્ષ | લાભાર્થીઓ |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૩૪ |
| ૨૦૨૧-૨૨ | ૨૧૫ |
| **કુલ** | **૨૪૯** |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૧૨૩ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૫૪૫૩ (અગ્રતા-૧૨૧)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૧૬૦ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી,

(૧)

| મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા |
|---|
| ૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે,

(૨)

| બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા |
|---|
| ૧૫૨ |

| | |
|---|---|
| (૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને | (૩) એકપણ નહીં. |
| (૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર. |

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના**

૪૩૦૫૫ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોરબંદર જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મળી, | (૧) |

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| પોરબંદર ગ્રામ્ય | ૯૩૦ |
| પોરબંદર શહેર | ૧૬૨૧ |
| રાણાવાવ | ૫૨૬ |
| કુતિયાણા | ૫૭૦ |

| | |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ નામંજૂર થઇ, અને | (૨) |

| તાલુકો | નામંજૂર અરજીઓ |
|---|---|
| પોરબંદર ગ્રામ્ય | ૦ |
| પોરબંદર શહેર | ૨ |
| રાણાવાવ | ૦ |
| કુતિયાણા | ૦ |

| | |
|---|---|
| (૩) તેમાં કેટલી રકમની સહાય મંજૂર કરી ? | (૩) લાભાર્થી દીઠ પ્રતિ માસ રૂ.૧૨૫૦/- ની સહાય મંજૂર કરી. |

- - - - - - - - -

**મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૧૨૯ **શ્રી લલિતભાઇ કગથરા** (ટંકારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૫૪૭૩ (અગ્રતા-૧૫૮)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૧૦૩ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી, | (૧) |

| મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા |
|---|
| ૪ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે, | (૨) |

| બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા |
|---|
| ૯૯ |

| | |
|---|---|
| (૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને | (૩) એકપણ નહીં. |
| (૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર. |

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં કુંવરબાઇ મામેરા યોજના**

૪૩૦૬૭ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આદિજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય માટે કુંવરબાઇ મામેરાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના હેઠળ આદિજાતિની કન્યાઓને શો લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ડાંગ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને રૂ.૧૨,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩)

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૦૯ |
| ૨ | ૨૦૨૧-૨૨ (૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | ૧૨૦ |
| | **કુલ** | **૨૨૯** |

- - - - - - - - -

**ગીર વન્ય રેન્જમાં આપવા માટેના માંચડાનો કોન્ટ્રાક્ટ**

૪૪૧૪૪ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર પશ્ચિમ વિસ્તારમાં આવેલ વન્ય રેન્જમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ આપવા માટે માંચડાનો કોન્ટ્રાક્ટ કઇ એજન્સીને ક્યારે, ક્યા ભાવે આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કોન્ટ્રાક્ટમાં ગેરરીતિઓ થઇ હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે અન્વયે કોની સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર પશ્ચિમ વિભાગ હેઠળ આવેલ રેંજમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ આપવા માટે માંચડાનો કોન્ટ્રાક્ટ રાયચુરા ઇન્ફ્રાસ્ટ્રક્ચર, તાલાળાને તા.૨૨-૦૬-૨૦૨૦ના રોજ રૂ.૧૨૯૦૦/- પ્રતિ માંચડાના ભાવે સને ૨૦૨૦-૨૧ માટે આપવામાં આવે છે.

(૨) હા, જી.

(૩) માંચડાની કામગીરીના મોનીટરિંગ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. મોનીટરિંગ અહેવાલ પરત્વે આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અનાજના જથ્થાનું વિતરણ**

૪૪૭૮૦ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળના લાભાર્થીઓને ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૫૨૯૧.૩૭૮ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળના લાભાર્થીઓને ગાંધીનગર જિલ્લામાં ફેબ્રુઆરી-૨૦૨૧ થી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન નીચે મુજબ દર્શાવેલ પ્રમાણ-ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| યોજના | અનાજનો પ્રકાર | વ્યકિતદીઠ જથ્થો (કિ.ગ્રા) | ભાવ (રૂ-પૈસા) |
|---|---|---|---|
| એએવાય | ઘઉં | ૩.૫ | વિનામુલ્યે |

| | | | |
|---|---|---|---|
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | કુલ | ૫ | |

- - - - - - - - -

**ધાનપુર તાલુકામાં માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના મકાન**

૪૪૧૯૭ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૧) સરકારી માધ્યમિક શાળાઃ ૦૫
સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળઃ ૦૧

(૨) ઉક્ત શાળાઓ ક્યારથી કાર્યરત છે,

(૨)

| ક્રમ | શાળાનુ નામ | ક્યારથી કાર્યરત છે? |
|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળા, મંડોર | વર્ષ ૧૯૯૧ |
| ૨ | સરકારી માધ્યમિક શાળા, જાંબુ | વર્ષ ૨૦૦૯ |
| ૩ | સરકારી માધ્યમિક શાળા, વાસીયાડુંગરી | વર્ષ ૧૯૯૧ |
| ૪ | સરકારી માધ્યમિક શાળા, નળુ | વર્ષ ૨૦૦૭ |
| ૫ | સરકારી માધ્યમિક શાળા, ઉંડાર | વર્ષ ૨૦૦૯ |
| ૬ | સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા, ધાનપુર | વર્ષ ૨૦૦૭ |

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઈ શાળાને પાકા મકાનની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩)

| | |
|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળા, વાસીયાડુંગરી |
| ૨ | સરકારી માધ્યમિક શાળા, નળુ |
| ૩ | સરકારી માધ્યમિક શાળા, ઉંડાર |

(૪) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૪) ગ્રામજનો દ્વારા જમીન વપરાશના મુદ્દાનું નિરાકરણ થયેથી ઉપલબ્ધ કરવામાં આવશે.

- - - - - - - - -

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં શાળાઓમાં શિક્ષકો/આચાર્યની ખાલી જગ્યાઓ**

૪૪૦૬૬ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે,

(૧)

| જિલ્લાનું નામ | પ્રાથમિક શાળાઓ | | માધ્યમિક શાળાઓ | | સળંગ એકમ ધરાવતી શાળાઓ | | ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ |
| કચ્છ | ૧૬૮૨ | ૧૬ | ૧૩૦ | ૪૧ | ૪૮ | ૫૪ | ૧૦ | ૦૦ |
| બનાસકાંઠા | ૨૩૫૫ | ૧૭ | ૭૩ | ૨૩ | ૫૮ | ૧૬૫ | ૦૬ | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| પ્રાથમિક શાળાઓ | | | |
|---|---|---|---|
| જિલ્લાનું નામ | વિગત | શિક્ષકોની સંખ્યા | આચાર્યની સંખ્યા |

| (જગ્યાઓ) | | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|---|---|---|
| કચ્છ | ભરાયેલ | ૮૦૯૬ | ૯૬ | ૨૫૯ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી |
| | ખાલી | ૧૪૩૬ | ७૯ | ७० | |
| બનાસકાંઠા | ભરાયેલ | ૧૪૩७० | ૬७ | ७૧૫ | |
| | ખાલી | ૯७७ | ૨७ | ૮૩ | |

| માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ (જગ્યાઓ) | વિગત | માધ્યમિક શાળાઓના શિક્ષકોની સંખ્યા | | ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોની સંખ્યા | | આચાર્યની સંખ્યા | |
| | | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ |
| કચ્છ | ભરાયેલ | ૫૨૧ | ૪૪૪ | ૨૪૯ | ૨७૨ | ૦૨ | ૬૪ |
| | ખાલી | ૧૨૪ | ૬૧ | ૧૩૩ | ૧૦७ | ૧૧૬ | ૩૧ |
| બનાસકાંઠા | ભરાયેલ | ૩૮૮ | ૧૦७૮ | ૧૫૦ | ૯૧૫ | ૧૧ | ૧૨૧ |
| | ખાલી | ૫૩ | ૧૮૩ | ૮७ | ૨૦૬ | ૮७ | ૬७ |

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩)
- જેમ બને તેમ ઝડપથી.
- ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ રદ કરેલ હોવાથી પુનઃજીવિત કરવાની બાબત વિચારાધિન છે. પુનઃજીવિત થયેથી ભરતી પ્રક્રિયા અંગની આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે

- - - - - - - - -

**આર્ટીકલ ૨७૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

૪૪૧૯૪ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્ટીકલ ૨७૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વિકાસ માટે આર્ટીકલ ૨७૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્ટ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની રકમની માંગણી કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | આર્ટીકલ ૨७૫/૧ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં) | સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ અંતર્ગત માંગણી કરેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૯૦૩૬.७૩ લાખ | ૨૦૪૪૪.૫૫ લાખ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧/૧૨/ ૨૦૨૧ અંતિત) | ૧૧૧૪૩.૮૫ લાખ | ૧७૮૨૬.૪૬ લાખ |

(૨) વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવી તેની વિગત |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ *પત્રક 'અ' તથા આર્ટીકલ ૨७૫/૧ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ *પત્રક 'બ' માં સામેલ છે. |
| ૨ | ૨૦૨૦-૨૧ | સ્પેશીયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ હેઠળના |

| | | |
|---|---|---|
| | (તા.૩૧/૧૨/ ૨૦૨૧ અંતિત) | કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ *પત્રક 'ક' તથા આર્ટીકલ ૨૭૫/૧ હેઠળના કામોની વિગત અને ફાળવેલ ગ્રાન્ટ *પત્રક 'ડ' માં સામેલ છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ડોલવણ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૪૭૯૨ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટર)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૨૪૪ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૩૧૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૪૪.૩૪ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૧૧૨.૩૬ |

---------

**નર્મદા અને વલસાડ જિલ્લામાં શાળામાં શિક્ષકો / આચાર્યની ખાલી જગ્યાઓ**

૪૪૨૦૬ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ, ઉક્ત જિલ્લાવાર ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૨ મુજબ

(૩)

- જેમ બને તેમ ઝડપથી.
- ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ રદ કરેલ હોવાથી પુનઃ જીવિત કરવાની બાબત વિચારાધીન છે. પુનઃ જીવિત થયેથી ભરતી પ્રક્રિયા અંગેની આગામી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પત્રક-૧

| **સરકારી શાળાઓ** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **પ્રાથમિક શાળાઓ** | **માધ્યમિક શાળાઓ** | **સળંગ એકમ ધરાવતી શાળાઓ** | **ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** |
| નર્મદા | ૬૮૨ | ૨૫ | ૦૬ | ૦૫ |
| વલસાડ | ૯૬૩ | ૨૧ | ૧૪ | ૦૧ |

| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લો** | **પ્રાથમિક શાળાઓ** | **માધ્યમિક શાળાઓ** | **સળંગ એકમ ધરાવતી શાળાઓ** | **ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ** |
| નર્મદા | ૦૨ | ૨૨ | ૨૬ | ૦૦ |
| વલસાડ | ૧૦ | ૨૪ | ૮૬ | ૦૦ |

પત્રક-૨

| જિલ્લો | વિગત | સરકારી પ્રાથમિક શાળાઓ | | સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક શિક્ષક | આચાર્ય | માધ્યમિક શિક્ષક | ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક | આચાર્ય |
| નર્મદા | ભરાયેલ | ૨૪૯૭ | ૪૯ | ૯૫ | ૫૨ | ૦૬ |
| | ખાલી | ૩૨૭ | ૧૯ | ૦૬ | ૧૨ | ૧૫ |
| વલસાડ | ભરાયેલ | ૪૯૬૦ | ૨૦૪ | ૧૧૩ | ૫૪ | ૦૪ |
| | ખાલી | ૨૮૭ | ૦૯ | ૦૪ | ૧૧ | ૨૫ |

| જિલ્લો | વિગત | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ | | ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | | |
|---|---|---|---|---|---|---|
| | | પ્રાથમિક શિક્ષક | આચાર્ય | માધ્યમિક શિક્ષક | ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક | આચાર્ય |
| નર્મદા | ભરાયેલ | ૦૪ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | ૨૨૬ | ૧૩૮ | ૩૪ |
| | ખાલી | ૦૪ | | ૨૦ | ૪૪ | ૧૪ |
| વલસાડ | ભરાયેલ | ૫૪ | | ૬૪૦ | ૫૬૮ | ૭૩ |
| | ખાલી | ૧૯ | | ૪૫ | ૧૧૬ | ૩૭ |

### વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

૪૪૭૮૮ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેકટરમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૫ |
| ૨૦૨૧-૨૨ (તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૪૦ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૪૩.૧૦ |
| ૨૦૨૧-૨૨ (તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૦.૯૦ |

---------

### રાજ્યમાં ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા

૪૩૨૪૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કેટલા ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા આપવામાં આવી,

(૧) ૦૫

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યના કયા કયા શહેરોમાં ઉક્ત મંડળોને માન્યતા આપવામાં આવી, અને

(૨) (૧) મોડાસા (૨) પાદરા (૩) કુંવારદ (સમી) (૪) દાંતા (૫) કપડવંજ

(૩) તે પૈકી અમદાવાદ શહેરમાં કેટલા ઉક્ત મંડળોને માન્યતા આપવામાં આવી ?

(૩) એકપણ નહીં

---------

### દાહોદ જિલ્લામાં વર્ગ વધારાની દરખાસ્તો

૪૪૭૯૫ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૨૦-૨૧માં દાહોદ જિલ્લામાં બિનસરકારી

(૧) ૧૧

ગ્રાન્ટ ઈન એઈડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા માટે કુલ કેટલી દરખાસ્તો મળેલ હતી, અને

(૨) તે પૈકી કેટલી દરખાસ્તોને મંજૂર કરવામાં આવી ? (૨) ૦૮

---------

**ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૧૮૨ **શ્રી કાંતિભાઈ પરમાર** (ઠાસરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૩૫૫૨૪ (અગ્રતા-૫૨)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૧૫૦ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી, | (૧) **મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા**: ૩૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે, | (૨) **બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા**: ૧૧૫ |
| (૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને | (૩) એકપણ નહીં. |
| (૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના**

૪૩૦૭૨ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં આદિજાતિના કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં આદિજાતિના ૧૮,૦૦૦ લાભાર્થીને લાભ આપવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ઉક્ત ખેડૂતોને કિટમાં કયા પ્રકારના લાભો આપવામાં આવ્યા ? | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ઉક્ત ખેડૂતોને કિટમાં મકાઈનું બિયારણ તથા યુરીયા અને પ્રોમ ખાતર અને તાલીમનો લાભ આપવામાં આવ્યો. |

---------

**રાજ્યમાં ખાદ્યતેલનો છૂટક / જથ્થાબંધ ભાવો**

૪૪૧૧૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં માસવાર સીંગતેલ, પામોલીન તેલ, કપાસીયા તેલ, મકાઈ તેલ છૂટક અને જથ્થાબંધ ભાવો કેટલા હતા, | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લાં બે વર્ષના સીંગતેલ, કપાસિયા તેલ, પામોલીન તેલના છૂટક (૧ કિ.ગ્રા) અને જથ્થાબંધ (૧૫ કિ.ગ્રા) ના માસવાર સરેરાશ ભાવ દર્શાવતું પત્રક-૧ માહે જાન્યુઆરી-૨૦૨૦ થી ડીસેમ્બર-૨૦૨૦ અને પત્રક-૨ માહે જાન્યુઆરી-૨૦૨૧ થી ડીસેમ્બર-૨૦૨૧ આ સાથે સામેલ છે.<br>• જ્યારે મકાઈ તેલના ભાવો અંગે ભારત સરકારની યાદીમાં ન હોવાથી વિગતો ઉપલબ્ધ નથી. |

(૨) ઉક્ત તેલવાર, માસવાર છૂટક અને જથ્થાબંધમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૨) તેલવાર, માસવાર છૂટક અને જથ્થાબંધમાં વધારા કે ઘટાડાની વિગત *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ આ સાથે સામેલ છે.

(૩) ઉક્ત ભાવો વધવાના કારણો શા છે ?

(૩) કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના કપરા સમયમાં ખાદ્ય તેલોના ઉત્પાદન એકમોમાં કામ કરતા મજૂરોની અછતની સમસ્યા, કાચા માલની ખરીદી, માલ પરિવહનની મુશ્કેલી વિગેરે કારણોને લીધે સ્થાનિક અને રાષ્ટ્રીય બજારોમાં ખાદ્ય તેલના ભાવોમાં વિપરીત અસર થવા પામેલ છે.

- તદ્ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારોમાં ખાદ્ય તેલ અને તેલીબીયા, ખાસ કરીને પામોલીન તેલના ભાવોમાં થતા વધારાની સીધી અસર સ્થાનિક બજારોમાં અન્ય તમામ તેલોમાં જોવા મળેલ છે.
- દેશની ખાદ્યતેલની કુલ જરૂરિયાતના આશરે ૫૦ થી ૬૦ ટકા ખાદ્યતેલ આયાત કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે પામોલીન, સોયાબીન અને સુર્યમુખી તેલ આયાત કરવામાં આવે છે.
- છેલ્લા અંદાજીત બે વર્ષ દરમ્યાન વૈશ્વિક બજારોમાં પામોલીન સહિતના આયાતી તેલોના ભાવમાં વધારો થવા પામેલ છે.
- આમ, વૈશ્વિક બજારોમાં ખાદ્ય તેલોના ભાવોમાં નોંધપાત્ર વધારો થયેલ હોવાથી તેની વિપરીત અસર સ્થાનિક બજારોમાં પડવાથી આંશિક ભાવવધારો નોંધાયેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૨૧૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૩૫૫૫૧ (અગ્રતા-૬૫)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરત જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૧૮ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી,

(૧)

| મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા |
|---|
| ૧૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે,

(૨)

| બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા |
|---|
| ૦ |

(૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને

(૩) એકપણ નહીં.

(૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી જિલ્લામાં કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ**

અતારાંકિત પ્રશ્નો

૪૩૦૫૯ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કેટલી કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ કાર્યરત છે, અને | (૧) એક પણ નહી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના વન વિસ્તારમાં આવેલ રસ્તાઓની મરામત**

૪૪૧૫૨ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના ગીર વન વિસ્તારમાં વન વિભાગ હસ્તક આવેલા કયા રસ્તાઓ મરામત કરવા અંગેની માંગણી / દરખાસ્તો પડતર છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના ગીર વન વિસ્તારમાં વન વિભાગ હસ્તક આવેલા કોઈ રસ્તાઓની મરામત કરવા અંગેની માંગણી / દરખાસ્તો પડતર નથી. |
| (૨) તે પૈકી કેટલી માંગણીઓ / દરખાસ્તો કેટલા સમયથી પડતર છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા રસ્તાને કેટલા ખર્ચે મરામત કરવાની મંજૂરી આપવામાં આવી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**નર્મદા જિલ્લામાં કુંવરબાઈ મામેરા યોજના**

૪૩૦૭૫ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં આદિજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય માટે કુંવરબાઈ મામેરાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ આદિજાતિની કન્યાઓને શો લાભ આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને રૂ. ૧૨,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૩) |

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓ |
|---|---|---|
| ૧. | ૨૦૨૦-૨૧ | ૧૪૮ |
| ૨. | ૨૦૨૧-૨૨ (૩૧-૧૨-૨૦૨૧ અંતિત) | ૨૦૯ |
| | **કુલ** | **૩૫૭** |

- - - - - - - - -

**ભાવનગર અને બોટાદ જિલ્લાની શાળાઓમાં ઓરડાની ઘટ**

૪૪૧૬૭ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં કેટલા નવા ઓરડા બનાવવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત ખૂટતા ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રાથમિક / માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૪૧૦૮ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧)તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૨)ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **તાલુકો** | **સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ** | **સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ** |
|---|---|---|---|
| ગાંધીનગર | ગાંધીનગર | ૪૫ | ૦૦ |
| | માણસા | ૨૪ | ૦૨ |
| | કલોલ | ૫૨ | ૦૦ |
| | દહેગામ | ૭૯ | ૦૦ |
| મહેસાણા | મહેસાણા | ૮૩ | ૦૨ |
| | વિસનગર | ૪૨ | ૦૦ |
| | વિજાપુર | ૨૨ | ૦૦ |
| | ઉંઝા | ૧૧ | ૦૧ |
| | ખેરાલુ | ૨૨ | ૦૦ |
| | વડનગર | ૧૭ | ૦૦ |
| | સતલાસણા | ૨૧ | ૦૦ |
| | કડી | ૬૯ | ૦૦ |
| | બેચરાજી | ૩૧ | ૦૧ |

(૨) જેમ બને તેમ ઝડપથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં આવેલી કાયદા સ્નાતકની કોલેજો**

૪૪૦૭૦ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કાયદા સ્નાતક (એલએલબી) અભ્યાસક્રમની કેટલી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો આવેલ છે,

(૨) ઉક્ત કોલેજો ક્યારથી કાર્યરત છે, અને

(૩) તે પૈકી છેલ્લાં બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજો કાર્યરત કરવામાં આવી ?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૦૯૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ**(ખેડબ્રહ્મા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૩૫૪૪૦ (અગ્રતા-૧૨૪)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૧૧૦ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે,

**જવાબ**

(૧)

| **મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા** |
|---|
| ૮૩ |

(૨)

| **બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા** |
|---|

૨૭

(૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને

(૩) એકપણ નહીં.

(૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર.

- - - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લા શાળાઓના શિક્ષકોને એરીયર્સની ચૂકવણી**

૪૨૪૯૪ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લાઓમાં માધ્યમિક શાળાઓના શિક્ષકોને સાતમા પગાર પંચના એરીયર્સના ચાર હપ્તા ચૂકવવાના બાકી છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) ઉક્ત એરીયર્સના નાણા ન ચૂકવવાના કારણો શાં છે, અને

(૨) વહીવટી કારણોસર.

(૩) આ નાણા ક્યારે ચૂકવવામાં આવશે ?

(૩) શિક્ષણ વિભાગના તા.૧૦-૨-૨૦૨૨ના ઠરાવથી બીજો હપ્તો ચૂકવવાની મંજૂરી આપવામાં આવેલ છે. બાકીના હપ્તા ચૂકવવા બાબતે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવે તે અનુસાર ચૂકવવામાં આવશે.

**તાપી અને વલસાડ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૪૪૨૧૮ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં આર્ટ્ સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૧)

| **જિલ્લાનું નામ** | **સરકારી** | **ગ્રાન્ટેડ** |
|---|---|---|
| તાપી | ૪ | ૩ |
| વલસાડ | ૪ | ૭ |

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી કોલેજો-*પત્રક ૧ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજો-*પત્રક ૧-અ મુજબ .

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**આણંદ અને બોટાદ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૪૪૧૭૪ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને બોટાદ જિલ્લામાં આર્ટ્ સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૧)

| **જિલ્લાનું નામ** | **સરકારી** | **ગ્રાન્ટેડ** |
|---|---|---|
| આણંદ | ૧ | ૧૬ |
| બોટાદ | ૨ | ૨ |

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી કોલેજો-*પત્રક ૧ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજો-*પત્રક ૧-અ મુજબ .

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) બનતી ત્વરાએ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**બાલાસર બીટની હદમાં તાર ફેન્સીંગની કામગીરી**

૪૪૦૬૩ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં બાલાસર બીટની હદમાં વન વિભાગ દ્વારા કેટલા ખેડૂતોના તાર ફેન્સીંગની કામગીરી કરવામાં આવેલ, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં બાલાસર બીટની હદમાં વન વિભાગ દ્વારા ખેડૂતોના ખેતરમાં તાર ફેન્સીંગની કોઈ કામગીરી કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોની તાર ફેન્સીંગ કરવાની બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૦૯૩ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦/૦૩/૨૦૦૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૩૫૪૨૯ (અગ્રતા-૧૯૪)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૨૭૦ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી, | (૧) **મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા**: ૧૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે, | (૨) **બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા**: ૨૫૩ |
| (૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને | (૩) એકપણ નહીં. |
| (૪) ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત મળેલ અરજીઓ**

૪૩૭૮૮ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત મળેલ અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| સાવરકુંડલા | ૪૩૧ |
| લીલીયા | ૦૨ |
| **કુલ** | **૪૩૩** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી

(૨)

કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર | પડતર |
|---|---|---|---|---|
| સાવરકુંડલા | ૪૩૧ | ૨૬૭ | ૧૬૪ | ૦ |
| લીલીયા | ૦૨ | ૦૨ | ૦ | ૦ |
| **કુલ** | **૪૩૩** | **૨૬૯** | **૧૬૪** | **૦** |

(૩) ઉક્ત પડતર અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) કોઈ અરજી પડતર નથી.

- - - - - - - - -

**ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના માટે કેન્દ્ર સરકારે ફાળવેલ ગ્રાન્ટ**

૪૪૩૬૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) મળેલ ગ્રાન્ટ અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર અમદાવાદ શહેરમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ વિધવા બહેનોને ઉક્ત યોજનાની સહાય સમયસર મળતી નથી તે હકીક્ત સાચી છે, અને

(૪) જો હા, તો વિધવા બહેનોને સમયસર ઉક્ત યોજનાનો લાભ મળે તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૨૦ | ૬૦૭૩.૫૬ લાખ. |
| ૨૦૨૧ | ૪૦૪૯.૦૪ લાખ. |

(૨) ઉક્ત ગ્રાન્ટ અન્વયે લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવતી નથી પરંતુ રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચ ઉક્ત ગ્રાન્ટમાંથી રિએમ્બર્સ કરવામાં આવે છે.

(૩) ના.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં આર્ટસ / વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો**

૪૪૭૯૮ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આર્ટસ અને વિજ્ઞાન પ્રવાહની કેટલી સરકારી કોલેજો આવેલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી કોલેજોની મંજૂરી આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) વિનયન પ્રવાહ-૦૪
વિજ્ઞાન પ્રવાહ-૦૧

(૨) એક પણ નહીં.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં લાયકાત વગરના અધ્યાપકો દ્વારા શિક્ષણ કાર્ય**

૪૪૦૮૮ **ડો.કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સની સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં લાયકાત વગરના અધ્યાપકો દ્વારા શિક્ષણ કાર્ય ચાલતું હોવાની ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલી કોલેજોમાં લાયકાત વગરના કેટલા અધ્યાપકો ફરજ બજાવે છે, અને

(૩) ઉક્ત લાયકાત વગરના અધ્યાપકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન**

૪૪૭૭૭ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત બાકી રહેતાં આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૪૪૧૩૬ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|
| જામનગર | ૩ | ૬ |
| દેવભૂમિ દ્વારકા | ૪ | ૧ |

(૨) સરકારી કોલેજો - *પત્રક ૧ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજો - *પત્રક ૧-અ મુજબ .

(૩) બનતી ત્વરાએ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**ભરૂચ અને ડાંગ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૪૪૨૧૦ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને ડાંગ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | સરકારી | ગ્રાન્ટેડ |
|---|---|---|
| ભરૂચ | ૩ | ૭ |
| ડાંગ | ૨ | ૦ |

(૨) સરકારી કોલેજો - *પત્રક ૧ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજો - *પત્રક ૧-અ મુજબ.

(૩) બનતી ત્વરાએ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને માસિક વેતન / માનદ્ વેતન**

૪૪૦૯૧ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મધ્યાહન | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મધ્યાહન |

ભોજન યોજનાના કર્મચારીઓને માસિક વેતન કે માનદ્ વેતન કેટલું ચૂકવવામાં આવે છે, અને

ભોજન યોજનાના રસોઇઆ, સંચાલક અને મદદનીશને નીચે મુજબ માનદ્ વેતન ચૂકવવામાં આવે છે.

| **ક્રમ** | **કેટેગરી** | **માસિક માનદ્ વેતન દર** |
|---|---|---|
| | **ગ્રામ્ય વિસ્તાર** | |
| (૧) | ૨૫ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૫૦૦ |
| | હેલ્પર | રૂ.૩૦૦ |
| (૨) | ૨૬ થી ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૧૪૦૦ |
| | હેલ્પર | રૂ.૫૦૦ |
| (૩) | ૧૦૧ થી વધુ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૧૪૦૦ |
| | **મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર** | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૧૪૦૦ |

(૨) ઉક્ત વેતન કે માનદ્ વેતનના દરમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ ?

(૨) ઉક્ત માનદ્ વેતનના દરમાં છેલ્લે વર્ષ ૨૦૧૬માં શિક્ષણ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૬ના ઠરાવથી નીચે મુજબ વધારો કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **કેટેગરી** | **જુના દર** | **વધારો** | **નવા દર** |
|---|---|---|---|---|
| | **ગ્રામ્ય વિસ્તાર** | | | |
| (૧) | ૨૫ વિદ્યાર્થીની સંખ્યા સુધીના કેન્દ્રો માટે | | | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૦૦૦ | રૂ.૬૦૦ | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૪૦૦ | રૂ.૧૦૦ | રૂ.૫૦૦ |
| | હેલ્પર | રૂ.૨૦૦ | રૂ.૧૦૦ | રૂ.૩૦૦ |
| (૨) | ૨૬ થી ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | | | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૦૦૦ | રૂ.૬૦૦ | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૧૦૦૦ | રૂ.૪૦૦ | રૂ.૧૪૦૦ |
| | હેલ્પર | રૂ.૪૦૦ | રૂ.૧૦૦ | રૂ.૫૦૦ |
| (૩) | ૧૦૧ થી વધુ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતા કેન્દ્રો માટે | | | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૦૦૦ | રૂ.૬૦૦ | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૧૦૦૦ | રૂ.૪૦૦ | રૂ.૧૪૦૦ |
| | **મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર** | | | |
| | સંચાલક-કમ-કુક | રૂ.૧૫૦૦ | રૂ.૧૦૦ | રૂ.૧૬૦૦ |
| | કુક-કમ-હેલ્પર | રૂ.૧૦૦૦ | રૂ.૪૦૦ | રૂ.૧૪૦૦ |

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે પ્રવેશ**

૪૪૦૬૧ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ક્યારથી કરવામાં આવ્યો,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા, અને

(૩) ઉક્ત એક્ટનું પાલન ન કરનાર શાળાઓ સામે રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ, ૨૦૦૯નો અમલ રાજ્યમાં વર્ષ ૨૦૧૨થી થયેલ છે.

(૨)

| **જિલ્લાનું નામ** | **અમરેલી** | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | **આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧** | **આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨** |
| અમરેલી | ૫૮ | ૪૩ |
| બાબરા | ૧૦૫ | ૮૭ |
| બગસરા | ૭૯ | ૪૪ |
| ધારી | ૯૩ | ૪૭ |
| જાફરાબાદ | ૯૩ | ૮૩ |
| ખાંભા | ૧૯ | ૧૨ |
| કુકાવાવ | ૪૭ | ૨૭ |
| લાઠી | ૮૬ | ૭૯ |
| લીલીયા | ૨૨ | ૧૦ |
| રાજુલા | ૧૩૪ | ૯૩ |
| સાવરકુંડલા | ૨૩૪ | ૧૫૪ |
| અમરેલી શહેર | ૨૪૧ | ૧૫૬ |
| **જિલ્લાનું નામ** | **ભાવનગર** | |
| ભાવનગર તાલુકો | ૬૩ | ૫૦ |
| ઘોઘા | ૨૯ | ૨૪ |
| તળાજા | ૨૦૦ | ૧૬૮ |
| મહુવા | ૩૭૧ | ૨૫૩ |
| જેસર | ૨૬ | ૨૩ |
| પાલિતાણા | ૧૪૭ | ૧૨૯ |
| ગારિયાધાર | ૭૨ | ૫૯ |
| ઉમરાળા | ૨૩ | ૧૮ |
| શિહોર | ૧૫૭ | ૧૩૪ |
| વલભીપુર | ૧૧ | ૧૧ |
| ભાવનગર શહેર | ૧૨૬૧ | ૯૬૭ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ**

૪૪૦૮૫ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત કોલેજોવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર

**જવાબ**

(૧)

| **જિલ્લાનું નામ** | **સરકારી** | **ગ્રાન્ટેડ** |
|---|---|---|
| પાટણ | ૩ | ૭ |
| મહેસાણા | ૪ | ૧૫ |

(૨) સરકારી કોલેજો - *પત્રક ૧ મુજબ.

| | |
|---|---|
| થયેલ છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | ગ્રાન્ટેડ કોલેજો - *પત્રક ૧-અ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ સર્ટીફીકેટ માટે તપાસ**

૪૪૧૪૨ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળીયા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર વન વિસ્તારમાં વન હસ્તકની સેટલમેન્ટમાં રહેનારા ખેડૂતોની પાસે કુલ ૨૬૦૯.૭૭ હેક. જમીન આવેલી છે.

(૨) ઉક્ત જમીન ફોરેસ્ટ સેટલમેન્ટ વિસ્તાર હોઈ ૭/૧૨ ના ઉતારા આપવામાં આવતા નથી.

(૩) ઉક્ત જમીનો મહેસૂલને હવાલે મૂકવા વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ મંજૂરી મેળવવાની દરખાસ્ત ભારત સરકારશ્રીને મોકલવામાં આવેલ છે અને વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ ભારત સરકારશ્રીની મંજૂરીની પ્રક્રિયા જિલ્લા સ્તરે ચાલુ છે.

- - - - - - - - -

**નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૪૩૭૯૧ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટર) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૧૦૭ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૨૧૫ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ૫૪.૬૨ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | ૯૦.૩૬ |

- - - - - - - - -

**ભાવનગર અને બોટાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

૪૪૧૬૮ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

**જવાબ**

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૧)

| **ભાવનગર** | | **બોટાદ** | |
|---|---|---|---|
| **તાલુકો** | **ઘટતા ઓરડા** | **તાલુકો** | **ઘટતા ઓરડા** |
| ભાવનગર | ૧૩૧ | બરવાળા | ૧૫ |
| ગારિયાધાર | ૨૩ | બોટાદ | ૪૭ |
| ઘોઘા | ૨૩ | ગઢડા | ૪૦ |
| જેસર | ૪૦ | રાણપુર | ૧૭ |
| મહુવા | ૩૧૮ | | |
| પાલિતાણા | ૭૭ | | |
| શિહોર | ૧૧૫ | | |
| તળાજા | ૧૯૫ | | |
| ઉમરાળા | ૨૮ | | |
| વલ્લભીપુર | ૧૬ | | |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ઓરડા બનાવવામાં આવ્યા, અને

(૨) ભાવનગર બોટાદ

| **તાલુકો** | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૧** | **તાલુકો** | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૧** |
|---|---|---|---|---|---|
| ભાવનગર | ૧૩ | ૦ | બરવાળા | ૦ | ૦ |
| ગારિયાધાર | ૦ | ૦ | બોટાદ | ૧૦ | ૦ |
| ઘોઘા | ૭ | ૦ | ગઢડા | ૧૯ | ૦ |
| જેસર | ૦ | ૦ | રાણપુર | ૧૭ | ૦ |
| મહુવા | ૧૯ | ૦ | | | |
| પાલિતાણા | ૦ | ૦ | | | |
| શિહોર | ૧૫ | ૦ | | | |
| તળાજા | ૧૭ | ૦ | | | |
| ઉમરાળા | ૦ | ૦ | | | |
| વલ્લભીપુર | ૧ | ૦ | | | |

(૩) ઉક્ત ખૂટતા ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર.

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓના મકાન**

૪૪૧૦૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ.

**ગાંધીનગર જિલ્લો**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પોતાના મકાન ન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | કલોલ | ૫૭ |
| ૨ | માણસા | ૧૦ |
| ૩ | ગાંધીનગર | ૨૧ |
| ૪ | દહેગામ | ૫૫ |

**મહેસાણા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | પોતાના મકાન ન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૪૬ |
| ૨ | કડી | ૩ |
| ૩ | ખેરાલુ | ૫ |
| ૪ | વિસનગર | ૧૬ |
| ૫ | વિજાપુર | ૧૯ |
| ૬ | ઊંઝા | ૬ |
| ૭ | વડનગર | ૧૧ |
| ૮ | સતલાસણા | ૦ |
| ૯ | બેચરાજી | ૩ |
| ૧૦ | જોટાણા | ૧ |

(૨) આવી આંગણવાડીઓને ક્યાં સુધીમાં પોતાના મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૨) ગાંધીનગર જિલ્લો- જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર.

મહેસાણા જિલ્લો- જમીન ઉપલબ્ધ થયેથી તબક્કાવાર.

- - - - - - - - -

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ**

૪૪૦૯૭ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના કેટલા દાવા/અરજીઓ પડતર છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના પડતર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| અનું. | જિલ્લાનું નામ | પડતર દાવા/અરજીઓ |
|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ૯૨૭૦ |
| ૨. | અરવલ્લી | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલા દાવા/અરજીઓ મંજૂર અને કેટલા નામંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર મંજૂર અને નામંજૂર દાવા/અરજીઓ નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦ | | વર્ષ ૨૦૨૧ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર દાવા | નામંજૂર દાવા | મંજૂર દાવા | નામંજૂર દાવા |
| ૧ | સાબરકાંઠા | ૪૩ | ૨૧ | ૫૫ | ૨૩૦ |
| ૨ | અરવલ્લી | ૦ | ૦ | ૫૭ | ૧૦ |

(૩) ઉક્ત દાવા/અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે, અને

(૩) વન અધિકાર અધિનિયમની કલમ ૧૩ મુજબ ૨ (બે) માન્ય પૂરાવાઓ ન હોવાથી તથા તા.૧૩-૧૨-૨૦૦૫ પહેલા અને તા.૩૧-૧૨-૨૦૦૭ સુધી દાવા વાળી જમીનનો સતત કબજો ન હોવાથી.

(૪) ઉક્ત પડતર દાવા/અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) નિયમો અનુસાર ચકાસણી પ્રક્રિયા પૂરી થયેથી.

**ખેડા અને આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં થયેલ ખર્ચ**

૪૨૪૯૫ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૯-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લાઓમાં આંગણવાડી કેન્દ્રો માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ ફાળવેલ રકમ | વર્ષ ૨૦૨૧-૨૨ (૨૧-૦૨-૨૦૨૨ સુધી ફાળવેલ રકમ) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ખેડા | ૩.૪૬૧૪.૮૫ લાખ | ૩.૧૭૬૮.૮૭ લાખ |
| આણંદ | ૩.૪૫૨૦.૭૬ લાખ | ૩.૧૭૧૯.૪૬ લાખ |

(૨) ઉક્ત રકમનો ખર્ચ કયા કયા હેતુ માટે કરવામાં આવ્યો ?

(૨) ઉક્ત રકમનો ખર્ચ બાળકોને ગરમ નાસ્તો, સુપોષણ સંવાદ, મંગળ દિવસ અને પૂર્ણા દિવસની ઉજવણી, સ્પોટ ફીડીંગ, સ્વચ્છતા, હાઈઝીન કિટ, આઈ.ઈ.સી, કન્ટીજન્સી ખર્ચ, ફાયરસેફ્ટી મેન્ટેનન્સ વગેરે હેતુ માટે કરવામાં આવે છે.

**તાપી જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી**

૪૪૨૧૯ **શ્રી સુનિલભાઈ ગામીત**(નિઝર): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૦/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૩૫૫૫૬ (અગ્રતા-૧૦૭)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં બનાવવામાં આવેલ સિન્ટેક્ષના ઓરડાઓ પૈકી જર્જરિત હાલતમાં અને બિનવપરાશલાયક ૮૪ ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી આપવાની બાકી છે,

(૩) ઉક્ત મંજૂરી આપવાની બાકી છે તે પૈકી એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી કેટલી પડતર છે, અને

(૪)ઉક્ત બાકી મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧)

| મંજૂરી આપેલ ઓરડાની સંખ્યા |
|---|
| ૧ |

(૨)

| બાકી મંજૂરીવાળા ઓરડાની સંખ્યા |
|---|
| ૮૩ |

(૩) એકપણ નહીં.

(૪) એસએમસી કક્ષાએથી મંજૂરી માંગેથી આગામી વર્ષોમાં તબક્કાવાર.

---------

**કચ્છ જિલ્લાના અભયારણ્યની હદમાં ખનીજ ખનનની મંજૂરી**

૪૪૦૬૪ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કયા અભયારણ્ય આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અભયારણ્યવાર અભયારણ્ય વિસ્તારની હદમાં ખનિજ ખનનની કેટલી મંજૂરીઓ આપવામાં આવેલ છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વન વિભાગને કેટલી રકમની આવક થઈ?

**જવાબ**

(૧) ૧. નારાયણ સરોવર અભયારણ્ય
૨. કચ્છ ઘોરાડ અભયારણ્ય
૩. કચ્છ રણ અભયારણ્ય
૪. ઘુડખર અભયારણ્ય

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અભયારણ્ય વિસ્તારની હદમાં ખનીજ ખનનની કોઈ મંજૂરી આપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ ( જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી પૂર્ણેશ મોદી (પ્રવાસન મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી પૂર્ણેશ મોદી ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી નરેશભાઇ મ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં** ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ

**શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ ( રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ ( રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના વાર્ષિક અહેવાલ

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ ( રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૨૦-૨૧ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**જાહેર હિસાબ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત**

શ્રી પુંજાભાઇ ભી. વંશ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો ત્રીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**માગણી ક્રમાંક- ૫૭**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

શ્રી બ્રિજેશ મેરજા ( રાજ્ય કક્ષાના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી ):માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રકમ રૂપિયા ૧૨,૯૫,૫૫,૨૬,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રકમ રૂપિયા ૧,૧૫,૯૮,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૭૦**

પંચાયત**,** ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

શ્રી બ્રિજેશ મેરજા (રાજય કક્ષાના પંચાયત**,** ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રકમ રૂપિયા ૩૩,૬૩,૨૬,૪૦,૦૦૦/ -ની અને મૂડી ખર્ચ માટેની રકમ રૂપિયા ૭૧,૦૯,૫૦,૦૦૦/ - ની માગણી ક્રમાંક-૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી ભરતજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરવામાં આવી.

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

ડો.કિરીટકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી અંબરીશભાઇ ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૭૧**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ ( પંચાયત, ગ્રામ્ય વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૨,૬૨,૫૯,૫૧,૦૦૦/ - તેમજ મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૧૯,૮૨,૦૦૦/ -ની માગણી ક્રમાંક ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૭૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી અજિતસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ રાજપુત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરવામાં આવી.

**સન૨૦૨૨-૨૦૨૩ ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપદરખાસ્તરૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| **શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**<br>**માગણીનં. ૫૭** | | | | |
| ૧ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-LBR-1-શ્રમ આયુક્ત<br>રૂ.૧૬,૩૨,૦૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં.૬ અને ૭ | ૧૦૦ | સીલીકોસીસથી પીડાતા કામદારોના મૃત્યુ પછી તેઓના સ્વજનોને સત્વરે વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૨ | __"__ | ૧૦૦ | અકીક કામદારોના કલ્યાણ માટેની સમિતિની ભલામણોનો સત્વરે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| *૩ | __"__ | ૧૦૦ | સીલીકોસીસથી પીડાતા કામદારોને ઈ.એમ.આઈ. કાયદો લાગુ પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૪ | __"__ | ૧૦૦ | પ્રવાસી શ્રમિકો અને બિન સંગઠીત કામદારોના ડેટા પોર્ટલ પર મૂકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૫ | __"__ | ૧૦૦ | શ્રમિકોના પડતર પ્રશ્નો હલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ભીખાભાઈજોષી |
| *૬ | __"__ | ૧૦૦ | કોરોનાકાળમાં શ્રમિકોએ ગુમાવેલ રોજગારીનુંપુનઃસ્થાપન કરી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૭ | __"__ | ૧૦૦ | શ્રમ આયુક્તની કામગીરીને સંગીન બનાવી શ્રમિકોને મળવાપાત્ર હક્કો સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૮ | __"__ | ૧૦૦ | ઘર વિહોણા હજારો શ્રમિકો માટે આશ્રયસ્થાનોની વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૯ | __"__ | ૧૦૦ | કોરોનાકાળમાં બાંધકામ શ્રમિકકલ્યાણ બોર્ડ દ્વારા વખતોવખત રાહતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી.જે ચાવડા |
| ૧૦ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-LBR-1-શ્રમ આયુક્ત<br>રૂ.૧૬,૩૨,૦૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫,<br>પાના નં.૬ અને ૭ | ૧૦૦ | ૨૦૧૪થી શરૂ થયેલ નાનાજી દેશમુખ આવાસ યોજના હેઠળ શ્રમિકોને વધુમાં વધુ આવાસો મળે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૧૧ | __"__ | ૧૦૦ | પરપ્રાંતીય નાના બાળકોને ઘરઘાટી, ચાની કીટલી વગેરે જેવીજગ્યાઓ પર મજૂરીઓ કરાવાય છે તે માટે જવાબદારો સામે પગલાં લઈ સખ્ત કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૧૨ | __"__ | ૧૦૦ | બાંધકામ શ્રમિક વેલફેર સેસની સંપૂર્ણ રકમ તેઓના કલ્યાણ માટે વાપરવા આ રકમ શ્રમિક બોર્ડમાં તાકીદે જમા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૧૩ | __"__ | ૧૦૦ | જે-તે ઉદ્યોગમાં૮૦ ટકા સ્થાનિકોને રોજગાર આપવાનો પરિપત્ર હોવા છતાં પરિપત્રનો ભંગ કરનાર ઉદ્યોગકારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૧૪ | __"__ | ૧૦૦ | રાજ્યમાં સ્થાનિક બેરોજગાર કારીગરોને રોજગારી મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૫ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૧-શ્રમ<br>૧૦૨-<br>કામકાજની....સલામતી<br>૦૧-LBR-10- | ૧૦૦ | ઔદ્યોગિક એકમોમાં થતાં અકસ્માતો અટકાવવા સલામતી અધિકારીઓ દ્વારા કારખાના-ફેક્ટરીઓમાં નિયમિત ચકાસણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| | અકસ્માતો.....એકમ<br>રૂ,૩,૩૬,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં.૧૦ અને ૧૧ | | | |
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા/તાલુકાના ફેક્ટરી-કારખાનામાં થતા અકસ્માત અંગે તપાસ કરી બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૧૭ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૨-રોજગાર સેવાઓ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-EMP-6-<br>રોજગાર....યોજના<br>રૂ.૨૬,૭૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં.૨૨ થી ૨૩ | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૮ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી તેમજ ખાનગી ભરતી રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલ બેરોજગારોની સાચી માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૯ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૨-રોજગાર સેવાઓ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-EMP-6<br>રોજગાર....યોજના<br>રૂ.૨૬,૭૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫,<br>પાના નં.૨૨ થી ૨૩ | ૧૦૦ | રોજગારીની પૂરતી તકોને અભાવે યુવાનો આત્મહત્યા કરે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓ માટે પૂરતી રકમની જોગવાઈ કરવા છતાં બેરોજગારોને રોજગારી મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| *૨૧ | ૨૨૩૦-શ્રમ...વિકાસ<br>૦૩-તાલીમ<br>૧૦૧-ઔદ્યોગિક તાલીમ સંસ્થા<br>૦૧-EMP-1સરકારી...યોજ<br>રૂ.૪,૬૪,૮૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૫<br>પાના નં.૨૮ અને ૨૯ | ૧૦૦ | કોરોનાકાળમાં લોકડાઉનના કારણે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ બંધ રહેતા તાલીમાર્થીઓના અભ્યાસક્રમમાં થયેલા વિલંબ અંગે લેવાયેલ નિર્ણયોની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૨૨ | ૨૨૩૦-શ્રમ....વિકાસ<br>૦૩-તાલીમ<br>૧૦૨- ઉમેદવારી તાલીમ<br>૦૧-EMP-4-<br>રાષ્ટ્રીય....તાલીમ<br>રૂ. ૬૦,૨૯,૯૪,૦૦૦<br>અં.પ્ર.નં૧૫<br>પાનાનં. ૩૪ અને ૩૫ | ૧૦૦ | રાષ્ટ્રીય ઉમેદવાર તાલીમ અંતર્ગત યુવાનોને અપાયેલ તાલીમ અને રાષ્ટ્રીય કક્ષાએ યુવાનોએ લીધેલ લાભની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>માગણી નં. ૭૦ | | | |
| *૨૩ | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૯-પંચાયત...શૂલ્ક<br>૦૧-પંચાયતોની ચૂંટણી<br>રૂ. ૨૮,૬૧,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં-૧૯<br>પાના નં- ૮ | ૧૦૦ | મતદાર યાદી ચકાસ્યા વિના જે તે સમાજ માટે સરપંચ અને વોર્ડ સભ્યોની બેઠકો અનામત રાખવામાં આવે છે. વસ્તીના અભાવે આવી બેઠકો પર ફોર્મ ભરાતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪ | _ _ " _ _ | ૧૦૦ | પંચાયતની ચૂંટણી દરમ્યાન અધિકારીઓ રાજકીય દબાણ હેઠળ એકતરફી કાર્યવાહી કરી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદો સંબંધે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | સ્થાનિક સ્વરાજ્યસંસ્થાઓની ચૂંટણી દરમ્યાન થતી આચાર સંહિતાની ફરિયાદોનો તાકીદે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઇમરાનખેડાવાલા |
| ૨૬ | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૯-પંચાયત...શૂલ્ક<br>૦૧-પંચાયતોની ચૂંટણી<br>રૂ. ૨૮,૬૧,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં-૧૯,<br>પાના નં- ૮ | ૧૦૦ | ગ્રામપંચાયતોની ચૂંટણી દરમ્યાન હરીફ રાજકીય પક્ષોને ચૂંટણી સંચાલન અધિકારી દ્વારા થતી હેરાનગતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનું કોઈપણ જાતના દબાણ વગર મુકત રીતે આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૨૮ | ૨૫૧૫-અન્ય ...કાર્યક્રમો<br>૧૦૧-પંચાયતી રાજ<br>રૂ. ૭,૫૭,૪૨,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૯<br>પાના નં-૫૭ થી ૬૩ | ૧૦૦ | રાજયમાં જિલ્લા અને તાલુકાની પંચાયતોમાં એજન્સી દ્વારા કરવામાં આવતી ભરતીને બદલે સચિવાલય કક્ષાએથી થતી ભરતી પધ્ધતિ દાખલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા અને તાલુકા પંચાયતની કચેરીનો વહીવટ સુધારવા ઈન્સ્પેકશન સેલની રચના કરવામાં આવી છે પરંતુ પ્રજાના પડતર પ્રશ્નોનો નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| ૩૦ | _ _ " _ _ | ૧૦૦ | પંચાયત કચેરીઓમાં સરકારી અધિકારીઓના અયોગ્ય હસ્તક્ષેપ અંગેની વ્યાપક ફરિયાદો છતાં પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા પંચાયતોને વિકાસના કામો માટે સમયસર જરૂરી માર્ગદર્શન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા પંચાયતોના હિસાબો સમયસર તૈયાર કરી ફાળવેલ ગ્રાન્ટ સમયસર મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા વિકાસ અધિકારીઓ રાજકીય ઈશારે કામ કરતાં હોવાની વ્યાપક ફરિયાદો છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | ઘરથાળના પ્લોટ ફાળવવા માટેની લેન્ડ કમિટીની બેઠકનું સમયાંતરે આયોજનના અભાવે લાભાર્થીઓને સમયસર પ્લોટ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | પંચાયતોમાં થતાં ઓનલાઈન વેરીફીકેશનના અભાવે ગ્રાન્ટનો સમયસર ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૩૬ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ પંચાયતો દ્વારા વસૂલાતા જુદા-જુદા ટેક્ષની આકારણી માટે એક સમાન પોલીસીના અભાવે પંચાયતો દ્વારા થતી અયોગ્ય વસૂલાત નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૩૭ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા/તાલુકા પંચાયતોમાં નિયમ વિરુધ્ધની ચૂકવણીની રકમની વસૂલાત માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૩૮ | ૨૫૧૫-અન્ય ...કાર્યક્રમો<br>૧૦૧-પંચાયતી રાજ<br>રૂ. ૭,૫૭,૪૨,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૯, | ૧૦૦ | જિલ્લા તાલુકા પંચાયતોના સ્વભંડોળમાંથી વાણિજિયક હેતુ માટે વિકસીત કરવામાં આવતી દુકાનો ઓફિસોના ભાડા નિયમિત ધોરણે વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં-૫૭ થી ૬૩ | | | |
| ૩૯ | ૨૫૧૫-અન્ય ...કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>૦૧-CDP-વિકાસ આયુકત<br>રૂ. ૧૫,૩૮,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં- ૧૯<br>પાના નં- ૬૪ અને ૬૫ | ૧૦૦ | લાંબા સમયથી નહી મળેલ ગ્રામસભાને પુન: કાર્યરત કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.કિરીટકુમાર પટેલ |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા વિકાસ અધિકારીની ભેદભાવયુકત નીતિને કારણે વિકાસના કામો અટકે છે તે કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | વિકાસ આયુકતની કચેરીના રાજકીય દખલના કારણે વિલંબમાં પડતા કામોનો સત્વરે નિકાલકરવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૪૨ | ૨૫૧૫-અન્ય...કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>૦૨-ગુજરાત ....બોર્ડ<br>રૂ. ૭,૪૩,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાનાનં. ૬૪ થી ૬૬ | ૧૦૦ | ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડમાં ખાલી પડેલ જગ્યાઓ લાંબા સમયથી ભરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અંબરીશભાઇ ડેર |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળમાં ચાલતી ગેરરીતિ અને સગાવાદની નીતિની તપાસ કરી સઘન પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| ૪૪ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળમાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારોને સત્વરે નોકરી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| *૪૫ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની નબળી કામગીરીને કારણેવિલંબીત રહેતી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| | | માગણી નં. ૭૧ | | |
| *૪૬ | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૨-ભૂમિહીન...જોગવાઇ<br>રૂ.૧૫,૬૨,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાના નં.૨૨ અને ૨૩ | ૧૦૦ | ભૂમિહીન મજુરોને ફાળવેલ ઘરથાળ હેઠળની જમીન પર મકાન બાંધકામ માટેની સહાય ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | સરદાર પટેલ આવાસ યોજના હેઠળની સહાયની રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૪૮ | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૩-આવાસન.....સહાય<br>૦૫-HSG-3<br>ગુજરાત.....પાડવી<br>રૂ.૧,૨૧,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાના નં.૨૪ | ૧૦૦ | ગ્રામ વસાહતોમાં બાંધકામલક્ષી માળખાકીય સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૪૯ | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૫-ઇન્દીરા.....યોજના<br>રૂ.૫,૮૯,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાના નં.૨૫ અને ૨૬ | ૧૦૦ | છેલ્લા ચાર વર્ષમાં ઈન્દીરા આવાસ યોજના હેઠળ કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી નથાભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૦ | ૨૫૦૧-ગ્રામીણ...કાર્યક્રમો<br>૦૬- સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-CDP-1<br>ગ્રામ....આયુક્ત<br>રૂ. ૫,૯૩,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાનાનં. ૩૮ અને ૩૯ | ૧૦૦ | રાષ્ટ્રીય દુર્વ્યય જમીન વિકાસ કાર્યક્રમ હેઠળ કરવામાં આવેલ વિકાસ અને ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૫૧ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુક્તની નબળી કામગીરીને સંગીન બનાવવા તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૫૨ | ૨૫૦૫-ગ્રામીણ રોજગાર<br>૦૨-ગ્રામ્ય...યોજનાઓ<br>૧૦૧-રાષ્ટ્રીય...યોજના<br>રૂ.૧૦,૬૬,૧૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯,<br>પાનાનં ૪૮થી૫૦ | ૧૦૦ | મનરેગા યોજનામાં થયેલ ગેરરીતિની ફરિયાદો અંતર્ગત તપાસ સંદર્ભે સરકાર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇગામીત(નિરંજન પટેલ) |
| ૫૩ | _ _ " _ _ | ૧૦૦ | મનરેગા યોજનાના કામોમાં થતી ગેરરીતિઓઅટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅજિતસિંહ ચૌહાણ |
| ૫૪ | _ _ " _ _ | ૧૦૦ | કોરોનાકાળમાં મનરેગા યોજના હેઠળ ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૫૫ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં મનરેગા યોજના હેઠળ રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૫૬ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યના અનેક જિલ્લામાં મનરેગાના કામોમાં અધિકારી અને કોન્ટ્રાક્ટરો વચ્ચે શ્રમિકોનું વેતન વહેંચાઇજવાની ફરિયાદો છતાં અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૫૭ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લામાં મનરેગાના કોન્ટ્રાક્ટરો પાસેથી પકડાતાં જોબકાર્ડ અંગે તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૫૮ | ૨૫૦૫-ગ્રામીણ રોજગાર<br>૦૨-ગ્રામ્ય...યોજનાઓ<br>૧૦૧-રાષ્ટ્રીય...યોજના<br>રૂ.૧૦,૬૬,૧૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯,<br>પાનાનં ૪૮થી૫૦ | ૧૦૦ | મનરેગા યોજના પાછળ પૂરતી રકમની જોગવાઈ કરવા છતાં પૂરતી માનવદિન રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૫૯ | _ _ " _ _ | ૧૦૦ | મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં સર્જન કરવામાં આવેલ શ્રમ દિવસોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |

* આ કાપદરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી પોતાના વિભાગોની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગના મંત્રીશ્રીએ એક વહીવટી અધિકારી તરીકે લાંબા સમય સુધી કામ કર્યું છે અને મંત્રીશ્રી તરીકે ફરજ બજાવે છે, ત્યારે વહીવટી માળખાને સારી રીતે અને અસરકારક રીતે સમજી શકે છે. મારે આજે પંચાયત વિભાગ માટે વાત કરવાની છે. રાજયના ૩૩ જિલ્લાઓ, ૨૫૧ તાલુકા પંચાયતો અને ૧૪,૨૫૩ ગ્રામ પંચાયતો છે. પંચાયતી રાજની સ્થાપના બળવંતરાય મહેતાના નેતૃત્વ નીચે કરવામાં આવી હતી. આ પંચાયતી રાજમાં ત્રીસ્તરીય માળખાનું વિસ્તૃતિકરણ કર્યું છે. આ ત્રીસ્તરીય વિસ્તૃતિકરણ પાછળનો આશય રાજ્ય સરકારના તમામ વિભાગના મોટા ભાગની યોજનાઓના લાભો ગામડાંના છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટેનું મુખ્ય માધ્યમ હોય તો એ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત છે. આ ત્રીસ્તરીય સંસ્થાઓ છે, એ રાજય સરકારની યોજનાઓ, બજેટમાં થયેલ જોગવાઇઓ, સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાતો અને એ જાહેરાતો પછી જિલ્લા પંચાયત કક્ષાએ એ યોજનાના પૈસા જાય ત્યાંથી એ તાલુકા પંચાયત પાસે જાય અને ત્યાંથી એ ગ્રામ પંચાયત પાસે જાય અને એ રીતે યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

તા. ૨૨મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની હાલત શું છે? તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં છેલ્લાં વર્ષોમાં મોટાભાગની જગ્યાઓ ખાલી હોવાને કારણે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ એનું અમલીકરણ જિલ્લા પંચાયત કક્ષાએ કે તાલુકા પંચાયત કક્ષાએ કરવામાં મુશ્કેલી થાય છે, વિલંબ થાય છે અને એના કારણે વાસ્તવિક રીતે યોજનાનો અમલ થવો જોઇએ એ અમલ થતો નથી. સન ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ રાજયમાં ૫૭.૪૦ ટકા લોકો ગામડાંમાં વસે છે, ત્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની અંદર જગ્યાઓની વિગતો હું આપું તો તાલુકા પંચાયતોમાં વર્ગ-૨ની ૫૫ જગ્યાઓ આજની તારીખે ખાલી છે. વર્ગ-૩ની ૨,૨૦૨ જગ્યાઓ ખાલી છે. જયારે વર્ગ-૪ ની ૩૯૮ જગ્યાઓ ખાલી છે. તેવી જ રીતે જિલ્લા પંચાયતોની અંદર જોવા જોઇએ તો વર્ગ-૧ની ૧૪૩ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૨ની ૨૯૯ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૩ની ૩,૧૫૮ જગ્યાઓ ખાલી છે. વર્ગ-૪ની ૬૨૧ જગ્યાઓ ખાલી છે. એમ કુલ મળીને ૪,૨૨૧ જગ્યાઓ ખાલી છે. બીજી બાજુ આઉટ સોર્સિંગથી વ્યવસ્થા કરી છે, એમ મંત્રીશ્રી તરફથી જવાબ આપવામાં આવશે કે યોજનાઓના અમલીકરણમાં તકલીફ ન પડે એટલા માટે આઉટ સોર્સિંગથી ભરીએ છીએ. સરકારની યોજનાઓના અમલીકરણમાં વ્યાપક રીતે ગેરરીતિ અને ભ્રષ્ટાચાર ચાલે છે, એમાં આઉટ સોર્સિંગથી ભરેલા કોઇપણ કર્મચારીની જવાબદારી રહેતી નથી કે એની જવાબદારી નક્કી થતી નથી, એના કારણે આ યોજનાના અમલીકરણમાં વિપરીત અસરો પડે છે. ત્યારે એકજ એજન્સી મારફત આ ખાલી જગ્યાઓ ભરવાનું નક્કી કર્યું છે, ત્યારે સરકારને નમ્રતાપૂર્વક કહેવું છે કે એકજ એજન્સી મારફત જગ્યાઓ ન ભરતા રાજયની અન્ય વ્યવસ્થા છે, જેવી કે પંચાયત સેવા પસંદગી મંડળ, ગૌણ સેવા પસંદગી મંડળ એની બીજી વસ્તુ ઉપર જવા માગતો નથી, પરંતુ એના દ્વારા જગ્યાઓ રેગ્યુલર ભરાય તો જ યોગ્ય રીતે સારી રીતે ભરતી થઇ શકશે. આ જગ્યાઓ પેપર ન ફુટે એની તકેદારી રાખીને ભરવામાં આવે એ ખાસ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની યોજનાની અંદર સો ચોરસવારના પ્લોટ આપવા માટે આપણી રાજ્ય સરકારના નિયમો છે, એ મુજબ એ પ્લોટ કયારે મળે કે ગામતળ મંજૂર થાય. આ ગામતળ મંજૂર કરવાની જવાબદારી પ્રાંત અધિકારીની છે. ગ્રામ પંચાયત ઠરાવ કરીને પ્રાંત અધિકારીને મોકલે એ પછી એ મંજૂર કરે. મારે આ બાબતે સરકારનું ધ્યાન દોરવું છે કે પ્રાંત અધિકારી દ્વારા જે તે ગ્રામ પંચાયતનું ગામતળ મંજૂર થયા પછી જે તે ગ્રામ પંચાયત પ્લોટની ફાળવણી ન કરે, જાહેર હરાજીથી પ્લોટનો નિકાલ ન કરવાને કારણે આજે સો ટકા મંજૂર થયેલ પ્લોટ ઉપર પેશકદમી થઇ ગઇ છે. અને એ પેશકદમી થઇ ગઇ છે, તેના કારણે કોઇ ગ્રામ પંચાયત નવેસરથી ઠરાવ કરીને ગામતળ વધારવા માટે માગણી કરે તો પ્રાંત અધિકારી દ્વારા કહેવામાં આવે છે કે અગાઉ મંજૂર થયેલા ગામતળનો કાગળ ઉપર નિકાલ કરીને ત્યાર પછી દરખાસ્ત કરવામાં આવે, તેના કારણે છેલ્લાં વર્ષોમાં ગામતળ વધ્યા નથી. પેશકદમી ઉત્તરોત્તર વધતી જાય છે અને તેના કારણે ન ઉદભવવા જેવા પ્રશ્નો ઉભા થાય છે. આના માટે માનનીય મંત્રીશ્રી ગંભીરતાપૂર્વક વિચારીને, ચિંતન કરીને, મનન કરીને આનો ઉકેલ શું? ભવિષ્યમાં પેશકદમી ન થાય, આવનારા દિવસોમાં વધારે પ્રશ્નો ઉભા ન થાય તે બાબતે કોઇ સારો નિર્ણય કરે એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લેન્ડ કમિટીની મીટિંગો મળે તો તેની જોગવાઇ છે, પણ આજે તમે વિભાગ પાસેથી વિગતો મગાવશો, તો રાજ્યની અંદર મોટાભાગની તાલુકા પંચાયતમાં ચાર મહિને એક મીટિંગ બોલાવવાની જે જોગવાઇ છે એ બેઠકો આજની તારીખે મળતી જ નથી. ન મળવાના કારણે ગરીબ માણસોને, ગરીબીની રેખા નીચે જે જીવે છે તેને પ્લોટ મળતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસ યોજના. સરદાર આવાસ યોજના ફેઝ-૧, સરદાર આવાસ યોજના ફેઝ-૨, ઇંદિરા આવાસ યોજના. પ્રધાનમંત્રી આવાસ યોજનાનું અમલીકરણ થયું, ત્યારથી બાકીની દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હોય કે આંબેડકર આવાસ યોજના હોય, આ બધી આવાસ યોજનાઓ બંધ કરવામાં આવી છે અને ગઇ કાલે મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે ભારત સરકારના નોર્મ્સ મુજબ ફાળવણી કરવામાં આવે છે. સરકારનું અને મંત્રીશ્રીનું એ ધ્યાન દોરવા માગું છું કે સરદાર આવાસ ફેઝ-૧. આજે પણ હજી અમુક તાલુકાઓની અંદર મકાનો બાકી છે. અધૂરા છે. ફેઝ-૨માં તેના કરતા વધારે સંખ્યા બાકી છે. જેમાં સરકારે પૈસા આપ્યા છે. એક હપ્તો ચૂકવાયો છે, બે હપ્તા ચૂકવાયા છે. ત્રીજો હપ્તો ચૂકવવાનો બાકી છે. એવી જ રીતે ઇંદિરા આવાસ યોજનામાં યોજના આપણે બંધ કરી દીધી છે પણ તેને મંજૂર કર્યા પછી એક હપ્તો, બે હપ્તા આપ્યા છે, હજુ ત્રીજો હપ્તો આપવાનો બાકી છે. કોઇને બે હપ્તા આપવાના બાકી છે. અંતે તો એ પૈસા પ્રજાના જ છે. સરકારે ફાળવેલા છે. જે મકાનો આજની તારીખે બાકી છે, અધૂરા છે એ અધૂરા મકાનો પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારે ગંભીરતાપૂર્વક વિચારવું જોઇએ. ભારત સરકાર ગ્રાન્ટ ન આપે તો રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી પણ જોગવાઇ કરીને આ અધૂરા મકાનો છે એ સંપૂર્ણપણે પૂર્ણ કરવા જોઇએ કે જેથી કરીને રાજ્ય સરકારે અગાઉ જે પૈસા આપ્યા છે એ ખર્ચનું વળતર મળી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામપંચાયત કોના આધારે ચાલે છે? તલાટી-મંત્રીઓની જરૂરિયાત છે. આજે એક-એક તલાટી-મંત્રી ત્રણ-ત્રણ કે ચાર-ચાર ગામનો ચાર્જ સંભાળે. એ કઇ રીતે વહીવટી પ્રક્રિયાને ન્યાય આપી શકે? તલાટી-મંત્રીઓની ઘણી બધી જગ્યા ખાલી છે. તાજેતરમાં તલાટીની ભરતીની જાહેરાત કરવામાં આવી. તેમાં તમે ૩,૪૩૭ જગ્યાઓ ભરવા માટેની જાહેરાત આપી છે. આ ૩,૪૩૭ જગ્યાઓની સામે ૮.૫ લાખ બેરોજગાર ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. આના ઉપરથી સમજી શકાય કે ગુજરાતમાં બેકારીએ કેવું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. બેકારી કઇ હદે વધી ગઇ છે કે જગ્યા ભરવાની જાહેરાત સાથે લાખો શિક્ષિત બેરોજગાર યુવાનો નોકરી લેવા માટેના પ્રયત્નો કરે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે

આપણે આ જે તલાટી-મંત્રીઓની ભરતી કરીએ છીએ એ તાત્કાલિક અસરથી કરવામાં આવે. રેવન્યુ તલાટીની નિમણૂક કરી છે. રેવન્યુ તલાટીની નિમણૂક કર્યા પછી આજની તારીખે હજી તેનો જોબચાર્ટ તૈયાર થયો નથી. આ રેવન્યુ તલાટી-મંત્રી મામલતદાર કચેરીમાં ફરજ બજાવે છે. ગામડાંની અંદર એમને જવાબદારી આપે તો કોઇ પણ પ્રકારની કામગીરી એ કરતાં નથી. ગામનો કોઇ માણસ પોતાના કામ માટે જાય તો રેવન્યુ તલાટી એમ કહે કે અમારી પાસે આ ન આવે. તમે પંચાયત તલાટી પાસે જાવ. પંચાયત તલાટી પાસે જાય તો એમ કહેવામાં આવે કે રેવન્યુ તલાટી પાસે જાવ. આ લોકોને આપણે પગાર ચૂકવીએ છીએ. તેનો જોબચાર્ટ તૈયાર કરીને એક રેવન્યુ તલાટી પાસેથી જે કામગીરી લેવાની થાય છે, એ કામગીરી મહેસૂલ વિભાગ અને પંચાયત વિભાગ બન્ને સંકલન કરીને વહેલામાં વહેલી તકે નિર્ણય કરીને જિલ્લા કક્ષાએ સૂચનાઓ કે પરિપત્ર બહાર પાડીને તેમની કામગીરી નક્કી કરીને તેમની પાસેથી કામ લેવામાં આવે તો મને લાગે છે કે સારી રીતે કામગીરી થઇ શકે. મનરેગા યોજના એ યુ.પી.એસ. સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારની અંદર સો દિવસની રોજગારી પોતાના ઘરઆંગણે માંગે, એમને પોતાના ઘરે તાળાં મારીને બહાર મજૂરી કરવા માટે જવું ન પડે એ હેતુથી ડો. મનમોહનસિંહના નેતૃત્વ નીચે મનરેગા યોજના દાખલ કરવામાં આવી અને એ દાખલ થયા પછી પણ એને સો દિવસની રોજગારી આપવા માટેની જોગવાઇ છે, પણ સરકાર અને માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું કે છેલ્લા સો દિવસથી મનરેગા યોજના નીચે જે લોકોએ કામ કર્યુ છે એમને હજી સુધી પગાર ચૂકવવામાં આવ્યો નથી. કાયદાની અંદર જોગવાઇ છે કે પંદર દિવસની અંદર જે લોકોએ કામ કર્યુ છે એમને પગાર ચૂકવી દેવાની જોગવાઇ છે. કાયદામાં જોગવાઇ હોવા છતાં પંદર દિવસને બદલે સો દિવસ સુધી પગાર ચૂકવવામાં ન આવે તો મને લાગે છે કે આ મનરેગા યોજનાનો અર્થ શું? આનાથી આગળ વધીને નાણાકીય ગેરરીતિ બાબતની વાત કરું, ભ્રષ્ટાચારની વાત કરું તો સરકાર કોઇને છોડવા માગતી નથી. બે કે ત્રણ દિવસ પહેલા માનનીય મંત્રીશ્રીનું રૂબરું પણ ધ્યાન દોર્યુ છે કે ભ્રષ્ટાચાર તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત કે જિલ્લા પંચાયતમાં કઇ રીતે થાય છે. સાહેબ, કોઇપણ વ્યકિત હોય ગ્રામ પંચાયતમાં કોઇ પણ સરપંચ હોય, એકસ હોય, વાય હોય કે ઝેડ હોય, પણ સરકાર દ્વારા જે યોજનાના નાણાં ફાળવવામાં આવે અને જે કામ કરવામાં આવે એની ગુણવત્તા સાથે કોઇ બાંધછોડ હોઇ શકે નહીં. હું એક દાખલો આપવા માગીશ કે ગીર-ગઢડા તાલુકાના બાબરીયા ગામે સ્મશાન માટે કંમ્પાઉન્ડ વોલ એ.ટી.વી.ટી. ગ્રાન્ટમાંથી બનાવવાનું મંજૂર કરવામાં આવ્યું. ગ્રામ પંચાયતે કોઇપણ જાતનું કામ કર્યા સિવાય રૂપિયા ૧ લાખ ૮૭ હજાર સીધેસીધા ઉપાડી લીધા. સ્મશાનને પણ છોડવામાં નથી આવતું. બ્લોકની પાથરણી કરવામાં આવે છે એમાં જે ગ્રાન્ટ મંજૂર થાય છે એમાં ઓછું કામ કરી બિલો વધારે બનાવવામાં આવે છે. આ તો એક દાખલો આપ્યો છે પણ તમે ચકાસો, હવે જે સરપંચ ગેરરીતિ કરે એની સામે ડી.ડી.ઓ. પગલા લે, એને સસ્પેન્ડ કરે, એ પાછા વિકાસ કમિશનરમાં અપીલ ચલાવે, દોઢ-બે લાખ રૂપિયા આપી અને વિકાસ કમિશનરની કચેરીમાંથી સરપંચને ચાલુ રાખવાના ઓર્ડરો થાય. તો પછી જિલ્લા વિકાસ અધિકારી જે સરપંચને ગેરરીતિ સબબ સસ્પેન્ડ કરે અને અધિક વિકાસ કમિશનર અપીલમાં એમને પાછા વહીવટ કરવા મોકલે આ પ્રકારની સ્થિતિ પંચાયત વિભાગમાં ચાલે છે, ત્યારે મારે ગંભીરતાપૂર્વક કહેવું છે કે જે કોઇપણ પ્રકારનાં કામો થતાં હોય, આયોજનના હોય, એમ.પી. ગ્રાન્ટ હોય, એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ હોય, વાઇબ્રન્ટ તાલુકાની ગ્રાન્ટ હોય કોઇપણ ગ્રાન્ટમાંથી કામો થતાં હોય એ સારી ગુણવત્તાવાળા થાય એવી મારી માગણી છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આખી સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, કારણ કે કચ્છમાં ૧૧૫ પંચાયત ઓફિસો અત્યારે બધી નવી પાસ કરી આપી છે. કોઇકના ૨૧ લાખ રૂપિયા , કોઇના ૧૫ લાખ રૂપિયા, કોઇના ૧૮ લાખ રૂપિયા એના માટે હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. પંચાયતમાં ડિજિટલ કરવામાં આવ્યું છે, એમાં ૭/૧૨ કે ૮- અ ના દાખલા કાઢવા હોય તો એ બહુ સરળ પડે છે. ભણેલા ગણેલા છોકરા ઘેર બેઠા પણ એ કામ કરી શકે છે. નાણા પંચ જયારથી પંચાયતમાં આવ્યું છે, ત્યારથી સરપંચને કામ કરવાનું ખૂબ સરળ બન્યું છે અને અમારા ધારાસભ્યો કરતા પણ ગ્રાન્ટ વધારે મળે છે, તેનાથી ગામનો વિકાસ ખૂબ સારી રીતે થઇ રહ્યો છે. રોડ હોય, ગામનું તળાવ હોય, સ્મશાન હોય તો એના સારી રીતે કામ થઇ રહ્યા છે. પંચાયત ઉપર સોલાર મૂકવામાં આવે છે એનાથી પંચાયતને લાઇટ બિલમાં ઘણો ફાયદો થાય છે. મારી માનનીય મંત્રીશ્રીને ખાસ રજૂઆત છે કે જે ગામમાં પંચાયતની ચૂંટણી હોય છે ત્યારે જે ભીલની સીટ આવે છે, અનુસૂચિત જનજાતિની એ સીટના જે ગામમાં મેમ્બર નથી, એના માટે પહેલા ખરાઇ કરી એ સીટ ન હોય ત્યાં એ સીટ ખાલી ન રહે. કારણ કે બિન હરીફની જે રકમ મળે છે એ ન મળવાથી ગામને મોટું નુકસાન થાય છે. એ જાતિના લોકો ન હોવાથી એ સીટ ખાલી રહે છે. આ બાબતે ધ્યાન રાખવામાં આવે. બીજું કે સંસદસભ્યને ગાઇડલાઇનમાં જેટલી છૂટછાટ મળે છે એટલી ધારાસભ્યને છૂટછાટ મળતી નથી. એના માટે અમારે ખૂબ મૂંઝવણ થાય છે. અમુક કામમાં ગ્રાન્ટ આપી શકાતી નથી. જેટિંગ મશીન હોય, ગામમાં મચ્છરો મારવા માટેના ફોગિંગ મશીન અમે લઇ શકતા નથી. ગટર સાફ કરવાના કોઇ મશીન લેવાનું હોય તો અમે લઇ શકતા નથી. આથી અમને પણ આ ગાઇડલાઇનમાં એટલી છૂટછાટ આપવામાં આવે. પંચાયતની આવક જો ઓછી હોય, પંચાયત બધી જ સગવડ પાણી, લાઇટ, ગટર, રસ્તા વગેરે સગવડ આપે છે પણ પંચાયતને આવક નથી. પણ જે ગરીબ લોકો પોતાના ગાયો અને ભેંસોના વાડામાં મકાનો બનાવે છે કે જેઓ ૩ કે ૫ લાખના પ્લોટ ખરીદી શકતા નથી. આવા મકાનો દરેક ગામમાં જોવા મળે છે. આવી રીતે વાડામાં મકાન બનાવતા હોવાથી પંચાયતને

કોઇ આવક થતી નથી. આવા મકાનોને આકારણીમાં ચડાવી રેગ્યુલર કરવામાં આવે તો પંચાયતને આવક થાય અને સરકારના પૈસા બચે. આ લોકોના મકાન રેગ્યુલર થાય તો એ લોકોને પણ થાય કે અમારું ઘરનું ઘર બની ગયું. ભવિષ્યમાં દબાણના કે વારસાઇના પ્રશ્નો પણ ન આવે. સરકારશ્રીની એ.ટી.વી.ટી.ની યોજના છે એના ખૂબ સારાં કામો થઇ રહ્યાં છે. પંચાયતના કોઇપણ વિકાસનાં કામ હોય એના ચણતરમાં ખાસ ઇંટો વાપરવામાં આવે તો ખૂબ મજબૂત કામ થાય અને એની ગુણવત્તા પણ જળવાય.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની વાત કરું તો આપ જાણો છો કે કચ્છમાં ૧૦૦ ટેન્કરો હતા. અત્યારે જ્યારથી નર્મદાનું પાણી આવ્યું અને વાસ્મો દ્વારા જે કામો થયાં છે તે પછી અત્યારે ટેન્કરમુક્ત કચ્છ બની ગયું છે. પંચાયતનો મોટામાં મોટો ખર્ચ છે એ લાઇટ બિલ અને વોટર સપ્લાયનું. જ્યારથી લાઇટ બિલ સરકાર ભરે છે એના લીધે પંચાયત ઓફિસને ખૂબ રાહત થઇ છે. પરંતુ હિન્દુ કે મુસલમાનના ધાર્મિક સ્થળ ઉપર આપણે એકતાના સ્વરૂપે મફત લાઇટ આપતા હતા એ યોજના અત્યારે બંધ છે. અમુક જગ્યાએ આવા કનેકશનો આપવામાં આવે તો લાઇટ મળી શકે તેમ છે. પંચાયતમાં સાફ સફાઇ બાબતે સરકારશ્રીનું વલણ ખૂબ જ હકારાત્મક હોવાથી સફાઇનાં અનેક સાધનો આજે આવે છે. આ સાધનો થકી ગામમાં સારી રીતે સફાઇ કરી શકાય છે. એક દિવસ એવો હતો કે રાત પડે ત્યારે ગામના માણસો શૌચાલય જઇ શકતા હતા. અત્યારે સરકાર દ્વારા ગામે ગામ શૌચાલયો બનાવવામાં આવ્યા એના કારણે ગામના લોકોની તકલીફનું નિવારણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ખાસ મંત્રીશ્રીને રજૂઆત છે કે અત્યારે બી.પી.એલ. સ્તરના લોકો મકાનનું કામ ચાલુ હોય ત્યારે રેતીની ટ્રોલી ભરી જાય છે ત્યારે એને રોકવામાં આવે છે. ૭૦ કિલોમિટર સુધી ક્યાંય ખનિજ નથી તો એને છૂટછાટ આપવામાં આવે. વોટર સપ્લાયનું એક મહિનાનું જે બિલ આવે છે એટલું રોડ લાઇટનું ૧૨ મહિનાનું બિલ આવતું નથી. તો મારી સરકારશ્રીને વિનંતી છે કે ગામડામાં કોઇ આવક હોતી નથી, સાવ નાનાં ગામડા હોય અને ત્યાં કોઇ ઉદ્યોગ ન હોય, મજૂર માણસો હોય ત્યારે એની કોઇ આવક હોતી નથી. આથી જો રોડ લાઇટનું પંચાયતનું બિલ જો ફ્રી કરવામાં આવે આવી નાની પંચાયતો એનો વહીવટ ખૂબ સારી રીતે ચલાવી શકે. એક એવો નિયમ બનાવો કે પંચાયત દ્વારા જી.આર.ડી.નો એક જવાન નીમવામાં આવે તો નાની મોટી ચોરીઓ થતી હોય કે પંચાયતના ડખા થતાં હોય એમાં રાહત રહેશે. ગ્રામ વાટિકાની રકમ જે તે વખતે એક લાખ રૂપિયા સરકારશ્રી આપે છે અને રૂપિયા ૫૦ હજાર પંચાયત કાઢે છે. ઘણા સમયથી ખૂબ સારી બની છે પણ હવે એને ફરી રિપેરિંગ કરવા માટે જે કાંઇ રકમ છે એ ફાળવવામાં આવે તો ગામના બગીચાઓ અને ગ્રામ વાટિકાઓ સારી બની શકે અને સાંજ સવાર ગામના બાળકો એનો લાભ લઇ શકે. અત્યારે ગામેગામ ગ્રાઉન્ડની પણ માગણી આવે છે તો તાત્કાલિક મેચના ગ્રાઉન્ડ રેગ્યુલર થાય, કાયદેસર થાય તો ગામના છોકરા સારી રીતે એનો લાભ લઇ શકે અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી એનામાં રકમ ડેવલપ કરવાની મંજૂરી આપવામાં આવે એવી વિનંતી. ગામેગામ અત્યારે મોબાઇલ વગર કોઇ રહી શકે નહીં. ગામ ગમે તે હોય તો અત્યારે ડુંગરાળ વિસ્તાર છે અને જંગલમાં બન્ની વિસ્તાર એ વિસ્તારમાં ટાવરની બહુ તકલીફ છે, તો અત્યારે સરકારશ્રીએ ટાવર માટે રકમ ફાળવી છે, પણ જયાં જયાં જરૂર છે, ત્યાં વહેલી તકે ટાવર ઉપલબ્ધ થાય તો ખૂબ વિકાસ થાય અને લોકો સારી રીતે એનો લાભ લઇ શકે. અત્યારે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જે જે યોજનાઓ છે એ ખૂબ જ સારી છે અને જે જે કામો આપણે ફાળવ્યાં છે, એ સારી રીતે થાય અને એનું ફોલોઅપ થાય એવી અપેક્ષા છે અને સરકારશ્રીને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા અને છેલ્લે શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, વલસાડે વાદળ ભલો, કચ્છડો બારેમાસ. આપણા રેવન્યુ મંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી માગણી નં. ૫૭ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર એ એવો વિભાગ છે કે દરેક સમાજનાં માબાપ દીકરા દીકરીને ભણાવે તો એમને એવી આશા હોય છે કે અમે દેવુ કરીને, તકલીફ વેઠીને પણ અમારા દીકરા કે દીકરીને ભણાવ્યા છે અને ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીને દિલથી મત પણ અમે આપ્યા છે, ત્યારે અમારા દીકરા કે દીકરીને સરકાર નોકરી આપશે, એ અપેક્ષાએ અને આશાએ રાહ જોઇને બેઠેલો હોય છે. તેનાથી વિપરીત પરિસ્થિતિ ગુજરાત રાજયની અંદર થઇ રહી છે. વાઇબ્રન્ટ ગુજરાતની અંદર બેરોજગારો વધ્યા છે અને વાઇબ્રન્ટ ગુજરાત એ વાઇબ્રન્ટ બેકારી તરફ જઇ રહ્યું છે એવું ચોકકસપણે મને લાગી રહ્યું છે. જે વિભાગ ઉપર આશા બાંધીને ગુજરાતનો શિક્ષિત યુવાન બેઠેલો છે કે યુવતી બેઠેલી છે, એ શ્રમ અને રોજગાર વિભાગ કે જે વિભાગની અંદર સરકાર દ્વારા કાયમી ભરતી કરવી જોઇએ અને કાયમી ભરતીના આધારે લોકોને નોકરી આપવી જોઇએ. મારે દુઃખ સાથે કહેવું પડે કે આજે શ્રમ અને રોજગાર વિભાગ જેમાં જગ્યાઓ પણ ખાલી છે અને આઉટ સોર્સિંગ અને કરાર આધારિત જગ્યાઓ ૧૯૦ કરતા પણ વધારે જગ્યાઓ આ બંને રીતે ભરવામાં આવી છે. ફિક્સ પગારથી લગભગ ૪૯૫ કરતા પણ વધારે જગ્યાઓ શ્રમ અને રોજગાર વિભાગની સહાયક સંસ્થાઓ છે એમાં ભરવામાં આવી છે. શ્રમ અને રોજગાર વિભાગ જેની પાસે યુવાનોને રોજગારી પૂરી પાડવા માટેનો અવસર છે તે આ પોતે જ વિભાગમાં ૪૦ ટકા કરતા પણ વધારે જગ્યાઓ ફિક્સ પગારથી, કરાર આધારિત અને આઉટસોર્સિંગથી ભરાતી હોય ત્યારે આપણે અપેક્ષા કેવીરીતે રાખી શકીએ?

માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની વાત કરું છું અને એના લીધે સમગ્ર ગુજરાતની અંદર જે પણ સરકારના જે વિભાગો છે કે અન્ય વિભાગો છે, નિગમો છે એની પરિસ્થિતિ આપણે ખૂબ સારી રીતે જાણી શકીએ છીએ. આ

ચૈત્ર ૧, ૧૯૪૪ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

રાજ્ય સરકારની અંદર જ્યારે જ્યારે પણ બજેટ આવે છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના નાણામંત્રી દ્વારા વિધાનસભા ગૃહમાં જ્યારે પણ બજેટ રજૂ થાય ત્યારે એ બજેટની અંદર કેટલા લોકોને રોજગારી આપવામાં આવશે એનો એક આશારો બજેટની અંદર રજૂ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૩-૦૪ ના બજેટથી માંડીને વર્ષ ૨૦૨૧ સુધીના જે બજેટો રજૂ થયા. અને બજેટોની અંદર જે જે નાણામંત્રીશ્રીઓ તરીકે બિરાજમાન હતા, એમને આ જ વિધાનસભા ગૃહમાં કહ્યું હતું કે અમે યુવાનોને રોજગારી આ બજેટને આધીન આપવાના છીએ. ૧ કરોડ ૪ લાખ ૯૨ હજાર ૪૯૫ બેરોજગારોને રોજગારી આપીશું. એવું વર્ષ ૨૦૦૩ થી ૨૦૨૦-૨૧ સુધીમાં જેટલા પણ નાણામંત્રીશ્રીએ આ વિધાનસભા ગૃહમાં બજેટ રજૂ કર્યુ છે, એની અંદર આ લોકોએ આંકડા આપ્યા છે. સરકારની નીતિ અને નિયત સાફ હોત તો વિધાનસભા ગૃહની અંદર ૨૭-૨૭ વર્ષથી આપ બેસો છો અને આ નાણામંત્રીશ્રઓ બજેટ રજૂ કરે છે, ત્યારે નીતિ અને નિયત સાફ હોત તો આ ૧ કરોડ કરતા વધારે રોજગારી આપવાનું આપના બજેટમાં પ્રોવિઝન કર્યુ હતું. તો હું માનું છું કે આ તરફ પ્રયાણ કર્યુ હોત તો ગુજરાતમાં એક પણ બેકાર રહ્યો ન હોત. આ પ્રમાણેનું પ્રયાણ કર્યુ નથી. તેનાથી પરિસ્થિતિ વિપરીત થઇ ગઇ છે. વાઇબ્રન્ટ ગુજરાત વર્ષ ૨૦૦૩ થી ચાલુ થયું. અનેક વાઇબ્રન્ટ થઇ ગયા. અનેક વાઇબ્રન્ટમાં જે એમ.ઓ.યુ. કરાર થયા. કરારને આધીન સરકાર દ્વારા આટલા લોકોને રોજગારી આપવામાં આવશે એવા આંકડા વિધાનસભા ગૃહમાં રજૂ કર્યા, ત્યારે વર્ષ ૨૦૧૭ની વાત કરી. અગાઉની વાત નથી કરતો. વર્ષ ૨૦૧૭ માં થયેલ વાઇબ્રન્ટની અંદર ૪૨ લાખ ૯૭ હજાર લોકોને રોજગારી આપીશું એવું આ સરકારે વિધાનસભા ગૃહમાં જવાબ આપેલો છે. વર્ષ ૨૦૧૯ માં ૨૦ લાખ ૯૦ હજાર લોકોને રોજગારી આપીશું. આમ, ૬૩ લાખ ૮૮ હજાર લોકોને સૂચિત રોજગારી આ વાઇબ્રન્ટન ગુજરાતને આધીન મળી રહેશે. દુઃખ સાથે કહેવું પડે કે વર્ષ ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧ અને ૨૦૧૩ ની અંદર જે વાઇબ્રન્ટ ગુજરાત થયા. કરોડો રૂપિયાનો ખર્ચો કરવામાં આવ્યો. ગુજરાતની પ્રજાના પૈસે બહારથી મહેમાનોને બોલાવ્યા. ઉદ્યોગો આવવા જોઇએ, ઉદ્યોગો સ્થપાવવા જોઇએ. ઉદ્યોગો સ્થપાય, પણ ગુજરાતીના કરના પૈસા, વેરો ભરે છે, એની સામેનું વળતર મળવું જોઇએ. એ સમયગાળા દરમ્યાન ૧૦ લાખ કે ૧૨ લાખથી વધારે યુવાનોને રોજગારી આ સરકાર આપી રહી છે. ગઇ વખતના બજેટની અંદર વિધાનસભા ગૃહમાં આંકડા રજૂ થયા. વર્ષ ૨૦૨૦ માં ૪ લાખ ૧૨ હજાર કરતા વધારે શિક્ષિત બેરોજગારો હતા. આ વખતે ૩ લાખ ૭૧ હજાર છે. દિન-પ્રતિદિન બેરોજગારોની સંખ્યા વધતી જાય છે. સરકારની નીતિ કેમ નથી? સરકારની નીતિ શિક્ષિત યુવાનો, યુવતિઓ છે, એને નોકરી આપવાની સરકારની નીતિ બિલકુલ નથી. રાજ્ય સરકારના વિભાગો અને અર્ધ સરકારી સંસ્થાઓમાં વર્ષ ૧૯૯૬ માં ૫,૧૦,૦૦૦ નું મહેકમ હતું અને આજે વર્ષ ૨૦૨૦ ની વાત કરું છું. ૪,૧૨,૯૮૫ મહેકમ થયું છે. એ વર્ષ ૧૯૯૬ થી ૨૦૨૦ સુધીમાં ૯૭,૦૦૦ જગ્યાના મહેકમમાં ઘટાડો થયો છે. જગ્યા મીટાવી દેવામાં આવેલ છે. જગ્યા પૂરી કરી દેવામાં આવી છે. સરકારી ભરતીની વાત કરીએ તો વિધાનસભા ગૃહમાં વાત કરીએ છીએ, ત્યારે સરકારની અંદર કેટલી નોકરી આપી? કોઇ ચા ની લારી ઉપર નોકરી કરતો હોય, એને રોજગારી મળી એમ કહેતા હોઇએ તો એમ.કોમ., એન્જિનયર થયેલ છોકરો ચા ની લારી કરીને ઉભેલ હોય તો સરકાર માટે કેટલી શરમજનક બાબત છે કે એન્જિનિયર થયેલ છોકરો ચા ની લારી, ભજિયાની લારી કરીને ઉભેલ છે. વર્ષ ૧૯૭૫ થી ૧૯૯૫ ના ૨૦ વર્ષની અંદર કોંગ્રેસના શાસન ગાળા દરમ્યાન ૮૦,૧૯૩ લોકોને સરકારી નોકરી આપવામાં આવી હતી. અને વર્ષ ૨૦૧૩-૧૪ થી વર્ષ ૨૦૨૦-૨૧ આ ૮ વર્ષના સમયગાળા દરમ્યાન ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતની અંદર જે વહીવટ કરે છે, તેમાં તે લોકોએ ૭૪,૨૦૫ લોકોને સરકારી નોકરી આપી છે. સંખ્યા ઘટી, ભરતીની સંખ્યા ઘટી, સરકારી નોકરીઓ આપવામાં સરકાર ખૂબ જ પાછી પડી છે. એક ટાઇમ હતો કે વર્ષ ૨૦૧૩-૧૪ની અંદર ૨૧,૨૫૩ લોકોને સરકારી નોકરી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૨૦-૨૧ ની અંદર ફકત ૧,૨૭૮ લોકોને સરકારી નોકરી આપવામાં આવી. સરકાર દ્વારા જે સરકારી નોકરી આપવાની હોય તેમાં આ રેશિયો બિલકુલ ઓછો થતો ગયો છે. સરકાર ફકત ને ફકત આઉટ સોર્સિંગથી, કરાર આધારથી અને ફિક્સ પગારથી આ સરકાર ચલાવવામાં રસ છે. તેનો મતલબ એવો થાય છે કે, ભણેલો ગણેલો શિક્ષિત યુવાન કે યુવતી કે જેનો હક્ક અને અધિકાર તેને મળવો જોઇએ, તે ગુજરાતનો નાગરિક છે, ગુજરાતી છે, સરદાર અને ગાંધી સાથે જોડાયેલો છે, પણ તે સરદાર અને ગાંધીની વ્યાખ્યામાંથી દૂર થઇને તેને નોકરી આપવાની વાત આવે છે, ત્યારે તેને ફિક્સ પગારમાં મૂકી દેવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ બાકી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર આઉટ સોર્સિંગથી ૧ લાખ ૧૨ હજાર લોકો નોકરી કરે છે. ફિક્સ પગારથી ૫૧,૭૦૦ લોકો નોકરી કરે છે. કાયમી કર્મચારીઓ કે જે પગાર પંચ મુજબ નોકરી કરે છે તે ૨ લાખ ૯૯ હજાર ૫૩૮ લોકો છે. કરાર આધારિત ૧ લાખ ૬૪ હજાર કરતાં વધારે લોકો નોકરી કરે છે. આમ કુલ ૪૫ ટકા લોકો રાજ્ય સરકારના જુદા જુદા વિભાગોની અંદર આઉટ સોર્સિંગ, ફિક્સ પગાર અને કરાર આધારિત નોકરી કરે છે. છેલ્લી વાત કરીને મારી વાત હું પૂરી કરીશ. લઘુત્તમ વેતન ધારા ૧૯૪૮ હેઠળ દર પાંચ વર્ષે મૂળ વેતનમાં સુધારો થવો જોઇએ અને તે સુધારો છેલ્લે વર્ષ ૨૦૧૪ ની અંદર કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૪ પછી આજે વર્ષ ૨૦૨૨ થયું છે. કેન્દ્ર સરકાર દ્વારા ઓકટોબર ૨૦૨૧ ની અંદર નવો લઘુત્તમ વેતનધારો બહાર પાડવામાં આવ્યો. તેની જાહેરાત કરીને ગેઝેટ પણ બહાર પાડવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આજદિન સુધી તે લઘુત્તમ વેતનધારો લાગુ કરવામાં આવ્યો નથી. તેમાં આંગણવાડીની બહેનો કામ કરતી હોય, આશા વર્કર કામ કરતી હોય, મધ્યાહન ભોજનમાં કામ કરતા હોય, હોમગાર્ડમાં કામ કરતા હોય, સફાઇ કામદારમાં કામ કરતા હોય કે અન્ય કોઇપણ જગ્યાએ કામ કરતા હોય અને જેમને કર્મયોગી નામ આપવામાં આવ્યું છે. તો કર્મયોગીની વાત હોય ત્યારે સમાન

કામ અને સમાન વેતનની વાત આવે છે. તેમાં આ સરકાર પાછી પડે છે. અમારી માગણી છે કે, રાજ્ય સરકાર દ્વારા આ લોકોને ઓકટોબર ૨૦૨૧ મુજબ કેન્દ્ર સરકારે જે લઘુત્તમ વેતન બહાર પાડયું છે તેનો અમલ ગુજરાત સરકારની અંદર લાગુ કરવો જોઇએ. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે બેરોજગારી અને બેકારી વધેલી છે, ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકાર ફકત કોંગ્રેસનું નામ લઇને જે વાયદા અને વચનો આપે છે અને તેમાં પાછી પડી રહી છે, ત્યારે માનનીય મંત્રીશ્રીને મેં જે આંકડા આપ્યા છે તે વિભાગના આંકડા છે, વિધાનસભામાં રજૂ કરેલા આંકડા છે તેનો જવાબ આપે. આજના પ્રસંગે બેરોજગારોને રોજગારી આપવામાં આ સરકાર સદંતર નિષ્ફળ ગઇ છે ત્યારે આ વાઇબ્રન્ટ ગુજરાતની વાઇબ્રન્ટ બેકારીને હું કોઇ સંજોગોમાં સમર્થન આપી શકું તેમ નથી.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બ્રિજેશભાઇ મેરજા અનુદાનની જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત મૂકવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રાલય એ સરકારના લગભગ દરેક વિભાગ સાથે જોડાયેલો વિભાગ છે. ઉદ્યોગની અંદર પણ શ્રમયોગી હોય, કૃષિની અંદર પણ શ્રમયોગી હોય, બાંધકામ ઉદ્યોગ હોય તેની અંદર પણ શ્રમયોગી હોય, સર્વે ક્ષેત્રની અંદર શ્રમયોગીઓ હોય છે. તે શ્રમયોગીઓ માટેનું આ મંત્રાલય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર ૬૮ લાખ અસંગઠિત ક્ષેત્રના શ્રમ યોગીઓ છે જે વિવિધ ક્ષેત્ર સાથે જોડાયેલા છે. એકાત્મતા માનવવાદના સિદ્ધાંતની સાથે છેવાડાના માનવીને સરકારની યોજનાઓના લાભ થાય એના માટે કામ કરતો આ શ્રમ રોજગાર મંત્રાલય છે. ભારતને ૫ ટ્રિલિયન ઇકોનોમી સુધી પહોંચાડવા માટે જો કોઇ અગત્યનો વિભાગ હોય તો શ્રમ અને રોજગાર મંત્રાલય છે. આ એ જ શ્રમયોગીઓ છે જે ભારતના આર્થિક ઉન્નતિના દ્વારને વિશ્વ ફલક ઉપર સૌથી આગળ લઇ જવાનો છે અને જયારે આ શ્રમયોગીઓ દ્વારા આર્થિક ઉન્નતિ થવાની હોય, આપણે જોયું કે કોરોના કાળ દરમ્યાન પણ આખા વિશ્વની આર્થિક મહાસત્તા ડોલી ગઇ. આર્થિક ક્ષેત્રે અને તમામ ક્ષેત્રે મહાસત્તાઓ પણ જ્યારે નીમ્ન સાબિત થઇ ત્યારે ભારતના આ જ શ્રમયોગીઓ છે કે જેના શ્રમ દ્વારા આપણે જોયું કે કોરોના કાળ દરમ્યાન આપણને જી.એસ.ટી. મળતો હતો એના કરતા પણ વધારે જી.એસ.ટી. આ વર્ષે આપણને મળ્યો એ આ શ્રમયોગીઓને કારણે જ છે. ઉદ્યોગની અંદર પણ જે જી.એસ.ટી. મળ્યો અને કોરોના કાળ દરમ્યાન પણ સરકારની કુનેહના કારણે ઉદ્યોગકારો હોય, બાંધકામ ઉદ્યોગના કોન્ટ્રાક્ટરો હોય, બિલ્ડરો હોય એમની સાથે સંવાદ કરીને ઉદ્યોગો ચાલુ રાખ્યા, બાંધકામ ઉદ્યોગ ચાલુ રાખ્યા જેને કારણે શ્રમયોગીઓને કામ મળ્યું અને આપણને આર્થિક ઉન્નત્તિમાં ફાયદો થયો. આ શ્રમયોગીઓ જ્યારે આપણા માટે કામ કરતાં હોય તો એને એના જીવનમાં વિવિધ સહાય પ્રાપ્ત થાય એ જરૂરી છે. એની આર્થિક ઉન્નત્તિની સાથે સાથે એની સામાજીક ઉન્નત્તિ પણ થાય એ દિશામાં કામ કરતો આપણો આ શ્રમ અને રોજગાર મંત્રાલય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં ઘણાં વર્ષોમાં આ શ્રમયોગીઓ માટે ઘણી બધી યોજનાઓ મૂકી છે. ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા શ્રમિકોની સુરક્ષા માટે ૧૪ થી ૭૦ વર્ષ સુધીના લોકો માટે મૃતકને રૂપિયા એક લાખનું વીમા કવચ, અપંગ થાય તો એ પરિસ્થિતિમાં એને ૫૦ હજાર પ્રાપ્ત થાય. એવી રીતે જોવા જઇએ તો ઘણી બધી યોજનાઓ છે. ધન્વતરી રથ દ્વારા એના આરોગ્યની ચકાસણી થાય છે, શ્રમ નિકેતન યોજના દ્વારા એને ઉદ્યોગની નજીક રહેવાની અને જમવાની વ્યવસ્થા થાય એ દિશામાં પણ સરકારે પગલાં ભર્યાં છે. એનાં બાળકોને સારું શિક્ષણ પ્રાપ્ત થાય એના માટે પણ સરકારે વિવિધ યોજનાઓમાં વાર્ષિક રૂપિયા ૧,૮૦૦ થી માંડીને ૨ લાખ રૂપિયા સુધીની સહાય આપવાનું પ્રાવધાન છે. શ્રમયોગીનાં બાળકોને પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કરવો હોય તો વાર્ષિક ૩૫ હજાર રૂપિયાની સહાય પ્રાપ્ત થઇ શકે. શ્રમિકને ઇ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલ મહિલા હોય તો એને લાભ મળે અને ન નોંધાયેલ હોય એને પણ આ યોજનાનો લાભ મળે છે એની અંદર એને ૫ હજાર રૂપિયા માસિક ગર્ભાવસ્થાના પહેલાના ત્રણ મહિના અને પછીના ત્રણ મહિના એ રીતે એને ૩૦ હજારની સહાય મળે છે. આવી ઘણી યોજનાઓ છે. આભાર.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપને વિનંતી કરું છું કે મારે છ મિનિટનો ટાઇમ છે એટલે વચ્ચે બ્રેક ના પડે તો સારું.

અધ્યક્ષશ્રી : આમાં પાંચ મિનિટ લખેલું છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ જ છે? ઓકે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મિનિટની મર્યાદા છે અને ઘણા બધા પૂર્વ વકતાઓએ ઘણી બધી વાત લઇ લીધી છે. હું એક વાત દોહરાવીશ કે પંચાયત છે તે ટીડીઓ,ડીડીઓ, ડેપ્યુટી ડીડીઓ, તલાટીના માધ્યમથી ચાલે છે. ૭મી માર્ચે મેં એક તલાટીની કહાની અહીંયા આ ગૃહની અંદર કહી હતી કે આ ગુજરાતની અંદર સરકાર બદલી શકે પણ તલાટી ના બદલી શકે. ૯મી તારીખે તે તલાટી બદલી ગયા એ કલ્યાણપુર ગયા સરકારની એવી શું મજબૂરી આવી કે દસ દિવસમાં તલાટી પાછા આવી ગયા. મને સમજાતુ નથી કે પંચાયત ઓફિસમાં બેસીને દારૂ પીવે, સરકારી ચોપડે કેસ નોંધાય, તેનો રિપોર્ટ કરવા માટે મોકલવામાં આવે અને લખવામાં આવે કે રિપોર્ટ પોઝિટીવ આવ્યે ધરપકડ થશે. ચારે ચારના રિપોર્ટ પોઝિટીવ આવ્યા, પોલીસ સ્ટેશનની અંદર ચાર કલાક બેસાડી રાખવામાં આવ્યા. ઇસુદાન ગઢવીનો રિપોર્ટ દસ દિવસમાં આવી જાય. આ તલાટીનો રિપોર્ટ ત્રણ વર્ષે આવે. પોલીસ તેને બેસાડી રાખે, રિપોર્ટ પોઝિટિવ હોય એની ધરપકડ ના થાય. મેં ડીએસપી સાથે વાત કરી સમજાતું

નથી. મને કહે વિક્રમભાઇ, એમની પાસે પરમિટ છે. પંચાયત ઓફિસમાં બેસીને દારૂ પીવાની પરમિટ હોય એવી મને ખબર નથી ? સાથે ત્રણ મિત્રો હતા, એ પણ પીધેલા પકડાયા અને તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ છે, તેમના ઉપર પણ કેસ ના થાય. જે ભારતીય જનતા પાર્ટીની સરકાર એમના ૧૩ હોદ્દેદારોએ રાજીનામા દેવાની ધમકી આપી આખી સરકાર બદલી ત્યારે કોઇએ રાજીનામાની ધમકી ના આપી. ત્યારે કાંઇ હલચલ ના થઇ અને ત્યારે મેં આ ગૃહની અંદર કહ્યું હતું કે શીખવું હોય તો આ તલાટી મંત્રી આગળથી શીખવા જેવું છે. સરકાર બદલી શકે આ તલાટી ના બદલી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, કાલે તે લોકોએ એક પત્રિકા બહાર પાડી કે આખરે સત્યનો જય. મને સમજાતુ નથી કે આ ગાંધીના ગુજરાતની અંદર આ સત્ય હોઇ શકે ? ઓન રેકર્ડ પૈસાનું ગબન છે. પૈસા ઉઘરાવ્યાં, ત્રણ ગામની અંદર તલાટીની બદલી થઇ ચાર મહિના પછી અમારું દબાણ આવ્યુ કે વિક્રમભાઇ આની પાછળ છે, પુરાવા એકત્રિત કર્યા છે, તેની ઉપર કેસ થશે એટલે તેણે પૈસા જમા કરાવી દીધા. ૧૯ તારીખે સંકલનની મિટિંગ હતી મેં મુદ્દો ઉઠાવ્યો. કલેકટરશ્રી કયાંકથી નિયમ લઇ આવ્યા અને મને બતાવ્યો કે વિક્રમભાઇ આપ જનરલ બોર્ડના સભ્ય છો, એટલે પંચાયતના કર્મચારીનો આ મુદ્દો તમે અહીંયા ના ઉઠાવી શકો. તમે મને રાઇટિંગમાં આપો. જનરલ બોર્ડ પાંચ પાંચ મહિને મળે છે દેવભૂમિ દ્વારકાનું જનરલ બોર્ડ પાંચ મહિને મળે છે. જો હું જનરલ બોર્ડનો સભ્ય હોંઉ તો ૨૪ તારીખે જનરલ બોર્ડ અહીંયા હાઉસ ચાલુ હોય અને કેવી રીતે મળી શકે ? રાષ્ટ્રપતિ જામનગરમાં આવે છે એટલે ૨૫ તારીખે જનરલ બોર્ડ રાખ્યું છે, કેવી રીતે મળી શકે ? કોણ સવાલ કરે ? કોણ જવાબ આપે ? મંત્રીશ્રી ચોખવટ તો કરજો કે અમે પંચાયતના કર્મચારીઓ આવો બધો ભ્રષ્ટાચાર કરે અને સંકલનમાં જો સવાલ પૂછી શકીએ કે ના પૂછી શકીએ તેનો મને નિરાંતે જવાબ આપજો. જો આ પરિસ્થિતિ હોય ધારાસભ્ય છે, બધાનો ધારાસભ્ય છે ગામડાંનો વહીવટ મેજોરીટી આ લોકો કરે છે અને આ લોકો જો વહીવટ કરતા હોય પછી મને કહેવામાં આવ્યુ કે કમિટી રચી છે. વિક્રમભાઇ ૨૦ દિવસ પછી તમને જવાબ આપવામાં આવશે. જે તે વખતે હું એક શબ્દ બોલ્યો હતો પણ રેકર્ડમાંથી કાઢી નાંખ્યો. જે લોકો આની અંદર સંકળાયેલા છે અને કયાં કયાં ભ્રષ્ટાચાર થયો છે ઓન રેકર્ડ છે. એ જ લોકો તેની તપાસ કરીને એ જ લોકો તેમને કિલનચીટ આપે તો કેવી રીતે કિલનચીટ આપી શકે ? મારો સવાલ ત્યાં પણ એ જ હતો કે આપે તેને કિલનચીટ આપી છે કેવી રીતે? જો આ પરિસ્થિતિની અંદર આવા જ લોકો વહીવટ કરવાના હોય. તમને બજેટ ગમે એટલું આપીએ પણ બજેટ જનતા સુધી પહોંચવાનું નથી. સરકારની એવી કઇ મજબૂરી છે કે સરકારના અમુક જવાબદાર માણસોએ મને વચન આપ્યું હતું એટલે મેં ૯ તારીખે જાહેરમાં કહ્યું હતું કે હું કાળી પટ્ટી બાંધીને આવીશ, પણ ૯મી તારીખે તેમની બદલી થઇ ગઇ એટલા માટે મેં કોઇ જાતનો હો હા ના કર્યો, હોબાળો ના કર્યો. ફરીને ૧૦ દિવસ થયા મંત્રી ત્યાં આવી જાય છે અને અત્યારે ડંકાની ચોટે વિધાનસભામાં કહું છું ૧લી તારીખે વિધાનસભા પૂરી થશે એટલે ખંભાળિયાના ધરમપુર ગામમાં ફરીને આ મંત્રીની પાંચમી વખત નિમણૂક થશે. આવો જ વહીવટ જો ગુજરાતની સરકાર કરતી હોય અને તેને પ્રગતિશીલ ગુજરાત કહેવામાં આવતું હોય, તેને કામ કરતી સરકાર કહેવામાં આવતી હોય તો આવા મંત્રીઓની નિમણૂક કરીને જનતાનો છેવાડાનો માનવી આપણે હમણાં બધાયે વાત કરી છે છેવાડાના માનવીને લાભ મળવો જોઇએ. છેવાડાના માનવી માટે થઇને આ પ્રયત્ન હોય તો મહેરબાની કરીને,

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, વિરામનો સમય થયો છે.

**( વિરામ સાંજના ૫-૩૦ થી ૬-૦૦ )**

**સભાપતિશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

શ્રી જે. વી. કાકડિયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર, પંચાયત અને ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી બ્રિજેશભાઇ મેરજા સાહેબ માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા ૧૫મા નાણાપંચ અંતર્ગત પંચાયતી રાજ સંસ્થાઓની આવકના સ્ત્રોતને પહોંચી વળવા માટે કેન્દ્રિય નાણાપંચની ભલામણ અન્વયે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતને અનુદાનની ફાળવણી કરવામાં આવે છે. આ યોજના થકી જળસંચય અને સ્વચ્છતા સહિતના કામોથી ગ્રામ્ય સ્થળોએ જીવન-ધોરણ તેમજ જાહેર આરોગ્યમાં મોટો સુધારો આવ્યો છે. નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવાનાં થતાં વિકાસનાં કામોની પસંદગી અને કામોને અગ્રતાના ગ્રામસભા અને ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાનના માધ્યમથી નક્કી કરવામાં આવે છે. જેથી ગ્રામ પંચાયતના કામને કયા કામને અગ્રતા આપવી, કયું કામ કરવાની જરૂરિયાત છે તે ગ્રામજનો ભેગા મળીને નક્કી કરે છે. ૧૫મા નાણાપંચ અંતર્ગત અગામી પાંચ વર્ષમાં વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં રાજ્યને કુલ રૂ.૧૫,૬૦૦ કરોડની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે. તે પૈકી રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધી મળેલ રૂ.૪,૩૭૬ કરોડની ગ્રાન્ટ પંચાયતોના ખાતામાં જમા કરી દેવામાં આવેલ છે. ૧૫મા નાણાપંચ અંતર્ગત ચાલુ વર્ષમાં રૂ.૨,૩૨૫.૧૫ કરોડના કુલ ૩૯,૫૦૯ જેટલાં કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થઇ ચૂક્યું છે. માનનીય અધ્યક્ષશ્રી નાણાપંચની ગ્રાન્ટમાંથી આયોજન કરવાથી લઇને ચૂકવણા કરવા સુધીની તમામ કામગીરી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. ૧૫મા નાણાપંચની ગ્રાન્ટ સ્ટોર્મ વૉટર ડ્રેનેજ, આંતરિક પાકા રસ્તાઓ, ગામના મુખ્ય માર્ગો ઉપર ફૂટપાથ, હાટબજાર, આંગણવાડી કેન્દ્રોમાં ખૂટતી સુવિધા, સેનિટેશન અને ખુલ્લામાં શૌચમુક્તિથી જાળવણીનાં કામો, પીવાનું પાણી પૂરું પાડવું, વરસાદી પાણીના સંગ્રહ તેમજ પાણીના શુદ્ધીકરણ જેવી

મુખ્ય પાયાની સેવાઓ વગેરે કામોમાં આ પૈસા વપરાય છે. આજે નાણાપંચની ગ્રાન્ટમાંથી તમામ આયોજન કરવામાં આવે છે અને જે કામો થઇ રહ્યાં છે, તેમાં તે કામ શરૂ કરતાં પહેલાં, કામ ચાલુ હોય ત્યારે અને કામ પૂરું થાય ત્યારે એમ ત્રણ તબક્કામાં ફોટોગ્રાફ, જી.ઓ. ટેગિંગ સાથે પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે. અક્ષાંશ, રેખાંશના માધ્યમથી કામના સ્થળ, સ્થિતિ નક્કી કરવાની પ્રક્રિયા જી.ઓ. ટેગિંગથી કરવામાં આવે છે. તમામ ચૂકવણા ડી.એચ.સી. માધ્યમથી ઇ-ગ્રામ પોર્ટલ મારફતે ઓનલાઇન કરવામાં આવે છે. કોઇ ચૂકવણા ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ કે ઓર્ડર કોઇ માધ્યમથી કરવામાં આવતા નથી. તમામ વેપારીઓ માલ-સામાન પૂરો પાડનાર પેઢીને ચૂકવણું કરતાં પહેલાં તેની નોંધણી ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર કરવામાં આવે છે. ૬૮,૦૦૦ જેટલી વેપારી પેઢીઓની ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ ઉપર નોંધણી કરવામાં આવી છે. ત્રણેય પંચાયત કક્ષાઓ ઓનલાઇન ચૂકવણાની કામગીરી કરવા માટે ચેકર અને મેકરની ડિજિટલ સિગ્નેચર D S C આપવામાં આવેલ છે. દા.ત. ગ્રામ પંચાયત કક્ષાએ તલાટીને મેકર અને સરપંચને ચેકર તરીકે ડિજિટલ સિગ્નેચર D S C આપવામાં આવેલ છે. હાલ ૨૪,૦૦૦ D S C પૂરી પાડી કાર્યરત કરવામાં આવેલ છે. હાલ રાજ્યના ૧૨,૩૦૦ ઉપરાંત ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ માધ્યમની ઓનલાઇન ચૂકવણાની કામગીરી સફળતાપૂર્વક થયેલ છે. અત્યાર સુધી કુલ ૧,૦૦૦ કરોડના ચૂકવણા ઇ-ગ્રામ સ્વરાજ પોર્ટલ પર D S C મારફત કરવામાં આવેલ છે. ઓનલાઇન ચૂકવણા કરતાં ગામોની સંખ્યાના આધારે ગુજરાત સમગ્ર દેશમાં ચોથા ક્રમે આવેલ છે. ગ્રામ પંચાયતમાં પાણી પુરવઠાનું લાઈટ બિલ સરકાર ભરે છે, પણ સાથે સાથે સ્ટ્રીટ લાઈટનું બિલ પણ સરકાર ભરે તેવી વિનંતી કરું છું. આ ગ્રાન્ટમાંથી જે કામો હાથ ધરવામાં આવે છે તેમાં વસતીના ધોરણે ૧૦ ટકા રકમ જિલ્લા પંચાયત, ૨૦ ટકા તાલુકા પંચાયત અને ૭૦ ટકા ગ્રામ પંચાયતના હવાલે નક્કી કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ૧૦૦ ટકા ચૂકવણા ડિજિટલ માધ્યમથી અને ડિજિટલ પેમેન્ટથી કરવામાં આવેલ છે. આ ચૂકવણા કરતાં પહેલા ત્રણ તબક્કાનું જે કામ થાય છે તે પણ ખૂબ સારી રીતે થઈ શક્યું છે. આજે જે કામો ગ્રામ પંચાયત હસ્તક થઈ રહ્યાં છે તે ખૂબ જ સારાં કામો થઈ રહ્યાં છે અને સરકારશ્રીની નીતિ હેઠળ ગ્રામ પંચાયતની જે ગ્રાન્ટો આવે છે તે પણ ખૂબ સારી રીતે આવે છે. આ સરકારને હું અભિનંદન આપું છું.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતનું વહીવટી કામ તેના અધિકારીઓ દ્વારા થતું હોય છે. મારા નર્મદા જિલ્લાની વાત કરું તો મંજૂર થયેલ ત્રણ ડેપ્યુટી ડી.ડી.ઓ.ના મહેકમ સામે માત્ર એક જ જગ્યા ભરાયેલ છે. બીજા જુદી જુદી શાખાના ઘણા બધા કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે. તાલુકા પંચાયતમાં ટી.ડી.ઓ., આસિસ્ટન્ટ ટી.ડી.ઓ. કે અધિક ઈજનેર નથી. પરિણામે પ્લાન અને એસ્ટિમેટ જેવાં અગત્યનાં કામો માટે જ્યારે એમની જરૂર હોય છે ત્યારે આ કર્મચારીના અભાવે, ખાલી જગ્યાના અભાવે ગ્રામ પંચાયતના સરપંચોને અને ગ્રામ્ય વિસ્તારની પ્રજાને શોષવું પડે છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મારા તિલકવાડા તાલુકા પંચાયત, નાંદોદ તાલુકા પંચાયત અને ગરુડેશ્વર તાલુકા પંચાયતના ટી.ડી.ઓ.ની રેગ્યુલર જગ્યા છેલ્લાં બે વર્ષથી ભરવામાં આવતી નથી, પરિણામે જો ટી.ડી.ઓ ચાર્જમાં હોય અને ગરુડેશ્વરથી રાજપીપળા આવે તો ગરુડેશ્વર તાલુકાનું કામ અટકે એટલે લોકોને તકલીફ ન પડે, સરપંચોને વારંવાર ધક્કા ન ખાવા પડે, તેના સમયની બરબાદી ન થાય તેના માટે વહેલમાં વહેલી તકે આ જગ્યાઓની ભરતી કરવામાં આવે. અમારા સમયમાં જે તે કર્મચારી કે અધિકારીઓની ભરતી જે તે જિલ્લાના મુખ્ય મથકે થતી હતી. અત્યારના ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જે ભરતી કરવામાં આવે છે તેમાં ઘણી વાર વિલંબ થાય છે. કેટલીક વાર પરિણામ આવ્યા છતાં પણ નોકરી આપવામાં ડીલે થાય છે એટલે ઉમેદવારોને શોષવું પડે છે અથવા તો તેમની નારાજગી વહોરવી પડે છે. આથી જિલ્લા મથકોએ જિલ્લા પંચાયતના કર્મચારીઓ લેવાના હોય અથવા બીજા કર્મચારીઓ લેવાના હોય તો આ ભરતી ત્યાં જ થાય તે પ્રકારનું વ્યવસ્થા તંત્ર ગોઠવાય તો મને એમ લાગે છે કે અત્યારે જે મુશ્કેલીઓ પડે છે તેને ચોક્કસ નિવારી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે, આપણે નોકરીઓ માટે, બેરોજગારો માટે ભરતી મેળા કરીએ છીએ, પણ એ ભરતીમેળામાં એમ.એ. થયેલો ઉમેદવાર કે વિદ્યાર્થી કે બેરોજગાર ઇન્ટર્વ્યૂમાં આવે છે તો એને ખાનગી કંપનીમાં મજૂરીની નોકરી મળે છે. જયાં રોજમદારો કામ કરતા હોય ત્યાં એને નોકરી આપવામાં આવે છે. અહીંયા આપણે વિધાનસભામાં બતાવીએ છીએ કે અમે આટલા ઉમેદવારોને આટલી કંપનીમાં રોજગારી આપી છે. આમ તો આજે મજૂરને રકમ રૂપિયા ૩૦૦/- મળે છે, તો કંપનીઓ તો રકમ રૂપિયા ૧૫૦/- જ ચૂકવે છે. આ પણ એક જાતનું બેરોજગારોનું શોષણ છે. આ શોષણમાંથી કયારે મુકિત મળશે? એ પણ માનનીય મંત્રીશ્રી આપ કહેશો તો મને આનંદ થશે. આ ભરતીમેળામાં જેટલો ખર્ચો કરો છો, એટલી રકમ જો આ યુવાનોને બેરોજગારી ભથ્થું આપવામાં આવે તો મને લાગે છે કે આપણે શિક્ષિત બેરોજગારોને ઘણી બધી મદદ કરીશું એમ દેખાશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી ઘરથાળના પ્લોટોની વાત કરૂ તો હું વર્ષ ૧૯૮૦ના દિવસો યાદ કરું છું. જયારે ઘરથારના પ્લોટની તાલુકા પંચાયતમાં મિટિંગ થાય ત્યારે એક, બે નહી, ૧૦૦,૨૦૦,૩૦૦ અરજીઓ આવે અને એ બધી એકસાથે અમે મંજૂર કરતા હતા અને પ્લોટ પણ ફાળવતા હતા. આજે આ મિટિંગો વર્ષમાં એકાદ વખત થાય છે અથવા તો થતી નથી.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી ગોવિંદભાઇ ર. પરમાર(ઉમરેઠ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે જે બજેટ રજૂ કર્યુ છે તેમાં અમારા માનનીય મંત્રીશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની જે માંગણીઓ લઇને આવ્યા છે, તેના ઉપર મારા વિચારો રજૂ કરૂ છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા અમદાવાદ ખાતે સમગ્ર ગુજરાતના સરપંચશ્રીઓ તથા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓનું સંમેલન યોજવામાં આવ્યું હતું. સમગ્ર ગ્રામ વિકાસ કેવી રીતે કરવો, તેના સવિસ્તાર સૂચનો અને માર્ગદર્શન આપ્યું તે બદલ હું તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું. ચાલુ વર્ષે જે બજેટ રજૂ થયું તેમાં ગ્રામ્ય કક્ષાએ વધુ કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવી, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, ડિજિટલ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ કરાવેલી સરકારી યોજનાકીય લાભો, ઓનલાઇન બેંકિંગ સેવા, ઓનલાઇન શિક્ષણ જેવી તમામ સેવાઓ ગામલોકોને હાથવગી ઉપલબ્ધ કરાવવા ફ્રી વાઇ-ફાઇની સુવિધા ફાળવવામાં આવનાર છે. ૧૫મા નાણાપંચ હેઠળ પંચાયતોને માળખાકીય સગવડો માટે રકમ રૂપિયા ૧૫ હજાર ૬૫૦ કરોડ મળનાર છે, તે પૈકી આગામી વર્ષ માટેની રકમ રૂપિયા ૨,૪૪૩ કરોડની જોગવાઇ કરેલ છે. ગ્રામપંચાયતોમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ કરી ગ્રામજનોનું જીવનધોરણ ઊંચુ લાવવા માટે જાહેર ગ્રંથાલયો બનાવવા,ગામલોકોના સ્વાસ્થ્ય સુધારા માટે કસરતનાં સાધનો પૂરાં પાડવાં, સ્મૃતિ સ્મારકોનું રિપેરિંગ કરવા, ગ્રામ પંચાયતોની કચેરી ઉપર સોલર રૂફ ટોપ લગાડવા જેવી બાબતોનો સમાવેશ કરતી મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના શરૂ કરવામાં આવશે, જે સારી બાબત છે. ઇ-ગ્રામ સેન્ટરોની સગવડોને વધુ સઘન તેમજ સુદ્રઢ બનાવી ૨૦૦ જેટલી સેવાઓ પૂરી પાડવા માટે રકમ રૂપિયા ૩૫ કરોડની જોગવાઇ કરેલ છે. રાજ્યના બધા ગામોમાં તબક્કાવાર વિનામૂલ્યે વાઇ-ફાઇ સેવા શરૂ કરવાની યોજનાના પ્રથમ તબક્કામાં અંદાજે ૪,૦૦૦ ગામોમાં વિનામૂલ્યે વાઇફાઇની સગવડ પૂરી પાડવા રકમ રૂપિયા ૭૧ કરોડની જોગવાઇ કરેલ છે. શહેરી વિકાસ સત્તા મંડળોના વિસ્તારમાં આવેલ ગ્રામપંચાયતોમાં ઘનકચરાના નિકાલની વ્યવસ્થા ઉભી કરવા રકમ રૂપિયા ૭૫ કરોડની જોગવાઇ કરેલ છે. રસીકરણ, જન્મ મરણ નોંધણી, નળ કનેકશન, મહિલા અને બાળકોમાં પોષણ જેવા માપ દંડોના આધારે સ્માર્ટ વિલેજ જાહેર કરી તેમને પ્રોત્સાહન આપવા માટે જોગવાઇ રૂપિયા ૨ કરોડ કરેલ છે. પંચાયત વિભાગના વહીવટી માળખાને સુદ્રઢ કરવાના ભાગ રૂપે ૧૩ હજાર જેટલી જગ્યાઓ ભરવા માટે ભરતી કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘર વિહોણા લોકોને પાકા મકાન મળે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ આવતા બે વર્ષમાં ૪ લાખ જેટલા નવા આવાસો બનાવવાના ભગીરથ પ્રયાસો સરકારે આદર્યા છે. આ યોજના માટે જોગવાઇ રૂ. ૯૩૩ કરોડની કરેલ છે. મહાત્મા ગાંધી રાટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત જોગવાઇ ૯૦૦ કરોડ રૂપિયા કરેલ છે. આંગણવાડી, શાળાના ઓરડા, મધ્યાહન ભોજન, શેડ, વન નર્સરી, સામુદાયિક કૂવા, કેટલ શેડ વગેરે લોકોપયોગી અસ્કયામતો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના જોડાણથી ઉભી કરવા માટે જોગવાઇ રૂ. ૫૦૦ કરોડ કરેલ છે. સ્વચ્છ ભારત મીશન ગ્રામીણ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ સફાઇના ધોરણો સુધારવા માટે જોગવાઇ રૂપિયા ૪૬૭ કરોડ કરેલ છે. મહિલાઓના સ:શક્તિકરણ અને આર્થિક વિકાસ માટે આજિવિકા યોજના અંતર્ગત જોગવાઇ રૂ. ૨૩૧ કરોડની કરેલ છે. ગામડાંના લોકોની પાયાની સેવાઓ અને આર્થિક ઉન્નતીને પ્રોત્સાહન આપવા શ્યામાપ્રસાદ મુખરજી રૂર્બન મીશન હેઠળ જોગવાઇ રૂ. ૯૧ કરોડ કરેલ છે. નવા મંજૂર થયેલ આવાસની સાથે બાથરૂમ સુવિધા માટે પ્રધાન મંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત જોગવાઇ રૂ. ૩૮ કરોડ કરેલ છે. મહિલા સ્વ સહાય જૂથોને ધિરાણ પર વ્યાજ સહાય આપવા જોગવાઇ રૂ. ૧૮ કરોડ કરેલ છે. છેલ્લે માનનીય પંચાયત મંત્રીશ્રીને એક સૂચન કરું છું કે ગ્રામ પંચાયતોમાં વારંવાર કનેક્ટિવિટી ખોરવાય છે અને ગ્રામ પંચાયતોમાં સર્વર ડાઉન આવે છે એવી અસંખ્ય ફરિયાદો આવે છે. ગામડાંના ગરીબ અરજદારોને ખૂબ ધક્કા ખાવા પડે છે તેના માટે જરૂરી નિર્ણય લે તેવી મારી વિનંતીછે. હું મારું પ્રવચન અહીં પૂરું કરું છું અને બજેટને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે મંત્રીશ્રીને એ વાત કરવી છે કે આણંદ જિલ્લાની અંદર આણંદ તાલુકો, ઉમરેઠ તાલુકો, બોરસદ અને આંકલાવ તાલુકામાં નદી કિનારે ગામડાં આવેલાં છે. આ લોકોને સરકાર તરફથી રેતી, કાંકરીની રૂપિયા ૫૦ લાખ કે ૬૦ લાખની ગ્રાન્ટો બહુ મોટી મળે છે. તો એ લોકો રેતીનું મોટામાં મોટું કૌભાંડ ચલાવતા હોય છે. તમે જોશો તો ૧૦-૧૦ ડમ્પર અને જે.સી.બી. ત્યાં ઉભા હશે. રાત દિવસ ૨૪ કલાક એ કોણ કરે છે, કોના મારફત થાય છે તેની તપાસ ખાસ થવી જોઇએ એવી મારી માગણી છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જન સંખ્યા જયારે ૩ કરોડની વસતિ હતી ત્યારે જે મહેકમ હતું તે જ મહેકમ આજે સાડા છ કરોડની જન સંખ્યા હોવા છતાં પણ એનું એ જ મહેકમ છે. આજે ૪૫ ટકા જેટલી મહેકમની જગ્યાઓ ખાલી છે. પાંચ લાખ જેટલી જગ્યાઓ આજે ય ખાલી બતાવાતી હોય ત્યારે વિભાગ વાઇઝ ખાલી જગ્યાઓ માનનીય મંત્રીશ્રીએ જાહેર કરવી જોઇએ. શ્રમ અને રોજગાર વિભાગની અંદર જ મોટા ભાગની જગ્યાઓ જો ખાલી હોય તો બીજા વિભાગની પરિસ્થિતિ શું હોઇ શકે? મારે ખાસ કરીને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું છે કે, રાજયની અંદર લાખોની સંખ્યામાં વિવિધ એકમોમાં કામ કરતાં અસંગઠિત શ્રમિકોના હક્ક અને અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી સરકારની છે. શ્રમિકો મજદૂરોના માનવ અધિકારોનું રક્ષણ કરવાની જવાબદારી એ સરકારની છે ત્યારે કયાંય આપણે તેને ન્યાય આપી શકતા નથી. રાજય

સરકારના જ કર્મચારીઓ,શ્રમિકો અને રોજમદાર, કરાર આધારિત ફિકસ પગાર અને આઉટ સોર્સિંગની ભરતી કરીને એ લોકોનું શોષણ થાય છે. આજે પણ રાજયમાં મિનિમમ વેઝીસ આપણે એમને આપવું જોઇએ એ કામદારોને તથા રોજગારી કરતાં મજૂરોને આપી શકતા નથી. આજે ગુજરાતમાં સરેરાશ મિનિમમ વેઝીસની આવક દસ હજારની આસપાસ છે સ્વાભાવિક રીતે આટલી મોંઘવારી હોય અસહ્ય મોંઘવારી હોય, બેકારી કે બેરોજગારીની અંદર જયારે મજૂર વ્યકિત એક જણા ઉપર કુટુંબ ચાલતું હોય ત્યારે મિનિમમ વેતન પણ આપણે ન આપી શકતા હોય. અત્યારે ૩૬૫ રૂપિયા લઘુત્તમ વેતન છે એ સરકાર અત્યારે આપે છે. એ પણ છેલ્લે ગુજરાતે વર્ષ ૨૦૧૪માં મિનિમમ વેઝીસ માટે કમિટી બેસાડીને રીવાઇઝ કરેલું હતું. છેલ્લા આઠ વર્ષથી સતત મોંઘવારી વધી રહી છે પરંતુ મિનિમમ વેઝીસ માટે કોઇ કમિટી બેસાડી નથી કે રીવાઇઝ થયેલ નથી એ ખૂબ જ દુઃખદ બાબત છે. કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળ અગાઉ દસ માણસો રાખે તો એણે લાઇસન્સ લેવું પડતું હતું. સરકારે પછી એ સંખ્યા ૨૦ કરી અને અત્યારે ૫૦ માણસો હોય તો લાઇસન્સ લેવાનું જરૂરી કરેલ છે. એટલે સ્વાભાવિક રીતે કામદારોના હક્ક અને અધિકારો ઉપર તરાપ મારવામાં આવે છે. કોઇપણ કારખાના, ફેકટરીઓ કે કંપનીઓની અંદર કામદારોને ગમે ત્યારે કાઢી મૂકે છે એને ઇ.એસ.આઇ. ન મળે, પી.એફ ન મળે એના હક્કોનું રક્ષણ મળતું નથી. સરકારશ્રી નવો ઇન્ડસ્ટ્રીયલ કોડ લાવી રહી છે, એના કારણે કામદારોને નુકસાન થશે અને ન્યાયતંત્રમાં સરકારશ્રીની દરમિયાનગીરી વધી જશે. જેમ કે આ કોડને કારણે કોર્ટનું માળખું બદલાય જશે. લેબર કોર્ટનું અસ્તિત્વ મટી જશે, એની જગ્યાએ ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ બની જશે, જેમાં એક જ્યુડિશિયલ મેમ્બર અને બીજા વહીવટી મેમ્બર હશે એની સરકાર નિમણૂક કરશે, એના લીધે ન્યાયતંત્રમાં સરકારની દખલગીરી અને કામદારોને ન્યાય નહિ મળી શકે. મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને અપીલ છે કે આ અસંગઠીત કામદારો હોય મજદુરો હોય એના હક્ક અને અધિકારો એમને કાયમી ન કરી શકતા હોય, એ લેબર કોન્ટ્રાકટમાં કામ કરતા હોય, એમને મિનિમમ વેઝીસ ન મળતું હોય અને મિનિમમ વેઝીસ સાત આઠ વર્ષથી રીવાઇઝ ન કર્યું હોય, ૩૬૫ કે ૩૭૦ની આસપાસની રકમ મળતી હોય, એનાથી સ્વાભાવિક રીતે મોંઘવારીની અંદર એના કુટુંબનું ભરણપોષણ કરવામાં મુશ્કેલી પડે છે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણના મંત્રીશ્રી અર્જુનસિંહજી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર આવાસ યોજનાની વાત કરીએ તો રાજયમાં છેલ્લા સ્કોર ૧૭ થી ૨૦ના મોટા ભાગના લાભાર્થીઓને ઝૂંબેશ સ્વરૂપે પૂર્ણ રીતે આવરી લઇને આવા લાભાર્થીઓને આ યોજના અંતર્ગત ફેબ્રુઆરી,૨૦૨૨ના અંત સુધી ૮,૯૩,૪૮૯ આવાસો પૂર્ણ થયેલા છે. ૮-૧૩ના ઠરાવ મુજબ ૧૭ થી ૨૦ના સ્કોર ધરાવતા બી.પી.એલ. લાભાર્થીઓને પણ ઇન્દિરા આવાસ યોજના હેઠળ સમાવેશ કરીને એન.એ કરવામાં આવેલો છે. આ યોજનાને પ્લોટ ફાળવણી માટે જમીન સંપાદન કરીને તેમને માળખાકીય સુવિધા પણ આપવામાં આવે છે, ત્યારે પીવાના પાણીની લાઇન, ગટર, આંતરિક રસ્તાઓ હોય તથા વીજળીકરણનો પણ આમાં સમાવેશ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામ્યની વાત કરીએ તો આ યોજના અંતર્ગત ૧,૨૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. એના અંતર્ગત ૯૦ દિવસની રોજગારી કુંટુંબ પૂરી કરે તો ૨૦,૬૧૦ રૂપિયાની ચૂકવણી કરવામાં આવે છે. સાથે સાથે જો શૌચાલયની કામગીરી કરે તો પણ તેને બીજા ૧૨,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. કુલ મળીને ૧,૫૨,૬૧૦ રૂપિયા સહાય ચૂકવવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામ્ય) અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૯.૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને ૭૫,૦૦૦ લાભાર્થીઓને આવાસનો લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારની વાત કરું તો પ્રધાનમંત્રી આવાસ યોજનાની અંદર ખેડા તાલુકામાં ૧,૧૩૨ આવાસો મંજૂર થયેલા છે. માતરની જો વાત કરું તો ૨,૫૯૧ આવાસો મંજૂર થયેલા છે અને વસોની વાત કરું તો ૯૦૮ આવાસો મજૂર થયેલા છે. ૧૪મા નાણાપંચની વાત કરીએ તો મારા મતવિસ્તારની પાંચ વર્ષ દરમ્યાન ખેડા તાલુકાની અંદર ૧,૧૩૨ કામો કરવામાં આવેલાં હતાં. માતર તાલુકામાં ૧,૫૯૧. ૧૫મું નાણાપંચ, ચાલુ વર્ષની જો વાત કરીએ તો મારા તાલુકાની અંદર મળતી ગ્રાન્ટ. ખેડા તાલુકાને ૧૦.૧૪ કરોડ રૂપિયા મળે છે. માતરમાં ૧૨.૭૫ કરોડ રૂપિયા મળે છે અને વસોમાં ૭.૨૯ કરોડ રૂપિયા મળે છે ત્યારે મારા તાલુકાના દરેક ગામની અંદર, આ સરકારનો આભાર માનું છું કે મારા વિસ્તારમાં માગણી મુજબ દરેક તાલુકાની ગ્રામપંચાયતો પણ મંજૂર કરેલી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારા પંચાયત મંત્રીશ્રી મેરજા સાહેબ અને મારા સાથી ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહજીને એક સૂચન કરું છું કે ૧૫ ટકા વિવેકાધિન ગ્રાન્ટ, એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ અને ૧૫મું નાણાપંચ ગ્રાન્ટની અંદર એક કરોડ રૂપિયાનું આયોજન હોય છે, તો ૧૫ ટકાના સી.સી. રોડ અને બ્લોક લઇ શકીએ છીએ, તેની જગ્યાએ જો ૩૦-૩૦ ટકા બ્લોક અને સી.સી. રોડ કરવામાં આવે, તો ગામોની અંદર પંચાયતની અંદર આર.સી.સી. કામ કરવું હોય તો પણ મળે છે. સી.સી. રોડ હોય કે બ્લોક કરવાના હોય તો પણ મળી રહે છે. એટલે આ બે કામોની અંદર સૂચન કરું છું કે આયોજન કરે તો ખૂબ સરસ. સાથે સાથે મારા મતવિસ્તારની વાત કરું તો ૩૦ વર્ષ જૂની ઇંદિરા નગરી છે. એ નગરીમાં જૂના મોભિયા અને સિમેન્ટના પતરાં ૩૦ વર્ષ પહેલાં નાખવામાં આવ્યાં હતાં. તેમાં પણ જો ૨૫,૦૦૦ લેખે ધારાસભ્યની ગ્રાન્ટ એક આવાસને ફાળવવાની મંજૂરી આપે તો ઘણા બધા ગામોની અંદર આવાસોના લાભાર્થીઓને અમે ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી લાભ આપી શકીશું.

ચૈત્ર ૧, ૧૯૪૪ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના પર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારમાં બધા વિભાગોમાં મળીને આશરે ૫.૧૧ લાખ કર્મચારીઓ કામ કરે છે. તે પૈકી નર્સ, ટાઇપિસ્ટ, ડ્રાઇવર વગેરે વર્ગ-૩ના ઘણા કર્મચારીઓ આઉટસોર્સિંગથી કામ કરી રહ્યાં છે. તેની સામે ૩૦થી ૩૮ ટકા જગ્યાઓ એવરેજ ખાલી છે. ૩૦ ટકા ડ્રાઇવર, ટાઇપિસ્ટ, ડેટાએન્ટ્રી ઓપરેટરની ૯૦ ટકા જગ્યાઓ ખાલી છે. જેની સંખ્યા આશરે ૨ લાખ જેટલી થાય છે. ભૂતકાળની સરકારોમાં કામ કરતાં કાયમી કર્મચારી પટાવાળા, ચોકીદાર, હમાલ, સફાઇ કામદારો વગેરેની સરકારે ઘણાં વર્ષોથી ભરતી બંધ કરી દીધી છે અને હાલમાં એજન્સીઓ મારફત આઉટસોર્સિંગથી આ કામ લેવાય છે. જેના કારણે ૨ લાખ જગ્યાઓ આજે પણ ખાલી છે. આ ઉપરાંત હાલનું જે કર્મચારીનું મહેકમ છે એ જૂની વસતિના ધોરણે જ છે. દા.ત. પોલીસનું મહેકમ પણ જોઇએ તો અત્યારે ૨ લાખથી વધારે જગ્યાઓ ખાલી છે ત્યારે હું આપના દ્વારા સરકારશ્રીને વિનંતી કરું છું કે આ ભરતી તાત્કાલિક ધોરણે થવી જોઇએ. અમારા સંકલ્પમાં પણ દ્વારકા ડેકલેરેશનમાં પણ અમે એક વર્ષમાં પાંચ લાખ ભરતીઓ અમારી સરકાર આવશે તો કરીશું એવું વચન પણ આપ્યું છે. આજે નર્મદા વિભાગની માગણી હતી ત્યારે મારે એક ખાસ વિનંતી કરવાની કે અમારા વિસ્તારના સાંતલપુરમાં મઢુતરા ગામમાં આજે દસ ફૂટથી વધારે મોટું ગાબડું પડયું છે અને હજારો એકર પાણી આજે ખેતરોમાં ફરી વળ્યું છે અને મઢુતરા ગામમાં ખેડૂતોને ખૂબ મોટું નુકસાન થયું છે. સાથે સાથે જયારે આપણે રોજગારીની વાત કરતા હોઇએ તો ગીર બરડા આલેચના માલધારીઓને વરસાદથી ૧૭,૫૦૦ કુટુબોને જે લાભ મળતો હતો એ લાભથી વંચિત કરવામાં આવ્યા અને તપાસ પંચની જે નિમણૂક કરી એ તપાસ પંચનો રિપોર્ટ ૯૦ દિવસમાં આવવો જોઇએ તે આવ્યો નથી અને આના લીધે માલધારીઓના ઘણા બધા દીકરા-દીકરીઓ આજે પોતાની નોકરીઓથી વંચિત છે. જયારે રાજપા અને કોંગ્રેસની સરકાર ગુજરાતમાં હતી ત્યારે દીર્ઘદ્રષ્ટા તરીકે શ્રી આત્મારામભાઇ પટેલ જયારે પંચાયત મંત્રી હતા અને એમણે નક્કી કર્યુ કે ગામોને પીવાના પાણી માટે મીટર પ્રથા કાઢવી, લાઇટ બિલ કાઢવા અને ગામડાના નાગરિકોને કાયમ માટે મફત પાણી મળે એવો નિર્ણય સ્વ. આત્મારામભાઇ પટેલે કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણની વાત કરીએ તો ભારત સરકારનો એક સીકસ લેનનો રોડ ભારત માલા પ્રોજેકટ આજે અમારા વિસ્તારમાંથી નીકળ્યો છે. ૩૦ કિલોમિટર રોડ અમારા વિસ્તારમાંથી જાય છે. પંચાયતોમાંથી લીઝો આપીને ખાણ ખનિજ વિભાગે આ લીઝ પાસ કરીને ખોટી રીતે જમીનો ખોદાય છે. પંચાયતોને પણ આનો કોઇ લાભ નથી અને જે ખેડૂતોની જમીનોમાં આ ખોદકામ થયું છે એ ખેડૂતો પોતાની વાત કરે તો ખાણ ખનિજના અધિકારીઓ, પંચાયત વિભાગના અધિકારીઓ, કોન્ટ્રાકટરો અને પોલીસ અધિકારીઓના મેળાપીપણાને કારણે આ ચોરીઓ થઇ રહી છે ત્યારે હું વિનંતી કરું છું આપના દ્વારા પંચાયત વિભાગમાં જે રોડો બને છે, એની જે રોડ બનાવવાની પદ્ધતિ છે, એની ક્વોલિટી સારી જળવાતી નથી. અમારા વિસ્તારમાં જે રોડો બન્યા છે એમાં જે ભારત માલા રોડ નીકળ્યો એના નીચે ગરનાળા પણ મૂકયા નથી, જેના લીધે ખેડૂતોને પાંચ-પાંચ કિલોમિટર ફરીને જવું પડે છે. પંદરમા નાણાં પંચની જે ગ્રાન્ટો સરકાર આપવાની છે, એક તાલુકામાં એક કરોડ દસ લાખ ગ્રાંટ આપવામાં આવે, જયારે ગામડા ગણીએ તો સાંતલપુરમાં મારે ત્યાં ૭૬ ગામ, ૩૨ નાના પરા, રાધનપુરમાં ૫૮ ગામ ૧૪ નાના પરા, સમીમાં ૬૦ ગામ, ૩૨ નાના પરા, ત્યારે એક કરોડની આજુબાજુમાં કેટલા ગામોનો આપણે વિકાસ કરી શકીએ અને એ ગામોને કેટલી રકમ આપી શકીએ એ વિચારવું જોઇએ.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ગુજરાત રાજયમાં ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ., વર્ષ ૧૯૮૨-૮૩ થી શરૂ કરવામાં આવેલી છે. આ ગ્રાન્ટ ઇન આઇટીઆઇમાં કુલ ૧૧૮ ગુજરાત સરકાર હસ્તક ચાલે છે. આ ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ.માં કુલ ૧,૧૦૦ કર્મચારીઓ આવેલા છે, પરંતુ ઘણી વખત આ કર્મચારીઓના વિવિધ સંગઠનો દ્વારા રજૂઆત કરી છે, પણ એમના પ્રશ્નોનો ઉકેલ આવતો નથી, ત્યારે આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે જે કર્મચારીઓને ફિકસ પગારના પાંચ વર્ષ પૂર્ણ થયા છે છતાં ઉપર બે-બે વર્ષ થયાં છે. હજી સુધી એમને કાયમી પગાર કરવામાં આવ્યા નથી. સાથે સાતમા પગર પંચના એરિયર્સનું ચૂકવણું ઘણી બધી સંસ્થાઓને ચૂકવાઇ ગયેલ છે. ફકત જી.આઇ.એ., આઇ.ટી.આઇ.ની સંસ્થાઓને જ બાકી છે તો આવા કર્મચારીઓને એમને મળતો જે લાભ છે તે મળે એવી મારી આપના માધ્યમથી લાગણી છે. સરકારી આઇ.ટી.આઇ. અને ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ.ના કર્મચારીઓ વચ્ચે લાભો અને પગાર બાબતે ઘણી વિસંગતતા છે. જે સરકારી કર્મચારીઓ કામ કરે છે એ જ જી.આઇ.એ.ના કર્મચારીઓ કામ કરે છે, પરંતુ ઘણા બધા લાભો એવા છે કે અત્યારે એમને મળતા નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જી.આઇ.એ.ના કર્મચારીઓ પણ એટલું જ કામ કરે છે જેટલા સરકારી આઇ.ટી.આઇ.ના કર્મચારીઓ કામ કરે છે તો આ કર્મચારીઓ છે, એમાંથી ઘણા બધા રિટાયર્ડ થયા છે પણ આજે પણ એ લાભોથી વંચિત છે. આપના માધ્યમથી એ કર્મચારીઓને લાભ મળે એવી મારી વિનંતી છે. જી.આઇ.એ. આઇ.ટી.આઇ.ના વર્ષ ૨૦૦૦ પહેલાનાં કર્મચારીઓની જી.પી.એફ. પેન્શન યોજના આપવા ઘટતું કરવા વિનંતી છે. જી.આઇ.એ. પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળાઓ અને ટેકનિકલ સ્કૂલોને એનો લાભ મળ્યો છે. પણ અમારા ગ્રાન્ટ ઇન એઇડના કર્મચારીઓ છે એને આ લાભ મળ્યો નથી. અમને પણ એનો લાભ મળે એવી જી.આઇ.એ.ના

કર્મચારીઓની લાગણી છે. જી.આઇ.એ.ના જે સંચાલકો છે એમને વહીવટી ખર્ચના ૫ ટકા લેખે જ એમને ખર્ચ મળતું હોય છે. એમાં એમને લાઇટ બિલ, મકાન ભાડું અને ઓવરહેડ પણ એમાંથી જ કાઢવાનું હોય છે ત્યારે આટલી મોંઘવારીના કારણે તે પોષાય તેમ નથી. આ બાબતે એમને મકાન ભાડું અને લાઇટ બિલ મળી જાય એવી આઇ.ટી.આઇ.ના સંચાલકોની લાગણી છે. જી.આઇ.એ. આઇ.ટી.આઇ.માં વર્ષ ૨૦૧૨ થી ખાલી પડેલ કર્મચારીઓના મહેકમની જગ્યાઓ ભરતી કરવા બાબતે અનેક વાર રજૂઆતો કરેલ છે. પરંતુ આજદિન સુધી એ કર્મચારીઓની ભરતી થતી નથી. ખાસ કરીને જે સંસ્થામાં ક્લાર્ક નથી એને વહીવટમાં ખૂબ જ તકલીફ પડે છે. કારકુનોની ભરતીમાં મંજૂરી આપો એવી વિનંતી છે. વર્ષ ૨૦૧૨ થી ઇન્સ્ટ્રકટરો અને કારકુનોની જગ્યા ખાલી છે. જે મહેકમ ફાળવવામાં આવ્યું હતું એમાં પણ અમુક સંસથાઓમાં હાલ ખાલી પડેલ જગ્યાઓ બઢતી સિનિયોરિટી જોયા વગર મહેકમ ફાળવેલ છે. બીજી સંસ્થાઓને મળે છે અને બીજી સંસ્થાને બાકી છે તો આ વિસંગતતા પણ ન રહે અને બધી જ સંસ્થાઓને એકીસાથે ભરતી કરવાના આદેશ થાય એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગમાં જણાવું તો રાજ્યમાં વસતિ ગણરી વર્ષ ૨૦૧૧માં થયેલ હતી. તેના આધારે બી.પી.એલ. યાદી બની હતી. ૧૧ વર્ષ થયાં પણ જે લાભાર્થીઓ લાભથી વંચિત છે, નિરાધાર વૃદ્ધો અને વિધવાઓ છે એને આ લાભ મળતો નથી. ફરી રીસર્વે કરીને લાભાર્થી યાદીમાં એમનો સમાવેશ કરવા વિનંતી છે. જે જે પંચાયતો વિભાજિત કરી છે એમાં મહેકમ આપવામાં આવતું નથી. એક તલાટી બે-ત્રણ ગામના ચાર્જમાં છે.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પુર્વ) **:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રી આદરણીયશ્રી બ્રિજેશભાઇ મેરજા સાહેબ શ્રમ અને રોજગાર વિભાગની માગણી લઇને આવ્યા છે તેને અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર સ્થાન ધરાવે છે. રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ઉદ્યોગોને રક્ષણ અને સુરક્ષા સાથે પ્રોત્સાહન આપવામાં આવે છે. રાજ્યમાં જુદી જુદી ઇન્ડસ્ટ્રીઝો, જી.આઇ.ડી.સી. સરકાર દ્વારા પ્રોત્સાહિત ઉદ્યોગ ગૃહો અને પ્રાઇવેટ સેકટરમાં સૌથી વધુ રોજગારી ઉભી કરવાનું વાતાવરણ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનને ધ્યાનમાં રાખીને પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને હાલના અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આગળ ધપાવી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં મુખ્ય ઇન્ડસ્ટ્રીઝો જેવી કે જેમ્સ એન્ડ જ્વેલરી, હીરા ઉદ્યોગ, દુનિયાનું ૭૦ ટકા પ્રોડકશન સુરતમાં થાય છે. ફાર્માસ્યુટિકલનું દેશમાં ૩૩ ટકા ઉત્પાદન ગુજરાત રાજ્યમાં થાય છે અને એમાં ૨૮ ટકા એક્સપોર્ટ કરીએ છીએ. રાજ્યના બીજા ઉદ્યોગો જોઇએ તો ટેક્સટાઇલ ઉદ્યોગ, કેમિકલ ઉદ્યોગ, સિરામિક ઉદ્યોગ, ઓટોમોબાઇલ ઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, એગ્રીકલ્ચર, સુગર ઇન્ડસ્ટ્રીઝ, ડેરી ઉદ્યોગ, દુનિયાનું સૌથી મોટું શીપ બ્રેકિંગ યાર્ડ એ ગુજરાતમાં ભાવનગરમાં અલંગમાં આવેલ છે. દુનિયાની સૌથી મોટી ગ્રાસરૂટ રિફાઇનરી રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ લિ. જામનગરમાં આવેલી છે. આમાં લાખો કરોડો લોકોને રોજગારી પૂરી પાડવાનું કામ ભારતીય જનતા પાર્ટીની નીતિઓને આભારી છે. આવી રોજગારી આપવાની નીતિના લીધે દેશમાં આપણા રાજ્યનો બેરોજગારીનો દર ખૂબ નીચો છે. સી.એન.આઇ.ઇ.ના નેશનલ ડેટા અનુસાર અન એમ્પ્લોયમેન્ટ રેટ ઇન ઇન્ડિયા ફેબ્રુઆરી, ૨૦૨૨ના સરવે અનુસાર રાજસ્થાન રાજ્યમાં ૩૨.૩ ટકાનો અન એમ્પ્લોટમેન્ટ રેટ છે. ઝારખંડમાં ૧૫.૦, પંજાબમાં ૯ ટકા, વેસ્ટ બંગાલમાં ૩.૬ ટકા, મહારાષ્ટ્રમાં ૪.૩ ટકા જ્યારે ગુજરાતમાં ૨.૫ ટકાનો સૌથી નીચો દર નોંધાયેલ છે. ગુજરાતનો દેશમાં જી.ડી.પી.નો હિસ્સો ઇન્ડસ્ટ્રીઝ સેકટરમાં ૪૩ ટકા, સર્વિસ સેકટરમાં ૩૭ ટકા અને એગ્રીકલ્ચર સેકટરમાં ૨૦ ટકા હિસ્સા સાથે ગુજરાત રાજ્ય દેશમાં અગ્રેસર રાજય છે. રાજયમાં કરોડો, અબજો રૂપિયાનો પ્લાન્ટ એન્ડ મશીનરીમાં ઔદ્યોગિક એકમોએ રોકાણ કર્યું છે. તેમાં કામ કરતા કર્મચારીઓ અને કામદારોને પૂરતું અને હક્ક મુજબનું વેતન મળે છે કે કેમ એ જોવાની જવાબદારી અમારા શ્રમ અને રોજગાર વિભાગની છે. ભારતીય જનતા પાર્ટીના અમારા નેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો વિચાર હર હાથ કો કામ, હર ખેત કો પાનીના મંત્રને ચરિતાર્થ કરવા ગુજરાત સરકારના શ્રમ વિભાગના Director of Employment and Training Centre,Commissioner of Labor, Director of Industrial Safety and Health, Director of Boilers, Wings of Commissioner of Boilers, Mahatma Gandhi Labour Institute, State Apprenticeship Council, State Level Advisory Committee for the activities like rehabilitation of Bonded Labors under the Labour and Employment Department દ્વારા તેઓના હકકનું રક્ષણ કરવામાં આવે છે. કોંગ્રેસના મિત્રો દ્વારા યુવાનોની બેકારી અને બેરોજગારી માટે વારંવાર રજૂઆત કરવામાં આવે છે. મારે કહેવું છે કે દુનિયાની કોઇપણ સરકાર પોતાના તમામ શિક્ષિત યુવાનોને સરકારી નોકરી આપવાની બાંહેધરી આપતી નથી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે શિક્ષિત યુવક, યુવતીઓને અન્ય સેકટરમાં સ્કીલ ડેવલપમેન્ટના આધારે રોજગારી આપવાનું કામ કર્યું છે. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે રાજયના યુવાનોને મહત્તમ રોજગારી સાથે વધુ વેતન મળે એ માટે મીનીમમ વેઝીસ દરમાં ધરખમ વધારો કરવો જોઇએ. જેથી રાજયની જુદીજુદી સેવાઓ માટે આઉટ સોર્સીસથી કામ કરતાં કર્મચારીઓ અને પ્રાઇવેટ સેકટરના ઉદ્યોગગૃહો દ્વારા ગુજરાતના યુવાનોને પૂરતું વેતન મળે તો તેઓ વિદેશ જવાનો વિચાર જ નહીં કરે. રાજયના તમામ વિભાગો, ડિપાર્ટમેન્ટ, સરકારી, અર્ધસરકારી, કોર્પોરેશન, નગરપાલિકા, બોર્ડ, નિગમો વગેરેમાં વર્ગ-૩ અને વર્ગ-૪માં

આઉટસોર્સિંગથી કોન્ટ્રાકટના ધોરણે કર્મચારીઓની સેવા લેવામાં આવે છે. જેમાં મેન પાવર સપ્લાય કરનાર એજન્સી મારફત રાજયના ભરતી નિયમો મુજબ અનામતનું ધોરણ જળવાતું નથી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

જેથી શિડયૂલ કાસ્ટ, શિડયૂલ ટ્રાઇબ, અધર બેકવર્ડ અને મહિલા અનામતમાં સમાવિષ્ટ યુવક, યુવતીઓને સરકારી કામકાજનો અનુભવ મળતો નથી જેથી જાહેર સેવા આયોગની પરીક્ષામાં તેઓ પોતાનું પર્ફોર્મન્સ પણ આપી શકતા નથી. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે રાજયમાં સામાજિક સમરસતા જાળવવાની જવાબદારી એ રાજય સરકારની છે, જેથી રાજયના તમામ વર્ગના છેવાડાના લોકોને પણ રાજયની સેવા કરવાનો મોકો મળે તેવી વ્યવસ્થા કરવા હું હાર્દિક અનુરોધ કરું છું અને આ માગણીને ટેકો આપું છું. આભાર.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચાર પ્રગટ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પૂર્વે પક્ષ અને વિપક્ષના ધારાસભ્યશ્રીઓએ ઘણીબધી વાત કરી છે પણ મારે માનનીય મંત્રીશ્રીને આગ્રહપૂર્વક વિનંતી કરીને કહેવું છે કે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની અંદર જે મહેકમની જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ તાત્કાલીક ધોરણે ભરવી જોઇએ. હું મારા ઉપલેટા તાલુકાની વાત કરું તો તલાટી મંત્રીની ૫૩ જગ્યામાંથી ૨૯ જગ્યા ખાલી છે. ૫૦ ટકાથી વધારે જગ્યા તલાટી મંત્રીની ખાલી એક તાલુકામાં ખાલી છે. ધોરાજી તાલુકાની અંદર ૩૦ તલાટી કમ મંત્રીમાંથી ૨૦ તલાટી કમ મંત્રી છે. ૧૦ ખાલી છે. ગ્રામ્ય વિસ્તારના લોકોને આ તલાટી મંત્રી અઠવાડિયામાં વધીને એક દિવસ ૩-૩ ગામના ચાર્જ હોય, તાલુકાની અંદર મિટિંગો હોય, બીજા કોઇ કામ સોંપવામાં આવે. તલાટી મંત્રી ગામડાંઓની અંદર હાજર નથી રહી શકતા એને કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણીબધી મુશ્કેલી પડે છે. આવી તકલીફ ગુજરાતની તમામ તાલુકા પંચાયતોની અંદર એસ.ઓ. જુનિયર એન્જિનિયરો છે. એ એક એક જણાની નિમણૂક આપીએ છીએ. આપને કહું તો આ એસ.ઓ. પાસેથી આપણે એ.ટી.વી.ટી. નાં કામ, નાણાં પંચનાં કામ, જિલ્લા આયોજનની ગ્રાન્ટ, તાલુકા આયોજનની ગ્રાન્ટ, ધારાસભ્ય, સંસદસભ્યની ગ્રાન્ટ આ તમામ વિકાસનાં કામો જેવાં કે રોડ, રસ્તા, ભૂગર્ભ ગટરની યોજના કે કોઇપણ કામ હોય આ કામના પ્લાન એસ્ટીમેટ બનાવવા, ટી. એસ.આપવા, વર્કઓર્ડર આપવા, કામ શરૂ કરાવવા જવું, એનું રનિંગ બિલ બનાવવા જવું, કામ ઉપર દેખરેખ રાખવ જવું, છેલ્લે ફાઇનલ બિલ બનાવવા જવું, ઉપલેટા તાલુકામાં એક એસ.ઓ. છે. ૫૦ ગામની અંદર એક ગામમાં આ બધી ગ્રાન્ટોનાં કામો ગણો તો ઓછામાં ઓછાં કામો થાય. કારણ કે અલગ અલગ ગ્રાન્ટમાંથી અલગ અલગ કામો થતાં હોય તો ૫૦ કામો એક હજાર ઉપર કામો થયાં. આ બધાના વર્ક એક જણ કરી શકે નહીં, એટલા માટે ગ્રામ્ય વિસ્તારમાં ઘણી વખત ફરિયાદો આવે છે. એટીવીટીની ગ્રાન્ટ અને તાલુકા આયોજનની ગ્રાન્ટ બેવડાય છે. કયાંક ધારાસભ્યની ગ્રાન્ટ પણ ખોટી રીતે લઇ જાય અને એટીવીટીમાંથી આવી હોય તો એક એસ.ઓ. ધ્યાન આપી શકતો નથી. તમારી યોજનાઓ નીચે ફળિભૂત કરવી હોય તો આ ગામડાની અંદર વધારાના એસ.ઓ.ની નિમણૂક કરવી પડશે. તો જ ગ્રાઉન્ડ લેવલ ઉપર વિકાસનાં કામો અને સારાં કામની અપેક્ષા રાખીએ છીએ. તે થઇ શકશે. મંત્રીશ્રીને મારે એ પણ કહેવું છે કે મારા વિસ્તારની અંદર ૫૦ ટકા ગામડાં એવાં છે કે ગામતળની જમીન નથી. આ ગામતળની જમીન વર્ષોથી ન હોવાના કારણે જે લાભાર્થીઓ છે, જેને ૧૦૦ ચો.વારના પ્લોટ આપવાના છે. વિવિધ યોજનાઓમાં મકાન બનાવવાની સહાય આપવાની છે, એ એનો લાભ નથી લઇ શકતા. આવા ગામડાની અંદર એનું ગામતળ વધે, ગ્રામ પંચાયતે માગણી કરવાની હોય. હું સમજુ છું કે ઉપલી કક્ષાએથી ટી.ડી.ઓ., ડી.ડી.ઓ. ને સૂચના આપવામાં આવે કે આવા જેટલા ગામો છે, એમાં ગામતળ વધે એના માટેના પ્રયત્નો કરવા જોઇએ. મારે પણ શરૂઆતમાં બોલવું હતું. આનંદ સાથે કહેવું છે,પણ દુઃખની વાત છે, એટલે આનંદ સાથે નથી કહેતો. આપ પણ સમજી જાવ અને યોગ્ય રિપ્લાય..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે, એમાં નાનકડું સૂચન કરવા માગુ છું. આપણે ત્યાં એપ્રેન્ટિસ યોજના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ આ યોજના લાવ્યા હતા. અને લાખો યુવાનો એપ્રેન્ટિસ યોજનામાં ટ્રેનિંગમાં કયાંકને કયાંક જઇ રહ્યા છે. આઇ.ટી.આઇ. કે ડિપ્લોમાં થયેલા જેટલા વિદ્યાર્થીઓ છે એ એપ્રેન્ટિસ ટ્રેનિંગ સ્કીમની અંદર પોતે ટ્રેનિંગ કરી શકે છે. મારી નમ્ર અરજ છે કે બધી ઇન્ડસ્ટ્રિઝ B O A T S માં રજિસ્ટ્રેશન કરાવે. બેચલર ઓફ એપ્રેન્ટિસ ટ્રેનિંગ સ્કીમ. એમાં જેટલા ઇન્ડસ્ટ્રીઝની અંદર નોકરી કરે છે, એના અમુક પરસેન્ટેઇઝ જો B O A T S માં રજિસ્ટ્રેશન કરાવેલું હોય તો બી.ઇ. થયેલ છોકરાને ટ્રેનિંગ તરીકે ૯ મહિના, ૧૧ મહિના લેવા પડે. આજની પરિસ્થિતિ એવી છે કે કોઇપણ નવો વિદ્યાર્થી બી.ઇ. પાસ આઉટ થાય છે. એને ફ્રેશર તરીકે નોકરી આપતા નથી, કારણ કે તેઓની પાસે ટ્રેનિંગ નથી. B O A T S નું રજિસ્ટ્રેશન કમ્પલસરી કરીએ તો હું માનું છું કે બી.ઇ. થયેલા બધા વિદ્યાર્થીઓને કયાંક ને કયાંક ઇન્ડસ્ટ્રીઝમાં ટ્રેનિંગ મળશે. આ કાયદો મહારાષ્ટ્રની અંદર છે. આપણે ત્યાં બોટ્સનું રજીસ્ટ્રેશન મેન્ડેટરી છે. એટલે મેન્ડેટરી હોવાને કારણે તે ધારે તેને જ લે

છે, પણ જો આ નિયમ કમ્પલસરી કરી શકાય તો હું માનું છું ત્યાં સુધી આપણા ગુજરાતના બી.ઇ. થયેલા જેટલા વિદ્યાર્થી છે તેને કયાંકને કયાંક ટ્રેનિંગ મળી શકે અને તે પોતે આગળ જઇને પોતાની કેરિયર ઘડી શકે. આભાર.

ડો. કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ, કૌશલ્ય વિકાસ, રોજગાર અને પંચાયત વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેના સાથે અમે સંમત એટલા માટે નથી થતા કે માત્ર રોજગારીની મોટી મોટી વાતો કરવામાં આવે છે. શ્રમયોગી જેવા સારાં નામ આપવામાં આવે છે. તા.૩ માર્ચ ૨૦૨૧ ના રોજ આદરણીય ભૂતપૂર્વ નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જાહેરાત કરી હતી કે, અમે પાંચ વર્ષની અંદર ૨૨ (બાવીસ) લાખ લોકોને રોજગારી આપીશું. પાંચ વર્ષની અંદર ૨(બે) લાખને સરકારી નોકરી અને અન્ય ક્ષેત્રની અંદર ૨૦(વીસ) લાખ વિદ્યાર્થીઓને રોજગારી આપીશું. પરંતુ વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૧ સુધીમાં જો રિપોર્ટ જોવામાં આવે તો, છેલ્લાં ૪૫ વર્ષની અંદર સૌથી વધુ બેરોજગારી પેદા થઇ હોય તો તે છેલ્લા પાંચ વર્ષની અંદર છે. એન.સી.આર.બી.ના જે ડેટા છે તે ડેટા જોઇએ તો છેલ્લાં બે વર્ષની બેરોજગારીના લીધે આત્મહત્યાનું પ્રમાણ છે તે ૨૪ ટકા વધ્યું છે. સી.એમ.આઇ.સી. એટલે કે સેન્ટ્રલ ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીની અંદર જોઇએ તો પણ ગુજરાતનો બેરોજગારીનો દર છે તે ૧૨.૬ ટકા જેટલો વધ્યો છે. હમણાં જ દુષ્યંતભાઇએ વાત કરી, હું તેમને અભિનંદન આપીશ કે બી.ઇ. થયેલા વિદ્યાર્થીઓને કોઇ નોકરી આપતું નથી. એટલા માટે કે તેમની પાસે પૂરતું નોલેજ નથી. ગુજરાતની અંદર પી.એચ.ડી. થયેલા વિદ્યાર્થીઓને આત્મહત્યા કરવાનો વારો આવે છે. આ બધુ ન થાય તેના માટે સરકારી નોકરીઓની અંદર ભરતી કરવાની માગણીઓ લઇને આવ્યા હોત તો અમે તેને સમર્થન કર્યુ હોત. ગ્રામ વિકાસની વાત કરું તો તેમાં મનરેગાની અંદર બજેટ ઘટાડી દેવામાં આવ્યું છે. ગુજરાતને નંબર વન ગણવામાં આવે છે, ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, મનરેગાની અંદર જે રોજગારી આપવામાં આવે છે, તેમાં ગુજરાત પંદરમા સ્થાને છે. સિક્કિમની અંદર ૩૧૮ રૂપિયા પર ડે આપવામાં આવે છે. હરિયાણાની અંદર ૩૧૫ રૂપિયા, અરુણાચલપ્રદેશની અંદર ૩૯૪ રૂપિયા, ગોવાની અંદર ૩૯૪ રૂપિયા, તામિલનાડુની અંદર ૨૭૩ રૂપિયા અને તેમાં ગુજરાતની અંદર માત્ર ૨૨૯ રૂપિયા પર ડે આપવામાં આવે છે. છેલ્લે વેજ નોટિફિકેશન વર્ષ ૨૦૨૦ બહાર પડયું તેના આ આંકડા છે. આખા ભારત અને વિશ્વની અંદર જો કોઇ મોડલ રાજ્ય હોય તો ગુજરાત રાજ્ય એટલા માટે છે કે વી.સી. ની છેલ્લાં ૧૬ વર્ષથી, ગામડાના વિકાસની આપણે વાતો કરીએ છીએ. વી.સી.ની નિમણૂકો કરવામાં આવી છે અને છેલ્લાં ૧૬ વર્ષથી તેમને પગાર આપવામાં આવતો નથી. માત્ર ઓછું કમિશન આપવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી આ વી.સી.ને કમિશન પણ આપવામાં આવ્યું નથી. મંદિરના પુજારી કરતાં ખરાબ હાલતા આ વી.સી.ની છે. જે લોકો તેમને કંઇ આપવું હોય તો આપે અને ના આપવું હોય તો કંઇ નહીં. આ લોકોને પરિસ્થિતિ શું થઇ છે અને સરકાર છેલ્લા ઘણા સમયથી આ વી.સી.ને પગાર આપવાની વાતો કરે છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

ડો.કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં પંચાયત વિભાગની વાત થતી હતી. સરકાર દ્વારા બીજા વિભાગની અંદર જે લોકો ફિક્સ પગારની અંદર નિમણૂક પામ્યા હતા તેમને કાયમી કરવાની જાહેરાત કરી છે તેના માટે અમે અભિનંદન આપીએ છીએ. પરંતુ પંચાયત વિભાગની અંદર વર્ષ વર્ષ ૨૦૦૪-૦૫ની અંદર જે લોકો નિમણૂક પામ્યા હતા, તેમની નોકરી સળંગ ગણવામાં આવી નથી અને વર્ષ ૨૦૦૫-૦૬ પછી જે લોકો ભરતી થયા છે તેમને સળંગ ગણવામાં આવ્યા છે. આવું ના હોઇ શકે. જે લોકો વર્ષ ૨૦૦૪-૦૫ થી નિમણૂક પામ્યા છે તેમને પણ સળંગ ગણવા જોઇએ. માનનીય મંત્રીશ્રી પંચાયત અને રેવન્યુ બંનેના તલાટીની જે નિમણૂક કરવામાં આવે છે તેમની શૈક્ષણિક લાયકાત સરખી હોય છે. છતાં પણ તેના ગ્રેડ-પે અને પગારની અંદર તફાવત હોય છે. પંચાયત વિભાગના તલાટી કર્મચારી છે તેમને ૧૨ વર્ષે ૨,૮૦૦ રૂપિયાનો ગ્રેડ-પે આપવામાં આવે છે અને ૨૪ વર્ષે ૪,૨૦૦ રૂપિયાનો ગ્રેડ-પે આપવામાં આવે છે. જ્યારે રેવન્યુ અને અન્ય વિભાગના જે કર્મચારીઓ છે એમને ૯ વર્ષે ૪,૨૦૦/- નો ગ્રેડ પે આપવામાં આવે છે આવું પણ ન થવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની વાત કરું તો ગામના સરપંચો જે કામ કરે છે એના એસ.ઓ.આર. છે એ છેલ્લાં ૧૦ વર્ષથી વધારવામાં આવ્યા નથી, એના લીધે ગુણવત્તાવાળાં કામો થતાં નથી અને છેલ્લે વર્ષ ૨૦૧૯માં સુપરવાઇઝર ઇન્સ્પેક્ટરની ભરતી થઇ, એમાં તા. ૨૫-૧૦-૨૦૦૦ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિમણૂક પત્ર આપ્યા હતા, એમાં એવી જોગવાઇ હતી કે જે રેગ્યુલર અગાઉ નોકરી કરતા હોય એવા ઇન્સ્પેકટરોની બદલી થયે એમને નિમણૂક આપવી, પરંતુ હજુ સુધી એમની બદલી થઇ નથી. સરકારે જે હમણા તા.૧૬-૧૦-૨૦૨૧નો પરિપત્ર કર્યો છે. દંપતીના કેસનો એનો પણ આની અંદર અમલ કરવામાં આવતો નથી અને ત્યાં જે કર્મચારીઓ છે એ ૩૧,૩૪૦ રૂપિયા એમનમ પગાર લે છે એટલે જો એમની નિમણૂક બદલી કરીને આપવામાં આવે તો એનાથી આ વિભાગને ફાયદો થશે.

શ્રી બ્રિજેશ મેરજા (રા.ક.ના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં મને સોંપવામાં આવેલ શ્રમ કૌશલ્ય વિકાસ, રોજગાર સ્વતંત્ર પ્રભાગ તેમજ ગ્રામ વિકાસ અને ગ્રામ નિર્માણ રાજય મંત્રી શ્રી તરીકેનું ઉત્તરદાયિત્વ પૂરી ખંત, ધગશ, પ્રબળ પુરુષાર્થ અને નિષ્ઠા થકી આપ સૌના આશીર્વાદથી હું નિભાવી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા હસ્તકના વિભાગોને લગતી માગણીઓ પર સન્માનીય ગૃહના માનવંતા સભ્યશ્રીઓએ ઉમેળકાભેર ભાગ લીધો છે તે સૌને મારા હૃદયપૂર્વક ધન્યવાદ, ભાવભર્યા નમસ્કાર.

ચૈત્ર ૧, ૧૯૪૪ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જાણું છું કે માર્ચ એન્ડિંગ છે પણ હું સતત નફો આપતા દોસ્તીના સંબંધોનો હિસાબ શું કરું? બજેટના પાને પાને લાભા-લાભ દેખાય છે. નાણામંત્રી એ બજેટ લઇને આવેલા છે એ આલેખાયેલું છે એનો હિસાબ હું શું કરું?

માનનીય અધ્યક્ષશ્રી, મને સોંપાયેલ આ વિભાગના અખત્યાર અગાઉ જે મહાનુભાવો શ્રમ અને રોજગાર મંત્રી તરીકેનો હવાલો સંભાળતા હતા, મારે યાદ કરવા જોઇએ આદરણીય શ્રી વજુભાઇ વાળા, માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય શ્રી દિલીપભાઇ ઠાકોર કે જેણે શ્રમ અને રોજગાર વિભાગનો અખત્યારો પણ સંભાળેલ છે. એ જ રીતે પંચાયત વિભાગનો અખત્યાર અગાઉ સંભાળતા હતા એવા માનનીય શ્રી જયદ્રતસિંહજી પરમાર, માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, માનનીય શ્રી જયંતીભાઇ કવાડિયા, માનનીય શ્રી નરોત્તમભાઇ પટેલ આ બધા મહાનુભાવોએ જે નકશો કંડાર્યો છે એ નકશે કદમ અમે લોક-કલ્યાણના રાજય સરકારના મુદ્રાલેખને ચરિતાર્થ કરવા યતકિંચિત અમે મથી રહ્યા છીએ. વખતો વખત માનનીય શ્રી નીતિનભાઇ પટેલ સહિતના સૌ સિનિયરો પાસેથી મૂલ્યવાન માર્ગદર્શન પણ અમે મેળવતા રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, કવિ હૃદય આદરણીય શ્રી અટલજીને અદબભેર યાદ કરીને કહું તો,

``હો સમય કિતના ભી ભારી હમે ઉમીદ ના હારી, સૂર્ય કો ઉગના પડેગા ફૂલ કો ખીલના પડેગા``

કોરોના કાળમાં પણ આ સરકારે રોજગારી નિર્માણ ક્ષેત્રે ઓનલાઇન ભરતી મેળા થકી વર્ષ ૨૦૨૧માં ચાલુ વર્ષમાં ફેબ્રુઆરી અંતિત સુધીના આંકડા આપું તો રોજગાર કચેરીમાં ૩,૦૪,૨૩૫ નોંધણી થયેલ છે અને ૨,૪૧,૪૭૭ જેટલી રોજગારી પણ આપેલ છે. શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ યુથ ઇન્ડિયાના અભિન્ન અંગ એવા ગુજરાતના યુવાનોમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના Skill plus Will plus Zeal is equal to win. આ skill, will, zeal અને એના થકી win ના મંત્રને ચરિતાર્થ કરવા માટે યુવાનોમાં કૌશલ્ય થકી દૈદિત્યમાન કરી વિપુલ રોજગારી નિર્માણ કરવા માટે શ્રમમેવ જયતેના માનનીય શ્રી મોદી સાહેબની વિભાવનાને ઉજાગર કરવા માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે જે ધ્યેય મુકરર કર્યો છે તેને સફળ બનાવવા માટે રૂપિયા ૧,૮૩૭ કરોડની ધનરાશી નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ તેના ધન ભંડારમાંથી ફાળવી છે. એજ રીતે પંચાયત વિભાગને પણ રૂપિયા ૫,૭૦૭ કરોડની ઉદાર વિત સવલત ઉપલબ્ધ કરાવી છે એ બદલ કુબેર જેવા આદરણીય શ્રી કનુભાઇ દેસાઇનો હું આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અનેક ભ્રમણાઓની શૃંખલાઓને તોડી સફળતા અને સબળતાના ઉત્તમ પ્રવાહથી પ્રજાને અભિભૂત શાસનની પ્રતીતિ કરાવી રહી છે. સ્કીલ ડેવલપમેન્ટ કોમ્પિટિશનમાં વેસ્ટ ઝોનમાં ગુજરાત મોખરે, નેશનલ કોમ્પિટિશનમાં પણ ગુજરાત મોખરે, હવે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પણ ગુજરાત મોખરે રહેશે એવો છલકતો આત્મવિશ્વાસ અહીંથી હું વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ રાજયોની વેસ્ટ ઝોનની અહીં કોમ્પિટિશન હતી. આદરણીયશ્રી જીતુભાઇ વાઘાણી પણ અમારી વચ્ચે સમાપનમાં આવેલા હતા. મુખ્યમંત્રીશ્રીએ પણ સમાપન વખતે આ પાંચ રાજયો રાજસ્થાન, ગોવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત તેમાં ગુજરાતના ૪૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, તેમાં ૧૭ સ્પર્ધકો આપણાં રાજયના વિજેતા થયા છે આ છે આપણું સ્કીલ ડેવલપમેન્ટનું કામ. નેશનલ સ્કીલ સ્પર્ધા દિલ્હી ખાતે તાજેતરમાં યોજાઇ તેમાં પણ આદરણીયશ્રી ગોવિંદભાઇ, એક સિલ્વર, ત્રણ ગોલ્ડ અને ૨ બ્રોન્ઝ મેડલ ગુજરાતના સ્પર્ધકોને સાંપડ્યા છે આ છે ગુજરાતનું કૌશલ્ય વિકાસ ક્ષેત્રનું એક ગૌરવ.

માનનીય અધ્યક્ષશ્રી, પંચ ત્યાં પરમેશ્વર એવી પંચાયતી રાજની ત્રિસ્તરીય સુવિધા થકી ભારતનો આત્મા એવા ગામડાંઓના વિકાસને પ્રગતિના પંથે આગે પ્રયાણ કરાવવા બહુ આયામો વિકસાવ્યા છે. કાન ખોલીને સાંભળી લો મિત્રો, આ બજેટમાં ઉડીને આંખે વળગે એવી મુખ્યમંત્રીશ્રી ગ્રામ અસ્મિતા યોજના થકી ગ્રામજનોનું જીવન ધોરણ ઉંચુ લાવવા અમે સૌ કટિબદ્ધ છીએ. ગામડાંમાં ગ્રંથાલયો બનાવવા, લોકોના સ્વાસ્થ્ય સુધારા કરવા, વ્યાયામનાં સાધનો આપવાં, સ્મૃતિ સ્મારકોનું ગૌરવ જાળવવા ગેઝેટિયર બનાવવા એક નવી યોજના અમે અવતરણ કરી છે. આદરણીય શ્રી નીતિનભાઇ પટેલ હર હંમેશા વતન પ્રેમ યોજનાની ચિંતા કરતા હોય છે અને પંચાયત ક્ષેત્રની આ બન્ને મુખ્યમંત્રીશ્રી ગ્રામ અસ્મિતા યોજના અને વતન પ્રેમ એ પંચાયત ક્ષેત્રે નેત્રદીપક યોજનાઓ બની રહેશે એ કહેવું અત્યારે વહેલું ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, સેવક જયારે સમગ્રતાથી સમર્પિત થાય ત્યારે સાધક બને છે એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની પ્રેરણા થકી આઝાદીના અમૃત પર્વ પ્રસંગે ગુજરાત પંચાયતના પ્રશાસનનું એક ઐતિહાસિક અને ગુજરાતમાં એક નવું કીર્તિમાન સ્થાપતું મહા સંમેલન ૧૧મી માર્ચે, લાખો જેટલા પંચાયતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે પંચાયત પંચામૃતનો જે મંત્ર આપેલ છે તેને સાકાર કરવા પંચાયત વિભાગ પ્રતિબદ્ધ છે. એટલુ જ નહીં માનનીય શ્રી ચુડાસમા સાહેબ, દેશભરના છ લાખ જેટલા ગામડાંઓમાં ગુજરાતની ધરા ઉપરથી મોદી સાહેબે આપેલો આ પંચાયત પંચામૃતનો મંત્ર સમગ્ર દેશમાં એક શંખનાદ બનીને ગુંજશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મહત્વની બાબત એ છે કે, શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળના ગામોની સ્વચ્છતા માટે હંમેશા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ચિંતિત રહેતા હતા, તે ધ્યેયને હાંસલ કરવા આ બજેટમાં રૂપિયા ૭૫ કરોડની જોગવાઇ કરીને શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળ સમાવિષ્ટ ગ્રામ પંચાયતોના સ્વચ્છતા થકી ગામડાંઓને પણ સુઘડ રાખી શકાશે. પંચાયત ક્ષેત્રે અનેક પરિમાણો સ્થાપવામાં નૂતન સરકારને સફળતા મળી છે. છેલ્લાં ૪ માસમાં ૨૪ જિલ્લાઓમાં

વિભાજન થકી ૨૭૯ નવી ગ્રામ પંચાયતો નિર્મિત કરવામાં સફળતા મળી છે. હાલ ૧૪,૫૨૯ ગ્રામ પંચાયતોનું એક વિશાળ નેટવર્ક અમે ઉભું કર્યુ છે. સૌ માનવંતા ધારાસભ્યોના સાથ-સહકાર અને હકારાત્મક અભિગમથી ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાને વેગવંતી બનાવવા પંચાયત પ્રભાગની રૂપિયા ૫,૭૦૭.૧૨ કરોડની જોગવાઇ આ વર્ષે ૪૭૧ કરોડ અને ૭૫ લાખનો વધારો નાણામંત્રીશ્રીએ કર્યો છે તે માટે તેમનો હું આભારી છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંપ ત્યાં જંપના હેતુ થકી ગામડાંઓમાં બિન હરીફ ચૂંટણી થાય તે માટે સમરસ યોજના આદરણીયશ્રી મોદી સાહેબ જયારે મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે લાવેલા. આ પ્રોત્સાહનના પરિપાક રૂપે તાજેતરમાં ૧૦,૧૧૯ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૧,૧૮૩ ગ્રામ પંચાયતો બિનહરીફ થયેલ અને ૧૦ દિવસમાં જ રૂ.૬૨ કરોડ ૩૬ લાખનું અનુદાન આ ગ્રામ પંચાયતોના નવા સરપંચશ્રીઓને આપી દેવામાં આવ્યું છે. ગુજરાતની ઓળખ સ્ત્રી દાક્ષણ્યના હિમાયતી તરીકે રહી છે, એ દ્રષ્ટિએ આજે ગુજરાતમાં પણ ૫૨ ટકા જેટલી મારી બહેનો પંચાયત ક્ષેત્રે પોતાનું કિરદાર નિભાવી રહી છે. એટલે જે કહેવું રહ્યું કે '' વિચારમાં અટવાય એ વિરાટ ચૂકે, વિચારમાં અટવાય એ વિરાટ ચૂકે, દીવડામાં અટવાય એ જ્યોતિ ચૂકે'' માટે રંગો ગણવાનું બંધ કરી બસ ચિત્ર દોરવાનું આરંભો તો વિકાસ, વિકાસ, વિકાસ હી દિખેગા. પંચાયત વિભાગની કરોડરજ્જુ સમાન તાલુકા વિકાસ અધિકારીઓની તા.૩૧ ડિસેમ્બરના રોજ ૧૦૦ ટકા જગ્યાઓ પ્રથમ વખત ભરવામાં આ સરકાર સફળ રહી છે તેમજ ૧૯ સંવર્ગોની ૧૩,૧૧૯ જગ્યાઓની ભરતી થઇ રહી છે. પારદર્શક, ગોપનીયતાથી અને કોઇ પણ પ્રકારની ગેરરીતિ ન થાય એ માટે અમે સતત મોનિટરિંગ કરી રહ્યા છીએ. પંચાયત ઘર વિહોણી ગ્રામ પંચાયતોને છ મહિનાના ટૂંકા ગાળામાં ૧,૬૮૫ જેટલા નવીન પંચાયત ઘરોનું આયોજન કરેલ છે અને મરામત માટે પણ રકમ ફાળવેલ છે. એટલું જ નહિ જ્યાં નવી પંચાયતો નિર્માણાધીન છે, ત્યાં તલાટી કમ મંત્રીની સુવિધા સાથેના આ નવા પંચાયત ઘર બનાવી રહ્યા છીએ, એટલે મંત્રીશ્રી ત્યાં રહી શકે અને ગામડાંના નાગરિકોને પણ ત્યાં કોઇ કામ માટે જવું હોય તો ઉપયોગી થઇ શકે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પણ અનેક ભવનો અમે બનાવ્યા છે. ગ્રામ્ય સ્તરે ઇ-ગ્રામ, વિશ્વગ્રામ યોજના અંતર્ગત રાજ્યના ૧૪,૧૧૯ ઇ-ગ્રામ સેન્ટરો થકી ઇ-સેવાનું સેન્ટર ઊભું કરવા માટે ગામડાંઓને હાઇ-ટેક સુવિધાથી જોતરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ પર આવું છું. ભૂખ્યા જનોના જઠરાગ્નિને ઠારવા બાંધકામ શ્રમિકો માટે શ્રમ યોજના પ્રત્યેક જિલ્લામાં અમે વિસ્તારી રહ્યા છીએ. રૂ.૫ માં બાંધકામ શ્રમિકોને પૌષ્ટિક ભોજન આપવાનો સરાહનીય પ્રયાસ આ બજેટમાં જોગવાઇ કરીને અમે કર્યો છે. આ અન્નપૂર્ણા યોજના થકી વીર યા તમ, ભુજ યા તમના નાદથી ગુજરાત ગુંજતુ રહેશે. ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ છે. શ્રમિકોને પૂરતું આર્થિક કવચ મળે છે અને શ્રમિકોને અમે એવોર્ડથી પણ આભૂષિત કરીએ છીએ. શ્રમિકોને આદરણીયશ્રી મોદી સાહેબ આદર આપે છે, એ કાશી વિશ્વનાથ મંદિરમાં જે શ્રમયોગીઓએ પ્રદાન આપ્યું હતું એમની સાથે ભોજન લઇને ચરિતાર્થ કરી બતાવ્યું છે. વર્તમાન સરકારે ૩૭ ગરીબ કલ્યાણ મેળા યોજી ૧૮.૩૨ લાખ લાભાર્થીઓને રૂ. ૭,૯૧૮ કરોડની માતબર સહાયથી લાભાન્વિત કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર નોંધારાનો આધાર બની રહી છે, એની અમે પ્રજાને પ્રતિતી કરાવી રહ્યા છીએ. સ્વચ્છ ગામ રુર્બન યોજના, વાઇ-ફાઇ સુવિધા, બ્રોડ-બેન્ડ ઇન્ટરનેટ જેવી સુવિધા ઉપલબ્ધ કરવા જઇ રહ્યા છીએ. રોજગારીમાં ગુજરાત ભારતભરમાં નં.૧ છે. જેથી જી.ડી.પી. પણ વધશે. ઔદ્યોગિક સલામતી જાળવવામાં પણ સરકાર સતત મોનિટરિંગ કરી રહી છે. ત્રિસ્તરીય પંચાયતી રાજના માળખાને વધુ મજબૂતાઇ બક્ષવા આગામી વર્ષો માટે જે રૂ.૨,૪૪૬ કરોડની નાણાપંચની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવી છે એ બદલ હું માનનીય નાણામંત્રીશ્રીનો આભારી છું. નાણાપંચની ગ્રાન્ટ ગ્રામ્ય વિકાસની માસ્ટર કી સાબિત થઇ રહી છે. ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાંથી ૭૦ ટકા ગ્રામ પંચાયતોને, ૨૦ ટકા તાલુકા પંચાયતોને અને ૧૦ ટકા જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવી રહી છે. જે પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દૂરંદેશી અને ગુજરાત માટેની તેમની ચિંતા અને ખેવના બતાવે છે. '' સિદ્ધિ તેને જઇ વરે જે પરસેવે ન્હાય.'' આમ શ્રમ વગર સિદ્ધિ મળતી નથી. આ શ્રમના મૂલ્યને આબાદ વિકસાવવા શ્રમિકોના જતન માટે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કાર્યરત છે. આઇ.ટી. એટલે માત્ર ઇન્ફોર્મેશન ટેકનોલોજી નહિ, આઇ.ટી. એટલે ઈન્ડિયા ટુડે. બી.ટી. એટલે બાયોટેકનોલોજી નહિ, બી. ટી. એટલે ભારત ટુડે. આ અમારી વિભાવના રહી છે. કોઈ પણ રાજ્યની પ્રગતિના ચાર માપદંડો હોય છે. જેમ કે રાજકીય સ્થિરતા, ઔદ્યોગિક શાંતિ, પ્રજાજનોની સલામતી અને સરકાર દ્વારા અપાતું ગુડ ગવર્નન્સ. આ ચાર પિલર ઉપર ગુજરાત સરકારરૂપી લોકતંત્રની ઈમારત કાર્યરત છે. જેમાં લોકાભિમુખ વહીવટ થકી સરકાર પ્રશાસનમાં પ્રાણ પૂરી રહી છે. યુવાનો એ દેશનું ભવિષ્ય હોય છે. સ્કિલબદ્ધ યુવાનો થકી વિપુલ રોજગારી નિર્માણ કરવાનો રાજ્ય સરકારનો ઉપક્રમ રહ્યો છે. તેમાં સૌના સાથ અને સહકારની વિશેષ અપેક્ષા છે. આપણી ખુશનસીબી છે કે ગુજરાતભરમાં રોજગારી આપવામાં ભારત અવ્વલ નંબરે રહ્યું છે. રાજ્યમાં ૫૯૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફતે ૨ લાખ ૧૭ હજાર ૭૯૨ બેઠકોની ક્ષમતા દ્વારા રાજ્ય કક્ષાના ૪૯ અને રાષ્ટ્રીય કક્ષાના ૭૬ અભ્યાસક્રમો દ્વારા ઔદ્યોગિક તાલીમ આપવામાં આવી રહી છે. બજેટમાં ૫૧ જેટલા ભવિષ્યલક્ષી વધુ કોર્સ દ્વારા ૫૦ હજાર તાલીમાર્થીઓને પ્રશિક્ષિત કરવા રૂ. ૫૨૧ કરોડ જેવી માતબર રકમ પણ ફાળવી છે. આ છે માનનીય કનુભાઇ દેસાઇની ઉદારતા. સ્ત્રી સશક્તિકરણની હિમાયતી એવી આ સરકાર ૨૫ મહિલા આઇ.ટી.આઇ. અને ૪૮ મહિલા વિંગ થકી મહિલાઓને પણ તકનીકી કૌશલ્યથી સબળા બનાવી રહી છે. દિવ્યાંગોને પણ ૩ આઇ.ટી.આઇ. થકી તાલીમ આપવાની

રાજ્ય સરકાર દરકાર કરી રહી છે અને ૧૦૦ ટકા આઈ.ટી.આઈ.માં આ મકાનો ઉપલબ્ધ છે. ગુજરાતની આઈ.ટી.આઈ.ની ઈમારત તો જાણે ભારત સરકારની આઈ.આઈ.ટી.ની ઈમારતો સાથે સ્પર્ધા કરતી હોય તેવી સુવિધા સભર બની રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ.એસ.એમ.ઈ.માં રૂ. ૧,૩૬૦ કરોડનું આ વર્ષે પ્રાવધાન કરવામાં આવ્યું છે. તેનાથી પણ રોજગારીમાં ખૂબ વધારો થવાનો છે. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ સ્કિલ ડેવલપમેન્ટ, સ્થાનિક ધોરણે કૌશલ્ય વૃદ્ધિનું વિશાળ માનવબળ ઊભું કરવાના કન્સેપ્ટ, સંકલ્પ પ્રોજેક્ટ કૌશલ્ય-ધ સ્કિલ ડેવલપમેન્ટ યુનિવર્સિટી, શ્રમિકોના બાળકો માટે આર્થિક સહાયની શોધ, શિક્ષણ સહાય, ધન્વંતરી આરોગ્ય રથ, ટેબ્લેટ સુવિધા, ગો-ગ્રીન યોજના, શ્રમ નિકેતન, ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી, રોજગારી માટે અનુબંધન વેબ પોર્ટલ, મોબાઈલ એપ, રોજગારી સેતુ પ્રોજેક્ટ જેવા અનેક આયામો આ નૂતન સરકારે વિકસાવ્યા છે. આ વિશે હું ત્રણ-ત્રણ લીટી બોલવા બેસું તો મને સમય ઓછો પડે. રોજગાર નિર્માણ ક્ષેત્રે Of the industries, By the industries, For the industries આ મુદ્દાલેખ થકી માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર કાર્યરત છે. પંચાયત, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગારી એ જનજનને સ્પર્શતો બહુ આયામી વિભાગ છે. જેના થકી લોક કલ્યાણના અભિયાનને સાર્થક કરવા ગૃહના માનવંતા તમામ સભ્યશ્રીઓને મારી હ્રદયસ્પર્શી અપીલ છે કે, આવો આપણે આ જનજનને સ્પર્શતા અભિયાનને એક અભિનવ સ્વરૂપમાં ફેરવવા આ માગણીઓનો સર્વાનુમતે સ્વીકૃત કરીએ એ જ અભ્યર્થના. છેલ્લે હું કહીશ કે

**વીતેલા દિવસો પાછા નહિ આવે, સમયની કિંમત સમજતા થઈએ, વાંક મારો હતો કે તારો એ વાત ભૂલતા થઈએ, સ્પર્ધાને ત્યજી એકબીજાના પૂરક બનીએ, ચાલો યારો થોડું માણસ માણસ રમીએ.**

**જય જય ગરવી ગુજરાત.**

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઘણા બધા માનવંતા સભ્યશ્રીઓએ પોતાનાં સુચારું સૂચનો કર્યાં છે. માનનીયશ્રી દુષ્યંતભાઈ પટેલનો મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજનામાં બોટસના રજિસ્ટ્રેશન તરીકેનું જે મહામૂલું સૂચન છે અને મહારાષ્ટ્રમાં જે કાયદો છે તેનો અભ્યાસ કરીને તેમાં આગળ વધવા માટે પ્રયત્નશીલ રહીશું. માનનીય લલિતભાઈ વસોયાએ બહુ સારી વાત કરી. રાજકોટ જિલ્લામાં તલાટી કમ મંત્રીની મંજૂર કરેલ ૫૭૨ પૈકી ૩૮૪ જગ્યાઓ ભરાયેલ છે. અને નવી ખાલી જગ્યાઓ ૧૮૮ રાજકોટ જિલ્લામાં ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે. જાહેરાત આવી ગઇ છે. એની પરીક્ષાની તારીખ પણ નકકી થઇ ગઇ છે. શ્રી કિરીટભાઇએ વી.સી.ના પ્રશ્નો ઉકેલવા માટેની વાત કરી, એ માટે અમે પૂરેપૂરા કટિબધ્ધ છીએ. શ્રી અરવિંદભાઇ રાણાએ બહુ સારી વાત કરી કે હર હાથ કો કામ, હર ખેત કો પાની. એકાત્મવાદને ઉજાગર કરવા આપણે સૌએ સાથે મળી કાર્યરત છીએ. શ્રી હિંમતસિંહ પટેલ ઇન્ડસ્ટ્રિયલ કોડ અંગે વાત કરી, તો આ જે ઇન્ડસ્ટ્રિયલ કોડ આવી રહ્યો છે તેનાથી સંસ્થાકીય કક્ષાએ પ્રશ્નોનો નિકાલ થઇ જશે. નવા સરપંચો ચૂંટાયેલા છે એને પણ ૯,૬૩૨ જેટલી ડી.એસ.સી. ની જરૂરિયાત સામે ૯,૩૪૪ ડી.એસ.સી. પૂરી પાડવામાં આવી છે. આ નાણાપંચને લગતી બાબત છે. શ્રી બળદેવજીભાઇ ઠાકોરે આયોજન અને એ.ટી.વી.ટી. માં ૫૦ ટકા રકમ બ્લોક અને સી.સી. રોડમાં જોગવાઇ કરવા જેવી છે. અમારા માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે એ બાબતે કોઇ ખાતરી આપતો નથી, પણ એ અંગે અમે કાગળ ઉપર જોઇ લેશું. શ્રી મહેન્દ્રભાઇ ઠાકોરે ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ. ની સારી વાત કરી. તમારા એસોસિયેશન સાથે અમે વિભાગના અધિકારીઓને સાથે રાખીને મિટિંગ કરી છે અને તેના ફળદાયી પરિણામો પણ આવ્યાં છે અને જે બાકી ખૂટતું હશે એ ચોક્કસ કરીશું. શ્રી રઘુભાઇ દેસાઇએ જે કહ્યું એમાં કહું તો ભરતી કેલેન્ડર મુજબ અમે દર વર્ષે સુનિશ્ચિત કરેલી સમયમર્યાદામાં અનેક જગ્યાઓ ભરી રહ્યા છીએ. શ્રી પુંજાભાઇ વંશ, એક અભ્યાસુ અને અનુભવી સભ્યશ્રીએ જે વાત કરી અને મારા વિશે આદરભાવ વ્યકત કર્યો એ બદલ હું એમનો ઋણિ છું. તેઓશ્રીએ તેઓના મત વિસ્તાર બાબરીયા ગામની ચિંતા કરી. તે માટે અમારા પંચાયત વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા ડી.ડી.ઓ. ને સૂચના આપી દીધી છે અને ખુલાસો પણ પૂછેલ છે તથા નિયમોનુસારની કાર્યવાહી પણ એમાં થશે. કોઇ કસુરવાનને એમાં બક્ષવાના નથી અને એમની સામે અચૂક કાર્યવાહી કરીશું. શ્રી પુંજાભાઇએ જે વાત કરી છે કે એક જ એજન્સી મારફત ભરતી ના થાય. એમાં પણ અમે જિલ્લાકક્ષાએથી ભરતીનું આયોજન કરી રહ્યા છીએ. ઝોનલ કક્ષાએથી કરી રહ્યા છીએ. ૧૦૦ ચોરસફૂટ વારની લેન્ડ કમિટી રેગ્યુલર મળે એ બાબતે પણ અમે ચિંતિત છીએ. માનનીય શ્રી પુંજાભાઇએ જ એમના પ્રશ્નના જવાબમાં જવાબ આપી દીધો છે. આમ તો સવાલનો જવાબ અપાય પણ જવાબનો જવાબ ન અપાય, પણ મારી ઉદારતા છે એટલે હું કહું છું કે, આપણે પંચાયત પસંદગી મંડળ દ્વારા જુદી જુદી ૧૭ કેડરની ૧૩,૧૨૯ જેટલી જગ્યાઓની ભરતી કરવા માટેનું ટાઇમટેબલ જાહેર કર્યું છે. એમાં અમે બે કેડરની પરીક્ષા પણ લઇ ચૂક્યા છીએ. આ ઉપરાંત માનનીય શ્રી શૈલેષભાઇને જેટલી ચિંતા છે એટલી જ સવિશેષ અમને ચિંતા છે. અમે જે સરકારી ભરતીઓ કરી છે એ અદભૂત છે. તમે હરહંમેશા આદરણીય શ્રી નીતિનભાઇનો ઉલ્લેખ કરીને કહો છો તો મારે ડંકાની ચોટ ઉપર કહેવું છે કે, શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલના વડપણ હેઠળની સરકાર વખતે વર્ષ ૨૦૧૬-૧૭માં ૪ લાખ ૧૯ હજાર ૨૮૬ પ્લેસમેન્ટ, વર્ષ ૨૦૧૭-૧૮માં ૩ લાખ ૫૫ હજાર ૮૦૪ પ્લેસમેન્ટ, વર્ષ ૨૦૧૮-૧૯માં ૩ લાખ ૬૭ હજાર ૫૪ પ્લેસમેન્ટ, વર્ષ ૨૦૧૯-૨૦માં ૩ લાખ ૫૧ હજાર ૭૯ પ્લેસમેન્ટ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨ લાખ ૩૮ હજાર ૫૦૬ પ્લેસમેન્ટ એમ ૧૭,૩૧,૭૫૯ રોજગાર કચેરી મારફતે પ્લેસમેન્ટ આપવામાં આ સરકાર સફળ રહી છે. અને સરકારી કર્મચારીઓની તમે વાત કરો છો, તો સરકારી ભરતી પણ અમે કરી રહ્યા છીએ. શ્રમ અને રોજગાર વિભાગમાં ૩,૬૪૩ જેટલી ભરતી કરી છે. અને એ ભરતી થનારને કામ

પણ આપી રહ્યા છીએ. સરકારના વિવિધ વિભાગમાં પાંચ વર્ષના સમય ગાળામાં ૯૯,૩૨૮ સરકારી ભરતી કરેલ છે. આ છે ગુજરાત સરકારની સિદ્ધિ. આટલી મારી ચોખવટ, સ્પષ્ટતા દરેક સભ્યશ્રીઓ સાથે સંવાદ, એ બધું જોતા હું સૌના હિતમાં આપ શ્રી મારફત સમગ્ર ગૃહના માનવંતા સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારા વિભાગની આ માગણી સર્વાનુમતે મંજૂર કરવાની ઉદારતા દાખવે. જય જય ગરવી ગુજરાત.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ (ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું મારા ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વર્ષ ૨૦૨૨-૨૩ની માગણીઓ લઇને ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીની ચર્ચા ઉપર ઘણા બધા સભ્યોએ વિચાર વિમર્શ કર્યો છે. આ માગણીઓના વિચાર ઉપર સ્પષ્ટતા કરતા શરૂઆતમાં એક પંક્તિ મને યાદ આવે છે અને કહેવી જરૂરી લાગે છે.

" લીયે પ્રખર સંકલ્પ હૃદયમે, આગે બઢતે જાયેંગે, હિન્દુ રાષ્ટ્રકા ગૌરવ વૈભવ જગતીમે પ્રગટાયેંગે"

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારેના આપણા વડાપ્રધાનશ્રી મોદી સાહેબે જે ચીલો ચાતર્યો છે એ ચીલા ઉપર વર્તમાન સરકાર પણ પ્રામાણિક પ્રયત્ન કરીને ગ્રામીણ વિસ્તારની ચિંતા કરે છે. અને પહેલી વાર મારા વિભાગ માટે બોલવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેના માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ અને ભારતીય જનતા પાર્ટીનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંનો છું, ગ્રામીણ વિસ્તારમાંથી આવું છું અને મને ગ્રામીણ વિસ્તારના વિકાસની આ વિશેષ જવાબદારી સોંપી છે. ગામડું આત્મ નિર્ભર બને, વ્યક્તિ આત્મ નિર્ભર બને, ગ્રામ આત્મ નિર્ભર બને, સમાજ આત્મ નિર્ભર બને તો જ આ ભારત આત્મ નિર્ભર બનશે તેવા સંકલ્પ સાથે આ સરકાર ચાલે છે. ગામડાંના સામાન્ય માણસનું જીવન ધોરણ ઉપર આવે તેના માટે અનેકવિધ યોજનાઓ આ સરકારમાં વિશેષ પ્રયાસ થઇ રહ્યા છે. એ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજના હોય, મહિલા સશક્તિકરણની વિવિધ યોજના હોય, અને વિશેષ આજિવિકા પૂરી પાડતી યોજના હોય, કૌશલ્યને સુધારાને લગતી યોજનાઓ હોય, રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ મિશન અંતર્ગત ઘણી બધી યોજનાઓ છે. અને ગ્રામીણ સ્ત્રી સશક્તિકરણ માટે પણ આ સરકારમાં વિશેષ યોજનાઓ ચાલે છે. એની સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના, વ્યક્તિગત શૌચાલય, ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટેની યોજના, સ્વચ્છ ભારત મિશન માટેની યોજના, શ્યામા પ્રસાદ મુખરજી રૂર્બન મિશન યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, આવી ઘણી બધી યોજનાઓ આ સરકારમાં સુચારુ રૂપે ચાલે છે. ભારતના આદરણીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબના દૂરંદેશી માર્ગદર્શનથી આ વિકાસલક્ષી યોજનાઓનો આ નાણાકીય વર્ષમાં ૩,૩૪૧.૨૭ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજના છેલ્લા દસ વર્ષથી ચાલે છે. સન ૨૦૨૦-૨૧ અને સન ૨૦૨૧-૨૨માં ૧,૭૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે એ એક રેકોર્ડ છે. સન ૨૦૨૨-૨૩માં ૨,૫૦૦ કરોડ રૂપિયાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ગામડાંમાં વસતા જરૂરિયાતવાળા છે એમને સો દિવસની રોજગારી આ યોજના હેઠળ આપવા કટિબદ્ધ છીએ. ૨૨૯ રૂપિયા જેટલી રકમ પ્રતિદિન આ યોજનામાં પાત્રતા છે. આ યોજના હેઠળ ડી.બી.ટી. એટલે કે બેંકમાં પૈસા જમા થાય છે. કોરોના કાળમાં જયારે ઘણા બધા વ્યવસાયો બંધ હતા ત્યારે મનરેગા હેઠળ લાખો લોકોને ગ્રામીણ વિસ્તારમાં વસતા બંધુ ભગીનીને રોજગારી મળી છે. સન ૨૦૨૦-૨૧માં ૫૨૪.૬૫ લાખ માનવદિન રોજગારી પૂરી પાડી છે જે હેઠળ ૧,૬૩૪ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે જે અત્યાર સુધીનો મહત્તમ ખર્ચ ગણાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના વિવિધ વિભાગો છે એમાં પણ કન્વર્ઝન એટલે કે શિક્ષણ વિભાગ હોય, વન વિભાગ હોય આ બધા જ વિભાગો સાથે કન્વર્ઝન કરીને ૮૭ હજારથી વધુ વ્યકિતગત અને સામૂહિક ટકાઉ અસ્કયામતોનું નિર્માણ કરવામાં અમે સફળતા હાંસલ કરી છે. કુલ મળીને ૨.૫ લાખ જેટલાં કામો અત્યારે પ્રગતિમાં છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબનું જે સ્વપ્ન અને સંકલ્પને સાકાર થતું જોઇ રહ્યા છીએ. ખેલ મહાકુભનો હમણાં ખૂબ મોટો કાર્યક્રમ થયો. તન તંદૂરસ્ત તો મન તંદૂરસ્ત. આ સાથે બીજી એક પંકિત યાદ આવે છે.

''ખેલે ખેલ કરે હમ સમતા મીટી વિશ્વમાં વ્યાપ વિસમતા.'' તંદૂરસ્ત શરીરમાં તંદૂરસ્ત મન વાસ કરે છે. એટલે ખેલે ગુજરાત, જીતશે ગુજરાત આ હેઠળ એક નવી પહેલ પણ અમારા વિભાગે કરી છે. આ પહેલ અંતર્ગત ૪૯૮ જેટલા રમતગમતના મેદાનો આ ગુજરાતના ગામોમાં બનશે. ૨૪૮ જેટલા ઓપન જીમ કરવા માટે અમે સંકલ્પિત થયા છીએ. કુલ ૪૯૮ વાચનાલયો અને ઇ-લાઇબ્રેરી થાય એવો પણ અમારો સંકલ્પ છે. કુલ મળીને ગુજરાતના ગામડાંનો યુવાન પોતાના જ ગામમાં મેદાનમાં શારીરિક કસોટીની તૈયારી કરે એનું શરીર મજબૂત કરવા માટે એ ઓપન જીમનો ઉપયોગ કરે અને લાઇબ્રેરી છે એ વતન પ્રેમ યોજના હોય કે સમાજના સજ્જનોના આધારે અમારો ઇ-લાઇબ્રેરી તરફ લઇ જવાના પ્રમાણિક પ્રયત્ન છે. મહાત્મા ગાંધી મનરેગા અંતર્ગત સન ૨૦૨૨-૨૩માં રુપિયા ૧,૪૦૦ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. આગળ કહ્યું તેમ કન્વર્ઝનથી સો ટકા ગુજરાત સરકારનો ફાળો છે એ રૂપિયા ૫૦૦ કરોડ કરવાનું સરકારે નક્કી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ વાત હોય આઝાદીના અમૃત મહોત્સવ યાદ કરવો જ પડે. આ અંતર્ગત આત્મ નિર્ભર ગ્રામ્ય યાત્રા એક મોટો ઉત્સવ ગુજરાતના ગામડાંમાં થયો. આ ઉજવણી દરમિયાન તા. ૧૮-૧૧-૨૦૨૧ થી ૨૦-૧૧-૨૦૨૧ની ઉજવણી દરમિયાન કુલ રૂપિયા ૭૬.૪૧ કરોડનાં ૧૪,૦૨૮ કામોના ખાતમૂહર્તો કરવામાં આવ્યાં. એવી જ રીતે

સુશાસન સપ્તાહમાં કુલ મળીને રૂપિયા ૮૪.૯૯ કરોડના ૮,૮૮૯ કામના ખાતમૂહર્તો અને ૪૩.૪૭ કરોડના લોકાર્પણ પણ કરવામાં આવ્યા છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હમણાં મહિલા દિવસ નિમિત્તે ૯મી માર્ચે એક વિશેષ કાર્યક્રમ અમારા વિભાગ દ્વારા કરવામાં આવ્યો. આમાં મહિલા મીટ એટલે મનરેગા યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં કામનું જે સંકલન કરે છે તેને મહિલા મીટ કહીએ છીએ. આ મહિલા મીટનો સન્માન કાર્યક્રમ કરવામાં આવ્યો. મને આપને જાણકારી આપતા આનંદ થાય છે કે શ્રીમતી રમીલાબેન ગામીતને કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. મને નવાઇ લાગે છે કે આ આ રમીલાબેન ગામીત પોતે વનવાસી છે. આદિવાસી મહિલા છે. હજુ મને સમાચાર મળ્યા નથી કે આદિવાસીની વાત કરીએ છીએ, વનવાસીની વાત કરીએ છીએ. મારા કોઇ આદિવાસી બંધુઓ મળવા ગયા હોય. રમીલાબેન ગામીત એક એવું વ્યક્તિત્વ, તેમને મોદી સાહેબે હમણાં સન્માનિત કર્યા છે. કુલ મળીને ૭૫ મહિલા મીટનું અમારા વિભાગ દ્વારા સન્માન કરવામાં આવ્યું છે. એવી જ રીતે ૧૪મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ આઇકોનિક સપ્તાહ હેઠળ બીજું એવું વ્યક્તિત્વ, અમારા સાથી મંત્રી માનનીય શ્રી બ્રિજેશભાઇ મેરજાજી સાથે અમે એક કાર્યક્રમ કર્યો. આ ૧૪મી માર્ચે બીજું એક આવું જ વિશેષ વ્યક્તિત્વ એટલે ઉષાબેન ગામીત. કેન્દ્ર સરકારે તેમને નારીશક્તિ પુરસ્કારથી નવાજ્યા. બીજું એક આદિવાસી-વનવાસી વ્યક્તિત્વ છે. આપણે આદિવાસી-વનવાસીની વાતો કરીએ છીએ. ખરા અર્થમાં આદરણીયશ્રી મોદી સાહેબે વિશેષ વનવાસી નારીશક્તિનું સન્માન કર્યું છે. કુલ મળીને ૭૫ મહિલાઓ આ સખી મંડળ દ્વારા કામ કરે છે તેમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એવો અમારા વિભાગનો પ્રામાણિક પ્રયત્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા ત્યાં પ્રભુતા. આદરણીય પૂ. બાપુ મહાત્મા ગાંધીનું જે સૂત્ર હતું તે ખરા અર્થમાં ચરિતાર્થ કર્યું હોય તો મોદી સાહેબે. ઘણી વખત આ ગૃહમાં વાત થઇ ગઇ છે. આ જ વાતને ચરિતાર્થ કરવા ગુજરાતમાં અમારી જે ટીમ છે, ટેક્નિકલ આસિસ્ટંટથી માંડીને પી.એ., પી.એસ. સુધી જે પ્રામાણિક પ્રયત્ન કર્યો છે તેના ભાગ રૂપે ફેઝ-૨માં ખુલ્લામાં શૌચમુક્ત, એટલે બધાને પોતાનું શૌચાલય મળે તેના માટે એક પ્રામાણિક પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આત્મનિર્ભર યાત્રા અંતર્ગત આખા ગુજરાતમાં ગ્રામ્ય કક્ષાએ ૬,૬૭૮ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના ગામડાંમાં સાર્વજનિક સફાઇ થઇ છે તે ૨૬,૦૪૭ જગ્યાએ થઇ છે. કુલ ૮,૮૯૪ ગામના મુખ્ય માર્ગની સફાઇ કરી છે. ગામના જૂના કચરાના જે ઢગલા હતા એ ૯,૯૭૬ કચરાના ઢગલાના નિકાલનો પ્રયત્ન કર્યો છે. ૯,૨૮૭ જગ્યાએથી પ્લાસ્ટીક કચરાનો નિકાલ કર્યો છે. ૨,૮૪૩ જેટલા જાહેર શૌચાલયની પણ અમારી ગુજરાતની ટીમે સફાઇ કરી છે. આખા ગુજરાતમાં ૯,૮૮૬ જેટલા ધાર્મિક સ્થળોની પણ સાફસફાઇ થઇ છે. ૬,૯૬૬ જેટલી સામાજિક સંસ્થાઓ દ્વારા આ બધું કામ શક્ય બન્યું છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૨૦૨૨-૨૩માં કુલ ૪૬૭.૪૨ રૂપિયાની માતબર રકમની જોગવાઇ કરી છે. વર્ષ ૨૦૨૪ સુધીમાં બધા જ ગ્રામીણ ગુજરાતવાસીઓને પોતાનું ઘર હોય એવા સંકલ્પ સાથે અમારી સરકાર ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. ૧,૨૦,૦૦૦ જેવી લાભાર્થીને તબક્કાવાર મળવાપાત્ર રકમ છે. શરૂઆતમાં ૩૦,૦૦૦ રૂપિયા તેની વહીવટી કામગીરી પૂરી થાય તે પછી મળે છે. તે પછી લિન્ટલ લેવલે ૫૦,૦૦૦ રૂપિયા મળે છે અને ૪૦,૦૦૦ રૂપિયાનો ત્રીજો હપ્તો તેનું કામ પૂરું થયે. એ સિવાય ૨૦,૦૦૦ રૂપિયા જેવી રકમ મનરેગા હેઠળ મળતી હોય છે અને ૧૨,૦૦૦ રૂપિયા શૌચાલયના બાંધકામ માટે વિશેષ રકમ મળતી હોય છે. આ મનરેગા યોજના માટે ઘણી બધી વાતો ગૃહમાં થાય છે, પ્રશ્નોત્તરીમાં પણ થાય છે કેન્દ્રની ભા.જ.પ. સરકારે આ યોજનામાં પૂરી પારદર્શિતા આવે એના માટે જીઓ મનરેગા, કોઇપણ કામ બેવડાય નહીં એના માટે ઝીરો ટેગિંગ ફાઇલ, આ સિવાય ઇ-માસ્ટર ઓન લાઇન એની હાજરી પૂરાય એવો પણ આ સરકારનો પ્રામાણિક પ્રયત્ન છે. એરિયા ઓફિસર નામની એપ છે, એમાં પણ સ્થળે જઇને એના કામની ચકાસણી થાય આવો પણ એક પ્રયત્ન છે. નેશનલ મોબાઇલ મોનીટરિંગ એપ, સોશિયલ ઓડિટ યુનિટ, એના ગ્રામ્ય સ્તરે, તાલુકા સ્તરે, જિલ્લા સ્તરે અને રાજય સ્તરે પણ ઓડિટ થાય એવી પણ વ્યવસ્થા છે. ટૂંકમાં મનરેગા હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં જે પણ પ્રશ્નો ઉપસ્થિત થાય એ નિવારવા રાજય સ્તરે પણ ટૂંકમાં જ લોકપાલની નિમણૂક કરવા અમે કટિબદ્ધ છીએ. છેલ્લે સન ૨૦૨૨-૨૩માં કુલ મળીને રૂપિયા ૯૫૦ કરોડની આ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આ વખતે જોગવાઇ છે. કુલ મળીને ૧,૧૮,૨૭૩ જેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા છે. ૪૯,૧૦૨ આવાસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રૂપિયા ૮૨૦.૨૩ કરોડનું ડીબીટીના માધ્યમથી સીધું લાભાર્થીને ચૂકવણું કરવામાં આવ્યું છે. ૧,૦૭,૦૫૭ જેટલા બાંધકામ શરૂ કરાવીને પ્લિન્થ, લિન્ટલ, રૂફ લેવલે વિવિધ તબક્કે છે એટલે ટૂંકમાં એ પૂર્ણ કરવામાં આવશે. વિકાસ દિવસની ઉજવણી નિમિત્તે ૪૬,૦૮૬ જેટલા આવાસોનું ખાતમુહૂર્ત કર્યું છે. ૨૫,૦૦૦ જેવા આવાસોનું લોકાર્પણ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં રાજકોટ મુકામે કરવામાં આવ્યું છે. આત્મનિર્ભર ગ્રામ યાત્રા અંતર્ગત ૫,૪૦૫ આવાસોનું ખાતમુહૂર્ત તથા ૬,૨૨૪ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. છોડમાં રણછોડ અને હમણાં કહ્યું માનનીય સભ્યશ્રીએ કે ''વરસાદ પ્રભુનો પ્રસાદ''. વરસાદના પાણીનું એક એક ટીપુ જળવાય એના માટે પણ આ સરકારનું વિશેષ આયોજન છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ આખું ગુજરાત હરિયાળાથી ઢંકાઇ જાય એવો મારો પ્રામાણિક પ્રયત્ન છે. વર્ષ ૨૦૧૫-૧૬માં સંકલિત જળસ્રાવ વ્યવસ્થા માટે પ્રધાનમંત્રી સિંચાઇ યોજનાની શરૂઆત કરી છે. વર્ષ ફેબ્રુઆરી-૨૨ના અંત સુધી જમીન અને ભેજના સંરક્ષણ અને જળસંગ્રહ માટે અને વિશેષ ભુજળના રીચાર્જ માટે ૬,૫૭૦ કામ અને આજીવિકાની પ્રવૃત્તિ માટે ૭,૩૭૮ જેવાં કામ પૂર્ણ થયેલાં છે. કુલ મળીને ૬૧.૯૬ કરોડ જેટલી માતબર રકમનો આ વખતે ખર્ચ થયો છે. ગુજરાત લાઇવલી હુડ

પ્રમોશન કંપની કુલ મળીને ગુજરાતની જે માતૃશકિત છે, એ પોતાના પગ ઉપર ઉભા રહે એના માટે વિશેષ ધ્યાન રાખે છે. ગુજરાતમાં હમણાં સરસ મેળા પણ થવાના છે. હું બધાને આમંત્રણ પણ આપું છું. વિશેષ વિપક્ષના મિત્રોને કે આ ગુજરાતની બહેનો પોતાના હાથેથી કેવું ઉત્પાદન કરે છે. હવે તો એમેઝોન ઉપર પણ આ વસ્તુ મળે છે એ ગુજરાતના માટે ગૌરવની બાબત છે. હમણાં પાંચ મેળા અને છેલ્લા જે મેળા થયા એમાં વિશેષ અમારા સાથી મંત્રી બ્રિજેશભાઇ મેરજાજીના મોરબીમાં એટલું મોટું વિક્રમી વેચાણ થયું એ માટે ગુજરાતવાસીઓનો પણ આજે આભાર માનીએ છીએ. સ્ત્રી સશક્તિકરણને વેગ આપવા માટે, આર્થિક ઉન્નતી થાય એ માટે સતત આ સરકાર ચિંતિત છે. ગ્રામ વિકાસના વિભાગ હેઠળ કુલ મળીને ૨,૬૦,૩૭૭ જેટલા જૂથોની રચના કરવામાં આવી છે. સ્વસહાય જૂથોને રીવોલ્વિંગ ફંડ પેટે રૂ. ૧૮૮.૭૩ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી છે. કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ માટે ૫૪૪.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ૧૧,૮૧૦, સ્વસહાય જૂથોને બેન્ક દ્વારા રૂપિયા ૧૧૮.૧૦ કરોડની લોન આપવામાં આવી છે. કેટલો મોટો વિષય છે? ગુજરાતની બહેનોની કેવી ચિંતા કરતી આ સરકાર છે. દીન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ ગ્રામ્ય સ્તરે ગરીબ યુવક અને યુવતીઓને જુદી જુદી કૌશલ્યની તાલીમ આપવાનું પણ આ સરકારનું વિશેષ આયોજન છે. સ્વસહાય જૂથોના સભ્યોને આર.સી.ટી. દ્વારા ૧૫,૨૪૫ ના લક્ષ્યાંક સામે ૧૫,૭૦૧ સ્વસહાય જૂથોને કૌશલ્ય વર્ધનની તાલીમ આપવામાં આવી છે. શ્યામાપ્રસાદ મુખરજી રુર્બન મિશન યોજના, શહેરની સુવિધા અને ગામડાનો એનો જીવ આ યોજના હેઠળ જુદા જુદા ક્લસ્ટર બનાવીને શ્યામાપ્રસાદ મુખર્જી યોજના હેઠળ ગામના સમૂહ હેઠળ જુદી જુદી સવલતો પૂરી પાડવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૭માં મફત પ્લોટ અને મફત ઘર એ સૂત્રને સાકાર કરતી સરદર પટેલ આવાસ યોજના અમલમાં મૂકી હતી. રાજ્યના ૦ થી ૧૬ સ્કોર અને ૧૭ થી ૨૦ બી.પી.એલ. સ્કોર ધરાવતા ઘર વિહોણા લાભાર્થીઓ વંચિત ન રહી જાય એ માટે વર્ષ ૨૦૧૩ સુધીમાં ૪ લાખ ૨૯ હજાર ૯૦૦ જેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા હતા. સરદાર પટેલ આવાસ યોજના હેઠળ ૮ લાખ ૯૩ હજાર ૪૮૯ આવાસો અને સરદાર આવાસ યોજના-૨ હેઠળ ૩ લાખ ૮૦ હજાર ૧૦૩ જેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. અમારા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા નબળા આર્થિક વર્ગના નાગરિકો માટે હમણાં જ ૩,૧૫૧ જેટલા આવાસો બનાવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૬ લાખ ૩૯ હજાર ૫૬૪, થોડા સમય પહેલા સુરતનાં રૂંઢમાં એલ.આઇ.જી. યોજના હેઠળ ૮ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. મંત્રી તરીકેની મારી પહેલી મુલાકાતમાં જવાનું થયું એ આપણી નજીકમાં અડાલજમાં ૪૪૮ જેટલા ફ્લેટોનું લોકાર્પણ થવાનું છે. ગુજરાત સરકાર રચનાત્મક કાર્યક્રમો દ્વારા ગામડાના જે નાગરિકો છે એમનું જીવનધોરણ ઉંચું આવે એવા પ્રમાણિક પ્રયાસો અમારી ટીમ કરી રહી છે. આ ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા અને ગ્રામ વિકાસ દ્વારા નામ પ્રમાણે દરેક વિસ્તારોની ચિંતા કરતી આ યોજના છે. આ વર્ષની અમારી જે માગણીઓ છે એ સર્વાનુમતે મંજૂર થાય એવી વિશેષ કરીને વિપક્ષને વિનંતી છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રી ગુજરાત રાજ્યના જુદા જુદા વિભાગોમાં સેવા બજાવીને રાજકારણમાં આવ્યા છે અને અનુભવી છે. એમને સદભાગ્યે વિભાગમાં કામ કરતા અધિકારીઓ પણ સારા મળ્યા છે. તો પણ આપણને દર મહિનાની પહેલી તારીખે ૧૮૨ ધારાસભ્યોને આપણા ખાતામાં પગાર જમા થઇ જાય છે. પરંતુ મનરેગા યોજનાના હોળીના તહેવાર પ્રસંગે શ્રમિકોને ત્રણ મહિનાનો પગાર બાકી હતો એ ચૂકવાયો કે કેમ? અને ન ચૂકવાયો હોય તો તાત્કાલિક ચૂકવવા માગો છો કે કેમ? બીજું, કે અમારા સિનિયર આગેવાન શ્રી વિક્રમભાઇ માડમે રજૂઆત કરી કે એક તલાટી અલગ અલગ ગુનામાં સંકળાયેલો છે. એના અનુસંધાને આપે બદલી પણ કરી પણ કયા પ્રેસર હેઠળ હતો તે જગ્યાએ મૂક્યો? મૂક્યો તો મૂક્યો, પણ ફરીથી એમની માગણીને ન્યાય આપવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મનરેગા હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ મળીને ૧,૦૪૯.૩૪ કરોડ જેટલું વેતન શ્રમિકોને સીધું ડી.બી.ટી. મારફતે કરવામાં આવ્યું છે. આ છેલ્લાં ઘણાં વર્ષોનો એક રેકોર્ડ છે. મનરેગા હેઠળ છેલ્લા ચાર માસમાં ૨૮૮.૭૭ કરોડનું વેતનનું ચૂકવણું એમના ખાતામાં સીધું કરવામાં આવ્યું છે. માનનીય સભ્યશ્રીને જણાવતા આનંદ થાય છે. મેં ગૃહમાં જવાબમાં એમ કહ્યું હતું કે ઝડપથી ચૂકવણું થવાનું છે. હોળીના આગલા દિવસથી તબકકાવાર જુદાજુદા જિલ્લાઓમાં એનું ચૂકવણું ચાલુ થઇ ગયું છે આપની જાણકારી માટે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. મારે આપના માધ્યમથી માનનીય પંચાયત મંત્રીશ્રી પાસેથી મારા મત વિસ્તાર માટે નમ્રપણે માગણી કરવી છે. મારો મત વિસ્તાર ખૂબ વિશાળ અને ભૌગોલિક રીતે ખૂબ મોટો છે. એમાં જે અમારો નળ સરોવર વિસ્તાર છે આખો લીમડી તાલુકાનો અમારો નળ સરોવર વિસ્તાર આવે છે એ નળ સરોવરની ફરતે જે ખાસ કરીને અમારા આદિવાસી પઢાર સમાજ, કોળી સમાજ, માલધારી સમાજ, દલિત, મુસ્લીમ સમાજ અને એ બધા સાંસ્કૃતિક રીતે પણ ખૂબ જુદા છે અને છેલ્લા ઘણા સમયથી એ લોકોની એવી લાગણી છે કે જો નળ સરોવર તાલુકો બનાવવામાં આવે તો એ સમગ્ર વિસ્તાર વર્ષોથી જે પછાત વિસ્તાર છે એ પછાત વિસ્તારનું કલ્યાણ થઇ શકે. એવો જ અમારો દસાડા તાલુકો છે. ૯૨ ગામનો તાલુકો છે અને દસાડા તાલુકા મથકથી છેવાડાનું ગામ ૬૫ કિલોમિટર બંને બાજુ અને ૯૨ ગામનો આવડો મોટો વિશાળ તાલુકો હોવાને કારણે જે ગ્રાન્ટ આવે છે કોઇક ૩૦ ગામનો તાલુકો હોય એ ગામને પણ એટલી ગ્રાન્ટ આવે અને ૯૨ ગામના તાલુકાને પણ એટલી ગ્રાન્ટ આવે તો એ પણ અમારી માગણી છે કે દસાડા અને પાટડી એની દરખાસ્ત પણ થઇ છે જિલ્લા પંચાયતે પણ સર્વાનુમતે ઠરાવ કર્યો છે, તાલુકા પંચાયતે પણ ઠરાવ કર્યો છે તો દસાડા અને

પાટડી બંને અલગ થાય અને અમારો નળ સરોવર તાલુકો બને આ અમારા વિસ્તારની પ્રમુખ માગણી છે અને લોકોની લાગણી સાથે પણ જોડાયેલી છે એવી આપના માધ્યમથી હું માગણી કરું છું.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, નૌશાદભાઇનું આ સૂચન છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામગૃહ નિર્માણ વિભાગ તરફથી અલગ અલગ ગ્રામીણ વિસ્તારમાં આવાસો માટેની કામગીરી ચાલે છે. એ જ પ્રકારની આવાસની કામગીરી ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા પણ ચાલે છે. અમદાવાદના ભાડજ વિસ્તારમાં બનાવટી કબજા પાવતી, બનાવટી દસ્તાવેજ, બનાવટી પાવર ઓફ એટર્નીથી બિલ્ડરો મારફત મૂળ અરજદારોને બદલે એમની જાણ બહાર ભળતા લોકોને મકાનો ફાળવવામાં આવ્યા હોવાની રજૂઆત છે. માનનીય મંત્રીશ્રી પાસે પણ અરજદારોએ રજૂઆત કરી હોવાનું મારા ધ્યાનમાં આવ્યું છે તો આ લોકો વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી, આપની પાસે જે પણ માહિતી હોય એ મને મોકલજો. મેં પણ મીડિયા મારફત, ન્યૂઝ મારફત કટિંગ મને મળ્યું છે. અમારા વિભાગ મારફત કોઇ નોટિસ કે કાર્યવાહી કરી નથી અને તમને કોઇ જાણકારી મળે તો અમને કહેજો. લેખિત આપશો તો અમે ચોકકસ કોઇને છોડીશું નહીં.

**કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ અને ૫૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક - ૫૭, ૭૦, ૭૧ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રીનો નિર્ણય**
**અસંસદીય શબ્દ રદ કરવા અંગે.**

**અધ્યક્ષશ્રીઃ** મારે એક નિર્ણય જાહેર કરવાનો છે. તા.૨૧-૩-૨૦૨૨ ના રોજ ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે *(xxx) શબ્દનો વારંવાર પ્રયોગ કર્યો હતો. માનનીય મહેસૂલ મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ (xxx) શબ્દ સામે વાંધો લીધો હતો. (xxx) એ અસંસદીય શબ્દ છે અને શબ્દ પ્રયોગની યાદીમાં અસંસદીય જાહેર કરેલ હોઇ વાપરી શકાય નહીં તેમ તેમણે જણાવ્યું હતું. સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીએ જણાવ્યું હતું કે સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે સરકારનું નથી કહ્યું, બેંકો માટે કહ્યું છે. શેના માટે વાત થઇ એ સંદર્ભ મહત્વનો નથી. તત્સમયે મેં મારો નિર્ણય મુલત્વી રાખ્યો હતો. મેં તે દિવસની વિધાનસભાની કાર્યવાહીનો અભ્યાસ કર્યો. અને મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલ નિર્ણયો મુજબ ક્રમાંક-૩૫૬(૨) વિદ્યુત બોર્ડ ક્રમાંક-૩૫૬(૩) સહકારી મંડળીના આગેવાનો, ક્રમાંક-૩૫૯ કોલેજમાં પ્રવેશ આપવા માટે વગેરે સંદર્ભમાં પણ (xxx) શબ્દ પ્રયોજવામાં આવ્યો હતો, ત્યારે અસંસદીય જાહેર કર્યો હતો. તેથી સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે પ્રયોજેલ (xxx) શબ્દ સંદર્ભ જોતા સરકાર ઉપર આક્ષેપ, દોષારોપણ થાય છે. સંદર્ભ જોતા હું પણ આ શબ્દને અસંસદીય જાહેર કરું છું અને સભાગૃહની કાર્યવાહીમાંથી આ શબ્દને દૂર કરવાના આદેશ આપું છું.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૫૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૨ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| પુસ્તક ૮૯ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર પટેલ | નર્મદા જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 321 |
| | વડોદરા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન | 150 |
| અજમલજી ઠાકોર | તાના-રીરી પરફોર્મિંગ આર્ટસ કોલેજમાં ચાલતા અભ્યાસક્રમ | 23 |
| | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૬૯ |
| | મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત જળસંગ્રહના કામો | 156 |
| | વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૩૧૮ |
| અજીતસિંહ ચૌહાણ | એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને દરિયામાં પુરાણ કરવા આપેલ પરવાનગી બાબત | ૪૭ |
| | બાલાસિનોર નગરપાલિકામાં સંવર્ગવાર મંજૂર મહેકમ | 75 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત | 95 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | 318 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રકમની | 166 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં શાળામાં શિક્ષકો/આચાર્યની ખાલી જગ્યાઓ | 365 |
| | મહીસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી | 398 |
| | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૬૪ |
| | શિક્ષણ વિભાગ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ | 116 |
| અધ્યક્ષશ્રી | પ્રશ્નોત્તરીના સમયના અસરકારક ઉપયોગ માટે અનુસરવાની સૂચનાઓ બાબત | 131 |
| અનંતકુમાર પટેલ | એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને ના વાંધા પ્રમાણપત્ર આપવા બાબત | ૧૬૩ |
| | ડાંગ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ અન્વયે કીટ | 190 |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં ચેકડેમો/વન તલાવડી/મેટલ રોડ | 300 |
| | નવસારી અને ડાંગ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ | 354 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં યોજનાવાર ખેડૂતની અરજીઓ | 202 |
| | નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી | 392 |
| | નવસારી જિલ્લામાં કાર્યરત લીઝો | 88 |
| | વેરાવળ થી વાપીના ડીપ-સી ડીસ્ચાર્જ પાઇપલાઇનની ફિઝિકલ સ્ટડી | 61 |
| | સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કન્સલ્ટેટીવ કમિટીની રચના | 16 |
| અંબરીશભાઇ ડેર | અમરેલી અને ભાવનગર જિલ્લામાં ખનિજ ચોરીની દંડનીય રકમ | 66 |
| | અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી | 358 |
| | રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે ક્રમશઃ ઓછો જથ્થો ફાળવવાની માંગણી | ૩૦૭ |
| | રાજુલા તાલુકામાં કાર્યરત ઔદ્યોગિક એકમોની લીઝ | 33 |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | 227 |
| | અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભાડાપટ્ટા રીન્યુ કરવાની અરજીઓ | 176 |
| | અમરેલી જિલ્લામાં મીઠાના અગરો માટે જમીન આપવા બાબત | 196 |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના | ૩૭૭ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની અરજીઓ | 149 |
| | છોટાઉદેપુર જિલ્લામાં પવિત્ર ઉપવન | 332 |
| | બનાસકાંઠા જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | 28 |
| | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર | 258 |
| અમિત ચાવડા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 249 |

| | | |
|---|---|---|
| | ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી અને વિદ્યમાન સભ્યશ્રી ડો. અનિલભાઇ જાલજીભાઇ જોષીયારા તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સભ્ય સ્વ.શ્રી સતુભાઇ દેવુભાઇ ઠાકરીયા તથા સ્વ.શ્રી મહેશકુમાર કરમશીભાઇ મકવાણાના અવસાન અંગે | 103 |
| અર્જુનસિંહ ઉ. ચૌહાણ | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | 436 |
| અરૂણસિંહ અ. રણા | ઉદ્યોગ અને ખાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | 233 |
| | ભરૂચ જિલ્લામાં “પર ડ્રોપ મોર ક્રોપ” અંતર્ગત ખેડૂતોને લાભ | 45 |
| | ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના | 356 |
| | ભરૂચ જિલ્લામાં બકરા એકમના લાભાર્થી | 175 |
| | ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની સરકારી કોલેજો | 304 |
| અરવિંદ છો. પટેલ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 260 |
| | વલસાડ જિલ્લામાં આદિમ જૂથ માટે આવાસ યોજના | 370 |
| | વલસાડ જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને લાભ | 195 |
| | વલસાડ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજૂર થયેલ આવાસો | 170 |
| | વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો | 323 |
| અરવિંદ રાણા | ઉમરપાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 317 |
| | તાપી જિલ્લામાં કુંવરબાઇ મામેરા યોજના | 365 |
| | સુરત શહેરમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ | 23 |
| | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | 430 |
| અરવિંદકુમાર ગાં. પટેલ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 268 |
| | ગાંધીનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોનો બાકી નિકાલ | 162 |
| અશ્વિનભાઇ કોટવાલ | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઇ-મેમો ઇસ્યૂ કરવા બાબત | 94 |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રકમની ફાળવણી | 177 |
| | આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી | 337 |
| | કચ્છમાં વેલસ્પન ગ્રૂપ સાથે થયેલ એમ.ઓ.યુ. | 43 |
| | સચિવાલય કક્ષાએ સેક્શન અધિકારી અને ઉપસચિવની જગ્યાઓ | 73 |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ | 409 |
| | સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી | 381 |
| આત્મારામ પરમાર | બોટાદ જિલ્લામાં “પર ડ્રોપ મોર ક્રોપ” અંતર્ગત ખેડૂતોને લાભ | 32 |
| | બોટાદ જિલ્લામાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના | 310 |
| | ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય | 169 |
| આનંદભાઇ ચૌધરી | સુરત અને પંચમહાલ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ | ૩૩૩ |
| | એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને ના વાંધા પ્રમાણપત્ર આપવા બાબત | 158 |
| | તાપી નદીમાંથી રેતી અને પથ્થરનું ગેરકાયદે ખનન | 39 |
| | સુરત અને નવસારી જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | 407 |
| | સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી | 379 |
| | સુરત જિલ્લામાં રેતી અને પથ્થરનું ગેરકાયદે ખનન | 70 |
| ઇન્દ્રજીતસિંહ ન. પરમાર | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 262 |
| | ખેડા અને આણંદ જિલ્લા શાળાઓના શિક્ષકોને એરીયર્સની ચૂકવણી | 381 |
| | ખેડા અને આણંદ જિલ્લાના પેટ્રોલ પંપ ઉપર સરપ્રાઇઝ ચેકિંગ | ૩૩૮ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં થયેલ ખર્ચ | 410 |
| | આણંદ અને ખેડા જિલ્લાની સબજેલોમાંથી કેદીઓ પાસેથી પકડાયેલી ચીજવસ્તુઓ | 60 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં બળાત્કારના કેસો | 13 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં બોગસ ખેડૂતો બનાવ્યાની ફરિયાદ | 149 |

| | | |
|---|---|---|
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | ઉદ્યોગ અને ખાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | 219 |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ અને ગાંધીનગર શહેર અને જિલ્લામાં એ.સી.બી. તંત્ર દ્વારા નોંધાયેલ ગુના | ૬૪ |
| | અમદાવાદ જિલ્લામાં કાર્યરત કોલ્ડ સ્ટોરેજ માટે સહાય | 155 |
| | અમદાવાદ શહેર / જિલ્લામાં એ.પી.એલ. કાર્ડધારકોને ફાળવેલ કેરોસીનનો જથ્થો | 406 |
| | અમદાવાદમાં એફ.એસ.આઈ. વધારી આપવાની દરખાસ્તો | 27 |
| | મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો | 330 |
| | રાજ્યમાં ગ્રાહક સુરક્ષા મંડળોને માન્યતા | 377 |
| | સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પેપર કૌભાંડ | ૮૮ |
| ઋત્વિકભાઈ મકવાણા | રાજ્યમાં આંગણવાડી વર્કર / તેડાગર બહેનોને માસિક વેતન | 300 |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી આપવા બાબત | 98 |
| | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 254 |
| | ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી અને વિધમાન સભ્યશ્રી ડો. અનિલભાઈ જાલજીભાઈ જોષીયારા તથા ગુજરાત રાજ્યના પૂર્વ સભ્ય સભ્ય સ્વ.શ્રી સતુભાઈ દેવુભાઈ ઠાકરીયા તથા સ્વ.શ્રી મહેશકુમાર કરમશીભાઈ મકવાણાના અવસાન અંગે | 105 |
| | રાજકોટ શહેરમાં ઝોન ફેર કરવાની મંજૂરી | 52 |
| | રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાના કર્મચારીઓને એરીયર્સની ચૂકવણી | 353 |
| | રાજ્યમાં ગ્રામરક્ષક દળના કર્મચારીઓને વેતન | 81 |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બિયારણના નમૂના | 147 |
| | સુરેન્દ્રનગર જિલ્લાની શાળાઓમાં સુવિધાઓ | 391 |
| ઋષિકેશ ગ. પટેલ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 272 |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો | 292 |
| | દાહોદ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 344 |
| કનુભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી | 360 |
| | અમદાવાદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન | 173 |
| | રાજ્યમાં યોજવામાં આવેલ યુવા ઉત્સવ | 45 |
| | સાણંદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર | 311 |
| | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 253 |
| કનુભાઈ મ. બારૈયા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 266 |
| | શિક્ષણ વિભાગ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ | ૧૧૮ |
| | ડીપ-સી એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટની વહીવટી મંજૂરી | ૮૪ |
| | ડીપ-સી એફ્લુઅન્ટ ડિસ્પોઝલ પ્રોજેક્ટની વહીવટી મંજૂરી | ૫૫ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લાની શાળાઓમાં ઓરડાની ઘટ | 380 |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં આંગણવાડીઓના મકાન | 335 |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | 159 |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ | 408 |
| કરશનભાઈ સોલંકી | તાના-રીરી પરફોર્મિંગ આર્ટસ કોલેજમાં ચાલતા અભ્યાસક્રમ | 15 |
| | મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાના લાભાર્થી કુટુંબો | 311 |
| કુંવરજીભાઈ મો. બાવળિયા | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 251 |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોનો બાકી નિકાલ | 175 |
| | ભાવનગર જિલ્લામાં મફત પાઠ્ય પુસ્તક યોજના | 304 |
| | ભાવનગર જિલ્લામાં વહાલી દીકરી યોજના | 355 |
| | ભાવનગર મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ ગ્રાન્ટ | 55 |
| કેસરીસિંહ જે. સોલંકી | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | 428 |

| | | |
|---|---|---|
| | ખેડા જિલ્લામાં "પર ડ્રોપ મોર ક્રોપ" અંતર્ગત ખેડૂતોને લાભ | 49 |
| | ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | 329 |
| | ખેડા જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન | 152 |
| કાંતિભાઈ સોઢા પરમાર | આણંદ અને નવસારી જિલ્લામાં ઈ-મેમો ઈસ્યૂ કરવા બાબત | ૮૫ |
| | ઉદ્યોગોને પ્રોત્સાહન માટે ટાટા મોટર્સ લિ. સાથે કરારો | 8 |
| | આણંદ અને નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રકમની ફાળવણી | 181 |
| | આણંદ અને પંચમહાલ જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | 198 |
| | આણંદ અને બોટાદ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | 382 |
| | ઉદ્યોગોને પ્રોત્સાહન માટે ટાટા મોટર્સ લિ. સાથે કરારો | 5 |
| | મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત | 339 |
| | મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોના ભાડાની બાકી વસૂલાત | 58 |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | 225 |
| કાંતિભાઈ બલર | ડોલવણ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | 375 |
| | સુરત શહેરમાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટેની તાલીમ | 53 |
| | અમરેલી જિલ્લામાં પશુઆરોગ્ય મેળાનું આયોજન | 170 |
| | રાજ્યમાં ખડમોરની વસતી | 329 |
| કાન્તીભાઈ ખરાડી | આર્ટિકલ ૨૭૫/૧ અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી | 298 |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં આવેલ લીઝો પેટે થયેલ આવક | ૫૦ |
| | બનાસકાંઠા અને વડોદરા જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ જંગલની જમીનના દાવા/અરજીઓ | 390 |
| | બનાસકાંઠા જિલ્લામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની જગ્યાઓ | 352 |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | 234 |
| કાન્તિભાઈ પરમાર | ખેડા અને મહીસાગર જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | 203 |
| | ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓના જર્જરિત બનેલા ઓરડાઓનો કાટમાળ હટાવવાની મંજૂરી | 377 |
| | ખેડા અને વલસાડ જિલ્લામાં ઈ-મેમો ઈસ્યૂ કરવા બાબત | 99 |
| | એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને દરિયામાં પુરાણ કરવા આપેલ પરવાનગી બાબત | 52 |
| | એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને ના વાંધા પ્રમાણપત્ર આપવા બાબત | 169 |
| | ખેડા અને આણંદ જિલ્લામાં કોલેજોનું મંજૂર મહેકમ | 407 |
| | ખેડા અને ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રકમની ફાળવણી | ૧૯૪ |
| | મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત | 331 |
| | મહાત્મા મંદિરના સંચાલનની કામગીરી | ૭૯ |
| કાળાભાઈ ડાભી | એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. સુરતને દરિયામાં પુરાણ કરવા આપેલ પરવાનગી બાબત | 30 |
| | મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોની વસૂલવાની બાકી રકમ | 90 |
| | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 258 |
| | ખેડા અને દાહોદ જિલ્લામાં શાળામાં શિક્ષકો/આચાર્યની ખાલી જગ્યાઓ | 396 |
| | મેસર્સ રિલાયેબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રાઈવેટ લિમિટેડ બાબત | 359 |
| | મહાત્મા મંદિર ખાતે થયેલ સરકારી અને ખાનગી કાર્યક્રમો | 66 |
